ચોથી શ્રેણી

પુસ્તકઃ ૬

ગુરુવાર, તા. ૧૪મી માર્ચ,૨૦૧૩
ફાલ્ગુન ૨૩, ૧૯૩૪ શાકે

થી

મંગળવાર, ૧૯મી માર્ચ, ૨૦૧૩ ફાલ્ગુન
૨૮, ૧૯૩૪ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## પ્રથમ અધિવેશન

ગુજરાત વિધાનસભાના  અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક. ૬)** **ચોથી શ્રેણી**

**વિષય અ નુ ક્ર મ ણિ કા** **પાના નંબર**


**તા. ૧૪મી માર્ચ,૨૦૧૩ / ફાલ્ગુન ૨૩, ૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૮ | ૭૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૭૯ | ૧૦૨ |
| બિન સરકારી સંકલ્પો | ૧૦૩ | ૧૧૭ |

**તા.૧૫મી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૨૪, ૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૧૮ | ૧૩૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૪ | ૧૮૯ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૯૦ | ૧૯૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧૯૧ | ૨૨૩ |

**તા. ૧૮મી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૨૭, ૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૨૪ | ૨૩૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૯ | ૨૯૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૯૮ | ૩૩૮ |
| અડધા કલાકની ચર્ચા: નિયમ–૯૨ | ૩૩૯ | ૩૪૩ |

**તા. ૧૯મી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૨૮, ૧૯૩૪ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૪૪ | ૩૫૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૫૭ | ૪૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૪૩૮ | ૪૭૭ |

ફાલ્ગુન ૨૩, ૧૯૩૪ શાકે
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૧૪મી માર્ચ,૨૦૧૩**
**ફાલ્ગુન ૨૩, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર.

## તારાંકિત પ્રશ્નો

### રાજકોટ અને જામનગર ખાતે બંધ હાલતમાં હોય તેવી એમ્બ્યુલન્સ વાનો ચાલુ કરવા બાબત

* ૩૭૫૬ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ અને જામનગર ખાતે આવેલી જનરલ હોસ્પિટલો અને સરકારી દવાખાનાની કેટલી એમ્બ્યુલન્સ વાનો ચાલુ હાલતમાં છે, | (૧) તા. ૩૧/૧/૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે કુલ–૫, પદ્મકુંવરબા હોસ્પિટલ ખાતે કુલ–૪ અને જી.જી.હોસ્પિટલ, જામનગર ખાતે કુલ–૬ એમ્બ્યુલન્સ વાનો ચાલુ હાલતમાં છે. |
| (૨) કેટલી એમ્બ્યુલન્સ વાનો બંધ હાલતમાં છે, અને | (૨) એક પણ એમ્બ્યુલન્સ વાન બંધ હાલતમાં નથી. |
| (૩) બંધ હાલતમાં એમ્બ્યુલન્સો છે તેને ફરીથી ચાલુ કરવા સરકારે શી કાર્યવાહી કરી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ અત્યારે સ્વાઇન ફ્લુથી પીડિત છે. ત્યારે જે એમ્બ્યુલન્સનો પ્રશ્ન છે, ચાલુ હોય તો પણ પ્રાઇવેટ એમ્બ્યુલન્સનું ધીકતું કામ ચાલે એવું ત્યાં થઇ રહ્યું છે. સ્વાઇન ફ્લુના એટલા બધા કેસ વધે છે, મેં ત્યાં રૂબરૂ મુલાકાત લીધી હતી. સરકારનું ધ્યાન પણ દોર્યુ છે કે સ્વાઇન ફ્લુ અત્યારે તકલીફવાળો છે અને તેના પૂરતા પગલાં લેવાતા નથી...

અધ્યક્ષશ્રી : આ વાન માટે પૂછો. વાનમાંથી સ્વાઇન ફ્લુનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય. તમારો પ્રશ્ન ફરીથી આખો વાંચી જાવ. પછી તેમાંથી પૂછવું હોય તે પૂછો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરુ : બે પ્રશ્નો છે. આમાં એટલા બધા માણસો ગુજરી જાય છે. તેની કોઇ વધુ દરકાર લેવામાં આવતી નથી.

અધ્યક્ષશ્રી : એમ્બ્યુલન્સના અભાવને કારણે સ્વાઇન ફ્લુના દર્દીને લાવતા નથી, તેના કારણે ગુજરી જાય છે..

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરુ : એની પણ મુશ્કેલી છે અને ત્યાં ધંધો ચાલે છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે એ એમ્બ્યુલન્સ વાનનો પૂછયો છે. સ્વાઇન ફ્લુની વાત કરી છે ત્યારે સ્વાઇન ફ્લુ વાઇરલ રોગ છે. સાથે સાથે આરોગ્ય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સમગ્ર રાજયના બધા જ તંત્રની મિટિંગ રાખવામાં આવી હતી. સભ્યશ્રી જે એમ્બ્યુલન્સની વાત કરે છે. સ્વાઇન ફ્લુ થાય ત્યારે દર્દી એની મેળે દવાખાનામાં આવે ત્યારે જ..

અધ્યક્ષશ્રી : તમે એમ્બ્યુલન્સની જ વાત કરજો. સ્વાઇન ફ્લુને બદલે બાકીના બધા રોગ પછી આવે..

શ્રી પરબતભાઇ સ. પટેલ : એમ્બ્યુલન્સના અભાવે આ હકીકત બને છે એ હકીકત ખોટી છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે જામનગર અને રાજકોટ શહેરમાં કેટલી જનરલ હોસ્પિટલ છે અને કેટલા સરકારી દવાખાના છે અને બીજો પ્રશ્ન..

અધ્યક્ષશ્રી : તમે સવાલ વાંચ્યો છે?

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : દવાખાનાની માહિતી તો આપે ને, કેટલા દવાખાના છે?

અધ્યક્ષશ્રી : કેટલા દવાખાના છે એ નહીં તમે એમ્બ્યુલન્સનું પૂછો. એમ્બ્યુલન્સ વાન ચાલુ હાલતમાં છે કે..

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : એમાં પૂછું સાહેબ, જામનગર અને રાજકોટ પ્રોપરમાં જનરલ હોસ્પિટલમાં કેટલી એમ્બ્યુલન્સ છે અને કેટલી ચાલુ છે? બીજું રાજકોટ જિલ્લામાં અને જામનગર જિલ્લામાં...

અધ્યક્ષશ્રી : નહીં, જિલ્લામાં નહીં, રાજકોટ અને જામનગરમાં કેટલી એમ્બ્યુલન્સ છે અને કેટલી ચાલુ છે એ કહો.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : અને ચાલુ ન હોય તો નવી મૂકવા માગો છો કે નહીં?

શ્રી પરબતભાઇ સ. પટેલ : પી.ડી.યુ. હોસ્પિટલ રાજકોટમાં ૫ એમ્બ્યુલન્સ છે અને પી.કે. હોસ્પિટલ રાજકોટ ખાતે ૪ એમ્બ્યુલન્સ છે. આ બધી જ એમ્બ્યુલન્સ અત્યારે ચાલુ હાલતમાં છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે રાજકોટ જિલ્લા અને જામનગર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ કેટલી એમ્બ્યુલન્સ સરકારશ્રી દ્વારા ખરીદવામાં આવી હતી અને તે પૈકી અત્યારે સેવામાં કેટલી કાર્યરત છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : આ પ્રશ્ન માત્ર રાજકોટ અને જામનગર ખાતે કેટલી એમ્બ્યુલન્સ છે તેના માટેનો છે છતાં માનનીય સભ્યશ્રીએ પૂછયું છે ત્યારે રાજકોટ અને જામનગર બન્નેમાં જે પી.ડી.યુ. કહ્યું તેમાં ૪ અને ૫ અને જામનગર ખાતે ૬. આ બધી એમ્બ્યુલન્સ છે તેમાં ખરીદીની વાત છે, સરકારી ધારા ધોરણો મુજબ નિયમો નકકી કરેલા છે.

અધ્યક્ષશ્રી : ચાર અને ત્રણ કહ્યું, તેમાં કેટલી બંધ છે અને કેટલી ચાલુ છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : એક પણ બંધ નથી. બધી જ ચાલુ છે.

શ્રી પરેશ ધાનાણી : મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે, જિલ્લા માટેનો પ્રશ્ન છે અને આ બે જિલ્લામાં...(અંતરાય)

અધ્યક્ષશ્રી : આ જિલ્લાની વાત નથી, તમે વાંચો, આખો પ્રશ્ન વાંચો, આમાં જિલ્લો લખ્યું નથી. તમે વાંચો, પછી મને કહેજો.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દર્દીને અને એના સગાંવહાલાંને એમ્બ્યુલન્સ ફાળવવાની પદ્ધતિ શું છે? સરકારી એમ્બ્યુલન્સના ભાડાના દર શું છે? રાજકોટ અને જામનગરને દાનમાં મળેલ એમ્બ્યુલન્સની સંખ્યા કેટલી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના નિયમ મુજબ હોસ્પિટલના વડા અથવા આરએમઓ જરૂરિયાત મુજબ એમ્બ્યુલન્સ ફાળવે છે. ગરીબ દર્દી બીપીએલ હોય અને રૂ.૧૦,૦૦૦/− કરતાં ઓછી આવક હોય તો તેને મફત મળે છે અને રૂ.૧૦,૦૦૦/− કરતાં વધારે હોય તો પેટ્રોલની એમ્બ્યુલન્સ હોય તો રૂ.૩/− લેખે અને ડિઝલની હોય તો રૂ.૨/− ના ભાવથી આપવામાં આવે છે. પીડીયુ હોસ્પિટલ રાજકોટને ૩ એમ્બ્યુલન્સ દાનમાં મળેલ છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારી એમ્બ્યુલન્સની ખરીદી ક્યા વર્ષમાં કરવામાં આવી? ડ્રાઇવરને સ્વાઇન ફ્લૂ થયો હોય એવું કોઇ છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ ડ્રાઇવર માંદો હોય તો એની અવેજીમાં બીજા ડ્રાઇવરની વ્યવસ્થા, ડ્રાઇવર બિમાર હોય અને આ એમ્બ્યુલન્સ બંધ હોય એવો કોઇ પ્રશ્ન પેદા થતો નથી. પીડીયુ હોસ્પિટલ રાજકોટમાં ૪ એમ્બ્યુલન્સ ખરીદવામાં આવી છે. એમાં ૨૦૦૧માં ૧, ૨૦૦૪માં ૨ અને ૨૦૦૫માં ૧ અને ૨૦૦૮માં ૧.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જામનગર અને રાજકોટ જિલ્લામાં જે એમ્બ્યુલન્સ વાન ચાલે છે એમાંથી કેટલી રાઇટ ઓફ કરેલ છે અને કેટલી બાકી છે? રાઇટ ઓફ વાહનો સામે નવા વાહનો ખરીદવાની શું કાર્યવાહી કરવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : બધા જ વાહનો ચાલુ છે એટલે કોઇ સવાલ નથી. પ્રશ્ન ક્રમાંક−૨

## રાજ્યમાં નવી આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી શરૂ કરવા બાબત

* ૨૮૦૦ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લોકોની સુવિધા માટે ૨૦૧૨−૧૩ના વર્ષમાં તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલી અને કયા સ્થળે નવી આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી શરૂ કરવામાં આવી, અને | (૧) એકપણ નહી. |
| (૨) વર્ષ ૨૦૧૩−૧૪માં નવી | (૨) વર્ષ ૨૦૧૩−૧૪માં કુલ−૦૩ નવી |

| | |
|---|---|
| આર.ટી.ઓ./એ.આર. ટી.ઓ. કચેરી શરૂ કરવાનું કોઈ આયોજન છે? | એ.આર.ટી.ઓ. કચેરીઓ અનુક્રમે સુરત (પાલ), વડોદરા (દરજીપુરા) અને અમદાવાદ (ગ્રામ્ય) બાવળા ખાતે શરૂ કરવાનું આયોજન છે. |

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૧૨ પછી કોઇ આર.ટી.ઓ. / એ.આર.ટી.ઓ. કચેરી શરૂ કરવામાં આવી છે કે કેમ? લોકોના ઝડપથી રજિસ્ટ્રેશન અને રીવ્યૂ થાય એ માટે સરકાર તાલુકા કક્ષાએ કેમ્પનું આયોજન કરવા વિચારે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડિસેમ્બર ૨૦૧૨ પછી, મને જણાવતાં આનંદ થાય છે કે, ૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વના દિવસે માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે ડાંગ આહવા જેવા પર્વતાળ વિસ્તાર કે જે ૧૦૦ ટકા આદિવાસી વિસ્તાર છે ત્યાં નવી આર.ટી.ઓ. કચેરી શરૂ કરવામાં આવી છે અને તેની કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે. કેમ્પ કરવાની બાબતમાં જ્યાં જ્યાં જરૂરિયાત હોય ત્યાં સ્ટાફની ઉપલબ્ધિના આધારે જરૂરિયાત પ્રમાણે કેમ્પ કરવામાં આવે છે.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે સુરત આર.ટી.ઓ. કચેરીના ઇન્સ્પેક્ટર અને ફોલ્ડરીયા રૂ.૫૦,૦૦૦/-ની લાંચ લેતાં પકડાયેલ છે. સુરત જિલ્લાના પાલ ખાતે આર.ટી.ઓ. કચેરી ચાલુ કરવાનું જણાવેલ છે. આ કચેરી પૂરતા સ્ટાફ સાથે ચાલુ કરવાની છે કે પછી ફોલ્ડરીયાથી ચલાવવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર કડક સરકાર છે. ક્યાંય ભ્રષ્ટાચારીને છાવરી લેવા માગતી નથી. જે પણ પકડાયા છે એ અમારી સરકારના ગૃહ વિભાગના એ.સી.બી.ના અધિકારીઓએ જ પકડયા છે એટલે હજી પણ મારું બધાને કહેવું છે કે કયાંય પણ લાંચ રુશ્વતની કોઇ માગણી કરે કે કોઇ કિસ્સો ધ્યાનમાં આવે તો સરકારના અને ગૃહ વિભાગના અને એ.સી.બી.ના ધ્યાન ઉપર મૂકજો. ચોકકસ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહી અમે જ કરી છે. આ અમારી સરકારે અને અમારા ગૃહ વિભાગે જ કરી છે. બીજું એમણે જે કહ્યું, જયાં જયાં નવી કચેરીઓ ચાલુ કરવામાં આવે છે ત્યાં મંજૂર થયેલા મહેકમ પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે છે અને નવી ભરતીની પ્રક્રિયા પણ ચાલુ છે. જેમ જેમ ઉમેદવારો ઉપલબ્ધ થશે એમ કાયમી પોસ્ટિંગ પણ કરવામાં આવશે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું, વડોદરા, સુરત, અમદાવાદ ગ્રામ્યની બાવળા ખાતેની જે એ.આર.ટી.ઓ. કચેરી છે, ત્યાં વાહનો માટે કયા કયા વાહનોના રજીસ્ટ્રેશન કોડ આપેલા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતની અંદર જુદા જુદા પ્રકારના આપણે જી.જે.ના નામથી કોડ આપીએ છીએ અને એ પ્રમાણે જિલ્લાનો ખ્યાલ આવે કે આ જિલ્લાની ગાડી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ડાંગમાં જે શરૂઆત કરી એને જીજે-૩૦નો નંબર આપ્યો છે અને માનનીય રાજેન્દ્રભાઇએ જે પ્રશ્ન પૂછયો એમાં સુરત પાલની જે કચેરી છે એને આપણે જીજે-૨૮ નંબર આપ્યો છે અને વડોદરાની જે કચેરી નવી દરજીપુરાની કચેરી ચાલુ કરી એને જીજે-૨૯ નંબર આપ્યો છે એટલે જીજે- ૧ થી શરૂ કરી અને ૩૦ સુધી આપણી આ સીરીઝ પહોંચી છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગની આર.ટી.ઓ. કચેરીમાં ઘણી જગ્યા ખાલી છે ત્યારે આ જે નવી ત્રણ આર.ટી.ઓ. કચેરીઓ ખોલવાની વાત છે ત્યારે એમાં પણ કેટલું મહેકમ મંજૂર કરવામાં આવશે અને આ જે ત્રણ એ.આર.ટી.ઓ. કચેરી નવી ખોલવાની વાત છે એને માટે વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષના બજેટમાં કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કચેરીઓ ખોલવાની તમામ વ્યવસ્થાઓ થઇ ચૂકી છે. સુરતની કચેરીનું તો બાંધકામ ચાલુ છે. અન્ય જગ્યાએ પણ કામો ચાલુ છે. મેં અગાઉ જેમ કહ્યું એમ જી.પી.એસ.સી.માં નવી ભરતી માટેની પ્રક્રિયા પરીક્ષા તબકકે પહોંચી છે. જી.પી.એસ.સી. ઉમેદવારો સિલેકટ કરી સરકારને, અમારા વાહન વ્યવહાર વિભાગને સોંપશે એટલે અમે એમની નિમણૂક કરીશું.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, આહવા ડાંગની અંદર નવી એ. આર.ટી.ઓ. કચેરી ઉભી કરવામાં આવી છે, ખોલવામાં આવી છે, તેનાથી કયા કયા વિસ્તારને ફાયદો થશે અને અત્યારે આ કચેરીમાં કેટલા વાહનો નોંધાયા છે અને કેટલા લાયસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા છે એ હું જાણવા માગુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ઘણી વખત અહીંયા એમ કહેવામાં આવ્યું છે કે આદિવાસીઓ ગરીબ કશું ખરીદી શકે નહીં, બાપડા, બિચારા, એવો ભૂતકાળ યાદ કરી કરીને દોહરાવે છે, પણ મેં

હમણા જ એમ કહ્યું કે ૨૬ જાન્યુઆરીએ જ ડાંગની કચેરી ચાલુ કરવામાં આવી છે. એમાં માનનીય સભ્યશ્રી રમણભાઇએ જે પ્રશ્ન પૂછ્યો, દોઢ મહિનાની અંદર ડાંગ–આહવાના સો ટકા આદિવાસી વિસ્તારના ૨૫૫ નવા વાહનો નોંધવામાં આવ્યા છે. રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. અને ૩૦૦ નવા લર્નીંગ લાયસન્સ ઉત્સાહથી જે યુવક–યુવતીઓને લર્નીંગ લાયસન્સ લેવું હોય તો લર્નીંગ લાયસન્સ આપવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે અને આ કચેરીમાં અત્યારે ડાંગ અને વઘઇ વિસ્તારના ભૌગોલિક ક્ષેત્રની કામગીરી સોંપવામાં આવી છે.

**સુરત જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

* ૨૭૫૧ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૮,૪૬૨. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) શૂન્ય. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૧૮,૪૬૨. |
| (૪) કેટલા પેન્શનરો મનીઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) શૂન્ય. |

શ્રી કિશોર શિ. કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી વધુ વિગત એ જાણવા માગુ છું કે સુરત જિલ્લામાં પંચાયતના પેન્શનરો કેટલા છે અને સુરત જિલ્લામાં કુટુંબ પેન્શનરો કેટલા છે એ માહિતી જાણવા માગુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે. બે પ્રકારના પેન્શનરો હોય છે, એક જિલ્લા પંચાયતના પેન્શનરો, જિલ્લા પંચાયત કેડરના કર્મચારીઓ જે નિવૃત્ત થાય એમને રાજય સરકાર પેન્શન આપે છે અને રાજય સરકારની ફરજમાંથી જે કર્મચારી નિવૃત્ત થાય એમને રાજય સરકાર તરફથી પેન્શન આપવામાં આવે છે વ્યવસ્થાના ભાગરૂપે. નાણાકીય રકમ તો બધી જ રાજય સરકારની છે. સુરતમાં પંચાયતના ૪૨૭૦ પેન્શનરોને પેન્શન આપવામાં આવે છે અને સરકારી કેડરના કુટુંબ પેન્શનરો ૩૭૨૫ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપણે તમામે તમામ પેન્શનરોને છઠ્ઠું પગારપંચ આપીએ છીએ કે કેમ? અને બાકી હોય તો કેટલા બાકી છે?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** આ સરકાર ક્યાંય કચાશ રાખતી જ નથી. સરકારી કર્મચારીઓને તો ક્યારનુંય છઠ્ઠું પગારપંચ આપી દીધું અને પેન્શનરોને પણ છઠ્ઠા પગારપંચ પ્રમાણે જે પેન્શન મળવાપાત્ર થાય એ પ્રમાણે જ પેન્શન આપવામાં આવે છે.

**શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ :** હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં ૨૦૧૧–૧૨ના વર્ષ દરમિયાનનો પેન્શનનો ખર્ચ કેટલો છે?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** સુરત જિલ્લામાં મેં કહ્યું એ પ્રમાણે કુલ આઠ હજાર જેટલા જે પેન્શનરો છે, એમને દર વર્ષે ૨૨૭.૮૫ કરોડ રૂપિયાનું પેન્શન આપવામાં આવે છે.

**શ્રી જશુભાઇ ધા. બારડ :** અમારા દંડકશ્રીએ મારે પૂછવું હતું એ પૂછી લીધું છે એટલે મારે પૂછવાનું રહેતું નથી.

**શ્રી અજયકુમાર જ. ચોક્સી :** હું જાણવા માગું છું કે ૮૦ વર્ષ ઉપરની ઉંમરના કેટલા પેન્શનરો છે અને ૧૦૦ વર્ષની ઉપરની ઉંમરના કેટલા પેન્શનરો છે?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય સભ્યશ્રીને જાણકારી મળી રહે એટલા માટે આપણા રાજ્યમાં જોઇશું તો પેન્શનર વધુને વધુ ઉમરલાયક થતો જાય એમ એના પેન્શનની ટકાવારી વધી જાય છે. એમણે પ્રશ્ન પૂછ્યો છે કે ૮૦ વર્ષથી વધુ ઉંમરના પણ ૮૫ વર્ષ સુધીની ઉંમરના હોય તો મૂળ પેન્શન અને ફેમિલી પેન્શનમાં ૨૦ ટકાનો વધારો કરવામાં આવે છે. જેથી વડિલને વધુ મદદરૂપ થઇ શકાય. એવી જ રીતે ૮૫ વર્ષથી વધુ પણ ૯૦ વર્ષની ઉંમરના નિવૃત્ત કર્મચારી હોય તો આપણે એમને ૩૦ ટકાનો વધારો મૂળ પેન્શનમાં આપીએ છીએ. ૯૦ થી ૯૫ વર્ષની ઉંમરના પેન્શનર હોય તો આપણે ૪૦ ટકા વધારો આપીએ છીએ અને ૯૫ થી ૧૦૦ વર્ષ સુધીના હોય તો એમને મૂળ પેન્શનનું દોઢું એટલે કે ૫૦ ટકા પેન્શન વધારે આપીએ છીએ. હવે સૌથી અગત્યની વાત કે ૧૦૦ વર્ષની ઉપરના હોય તો એમને આપણે ડબલ એટલે કે ૧૦૦ ટકા મૂળ પેન્શનના વધારે આપીએ છીએ. જેથી પરિવારમાં વૃદ્ધ મા–

બાપની સારી ખબર લઇ શકે અને સામૂહિક રીતે પરિવાર સાથે રહે અને વડિલ સરકારી પેન્શન લઇ એમના પરિવારને મદદરૂપ થાય અને પ્રેમથી રહી શકે.

**અધ્યક્ષશ્રી :** આવું ધારાસભ્યો માટે કરવા માગો છો?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, એ આપનું સૂચન છે.

**જાહેર આરોગ્ય સેવા પ્રભાગ હેઠળ વહીવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ–૨ કક્ષાની ખાલી જગ્યા**

* ૩૩૮૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરોગ્ય વિભાગના તા. ૨૫/૬/૨૦૦૮ના ઠરાવની જોગવાઈથી જાહેર આરોગ્ય સેવા પ્રભાગ હેઠળ વહીવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ–૨ કક્ષાની કેટલી જગ્યાઓ તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ ઊભી કરવામાં આવેલી છે, | (૧) ૧૭૧ (એકસો ઈકોતેર). |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) ૮૬ (છયાસી). |
| (૩) આ જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહેવાના શા કારણો છે, અને | (૩) હાલમાં ભરતી નિયમો મુજબ આ જગા ફક્ત બઢતીથી ભરવાની જોગવાઈ છે. આ જગાની ફીડર કેડરમાં પૂરતા કર્મચારીઓ ઉપલબ્ધ ના હોવાથી જગ્યાઓ ખાલી છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) ફીડર કેડરમાં હાલ ઉપલબ્ધ છે તેટલા કર્મચારીઓને બઢતી આપવાની કાર્યવાહી ચાલુ છે. |

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ જગ્યાઓ સંપૂર્ણતઃ ભરવા માટે ૨૦૧૨ ના વર્ષમાં કયા કયા ધારાસભ્ય અને સંસદસભ્ય કે મંત્રીશ્રીઓએ રજૂઆત કરી છે? હેડ ક્લાર્ક કચેરી અધિક્ષકની ફીડર કેડરમાં ભરતી નિયમો મુજબ પૂરતા અનુભવવાળા કર્મચારીઓ ઉપલબ્ધ હોવા છતાં બઢતી આપવાની કાર્યવાહી ન કરી અને નહીં ભરવા માટે કોની જવાબદારી નક્કી કરવા માગો છો અને ત્રીજું કે આ જે ૮૬ જગ્યાઓ ખાલી છે તે કેટલા સમયમાં ભરવા માગો છો?

**શ્રી પરબતભાઇ સ. પટેલ :** આ વહીવટી અધિકારીની જગ્યા માટે જુદા જુદા ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી છે. રજૂઆત એવી છે કે આ સંવર્ગ એવો છે કે ડાયરેક્ટ ભરતી થતી નથી. આમાં પ્રમોશન આપીએ છીએ. પ્રમોશનથી જગ્યા ભરવાની થાય છે. ફીડર કેડરમાં જે સ્ટાફ છે, એમાં નિયમો નક્કી કરેલા છે કે અધિક્ષક કે આસિસ્ટન્ટ જેને સાત વર્ષની સિનિયોરિટી હોય એમને પ્રમોશન આપવામાં આવે છે. અત્યારે જે જગ્યાઓ ખાલી છે એની સામે અમારા સ્ટાફની જરૂરિયાત છે એ ફીડર કેડર પૂરતી નથી કે જે અત્યારે છે એમાં પણ નીચેના વર્ગ–૩ બાકી રહે એની ભરતી પ્રક્રિયા થાય એમાંથી જ પ્રમોશન આપીને આ જગ્યાઓ ભરવામાં આવે છે. છતાં પણ જેમ અત્યારે પ્રક્રિયા ચાલી રહી છે. એ લોકોની અમે પ્રતિક્ષાયાદી પણ બનાવી છે. એ પ્રતિક્ષાયાદી જે ભરતીથી પ્રમોશન આપવાની કામગીરી છે એ પૂરી થાય એટલે એ લોકોને આપવાનું સરકાર વિચારી રહી છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત પ્રભાગવાર વહીવટી અધિકારીઓની મંજૂર થયેલ અને ખાલી જગ્યાઓ કેટલી છે? અને પ્રભાગવાર વહીવટી અધિકારીઓમાં છેલ્લા ૩ વર્ષમાં કેટલા લોકોને બઢતી આપવામાં આવી?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સમગ્ર રાજ્યમાં જે પ્રભાગવાર આરોગ્ય સેવા છે. આરોગ્ય વિભાગમાં ૩૦૫ મંજૂર જગ્યાઓ છે અને એમાં ૧૭૭ ભરેલી છે. ૧૨૮ ખાલી છે. તબીબી સેવાઓમાં ૪૫ જગ્યાઓ મંજૂર છે, ૪૩ ભરેલી છે અને ૪ ખાલી છે. તબીબી શિક્ષણમાં ૪૩ જગ્યા મંજૂર છે, ૨૫ ભરેલી છે. ૧૮ ખાલી છે, પણ આમાં સાહેબ, છેલ્લા ૩ વર્ષના પ્રમોશનની વાત છે તો આરોગ્ય સેવામાં ૨૦૧૦માં ૭૫, ૨૦૧૧માં ૩૭ને પ્રમોશન આપ્યાં છે. તબીબી સેવાઓમાં ૨૦૧૦માં ૨૧ અને ૨૦૧૨માં ૨૭ અને તબીબી શિક્ષણમાં ૨૦૧૦માં ૮ અને અને ૨૦૧૧માં ૨૦.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, એમના જવાબમાં

૩ નંબરમાં એવું લખેલું છે કે, હાલમાં ભરતી નિયમો મુજબ આ જગા ફક્ત બઢતીથી ભરવાની જોગવાઇ છે અને આ જગાની ફીડર કેડરમાં પૂરતા કર્મચારીઓ ઉપલબ્ધ ના હોવાથી જગ્યાઓ ખાલી છે અને આના ચોથા જવાબમાં પાછું લખ્યું છે કે, ફીડર કેડરમાં હાલ ઉપલબ્ધ છે તેટલા કર્મચારીઓને બઢતી આપવાની કાર્યવાહી ચાલુ છે તો જે બાકી છે એના માટે આ સરકારશ્રી શું કરવા માગે છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ મેં કીધું કે, જે અત્યારે ઉલપબ્ધ છે એટલાને બઢતી આપવાની કાર્યવાહી ચાલુ છે, સાહેબ, બાકીના જે છે વર્ગ–૩ ની જે મારે ભરતી કરવાની છે એ ભરતી અને એમાંથી સાહેબ, જે પટાવાળા વર્ગ–૪માંથી એસ.એસ.સી. થાય એટલે પ્રમોશન આપવામાં આવે, એ જેમ જેમ ઉપલબ્ધ થાય ત્યારે આપવામાં આવે અને અત્યારે સરકાર સક્રિયપણે આના નવા ભરતીના નિયમો પણ બનાવવા વિચારી રહી છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વહીવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ–૨ના ભરતીના નિયમો શું છે? અને આ જગ્યાઓ કઇ કચેરી માટે ઊભી કરવામાં આવે છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મેં શરૂમાં જ કીધું છે કે, વહીવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ–૨ની જગ્યાના અલગ ભરતી નિયમો નથી, પરંતુ આ જગ્યા વહીવટી અધિકારી વર્ગ–૨ની સમકક્ષ હોઇ વહીવટી અધિકારી સંવર્ગમાંથી બદલી અથવા કચેરી અધિક્ષક વર્ગ–૩માંથી બઢતીના ધોરણે ભરવાની જોગવાઇ મંજૂર થયેલ જગ્યા માટેના આરોગ્ય વિભાગના તા.૨૫/૬/૨૦૦૮ના ઠરાવમાં થયેલ છે. આ જગ્યાઓ તાલુકા કક્ષાએ બ્લોક હેલ્થ ઓફિસ માટે ખાસ કરીને ઊભી કરવામાં આવી છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, તા.૨૫/૬/૨૦૦૮નો ઠરાવ કરવામાં આવ્યો અને ૧૭૧ જે જગ્યાઓ હતી એ કઇ કઇ કેટેગરીની હતી? એમાં બેકલોગની જગ્યાઓ કેટલી હતી અને છેલ્લા ઘણાં સમયથી આ ફીડર કેડર ભરાતી નથી. એનો મતલબ એ થયો કે તમે સિનિયર કલાર્ક, હેડકલાર્ક અને ઓફિસ સુપ્રીટેન્ડન્ટની જગ્યાઓ ભરતા નથી. આ જગ્યાઓ ના ભરવાની જવાબદારી કોની છે? એ જવાબદારી ફીક્સ કરીને તમે એની સામે કોઇ એકશન લેવા માગો છો કે કેમ? અને આ કઇ કઇ કેટેગરીની બેકલોગની જગ્યાઓ છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જેમ પૂછ્યું એમ જે જગ્યાઓ ભરી છે એ બઢતીના ધોરણે જ ભરવામાં આવે છે અને જે જગ્યાઓ ખાલી છે એ વર્ગ–૩ની અધિક્ષકની અને આ બધીજ જગ્યાઓ અત્યારે પ્રમોશનથી ભરાય છે. ડાયરેકટ ભરવાનો સવાલ એટલા માટે મેં કીધું કે, અત્યારે સરકાર સક્રિયપણે તેના નવા નિયમો ડાયરેકટ ભરતી માટેના બનાવવા માટે અને જે આ ભરતી છે એ કરવા માટે સક્રિયપણે વિચારી રહી છે. બેકલોગની જે જગ્યા છે એમાં પણ ફીડર કેટરમાંથી જે પ્રમાણે જગ્યા મળે એ પ્રમાણે નિયમ મુજબની જે જગ્યાઓ છે એ ભરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : બેકલોગની જગ્યાઓ જેને મળવી જોઇએ અને નથી મળી એવું છે કાંઇ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : સાહેબ, એવો બાકીદાર નથી કે આપણી પાસે જે જગ્યા ખાલી છે અને એમાં કોઇ બેકલોગવાળો અમારો ઉપલબ્ધ કર્મચારી રહી ગયો હોય એવો કોઇ નથી.

**તાલાલા ખાતે આવેલ કોમ્યુનીટી હેલ્થ સેન્ટરનું મંજૂર થયેલ મહેકમ**

* ૩૭૪૨ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના તાલાલા ખાતે આવેલ કોમ્યુનીટી હેલ્થ સેન્ટરનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,<br>(૨) મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને | (૧) અને (૨)<br>તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના તાલાલા ખાતે આવેલ કોમ્યુનીટી હેલ્થ સેન્ટરનું મંજૂર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓ કયારથી ખાલી છે તેની વિગત સંલગ્ન **પત્રક–૧માં** દર્શાવ્યા મુજબની છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૩) સા.આ.કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય |

લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. રાજ્યની મેડિકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે, ખાલી જગ્યા ઉપર નિમણૂંક કરવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે, વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સીંગથી પણ કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–૧**

**કોમ્યૂનીટી હેલ્થ સેન્ટર–તાલાલા ખાતે મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જગ્યા અને ક્યારથી ખાલી છે તેની વિગત**

| અ.નં. | સંવર્ગ | મંજુર જગ્યા | ભરેલી | ખાલી જગ્યા | કઇ તારીખથી જગ્યા ખાલી છે? |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૧ | ૦ | ૧ | ૦૧–૦૯–૨૦૦૩ |
| ૨ | ત. અ. વર્ગ–૨ | ૩ | ૨ | ૧ | ૨૫–૦૪–૨૦૧૨ |
| ૩ | સી.આસી. વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | – |
| ૪ | સી. કલાર્ક વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | ૧૪–૦૬–૨૦૦૫ |
| ૫ | જુ. ફાર્માસીસ્ટ વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | – |
| ૬ | લેબ. ટેક. વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | – |
| ૭ | એકસરે ટેક. વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | – |
| ૮ | ઓપ્થલ્મીક આસી. વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | – |
| ૯ | સ્ટાફ નર્સ વર્ગ–૩ | ૭ | ૭ | ૦ | – |
| ૧૦ | ડ્રાઈવર– વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | – |
| ૧૧ | ડ્રેસર વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | – |
| ૧૨ | પટાવાળા વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | – |
| ૧૩ | આયા વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | – |
| ૧૪ | વોર્ડ સરવન્ટ વર્ગ–૪ | ૨ | ૨ | ૦ | – |
| ૧૫ | સ્વીપર વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | – |
| ૧૬ | પા. સ્વીપર વર્ગ–૪ | ૨ | ૨ | ૦ | – |
| ૧૭ | પા.ચોકીદાર વર્ગ–૪ | ૨ | ૨ | ૦ | – |
| | **કુલઃ** | **૨૮** | **૨૫** | **૩** | |

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, તાલાલા છે એ ફોરેસ્ટ એરિયામાં આવેલો વિસ્તાર છે અને ત્યાં કોઇ માણસને તકલીફ વધારે થાય તો એને કાં તો વેરાવળ લઇ જવો પડે અથવા તો જુનાગઢ અને સ્વાઇન ફ્લૂ જેવું હોય તો રાજકોટ સુધી જવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, જગ્યાઓ હમણાં હમણાં ભરી છે ૨૮માંથી ૨૫, અને જવાબમાં જે આપ્યું છે એ પ્રમાણે વર્ગ–૩ની ૧૩ જગ્યાઓ છે અને વર્ગ–૪ની ૧૦ જગ્યાઓ આઉટ સોર્સીંગથી કામગીરી લેવામાં આવે છે. તો આ વર્ગ–૩ની ૧૩ જગ્યાઓ અને વર્ગ–૪ની ૧૦ જગ્યાઓમાંથી કેટલી જગ્યાઓ ઉપર આઉટ સોર્સીંગથી કામ લેવામાં આવે છે અને એ આઉટ સોર્સીંગનું કામ કોને સોંપવામાં આવ્યું છે ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો તાલાલામાં કુલ જગ્યાઓ ૨૮ મંજૂર છે એમાંથી ૨૫ ભરાયેલી અને ૩ ખાલી છે. હવે જે જે જગ્યાઓ રેગ્યુલર ભરતીથી ખાલી હોય અને એમાં આઉટ સોર્સીંગથી જે જગ્યાઓ ભરવામાં આવે છે એ જે તે સંસ્થાને આપીને એના મારફતે એક પણ આપણી સર્વિસ એનાથી અટવાય નહીં એટલા માટે આ જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવામાં આવે છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આઉટ સોર્સીંગથી જયારે જગ્યાઓ ભરવામાં આવી છે,

વર્ગ–૩ ની ૧૩ અને વર્ગ–૪ ની ૧૦ જગ્યાઓ. તો આઉટ સોર્સીંગમાં કોને કોને કામગીરી સોંપવામાં આવી છે આ જગ્યા ભરવા માટે ? એનું કોઇ નામ હશે અને આઉટ સોર્સીંગમાં જે કોઇ વ્યક્તિને કે સંસ્થાને જગ્યાઓ ભરવાનું સોંપવામાં આવ્યું છે, એ કામ ઉપર રાખે છે એ માણસને પૂરેપૂરો પગાર આપે છે કે કેમ? એ પણ એક પ્રશ્ન ઉભો થાય છે.

અધ્યક્ષશ્રી : આઉટ સોર્સીંગમાં તો દરેક જગ્યાએ કામ ઉપર હોય એટલું આપે છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આઉટ સોર્સીંગમાં એવું છે કે, જે કામગીરી આપવામાં આવે છે, આમ તો કલેકટરશ્રીએ જે જિલ્લામાં જે સંસ્થાઓ નક્કી કરી હોય એના મારફતે આપવામાં આવે છે અને એની અંદર અત્યાર સુધીમાં જે હતું કે, લગભગ,(અંતરાય) એનાથી અત્યાર સુધી જે હતું એ જે તે કર્મચારીના પગારમાંથી એ નક્કી કરેલો વહીવટી ખર્ચ કાપતા હતા. હવે અત્યારે જે છે એ સીધે સીધો એને પૂરેપૂરો પગાર આપવાની વાત છે અને એમાંથી એ ખર્ચ કાપવાનો....(અંતરાય)

અધ્યક્ષશ્રી : આવી ગયું. આઉટ સોર્સીંગ નહીં, રેગ્યુલર હોય (અંતરાય) ભાઇ જશુભાઇ, આ કામગીરીને ટેકો આપવા માટેની વાત, કાયમી જગ્યાઓ છે ૨૮માંથી ૨૫ ભરેલી છે. એમણે કહ્યું કે, આઉટ સોર્સીંગમાં તો ટેમ્પરરી હોય હોય જરૂરિયાત પ્રમાણે એનો ઉપયોગ કરતા હોય છે, દરેક જગ્યાએ દરેક વિભાગોમાં.

શ્રી જશુભાઇ ધા. બારડ : કઇ સંસ્થાને સોંપવામાં આવે છે ?(અંતરાય)

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી જશુભાઇનો જે પ્રશ્ન છે, એ આઉટ સોર્સીંગથી એક કંપની કે કોઇને જે કામગીરી સોંપવામાં આવે છે, એક સંસ્થાનું નામ જોઇએ છે. અને મારે આપના મારફતે એક વાતની ચોખવટ કરવી છે કે, માનનીય અધ્યક્ષશ્રી, વેરાવળ અને સૂત્રાપાડા આ બંને વિસ્તારો એવા છે કે, મારો મત વિસ્તાર છે એમાં પોતાનું ગામ જશુભાઇનું છે અને એનો વિસ્તાર છે ત્યાં મારું ગામ આવેલું છે. હવે મારે આપના મારફતે એ પૂછવું છે કે, (અંતરાય) વેરાવળમાં સ્વાઇન ફ્લૂના બે–ત્રણ કેસો અત્યારે આવ્યા, હવે ત્યાં ૧૭૯ જગ્યાઓમાંથી માનનીય અધ્યક્ષશ્રી, ફકત ૨૭ જગ્યા ભરેલી છે, ફકત ૨૭ અને ત્રણ તાલુકામાં, ત્રણેય તાલુકાને લગતો આ પ્રશ્ન છે અને એ સ્વાઇન ફ્લૂના દર્દીઓને યોગ્ય સારવાર મળે એટલા માટે વેરાવળમાં જે જગ્યાઓ ખાલી છે એ ક્યારે ભરવા માગો છો?

અધ્યક્ષશ્રી : આ તાલાલાનો સવાલ છે ભાઇ. આ તાલાલા વિસ્તાર બાજુ બાજુમાં સાચા, જસાભાઇ, આ તાલાલાનો સવાલ છે. છતાંય વેરાવળની અંદર ખાલી જગ્યાઓ છે એ તમે ક્યારે ભરશો ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : આ સરકાર સક્રિયપણે જેમ બને તેમ જલદીથી વિચારે છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારો મૂળ પ્રશ્ન હતો કે, આઉટ સોર્સીંગથી જે કામગીરી લેવામાં આવે છે એ આઉટ સોર્સીંગથી કામગીરી લેવા માટે જે માણસો ઉપલબ્ધ કરવાના છે વ્યક્તિઓ, એ કઇ સંસ્થા મારફત કરવામાં આવ્યા છે ?

અધ્યક્ષશ્રી : ડાયરેકટ વ્યક્તિને એપોઇન્ટમેન્ટ આપો છો કે સંસ્થા મારફતે ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : આમાં રેડક્રોસ આપે છે. એ રેડક્રોસના માધ્યમથી આ જગ્યાઓ ભરવામાં આવે છે અને સાથે સાથે કલેકટરશ્રી જે તે જિલ્લામાં જે કોઇ સંસ્થા મંજૂર કરી હોય એના મારફત ભરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આઉટ સોર્સિંગની જગ્યા રેડ ક્રોસનું કહ્યું તે સિવાય બીજા કોઇ સોર્સમાંથી આપતા હોય એ ટેબલ ઉપર મૂકજો.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કેટલી પથારીની સુવિધા આપવામાં આવે છે? તાલાલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં હાલ કેટલી પથારીની સુવિધાઓ છે? સી.એચ.સી. તાલાલાની ઓ.પી.ડી. ની છેલ્લાં બે વર્ષની વિગતો શી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : સી.એચ.સી.માં ૩૦ પથારીથી શરૂઆત કરવામાં આવી છે. અત્યારે તલાલા હોસ્પિટલ ૩૦ બેડની છે. તાલાલાની એમણે જે ઓ.પી.ડી. ની વિગતો માગી તે કહું તો વર્ષ–૨૦૧૧ માં ૪૩,૫૭૮ અને ઇન્ડોરમાં ૪૭૯૨. સાથે સાથે ૨૦૧૨ માં ઓ.પી.ડી. ૪૩,૨૪૧ અને ઇન્ડોર ૫૨૬૦ છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એના જવાબમાં કહ્યું છે કે વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી અથવા બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ વર્ગ–૩–૪ ના કર્મચારીઓ અત્યારે આઉટ સોર્સિંગથી કામ કરે છે, તો રાજ્યના લાખો લોકો બેકાર છે, ત્યારે આ આઉટ સોર્સિંગ બંધ કરી વર્ગ–૩–૪ ના કર્મચારીઓ ભરવા માગો છો કે નહીં? છેલ્લે કયારે ભરતી થઇ?

અધ્યક્ષશ્રી : આ પેરા મેડિકલની અંદર વર્ગ–૩–૪ ની જગ્યા ખાલી છે તે આઉટ સોર્સિંગથી લો છો, તો એને બદલે રેગ્યુલર એપોઇન્ટમેન્ટ કરવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : અમારી આ બધી જગ્યા હતી એના માટે ગૌણ સેવા પસંદગી મંડળમાંથી બહાર કાઢીને મેરિટના ધોરણે જે જગ્યા ભરવાની યાદી આપી અને સાથે સાથે જાહેરાત આપી. જેમ બને તેમ જે જગ્યા છે એ આ રીતે ભરવાની કાર્યવાહી સરકાર કરે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : આ વર્ગ–૩–૪ ના મેડિકલ વિભાગમાં છેલ્લે ક્યારે ભરતી કરવામાં આવી હતી?

અધ્યક્ષશ્રી : એક મિનિટ. વર્ગ–૩–૪ એ તો રુટિનમાં હોય. બધા માટે થઇને જોઇન્ટ કરે. આ બધી ભરતીની પ્રક્રિયા છે એ આપ પણ જાણો છો.

**જામનગર જિલ્લાની ખંભાળિયા સિવિલ હોસ્પિટલનું મંજૂર થયેલ મહેકમ**

* ૩૧૯૭**શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ખંભાળિયામાં સિવિલ હોસ્પિટલનું તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લાના ખંભાળિયામાં સિવિલ હોસ્પિટલનું તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ સંવર્ગવાર મહેકમ આ સાથેના **પત્રક**ના કોલમ–૩ મુજબ મંજૂર થયેલ છે.

(૨) આ સાથે પત્રકના કોલમ–૫ મુજબ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો દર્શાવેલ છે.

(૩) ઉમેદવારો ઉપલબ્ધ થયે બનતી ત્વરાએ.

**પત્રક**

**જામનગર જિલ્લાની ખંભાળીયા સિવિલ હોસ્પિટલનું મંજૂર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓની વિગતો**

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મુ. જિ. ત.અ. સહ સિવિલ સર્જન | ૧ | ૧ | ૦ |
| ૨ | આર. એમ. ઓ. | ૧ | ૦ | ૧ |
| ૩ | ફુલ ટાઇમ સર્જન | ૨ | ૧ | ૧ |
| ૪ | એનેસ્થેસ્ટીસ્ટ | ૨ | ૧ | ૧ |
| ૫ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૦ | ૧ |
| ૬ | સ્ત્રીરોગ નિષ્ણાત | ૪ | ૦ | ૪ |
| ૭ | આંખના સર્જન | ૧ | ૦ | ૧ |
| ૮ | પેથોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૯ | ફીઝીશીયન | ૨ | ૦ | ૨ |
| ૧૦ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | બાળરોગ નિષ્ણાત | ૨ | ૦ | ૨ |
| ૧૨ | ઈ. એન. ટી. સર્જન | ૧ | ૦ | ૧ |
| ૧૩ | સાયકયાટ્રીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૧૪ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૧૫ | ડેન્ટલ સર્જન | ૧ | ૦ | ૧ |
| ૧૬ | મનોચિકિત્સક | ૧ | ૦ | ૧ |
| ૧૭ | ડર્મેટોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ |
| | **વર્ગ–૧ કુલ** | **૨૪** | **૪** | **૨૦** |
| ૧૮ | તબીબી અધિકારી | ૬ | ૪ | ૨ |

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૯ | ડેન્ટલ સર્જન | ૧ | ૦ | ૧ |
| ૨૦ | કલીનીકલ સાઈકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૨૧ | વહીવટી અધિકારી | ૧ | ૧ | ૦ |
| | **વર્ગ–૨ કુલ** | **૯** | **૫** | **૪** |
| ૨૨ | કચેરી અધિક્ષક | ૧ | ૧ | ૦ |
| ૨૩ | હેડ કલાર્ક | ૧ | ૧ | ૦ |
| ૨૪ | સિનિયર કલાર્ક | ૪ | ૦ | ૪ |
| ૨૫ | જુનિયર કલાર્ક | ૨ | ૧ | ૧ |
| ૨૬ | ચીફ ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ૦ |
| ૨૭ | સિનિયર ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૨૮ | જુનિયર ફાર્માસીસ્ટ | ૨ | ૦ | ૨ |
| ૨૯ | લેબ. ટેકનીશીયન | ૪ | ૩ | ૧ |
| ૩૦ | એક્સ–રે ટેકનીશીયન | ૧ | ૦ | ૧ |
| ૩૧ | એક્સ–રે આસીસ્ટંટ | ૧ | ૦ | ૧ |
| ૩૨ | ઓપ્થ. આસી. | ૧ | ૧ | ૦ |
| ૩૩ | ઈલેકટ્રીશીયન | ૧ | ૦ | ૧ |
| ૩૪ | પ્લમ્બર | ૧ | ૦ | ૧ |
| ૩૫ | ફીઝીયોથેરાપીસ્ટ | ૨ | ૦ | ૨ |
| ૩૬ | મેટ્રન ગ્રેડ–૨ વર્ગ–૩ | ૨ | ૧ | ૧ |
| ૩૭ | આસી. મેટ્રન | ૧ | ૦ | ૧ |
| ૩૮ | હેડનર્સ | ૬ | ૧ | ૫ |
| ૩૯ | સ્ટાફનર્સ | ૭૮ | ૧૨ | ૬૬ |
| ૪૦ | ડ્રાઈવર | ૨ | ૧ | ૧ |
| ૪૧ | મેલ–ફીલ્ડ વર્કર | ૧ | ૦ | ૧ |
| ૪૨ | ઇ.સી.જી. ટેકનીશીયન | ૧ | ૦ | ૧ |
| ૪૩ | ડાયેટ્રીશીયન | ૧ | ૦ | ૧ |
| ૪૪ | આંકડા મદદનીશ | **૧** | ૦ | ૧ |
| | **વર્ગ–૩ કુલ** | **૧૧૬** | **૨૩** | **૯૩** |
| ૪૫ | પટાવાળા | ૪ | ૪ | ૦ |
| ૪૬ | વોર્ડ સરવન્ટ | ૧૫ | ૧૫ | ૦ |
| ૪૭ | સ્વીપર | ૧૫ | ૧૫ | ૦ |
| ૪૮ | રસોયા | ૧ | ૧ | ૦ |
| ૪૯ | મદદનીશ રસોયા | ૧ | ૧ | ૦ |
| ૫૦ | ડ્રેસર | ૧ | ૧ | ૦ |
| ૫૧ | ચોકીદાર | ૪ | ૪ | ૦ |
| ૫૨ | નાયક | ૧ | ૧ | ૦ |
| ૫૩ | લેબ. સર્વન્ટ | ૧ | ૧ | ૦ |
| ૫૪ | માળી | ૧ | ૧ | ૦ |
| ૫૫ | પાણીવાળી | ૧ | ૧ | ૦ |
| ૫૬ | લેબ. એટે. | ૨ | ૨ | ૦ |
| ૫૭ | એક્સ–રે એટે. | ૧ | ૧ | ૦ |

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૫૮ | આયા | ૬ | ૬ | ૦ |
| ૫૯ | ઓટી એટે. | ૧ | ૧ | ૦ |
| | **વર્ગ–૪ કુલ** | **૫૫** | **૫૫** | **૦** |
| | **વર્ગ–૧ થી ૪ કુલ** | **૨૦૪** | **૮૭** | **૧૧૭** |

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં જે તજજ્ઞ સેવા આપનાર વર્ગ–૧–૨ ની જગ્યા ભરવા માટે વિભાગે શું શું પ્રયત્નો કર્યા છે? તે સિવાય આ હોસ્પિટલમાં બાંધકામ માટે છેલ્લાં ૪ વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર તમામ પ્રજાજનોને આરોગ્યની સુવિધા સારી રીતે મળે એના માટે ખૂબ ચિંતિત છે, એના માટે ખાસ કરીને વર્ગ–૧–૨ ની ભરતી માટે કમિશનરશ્રી કચેરીમાં દર સોમવારે ઇન્ટર્વ્યૂ હોય છે. સાથે સાથે ૨૯–૬–૨૦૧૧ ના રોજ દૈનિક વર્તમાન પત્રમાં જાહેરાત પણ આપી હતી. આના માટે જુદી જુદી મેડિકલ કોલેજમાંથી વર્ગ–૧ ના અધિકારીઓ આવા બોન્ડેડને નિમણૂક આપીએ છીએ. રાજ્ય બહાર જઇને ભરતી માટે રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં આના કેમ્પ રાખવામાં આવ્યા હતા. સાથે સાથે જે જગ્યાઓ આનાથી ભરવામાં આવે અને કરાર આધારિત પણ નિમણૂક આપીએ છીએ. હમણા જોયું જ્યાં આ જ વિધાનસભામાં સી.એમ.સેતુ યોજના દાખલ કરી, જેથી કરીને તમામ જગ્યાએ એક્સ્પર્ટની સુવિધા બધાને મળી રહે. સાથે સાથે વર્ગ–૨ માટે દર મંગળવારે એના ઇન્ટર્વ્યૂ રાખવામાં આવ્યા છે. જે તે મેડિકલ કોલેજના ડીન મારફત બોન્ડેડ ઉમેદવારોને નિમણૂક આપવામાં આવે છે. રાજ્ય સરકારે અત્યાર સુધી પ્રયત્નો કર્યા છે. એમાં આજદિન સુધીમાં સમગ્ર રાજ્યમાં જે ભરતીની વાત છે, ભરતીની પ્રક્રિયામાં જી.પી.એસ.સી. બોન્ડેડ અને એડહોકમાં ૩૩૬૪ ને આપણે નિમણૂક આપી એમાંથી ૧૨૩૯ હાજર થયા છે.માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે બહેને બીજો પ્રશ્ન પૂછયો કે આ હોસ્પિટલના વિકાસ માટે શું કરવામાં આવ્યું છે? તો આ હોસ્પિટલના વિકાસ માટે છેલ્લા ચાર વર્ષમાં ૨૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી,* (xxxxxx)

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવના નહીં, પ્રશ્ન પૂછો ને.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : પ્રસ્તાવનાની વાત નથી સાહેબ. જામનગર જિલ્લાની વાત છે. અત્યારે આખુ ગુજરાત સ્વાઇન ફ્લૂમાં છે.

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવનામાં જે શબ્દો બોલ્યા છે તે કાઢી નાંખીએ છીએ. સીધો પ્રશ્ન પૂછો.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : આખું ગુજરાત જયારે સ્વાઇન ફ્લૂમાં પીડાયું અને તેમણે જે પત્રકમાં જણાવ્યું કે વર્ગ–૧ની ૨૪ જગ્યાઓ મંજૂર, તેમાં ૨૦ ખાલી છે. વર્ગ–૨ની ૯ જગ્યાઓ મંજૂર અને ૪ ખાલી, વર્ગ–૩ની ૧૧૬ મંજૂર તેમાં ૯૩ ખાલી છે. ટોટલ ૧૧૭ જગ્યાઓ ફકત જામનગરમાં ખાલી છે. મારે એમને પૂછવું છે અને આજના પેપરમાં મેં વાંચ્યું સાહેબ..

અધ્યક્ષશ્રી : સવાલ પૂછો ને તમે. પ્રવચન ન કરો, આરોગ્યની માગણી આવે ત્યારે કહેજો.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની માગણીમાં સરકાર શું પગલાં લેવા માગે છે?

અધ્યક્ષશ્રી : આટલી બધી ખાલી જગ્યાઓ છે તેમાં શું પગલાં લેવા માગે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ નીતિનભાઇ જે શબ્દો કાઢી નાંખ્યા હોય તેનો જવાબ નહીં આપો. જે શબ્દો કાઢી નાંખ્યા હોય તેનો જવાબ નહીં. આ જવાબ પણ આપનો રદ કરવામાં આવે છે. સીધો જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, * (xxxxxx) એ ઇટાલીની સરકાર આપણા બે માછીમારોને મારી નાંખ્યા. કેદીઓ લઇ ગયા. ભારત સરકાર જોડે, ભારતની પ્રજા જોડે તમે છેતરપિંડી કરી છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ બેસો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (xxxxxx)

અધ્યક્ષશ્રી : બેસો બધા. એક મિનિટ. સવાલ પૂછયો તેનો તમે જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ એમણે કહ્યું એટલે મારે કહેવું પડે છે. નહીંતર હું કદી કહેતો જ નથી સાહેબ.

અધ્યક્ષશ્રી : મેં તેની પ્રસ્તાવના રદ કરી છે, પછી તેનો જવાબ આપવાની જરૂર નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમણે કહ્યું એટલે કહું છું, બાકી હું કહું જ નહીં સાહેબ. તેમને (xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ બેસો. તમે કેમ ઉભા થાઓ છો બધા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપું છું.

અધ્યક્ષશ્રી : આટલી બધી ખાલી જગ્યા છે તેનું કારણ કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ હોસ્પિટલમાં જે સારવાર અપાય છે. આમાં જુઓ વર્ગ–૧ અને ર ની ડોકટરોની જગ્યાઓ ભરેલી છે. વર્ગ–૩ અને ૪ની જગ્યાઓ પણ ભરેલી છે. એનો સેવાઓનો લાભ મળ્યો છે તેમાં કહું તો આ હોસ્પિટલમાં ખંભાળિયામાં ગયા વર્ષે ૨૦૧૧–૧૨ માં ૧ લાખ ૭૫ હજાર દર્દીઓની ઓ.પી.ડી. સારવાર કરવામાં આવી. આ વર્ષે ર લાખ ૦ર હજારની સારવાર કરવામાં આવી. હોસ્પિટલ શાના માટે છે તેની મારે માહિતી આપવી છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે બેસો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ કર્મચારી છે અને સારવાર મળે છે તે મારે બતાવવું છે.

અધ્યક્ષશ્રી : તમે બેસો, હું કહું છું. કેટલી જગ્યા ખાલી છે, અને તેના કારણો શું છે એટલું જ પૂછયું છે. કેટલા ઓ.પી.ડી. છે તે જરૂર નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ–૧ થી ૪ની કુલ ૨૦૪ મહેકમ છે. ૧૧૭ ખાલી છે અને ૮૭ ભરેલી છે. વર્ગ–૪માં કુલ ૫૫ છે અને આ ૫૫ ભરેલી છે. ફરી કહું સાહેબ કે આ હોસ્પિટલ સક્ષમ રીતે દર્દીઓની સારવાર કરે છે. દર્દીઓના સારવાર લીધેલા આંકડા આપણે જોઇએ તો આપણને ખ્યાલ આવે કે આમાંથી દર્દીઓને સરકારની યોજનાઓનો લાભ મળે છે કે નહીં.

અધ્યક્ષશ્રી : માનનીય મેઘજીભાઇ ચાવડા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ જગ્યાનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે.

અધ્યક્ષશ્રી : એ જગ્યાનું જ કહ્યું. આટલી ભરેલી છે. ખાલી જગ્યા છે તે સ્વીકારી લીધું. બળવંતસિંહ, એમણે સ્વીકારી લીધું કે આટલી જગ્યા ખાલી છે. કયારે ભરશો આ જગ્યાઓ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જગ્યાઓ ભરવા અમારા માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે સતત વોક ઇન ઇન્ટર્વ્યૂ ચાલુ છે. એમ.બી.બી.એસ. ડોકટર જયારે ઉપલબ્ધ થાય ત્યારે તેને તરત જ ઓર્ડર આપીએ છીએ. પોસ્ટ ગ્રેજયુએટ કે જે પી.જી. ડોકટર હોય, સુપ્રિન્ટેન્ડન્ટ કક્ષાના તે પણ જેમ અવેલેબલ થાય તેમ ભરીએ છીએ. આપણે જેવા તે લોકો આવે તે જ દિવસે ઓર્ડર આપીએ છીએ. વોક ઇન ઇન્ટર્વ્યૂછે અને આ વર્ષોથી ગુજરાતમાં ચાલતી આવતી આ પ્રથા છે. અગાઉ પણ જોષીયારાજી તમે મંત્રી હતા ત્યારે પણ આ સ્થિતિ હતી.

અધ્યક્ષશ્રી : માનનીય મેઘજીભાઇ ચાવડા.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ખંભાળિયા સિવિલ હોસ્પિટલની ઓ.પી.ડી.ની વિગતો શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તો ખંભાળિયા હોસ્પિટલ ૧૫૦ બેડની સુવિધા ધરાવતી હોસ્પિટલ છે. ગયા વર્ષે ૧,૭૫,૦૫૩ દર્દીઓએ આઉટડોર દર્દી તરીકે સારવાર લીધી હતી, ૨૦૧૨–૧૩માં ર લાખ ર હજાર દર્દીઓને લાભ મળ્યો, અને ઇન્ડોર દર્દીઓ કે જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવા જરૂરી હોય છે એવા ૨૦૧૧–૧૨માં ૩૦૩૬૩ દર્દીઓને ઇન્ડોર તરીકે સારવાર આપવામાં આવી. ૨૦૧૨–૧૩માં ૩૯૫૧૮ દર્દીઓને સારવાર આપવામાં આવી. ૧૪૪૨ ઓપરેશન ૨૦૧૧–૧૨માં કરવામાં આવ્યાં અને માઇનોર ઓપરેશન ૨૯૫૬ કરવામાં આવ્યાં, ૧૦૩૦૧ એક્સ રે લેવામાં આવ્યા, ઇસીજી ૪૬, સ્ક્રીનિંગ ૩૫૪, લેબોરેટરી ટેસ્ટ ૫૧૫૭૮, સોનોગ્રાફી ૧૪૩૧ (અંતરાય) અને સાહેબ, છેલ્લે પ્રસુતિની વાત કરું તો..(અંતરાય)..

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, લાંબુ લિસ્ટ હોય તો ટેબલ પર મૂકજો, જવાબ મર્યાદિત હોય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં, બધી સારવાર ચાલુ છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે,• (xxxxxx) એ જ છે મારો સવાલ...

અધ્યક્ષશ્રી : તમારો સવાલ પૂછો, નહીં, નહીં, આ તમામ પ્રસ્તાવના રદ કરવામાં આવે છે, ફરીથી સીધો સવાલ પૂછો. સવાલમાં કોઇ પ્રસ્તાવના નહીં અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કે, જવાબમાં પણ પ્રસ્તાવના નહીં. સીધો સવાલ અને સીધો જવાબ.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે, જામખંભાળીયામાં સ્ત્રીરોગ નિષ્ણાતનું મહેકમ ચારનું છે, અને ચારે ચાર જગ્યાઓ ખાલી છે, ત્યારે આ વિસ્તારની સ્ત્રીઓની ચિંતા સરકાર કરવા માગે છે કે નહીં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પદ્ધતિ એવી છે કે, મેઇન નજીકની હોસ્પિટલમાં જ્યાં નિષ્ણાત ડોકટર ઉપલબ્ધ હોય તેમને વારાફરતી આપણે કામગીરી સોંપીએ છીએ અને દર્દીઓની સારવારને અસર ન થાય એ રીતે આપણે સેવાઓ આપીએ છીએ.

## રાજ્યમાં કાર્યરત ટ્રોમા સેન્ટરો

* ૨૭૨૪ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં દર્દીઓને તાત્કાલિક આરોગ્યની સારવાર મળી રહે તે માટે ટ્રોમા સેન્ટરની સેવાઓ સઘન બનાવવા સરકારે શી વ્યવસ્થા કરેલ છે? | રાજ્યના ધોરીમાર્ગો પર આવેલી હોસ્પિટલો ખાતે ટ્રોમા સેન્ટરો માટે અલાયદા મકાનના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે. તથા આ ટ્રોમા સેન્ટરોમાં તાત્કાલિક ઘનિષ્ટ સારવાર માટે આધુનિક તબીબી ઉપકરણોની સુવિધા ઉપલબ્ધ કરી નિષ્ણાંત તબીબો દ્વારા સારવાર મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે. |

શ્રી હસમુખભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ટ્રોમા સેન્ટર એટલે શું અને તેમાં શું શું સુવિધાઓ હોય છે? મારો બીજો પ્રશ્ન છે કે, રાજયમાં મંજૂર કરેલ ટ્રોમા સેન્ટર કેટલાં છે તથા ભાવિ આયોજન શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેમ જેમ તબીબી ટેકનોલોજી અને તબીબી વ્યવસ્થાઓ આગળ વધતી જાય છે, એ પ્રમાણે આપણા રાજય સરકારની સિવિલ હોસ્પિટલો, જિલ્લા હોસ્પિટલો અને હાઇવે ઉપર આવેલી જે હોસ્પિટલો છે કે જયાં આગળ અકસ્માતમાં ઘવાયેલા દર્દીઓ સ્વાભાવિક રીતે વધારે આવતા હોય એવી જગ્યાએ નવી ટેકનોલોજી અને નવી વ્યવસ્થાઓ પ્રમાણે છેલ્લા દસ પંદર વર્ષથી ટ્રોમા સેન્ટરો બનાવવાનું કામ રાજય સરકારે, આરોગ્ય વિભાગે હાથ ઉપર લીધું છે.

માનનીય સભ્યશ્રી હસમુખભાઇએ જે પ્રશ્ન પૂછયો કે, ટ્રોમા સેન્ટર એટલે શું? તો ટ્રોમા સેન્ટર એટલે જયાં આગળ ઘવાયેલા દર્દીને કે ઇમરજન્સીમાં આવેલા દર્દીને એક જ જગ્યાએ સારવારની બધી જ વ્યવસ્થા મળે, ડોકટરો પણ એક સાથે તપાસે, કોઇ મશીનથી દર્દીને તપાસવાનો હોય, સોનોગ્રાફી હોય, એકસ–રે હોય, સીટીસ્કેન હોય, એમઆરઆઇ કરાવવાનું હોય, તો પણ એક જ જગ્યાએ થાય, કારણ કે ભૂતકાળનો આપણને ખ્યાલ છે કે દર્દીને જયારે લઇ જઇએ તો એને એકસ રે પડાવવા માટે ટ્રોલીમાં બીજે લઇ જવો પડે, પછી એમઆરઆઇ કે સીટીસ્કેન કરાવવું હોય, સોનોગ્રાફી કરાવવી હોય તો જુદા જુદા વોર્ડોમાં દર્દીને ફેરવવા પડતા હતા અને એને કારણે દર્દીને બચાવવા માટે જે કિંમતી સમય સારવાર માટે જોઇએ એ ઓછો ઉપલબ્ધ થતો હતો, એટલે ટ્રોમા સેન્ટર એટલે એ કે, એક જ બિલ્ડીંગમાં એક જ વ્યવસ્થા નીચે એક જ છત્ર નીચે આ બધી જ આધુનિક વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવે જેથી દર્દીને બચાવવા માટે તાત્કાલિક એની સારવાર ચાલુ થાય.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, રાજયમાં ટ્રોમા સેન્ટરમાં મંજૂર કરાયેલ વર્ગવાર મહેકમ કેટલું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, ટ્રોમા સેન્ટરમાં જુદા જુદા પ્રકારનું મહેકમ રાખવામાં આવે છે. સર્જન હોય, ઓર્થોપેડીક સર્જન હોય, એનેસ્થેટીસ્ટ હોય અને જરૂરિયાત પ્રમાણેના એમ.બી.બી.એસ. ડોકટરો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

હોય, એટલે આખુ મહેકમ થાય, વર્ગ એક અને બેમાં ડોક્ટરોનું મહેકમ આવે છે, અને વર્ગ ત્રણમાં કોઇ લેબોરેટરી ટેસ્ટ કરવો હોય, કોઇ એકસ–રે પાડવો હોય તો એના માટે રેડીયોગ્રાફર, લેબ–ટેકનીશીયન અને ઓ.ટી.–ટેકનીશીયન, કોઇને તાત્કાલીક ઓપરેશન કરવું હોય તો ઓપરેશન થિયેટરની અંદર જે સહાય કરતા કર્મચારીઓ હોય છે એ સપોર્ટ કરે છે. એ વર્ગ–૩માં આવે છે અને વર્ગ–૪માં નર્સ એટેન્ડેન્ટ અને સફાઇ કામદાર આવે છે. એમ એક છત્ર નીચે આ બધો સ્ટાફ આવે જેથી દર્દીને આપણે સારી રીતે ઝડપથી સારવાર આપી શકીએ.

શ્રી છબિલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગુ છું કે કચ્છની અંદર ટ્રોમા સેન્ટર છે ? અને ન હોય તો ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારની સ્થિતિમાં કચ્છમાં ટ્રોમા સેન્ટર નથી. નવા જે બનાવવાના છે એમાં જરૂરિયાત પ્રમાણે આપણે એનો સમાવેશ કરવા વિચારીશું.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રોમા સેન્ટરની જે વાત છે એ એટલા માટે અગત્યની વાત છે કારણ કે, જયાં વાહન વ્યવહાર ખૂબ જ વધી ગયો છે તો આ રસ્તાઓ ઉપર જે રીતે વાહન વ્યવહાર વધ્યો અને ઔદ્યોગિકીકરણ વધ્યું એ જોતા કચ્છમાં એક ભચાઉમાં ટ્રોમા સેન્ટરનું કામ અત્યારે ચાલે છે તો આ કચ્છમાં જે રીતે ઔદ્યોગિકીકરણ વધ્યું છે ત્યારે કચ્છમાં મુન્દ્રા ખાતે પણ બીજું ટ્રોમા સેન્ટર ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે તો વ્યાપ વધારતા જવો છે અને ધીમે ધીમે આધુનિક ટેકનોલોજીનો અને સાધનોનો ઉપયોગ કરીને રાજયમાં આનું નેટવર્ક સારી રીતે વિક્સે અને જયાં જયાં જરૂર હશે ત્યાં આપણે એની વ્યવસ્થા કરીશું.

**રાજયમાં મહાનગરપાલિકાઓની કાર્યરત ખોરાક પ્રયોગશાળાઓને સહાય**

* ૨૭૧૫ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ મહાનગરપાલિકાઓની ખોરાક પ્રયોગશાળાઓને અદ્યતન કરવા માટે તા. ૩૧/૧૨/૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની રાજ્ય સરકારે સહાય આપી? | રૂ઼ા. ૭૫.૦૦ લાખ. |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મહાનગરપાલિકામાં ખોરાક પ્રયોગશાળા મંજૂર કરવા અંગેના શું નિયમો છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : મહાનગરપાલિકામાં ખોરાક પ્રયોગશાળા મંજૂર કરવા માટેના કોઇ નિયમો નથી પરંતુ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ અન્વયે લેવામાં આવતા નમૂનાઓનું પૃથ્થકરણ કરવા માટે દરેક પ્રયોગશાળા પાસે એન.એ.બી.એલ.પ્રમાણપત્ર હોવું જરૂરી છે આવું નક્કી કરેલું છે અને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડીયા દ્વારા નોટિફાઇડ કરવામાં આવતી પ્રયોગશાળાઓ દ્વારા આ કામકાજ કરવામાં આવે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એટલું જાણવા માગુ છું કે મહાનગરપાલિકામાં જે પ્રયોગશાળાઓ શરૂ કરેલી છે. હવે એમાં મારે જાણવું છે કે જિલ્લા મથકે એટલે કે અમરેલીમાં ડુપ્લીકેટ દૂધ બહુ વેચાય છે તો અમરેલીમાં આવી પ્રયોગશાળા નથી તો આવી કોઇ પ્રયોગશાળા શરૂ કરવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આવી કોઇ વિચારણા સરકારે કરી નથી પણ જયાં પ્રયોગશાળા નથી ત્યાંના પૃથ્થકરણ માટેના નમૂનાઓ લેવા માટે અમારી જે પ્રયોગશાળાઓ છે, જેમાં વડોદરા, રાજકોટ અને ભુજ ત્યાં આ કામગીરી કરવામાં આવે છે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા . માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ સહાય ક્યા હેતુ માટે આપવામાં આવે છે અને આપેલી સહાય માટે કેટલો ખર્ચ થયો છે, કયા હેતુ માટે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સહાય એન.એ.બી.એલ. સર્ટિફિકેટ મેળવવામાં પ્રયોગશાળામાં જરૂરી એવી સાધન સામગ્રીની ખરીદી માટે આપવામાં આવે છે અને આ સહાયમાંથી સુરત મહાનગરપાલિકાએ ૧૪.૫૦ લાખનો ખર્ચ કરેલો છે અને હાલના પ્રયોગશાળાના બિલ્ડીંગમાં સમારકામ કરેલ હોવાથી ખર્ચ ઓછો થયેલ છે. સાથો સાથ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ૩,૧૧,૯૫૨ નો ખર્ચ થયો છે અને

પ્રયોગશાળાનું નવું બિલ્ડીંગ જુદી જગ્યાએ ઉભું કરવામાં આવેલ હોઇ સાધન સામગ્રી વસાવેલ નથી. વડોદરામાં કોઇ ખર્ચ કરેલ નથી, કારણ કે જુદી જગ્યાએ મકાન બાંધવામાં આવી રહ્યું છે.

## ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસેલ બાળકોની સંખ્યા

* ૨૭૪૨ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા બાળકોની તા. ૩૧/૩/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય તપાસણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા બાળકોને કયા પ્રકારની બિમારીઓ જણાઈ આવી,

(૩) ગંભીર રોગની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી, અને

(૪) કેટલા બાળકોને હૃદયરોગની સારવાર આપવામાં આવી?

**જવાબ**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧/૩/૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ– ૭,૨૩,૭૮૫ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી.

(૨) બાળકોમાં જણાઈ આવેલ બિમારીઓની વિગત નીચે મુજબની છે.

| બિમારીનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| પાંડુરોગ | ૧૯૪૮૦ |
| આંત્રકૃમિ | ૧૨૬૧૫ |
| દાંતની તકલીફ | ૩૭૮૫ |
| આંખની બિમારી | ૪૨૩૩ |
| કાન-નાક-ગળાની તકલીફ | ૨૬૨૭ |
| પેટની તકલીફ | ૧૫૮૭ |
| ચામડીના રોગ | ૨૪૦૮ |
| જાતિય રોગો | ૧૬ |
| શ્વસનતં્રના રોગો | ૭૬૨ |
| ચેતાતંત્રના રોગો | ૨૪ |
| અસ્થિતંત્રના રોગો | ૪૬ |
| વિકલાંગતા | ૧૯૩ |
| **બિમારીનું નામ** | **વિદ્યાર્થીઓની સંખ્યા** |
| હૃદય | ૧૫૮ |
| કીડની | ૪૬ |
| કેન્સર | ૧૩ |

(૩) હૃદય, કીડની અને કેન્સર જેવી ગંભીર બિમારીવાળા બાળકોને અનુક્રમે યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી, ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીસ એન્ડ રીસર્ચ સેન્ટર, એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે સારવાર આપવામાં આવેલ છે.

(૪) ૧૫૮ બાળકોને હૃદયરોગની સારવાર આપવામાં આવેલ છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ક્યા વર્ષથી શરૂ કરવામાં આવ્યો અને આમાં ભારત સરકારની કોઇ ગ્રાન્ટની મદદ મળે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમનું આખા સપ્તાહનું આયોજન કરવામાં આવે છે અને એની કામગીરી કરવામાં આવે છે. ૨૦૧૦ થી આખા સપ્તાહની ઉજવણી

સ્વરૂપે આપણે ચાલુ કરેલ છે. અગાઉ છૂટક રીતે અને ફક્ત સ્થાનિક કક્ષાએ આ કાર્યક્રમ ચાલતો હતો પણ આપણે એની ઉપયોગિતા જોઇ અને વર્ષ ૨૦૧૦માં માનનીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું કે, આપણે એનો વ્યાપ વધારી, આપણે શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૦થી સમગ્ર સપ્તાહની ઉજવણીના સ્વરૂપે ચાલુ કરેલ છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં જે બાળકોની તપાસણીની સંખ્યા બતાવી છે તે ૭,૨૩,૦૮૫ છે તો મંત્રીશ્રી પાસે જો માહિતી હોય તો ગુજરાત રાજ્યમાં કુલ કેટલા વિદ્યાર્થીઓની વર્ષવાર તપાસણી કરવામાં આવી અને આ તપાસણી કયા ધોરણથી કયા ધોરણ સુધી કરવામાં આવે છે? ગાંધીનગર જિલ્લામાંથી કોઇ એવા બાળકો તપાસણી દરમ્યાન માલુમ પડ્યા કે જેમને રાજ્ય બહાર સારવાર માટે મોકલવા પડ્યા હોય?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય કાર્યક્રમ આખું સપ્તાહ આપણે ચલાવીએ છીએ અને ધોરણ ૧ થી શરૂ કરીને ધોરણ ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ, આંગણવાડી કેન્દ્રના બાળકો અને શાળાએ ન જતા બાળકોને પણ મમતા દિવસ દરમ્યાન તપાસવામાં આવે છે અને કુલ ૧ કરોડ ૪૮ લાખ બાળકોને એટલે કે ગુજરાતની વસતિના પાંચમા ભાગના લોકોને આપણે તપાસીએ છીએ, આ કાર્યક્રમનો વિવિધ સ્તરે અમલ થાય છે. પ્રાથિમક શાળામાં, હાઇસ્કૂલમાં અને કોલેજમાં. એ સ્ક્રીનીંગમાં જે બાળકો બિમાર માલુમ પડે એને નિષ્ણાત ડોકટરો દ્વારા પણ આપણે તપાસીએ છીએ અને માનનીય અશોકભાઇએ જે પ્રશ્ન કર્યો કે આમાં કેટલો ખર્ચ થયો તો ગાંધીનગર જિલ્લામાં લગભગ સાતેક કરોડ રૂપિયાનો આ યોજના ચલાવવા માટે ખર્ચ કરવામાં આવેલ છે અને બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ કર્યો કે ગાંધીનગરના કેટલા બાળકોને જુદા જુદા પ્રકારની વધારાની સારવાર આપવાની જરૂરિયાત ઉભી થઇ તો ગાંધીનગરના બાળકોને વધારાની કિડની, કેન્સર, હૃદયની જે નાના બાળકોને તકલીફ હતી એવા બાળકોને આપણી રાજ્યની યુ.એન.મહેતા કાર્ડીયોલોજી ઇન્સ્ટીટ્યુટ, કિડની ઇન્સ્ટીટ્યુટ હોય કે કેન્સર હોસ્પિટલ આવી સંસ્થાઓમાં સારવાર આપવા માટે સરકારી ખર્ચે, ગમે તેટલો ખર્ચો થાય એનો ૧૦૦ ટકા ખર્ચ સરકાર ઉપાડે છે અને ગયા વરસે એના માટે ગાંધીનગરમાં ૧૬ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પાંડુરોગની સંખ્યા જે ગાંધીનગર જેવા સમૃદ્ધ શહેરમાં ૧૯૪૮૦ જેટલી હોય એટલે કે આટલી બધી ખરાબ પરિસ્થિતિ હોય અને કૃમિના રોગની પણ ઘણી બધી સંખ્યા છે તો એના માટે આપણે પગલાં લેવા માગીએ છીએ કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તો સારું છે કે આપણે આ કાર્યક્રમ ચાલુ કર્યો બાકી આ બધું તો પહેલેથી જ ચાલતું આવ્યું હશે અને આ બધું વારસામાં મળેલું છે પણ હવે નવી પેઢી તંદૂરસ્ત રહે સ્વાસ્થ્યપ્રદ રહે એ માટે આપણે કામ કરીએ છીએ, એટલે ખરેખર તો આપણે આને આવકારવું જોઇએ. રાજ્ય સરકારે વિવિધ પ્રકારના રોગો માટે દા.ત. દાંતની તકલીફ હોય તો એના ૩૭૮૫ બાળકો છે, આંખની તકલીફ છે તો એના ૪૨૩૩ બાળકો છે પહેલાં સ્કૂલમાં ભણતાં નહોતા, વાંચતા નહોતા, ખબર નહોતી પડતી, ઘેર જાય તો મમ્મી ઠપકો આપે, સ્કૂલમાં શિક્ષક ઠપકો આપે, કોઇને ખબર નહોતી કે આ બાળકને આંખમાં નંબર આવ્યા છે અને એને ચશ્મા પહેરવાની જરૂર છે. એ કામ આ સરકારે કર્યું છે એટલે આ બધું છે અને બધાજ રોગો દર્દો આપણે નશ્ચત કરીએ, ડામી દઇએ અને બધા સ્વસ્થ બાળકની નવી પેઢી ઉભી થાય એ પ્રમાણે અમારું આયોજન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને આ ટ્રીટમેન્ટ આપવામાં આવે છે, તો સત્તર વર્ષથી નીતિનભાઇ તમારું જ રાજ છે એટલે બાળકો તમારા જ કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે જે રીતે આંખની બિમારી અને કાન-નાક-ગળાની તકલીફના અનુક્રમે ૪૨૩૩ અને ૨૬૨૭ વિદ્યાર્થીઓની ચકાસણી કરવામાં આવી છે. જે રીતે કિડનીમાં, હાર્ટમાં અને કેન્સરની અંદર સરકાર ફ્રી ટ્રીટમેન્ટ કરે છે. આમાં કોઇ આંખમાં અથવા નાકમાં, કાનમાં કોઇ ઓપરેશન કરાવવું હોય તો સરકારશ્રી આ વિદ્યાર્થીઓને સહાય કરવા માગે છે કે નહીં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ મોંઘા રોગની સારવારની વાત કરી. બાકી નીચે કોઇને દાંતની તકલીફ હોય, નાકની તકલીફ હોય, કાનની હોય, કોઇને પગની તકલીફ હોય કે હાડકાની કોઇ તકલીફ હોય તો એવા હળવા પ્રકારના જે કહેવાય એવા તમામ દર્દોની સારવાર આપણી સરકારી હોસ્પિટલોમાં બિલકુલ મફતમાં આપવામાં આવે છે. એટલે કોઇપણ પ્રકારની વ્યવસ્થાથી આપણું બાળક સારવાર મેળવવામાં બાકાત ના રહે તે આયોજન કરેલું છે.

**સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય અધિકારીઓની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૩૯૫૮ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા આરોગ્ય અધિકારીઓની તા. ૩૧/૧/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિમણૂકો આપવામાં આવી, | (૧) ૧૮૫ (એકસો પંચાસી). |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને કયા કયા તાલુકામાં વધારાનો ચાર્જ આવા અધિકારીને આપેલ છે, અને | (૨) ***પત્રક–૧** અને ***પત્રક–૨** મુજબ. |
| (૩) ખાલી રહેતી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૩) કમિશ્નરશ્રી (આ) કચેરી ખાતે વર્ગ–૧ માટે દર સોમવારે અને વર્ગ–૨ માટે દર મંગળવારે વોક ઇન ઈન્ટરવ્યૂ રાખવામાં આવે છે. જેમા એડહોક તેમજ કરાર આધારિત તથા મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ તબીબી અધિકારીઓના લીસ્ટ મોકલી આપવામાં આવે છે જે બોન્ડેડ તબીબોની નિમણૂકથી, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી પસંદગીથી જગ્યાઓ ભરવામાં આવે છે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

૩૭૫૮ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૧−૨૦૧૩ ની સ્થિતિએ રાજકોટ જનરલ હોસ્પિટલ ખાતે મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧−૧૨−૨૦૧૨ ની સ્થિતિએ રાજકોટ જનરલ હોસ્પિટલ ખાતે મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર જગ્યા |
|---|---|
| વર્ગ−૧ | ૨ |
| વર્ગ−૨ | ૫૬ |
| વર્ગ−૩ (ક્લેરીકલ) | ૩૧ |
| વર્ગ−૩ (પેરામેડીકલ) | ૭૨ |

| | |
|---|---|
| વર્ગ–૪ | ૨૫૭ |
| **કુલઃ** | **૭૭૧** |

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) તે અન્વયે કુલ–૧૧૮ ખાલી જગ્યાઓ દર્શાવતું **પત્રક** સામેલ છે.

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

**પત્રક**

**રાજકોટ જનરલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓની માહિતીનું પત્રક (કૂલ–૧૧૮ ખાલી જગ્યા)**

| | **વર્ગ–૧ અને ૨** | | |
|---|---|---|---|
| **ક્રમ** | **સંવર્ગ** | **ખાલી જગ્યા** | **કેટલા સમયથી ખાલી છે** |
| ૧ | આર.એમ.ઓ., વર્ગ–૧ | ૧ | તા.૨૫–૦૬–૨૦૧૨ થી |
| ૨ | તબીબી અધિકારી, વર્ગ–૨ | ૧ | તા.૧૬–૦૯–૨૦૧૨ થી |
| | | ૨ | તા.૨–૧૧–૨૦૧૧ થી |
| | | ૧ | તા.૨–૧૧–૨૦૧૧ થી (રાજીનામું) |
| ૩ | વહીવટી અધિકારી, વર્ગ–૨ | ૧ | તા.૩૧–૮–૨૦૧૧ થી (વય નિવૃતિ) |
| ૪ | હિસાબી અધિકારી, વર્ગ–૨ | ૧ | તા.૭–૭–૨૦૧૧ થી |
| ૫ | મેટ્રન, વર્ગ–૨ | ૨ | ૧. તા.૨૪–૮–૨૦૧૨ થી<br>૧. તા.૨૩–૮–૨૦૧૨ થી (વય નિવૃતિ) |
| | **કુલ** | **૯** | |

**વર્ગ–૩ પેરામેડીકલ**

| **ક્રમ** | **સંવર્ગ** | **ખાલી જગ્યા** | **કેટલા સમયથી ખાલી છે** |
|---|---|---|---|
| ૧ | સીનીયર ફાર્માસીસ્ટ | ૩ | ૮ વર્ષથી |
| ૨ | દરજી | ૧ | ૬ વર્ષથી |
| | **કુલઃ** | **૦૪** | |

**વર્ગ–૩ નર્સીંગ**

| **ક્રમ** | **સંવર્ગ** | **ખાલી જગ્યા** | **કેટલા સમયથી ખાલી છે** |
|---|---|---|---|
| ૧ | હેડ નર્સ | ૩૪ | ૭– તા.૩૧–૫–૧૦ થી બદલી, ૪–તા.૩૧–૧૦–૧૦ થી વયનિવૃતિ, ૧૦ જગ્યા–તા.૩૦–૪–૧૨, ૩૧–૫–૧૨, ૩૦–૬–૧૨, ૩૧–૭–૧૨, ૩૦–૯–૨૦૧૨, ૮ જગ્યા–તા.૧૬–૧૦–૧૨ થી બદલી,<br>૫ જગ્યા–તા.૩૧–૧–૧૧, તા.૩૧–૩–૧૧, તા.૩૦–૯–૧૧, તા.૩૧–૧૦–૧૧, તા.૨૩–૧૨–૧૧ |
| ૨ | સ્ટાફ નર્સ | ૦૪ | ૨–તા.૩૧–૫–૧૨ થી, ૧–તા.૮–૮–૧૧ થી ૧–તા.૩૧–૧૨–૧૧ થી |
| ૩ | ફિક્સ પગાર સ્ટાફ નર્સ | ૬૩ | ૧૯–૪–૧૧ થી નિયમિત નિમણૂક તથા બદલીથી |
| ૪ | નર્સિંગ ટ્યુટર | ૦૩ | ૩૧–૮–૧૨ થી બદલી/બઢતી |
| ૫ | આસી. મેટ્રન વર્ગ–૩ | ૦૧ | તા.૩૧–૧૦–૧૨ થી વયનિવૃતિ |

| | | | |
|---|---|---|---|
| | **કુલઃ** | **૧૦૫** | |
| | **કુલ સરવાળોઃ** | **૧૧૮** | |

---------

**જામનગર જિલ્લામાં ગૌવંશ અને અન્ય પ્રાણીઓની હેરાફેરી માટે પાસ અને પરમીટ વિનાના વાહનો સામે કરેલ કાર્યવાહી**

૩૭૨૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨ ના વર્ષમાં ગૌવંશ અને અન્ય પ્રાણીઓની કતલ માટેની હેરાફેરીમાં પાસ અને પરમીટ વિનાના અને નિયમોના ભંગ કરીને લઇ જતા કેટલા વાહનો વાહનવ્યવહાર ખાતાની જાણ તથા રેકર્ડ પર આવ્યા, અને

(૨) આવા ગુન્હાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા વાહનો સામે વાહન વ્યવહાર ખાતા દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર વિભાગ દ્વારા આવો કોઇ કેસ કરેલ નથી, પરંતુ પોલીસ દ્વારા કુલ–૨૦ કેસો કરવામાં આવેલ છે.

(૨) પોલીસ દ્વારા સંબંધીત કાયદાઓ હેઠળ કાર્યવાહી હાથ ધરાયેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં આયુર્વેદ કોલેજ શરૂ કરવા બાબત**

૩૫૨૪ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ સરકાર અદ્યતન આયુર્વેદ કોલેજ શરૂ કરવા માંગે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અંગે સૌપ્રથમ કયા વર્ષના અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવેલી, અને

(૩) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ કોલેજ શરૂ નહીં થઇ શકવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦–૧૧ ના અંદાજપત્રમાં સૌ પ્રથમ આ બાબતે જોગવાઇ કરવામાં આવેલ હતી.

(૩) પ્રોજેક્ટ ઇમ્પલીમેન્ટેશન યુનિટ દ્વારા મે–૨૦૧૩ માં બાંધકામ પૂર્ણ કરવામાં આવનાર છે. ત્યાર બાદ સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયન મેડીસીન, નવી દિલ્હીના ઇસ્પેક્શન બાદ ડીપાર્ટમેન્ટ ઓફ આયુષ, ભારત સરકારની માન્યતા મળ્યા પછી કોલેજ શરૂ થઇ શકશે.

---------

**આણંદ જિલ્લામાં જનની સુરક્ષા યોજના અંતર્ગત ચૂકવાયેલ સહાય**

૪૧૫૮ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જનની સુરક્ષા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલા લોકોને લાભ મળેલ છે,

**જવાબ**

(૧)

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **લાભાર્થીઓની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **૨૦૧૧–૧૨ (તા.૧–૨–૧૧ થી તા.૩૧–૧–૧૨)** | **૨૦૧૨–૧૩ (તા.૧–૨–૧૨ થી તા.૩૧–૧–૧૩)** |
| ૧ | આણંદ | ૨૮૨૩ | ૨૨૫૮ |
| ૨ | આંકલાવ | ૧૭૫૧ | ૨૦૧૨ |
| ૩ | બોરસદ | ૪૯૬૫ | ૪૫૯૮ |

| | | | |
|---|---|---|---|
| ૪ | તારાપુર | ૫૨૪ | ૫૦૯ |
| ૫ | ખંભાત | ૨૭૦૮ | ૨૦૭૮ |
| ૬ | પેટલાદ | ૨૩૦૦ | ૨૬૩૬ |
| ૭ | સોજીત્રા | ૫૫૦ | ૯૫૩ |
| ૮ | ઉમરેઠ | ૨૮૫૦ | ૩૫૮૯ |
| | **કુલઃ** | **૧૮૪૭૧** | **૧૮૬૩૩** |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી સહાય ચૂકવાઇ, અને

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | ચૂકવાયેલ સહાય | |
|---|---|---|---|
| | | ૨૦૧૧-૧૨ (તા.૧-૨-૧૧ થી તા.૩૧-૧-૧૨ અંતિત) | ૨૦૧૨-૧૩ (તા.૧-૨-૧૨ થી તા.૩૧-૧-૧૩ અંતિત) |
| ૧ | આણંદ | ૧૭,૯૫,૧૦૦/- | ૧૪,૯૮,૫૦૦/- |
| ૨ | આંકલાવ | ૮,૭૫,૧૦૦/- | ૧૦,૦૩,૩૦૦/- |
| ૩ | બોરસદ | ૨૪,૨૭,૭૦૦/- | ૨૨,૧૭,૨૦૦/- |
| ૪ | તારાપુર | ૩,૦૮,૪૦૦/- | ૨,૭૯,૧૦૦/- |
| ૫ | ખંભાત | ૧૫,૧૯,૩૦૦/- | ૧૦,૫૬,૦૦૦/- |
| ૬ | પેટલાદ | ૧૩,૭૮,૦૦૦/- | ૧૫,૪૭,૮૦૦/- |
| ૭ | સોજીત્રા | ૩,૮૧,૪૦૦/- | ૫,૬૫,૭૦૦/- |
| ૮ | ઉમરેઠ | ૧૭,૫૯,૪૦૦/- | ૨૧,૧૩,૫૦૦/- |
| | **કુલઃ** | **૧,૦૪,૪૪,૪૦૦/-** | **૧,૦૨,૮૧,૧૦૦/-** |

(૩) કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે ?

(૩) ઉક્ત સમયગાળાના લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી નથી.

---------

**વલસાડ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વહીવટી અને ટેકનીકલ મહેકમની સંખ્યા**

૪૨૦૬ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માં વહીવટી તથા ટેકનીકલ મહેકમ કેટલું છે, અને

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વહીવટી અને મેડીકલ/પેરામેડીકલ મહેકમ નીચે મુજબનું છે.

| તાલુકાનું નામ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|---|---|
| | વહીવટી | મેડીકલ/ પેરામેડીકલ | વહીવટી | મેડીકલ/ પેરામેડીકલ |
| વલસાડ | ૦૪ | ૩૫ | ૦૦ | ૫૭ |
| પારડી | ૦૫ | ૫૮ | ૦૦ | ૪૬ |
| ઉમરગામ | ૦૭ | ૫૧ | ૦૦ | ૬૩ |
| ધરમપુર | ૦૧ | ૨૨ | ૦૦ | ૪૯ |
| કપરાડા | ૦૬ | ૪૮ | ૦૦ | ૬૩ |
| **કુલ** | **૨૩** | **૨૧૪** | **૦૦** | **૨૭૮** |

(૨) વસ્તીના ધોરણે મહેકમની મર્યાદા વધારવાનું સરકારનું શું આયોજન છે ?

(૨) વસ્તીના ધોરણે મહેકમની મર્યાદા વધારવાની કોઇ જોગવાઇ નથી.

---------

**રાજ્યના બજેટમાં વિકાસલક્ષી અને વહીવટીલક્ષી ખર્ચ**

૨૮૪૩ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં રાજ્યના બજેટમાં વિકાસલક્ષી અને વહીવટલક્ષી ખર્ચ કેટલો થયો ?

**જવાબ**

| **વર્ષ** | **વિકાસલક્ષી ખર્ચ (રૂ. કરોડમાં)** | **વહીવટલક્ષી ખર્ચ (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૪૮૨૭૯.૬૫ | ૨૩૧૬૪.૧૫ |
| ૨૦૧૧-૧૨ | ૫૨૯૨૪.૪૬ | ૨૬૩૧૨.૪૬ |

---------

**રાજ્યના દેવા અને વ્યાજ પેટે ચૂકવેલ રકમ**

૩૯૪૦ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિવિધ વિભાગોની આવક વધવા છતાં દેવા અને વ્યાજનું પ્રમાણ વધતું રહ્યું છે તે હકીકત સાચી છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ દેવા પેટે અને કેટલી રકમ વ્યાજ પેટે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, પરંતુ નિયમની મર્યાદામાં રહે છે.

(૨) **(રૂ. કરોડમાં)**

| **નાણાકીય વર્ષ** | **ચૂકવાયેલ મુદ્દલ** | **ચૂકવાયેલ વ્યાજ** |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૩૮૧૭ | ૮૫૬૨ |
| ૨૦૧૧-૧૨ | ૫૨૭૫ | ૯૮૪૦ |

---------

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનની સહાય બંધ કરવા બાબત**

૩૭૨૧ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને થેલેસેમીયા રોગમાં બોનમેરો ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનની સહાય બંધ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) આ સહાય પુનઃશરૂ કરવાની સરકારની કોઇ વિચારણા છે કે કેમ ?

**જવાબ**

(૧), (૨) અને (૩) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત થેલેસેમીયા મેજર રોગથી પીડિત વિદ્યાર્થીઓને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનની સહાય ફાળવી, મર્યાદિત સંખ્યામાં પ્રાયોગિક અભ્યાસ કરવામાં આવેલ. જેના મળેલ તારણો અને સફળતાના પરિણામના સમીક્ષા અહેવાલ તેમજ તજજ્ઞ કમિટિનો અભિપ્રાય મળ્યે, આ સહાય શરૂ કરવા માટે વિચારણા કરવામાં આવશે.

---------

**રાજ્યનું કુલ દેવું**

૪૪૩૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યનું કુલ કેટલું દેવું છે,

**જવાબ**

(૧) **(રૂ. કરોડમાં)**

| **નાણાકીય વર્ષ** | **કુલ દેવું** |
|---|---|

| | |
|---|---|
| ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૦૧–૨૦૧૩ સુધી અંદાજીત | ૧૩૫૮૭૮ |

(૨) તા. ૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલું દેવું કર્યું, અને

(૨) **(રૂ. કરોડમાં)**

| **નાણાકીય વર્ષ** | **મેળવેલ ચોખ્ખું દેવું** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૨૫૩૨ |

(૩) રાજ્યનું દેવું ઘટાડવા રાજ્ય સરકારનું શું આયોજન છે?

(૩) રાજવિત્તીય શિસ્તનું પાલન અને તે દ્વારા દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરીયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રહીને લેવામાં આવે છે.

---------

**નેશનલ રુરલ હેલ્થ મીશન હેઠળ મહેસાણા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ફાળવેલ ગ્રાન્ટ**

૪૪૨૦ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રવાર તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ રૂરલ હેલ્થ મીશન હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામા આવી, અને

(૨) આ પૈકી તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) **પત્રક–અ અને પત્રક–બ** મુજબ.

**પત્રક – અ**

| **ક્રમ** | **પ્રા.આ.કે. નું નામ** | **ફાળવેલ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૧–૧૨** | **થયેલ ખર્ચ વર્ષ–૨૦૧૧–૧૨** | **ફાળવેલ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૦૧–૧૩ની સ્થિતિએ)** | **થયેલ ખર્ચ વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ)** |
|---|---|---|---|---|---|
| ૧ | મોઢેરા | ૮૭૫૦૭૨ | ૮૭૬૩૨૨ | ૮૨૫૧૧૨ | ૮૦૭૫૪૯ |
| ૨ | આદિવાડા | ૮૭૧૪૪૬ | ૮૬૭૭૧૭ | ૭૮૨૮૯૮ | ૬૨૯૯૩૩ |
| ૩ | રાંતેજ | ૧૦૨૦૮૨૯ | ૧૦૩૦૪૩૬ | ૧૦૭૮૮૭૦ | ૭૮૬૮૬૪ |
| ૪ | કનોડા | ૭૧૬૧૫૩ | ૭૧૪૩૪૧ | ૬૮૮૦૪૭ | ૬૧૩૬૭૩ |
| ૫ | મીઠા | ૯૮૯૯૦૫ | ૯૬૫૧૧૩ | ૯૪૬૫૫૨ | ૮૦૫૦૩૯ |
| ૬ | બલોલ | ૬૯૯૬૧૭ | ૬૯૧૮૮૧ | ૭૩૮૯૦૬ | ૫૮૨૩૭૪ |
| ૭ | નદાસા | ૬૮૨૨૧૩ | ૬૭૨૯૩૫ | ૫૯૭૩૧૧ | ૫૫૭૨૮૨ |
| ૮ | સાંથલ | ૮૭૮૪૪૦ | ૮૭૯૩૨૮ | ૮૩૧૮૯૫ | ૭૪૭૦૭૫ |
| ૯ | ચાણસોલ | ૧૦૯૦૦૦૦ | ૧૦૭૬૦૪૭ | ૯૬૮૦૦૦ | ૯૬૪૭૧૩ |
| ૧૦ | ડભોડા | ૧૨૦૧૦૦૦ | ૧૧૮૪૯૮૧ | ૮૮૮૦૦૦ | ૮૮૪૫૭૫ |
| ૧૧ | પાન્છા | ૯૧૨૦૦૦ | ૯૦૮૬૫૨ | ૭૩૩૦૦૦ | ૭૩૦૪૨૦ |
| ૧૨ | હડોલ | ૧૧૨૭૦૦૦ | ૧૧૨૨૮૮૩ | ૭૩૨૦૦૦ | ૭૨૯૪૪૨ |
| ૧૩ | સુદાસણા | ૮૫૬૦૦૦ | ૮૫૩૭૯૩ | ૫૭૯૦૦૦ | ૫૭૬૪૫૦ |
| ૧૪ | ભાલુસણા | ૮૯૦૦૦૦ | ૮૮૭૮૦૫ | ૭૧૭૦૦૦ | ૭૧૪૦૮૧ |

| ક્રમ | પ્રા.આ.કે. નું નામ | ફાળવેલ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૧-૧૨ | થયેલ ખર્ચ વર્ષ-૨૦૧૧-૧૨ | ફાળવેલ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૨-૧૩ (તા. ૩૧-૦૧-૧૩ની સ્થિતિએ) | થયેલ ખર્ચ વર્ષ ૨૦૧૨-૧૩ (તા. ૩૧-૦૧-૨૦૧૩ ની સ્થિતિએ) |
|---|---|---|---|---|---|
| ૧૫ | વાલમ | ૭૯૯૦૧૯ | ૭૯૯૦૧૯ | ૭૭૩૭૪૬ | ૭૭૩૭૪૬ |
| ૧૬ | ઉમતા | ૬૬૪૪૮૫ | ૬૬૪૪૮૫ | ૮૦૯૩૯૧ | ૮૦૯૩૯૧ |
| ૧૭ | ખરવડા | ૮૪૦૨૬૯ | ૮૪૦૨૬૯ | ૮૦૩૪૪૩ | ૮૦૩૪૪૩ |
| ૧૮ | કંસારાકુઇ | ૬૨૮૫૩૪ | ૬૨૮૫૩૪ | ૭૩૭૨૭૬ | ૭૩૭૨૭૬ |
| ૧૯ | દેણપ | ૯૧૧૮૭૧ | ૯૧૧૮૭૧ | ૮૭૪૦૦૫ | ૮૭૪૦૦૫ |
| ૨૦ | ગોઠવા | ૬૪૭૨૩૧ | ૬૪૭૨૩૧ | ૭૪૨૪૫૫ | ૭૪૨૪૫૫ |
| ૨૧ | ફલુ | ૯૧૩૨૮૨ | ૮૬૮૩૮૮ | ૧૦૨૨૪૯૫ | ૧૦૦૧૭૫૪ |
| ૨૨ | ખરોડ | ૯૨૪૯૨૯ | ૭૪૬૪૫૧ | ૧૦૪૩૨૧૫ | ૮૬૦૨૩૦ |
| ૨૩ | સોખડા | ૮૬૭૧૧૧ | ૮૧૬૫૯૮ | ૧૦૧૧૫૧૬ | ૮૬૯૨૪૦ |
| ૨૪ | લાડોલ | ૯૦૨૯૮૦ | ૮૩૮૦૭૬ | ૧૦૩૩૪૦૮ | ૯૩૪૭૬૦ |
| ૨૫ | પીલવઇ | ૮૦૨૯૬૦ | ૭૫૩૭૬૮ | ૮૯૯૨૩૩ | ૮૪૨૮૯૧ |
| ૨૬ | સરદારપર | ૯૫૧૩૮૬ | ૭૩૭૬૨૭ | ૧૦૨૧૩૮૦ | ૯૨૭૬૯૯ |
| ૨૭ | વસઇ | ૮૧૫૨૦૩ | ૭૭૩૯૬૧ | ૮૯૦૧૩૪ | ૮૬૨૦૭૬ |
| ૨૮ | આખજ | ૪૬૩૦૨૩ | ૪૮૧૬૨૨ | ૫૭૦૭૯૩ | ૪૭૪૪૬૯ |
| ૨૯ | આબલીચાસણ | ૫૮૦૦૩૭ | ૫૪૩૪૯૨ | ૬૪૯૯૯૯ | ૫૦૦૪૯૬ |
| ૩૦ | બામોસણા | ૫૭૧૪૪૯ | ૫૫૦૭૯૭ | ૬૫૭૬૨૧ | ૫૬૯૪૧૨ |
| ૩૧ | છઠીયારાડા | ૪૬૮૭૮૧ | ૪૧૧૧૮૨ | ૫૩૦૦૩૪ | ૩૬૮૯૬૪ |
| ૩૨ | જગુદણ | ૬૦૬૩૩૭ | ૪૯૨૭૬૪ | ૫૮૪૮૪૧ | ૫૩૮૩૦૨ |
| ૩૩ | ખેરવા | ૬૨૮૮૪૯ | ૪૭૮૬૪૯ | ૬૨૭૦૮૪ | ૫૨૦૬૦૧ |
| ૩૪ | લીંચ | ૪૪૪૮૨૨ | ૪૧૩૬૨૬ | ૫૦૭૮૮૯ | ૩૯૪૬૩૧ |
| ૩૫ | ડાંગરવા | ૮૯૯૨૪૯ | ૮૯૩૧૩૧ | ૧૦૦૭૬૩૩ | ૯૨૦૪૭૪ |
| ૩૬ | ખાવડ | ૧૧૫૨૧૮૬ | ૧૧૪૧૦૬૩ | ૧૦૦૪૬૮૦૦ | ૯૫૧૬૮૩ |
| ૩૭ | મેડા આદરજ | ૧૩૬૩૩૫૮ | ૧૩૮૨૨૦૮ | ૧૩૨૨૬૫૫ | ૧૧૨૩૫૮૯ |
| ૩૮ | મેઢા | ૧૩૦૬૧૨૯ | ૧૩૧૨૦૮૯ | ૧૧૮૨૨૮૨ | ૧૦૧૨૭૬૭ |
| ૩૯ | નંદાસણ/કરણનગર | ૧૧૧૬૨૦૧ | ૧૧૧૧૮૩૪ | ૧૦૮૮૯૬૧ | ૮૮૦૧૫૭ |
| ૪૦ | રાજપુર | ૧૧૮૨૨૯૦ | ૧૧૮૬૩૬૬ | ૧૨૫૮૩૦૨ | ૧૦૯૦૯૫૮ |
| ૪૧ | સુરજ | ૧૧૬૬૯૬૯ | ૧૧૦૧૨૮૪ | ૧૧૨૯૮૭૪ | ૯૩૧૮૨૨ |
| ૪૨ | કલ્યાણપુરા/ઝુલાસણ | ૧૦૨૦૦૭૧ | ૧૦૨૦૩૫૪ | ૧૦૩૯૧૪૪ | ૯૬૦૫૬૪ |
| ૪૩ | કામલી | ૨૬૮૮૫૦ | ૨૬૩૮૨૨ | ૩૦૧૬૪૨ | ૨૭૨૫૮૮ |
| ૪૪ | ભુણાવ | ૪૦૬૪૩૫ | ૪૦૬૪૩૫ | ૪૪૫૪૬૬ | ૩૫૮૨૯૩ |
| ૪૫ | ઉનાવા | ૩૩૪૯૪૫ | ૩૨૩૬૧૧ | ૩૬૪૪૦૦ | ૩૦૭૩૭૭ |
| ૪૬ | ઉપરા | ૩૫૫૯૪૫ | ૩૫૪૦૦૮ | ૩૯૮૯૧૯ | ૩૩૨૯૮૩ |
| ૪૭ | કંથરાવી | ૩૬૩૯૦૫ | ૩૫૭૪૭૧ | ૩૯૮૭૫૫ | ૩૨૯૪૩૦ |
| ૪૮ | સુઢિયા | ૪૭૭૧૩૭ | ૪૭૭૧૩૭ | ૫૩૪૯૩૨ | ૪૮૧૧૭૫ |
| ૪૯ | શાહપુર | ૪૪૫૭૧૪ | ૪૪૫૭૧૪ | ૪૮૦૬૮૭ | ૪૪૧૦૧૦ |
| ૫૦ | સિપોર | ૩૫૪૪૮૯ | ૩૫૪૪૮૯ | ૩૫૧૮૨૬ | ૩૪૮૧૭૩ |
| ૫૧ | વલાસણા | ૩૩૩૭૦૬ | ૩૩૩૭૦૬ | ૩૭૮૬૩૧ | ૨૮૫૧૫૯ |
| ૫૨ | કરબટિયા | ૫૫૦૩૮૬ | ૫૦૭૩૬૨ | ૫૧૪૫૦૨ | ૪૯૦૨૧૯ |
| | **કુલ** | **૪૦૩૪૦૧૯૮** | **૩૯૧૦૨૭૨૮** | **૪૦૦૯૯૮૪૦** | **૩૬૦૫૩૭૩૨** |

**પત્રક–બ**

| **ક્રમ** | **સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ** | **ફાળવેલ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૧–૧૨** | **થયેલ ખર્ચ વર્ષ ૨૦૧૧–૧૨** | **ક્રમ** | **સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ** | **ફાળવેલ ગ્રાન્ટ વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ)** | **થયેલ ખર્ચ વર્ષ ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ)** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બેચરાજી | ૫૦૦૩૯૦ | ૪૫૭૭૬૯ | ૧ | બેચરાજી | ૨૧૬૮૯૨ | ૨૫૫૬૩૮ |
| ૨ | કડી | ૧૧૮૧૮૪૨ | ૮૧૨૨૬૦ | ૨ | કડી | ૮૬૨૨૦૦ | ૬૮૨૭૮૧ |
| ૩ | ખેરાલુ | ૬૫૧૮૪૯ | ૫૭૬૬૧૦ | ૩ | ખેરાલુ | ૪૦૧૩૫૯ | ૪૮૭૬૧૨ |
| ૪ | કોલવડા | ૬૬૭૯૪૮ | ૪૫૨૦૮૪ | ૪ | કોલવડા | ૩૭૦૫૪૬ | ૩૬૯૦૩૩ |
| ૫ | લાંઘણજ | ૪૯૬૦૯૯ | ૪૨૮૭૦૬ | ૫ | લાંઘણજ | ૨૦૭૬૦૪ | ૨૪૫૪૧૧ |
| ૬ | સતલાસણા | ૫૦૧૧૫૮ | ૫૫૬૩૮૨ | ૬ | સતલાસણા | ૧૮૧૬૦૦ | ૨૪૨૮૦૭ |
| ૭ | થોળ | ૭૮૨૭૦૦ | ૬૦૧૯૪૧ | ૭ | થોળ | ૩૫૪૦૦૩ | ૩૩૫૯૮૮ |
| ૮ | વડનગર | ૩૩૮૧૯૮ | ૨૪૬૨૩૧ | ૮ | વડનગર | ૨૪૬૮૭૭ | ૩૪૨૮૨૨ |
| ૯ | વિજાપુર | ૬૬૯૮૩૮ | ૫૪૧૮૨૮ | ૯ | વિજાપુર | ૩૨૨૯૮૩ | ૩૧૪૪૩૦ |
| ૧૦ | કહોડા | ૬૦૭૦૧૭ | ૩૬૨૪૯૧ | ૧૦ | કહોડા | ૧૦૩૬૩૩૧ | ૩૦૩૭૯૫ |
| ૧૧ | ઉદલપુર | ૪૧૩૩૧૨ | ૨૮૮૯૦૬ | ૧૧ | ઉદલપુર | ૨૯૭૬૫૦ | ૩૭૯૦૦૯ |
| ૧૨ | કુકરવાડા | ૩૩૪૫૦૦ | ૨૬૭૪૬૪ | ૧૨ | કુકરવાડા | ૨૧૧૭૦૦ | ૨૫૮૭૭૩ |
| ૧૩ | જોટાણા | ૨૯૬૫૦૦ | ૧૧૯૨૮૬ | ૧૩ | જોટાણા | ૨૨૬૪૯૬ | ૧૯૨૩૪૪ |
| | **કુલ** | **૭૪૪૧૩૫૧** | **૫૭૧૧૯૫૮** | ૧૪ | કલ્યાણપુરા | ૧૬૧૦૦૦ | ૪૯૯૦૦ |
| | | | | ૧૫ | નંદાસણ | ૧૮૧૦૦૦ | ૨૦૭૧૩૮ |
| | | | | | **કુલ** | **૫૨૭૮૨૪૧** | **૪૬૬૭૪૮૧** |

---------

### પાલનપુર સિવિલ હોસ્પિટલનું નવું મકાન બનાવવાનું આયોજન

૩૧૮૯ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાલનપુર સિવિલ હોસ્પિટલનું મકાન જુનુ પુરાણુ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) આ મકાન અદ્યતન સુવિધાઓ માટે સુસજ્ઞ બનાવવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ નવુ બીલ્ડીંગ બનાવવા કરેલ આયોજનની વિગતો શી છે, અને | (૨) તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ નવા ઓ.પી.ડી. બિલ્ડીંગનું બાંધકામ અને હોસ્પિટલના હયાત મકાનમાં જરૂરી સુધારા વધારા કરવાનું આયોજન છે. |
| (૩) આ બિલ્ડીંગનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) જાન્યુઆરી–૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

### વેરાવળ ખાતે આવેલ ઈન્ડીયન રેયોન કંપની પાસેથી વેટની વસુલાત

૩૭૨૬ **શ્રી જસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ–૨૦૧૧–૨૦૧૨ અને ૨૦૧૨–૨૦૧૩ના વર્ષમાં જૂનાગઢ જિલ્લાના વેરાવળ ખાતે આવેલ ઈન્ડીયન રેયોન કંપની દ્વારા રાજ્ય સરકારને

**જવાબ**

(૧)

| **વર્ષ** | **રકમ રૂ. કરોડમાં** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૨૩.૫૪ |
| ૨૦૧૨–૧૩ | ૩૦.૬૪ |

| | |
|---|---|
| વેટની કેટલી વસુલાતની રકમ ચૂકવાઇ, | (તા. ૩૧-૧-૨૦૧૩ સુધી) |
| (૨) કેટલી વસુલાતની રકમ ચૂકવવાની બાકી છે, અને | (૨) વર્ષ ૨૦૦૬-૦૭ તથા ૨૦૦૭-૦૮ની કુલ બાકી રકમ **રૂ. ૧૧.૯૬ કરોડ છે.** |
| (૩) બાકી વસુલાત ત્વરિત ચૂકવાય તે માટે રાજ્ય સરકાર શાં પગલાં ભરવા માંગે છે ? | (૩) વિવાદ અધિકારી દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૧૩-૩-૨૦૧૩ સુધી તથા ૨૦૦૭-૦૮માં તા. ૧૪-૮-૨૦૧૩ સુધી **મનાઇ હુકમ** આપવામાં આવેલ છે. |

---------

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

## કૃષિ અને સહકાર વિભાગ
## માગણી નંબર-૨

શ્રી બાબુભાઇ બોખીરીયા **(** કૃષિ અને સહકાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, કૃષિને લગતી સેવા અંગેની કૃષિ વિભાગની...

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાઇન ફ્લૂનો રોગ દિવસે ને દિવસે વકરતો જાય છે એના અંગે આ હાઉસનું ધ્યાન દોરવા માગું છું.

અધ્યક્ષશ્રી : માનનીય તેજશ્રીબેન, એનો જવાબ આપી દીધો છે. (અંતરાય) સૌ સભ્યશ્રીઓ બેસી જાવ.

(આ તબક્કે તમામ વિરોધપક્ષના સભ્યશ્રીઓ ઉભા થઇ જતાં)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાઇન ફ્લૂનો વિષય છે એના માટે ૧૧૬ની નોટિસ થોડા દિવસ પહેલા આપેલી અને આજે ફરીથી આપને માનનીય સભ્યશ્રીએ ૧૦૮ નીચે નોટિસ આપેલી છે. ટૂંકી મુદતમાં ચર્ચાને અવકાશ નથી હોતો, આમાં કોઇ રાજકારણ ન હોય, સરકારમાં પર્સનલ કોઇ જવાબદાર ન હોય પણ તંત્ર કડક રહે, ટાઇટ રહે, એના માટે જો અહીંયા ચર્ચા થાય કમ સે કમ ૧૦૦ કરતાં વધારે લોકો મરી ગયા છે. દરેક ઠેકાણે સ્ટાફ ઓછો છે.

અધ્યક્ષશ્રી : ૧૧૬ની નોટિસ આપી ત્યારે અગાઉ ૨૧મી તારીખે આ અંગેનો પ્રશ્ન ચર્ચાઇ ગયો હતો, ટૂંકી મુદતનો પ્રશ્ન ચર્ચાયો હોય એના ઉપર ૧૧૬ની નોટિસ ન આવે. બીજું આજે સ્વાઇન ફ્લૂની ચર્ચા કરવા નોટિસ આપી એની અંદર તાત્કાલિક ઇન્સીડન્સ બન્યો હોય એ તાત્કાલિક ઇન્સીડન્સ ઉપર જ આપણે ચર્ચા કરી શકીએ. આ દોઢથી બે મહિના લાંબા સમયથી ચાલી આવતી સ્વાઇન ફ્લૂ માટેની બાબત છે, છતાં મે માનનીય દંડકશ્રીને કહ્યું કે તમે અને બીજા દંડકશ્રી કોઇપણ વિષય ઉપર ચર્ચા કરવા માગતા હોય તો તમે બે સંમત થઇને આવો તો હું અહીંયા ચર્ચા કરવા દઇશ. આજે કાગળ આપ્યો એમાં કોલ શકધરનું પણ મેં જોયું છે. નિયમની અંદર પણ આપ વાચજો કે કોઇપણ બનાવ બન્યો હોય અને ટૂંકી મુદતનો પ્રશ્ન ન હોય તો આ રીતે રજૂ કરી શકો. આપના કાર્યાલયને હું કોલ શકધરની કોપી પણ મોકલીશ. એમાં બહુ સ્પષ્ટ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી,લોકોના મૃત્યું કરતાં તો કંઇ મહત્વનું નથી ને? લોકો રોજ મરે છે, કયાંક બ્રેક લાગે તેવું તો કરવું જોઇને?

અધ્યક્ષશ્રી : એટલા જ માટે તમને સભામોકૂફીની દરખાસ્ત આપવાનો હક્ક અને અધિકાર છે. પણ એના નિયમની અંદર સ્પષ્ટ જોગવાઇ છે કે કોઇપણ ઇમરજન્સી બનાવ બન્યો હોય એના માટે થાય. આ કોઇ ઇમરજન્સી બનાવ નથી, રોગચાળો એ લાંબા સમયથી ચાલતો આવે, કોઇ અકસ્માત થાય, કોઇ બોમ્બ બ્લાસ્ટ થાય અને આ રીતે આવ્યું હોય તો ઇટ ઇઝ એ ઇન્સીડન્સ, આવો બનાવ બને તો આવી શકે. આમાં અમે બધા સાથે અડધો કલાક ચર્ચા કરી અને પછી આ નિર્ણય લીધો છે. તમારો અધિકાર છે એને પૂરેપૂરું રક્ષણ આપીશ. નિયમ મુજબ આવતું હશે તો કયારેય ના નહિ પાડું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપ જે કહો તે પરંતુ અમારુ માત્ર એટલું જ કહેવું છે કે જ્યારે ૧૧૬ની નોટિસ આપી હતી એના વચ્ચે દસ દિવસ થઇ ગયા એ વખતે મૃત્યુનો આંક સાત–આઠ હતો આજે ૧૦૦ ઉપર થઇ ગયો છે. રોજે રોજ લોકો મરતા જાય છે. દિનપ્રતિદિન રોગ વધતો જાય છે અને સરકાર કંઇ પગલાં લેતી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, સાંભળો તમે કહ્યું કે ૧૧૬ની નોટિસ આપી, ત્યારપછી આ વધ્યું છે(અંતરાય) એને જે વાત કરી છે, હાઉસમાં બધાને સેટિસફેકશન આપવું પડે. ૧૧૬ની નોટિસ આપી, આટલો બધો આંકડો વધ્યો ઇટ ઇઝ નોટ ઇન્સીડન્સ. જે પરિસ્થિતિ છે એમાં ગ્રેજયુઅલી વધારો થતો જતો હોય એને બનાવ ન કહેવાય. બનાવ હોય તો જ તમે સભામોકૂફીની દરખાસ્ત આપી શકો. આ બનાવ નથી એટલે મે આપને લેખિત જવાબ પણ આપી દીધો છે એટલે હવે આમાં કંઇ કરવાપણું રહેતું નથી. હવે શાંતિ રાખો. બધાના જવાબ આપી દીધા. તેના માટે કોઇ ચર્ચા નહીં, હજી જવાબમાં કોઇ વિસંગતતા રહે તો હું કાયમ માટે ઓપન છું. (અંતરાય) આની ચર્ચા ન હોય કોઇ દિવસ. બતાવો કયા નિયમ પ્રમાણે કહો છો? બુકના કયા નિયમ પ્રમાણે ચર્ચા કહો છો? આપણે બોલવું જ જોઇએ એવું કંઇ નથી. નિયમ મુજબ તમે બોલો. તમામને હું આવકારીશ. (અંતરાય)

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા(કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૪,૩૨,૫૩,૬૭,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૪,૪૧,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૨ રજૂ કરું છું. (અંતરાય)

**માગણી ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. તમે શાંતિ રાખો. તમે બધા શાસક પક્ષમાં બેઠાં છો, તમે શાંતિ રાખો. નેકસ્ટ.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકારમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮૭,૪૧,૨૫,૦૦૦ અને અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૮૫,૮૫,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક–૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી**.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકારમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસની સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪,૨૨,૩૩,૨૫,૦૦૦ ની માગણી ક્રમાંક–૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.**

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

કૃષિ અને સહકાર વિભાગ

બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ અને સહકાર વિભાગની સહકાર અંગેની મહેસૂલી ખર્ચ અંગેની રૂ.૨,૩૯,૩૫,૮૪,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ.૧૯,૦૭,૦૨,૦૦૦/– ની માગણી ક્રમાંક–૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૩ રજૂ કરવામાં આવી.

**મત્સ્યોદ્યોગ વિભાગ**

બાબુભાઇ બોખીરીયા ( મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ વિભાગની મહેસૂલી ખર્ચ અંગેની રૂ.૧,૫૯,૯૩,૦૪,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ.૩૩,૯૯,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંક–૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪૬ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **સોમવાર, તા. ૧૪–૩–૨૦૧૩ (પાંચમાં દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૨** | |
| ૧.* | ૨૪૦૧–પાક.... વ્યવસ્થા<br>૦૦– નિદેશ અને વહીવટ<br>રૂ. ૮૩,૮૦,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૧૩ થી ૨૦ | ૧૦૦ | બટાટા–ડુંગળી જેવા પાકોના ભાવો ઘટે છે ત્યારે તેની વાજબી ભાવે સત્વરે ખરીદી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી |
| ૨. | | ૧૦૦ | ખેડૂતોને કૃષિ પેદાશના વાજબી ભાવો મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ બારડ |
| ૩. | __ " __ | ૧૦૦ | નકલી બિયારણોને લીધે ખેડૂતોને થતું આર્થિક નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ |
| ૪.* | __ " __ | ૧૦૦ | કૃષિ પાકના વેચાણ માટે યોગ્ય માર્ગદર્શન અને વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પટેલ |
| ૫.* | | ૧૦૦ | કૃષિ પાકના સાચા અંદાજો રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૬.* | __ " __ | ૧૦૦ | અધિકારી–કર્મચારીઓ કૃષિ મેળાઓની કામગીરીમાં વ્યસ્ત રહેતા હોવાથી વહીવટી કામોમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૭.* | __ " __ | ૧૦૦ | કૃષિ મુળાઓમાં કિટસના વિતરણમાં રખાતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૮.* | | ૧૦૦ | અછત અને કમોસમી વરસાદના કારણે કૃષિ પાકમાં થતા આર્થિક નુકસાનના કારણે ખેડૂતો દ્વારા થતી આત્મહત્યાઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૯. | __ " __ | ૧૦૦ | ખેડૂતોને ખાતર અને બિયારણ નજીકના સ્થળેથી સમયસર મળી રહે તેવું કાયમી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૦.* | __ " __ | ૧૦૦ | ખેડૂતોને આપવા માટેના ખાતરને કાળાચ બજારમાં વેચાતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.<br>* | ૨૪૦૧–પાક.... વ્યવસ્થા<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>રૂ. ૮૩,૮૦,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૧૩ થી ૨૦ | ૧૦૦ | ખેડૂતોને આપવા માટેના ખાતરને કાળા બજારમાં વેચાતું અટકાવવામાં ખેડૂતોના પાકને વરસાદ કે કમોસમી વરસાદથી થતા નુકસાન અંગેના સાચા અંદાજો રજૂ કરવામાં થતો વિલંબ દૂરકરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૧૨. | __ " __ | ૧૦૦ | કૃષિ રથયાત્રા પાછળ થતું બિનજરૂરી ખર્ચ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમીત ચાવડા |
| ૧૩.<br>* | ૨૪૦૧–પાક.... વ્યવસ્થા<br>૧૧૦–પાક વીમો<br>રૂ. ૫,૨૬,૫૨,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૫૫–૫૬ | ૧૦૦ | પાક વીમાના સાચા અંદાજો તૈયાર કરી વીમાની મંજૂરી સત્વરે મળે તે માટે જરૂરી આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૧૪.<br>* | __ " __ | ૧૦૦ | પાક વીમાની રકમ મંજૂર થયા પછી ખેડૂતોને તેનું વિતરણ સત્વરે કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |

**માગણી નં. ૩**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.<br>* | ૨૪૦૨–ભૂમિ... સરંક્ષણ<br>૧૦૧–ભૂમિ..... ચકાસણી<br>રૂ. ૧,૪૬,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૮૮ થી ૮૯ | ૧૦૦ | જમીનની મોજણી, તેની ચકાસપી તથા સરંક્ષણની કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૬. | ૨૪૦૨–ભૂમિ... સરંક્ષણ<br>૧૦૧–ભૂમિ..... ચકાસણી<br>રૂ. ૮૨,૫૧,૯૬,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૯૦ થી ૯૫ | ૧૦૦ | ગ્રામ તળાવોને શુધ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૧૭. | __ " __ | ૧૦૦ | દરિયાના ખારા પાણીથી જમીનમાં વધતા ક્ષારનું પ્રમાણ અટકાવવા માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જશાભાઇ બારડ |
| ૧૮.<br>* | __ " __ | ૧૦૦ | દરિયાના ખારા પાણી આગળ વધતા અટકાવી ફળદ્રૂપ જમીન બચાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપુંજાભાઇ વંશ |

**માગણી નં. ૪**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯. | ૨૪૦૩–પશુપાલન<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૬,૨૯,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૯૮ થી ૧૦૧ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં આવેલા પશુ દવાખાનાઓમાં અદ્યતન સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦. | __ " __ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં નિષ્ણાત પશુ ડૉકટરો અને સ્ટાફની ઘટ પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનિલ જોષિયારા (રમેશભાઇ ચાવડા) |
| ૨૧. | __ " __ | ૧૦૦ | પશુઓમાં થતા રોગો સામે જરૂરી મર્ગદર્શન અને દવાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૨૨. | __ " __ | ૧૦૦ | પશુધનની સંખ્યા સામે પશુ દવાખાનાઓની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૨૩. | ૨૪૦૩–પશુપાલન<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૬,૨૯,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૯૮ થી ૧૦૧ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોના પશુ દવાખાનાઓમાં ડૉકટરો જવા તૈયાર થાય તેવી પરિસ્થિતિ ઉભી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જવાહરભાઇ ચાવડા |
| ૨૪.<br>* | __ " __ | ૧૦૦ | દૂધાળાં પશુઓના નિભાવ માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છબીલભાઇ પટેલ (પુનમભાઇ પરમાર) |
| ૨૫. | __ " __ | ૧૦૦ | અકસ્માતથી થતાં પશુઓના મરણના કિસ્સામાં અપાતી સહાયા પશુપાલકો સુધી પહોંચાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કામીનીબા રાઠોડ |
| ૨૬. | __ " __ | ૧૦૦ | વધુ દૂધ મેળવવા માટે પશુઓને ગેરકાનૂની રીતે દવાઓ આપવાના થતા પ્રયાસો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રહલાદભાઇ પટેલ |

**માગણી નં. ૫**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭. | ૨૪૨૫–સહકાર<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>રૂ. ૪૨,૦૩,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૨૦૩ થી ૨૧૨ | ૧૦૦ | સહકારી બેંકોમાં ચાલતી ગેરીતિઓની તપાસ કરી જવાબદારો સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જતુભાઇ ચૌધરી |
| ૨૮. | __ " __ | ૧૦૦ | સહકારી બેંકોના જવાબદાર આગેવાનોએ કરેલ ગેરરીતિ અંગે તેમની સામે ત્વરીત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૨૯.<br>* | __ " __ | ૧૦૦ | શાહુકારોની પ્રથા રદ કરવા જરૂરીયમંદોને સરળતાથી ધિરાણ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમિતભાઇ ચૌધરી |
| ૩૦.<br>* | __ " __ | ૧૦૦ | ફડચા અધિકારીઓ દ્વારા બંધ થયેલી સહકારી બેંકોના નાના લોન ધારકોને થતી હેરાનગતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧. | __ " __ | ૧૦૦ | સહકારી બેંકોનું ઓડિટ કરનાર અધિકારીઓના બેંકો સાથેના મેળ પીપણાના કારણે ગેરીતિઓ બહાર લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઇ ઉંઘાડ |
| ૩૨. | __ " __ | ૧૦૦ | સહકારી મંડળીઓના વહીવટમાંથી રાજકીય દખલગીરી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| ૩૩. | __ " __ | ૧૦૦ | વ્યાજે નાણા ધીરવાની તમામ મંજૂરીઓ રદ કરી વ્યાજખોરોની ગેરકાનૂની પ્રવૃત્તિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરભુભાઇ વસાવા |
| ૩૪. * | __ " __ | ૧૦૦ | નાણાં ધીરનારના અપાયેલા પરવાના પછી તેની નિયમિત તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી તેજશ્રીબેન પટેલ |
| | | **માગણી નં. ૬** | | |
| ૩૫. * | ૨૪૦૫–મત્સ્યોદ્યોગ<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૩,૦૧,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૧૬૯–૧૭૦ | ૧૦૦ | માછીમારોના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૩૬. | __ " __ | ૧૦૦ | મત્સ્યોદ્યોગ માટે તળાવ ફાળવવામાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૩૭. | __ " __ | ૧૦૦ | મત્સ્યોદ્યોગ માટે તળાવોની ફાળવણી પછી તેને પેટા ભાડે અપાતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૩૮. | ૨૪૦૫–મત્સ્યોદ્યોગ<br>૧૦૩–દરિયાઇ મત્સ્યોદ્યોગ<br>રૂ. ૧૭,૭૦,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૧૭૭–૧૮૦ | ૧૦૦ | ભારતીય માછીમારો દેશની દરિયાઇ સીમા ઓળંગી ન જાય તેવું કાયમી વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૩૯. | __ " __ | ૧૦૦ | માછીમારોને માછમારીઓની જાળવણી કરવા માટે ઇન્સ્યુલેટેડ બોક્સ સત્વરે પૂશ્રા પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીમતી ચંદ્રદીકાબેન બારીયા |
| ૪૦. * | __ " __ | ૧૦૦ | દરિયાઇ સીમા ઓળંગતા પકકડાયેલા માવીમારો મુકત થતા તેમને બોટો અને અન્ય ખરીદી માટેની સહાય સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૪૧. * | __ " __ | ૧૦૦ | દરિયાઇ સીમા ઓળંગતા માછીમારો વિદેશની જેલમાં હોય છે ત્યારે તેમના પરિવારોને | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિયમિત આર્થિક સહાયતા મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૨. | __ " __ | ૧૦૦ | માછીમારોને બોટો માટે સમયસર અને પૂરતું ડીઝલ વાજબી ભાવે મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૪૩. | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૮૦૦- અન્ય ખર્ચ<br>રૂ. ૧,૦૦,૭૫,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૧૮૫-૧૮૬ | ૧૦૦ | માછીમાર કલ્યાણ યોજના પેટે નાણાકીય સહાયમાં વધારો કરી યોજનાઓ સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૪૪.<br>* | ૫૦૫૧-બંદરો.. જોગવાઇ<br>૦૨-નાના .... બંદરો<br>૨૦૦-અન્ય.... બંદરો<br>(અંશતઃકે.પુ.યો)<br>રૂ. ૩૩,૯૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પા.નં. ૨૬૬-૨૬૭ | ૧૦૦ | નાના બંદરોના વિકાસ માટે પૂરતી નાણાકીય જોગવાઇના અભાવે નાના બંદરોના અસ્તિત્વને જોખમાતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા |
| ૪૫.<br>* | __ " __ | ૧૦૦ | નાના બંદરો ઉપર જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૪૬. | __ " __ | ૧૦૦ | નાના બંદરોના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી :હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી જશુભાઇ ધા. બારડ(તાલાળા) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે અને એના ઉપર કોઇ મંતવ્ય આપે તે પહેલાં, અપૂરતા વરસાદના કારણે જે પરિસ્થિતિ આજે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની નિર્માણ થઇ છે. પીવાના પાણીની પણ બહુ મોટી સમસ્યાનો સામનો લોકો કરી રહ્યા છે. ખેતીનું પાણી તો છે જ નહીં. એવે વખતે ગુજરાતની રાજ્ય સરકારે હજુ દુષ્કાળ પણ જાહેર કર્યો નથી. અર્ધ અછત કે અછતની પરિસ્થિતિની કોઇ કાર્યવાહી કરી નથી. એક પરિપત્ર કરી આપ્યો અને લખી આપ્યું કે ૧૫૦ મીલીમીટર વરસાદ થયો હોય તો ત્યાં અર્ધ અછત કે અછત ગણવી નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ચિંતા કરવાનો મુદ્દો ઉભો થયો છે ત્યારે કેન્દ્ર સરકારને મારે અભિનંદન આપવા છે. આ એટલા માટે આપવા છે કે, ગુજરાત સરકારે અર્ધ અછત કે અછત જાહેર કરી નથી. ત્યારે કેન્દ્ર સરકારે રૂ.૮૬૪/- કરોડ ગુજરાતના પાણીના મુદ્દા ઉપર, દુષ્કાળના મુદ્દા ઉપર મંજૂર કર્યા છે. અમે અપેક્ષા રાખીએ છીએ રાજ્ય સરકાર પાસે કે, આ રકમ સાચી જગ્યાએ અને યોગ્ય જગ્યાએ વાપરે. માનનીય અધ્યક્ષશ્રી, ૯૯ લાખ હેક્ટર જમીન ૪૮ લાખ ખેડૂતો વિવિધ પ્રકારે ખેતી કરે, ૨/૩ થી વધારે વસ્તીની રોજગારી જ્યારે ખેતી કામ સાથે સીધી સંકળાયેલી હોય અથવા પરોક્ષ રીતે સંકળાયેલી હોય ત્યારે અને સાથે સાથે પશુપાલનનો વ્યવસાય કરી અને જે લોકો રોજી કમાય છે, ત્યારે ખેડૂતને તો જગતનો તાત કહેવામાં આવ્યો છે. રાજયનું ઘરગથ્થું ઉત્પાદન વધારવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જો કોઇનો મોટો હાથ હોય તો એ ખેડૂતનો છે અને આ મુદ્દો હોય, ગુજરાતના ખેડૂતોની વાસ્તવિકતા શું છે? આજે ગુજરાતનો ખેડૂત દયનીય પરિસ્થિતિમાં જીવી રહ્યો છે. એ વધુને વધુ દેવાદાર બનતો જાય છે. ખેતી એકલી મહેનત કરે થતી નથી. અહીંયા બેઠેલા ૮૦ ટકા લોકો ખેતી સાથે સંકળાયેલા છે. સરકાર જે વાત કરી રહી છે જાણે કે સરકારનું આખું મંત્રીમંડળ અને સરકારના તમામ લોકો ભેગા થઇને કોઇ ખેડૂતના ખેતરમાં જઇને કામ કરી

આપતા હોય એવી જે ચર્ચા થઇ રહી છે. મારે સરકારને પૂછવું છે કે આ સરકારે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય એના જણસના કોઇપણ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય, એનો જયારે એ સામનો કરી રહ્યો છે, ખેડૂતોનો કોઇ અવાજ આ સરકારના કાને સંભળાતો નથી અને પરિસ્થિતિ એ થાય છે કે ગુજરાતનો ખેડૂત પોતે અને કોઇ કોઇ કિસ્સાની અંદર તો સામૂહિક આત્મહત્યા તરફ જઇ રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા દસ મહિનાની અંદર લગભગ ૬૦ ખેડૂતોએ આત્મહત્યાઓ કરી આ એની વાસ્તવિકતાઓ છે અને એમાં પણ આ આ હાઉસની અંદર ચર્ચા થયેલી, કૃષિમેળામાં વેચાતી કીટમાં આપવામાં આવતી જંતુનાશક દવા એજસ્ટાન દવા, એ પી અને એ આપઘાત કરે છે, કારણ કે એની પાસે આપઘાત કરવા માટેની દવા લેવાના પૈસા પણ નથી રહ્યા.

વાસ્તવિકતા તરફ આગળ વધીએ તો પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા લોકો, જેમની પાસે જમીન નથી, સરકારી જમીનમાં ગોચરની જમીનમાં વગડાની અંદર પોતાના ઘેટા બકરા અને ઉંટ બધું લઇ અને પોતાનું ગુજરાન ચલાવે છે એવા જેટલા પણ સમાજ છે એ ચરીયાણની જમીનો પણ આ રાજય સરકારે પોતાના હસ્તક નથી રહેવા દીધી અને એ ઉદ્યોગોને આપી છે. હું તો ત્યાં સુધી કહીશ કે કેન્દ્ર સરકારની યોજના અન્વયે ઘાસચારા માટે રાષ્ટ્રીય કૃષિ એફ.ડી.પી. યોજના હેઠળ અને રાષ્ટ્રીય કૃષિ વિકાસ કાર્યક્રમ નીચે ઘાસચારાનો એક કાર્યક્રમ આ લોકો માટે કર્યો. વિગત જોઇએ તો નર્યો ભ્રષ્ટાચાર દેખાઇ રહ્યો છે. આ યોજના અંતર્ગત અમુક જિલ્લાઓની અંદર ૭૧૦ રૂપિયાની કીટ અને અમુક જિલ્લાઓની અંદર ૮૫૦ રૂપિયાની કીટ. ૧૪૦ પ્રતિ કીટે આ ભ્રષ્ટાચાર નહીં તો શું છે? આ કયાંની જોગવાઇ છે? આ કયાંથી આ બધું આવ્યું અને ત્યારે આની અંદર રાજય સરકારની ભૂમિકા શું રહી છે. રાજય સરકારની ખેડૂતના મુદ્દા ઉપર ભૂમિકા શું છે.

રાજય સરકારની બેદરકારી કહીએ કે રાજય સરકારની આંખ આડા કાન કરવાની નીતિ કહીએ. આજે ખેડૂતને શુદ્ધ બિયારણ મળતું નથી અને કોઇ જગ્યાએ મળે તો અતિ મોંઘું મળે છે. એમને વીજળીનું કનેશન મળતું નથી. ડેમોમાંથી મળતું સિંચાઇના પાણીનો પીયાવો પણ એટલો મોટો કરીને આપ્યો છે કે જેથી કરીને આજનો ખેડૂત ડેમનું સીધું સીંચાઇનું પાણી લેવા માટે પણ સહમત નથી. જણસ અને ઉત્પાદનના ભાવ, જંતુનાશક દવાઓ મોંઘી, રાસાયણિક ખાતર, કેન્દ્ર સરકાર સબસીડી આપે, ગુજરાતની સરકાર એના ઉપર ૫-૫ ટકા વેટ નાખે એ નાબૂદ કરવા માટેની રજૂઆત પણ થાય છે પણ કોઇ સાંભળતું નથી. વગડામાં વસતો ખેડૂત એને વીજ કનેકશન મળતું નથી. ગીર વિસ્તારની બોર્ડરના ગામડાઓની અંદર રાની પશુઓ જેને મારી નાખે છે એવા સંજોગોમાં ખેડૂત એમ કહે છે કે અમને દિવસના વીજળી મળવી જોઇએ, એ વીજળી પણ આ ખેડૂતોને આપવામાં આવતી નથી ત્યારે ૨૪ કલાક વીજળી અમે આપીશું એવી વાતની ચર્ચાઓ કરીને રાજયની સરકાર આજે ખાલી ૮ કલાક વીજળી આપે છે. છેલ્લે સિંચાઇનું બિલ લાવીને એ મંજૂર કરીને ખેડૂતોને સરકારી બાબુઓના ગુલામ બનાવવાનું કામ આ રાજય સરકાર કરી રહી છે. રજૂઆતો સાંભળતા નથી, ખેડૂત સંગઠનો મળવા આવે તો મુલાકાત આપવામાં આવતી નથી અને ખેડૂતો સભા-સરઘસ લઇને નીકળે તો એના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે. ખેડૂતો ગાંધીનગર કૂચ લઇને આવે તો એના ઉપર લાઠીચાર્જ કરવામાં આવે અને છેલ્લે એને ગોળીએ મારવામાં આવે છે. આ રીતે જગતના તાતનો અવાજ બંધ કરી દેવાની પ્રક્રિયા આ ગુજરાતમાં થઇ છે. (અંતરાય) તપાસો, ગાંધીનગરમાં ખેડૂત સંગઠનોની ઉપર ટિયરગેસ સાથે સાથે બંદૂકની ગોળીઓ દ્વારા ખેડૂતોને મારી નાખવાનું કામ આ સરકાર કરી રહી હોય ત્યારે ગામડે ગામડે પોસ્ટરો લગાડ્યા, હાથકડી વાળા પોસ્ટરો, જેલમાં પૂરવાના પોસ્ટરો લગાડ્યા અને એ જ પ્રમાણે ખેડૂતોની પરિસ્થિતિ એવી નિર્માણ કરવામાં આવી છે.

મારે સરકાર પાસે માગણી કરવી છે કે રાસાયણિક ખાતર ઉપર વેટ તમે રદ કરો. પાણીનું બિલ તમે રદ કરો, ખેતીવાડીના વીજ કનેકશનો આપો, ૮ કલાકના બદલે ૧૪ કલાક વીજળી આપો. ડેમ ઉપરના પીયાઓ છે એની રકમ ઘટાડો અને જે વિસ્તારમાં નર્મદાનું પાણી નથી જવાનું એવા વિસ્તારમાં પૅરેરલ વ્યવસ્થા ઉભી થાય એના માટેની વ્યવસ્થા કરો. સાગરખેડૂ માટે અને સાગરની સાથે ખેતી કરતાં લોકો માટે ૧૫ હજાર કરોડની યોજના જાહેર કરી. મારે પૂછવું છે કે કેટલા પૈસા તમે આપ્યા? આપણને આટલો મોટો કિનારો મળ્યો છે ત્યારે એક જેટી પણ ફિશરીઝ માટે બાંધી શકતા નથી. નાના નાના બંદરો ઉપર માછીમારોએ પોતાની બોટ ક્યાં રાખવી એની ચિંતા હોય ત્યારે છેલ્લા ૧૦ વર્ષમાં કેટલી જેટીઓ બાંધીને આપી એ મારે સરકારને પૂછવું છે. કૃષિ વિકાસ દરના જે આંકડાઓ આપ્યા છે એ મુજબ ૨૦૦૭-૦૮માં ૧૦.૮ ટકા, ૨૦૦૮-૦૯માં માઇનસ, ૨૦૦૯-૧૦માં શૂન્ય, આ બે વર્ષ નબળા ચોમાસાના કારણે ગયા. ૨૦૧૦-૧૧માં વિકાસ દર એકદમ ત્વરિત ૧૭ ટકાએ પહોંચ્યો.(અંતરાય)(સમયસૂચક ઘંટડી)

**શ્રી મોહનભાઇ ક. કુંડારિયા(ટંકારા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૨, ૩, ૪, ૫ અને ૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા અને એને અનુમોદન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વડિલ મિત્ર જસુભાઇ વાત કરી રહ્યા હતા. મારે વાત કરવાની છે કે ખેડૂત અને ખેતીની જો ચિંતા કરતા હોય તો મારે યાદ કરાવવું છે, ૧૯૯૫-૯૬થી આ ભારતીય જનતા પક્ષની સરકારો આવી અને તમે સામે બેસતા આવ્યા. ગામડા માટે અને ખેતી માટે તમે શું ચિંતા કરતા હતા? ૧૯૯૪-૯૫માં આ ગામડાના ખેડૂતોનો ઉદ્ધાર કરવા માટે આ સામે બેઠેલા મારા મિત્રોએ ૧૩૩ કરોડની બજેટની જોગવાઇ કરી હતી. આના ઉપર તમે વિચાર કરો કે આ ગુજરાતમાં ખેડૂતોનો ઉદ્ધાર કરવા માટે તમારા જમાનામાં ૧૩૩ કરોડની ફાળવણી કરવામાં આવતી હતી. આજે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦૧૩-૧૪ના બજેટમાં જે જોગવાઇ કરી છે એ ૩૬૦૦ કરોડથી વધારે રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આના ઉપરથી આપણે નક્કી કરી શકીએ. હમણાં વાત કરતા હતા કૃષિ વિકાસ દરની. મારે વાત કરવી છે કે આ કોંગ્રેસના રાજમાં આ કૃષિ વિકાસ દર બે ટકા માઇનસ ચાલતો હતો. આજે ભારતીય જનતા પાર્ટીના રાજમાં બે ડિજિટમાં વિકાસ હોય તો જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી બે ડિજિટમાં વિકાસ દર ચાલે છે. પછી હમણાં વાત કરી ખાતરની, મારે એ વાત કરવી છે કે જો ખરા અર્થમાં ગુજરાતના ખેડૂતની આપને ચિંતા હોય તો ૪૫૦ રૂપિયાની ડી.એ.પી.ની થેલી મળતી હતી એના ૧૨૦૦ તમે કર્યા છે. તમે વેટની વાત કરો છો. જો ખેડૂતના હિતની વાત હોય તો ૪૫૦ના ૧,૨૦૦ થયા. એના માટે તમારે ચિંતા કરવાની જરૂરિયાત હતી.

ખાસ કરીને આ ગુજરાતની અંદર કૃષિ ઉત્પાદનની આપણે વાત કરીએ. ૧૪,૦૦૦ કરોડથી ૧,૧૧,૦૦૦ કરોડે પહોંચ્યું અને ખાસ કરીને તમારાં વખતની અંદર આ કૃષિની અંદર જે આપણાં કપાસની ગાંસડી ૧૫ લાખ ગાંસડી થતી હતી આજે ૧ કરોડ ૧૫ લાખે પહોંચ્યાં છીએ. આ એની એ જ ખેતી, એની એ જ જમીન છે અને એના એ ખેડૂત છે. હમણાં વાત થતી હતી શુદ્ધ બિયારણ નથી મળતાં. જો શુદ્ધ બિયારણ ન મળતાં હોય તો ખેતીની અંદર ઉત્પાદનમાં આટલો વધારો કોઇ દિવસ ના થાય. ખાસ કરીને આપણાં ગામડાની અંદર એક વાત હોય છે કે, બહેન જ્યારે મુસીબતમાં આવે ત્યારે સ્વાભાવિક ભાઇ એને મદદ કરવા જાય એ વાત આપણે સાંભળેલી છે, પણ આપણાં ભારતમાં એવું બન્યું કે ભાઇ મુસીબતમાં આવ્યો અને બહેન મદદ કરવા દોડ્યાં. આજે આપણાં કેરળની અંદર આપણાં બે માછીમારોના મૃત્યુ કરનાર, ખૂન કરનાર •(xxxxxx)(અંતરાય)

અધ્યક્ષશ્રી : (અંતરાય) આપણે એટલા શબ્દો કાઢી નાંખીએ છીએ.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : સાહેબ, હું કોઇનું નામ બોલ્યો જ નથી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમારું ચાલુ રાખો.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : સાહેબ, હું એટલી વાત કરું છું કે, આપણા માછીમાર ભાઇઓને મારીને જતા રહે. (અંતરાય) ભારતમાંથી એના પિયરિયા હતાં, એના ભાઇ હતા, એના કારણે પાછા લઇ લેવા માટે અહીંયાથી આપણાં વડાપ્રધાન બોલે કે, અમે સખત કાર્યવાહી કરીશું. (અંતરાય) પણ અહીંયા મેડમ ના પાડે છે કે, ના થાય. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, અસંસદીય વાત કરી હશે, અસંસદીય શબ્દ હશે એટલું હું કાઢી નાંખીશ. ( આ તબક્કે પૂંજાભાઇ વંશ, પરેશ ધાનાણી, બલવંતસિંહ રાજપૂત ઊભા થઇ જતાં) તમે બેસો. એક મિનિટ. શું કહો છો? (અંતરાય) પરેશભાઇ તમે બેસો. પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો પણ, આ ઊભા થયાં એને સાંભળવા દો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સુપ્રીમ કોર્ટનો જે ચુકાદો છે અને સુપ્રીમ કોર્ટના ચુકાદાના આધારે ગયા હતા. સુપ્રીમ કોર્ટના ચુકાદાની કે કોઇ કોર્ટની વિધાનસભામાં કોઇ ટીકા-ટિપ્પણી ના કરી શકાય.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બલવંતસિંહ, જેનો ચુકાદો આવી ગયો હોય. એમાં સબજ્યુડીસ હોય તો ના બોલાય. ચુકાદો આવી ગયો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નહિ, ચાલુ જ છે.

અધ્યક્ષશ્રી : સબજ્યુડીસ હશે તો કાઢી નાંખજો. ચુકાદો હશે તો કોઇ સવાલ નથી. (અંતરાય) અડધી મિનિટ છે તમારે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : દેશના વડાપ્રધાન એમ કહે કે અમે આ ચલાવી નહિ લઇએ ત્યારે મેડમ એક શબ્દ મોઢાંમાથી ઉચ્ચારવા તૈયાર નથી. આ સો ટકા કહી શકાય કે, એના પિયરિયાના ભાઇ હોવાના કારણે. આ કોઇપણ શરતે ભારતમાં ચાલે નહિ માનનીય અધ્યક્ષશ્રી,(અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે શાંતિ રાખો. (અંતરાય) એક મિનિટ, તમે તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ અરજી ભારતમાં ચાલે નહિ, એને પાછા લઇ આવવા માટે એકવાર મોઢામાંથી ઉચ્ચારવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ, તમારું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય) શું છે તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર? રેકર્ડ ઉપર અસંસદીય બાબત હશે, એ રેકર્ડ ઉપરથી દૂર થશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમ ૩૪ તરફ આપ સાહેબનું ધ્યાન દોરવા માગુ છું કે,

અધ્યક્ષશ્રી : બોલોને સીધું, મારે નિયમ નથી જોવો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે, આ ચર્ચાનો હિસ્સો નથી, જે માનનીય સભ્યશ્રીએ વાત કરી એ વિષયને કૃષિ અને સહકાર વિભાગની માગણીઓ સાથે કયાંય સમજુતી નથી. બીજું, વિધાનસભાના નિયમ (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ રિલેવન્ટ છે કે નહિ એની સાથે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ના આવે. (અંતરાય) સુપ્રીમ કોર્ટે ચુકાદો આપી દીધો એટલે વાત કરી દીધી. ચુકાદો આપી દીધો હોય એ નોન સબજયુડીસ છે. સબજયુડીસ હોય તો અહીંયા ના બોલાય.

શ્રી પરેશ ધાનાણી : આખી વાત રેકર્ડમાંથી દૂર કરવામાં આવે માનનીય અધ્યક્ષશ્રી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. માનનીયશ્રી પ્રહલાદભાઇ પટેલ. બેસી જાવ તમે. (અંતરાય) બાકીના શાંતિ રાખો.(અંતરાય) દરેક સભ્યને ખબર હોય છે કે, આમાં ક્યો બિનસંસદીય શબ્દ છે, એનો મહેરબાની કરીને ઉપયોગ ના કરો અને તમારું પ્રવચન સીધી દિશામાં કરો. ટીકા જેટલી કરવી હોય એની છૂટ છે પણ એ અસંસદીય ભાષામાં નહિ.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગની માગણીઓ લઇને માનનીય કૃષિ મંત્રીશ્રી આવ્યા છે ત્યારે તેના પર હું મારા વિચારો વ્યકત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ૪૬.૬૦ લાખ ખેડૂતો, ૩૦.૪૯ લાખ જેટલા ખેત–મજૂરો છે એટલે ૭૭.૬૦ લાખ જેટલા લોકો સીધી રીતે ખેતી સાથે સંકળાયેલા છે. તેમનું પ્રમાણ કુલ મુખ્ય કામદારોમાં ૪૧.૭૦ ટકા જેટલું થાય છે. આમ ખેતી પર નભનારા લોકોનું પ્રમાણ ૪૦ ટકાથી વધારે છે. ગુજરાતના ખેડૂતોના પ્રશ્નોની વાત કરીએ, તો ખેડૂતોને નવા વીજ કનેકશનો મંજૂર થાય એટલે ટ્રાન્સફોર્મર સહિતનો ખર્ચ ખેડૂતોને ભોગવવો પડે છે. એ ખર્ચ ખેડૂતોને ન ભોગવવો પડે એ બાબતે આ સરકારે વિચારણા કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે, જી.ઇ.બી. કંપની દ્વારા ખેડૂતોના ખેતરમાં સીધે સીધી લાઇનો નાખવામાં આવે છે, અધવચ્ચે ખેતરમાં લાઇનો નાખવામાં આવે છે. જયારે એ ખેડૂતને પોતાની જમીન એન.એ. કરાવવાની થાય એટલે જે લાઇન નાખવામાં આવી હોય એનું બિલ, શીફ્ટીંગનો ખર્ચ ઉઠાવવો ભારે પડે છે, તો એ દૂર કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં ખેડૂતોને બાર થી પંદર કલાક વીજળીનો પુરવઠો મળતો હતો જયારે આ ભા.જ.પ.ના શાસનમાં આઠ કલાક વીજળીનો પુરવઠો મળે છે અને તે પણ દિવસના ચાર કલાક અને રાત્રીના ચાર કલાક વીજ પુરવઠો અપાય છે. રાત્રી દરમિયાન અપાતી વીજળી, મોટાભાગે કોઇ જ ઉપયોગમાં આવતી નથી. સંજોગોવશાત ખેતરમાં, ખેડૂત ઘર બનાવીને રહેતા ખેડૂતને ઘર વપરાશ માટે સીંગલ ફેઝ વીજ કનેકશન આપવાનું સરકારે બંધ કરેલું છે. પહેલાં શ્રી અમરસિંહભાઇ મુખ્ય મંત્રીશ્રી હતા તે વખતે યુનિટ ઉપર ચાર્જ હતો. એ વખતે ખેડૂતોએ આંદોલનો કરી હોર્સ પાવર ઉપર ચાર્જ કર્યો. શ્રી અમરસિંહે ૬૦૦/– ચાર્જ કર્યો, એના પછી શ્રી શંકરસિંહ વાઘેલાની સરકાર આવી, શ્રી શંકરસિંહે ૫૦૦/– રૂપિયાનો ચાર્જ કર્યો અને જે ૩૦ની મોટર હોય તો ૪૫નો લોડ હોય તો ત્યાં સુધી કોઇ દંડ કરવામાં આવતો ન હતો. આ સરકાર આવ્યા પછી ૮૫૦/– રૂપિયાનો ચાર્જ કર્યો અને લોડ ઉપર સીંગલ લોડ કરવામાં આવ્યો એટલે ખેડૂતોને સહન કરવાની જરૂરિયાત ઘણી મોટી ઉભી થઇ છે. એટલે ટૂંકમાં સરકારે ડાર્કઝોન ઉઠાવી લેવાની જાહેરાત કરેલ હતી પરંતુ હવે જયારે ખેડૂતોને વીજ કનેકશનો આપવાની વાત આવી ત્યારે "લકી ડ્રોના તમાશા" કર્યા છે, તો ખેડૂતોને તાત્કાલિક વીજળી આપવી જોઇએ. મુખ્ય મંત્રીશ્રીના શબ્દો હતા કે, "ચકલી ખોલશો તો પેટ્રોલ મળશે" પરંતુ ભા.જ.પ.ના શાસનમાં તો ખેડૂતોને પાણી પણ મળતું નથી. વધુમાં સિંચાઇ અને પાણીના નિકાલની વ્યવસ્થા બિલ લાવીને સરકારે ખેડૂતોને હળાહળ અન્યાય કર્યો છે. કપાસ, મગફળી, ડુંગળી અને બટાટા વગેરે પાકોમાં ભા.જ.પ. સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી બંધ કરવામાં આવી જેના કારણે તાજેતરમાં ડીસાના ખેડૂતો દ્વારા બટાટા જાહેર રસ્તા ઉપર નાખી દેવાના બનાવો બન્યા હતા.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી નારાયણભાઇ.

શ્રી નારાયણભાઇ લ. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી, કૃષિ અને સહકાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ દેશનો આધાર વેપાર, ખેતી અને ઉદ્યોગ ઉપર હોય અને ખેતી એ દેશની કરોડરજ્જુ હોઇ દિન–પ્રતિદિન ખેતીનો ગ્રાફ વધતો જાય છે. આપણે કપાસની વાત કરીએ તો કપાસ ૩૦ લાખ હેકટરમાં ૨૦૧૧–૧૨માં તેનું વાવેતર થયું હતું અને આપણે એમાં નિકાસ, આપણા કપાસની ચાઇનામાં સૌથી પહેલાં માગણી થાય છે અને એ દેશના કુલ ઉત્પાદનનો, આપણે ભારતના કુલ ઉત્પાદનનો ૧/૩ એ ગુજરાત પેદા કરે છે. સાહેબ, ૨૦૦૧ પહેલાં કોઇ ડ્રીપ ઇરિગેશન, ફુવારા પદ્ધતિ નહોતી, જયારે આપણા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા અને મોર્ડન વિચાર લઇને આવ્યા. આજે આપણે ડ્રીપ ઇરિગેશનથી જે ઉત્પાદન કરતા હતા, એનાથી સવાયું ઉત્પાદન આપણે કરી શક્યા છીએ. એના કારણે ક્વોલિટી અને મજૂરીમાં આપણને રાહત રહે છે, કારણ કે નીંદામણ થતું નથી. અત્યારે ખેતીમાં મજૂરોની તંગીના કારણે યાંત્રીકરણ લાવવું પડ્યું છે. ૧૯૯૫ પહેલા કોઇ રાહત નહોતી. ટ્રેકટરમાં ૭૫ કરોડ રૂપિયા અને રોટાવેટરમાં ૩૫ કરોડ રૂપિયાની ફાળવણી આ સરકારે કરી છે અને મોટાં મોટાં સાધનોને સબસિડી આપવાની આ સરકારે યોજના દાખલ કરી છે. રાઘવજીભાઇ એમના પ્રવચનમાં કહેતા હતા કે સારું બિયારણ મળતું નથી. આ ગુજરાત રાજય બીજ નિગમ પ્રમાણિત બિયારણ પેદા કરવાની એક સહકારી સંસ્થા છે. જો એ બિયારણ પ્રમાણિત ન પેદા કર્યા હોત તો પ્રાઇવેટ કંપનીઓએ આજે ખેડૂતોને બેહાલ કરી દીધા હોત, એટલો ભાવવધારો કર્યો હોત. અરે, સિંચાઇમાં પહેલાં સૌરાષ્ટ્રમાં ૧૧ લાખ હેક્ટરમાં સિંચાઇની યોજનાઓ હતી. ત્યારે અત્યારે ૧૭ લાખ હેકટર અને ઉત્તર ગુજરાતમાં ૩ લાખ હેકટરની સિંચાઇની વ્યવસ્થા હતી, એની જગ્યાએ ૧૧ લાખ હેકટરમાં સિંચાઇ સુધી પહોંચ્યા છીએ. આ ગ્રાફ વધ્યો હોય તો વિવિધ યોજનાઓના કારણે વધ્યો છે. આપણે ૨૦૦૧–૦૨ માં ૯,૦૦૦ કરોડની આવક મેળવતા હતા. આજે ૧ લાખ કરોડ સુધી આપણે ૨૦૧૧–૧૨ માં પહોંચ્યા છીએ. આ સિદ્ધિ નથી તો શું છે?

બીજું, સોઇલ હેલ્થ કાર્ડ ૪૨ લાખ આપ્યા છે. એનાથી આપણને આપણી જમીનમાં શું ખૂટે છે, એની જાણકારી મળે છે. એના માટે પહેલા પ્રયોગશાળાઓ નહોતી. જમીનની ચકાસણીની પ્રયોગશાળા નહોતી. આજે ૧૦૨ પ્રયોગશાળા આપણી સરકારે શરૂ કરી છે. કેન્દ્ર સરકાર વતી ૨૦૧૧–૧૨ માં વધુ અનાજ ઉત્પાદન કરવાનો કર્મઠ પુરસ્કાર સરકારે આપ્યો છે. આપણી સરકારે એમાં આધુનિક યોજના જેવી ગ્રીન હાઉસ જેવી અનેક યોજનાઓ બનાવી, એના કારણે ફુલો, શાકભાજી અને બીજા એવા અનાજો આપણે ઉત્પન્ન કરીએ છીએ અને બાગાયતમાં આપણે નિકાસ કરીએ છીએ, એમાં સરકાર ૧૦ લાખ સબસિડી આપે છે. આવી યોજનાઓ લઇને આવ્યા છીએ. જૂનાગઢ યુનિવર્સિટી એ બાજરાનું બિયારણ પેદા કર્યુ. ઓલ ઇન્ડિયા દિલ્હી સરકારે એને પુરસ્કાર આપ્યો છે. દાંતિવાડા સરદાર કૃષિ યુનિવર્સિટી અને એનું દિવેલાનું બિયારણ નં.૪ અને નં.૭ જે બિયારણમાં દિવેલામાં સુકારો આવતો હતો એ સુકારો ન આવે, એના કારણે નં.૭ માટે આજે અગાઉથી માંગણી કરવી પડે. જગુદણ કૃષિ યુનિવર્સિટી દાંતીવાડામાં જગુદણ શાખામાં ગુજરાત નં.૪ જીરાનું ઉત્પાદન અને ગુજરાત–૭ નું સંશોધન થઇ રહ્યું છે. અને બી.ટી. કપાસમાં ગુજરાત બીજ નિગમ એને બી.ટી. કપાસ નં. ૬ અને ૮ નું આજે સંશોધન કરી રહ્યું છે, એટલે કૃષિ ક્ષેત્રે દિવસેને દિવસે પ્રગતિ થઇ રહી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થયું.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ખેડૂતોની વધારે ચિંતા કરે છે તેવું બધુ સામેના સભ્યો કહે છે. છેલ્લા કેટલાક સમયથી એટલે કે પાંચ વર્ષથી કૃષિ વિકાસદર ઘટ્યો છે. કૃષિ વિકાસદર વધ્યો નથી. રાજય સરકારને કૃષિ ઉત્પાદનના લક્ષ્યાંકો છેલ્લા દસ વર્ષમાં ૫૦ ટકાથી વધારે સિદ્ધ થયા નથી. રાજય સરકાર આ બાબતે કૃષિરથ મારફતે કૃષિ વિકાસદર વધુ થાય તે બાબતમાં વિચારતી હોય ત્યારે બિયારણો પણ સાચા આપવા જોઇએ. માનનીય મુરબ્બી નારણકાકા એમ કહેતા હતા કે બિયારણો ખૂબ સારા આપીએ છીએ. સરકાર અછતની પરિસ્થિતિમાં ઘાસચારા પાકના વાવેતરને પ્રોત્સાહન આપવા અને ઉત્પાદન વધારવાની યોજના માટે ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડના જુવાર એસએસજી ૨૧ કિલો પેકીંગના એક કીટના ભાવ રૂપિયા ૭૧૦. જયારે બાકીની તમામ ખાનગી કંપનીઓનો ભાવ રૂપિયા ૮૪૦ થી ૮૫૦ હતો. તેમાં પણ કેટલાક ભ્રષ્ટાચારની દિશામાં રાજય સરકાર જઇ રહી છે. કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ અંદાજે ૭૧ હજાર જેટલા જુવાર એસએસજી ૮૪૦ થી ૮૫૦ ના ભાવે ખરીદ કરી અંદાજે ૬

કરોડ જેટલી રકમનું ચુકવણું કરવામાં આવનાર છે. તેમાં અંદાજે ૧ કરોડ રૂપિયા જેટલી રકમનું વધારે ચુકવણું થયું છે. માનનીય મંત્રીશ્રી જે વિચારોથી આ માગણીઓ લઇને આવ્યા છે તેમાં સુધારો વધારો કરે એવી મારી લાગણી છે.

આજે ખેડૂતો સારું બિયારણ મળે અને સારુ વાવેતર થાય તે દિશામાં હંમેશાં વિચારતા હોય છે. સિંચાઇ વિસ્તારનો ખેડૂત એ વિચારતો હોય કે મારું સારુ બિયારણ હશે. કૃષિ મેળામાંથી સારુ બિયારણ મળશે. કૃષિરથોમાંથી સારું મળશે. પરંતુ સરકાર ખેડૂતોને સમયસર બિયારણ પહોંચાડવામાં નિષ્ફળ જવાથી ખેડૂતોને નકલી બિયારણ લેવાની ફરજ પડે છે અને આર્થિક નુકસાન ભોગવવું પડે છે. રાજય સરકાર મોટી મોટી જાહેરાતો કરી પોસ્ટર અને બેનર પણ લગાવે છે. કૃષિમંત્રી જયારે માગણી લઇને આવ્યા છે ત્યારે એવા સુધારા કરવા જોઇએ કે જેનાથી ખેડૂતને ફાયદો થાય, નુકસાન ન થાય. માનનીય મંત્રીશ્રી મુરબ્બી ગણપતભાઇ આદિવાસી વિસ્તારમાંથી આવે છે અને વનમંત્રી પણ બન્યા છે પરંતુ સિંચાઇની સુવિધા અને સગવડતાને ધ્યાનમાં રાખવી જોઇતી હતી. ઉકાઇ ડેમમાંથી મને પાણી મળે અને તેમને મળે તે દિશામાં ટેન્ડરો થયા છે અને તે દિશામાં કામ શરૂ થયા છે. ત્રણ વર્ષમાં પૂરા કરવાના હતા તે આજે પણ પૂરા થયા નથી. સિંચાઇના માટે જયારે કેનાલો ખોદવામાં આવતી હોય તેમાં ખાસ કાળજી રાખે કે આ કેનાલો સમયસર ખોદાય અને આદિવાસી ખેડૂતોને સમયસર પૂરતું પાણી મળે તેવી દિશામાં પ્રયત્ન કરે એવું મારું એક સૂચન છે. રાજય સરકાર દ્વારા જે ઉત્સવો અને મેળાઓ થાય છે તેમાં આમઆદમી આમખેડૂત ઘણી આશા રાખે છે કે સરકાર અમારા માટે કંઇક સારુ કરશે, ખેડૂતોને સારી દિશામાં લઇ જશે. પરંતુ આદિવાસી વિસ્તારમાં પિયતની સગવડો જેવી કે ઉકાઇ ડેમમાંથી જમણા અને ડાબા કાંઠામાંથી પાણી આપવાનું જે સૂચન કર્યુ છે તે વેળાસર પૂરુ પાડે તો તેમાં તમે સફળ થશો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) **(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર વિભાગની જે માગણી ક્રમાંકઉ ૨,૩,૪,૫ અને ૬ લઇને આવ્યા છે. એ માગણીઓને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને પશુપાલન, ડેરી વિકાસ અને સહકાર વિભાગમાં છેલ્લા દાયકાથી અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળે છે. એનો શ્રેય રાજયના ખેડૂતોની મહેનત અને નવા અભિગમને અપનાવવાની સરકારની તત્પરતાને જાય છે. કૃષિ ઉત્પાદન, બિયારણની ગુણવત્તા આધારિત સીડ ડેવલપમેન્ટ મિશનની રચના કરી બીજ વિકાસ ગ્રામ યોજના દ્વારા ખેડૂતોને ગુણવત્તાયુકત બિયારણ, ડાંગર, બાજરી, મકાઇ, કઠોળ જેવા ખાદ્ય પાકોનું ઉત્પાદન વધારવા રાજયના ખાદ્ય મિશન માટે ૧૦ કરોડની નવી વિકસાવેલ જાતોનું પણ બિયારણ ખેડૂતોને મોટાપાયે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ખેડૂતોના રક્ષણ માટે ખેડૂત વીમા યોજનાનું કામ પણ રાજય સરકારે હાથ ઉપર લીધેલું છે. ભારત જેવા ખેતી પ્રધાન દેશની અંદર સમગ્ર રાષ્ટ્રીય આવકમાં પશુઓના અને તેની પેદાશો અગત્યનો ભાગ ભજવે છે. પશુપાલનનો ધંધો મુખ્યત્વે ખેતીને સંલગ્ન હોઇ તેમજ પશુઓના અન્ય વ્યવસાયોની જેમ પશુપાલન વિષયક આવક અને ખર્ચના હિસાબો નિયમિત ધોરણે રાખતા હોઇ પશુ પેદાશોમાં ઉત્પાદન વધે તેવા પ્રયત્નો કરેલ છે, દરેક જિલ્લામાં ડેરીઓ મારફતે પશુઓની ગણતરી કરવામાં આવે છે. દૂધ એક એવો ખોરાક છે કે, નાના બાળકથી વૃધ્ધ માણસ એના દૈનિક આહારમાં સમાવેશ કરે છે. દૂધ એક સમતોલ અને સંપૂર્ણ આહાર છે. ભારત દેશમાં શાકાહારી વસતિનું પ્રમાણ વધારે હોવાના કારણે, દૂધનો ઉપયોગ એ શાકાહારીઓ માટે પૌષ્ટિક આહાર છે. દૂધ ઉત્પાદનમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. દૂધ ડેરીઓ મારફતે દોઢ લાખ લીટર રોજનું દૂધ ઉત્પાદન થાય છે અને એની અંદર મહેસાણી ભેંસ, સુરતી ભેંસ, જાફરાબાદી ભેંસ, બન્ની ભેંસ, કોંકરેજ ગાય, ગીર ગાય જેવા પશુઓની શ્રેષ્ઠ ઓલાદમાં પણ રાજયની સરકારે સુધારણા કરવા માટે પશુ સંવર્ધન કેન્દ્રો ચાલુ કર્યા છે. પશુઓને આહાર સારામાં સારો મળી રહે તેના માટે પણ સરકારે ખૂબ સારા પ્રયત્નો કર્યા છે અને દરેક દૂધ ડેરીઓની અંદર પશુ કેટલ ફીડ માટે સારી ગુણવત્તાનું દાણ મળી રહે તેના માટે પણ રાજય સરકારે ખૂબ સારી મહેનત કરીને બધાને એનાં નાણાં આપીને પશુઓનું દાણ-આહાર સારી રીતે મળી રહે, પૌષ્ટિક આહાર મળે એના માટે પ્રયત્નો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ ખાસ કહેવું છે કે, પંચમહાલ જિલ્લાની અંદર ગરીબ આદિવાસી ખેડૂતો માટે પંચમહાલ પીડીસી બેંક કે જે વર્ષો સુધી બંધ હતી જેની અંદરથી પંચમહાલ પીડીસી બેંક ચાલું કરવાનું શ્રેય જો કોઇને જતું હોય તો આ ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને સહકાર મંત્રીશ્રીને જાય છે. પંચમહાલ જિલ્લાની સહકારી બેંકની અંદર હરોળમાં આવી ગયેલી તેના તમામ પેરામીટર જોતાં હાલમાં સમગ્ર રાજયમાં આઠમા ક્રમે છે. પંચમહાલ પીડીસી બેંક સમગ્ર રાજયની અંદર આઠમા ક્રમે છે. બેંક અગાઉ ૧૨૨ કરોડની ખોટ કરતી હતી, જે બેંક ચાલુ નાણાકીય વર્ષમાં તા. ૨૦-૯-૨૦૧૨ના અંતે અર્ધવાર્ષિક હિસાબો જોતાં સાડા આઠ કરોડનો એણે નફો કરેલ છે. બેંકનું નેટ એન.પી.એ. જોઇએ તો શૂન્ય છે, બેંકનો સી.આર.એ. રેઇટ મૂડી કરતાં હાલમાં ૩૫ ટકા છે. જે રાજયની

તમામ જિલ્લા સહકારી બેંક અને રાજય સહકારી બેંક કરતાં સૌથી વધુ છે. બેંક દ્વારા ચાલુ વર્ષમાં ચાલુ અને મુદતવીતી એમ કરીને ૪૧ કરોડ રૂપિયાની વસૂલાત કરેલ છે. જયારે ઓટીએસ સ્કીમ દ્વારા ૨.૭૫ કરોડ રૂપિયાની વસૂલાત કરેલ છે. બેંક દ્વારા ૪૧૫૦૬ ખેડૂતોને ૫૮ કરોડની કેસીસની શાખ મંજૂર કરી ૩૯ લાખ ૫૨ કરોડ રૂપિયાનું ધિરાણ કરેલ છે. બેંક પુનઃ કાર્યરત થતાં સભાસદોએ વિશ્વાસ મૂકતાં બેંકની અંદર સાડા સોળ કરોડ રૂપિયા જેટલી નવી ડીપોઝીટો બેંકની અંદર મૂકવામાં આવેલી છે, એ રીતે (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો શરૂઆત જ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ પી.ડી.સી. બેન્ક દ્વારા ગરીબ માણસોના, વિધવા બહેનોના, ગરીબ ખેડૂતોના, ગરીબ આદિવાસીઓના જે પૈસા હતા એ આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે આ ખેડૂતોને પાછા આપીને સૌ પ્રથમ પૂણ્યનું કામ કર્યુ હોય તો આ પંચમહાલ પી.ડી.સી.બેન્ક ચાલુ કરી છે એના અનુસંધાને થયું છે. આજે જોઇએ તો જ્યાં જોઇએ ત્યાં કૃષિ મહોત્સવની અંદર તમામ ગામોમાં ખેડૂતોને સારામાં સારો લાભ મળે, ખેડૂતો સારામાં સારું બિયારણ વાપરે અને ખેત ઉત્પાદન વધે એના માટે આજે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે જે કાંઇ કામ કર્યું છે એ "ન ભૂતો ન ભવિષ્ય" કયારેય થયું નથી અને કયારેય થવાનું નથી એવું કામ કર્યું છે એ આજે આ સરકારને ખૂબ અભિનંદન આપવા લાયક કામ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, ખેતી મંત્રીશ્રી કૃષિ વિભાગ ઉપરની માગણીઓ લઇને આ ગૃહમાં ઉપસ્થિત થયા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતો માટે આવનારું ભવિષ્ય અંધકારમય અને ભયથી ભરેલું મને લાગે છે. કેવી રીતે? કે જે આ પાણીનું બિલ આવ્યું અને •(xxxxxx)(અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહુમતિના જોરે આ બિલ પસાર કર્યું જેના લીધે સમગ્ર ગુજરાતની અંદર ખેડૂતોમાં ભયની લાગણી પ્રસરી છે. હજુ પણ આ ગૃહને ખેતી મંત્રીશ્રીને આપના મારફત વિનંતી છે કે, આ બિલ સરકાર પડતું મૂકે અને ખેડૂતોના હિતમાં આ બિલને રદ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સિંચાઇની સગવડ ઓછી છે. દિવસે દિવસે અને ઉત્તરોતર વરસાદ ઓછો થતો જાય છે, ખેડૂતોને જમીનમાંથી ટ્યુબવેલ બનાવી પાણી ખેંચી અને ખેતી કરવી એ જ આધાર રહ્યો છે એના સિવાય બીજો કોઇ આધાર નથી. આપણે અહીંયા પ્રગતિની બાબતમાં બીજા રાજયોના દાખલા આપીએ છીએ ત્યારે બીજા રાજયો પણ ખેડૂતો માટે શું કરે છે એનું પણ આપણે અનુકરણ કરીએ તો આપણે ખેડૂતોનું હિત કર્યું કહેવાશે. આંધ્રમાં ખેડૂતોને મફત વીજળી મળે છે, આપણે મફત ન આપીએ તો હરિયાણામાં ૧૦૦ રૂપિયા હોર્સપાવરના છે તો ૧૦૦ રૂપિયે હોર્સપાવર વીજળી આપો, પંજાબમાં પણ એક હોર્સ પાવરના ૧૦૦ રૂપિયા છે તો ૧૦૦ રૂપિયે આપો. ખેડૂતને સુખી કરવો હોય તો ખેડૂતને ખેતી કરવા માટે પાણી, બિયારણ અને માર્ગદર્શન મળવું જોઇએ. માર્ગદર્શન ખેતીવાડી ખાતા મારફત જરૂર મળે છે. પાણીની ભયંકર તકલીફ અને એમાંય મોંઘુ પાણી કાઢવું પડે તો એના માટે ખેતી મંત્રીને મારી વિનંતી છે કે, આટલું મોટું ગંજાવર ગુજરાત સરકારનું બજેટ એની અંદર માનનીય નીતિનભાઇને મારી વિનંતી છે કે, કુલ વીજળીના ફકત ૧૫ ટકા વીજળી ખેડૂતો ખેતી માટે વાપરે છે તો એમાં ૧૫ ટકામાં રાજય સરકાર ઉપર બહુ મોટું ભારણ આવવાનું નથી. ખેડૂતોને બીજો કોઇ આશરો કે આધાર રહ્યો નથી તો ખેડૂતોને વીજળી સસ્તી આપો કે જેના લીધે એ પોતાનું જીવન સુખથી જીવી શકે. જે તે વખતે ભારતના વડાપ્રધાન સ્વ.ઇન્દીરા ગાંધીએ એન.ડી.ડી.બી.ની સ્થાપના કરી અને ડો.કુરિયનને મોકળા મને કામ કરવાની છૂટ આપી અને ડો. કુરિયને ગુજરાતની અંદર શ્વેત ક્રાન્તિ લાવી દીધી અને એ શ્વેત ક્રાન્તિ લગભગ આખા દેશમાં પ્રસરી જેના કારણે જે ખેડૂતો જેને જમીન ઓછી છે, જમીન નથી, દાંતરડાના હાથા ઉપર કોઇ વિધવા બાઇ પોતાનો જીવન નિર્વાહ ચલાવે છે એવા કુટુંબો માટે ખેડાની અંદર ડો.કુરિયને ડેરીની સ્થાપના કરી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જોઇતાભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના પર મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉભો થયો છું, ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરની લંબાઇનો દરિયા કિનારો છે, જે ગુજરાતનું ગૌરવ છે એકબાજુ ગીરનું જંગલ, બીજીબાજુ ડાંગના જંગલો છે અને ત્રીજી બાજું સૌરાષ્ટ્ર અને કચ્છનું રણ છે. આમ દરિયો, ડુંગર અને રણના ત્રિવેણી સંગમ ધરાવતું ભાગ્યશાળી રાજ્ય હોય તો એ આ

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત છે. એ ગુજરાત રાજ્યના સરદાર જેવા મુખ્યમંત્રીશ્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી હોય અને એ શક્તિશાળી ગુજરાત અને વિકાસશીલ ગુજરાતનો હું ધારાસભ્ય હોવાનો ગૌરવ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આટલો લાંબો દરિયા કિનારો હોવા છતાં કોંગ્રેસે ક્યારેય પણ દરિયાકાંઠાના રહેવાસીઓની ચિંતા કરી નથી. દરિયા કિનારાના ખેડૂતો માટે ક્યારેય પણ કંઇ વિચાર્યું નથી અને ક્યારેય પણ કલ્યાણકારી યોજના એમણે બનાવી નથી. હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપું છું. કોંગ્રેસના રાજમાં અવિકસિત, પછાત અને અવગણના પામેલા સાગર કિનારે વસતા લોકોના કલ્યાણ માટે ૧૩ જિલ્લા, ૩૮ તાલુકા અને એમાં વસતા ૬૦ લાખની વસતિ ધરાવતા કિનારાના લોકોના કલ્યાણ માટે ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૧૧ હજાર કરોડ રૂપિયાની સાગરખેડૂ વિકાસ યોજના જાહેર કરી છે, જેની સામે ૧૧૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. ૧૨મી પંચવર્ષીય યોજનામાં સાગરખેડૂ યોજના માટે ૨૧ હજાર કરોડ રૂપિયાનું બજેટ જાહેર કરવામાં આવ્યું છે. જેના ઉપરથી ફલિત થાય છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાગરખેડૂઓ માટે કેટલી ચિંતા કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભા.જ.પ.ની સરકારે ગુજરાતના વિવિધ બંદરોનો વિકાસ કર્યો છે. જેથી આજે મત્સ્યોદ્યોગનો નિકાસ ગુજરાતના બંદરોથી થઇ રહ્યો છે. પહેલાં કોંગ્રેસના શાસનમાં મત્સ્યોદ્યોગનો નિકાસ મહારાષ્ટ્રના બંદરોથી થતો હતો જેના કારણે ગુજરાતનું હુંડિયામણ મહારાષ્ટ્ર જેવા બીજા રાજ્યોમાં ખેંચાઇ જતું હતું. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિચાર્યું કે આ હુંડિયામણ બીજા રાજ્યોમાં જાય અને બીજા રાજ્યો હુંડિયામણ કમાય એના કરતા આપણું રાજ્ય કમાય તો સારું એના માટે મત્સ્યોદ્યોગ સારું બંદરોનો વિકાસ કર્યો છે અને આજે ગુજરાતના બંદરો પરથી મત્સ્યોદ્યોગવાળા નિકાસ કરી રહ્યા છે. કોંગ્રેસના શાસનમાં મહારાષ્ટ્રમાં માલ જતો હતો એના બદલે હવે ગુજરાતના બંદરો પરથી નિકાસ થઇ રહ્યો છે ગુજરાતના દરિયાકાંઠાના માછીમારો માટે આજીવિકા કમાવવા માટે માત્ર આ એક સાધન છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે માછીમારોની ચિંતા કરી છે.

આજે માછીમારો માટે જૂથ વીમા યોજના હેઠળ ૨ લાખ ૧૮ હજાર જેટલા માછીમારોને આવરી લઇ એમને એક લાખ રૂપિયાનું વીમા કવચ આપવામાં આવેલું છે. આ સરકારે સાગરખેડૂની ચિંતા કરી ડીઝલમાં વેટમાં ૧૦૦ ટકાની રાહત આપી છે. એકબાજુ આજે કોંગ્રેસની સરકાર ખેડૂતની સવલત માટે ચાલતા કન્ઝ્યુમર પંપો ઉપર ૧૨ રૂપિયાનો વધારો ઝીંકી ખેડૂતોને મારવાનો ધંધો કર્યો છે અને આજે કોંગ્રેસની સરકારને લીધે કન્ઝ્યુમર પંપો બંધ થઇ ગયા છે. પાકિસ્તાન સરકાર દ્વારા પકડવામાં આવતા માછીમારોના કુટુંબને પહેલાં પચાસ રૂપિયા પ્રમાણે દૈનિક ભથ્થું ચૂકવવામાં આવતું હતું કોંગ્રેસે વધારેલ મોંઘવારીમાં પચાસ રૂપિયામાં કોઇ કુટુંબનું ભરણપોષણ થતું નથી. આ માછીમારોની ચિંતા કરી માનનીય મુખ્યમંત્રીશ્રીએ દૈનિક ભથ્થું પચાસ રૂપિયાથી વધારીને એકસોને પચાસ રૂપિયા કર્યું છે. આ માછીમારો માટેની ચિંતા કરી માછીમારોની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે બાયોમેટ્રીક કાર્ડ બનાવવામાં ગુજરાત પ્રથમ હરોળમાં છે. આટલો મોટો દરિયા કિનારો આજે નથી વરસોથી આવેલો છે ક્યારેય પણ કોંગ્રેસે દરિયા કિનારે રહેતા સાગરખેડૂ માટેની ચિંતા કરી નહોતી.

મારે કહેવું છે, મારા સુરત જિલ્લાની વાત કરું. ખારાપાટવાળી જમીન કે જે વર્ષોથી પડી રહેતી હતી અને તેની ચિંતા કોઇએ પણ નહીં કરી. પણ જયારે નરેન્દ્રભાઇએ એ ખારાપાટ વાળી જમીન અમારા દરિયા કિનારાના ખેડૂતોને આપી છે અને એ ખેડૂતોને આજે કરોડો રૂપિયાના ઝીંગા અમારા ઓલપાડ તાલુકામાંથી નિકાસ થઇ રહ્યાં છે. આજે હજારો લોકોને જો રોજી રોટી મળતી હોય તો એ આજે અમારા દરિયા કાંઠાના ખેડૂતોને મળતી થઇ છે. મારે ગૌરવ સાથે કહેવું પડે છે કે, આજે અમારા ઓલપાડ તાલુકામાં ભારતમાં સારામાં સારી ઉચ્ચ ટેકનોલોજી ધરાવતી ઝીંગા પ્રોસેસીંગની ફેકટરી આવી છે અને એ ફેકટરી કરોડોનું ટર્ન ઓવર કરે છે અને કરોડો લોકોને અને જે લોકો બહાર કામ નહોતા કરતાં એ લોકોને રોજગારી રોજી –રોટી પૂરી પાડી છે. આજે મારે ગૌરવ સાથે કહેવું છે કે જે માલ આજે અમેરિકા અને બહારના દેશોમાં મારા ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારમાંથી આજે માલ બહાર એકસપોર્ટ થઇ રહ્યો છે. મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે આવો, મારા ઓલપાડ..

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ હું આજે જે માગણીઓ લઇને આવ્યો છું તેમાં માનનીય ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો છે તે બદલ તે સૌનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જશાભાઇએ એવી વાત કરી કે કેન્દ્ર સરકારે રાજય સરકારને ૮૬૪ કરોડ આ અછતના વર્ષમાં આપ્યા છે. તો મારે જણાવવાનું કે, રાજય સરકારે ૩૯૫૮.૫૫ કરોડની જે માગણી કરી હતી તેમાંથી ૮૬૪

કરોડ રૂપિયા જ આપ્યા છે. એટલે ખેડૂતોની જો આપ સૌની બહુ ચિંતા હોય તો તમે આ બાકીના જે પૈસા છે તે કેન્દ્ર સરકારને કહો કે આ વધુ મંજૂર કરે તો એ ખેડૂતોને પૂરતી રાહત મળી શકશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ., શૈલેષભાઇ બેસો. એક મિનિટ, જવાબ સાંભળો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : જશુભાઇએ એવી વાત કરી કે, રાજયમાં અપૂરતા વરસાદને કારણે ખેડૂતો છે તે આપઘાત કરે છે. મારે કહેવું છે કે રાજયમાં છેલ્લાં પાંચ વર્ષમાં કોઇ ખેડૂતોએ ખેતીના દેવાને લીધે આપઘાત કરેલ હોય એવો બનાવ કયારેય નથી બન્યો, પણ જે કોંગ્રેસ શાસિત રાજયો છે તેના હું આંકડા આપું છું કે, મહારાષ્ટ્રની અંદર ૨૦૦૩ થી ૨૦૧૧ સુધીમાં ૩૩૭૫૨ ખેડૂતોએ દેવાની અંદર આપઘાત કરેલા છે. આંધ્રની અંદર પણ ૨૦૦૩ થી ૨૦૧૧ સુધીમાં ૨૦૬૧૦ ખેડૂતોએ આપઘાત કર્યો છે. આ રાજયોની અંદર આપઘાતો ન થાય તેના માટે તમારી ત્યાં સરકારો છે તેને તમે કહો કે ખેડૂતોને વધારે ફાયદો આપે. જશુભાઇએ બીજી ચિંતા કરી તે ખાતરની ચિંતા કરી. ખાતરના વિતરણ માટે અને તેની જરૂરિયાત માટે અહીંયા એક સરકારશ્રીની સલાહકાર સમિતિ છે. જે સમિતિની અંદર બે ધારાસભ્યશ્રીઓ, બે પ્રગતિશીલ ખેડૂતો અને રાજયના મુખ્ય રાસાયણિક ખાતર ઉત્પાદકો તેના સભ્ય તરીકે હોય છે. અને આ ખાતરની કેટલી જરૂરિયાત છે અને તેનું આપણું ગુજરાતનું ઉત્પાદન અને ઘટ કેટલી આવશે તેનો નિર્ણય કરી અને તેના માટેની બીજી વ્યવસ્થા કરતા હોઇએ છીએ.

બિયારણ માટેની ચિંતા કરી એમાં પણ રાજયનું જે નકલી બિયારણની વાત કરી તો જે બીજ નિગમ છે તે જે કોઇ બિયારણનું વિતરણ થાય છે તેમાં ટેગ મારેલો હોય છે કે જેથી કરીને તેમાં ભેળસેળ ના થાય. અને તેનું જે વિતરણ છે તે ગુજકોમાસોલ, નેશનલ સીડ કોર્પોરેશન, ક્રિભકો , જી. એસ.એફ.સી, ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ આ અલગ અલગ જે છે તે ૧૨,૫૧૮ વિક્રેતાઓ તેના દ્વારા આ બીજનું વિતરણ થાય છે અને આ નકલી બિયારણ છે તે કયાંય મળતું નથી. બીજુ ખાતરની અંદર વેટની જશુભાઇએ વાત કરી હતી તો માનનીય સભ્યશ્રીને મારે જણાવવું છે કે, દેશના અન્ય રાજયો જેવા કે ઉત્તર પ્રદેશમાં ૫ ટકા વેટ છે, આંધ્ર પ્રદેશમાં ૫ ટકા વેટ છે, કર્ણાટકમાં ૫ ટકા, મધ્યપ્રદેશમાં ૫ ટકા, મહારાષ્ટ્રમાં ૫ ટકા, ઝારખંડ, બિહાર, ઓરિસ્સા, દિલ્હી આ એક પણ રાજય એવું નથી કે જયાં ખાતર ઉપર વેટ લેવામાં આવતો ના હોય.

એના સિવાય જશુભાઇએ જે ચિંતા કરી દરિયા કાંઠાની કે રાજય સરકાર છે તે બોટો માટેની વ્યવસ્થા નથી કરતી. તો મારે જશુભાઇને જણાવવાનું છે કે, માંગરોળ મત્સ્ય બંદર-૧, માંગરોળ ફેઝ-૩, જખૌનું મત્સ્ય બંદર, ધોલાઇનું મત્સ્ય બંદર આ બજેટની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વેરાવળ જાહેરાત કરી હતી ૯ બંદરો અને ૧૧ ઉતરાણ કેન્દ્રો તેના માટે પણ અમે આ વખતે બજેટની અંદર જોગવાઇ કરી છે. આવતા દિવસોમાં આ બંદરો પણ થશે, પરંતુ મુખ્ય મુશ્કેલી એ છે કે બંદરો બનાવવાની આખી પ્રક્રિયા કેન્દ્ર સરકારમાંથી થાય છે એટલે અમે જયારે ફાઇલો મોકલીએ ત્યારે કેન્દ્ર સરકાર વહેલી કલીયર કરીને વહીવટી મંજૂરી આપે તો આ બંદરો વહેલા બનાવીશું.

આ સિવાય માનનીય સભ્યશ્રી પુનાભાઇએ વાત કરી કે ઘાસના બિયારણના અલગ અલગ ભાવ હોય છે. આ જે બિયારણ હોય છે એના પ્રકાર હોય છે એના માટેનું જે ઉંચુ ઘાસ આફ્રિકાનું થાય છે, રજકાનું હોય છે, જુવારનું હોય છે એટલે બિયારણના પ્રકાર ઉપર ભાવ ફેર હોય છે.

બીજી ચિંતા અહીંયા કરવામાં આવી કે ખેડૂતોને બટાકા બારોબાર ફેંકી દેવા પડે છે. મારે જણાવવાનું છે કે આ બટાકા ફેંકી દેવાની વાત છે એ ખેડૂતોની ચિંતા નથી કરતા જે કોલ્ડ સ્ટોરેજો ધરાવે છે એનું વર્ષ પૂરું થાય આખા વર્ષમાં બટાકા રાખ્યા હોય અને બગડી ગયા હોય એને બારોબાર ફેંકે છે એની ચિંતા માનનીય સભ્યશ્રી કરે છે હકીકતમાં ખેડૂતોને બારોબાર બટાકા ફેંકવાની જરૂર નથી પડતી.

હું આજે જયારે કૃષિની માગણી લઇને આવ્યો છું ત્યારે મારે જણાવવું છે કે ગુજરાત ખેતી પ્રધાન રાજય છે, ભારત પણ ખેતી પ્રધાન દેશ છે અને ૧૯૪૭ થી લઇને જો આજ દિન સુધીની સરકારોએ ખેતીની ચિંતા કરી હોત તો દેશમાં આજે જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિ ન નિર્માણ થાત. એન.ડી.એ. ની વડપણ હેઠળની સરકારે, અટલબિહારી બાજપાઇની સરકારે નદીઓ જોડાવા માટે એક લાખ કરોડની યોજના બનાવી હતી એ યોજનાને આ યુ.પી.એ. ની સરકાર આવી એને અભરાઇએ ચડાવી દીધી હતી. એની પી.આઇ. એલ. થઇ ત્યારે સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો કે નદીઓ જોડવાની પ્રક્રિયા કરો. મારે કહેવું છે કે ૧૯૪૭ થી જો આજે જે ૧૧ વર્ષના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ પાણીના કામો કર્યા એવા દેશમાં કર્યા હોત તો કોઇ ખેડૂત દુબળો ન હોત.

બજેટની જૂની ફાળવણી છે એ હું આ સભાગૃહને જણાવવા માગું છું. ૧૯૮૫-૮૬નું બજેટ માત્ર ૫૨.૪૦ કરોડ રૂપિયા હતું. ૧૯૯૦-૯૧નું બજેટ ૯૩.૫૦ કરોડ રૂપિયા હતું. ૧૯૮૫ થી ૧૯૯૦ સુધીનું બજેટ જોઇએ તો ૩૫૮ કરોડનું હતું, ૧૯૯૦ થી ૨૦૦૧ સુધીનું ૨૬૩૨ કરોડ રૂપિયાનું હતું જયારે ૨૦૦૧ થી ૨૦૧૩ સુધીનું જોઇએ તો ૧૪,૬૭૭.૩૭ કરોડ રૂપિયા છે. એટલે આગળના ૧૫ વર્ષમાં બજેટ ફાળવ્યું હતું એના કરતાં દસ વર્ષમાં ૧૨૦૫૪ કરોડ જેટલી વધારે ફાળવણી કરી છે.

કૃષિ દરની વાત થઇ, તો કૃષિ દરના આંકડા ખોટા છે એવું કહેવામાં આવ્યું. મારે રેકર્ડ ઉપરની વાત કરવી છે કે ૧૯૯૧ થી ૨૦૦૦, આ દસ વર્ષમાં કૃષિ દર ઘટતો જતો હતો. એટલે માઇનસ ૨.૦૯ જેટલો ઘટી ગયો હતો. ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીના આંકડા જોઇએ તો ૧૦.૬૭ ટકા જેટલો કૃષિ દરમાં વધારો થયો છે. રાજયની કૃષિ આવક દસ વર્ષ પહેલા નવ હજાર કરોડ હતી એ આજે એક લાખ કરોડ રૂપિયા કરતાં પણ વધી ગઇ છે અને એના લીધે ખેડૂત આર્થિક રીતે સક્ષમ થયો છે.

જળ સિંચાઇના કામો થવાથી વાવેતર વિસ્તારમાં વધારો થયો છે એની માહિતી આપીશ. ૧૯૯૧માં કુલ વાવેતર ૧૦૬ લાખ હેકટર હતું અને ખેત ઉત્પાદન ૧૦૮ લાખ મેટ્રિક ટન હતું. ૨૦૦૧ની અંદર ૧૦૮ લાખ હેકટરનું વાવેતર હતું અને ખેત ઉત્પાદન ૧૫૫ લાખ મેટ્રિક ટન હતું એટલે દસ વર્ષમાં બે લાખ હેકટરનો વધારો થયેલો છે અને ખેત ઉત્પાદનમાં ૪૭ લાખ મેટ્રિક ટનનો વધારો થયો છે એની સામે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દસ વર્ષના શાસનમાં ૩૭ લાખ હેકટર અને ખેત ઉત્પાદનમાં ૮૬ લાખ મેટ્રિક ટનનો વધારો થયો છે. એના આંકડા જોશું તો વાવેતરની અંદર ૧૪૫ લાખ હેકટર અને ખેત ઉત્પાદનમાં ૨૪૧ લાખ મેટ્રિક ટનનું ઉત્પાદન છેલ્લા દસ વર્ષમાં થયું છે. આજે મગફળીની અંદર દેશનું ૩૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે. મગફળીના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત પહેલા નંબરે છે. દિવેલામાં દેશનું ૮૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે અને દિવેલાની અંદર ગુજરાત એક નંબર ઉપર છે. જીરાના ઉત્પાદનમાં આખા વિશ્વમાં આપણે એક નંબર ઉપર છીએ. કપાસમાં ગુજરાત દેશના કુલ ઉત્પાદનના ત્રીજા ભાગનું ઉત્પાદન કરે છે. અને નિકાસના ૫૦ ટકા રૂ. ૧૮,૬૭૫ કરોડની આવક સાથે છેલ્લા ૧૦ વર્ષમાં આ ઉત્પાદનમાં પાંચ ગણો વધારો થયો છે અને દેશમાં કપાસના ઉત્પાદનમાં પણ ગુજરાત પહેલાં નંબરે છે. પપૈયામાં બીજાં નંબરે છે. આ રીતે આપણે જોઇશું તો છેલ્લા ૧૦ વર્ષમાં ખેતીમાં ખેડૂતોની આવક વધી છે. ખેડૂત પણ સમૃદ્ધ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે સૌ જાણીએ છીએ કે વસતિ વધે છે અને જમીન ઘટે છે. એટલા માટે ઓછી જમીનમાં ખેડૂત વધુ પાક લઇ શકે તેના માટે જે હાઇટેક બાગાયત આપણે કરી છે. તેમાં ગ્રીન હાઉસના ૧,૮૨૨ યુનિટો અત્યાર સુધીમાં કર્યા છે. શેડનેટ હાઉસ ૩,૬૦૮ યુનિટો કર્યા છે. ટીસ્યુકલ્ચર માટેના અત્યારે ૨૫ યુનિટો છે. કારણ કે ટીસ્યુકલ્ચરમાં એક રોગ વગરનો છોડ હોય તેમાં લાખોની સંખ્યામાં બીજા એવી જ જાતના રોગ વગરના રોપા આપીએ છીએ અને ખેડૂત તેનાથી સમૃદ્ધ થાય છે. કોલ્ડ સ્ટૉરેજ આખા દેશમાં બીજાં સ્થાને અને ગુજરાતમાં ૪૮૦ કોલ્ડ સ્ટૉરેજ છે. ડુંગળી ડીહાઇડ્રેશનમાં ૬૬ એકમો દેશના ૮૦ ટકા યુનિટો ગુજરાતમાં છે અને ઉત્પાદનમાં દેશમાં પ્રથમ અને બટાકામાં બીજા નંબરે અને કેળામાં ત્રીજા નંબરે ગુજરાત આવેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયે જે એક પહેલ કરી છે, આપણે વ્યક્તિ બિમાર થાય તો તેની તપાસ કરીએ છીએ, પણ જમીનમાં આપણે જે કાયમી પાક વાવતા હોઇએ એટલે તેમાં જે પોષક તત્વો હોય એ ઘટે છે. એની તમને જાણકારી મળે તેના માટે થઇને ગુજરાતે સોઇલ હેલ્થ કાર્ડ અપનાવ્યું છે. તેની જે ૨૦ પ્રયોગશાળાઓ હતી તેની સામે આજે ૧૦૨ પ્રયોગશાળાઓ કરી છે અને ગુજરાતનો જે સોઇલ હેલ્થ કાર્ડનો કાર્યક્રમ છે તેને ડો. એસ.એમ. સ્વામિનાથને એ રીતે બિરદાવ્યો છે કે સોઇલ હેલ્થ કાર્ડ કાર્યક્રમ પ્રશંસનીય અને નવિન અભિગમ છે.

એ જ રીતે આપણાં જે કૃષિ મેળાઓ છે તેના માટે ડો. કલામે એવું કહ્યું છે કે કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસનું પરિબળ. એવું જ વર્લ્ડ બેંકે પણ કૃષિ માટે કહ્યું છે. રહેવું હોય કૃષિમાં અગ્રેસર તો અપનાવો ગુજરાતનો કૃષિ મહોત્સવ. આ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાનીમાં આપણે જોઇએ છીએ કે આજે કૃષિ ક્ષેત્રે ખૂબ જ વિકાસ કર્યો છે. આ વખતે પણ ગુજરાતમાં કૃષિમાં જે નોંધપાત્ર વધારો થયો છે તેને જાળવી રાખવા માટે પણ આ વખતે ૨૦૧૩-૧૪ના ખાદ્ય પાકોનું ઉત્પાદનનો અમે ૧૦૪.૩૩ લાખ મેટ્રીક ટનનો લક્ષ્યાંક રાખેલો છે. તેલિબિયાંના પાકોમાં ૫૬.૩૩ મેટ્રીકટન, કપાસનું ૧૧૫ લાખ ગાંસડી સુધી ઉત્પાદન પહોંચાડવું છે. ગોળમાં ૧૫.૭૯ લાખ મેટ્રીકટન. આ અમે જે લક્ષ્યાંકો નકકી કર્યા છે તેના માટે બજેટમાં ૧,૬૭૯.૭૩ કરોડની જોગવાઇ અમે કરેલી છે. કેન્દ્ર સરકાર તરફથી ૨૦૧૧ માટે અમને ખાદ્ય અનાજનું વધુ ઉત્પાદન માટે કૃષિ કર્મણ કમાન્ડેશન પુરસ્કાર પણ મળેલો છે. આપ કહો છો કે કૃષિમાં નેગેટીવ જાય છે. આ તમારી કેન્દ્ર સરકારે આપેલ છે. આ સિવાય પણ

ગ્લોબલ એગ્રી સમિટ જે ગુજરાતનો ખૂબ જ પ્રભાવી કાર્યક્રમ છે. દર બે વર્ષે આ સમિટ યોજાય છે. તેના લીધે વિશ્વભરની કૃષિની જે ટેકનોલોજી, નવા નવા કૃષિના ઓજારો તેનું પ્રદર્શન થાય છે તેના લીધે રાજયના ખેડૂતને તેનો ફાયદો મળે છે. ડુઇંગ બાય સીઇંગ, જોઇને તમે કરો. તેનાથી આપણને આ ફાયદો મળે છે. તેના સિવાય પણ ગુજરાત કૃષિ પંચની જે રચના કરી છે તેના લીધે પણ ખેડૂતોને પૂરતું માર્ગદર્શન પણ મળી શકે છે. સીડ ડેવલપમેન્ટ મિશન છે તેમાં પણ આ વખતે ૨,૧૫૨.૫૦ લાખની જોગવાઇ કરી છે. જેના લીધે આવતા દિવસોમાં હજુ પણ વધુ સારું બિયારણ ખેડૂતોને મળી શકે.

રાજય ખાદ્ય મિશન હાઇબ્રીડ બાજરી, ડાંગર, મકાઇ અને કઠોળના પાકોનું ઉત્પાદન વધારવા માટે રાજય સરકારે આ મિશન નીચે ૯.૮૦ કરોડની જોગવાઇ કરેલી છે. પાક વીમા માટે પણ ૪૬૩ કરોડની જોગવાઇ કરેલી છે. કપાસના જે પ્રિમિયમના દર ઓછા છે એટલે ખેડૂતોને બીજા પાકો સાથે એટલું જ પ્રિમિયમ ભરવું પડે તેના માટે પણ ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આ પાક વીમા યોજના અંતર્ગત કોર્પસ ફંડ માટે પણ ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. ફાઉન્ડેશન બિયારણના સંગ્રહ માટે પણ પાંચ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. ફુડ પાર્ક સ્થાપવા માટે પણ પાંચ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

આજે ગુજરાત બાગાયત ક્ષેત્રે એક આગળ પડતું રાજય છે. એટલે એના માટે પણ તેનું વાવેતર વધે એટલા માટે અમે પૂરતી નાણાકીય જોગવાઇ કરેલ છે. જેથી આવતા દિવસોમાં બાગાયત પાકોનો વધારો થશે. ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ નીચે ૨૦૧૩-૧૪માં ૫૪૦ ગ્રામ તળાવો, ૩૮૨૫ ખેત તલાવડીઓ, ૧૦૨૦ સીમ તલાવડીઓ બનાવવાની અને ૧૦૮૦૩ જળ સંગ્રહ સ્થાનો બાંધવાની તથા ૩૬૬૩૦ હેકટરમાં સાગરખેડૂ યોજના હેઠળ અને વન બંધુ કલ્યાણ યોજના હેઠળ ૨૯૬૨૪ હેક્ટર અને નોર્મલી યોજના હેઠળ ૬૩૨૧૫ હેક્ટર જમીનમાં જળ સંરક્ષણની કામગીરી કરવાનું આયોજન કરેલ છે. એના અંદાજીત ૭૬૬ લાખ ઘન મીટરમાં વરસાદના પાણીનો સંગ્રહ થશે. એના માટે રૂ.૨૫૪.૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આજે જે ગુજરાત ખેતી ક્ષેત્રે અગ્રેસર છે એની અગ્રેસરતા જળવાઇ રહે એના માટે રાજય સરકારે આ વર્ષના બજેટમાં પૂરતી જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર વિભાગ એ રાજય માટે એવો વિભાગ છે કે, ગુજરાત રાજ્યની સહકારી પ્રવૃત્તિ સમગ્ર દેશમાં એક મૉડેલ સમાન છે. તા.૩૧-૩-૧૨ની સ્થિતિએ રાજયમાં વિવિધ પ્રકારની ૬૭૧૩૫ સહકારી મંડળીઓ, કુલ ૧.૫૮ કરોડ સભાસદ એટલે ગુજરાતની કુલ વસ્તી છે એના ૨૫ ટકા લોકો આવી સહકારી પ્રવૃત્તિની મંડળીઓના સભાસદો છે. રાજયની અંદર કુલ ૨૩૭ નાગરિક સહકારી બેંકોની ભરપાઇ થયેલી શેર મૂડી રૂ.૫૧૮.૮૦ કરોડ, થાપણો છે એ ૧૯૬૧૬.૬૭ કરોડ, ધિરાણ રૂ.૧૧૬૯૨.૨૯ કરોડ, શેર હોલ્ડરો ૨૭.૦૪ લાખ, થાપણદારોની સંખ્યા ૭૭.૦૬ લાખ અને સરકારશ્રીના સતત પ્રયત્નોના પરિણામે કુલ ૩૨ નાગરિક સહકારી બેંકો અન્ય સુદઢ નાગરિક સહકારી બેંકો સાથે મર્જર કરવામાં આવી છે. રાજયની કુલ ૧૮ સહકારી બેંકો પૈકી સને ૨૦૦૧ પહેલાં ફક્ત ૩ જિલ્લા સહકારી બેંકોને આર.બી.આઇ. લાયસન્સ પ્રાપ્ત થયેલ હતા, જે આજે વધીને ૧૮એ ૧૮ બેંકોને આર.બી.આઇ.નું લાયસન્સ મળી ગયું છે. જસાભાઇ જે બેંક ચલાવે છે એને પણ આર.બી.આઇ.નું લાયસન્સ મળી જાય એના માટે જે ચાર બેંકો હતી એમને રૂ.૮૪ કરોડ જેવી રકમ આપી છે. દેશની અંદર ગુજરાત જ એક રાજ્ય એવું છે કે, જેમાં સો એ સો ટકા જિલ્લા બેંકને આર.બી.આઇ.નું લાયસન્સ મળેલ છે.

રાજ્ય સરકાર દ્વારા સતત ખેડૂતોની ચિંતા કરવામાં આવે છે અને ચાલુ વર્ષે જે પાકના ઉત્પાદનમાં ઘટાડો થયો છે, ચોમાસાના વિલંબને લીધે અને પરિણામે ખેડૂતોના પાક નિષ્ફળ જતાં તે ખેડૂતોને તેના દ્વારા લેવામાં આવેલ ધિરાણ ઉપર વ્યાજનું ભારણ ઉદભવેલ છે. ખેડૂતોને આ વિષમ નાણાકીય પરિસ્થિતિમાંથી દૂર કરવા, જે ખેડૂતોએ ખેતી વિષયક ધિરાણ માળખા મારફતે ધિરાણ મેળવેલ છે અને એક વર્ષની મર્યાદામાં પાક ધિરાણ પરત કરશે તેમને ચાર ટકા રાહત પૂરી પાડવામાં આવનાર છે. તા.૧-૪-૧૨થી તા.૧૫-૮-૧૨ સુધીમાં સહકારી ધિરાણ માળખા મારફતે મેળવેલ ધિરાણ માટે ખેડૂતોને રૂ.૩/- લાખ સુધીનું ધિરાણ ઝીરો ટકાના દરે પાક ધિરાણ આ માટે ૨૦૧૩-૧૪ના વર્ષમાં રૂ.૬૫/ કરોડની નવી જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત રાષ્ટ્રીયકૃત બેંકો અને ગ્રામીણ બેંકો જે કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્ર હેઠળ છે એ બેંકો મારફતે ધિરાણ મેળવેલ ખેડૂતોને પણ ચોમાસાના વિલંબથી શરૂ થવાના કારણે ઉદભવેલ પરિસ્થિતિમાં ચાર ટકા રાહત આપવા માટે અમે ભારત સરકારને અનુરોધ કરેલ છે, આપ એમને વિનંતી કરો કે, આ ખેડૂતોને પણ એનો લાભ મળે. કૃષિ વિષયક સહકારી માળખાને ધિરાણ માળખાને સુદઢ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રિવાઇવલ પેકેજનો સ્વીકાર કરેલ છે અને રાજયના ખેડૂતોને રાહત દરે ધિરાણ પ્રાપ્ત થાય તે માટે રાજયની સહકારી બેંકોને બે ટકા વ્યાજ રાહત સહાય તરીકે આપવામાં આવે છે.

તા. ૧૪મી માર્ચ,૨૦૧૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના ખેડૂતલક્ષી અભિગમને કારણે અને ખેડૂતોને તેમની પેદાશોના પોષણક્ષમ ભાવ મળે તે માટે રાજ્યમાં સુદૃઢ બજાર વ્યવસ્થા ઉભી કરી સને ૨૦૦૧ના વર્ષમાં ૧૬૨ મુખ્ય યાર્ડ અને ૩૨ આદિજાતિ બજાર સમિતિઓ હતી એ વધીને આજે કુલ ૨૦૫ બજાર સમિતિઓ ૧૯૯ મુખ્ય યાર્ડ, ૨૦૧ સબ યાર્ડ અને ૪૩ આદિવાસી વિસ્તારની બજાર સમિતિઓ ઉભી થઇ છે. રાજ્ય સરકાર દ્વારા મહત્વકાંક્ષી કિસાન કલ્પવૃક્ષ યોજના અમલમાં મૂકી રાજ્યની બજાર સમિતિઓમાં આવતા ખેડૂતોને તમામ પ્રકારની પાયાની સુવિધા તથા આધુનિક સુવિધા ઉભી થઇ શકે તેવું આયોજન કરી છેલ્લા ચાર વર્ષમાં રૂ.૯૬૧૯.૮૬ લાખ જેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી છે. જેમાં આદિજાતિ વિસ્તારની બજાર સમિતિઓને તેમના પ્રોજેક્ટ કોસ્ટની ૫૦ ટકા જેટલી સહાય ચૂકવવામાં આવે છે. સહકારી પ્રવૃત્તિમાં દિનપ્રતિદિન હરણફાળ ભરી રહી છે. ગુજરાતની શ્વેતક્રાંતિનું ઉત્તમ ઉદાહરણ એટલે સહકારી ક્ષેત્રે દુધ ઉત્પાદન પ્રવૃત્તિ કરતી અમૂલ પેટર્નના માળખા દ્વારા રાજયમાં રોજનું ૯૪.૫૪ લાખ લીટર દૂધ સહકારી ક્ષેત્રે એકત્રિત કરવામાં આવે છે. રાજયમાં ત્રિસ્તરીય માળખામાં રાજયકક્ષાએ ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન તથા જિલ્લા કક્ષાએ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો દ્વારા તથા પ્રાથમિક લેવલે પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના માધ્યમથી રાજયમાં ૧૭ દૂધ સંઘો મારફતે દૂધનું દૈનિક એકત્રિકરણ કરી અને તેની બનાવટોની કાર્યવાહી અમૂલ પેટર્ન ઉપર હાથ ધરવામાં આવેલ છે. રાજયમાં જૂન ૨૦૧૨ની અંતિત સ્થિતિએ ૨૮,૮૯,૭૯૨ કિસાન ક્રેડીટ કાર્ડ ઇસ્યુ કરવામાં આવેલ છે. જેનાથી ખેડૂતોને ધીરાણ લેવામાં સગવડતા પ્રાપ્ત થાય છે અને આ યોજનાનો વ્યાપ વધે એના માટે પણ ૬૧.૮૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આમ સને ૨૦૧૩-૧૪ના વર્ષની સહકાર વિભાગને લગતી રુ. ૧૪૧૦૦.૦૦ લાખની માગણીઓ કરવામાં આવેલ છે જે વિગતો ધ્યાને લઇ સહકાર વિભાગની તમામ રુ. ૧૭૬૧૨.૦૧ લાખની માગણીઓ આ સભાગૃહની અનુમતિ અર્થે મૂકુ છું.

આમ તો મનુષ્ય સંસ્કૃતિમાં જેમ કૃષિ એવી જ રીતે પશુપાલન પણ એનો મુખ્ય વ્યવસાય પહેલા હતો અને આજે પશુપાલનના તમામ વર્ગો જે છે અને ખાસ કરીને પહેલા એવું હતું કે પશુપાલન છે એ પહેલા સપોર્ટેડ બીઝનેસ હતો એને બદલે આજે રાજયમાં લગભગ કૃષિને સમતોલ સંપૂર્ણ રોજગારી આપતો ધંધો થઇ ગયો છે. ગુજરાત રાજયમાં પશુપાલન અને ડેરી વિકાસની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ૪૨ લાખ કુટુંબો માટે પશુ સારવાર, સંવર્ધન, ગૌસેવા અને ડેરી વિકાસ માટે રૂ. ૩૭૬ કરોડની જોગવાઇ કરેલ છે. આપણા સમગ્ર દેશમાં દૂધ ઉત્પાદનમાં ગુજરાત રાજય ૨૬૧.૨૪ લાખ લિટર પ્રતિદિન સાથે ચોથા ક્રમે છે અને એની અંદર જે અમૂલ પેટર્ન માટે જાણીતું છે. સહકારી માળખા હેઠળ સમગ્ર દેશમાં સૌથી વધુ ૩૧ લાખથી વધુ પશુપાલકો અને પ્રતિદિન ૧૦૧ લાખ લિટર દૂધનું એકત્રીકરણ કરવામાં આવે છે. આ પશુઓનું આરોગ્ય જળવાઇ રહે એટલા માટે ૧૯૬૦થી ૨૦૦૦ સુધીમાં એક પણ પશુ આરોગ્ય મેળો કરવામાં નહોતો આવ્યો, જયારે આ ૨૦૦૧ થી ૨૦૦૨ દરમિયાન ૩૦૩૨૭ જેટલા પશુમેળાઓ કરવામાં આવ્યા આની અંદર ૧૨૨.૫૮ લાખ પશુઓની સારવાર કરવામાં આવી અને એમાં સાત કરોડ ઉપરનો ખર્ચ કરવામાં આવેલો છે. ગુજરાતના આદિવાસી વિસ્તારોની અંદર પણ આ પ્રવૃત્તિ આગળ વધે એટલા માટે પણ એમાં રાજય સરકાર ચિંતિત છે અને એની અંદર પણ ૧૧૫ જેટલા પશુ આરોગ્ય કેમ્પો કરવામાં આવ્યા હતા.

મત્સ્યોદ્યોગ, ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમિટર દરીયો દેશના ૧૯.૭૧ ટકા જેટલી લંબાઇ ધરાવતો એની અંદર ૨૧૭ મત્સ્ય કેન્દ્રો કુલ ૨૭૬૨૧ બોટો, એની અંદર ૨૩૮૮૫ યાંત્રિક બોટો છે, ૪૭૩૬ પરંપરાગત બોટો છે. વર્ષ ૨૦૦૧-૦૨માં નિકાસ ૧.૩૨ લાખ મે.ટન અને વિદેશી હુંડિયામણ રુ. ૬૨૫ કરોડ જે મળતું હતું એની સામે ૨૦૧૧-૧૨માં નિકાસ ૧.૯૭ લાખ મેટ્રીકટન જેટલો વધારો થયેલો છે અને ૨૫૩૩.૯૯ કરોડ જેટલું હુંડિયામણ મળેલું છે. કુલ આ બધા જે ફીશરમેનો છે એને વાર્ષિક ૨૦૧૧-૧૨માં ૪૬૦૪ કરોડની આવક થયેલી. આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા:૧૩-૮-૨૦૧૨ના રોજ વેરાવળ ખાતે જે સાગરખેડૂ સંમેલન દરમિયાન નીચે મુજબના નવ બંદરો વિકસાવવા માટેની જાહેરાત કરેલી છે. સુત્રાપાડા મત્સ્ય બંદર, વેરાવળ મત્સ્ય બંદર ફેઝ-૨, માંગરોળ મત્સ્ય બંદર ફેઝ-૩, પોરબંદર મત્સ્ય બંદર ફેઝ-૨, માઢવાઢ મત્સ્ય બંદર, નવા બંદર મત્સ્ય બંદર, ઓખા મત્સ્ય બંદર અને ભદેલી મત્સ્ય બંદર અને જાફરાબાદ મત્સ્ય બંદરને વિકસાવવા માટેની જાહેરાત કરેલી છે.

પહેલા પાકિસ્તાનની અંદર જે બોટો પકડાતી અને જે માછીમારો ત્યાંની જેલમાં રહેતા એને ૫૦ રૂપિયા જે સહાય આપવામાં આવતી એને બદલે મુખ્યમંત્રીશ્રીએ ૧૫૦ રૂપિયા કરી દીધેલી છે. પહેલા પરિસ્થિતિ એ હતી કે એન.ડી.એ. શાસનની અંદર જયારે બોટો પકડાતી પાકિસ્તાનની અંદર ત્યારે બોટો અને માછીમાર બેય કેન્દ્ર સરકાર છોડાવતી અને એ બોટો છે ને દરીયા માર્ગે આવતી આજે પરિસ્થિતિ એ છે કે બોટો બધી ત્યાં પડી રહે છે. પાકિસ્તાનના કબજામાં ૬૮૭ બોટો હતી ગઇ કાલે બીજી ૧૮ એમાં ઉમેરાણી છે. એટલે આજે લગભગ ૭૦૦ કરતા

વધારે બોટો ત્યાં થઇ ગઇ છે. આમાં ધોલાઇ મત્સ્ય બંદરનો પણ વિકાસ કરેલો છે. જખૌ બંદરનો વિકાસ કરેલો છે. આ વખતે ૧૧ જેટલા મત્સ્ય ઉતરાણ કેન્દ્રો માટે પણ અમે જોગવાઇ કરેલ છે.

જસાભાઇએ જે બંદરોની ચિંતા કરી કે તમારે બંદરોમાં સમય લાગે છે. એનું કારણ એ છે કે આખી વહીવટી મંજૂરી કેન્દ્ર સરકાર આપે છે. વહીવટી મંજૂરી મેળવવા માટે સાઇટ સિલેક્શન, ટોપોગ્રાફિક સરવે, હાઇડ્રોગ્રાફિક સરવે આવા અનેક જાતના એના રિપોર્ટો કરવાના હોય એ પછી આ આખી યોજના કેન્દ્ર સરકારમાં મોકલવામાં આવે છે ત્યારે એને મંજૂર કરવામાં ૮ થી ૧૦ વર્ષ જેટલો સમય કાઢે છે. એના કારણે આ વિલંબ થાય છે. મારે વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે ત્યાં અમારી આ બંદરોની ફાઇલો પડી છે એ વહેલી તકે ક્લીયર કરાવો તો આ બંદરો વહેલા બનશે. આજે હું આ જે વિભાગની માગણીઓ લઇને આવ્યો છું એનાથી આવતા દિવસોમાં ગુજરાતનો વિકાસ વધારે આગળ વધશે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પશુપાલકો અને કૃષિકારો અને સમુદ્ર કાંઠે રહેતા માછીમારોનું જીવનધોરણ પણ ઉંચું આવશે. માનનીય સભ્યશ્રીઓ જે કાપ દરખાસ્તો લઇને આવ્યા છે એ પાછી ખેંચી લે અને માગણીઓ વિનાવિરોધે મંજૂર કરે એવી વિનંતી કરું છું.

**શ્રી જશુભાઇ ધા. બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતે સ્પષ્ટતા જોઇએ છે. એક તો ચાલુ વર્ષે ઉત્પાદન નથી થયું એટલે ૩ લાખની મર્યાદામાં પાક ધિરાણના અનુસંધાનમાં વ્યાજ માફી સરકાર ભોગવશે એવી વાત કરી છે, તો મારી સમજ એવી છે કે વર્ષ પૂરું થાય અને મુદ્દલ રકમ છે એ ખેડૂત ભરે પછી એને વ્યાજ માફી આપવાના છો? કારણ કે એની પાસે ભરવાના પૈસા નથી. બીજું કે જે નાના નાના બંદરો જેમ કે ધામણેજ અને માંડવાળ બંદર છે એવી જગ્યાએ માછીમારો માટે બોટ ઉતારવાની હોય કે લઇ આવવી હોય તો એના માટે કોઇ પ્રક્રિયા કે સ્થળ નિરીક્ષણ કરવાના?

**શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા :** મેં હમણાં જ કહ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વેરાવળમાં ૯ મત્સ્ય બંદરો અને ૧૧ ઉતરાણ બંદરો છે એની જાહેરાત કરી છે એ કરવાના છીએ. બીજી વાત કરી કે તા. ૧–૪–૨૦૧૨ થી તા. ૧૫–૮–૨૦૧૨ સુધીમાં જે ધિરાણ લીધેલ હોય એમાં જે તારીખે ધિરાણ લીધેલ હોય એનું વર્ષ પૂરું થાય તે પહેલા રકમ ભરી દેવાની રહેશે. ત્યાં સુધીમાં આ વીમા માટેની બધી વિગતો અમે દિલ્હી મોકલી છે એને વહેલી તકે તમે મંજૂર કરાવો તો અહીંયા ખેડૂતોને જમા થઇ જાય. (અંતરાય)

**શ્રી જશુભાઇ ધા. બારડ :** મુદ્દલ ભરવાના ખેડૂત પાસે પૈસા નથી કારણ કે ઉત્પાદન નથી. (અંતરાય)

**શ્રી જસાભાઇ ભા. બારડ :** કેન્દ્ર સરકારે તા. ૧૫–૨–૨૦૧૩ માં જે સહકારી કાયદો પસાર કરેલ એ આખા હિન્દુસ્તાનના તમામ રાજ્યોએ સ્વીકાર્યો છે તો હજી આપણે કોઇ બિલ લાવ્યા નથી તો લાવવા માગો છો કે કેમ?

**શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા :** વિચારણા હેઠળ છે અને વિચારણા પૂરી થશે એટલે આવશે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, ૩, ૯, ૧૨, ૧૬, ૧૭, ૧૯ થી ૨૩, ૨૫ થી ૨૮, ૩૧ થી ૩૯, ૪૨, ૪૩ અને ૪૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૨, ૩, ૪, ૫ અને ૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : સંકલ્પ છે? શું છે?

પોઇન્ટ ઓફ ઓર્ડર

કેન્દ્ર સરકારની મોઘમ ટીકા કરતા બિનસરકારી સંકલ્પ અંગે

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ગુજરાત વિધાનસભાના નિયમ ૩૪(૪) ૯૫(૨) ૧૧૮(ખ) અન્વયે માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં લાવવામાં આવતો સંકલ્પ કેવા પ્રકારનો હોવો જોઇએ, એ સ્પષ્ટ હોવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, સંજયભાઇ પટેલ જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યાં છે એમાં ૩ નિયમોનો ભંગ થાય છે. આખો પ્રસ્તાવ ફક્ત અને ફક્ત કેન્દ્ર સરકારની અને ભારતીય સંસદ, કેન્દ્ર સરકારની સંસ્થાઓની માત્ર ટીકાઓ છે અને આ સંસદે ઘડેલા કાયદામાં ટીકાઓ કરવામાં આવી છે. આ સંકલ્પમાં વિધેયક ઉલ્લેખ એવો છે કે, જેમાં કાયદાનું સ્વરૂપ મળ્યું નથી, છતાં તેનો ઉલ્લેખ કરી માત્ર કેન્દ્ર સરકાર ઉપર ખોટા હેતુનો આરોપ પણ કરવામાં આવ્યો છે. ધી પબ્લિક સર્વિસ પ્રોટેકશન અન્ડ રેગ્યુલેશન વિધેયક ૨૦૧૦નો એ ઉલ્લેખ સંકલ્પની નોટિસ પેપર ભાગ–૧ ક્રમ–૭ પાન નં.૪ ઉપર જે છે એ વિધેયક કાયદો બન્યો નથી તો એની ચર્ચા ગુજરાત વિધાનસભામાં કરવામાં નિયમોની વિરુદ્ધ છે. આ વિધેયક જોગવાઇઓના કારણે આમ થશે, તેમ થશે, તેમ કરીને, સંસદ અને કેન્દ્ર સરકારની ટીકા

કરવામાં આવે છે અને આ સંકલ્પ દર્શાવવાની બાબતોમાં સંસદમાં જે થઇ શકે તે રાજ્ય વિધાનસભામાં એની ટીકા કરવાનો હેતુ, આરોપ પણ કરવાનો કોઇ અધિકાર નથી. ગુજરાત વિધાનસભામાં ગુજરાતના કાયદા અને ગુજરાત વિધાનસભાનું ભારતના બંધારણમાં સાતની અનુસૂચિએ જે વિષયોને લગતા કાયદા ઘડવાની સત્તા આપી છે તેટલા પૂરતી ચર્ચા અને ટીકા–ટિપ્પણી કરી શકાય. સભ્યશ્રી સંજયભાઇ પટેલ સંકલ્પ રજૂ કરવાના છે તે વિષયોમાં ચર્ચા ઉપસ્થિત કરવા માગે છે તે ચર્ચા ભારતની સંસદમાં થઇ શકે કે સભ્યે તેમના સંકલ્પમાં કેન્દ્ર સરકાર ઉપર આક્ષેપ કર્યા છે તે નિયમ વિરુદ્ધ છે. વળી, આ આક્ષેપો મોઘમ પ્રકારના છે તેની કોઇ સ્પષ્ટતા નથી તેથી આવા આક્ષેપાત્મક સંકલ્પ ગુજરાત વિધાનસભામાં લાવી શકાય નહિ. સંકલ્પ ફકરા નં.૩ માં (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ, આવું તો સંકલ્પ ઉપર આ રીતે ચર્ચા થઇ શકે નહિ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ આખું લખેલું વાંચો છો. તમે બોલો એ પોઇન્ટ ઓફ ઓર્ડર જ છેને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે એના ઉપર મને કહેવાનું છે એ કહેવા દો. (અંતરાય) હું કોઇ લખેલું વાંચતો નથી. ફકરાથી જ (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડરની અંદર ક્યા નિયમનો, ક્યાં ભંગ થાય છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, હું પહેલાં જ બોલ્યો કે નિયમ ૩૪(૪) ૯૪(૨)(૫) અને ૧૧૮(ખ) આ ત્રણેય કલમો માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જ બોલ્યો છું. એજ રીતે સરકારીયા કમિશન અને કેન્દ્ર સરકારની કાઉન્સિલની વાત થઇ છે. (અંતરાય) હું બોલી રહું પછી

અધ્યક્ષશ્રી : તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કરો. ૯૪(૪) મુજબ કીધું. ૯૪(૪)માં છે કે, સંસદના અથવા કોઇપણ રાજ્ય વિધાનસભા મંડળ સંચાલિત સંબંધમાં અપમાનજનક શબ્દો વાપરવા નહિ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, મને એકવાર રજૂ કરી લેવા દો. હું બતાવું છું.

અધ્યક્ષશ્રી : રજૂ નહિ, તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર મને કહો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૩૪ મુજબ આ ચોપડીમાં ચારમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે,

અધ્યક્ષશ્રી : એ વાંચ્યું મેં. (અંતરાય) વિધાનસભા કે કેન્દ્ર સરકારના અપમાનજનક શબ્દો વાપરવા નહિ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સંસદ સંચાલન અને કાર્યવાહી કૌંસમાં લખેલું છે કે, સંસદ કે કાર્યવાહી, સંસદમાં અપમાનજનક શબ્દો (અંતરાય)

અધ્યક્ષશ્રી : હા, બરાબર છે. આમાં નથી કોઇ અપમાનજનક શબ્દો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : જે રીતે માનનીય અધ્યક્ષશ્રી વાત થઇ રહી છે.

અધ્યક્ષશ્રી : તમે કહો ૫૫માં, ૫૫ કહોછો ને તમે? ૩૪ અને ૫૫.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એમાં (૨) માં..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ.. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : તેમાં નિયમ–૩૪ના (અંતરાય) છે, છે માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : હા, એમાં શું છે ? ૯૪માં શું છે ? જો ભાઇ, આમાં સંસદ માટે અપમાનજનક શબ્દોની વાત છે. આમાં કોઇના માટે અપમાનજનક શબ્દો નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અપમાનજક નહીં સાહેબ, માનનીય અધ્યક્ષશ્રી, સ્પષ્ટ એની અંદર જે શબ્દો લખેલા છે એ મેં વાંચી સંભાળાવ્યા છે, આપને યોગ્ય લાગે એટલે પહેલાં એકવાર મને રજૂ કરી દેવા દો અને પછી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે જે કહો છો એ ? બાકી, એક કલાકનો જ સમય છે આમાં. (અંતરાય) એક મિનિટ, એમને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો અધિકાર છે. પછી કેટલો પણ સમય જાય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સ્પષ્ટ જોગવાઇઓ છે કે, કોઇ પણ સંકલ્પો આવે એમાં વધુમાં વધુ એક કે બે. આમાં સાત–સાત માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા પ્રકારમાં લાવ્યા છે. ભૂતકાળમાં પણ આ બાબતે અધ્યક્ષશ્રીએ રૂલીંગ આપેલું છે. એકવાર હું રજૂ કરી દઉં માનનીય અધ્યક્ષશ્રી, પછી આપ એ પ્રમાણે કહેજો માનનીય અધ્યક્ષશ્રી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ તમે એને કહેવા દો ને, હું સાંભળીને કહું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કેન્દ્ર સરકારની કાઉન્સીલની વાતની કામગીરીની ટીકા થઇ છે, જે વિધાનસભામાં ચર્ચાનો વિષય બનતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, ફકરા નંબર–૪. આપ માનનીય અધ્યક્ષશ્રી,

આપ રાખશો તો હું જે બોલું છું એ ખ્યાલ આવી જશે. ફકરા નંબર–૪માં કેન્દ્ર સરકારની ટીકામાં, કેન્દ્ર સરકાર પર મોઘમ આક્ષેપો. સ્પષ્ટ આક્ષેપો હોવા જોઇએ એની જગ્યાએ મોઘમ, આ બાબતે માનનીય અધ્યક્ષશ્રી, નિયમ વિરૂદ્ધ છે. કેન્દ્ર સરકાર, આયોજન પંચની ટીકા ના કરવામાં આવે . માનનીય અધ્યક્ષશ્રી, આયોજન પંચની ટીકા...

અધ્યક્ષશ્રી : એવું નથી. આમાં ૯૪(૨) માં સ્પષ્ટ લખ્યું છે કે, તેમાં દલીલો, અનુમાનો, વક્રોકતિઓ, આક્ષેપો અથવા બદનક્ષીભર્યા વિધાનો ના હોવા જોઇએ. તમે મોઘમની અંદર ગમે તે કહી શકો, સીધો આક્ષેપ હોય તો કહો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હું તમને બતાવું સાહેબ. હા, હું એ જ કહું છું માનનીય અધ્યક્ષશ્રી, કે તમે ફકરા નંબર હું જે બોલું છું, એ ફકરા નંબર કાઢો અને ફકરા નંબર–૫માં જે બિલ છે એ હજી કાયદો નથી બન્યો, ફકરા નંબર–૫. (અંતરાય) રિપિટ નથી થતું, હું ચાર બોલ્યો આ પાંચમું બોલું છું. માનનીય અધ્યક્ષશ્રી, એ સંકલ્પમાં ફકરા નંબર–૫ કાઢશો તો આપને ખ્યાલ આવશે, આ તો લેખિતમાં આ બધું કરેલું છે. ફકરા નંબર–૫ આપ દેખશો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમાં તો એણે કહ્યું છે બિલનું કે, સૂચિત કોમ્યુનલ વાયોલન્સ બિલ. સૂચિત બિલ વિશે તમે ના બોલી શકો ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :ના, ના. માનનીય અધ્યક્ષશ્રી, હજી આ બિલ સંસદમાં પડ્યું છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે કોઇ સૂચિત બિલ જે તમે પબ્લિકમાં પ્રોડ્યુસ કર્યું હોય એ સૂચિત બિલ વિશે તમે અભિપ્રાય ના આપી શકો ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં, નહીં, માનનીય અધ્યક્ષશ્રી, જે સંસદમાં બિલ પડ્યું છે, હજી કાયદો નથી પડ્યો..

અધ્યક્ષશ્રી : હા, બરાબર. હા, નથી બન્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કોમ્યુનલ વાયોલન્સ બિલનો જે ઉલ્લેખ, કેન્દ્ર સરકાર પર ખોટા આરોપો કરવામાં આવ્યા છે. એની અંદર સંકલ્પમાં જ સ્પષ્ટ છે. જે નિયમ વિરૂદ્ધ છે. કેન્દ્ર સરકારના વિધેયકોનો ઉલ્લેખ, કેન્દ્ર સરકાર પરના હેતુઓનું આરોપણ કરવામાં આવ્યું છે. આ વિધેયક એ સંસદમાં ચર્ચા થઇ શકે માનનીય અધ્યક્ષશ્રી.ગુજરાત વિધાનસભસામાં નહીં માનનીય અધ્યક્ષશ્રી. અને આ ફકરામાં છેલ્લે રાજય સરકારે અસ્તિત્વ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે એવા જે વાક્યો વાપર્યા છે, તેમ જણાશે. કેન્દ્ર સરકાર પર અને ભારતના સંસદના હેતુના આરોપણ કરવામાં આવ્યું છે. લોકોમાં જાહેર કરવામાં જે રીતે રાજકીય દ્રષ્ટિથી ધ્યાનમાં રાખી જે વાતો થઇ છે, એ ગુજરાત વિધાનસભા સંકલ્પ લાવી સભ્યશ્રી જે ચર્ચા કરવા માગે છે એ

અધ્યક્ષશ્રી : તમે પોઇન્ટ ઓફ ઓર્ડર કહો છો (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : (અંતરાય) એની જ વાત કરું છું માનનીય અધ્યક્ષશ્રી. પોઇન્ટ ઓફ ઓર્ડરની જ વાત કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે પોઇન્ટ ઓફ ઓર્ડરનું વાંચો છો કે, આ વાંચો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં, નહીં. આ જે સંકલ્પમાં લખ્યું છે, એ મારે વાંચી નહીં સંભળાવવાનું ? હું એનો ઉલ્લેખ કરું છું, જે આની અંદર સ્પષ્ટપણે, આખો હું વાંચું તો અડધો, પોણો કલાક થાય.

અધ્યક્ષશ્રી : વાંચીને જે કહેવા લાયક છે એ મુદ્દા તમે કહો. મેં પણ વાંચ્યું છે આ, એટલે તમે કહો કે, કયા મુદ્દા છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારી વિનંતી છે કે, આપ એકવાર આમાં હાથમાં રાખશો તો આપને ખ્યાલ આવશે.

અધ્યક્ષશ્રી : બરાબર છે. મેં હાથમાં જ રાખ્યું છે (અંતરાય) એક મિનિટ, તમે શાંતિ રાખોને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે કહેવાનો ભાવાર્થ છે, આ જેટલા પેરેગ્રાફો છે હું પેરેગ્રાફ નંબર સાથે બોલું છું. આપ ખાલી આ હાથમાં રાખશો તો આપને ખ્યાલ આવી જશે કે, આ પ્રમાણેનું છે.

અધ્યક્ષશ્રી : હા, હવે કાંઇ કહેવું છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એટલે હું જે કહેવા મથુ છું માનનીય અધ્યક્ષશ્રી, કે કેન્દ્ર સરકારના જે બિલોનું જે છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : સંભવિત બિલો છે. ડ્રાફ્ટ છે ઓલરેડી સંસદમાં. મંજૂર નથી થયો એજ તમારું કહેવાનું છે. ડ્રાફ્ટ મૂકાઇ ગયો હોય એના વિશે પણ ના બોલાય ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ફકરા નંબર–૭માં (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બધાય ફકરા?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ સાહેબ ફકરો તમે જુઓ તો ખરા ? આ જે લખ્યું છે એ સીધી જ ટીકા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. તમારી રીતે કહો. ભલે ૧૦ મિનિટ લાગે એમાં. પોઇન્ટ ઓફ ઓર્ડરમાં સમય મર્યાદા ન હોય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ફકરા નં. ૭ જોશો સાહેબ. જે આ સંકલ્પ નં.૨ છે, એનું મુખ્ય હાર્દ કહું છું.

અધ્યક્ષશ્રી : હાર્દ નહિ. શબ્દ હોય એ મને કહો. હાર્દ તો ગમે તે એનું હાર્દ સમજે. તમે આમ હાર્દ સમજો. બીજો બીજું હાર્દ સમજે. હાર્દ સમજાવવાનું નથી. મને પોઇન્ટેડ શબ્દો કહો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ સિક્યોરિટી બિલ અને ડિસ્ટર્બ એરિયા એમેન્ડમેન્ટ બિલનો ઉલ્લેખ. આખી આ બિલ માટેની ટીકા કરતો ફકરા નં.૭ છે. એ બિલની ટીકા. આમાં કોઇ સંસદની બાબતમાં આપણે ભૂતકાળમાં પણ આની જોગવાઇઓ, અધ્યક્ષશ્રીઓના ચુકાદા પણ છે આ બાબતમાં, કે જે પ્રમાણે એ ૭ માં પણ આ પ્રમાણે કરવામાં આવ્યું છે. ફકરા નં.૮ માં પણ એ રીતે પબ્લિક સર્વિસ વિધેયકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કે ફકરા નં.૮ માં પણ એ રીતે સંસદમાં પસાર નથી થયો, કાયદો નથી બન્યો, છતા આ વિધેયક સંસદમાં આવે અને કાયદો બને તેના ઉપરની ટિપ્પણી કરતો આ પેરા ૮ છે. એ પણ તમે જોશો તો એ પણ વિરોધમાં છે અને ખાસ કરીને મારે એ કહેવું છે કે ભૂતકાળની અંદર આપણા બારોટ સાહેબે એક બુકમાં પાન નં. ૪૬૯ માં સ્પષ્ટપણે જણાવેલ છે. ઓકટોબર ૧૯૬૭ માં જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવનું નિયંત્રણ કરવા અથવા અનાજ અને ખાદ્ય ચીજોનો સંગ્રહ કરવા સસ્તા ભાવે પૂરી પાડવાની ભલામણ કરતો સંકલ્પ ખાલી બે મુદ્દાવાળો હતો. તો પણ ભૂતકાળમાં નામંજૂર કરવામાં આવ્યો હતો. આ સંકલ્પની અંદર ૮–૮ મુદ્દા આની અંદર કરવામાં આવ્યા છે. જે પાન નં. ૪૬૯ ની અંદર સ્પષ્ટપણે બતાવે છે, જેનો હેતુ એક જ હતો. ખાદ્ય ચીજનો અને અનાજ સંગ્રહ બાબતનો, છતા ભૂતકાળની અંદર સંકલ્પો નામંજૂર કરવામાં આવ્યા હતા.

અધ્યક્ષશ્રી : નામંજૂર, મંજૂરની વાત જુદી છે. રજૂ કરવા એ જુદુ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે એ કહેવું છે કે ભૂતકાળની અંદર.. ખાસ કરીને એ કહેવું છે કે ૧૯૬૦ અને ૧૯૮૪ દરમ્યાન ગુજરાત વિધાનસભાએ આપેલા અગત્યના નિર્ણયોમાં પાન નં.૩૩૮ ઉપર ૪૮૩ ઉપર સ્પષ્ટપણે જણાવેલ છે કે કેન્દ્ર સરકારની ગૃહમાં ટીકા ન થઇ શકે (અંતરાય) ૧૬મી ફેબ્રુઆરી ૧૯૭૬ ના રોજ રાજ્યપાલશ્રીના સંબોધનની ચર્ચા ઉપર ભાગ લેતા બાબુભાઇ વાસણવાળાએ મુખ્યમંત્રીના પ્રવચનમાં આ દેશમાં રેડીયો પર પ્રતિબંધ મૂકવા બાબતની અને છાપાઓ ઉપર એકતરફી આરોપ કરવા અને આડેધડ ઉપયોગ કરવામાં આવી હતી. વાણી સ્વતંત્રતાનો મુદ્દો હતો, ત્યારે મગનભાઇ બારોટ સાહેબે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવેલ હતો અને તે વખતે સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું.

અધ્યક્ષશ્રી : પ્રવચન ઉપર ટીકાનો છે. જે કાયદો રજૂ થયો એમાં પોતાનો અભિપ્રાય ન આપી શકે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : પ્રવચનની વાત છે. આ તો લેખિત છે. આ જે ફકરાઓ છે એ સ્પષ્ટપણે લેખિત છે અને લેખિતમાં જ્યારે કરવાના હોય. બે સંકલ્પો કરતા ૭ રજૂ કરવામાં આવતા હોય. પેલા તો પ્રવચનની વાત કરતા હતા.

અધ્યક્ષશ્રી : એક જ સંકલ્પની વાત છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ તો ૭–૭. લેખિતમાં તમે એક એક ફકરો શરૂઆત કરો તો તમને ખ્યાલ આવે કે અંકુશ ઉપર રાજયનો વિકાસ જનતાની અપેક્ષા અને આંકાક્ષાની પૂર્તિ થઇ શકે. રાજય અને કેન્દ્ર વચ્ચેના સંબંધો સુદઢ અને સુમેળભર્યા બને, ફળદાયી ઉપયોગ થઇ રહ્યો નથી. આ બધા જે છે..

અધ્યક્ષશ્રી : તમે કયા સંકલ્પની વાત કરો છો. પહેલાની જ વાત કરો છો ને?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : પહેલાની જ વાત કરું છું અને મારો પહેલાનો આપે કહ્યું ફકરો વાંચીને બતાવો. તો જે ફકરામાં લખ્યું છે મેં આપને હાર્દ કહ્યો. આપે મને ફકરાનું કહ્યું તો કેન્દ્ર સરકારની માત્રને માત્ર દરેક ફકરે ફકરે ટીકા છે. સંસદના બિલોની ગુજરાત વિધાનસભાની અંદર કોઇપણ સંજોગોમાં એની ચર્ચા ન થઇ શકે. જે ખરેખર આપણા નિયમ વિરુદ્ધ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે અહીં આગળ દાખલ કરવામાં આવ્યા છે. મારે એમ કહેવું છે કે આ સંકલ્પ...

અધ્યક્ષશ્રી : એક મિનિટ. મને સંતોષ થશે ત્યાં સુધી કોઇને બોલવા દઇશ. નહીંતર કોઇને બોલવાની જરૂર નથી. તમે બેસો. આ તમારી જે માગણી છે તે મેં ધ્યાનમાં લીધી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે અને અમારા મહત્વના બે મુદ્દા છે કે ભૂતકાળની અંદર અને આ બુક, જે બુક બનાવી છે તેમાં પણ...

અધ્યક્ષશ્રી : તે મેં જોઇ લીધી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એટલે માનનીય અધ્યક્ષશ્રી, તેમાં સાત પૅરેગ્રાફ લેવામાં આવ્યા છે. બીજું ખાસ કરીને કેન્દ્ર સરકાર, સંસદના બિલોની ચર્ચા ના થઇ શકે અને જે સંસદમાં થાય તેની વિધાનસભામાં જે પાવર્સ નક્કી કરવામાં આવ્યા છે એટલે આ નિયમ વિરુદ્ધનું છે એટલે મારી આપને વિનંતી છે કે કોઇપણ સંજોગોની અંદર દાખલ ના થઇ શકે અને ચર્ચા ના થઇ શકે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, દરેક સભ્યોને પોતાનો વ્યક્તિગત પ્રસ્તાવ લાવવાની છૂટ છે, સ્વતંત્ર છે. હું એટલું પૂછું મિત્રોને કે જો એન.ડી.એ.ની સરકાર દિલ્હીમાં હોત તો આવો પ્રસ્તાવ લાવત ખરા? આટલું જરા કહે.

અધ્યક્ષશ્રી : એ નહીં, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલો. ૩૪ અને ૯૫ ઉપર બોલો. તમામ સભ્યોને જેને બોલવાની પરવાનગી આપું તે મને સેકશન ઉપર જ કહે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધામાં જે મેન્શન કર્યુ ૧૧૮, ૩૪, ૯૫, ૯૪ એ બધામાં જે ભાષા વપરાઇ છે, આપણને તેમાં એન્ટી કોન્સ્ટીટયુશનલ, આ આખી ગેર બંધારણીય વસ્તુ છે. આપ ઘણી વખત ચુકાદામાં, કવેશ્ચન અવરમાં કહો છો કે કોઇ કેન્દ્રની વસ્તુ વચમાં નહીં લાવો.

અધ્યક્ષશ્રી : બરાબર છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ જાણી જોઇને રાજકીય •(xxxxxx) થી કેન્દ્રને પોતે ગુજરાત હિન્દુસ્તાનની બહારનો કોઇ મોટો દેશ હોય આવું બતાવવા માટેના વાહિયાત આક્ષેપો, જેમાં તથ્ય નથી. ભાષા જેમાં ચેષ્ટા અને વિગેરે વિગેરે. આવા વિધાનો હું માનું ત્યાં સુધી આ કેન્દ્ર અને રાજયના સંઘર્ષના એંધાણ હોય એવું આપણને દેખાય છે. ભારત સરકારના વાંધા હોય, આપણા મુખ્યમંત્રીશ્રીઓ બધા ત્યાં જતા હોય છે, પોતાના રાજયની વકીલાત કરતા હોય છે. આમાં એક એક વાકયમાં જાણે ભારત સરકાર, કેન્દ્ર સરકાર દુશ્મન હોય, આટલી મદદ કરે તો પણ જો રાજયને કોઇ એવી તકલીફ પડતી હોય તો તેના રસ્તા છે. આવો પ્રસ્તાવ લાવીને જેમાં ભાષાની એવી વિકૃત વાત કરીને, આમાં ઘણા બધા અધિકારો કન્કર છે. સંયુકત યાદીમાં ઘણા વિષયો છે. ભારત સરકારને પણ રાઇટ છે અને કેન્દ્ર સરકારને પણ રાઇટ છે. એટલે જાણી જોઇને રાજકીય (xxxxxx) આ સંકલ્પ રજુ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમારો આમાં વિરોધ છે અને આપ અધ્યક્ષ છો. હું માનું છું ત્યાં સુધી આના અમે ભાગીદાર ના થઇ શકીએ. તેનો કોઇ મતલબ નથી માટે માફ કરો. બધા મિત્રો આમાં ભાગ નહીં લઇ શકીએ.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના માનનીય દંડકશ્રી બલવંતસિંહભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો તેમાં હું આપનું ૧૯૮૫ થી ૨૦૦૨ ના અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો તેમાં નિર્ણય ક્રમાંકઃ૪૮ પાના નં. ૪૯ . તેમાં જે તે વખતના માનનીય અધ્યક્ષશ્રીએ જે રૂલીંગ આપ્યું છે તેમાં સૂચનાની બાબતમાં જયારે સભાગૃહમાં હાથ ધરવાના તબકકે હોય ત્યારે તેની દાખલ પાત્રતા સંબંધમાં સભાગૃહમાં કોઇ મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ સ્પષ્ટ આપ્યું છે. માનનીય સભ્યશ્રી સંજયભાઇ પટેલ જે આ બિનસરકારી સંકલ્પ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે તે આપની સૂચના પછી દાખલ થાય છે. આ સભાગૃહની અંદર માનનીય અધ્યક્ષશ્રી દ્વારા જે નિર્ણય લેવાઇ ગયો હોય, માનનીય અધ્યક્ષશ્રી દ્વારા જેની સૂચનાને પાત્રતા ગણવામાં આવી હોય તો માનનીય અધ્યક્ષશ્રી તેના સંદર્ભની અંદર અધ્યક્ષશ્રીના નિર્ણય પછી તેના ઉપર કોઇ ચર્ચા નથી હોતી. આ માનનીય ધારાસભ્યશ્રીનો પોતાનો અધિકાર છે. ભૂતકાળની અંદર આ સન્માનનીય સભાગૃહની અંદર કેન્દ્ર સરકારની ટીકા નહીં પરંતુ કેન્દ્ર સરકારના નિર્ણયોના કારણે ગુજરાતની પ્રજાનું જયાં હિત જોડાયેલું હોય તેવી વખતોવખત આ સન્માનનીય સભાગૃહની અંદર ચર્ચા થઇ છે. એટલે હું માનું છું કે માનનીય સભ્યશ્રીનો બિનસરકારી સંકલ્પ આપે જેને પાત્રતાલાયક ગણ્યો છે, આપે જેને દાખલ કર્યો છે અને ભૂતકાળના નિર્ણયો છે એટલે માનનીય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સભ્યશ્રીની બિનસરકારી સંકલ્પની લાગણીને આ સન્માનનીય સભાગૃહની અંદર ચર્ચા કરવા માટેની આપ દ્વારા અનુમતિ મળવી જોઇએ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, મને સંતોષ ન થાય તો તમારી જરૂર પડે. પ્રસ્તાવ દાખલ કરવો કે ન કરવો એ અધ્યક્ષને સત્તા છે, અધ્યક્ષશ્રીને એમ લાગે કે, આ પ્રસ્તાવમાંથી આ પેરો કાઢી નાખવા જેવો છે તો કાઢી પણ નંખાય, આખે આખો પ્રસ્તાવ દાખલ કરવાને પાત્ર ન હોય તો એ પ્રસ્તાવ દાખલ જ ન થાય, અને સેકશન ૯૪ની વાત કરી એમ સેકશન ૯૫ પણ જુઓ, કોઇપણ પ્રસ્તાવ કે તેનો કોઇપણ ભાગ આ નિયમો અન્વયે દાખલ થવા પાત્ર છે કે નહીં, તેનો નિર્ણય અધ્યક્ષ કરશે અને જો તેમને એમ લાગે કે, કોઇ પ્રસ્તાવ કે તેના કોઇ ભાગથી પ્રસ્તાવ રજૂ કરવાના હક્કનો દુરૂપયોગ થાય છે અથવા તેનો આશય સભાગૃહની કાર્યવાહી અવરોધે કે તેના ઉપર પ્રતિકુળ અસર પહોંચાડવાનો છે અથવા તેનાથી આ નિયમોનું ઉલ્લંઘન થાય છે તો આવો પ્રસ્તાવ કે તેનો કોઇપણ ભાગ તેઓ નામંજૂર કરી શકશે. આ ટોટલ સત્તા એ અધ્યક્ષશ્રીને છે અને આ પ્રસ્તાવ મેં દાખલ પણ કર્યો છે, અને આપની જે કંઇ વાત છે એની અંદર મારે એટલું જ કહેવાનું કે, અંતે આ પ્રસ્તાવની માગણી એ છે કે, આ સંજોગોમાં દેશની બધી જ રાજય સરકારો સાથે પરામર્શ કરવા, સમવાયતંત્ર વિરોધી માનસિકતાથી ઉભા થતા નવા સંકટો દૂર કરવા અને કેન્દ્ર અને રાજયો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ ઉભું કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

આમાં, રાજય સરકાર કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે, છતાં આ પ્રસ્તાવ છે એ હું ચર્ચા માટે લઇશ અને ડિટેઇલની અંદર, આની અંદર કોઇ શબ્દો એવા હશે તો એ શબ્દો દૂર કરવામાં આવશે. હું આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખતો નથી અને ડીટેઇલમાં હું આનું જજમેન્ટ આપને આપીશ. બીજી વાત, તમામ સભ્યશ્રીઓને હું કહું છું કે, મહેરબાની કરીને, ભૂતકાળમાં પણ કહ્યું છે, ગમે તે રીતે હોય, વિધાનસભામાં કે રાજયસભામાં જે બિલ રજૂ થઇ ગયા હોય એના વિશે તમે અવલોકન કરી શકો. કેન્દ્ર સરકારની, કેન્દ્રના મિનિસ્ટરની કે કોઇ વ્યક્તિની કે કોઇ રાજય સરકારની કોઇ ટીકા કરશો નહીં. આ કાર્યવાહી આગળ ચલાવવામાં આવે. ( અંતરાય) હા, એ તો ઓર્ડર થઇ ગયો એટલે, આપ બોલો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ વાકય બોલ્યા કે, આ સંજોગોમાં દેશની બધી જ રાજય સરકારો સાથે..

અધ્યક્ષશ્રી : હા.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આપણો કોઇ રાઇટ નથી, આ સિસ્ટમ છે જ.

અધ્યક્ષશ્રી : આપણે વિનંતી કરીએ છીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સમવાયતંત્ર વિરોધી માનસિકતા, આવી માનસિકતા, આ ગવર્મેન્ટ એ ફેડરલ ગવર્મેન્ટ છે સાહેબ, સમવાયતંત્ર વિરોધી હોઇ જ ન શકે. આ કાલ્પનિક બધી વાતો છે.

અધ્યક્ષશ્રી : એને નથી કહેતા, જુઓ, આપશ્રી વાંચો, એક મિનિટ, સમવાયતંત્ર વિરોધી માનસિકતાથી ઉભા થતા નવા સંકટો દૂર કરવા, આપ જુઓ, માનસિકતા દૂર કરવાની વાત નથી કરતા કે આવી માનસિકતા, આ માનસિકતાથી ઉભા થતા નવા સંકટો દૂર કરવા, અને એટલા માટે થઇને કેન્દ્ર અને રાજયો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ જોઇએ, બંન્ને વચ્ચે સુમેળભર્યું વાતાવરણ રહે, રિકવેસ્ટ ટોનમાં આ છે, આ કોઇ કેન્દ્ર સરકારને ઠપકો નથી આપતા, કેન્દ્ર સરકારને સલાહ નથી આપતા, આ કેન્દ્ર સરકારને આપણે રિકવેસ્ટ જ કરીએ છીએ, એટલે રિકવેસ્ટના સ્વરૂપમાં આ સંકલ્પ છે. (અંતરાય) નહીં હવે, આ નિર્ણય આપી દીધો, છતાંય માનનીય વિપક્ષના નેતાશ્રીએ કહ્યું એટલે હું સ્પષ્ટતા કરું છું. એ તો કોઇ સવાલ નથી, ચાલો ભાઇ, સંકલ્પ રજૂ કરો. (અંતરાય)

એક મિનિટ, (અંતરાય) આ કાગળિયાં કોણ ઉડાડે છે? તમે સમજી જાઓ, તમને વોક આઉટ કરવાની સત્તા છે, અહીં કોઇએ કાગળ ઉડાડવાની, (અંતરાય) ભાઇ, તમે નવા સભ્ય છો, એ કહેતા નહીં. મહેરબાની કરીને કાગળિયાં ઉડાડતા નહીં, તમને વિરોધ કરવાનો પૂરેપૂરો હક્ક અને અધિકાર છે.

**( આ તબકકે વિપક્ષના સૌ માનનીય સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.)**

## બિન સરકારી સંકલ્પો

સમવાયી તંત્ર અંગે કેન્દ્ર અને રાજયો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ ઉભું કરવા અંગે

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે,

ભારતની લોકશાહી શાસન વ્યવસ્થાનો આધારસ્તંભ સમવાય તંત્ર (ફેડરલ સ્ટ્રકચર)નો રહ્યો છે. ભારતની વિશાળ સાંસ્કૃતિક અને સામાજિક વિવિધતાને આવરી લઇને બંધારણનું સમવાયી માળખું એકાંગી નહીં પરંતુ સર્વાંગી ધોરણે દેશના તમામ પ્રદેશોની પ્રગતિને સાકાર કરવાની ભૂમિકા પૂરી પાડે છે.

તાજેતરના કેટલાક વર્ષોમાં રાજયોના બંધારણીય અધિકારો અને નાણાકીય સ્ત્રોત પર અંકુશ લાદીને સત્તાનું વધુને વધુ કેન્દ્રીકરણ કરવાના પ્રયાસો થઇ રહ્યા છે. આ સંજોગોમાં ભારતના ક્ષુબ્ધ નાગરિકો સમક્ષ બંધારણની રક્ષા કરી લોકશાહીની ગરિમા જાળવવાનો પડકાર ઉભો થયો છે. રાજયોના અધિકારો સુરક્ષિત રહે અને કેન્દ્રની દખલગીરી ન થાય તો જ રાજયોનો વિકાસ, જનતાની અપેક્ષા અને આકાંક્ષાઓની પૂર્તિ થઇ શકે.

કેન્દ્ર રાજયો વચ્ચેના સંબંધોની સમીક્ષા કરવા રચાયેલ સરકારીયા કમિશનની ભલામણોને આધારે સન ૧૯૯૦માં ઈન્ટર સ્ટેટ કાઉન્સિલની રચના થઇ છે. આ કાઉન્સિલનો રાજયો અને કેન્દ્ર વચ્ચેના સંબંધો સુદઢ અને સુમેળભર્યા બનાવવા માટે ફળદાયી ઉપયોગ થઇ રહ્યો નથી. સરકારીયા કમિશનની ભલામણોનો સ્વીકાર કરી અમલીકરણ થતું નથી. ઈન્ટર સ્ટેટ કાઉન્સિલની મીટીંગ વર્ષમાં બે વખત મળતી નથી.

રાજયોના આયોજન ભંડોળના નાણાં વાપરવાના અધિકારો પર નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. જેમાં મહદઅંશે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં રાજય સરકારને વચ્ચે લાવ્યા વગર જિલ્લા વહીવટીતંત્રના સીધા સંપર્કમાં રહી યોજનાઓનું અમલીકરણ થાય છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓએ રાજયોના વિકાસના ઘણાં બધાં ક્ષેત્રોને બાજુએ રાખી દીધાં છે. રાજયોની સ્વાયત્તતા, નાણાકીય સત્તા અને ખર્ચના આયોજન સંબંધે મળેલ બંધારણીય અધિકારો પર નિયંત્રણો લાદીને રાજયોને વિકાસ માટેના નાણાકીય સાધનો ઉભા કરવા કે તેને સુદઢ કરવાથી વંચિત રાખવામાં આવે છે અને પરંપરાગત યોજનાઓ માટે મળતા કેન્દ્રીય ભંડોળમાં કાપ મૂકવામાં આવ્યો છે. આથી રાજયોને તેની વર્તમાન યોજનાઓના અમલીકરણમાં વધારાનો નાણાકીય બોજો સહન કરવાનો વારો આવ્યો છે. કેન્દ્રએ પોર્ટ રેગ્યુલેટરી બિલ, પબ્લિક સર્વિસ બિલ, રાઈટ ટુ એજ્યુકેશન એકટ અને સર્વ શિક્ષા અભિયાન જેવા કાર્યો રાજયોને સોંપ્યા છે. આના અમલીકરણ માટે રાજયોની નાણાકીય ક્ષમતાને બિલકુલ નજર અંદાજ કરેલ છે, ફરજિયાત પ્રાથમિક શિક્ષણના અમલીકરણ માટે સંપૂર્ણ નાણાકીય જોગવાઈ રાજયોને પૂરી પાડવાને બદલે રાજયો પર વધુને વધુ નાણાકીય બોજ નાખવામાં આવી રહ્યો છે.

સૂચિત કોમ્યુનલ વાયોલન્સ બિલની જોગવાઇ હેઠળ રાજયના વિષયોમાં કેન્દ્ર સરકારની સીધી દરમિયાનગીરીથી સત્તા હાંસલ કરવાનો ઈરાદો હોય તેમ જણાય છે. આવી જોગવાઈઓથી રાજયોમાં અનેક સમસ્યાઓ સર્જાશે. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા સામે પડકારો આવશે. આ રીતે રાષ્ટ્રીય હિતો, રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્રીય એકતા સામેના પડકારોની અવગણના કરીને રાજય સરકારોને અસ્થિર કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આંતરિક સુરક્ષાના ગંભીર સંકટ સામે લડવા રાજકીય ઈચ્છા શકિત સાથે સખ્તાઇભર્યા પગલાં લેવાને બદલે આતંકવાદ સામેની લડતમાં પ્રજાના નૈતિક મનોબળને તોડવાના પ્રયાસો થઇ રહ્યાં છે. કેન્દ્ર સરકાર પોતે કડક કાયદા ઘડતી નથી અને રાજયોને પણ આતંકવાદ વિરૂદ્ધ કાયદા ઘડવાની મંજૂરી આપતી નથી.

સન ૧૯૮૦માં નેશનલ સિક્યુરીટીની બિલ અને ડિસ્ટર્બ એરીયા (સ્પેશ્યલ કોર્ટસ) એમેન્ડમેન્ટ બિલ ઘડી કાઢવામાં આવ્યું હતું અને તે દ્વારા આ અંગેની રાજયોની સત્તાને સમવાય સૂચિમાં સમાવિષ્ટ કરી દેવામાં આવેલ છે. કોઈપણ વિસ્તારને તંગદિલીભર્યો જાહેર કરીને ત્યાં ખાસ અદાલતો સ્થાપી દેવાની સત્તા આ રીતે કેન્દ્રએ હસ્તગત કરી લીધી છે. કટોકટીના કાળ દરમિયાન શિક્ષણનો વિષય રાજયની સૂચિમાંથી ખસેડીને તેને સમવાય સૂચિમાં દાખલ કરી દીધેલ છે તથા સ્ટેટ સેલ્સ ટેક્ષ નીચે આવતી કેટલીક બાબતોને એક્સાઈઝ ડ્યુટી હેઠળ આવરી લેવામાં આવી છે. કેન્દ્ર દ્વારા રાજયોની બાબતમાં થતી દખલઅંદાજીનું એક ઉદાહરણ છે. – ધી પબ્લિક સર્વિસ (પ્રોટેક્શન એન્ડ રેગ્યુલેશન) વિધેયક, ૨૦૧૦, આ વિધેયક અંતર્ગત શિક્ષણ, આરોગ્ય, પાણી, સેનીટેશન, આવાસ નિર્માણ, પબ્લિક ટ્રાન્સપોર્ટ, વીજ પુરવઠો જેવી જનસેવાઓનું નિયંત્રણ કેન્દ્રના હાથમાં આવી જશે. કેન્દ્ર દ્વારા એક રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની ઓથોરિટીનું નિર્માણ કરવામાં આવશે, જે જનસેવા વિષયક બાબતનો વહીવટ કરશે. આ બધા

વિષયો મુખ્યતઃ રાજ્યોની સૂચિ હેઠળ આવે છે, પણ કેન્દ્ર સરકાર વધુને વધુ સત્તાઓ પોતાના હસ્તક લઇને દેશની સમવાય પ્રણાલિને ખંડિત કરવા માગે છે.

"કાયદો અને વ્યવસ્થા" બાબતે કાયદો ઘડવાની રાજ્ય વિધાનમંડળને સુવાંગ (એક્સકલુઝીવ) સત્તા મળેલી છે. રાષ્ટ્રીય ત્રાસવાદ વિરોધી સેન્ટર ( એન.સી.ટી.સી.) ની સ્થાપના કરવાનું કૃત્ય રાજ્ય સરકારના વિષયમાં સીધી દખલ કરી સરકારના વૈધાનિક અધિકારોને હાંસિયામાં ધકેલી કેન્દ્ર સરકાર દ્વારા સીધા જ પોલીસ પાવર્સ હાંસલ કરવાની આ ચેષ્ટા છે. વધુમાં આ સેન્ટર કેન્દ્રિય આઇ.બી. ના તાબામાં રહેશે, જે ઘણી ગંભીર બાબત છે. આમ, રાજ્ય સરકારના કાર્યક્ષેત્ર હેઠળના વિષયમાં રાજ્ય સરકારો સાથે પરામર્શ કર્યા સિવાય રાજ્ય પોલીસની જગ્યાએ પેરામિલીટરી ફોર્સ તહેનાત કરવાની ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. હાલમાં રાજ્ય સરકારના પોલીસ દળો આ કામગીરી સુપેરે બજાવે જ છે અને બંધારણ હેઠળ રાજ્ય સરકાર તથા રાજ્ય વિધાનમંડળને સુવાંગ રીતે પ્રાપ્ત એવા રાજ્યની યાદીના "કાયદો અને વ્યવસ્થા " વિષય પર અતિક્રમણ કરવાનો આ પ્રયાસ છે, જે બંધારણની સમવાયતંત્રની ભાવનાને ગંભીર ઠેસ પહોંચાડે તેવો છે.

આ સંજોગોમાં દેશની બધી જ રાજ્ય સરકારો સાથે પરામર્શ કરવા, સમવાયતંત્ર વિરોધી માનસિકતાથી ઉભા થતાં નવા સંકટો દૂર કરવા અને કેન્દ્ર–રાજ્યો વચ્ચે સંવાદિતાનું વાતાવરણ ઉભું કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આપને કંઇ કહેવાનું હોય તો, પૂરું થઇ ગયું એમનું, ખાલી વાંચવાનું જ હતું એમને. માનનીય પ્રદિપસિંહ, જવાબ જ રજૂ કરી દો છો સીધો?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( સંસદિય બાબતો, કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી) : ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સંજયકુમાર પટેલે ફેડરલ સ્ટ્રક્ચરના સંદર્ભમાં, કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સંબંધોના કારણે ઉત્પન્ન થતી પરિસ્થિતિઓના કારણે ઉભો થતો સમગ્ર ચિતાર એમણે જે રજૂ કર્યો છે, આ સંકલ્પના સમર્થનમાં હું મારી વાત કરવા માટે ઉભો થયો છું.

આ ભારત દેશ વરસો પહેલાં મોગલ શાસકોની બર્બરતાવાળી ગુલામીનો ભોગ બનેલો, આ ભારત દેશ એ અંગ્રેજોની ગુલામી અને શોષણનો ભોગ બનેલો, પણ ભારતના રાષ્ટ્રપિતા ગુજરાતના સપૂત મહાત્મા ગાંધી, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલ, કેટલાય નામી, અનામી શહીદોની શહાદતના કારણે ગુલામીની જંજીરોમાંથી મુક્ત થઇને આઝાદ ભારત બન્યું. માનનીય સરદાર સાહેબે આ ભારતના જુદા જુદા રજવાડાંઓને એકત્રિત કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું અને ભારત યુનિયન બન્યું, આપણે સૌ જાણીએ છીએ તેમ ડો. બાબાસાહેબ આંબેડકરે આ ભારતને એક ઉત્તમ પ્રકારનું બંધારણ લોકશાહીના જતન માટે પૂરું પાડ્યું. રાષ્ટ્રીય એકતાનો આધાર કોઇ હોય ફેડરલ સ્ટ્રક્ચર ઉપર છે અને આ રાષ્ટ્રીય એકતામાં રાષ્ટ્ર એ સર્વોચ્ચ છે. આ બંધારણના ઘડવૈયાઓએ જે બંધારણ ઘડ્યું એમાં કોઇ cut અને paste કરેલા નથી. પરંતુ આપણા માટે, રાષ્ટ્ર એકતા માટે, રાષ્ટ્રકારણ અગત્યનું છે માનનીય અધ્યક્ષશ્રી રાજકારણ અગત્યનું નથી એવી ભાવનાના આધાર ઉપર આ બંધારણ ઘડયુ છે.

પ્રજા દ્વારા લોકશાહીની ચૂંટણીમાં ધોબી પછાડ મેળવ્યા બાદ પ્રચંડ જન સમર્થનથી ચૂંટાયેલી સરકારોને રાજય અને કેન્દ્ર વચ્ચેના સંબંધોમાં મોટી તિરાડ સર્જે એવા કાયદાઓ, એવા સૂચિત કાયદાઓ બનાવવામાં આવે. આ માત્ર કાયદાઓ નથી બનાવતા પરંતુ આ કાયદાઓના આધાર ઉપર રાજયના અધિકારો ઉપર બુલડોઝર ફેરવી રહ્યાં છીએ. રાજયના વિકાસના નકશા તહસ નહસ કરી નાખવાના કામ કરે છે. સમજી શકાય, કેન્દ્રમાં આપણી સત્તા હોય , રાજયની અંદર અન્ય પક્ષની સત્તા હોય, જે તે રાજયની પ્રજાએ જન સમર્થનમાં એને મન ભાવતા નેતાને મત આપ્યાં હોય. આપણને સીધી રીતે ચૂંટણીમાં જીતી નથી શકતા, આપણે સીધી રીતે આપણા કરતા વિરૂધ્ધ વિચારધારાવાળા લોકોને પરાસ્ત નથી કરી શકતાં એટલે આપણે બંધારણની ઘટનાઓનો દૂરૂપયોગ કરીને રાજયોની ચાલતી સરકારોના વિકાસની પ્રક્રિયામાં અવરોધો ઉભા કરવાના? રાજયને તહસ્ત નહસ્ત કરવા માટેનો પ્રયાસ કરવો. માનનીય સંજયભાઇએ આના સંદર્ભની અંદર પોતાનો અભિગમ રજૂ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બંધારણ અને એ બંધારણની ભાવનાને જાળવી રાખવા માટે અને ભવિષ્યની આ રાષ્ટ્રની સુરક્ષા માટે દેશનું નેતૃત્વ મજબૂત હોવું જોઇએ. મજબૂર નેતાઓથી આ દેશ કયારેય નહીં ચાલી શકે. અને આ નાઇટ વોચમેનો દેશની સુરક્ષા અને એમની આ મહામૂલી આઝાદીની તેમના મન કોઇ કિંમત નથી હોતી. આ બંધારણ સભાએ સર્વાનુમત્તે ફેડરલ સ્ટ્રકચરનો મત દર્શાવ્યો અને આ ડ્રાફટીંગ કમિટીમાં ડો.બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું

કે, રાજયો કેન્દ્રના વહીવટી એકમ કે એજન્ટ નથી. તેમણે આ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે રાજય એ કેન્દ્રનું એજન્ટ નથી. એ બંધારણ સભાના બીજા સભ્ય ટી.ટી.કૃષ્ણમાચારીએ પણ કહ્યું છે કે ભારતનું બંધારણ એ નિઃશંકપણે ફેડરલ છે. એ જ રીતે જસ્ટીસ શેલત અને જસ્ટીસ ગ્રોવરે જે ચુકાદો કેશવાનંદ ભારતીના કેસમાં આપ્યો હતો તેમણે પણ પોતાના ચુકાદામાં સ્પષ્ટ કહ્યું છે કે, ભારતના બંધારણમાં ફેડરલ સ્ટ્રકચર માટેના જરૂરી તમામ તત્વો આ બંધારણની અંદર છે. ૧૯૬૩માં જસ્ટીસ સુબ્બારાવ અને જસ્ટીસ સુબ્બારાવે પણ કહ્યું છે કે, ભારત જેવા વિશાળ દેશની ભવિષ્યની સ્થિરતા ફેડરલ સ્ટ્રકચરને સીધી રીતે વળગી રહેવા માટે છે. આપણાં બંધારણના ઘડવૈયાઓએ ખૂબજ શાણપણથી અને દીર્ઘ દ્રષ્ટિથી આ ફેડરલના પાયાને કેન્દ્ર સ્થાને રાખ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જસ્ટીસ ગજેન્દ્ર ગડકર તેમણે પોતાના ચુકાદામાં કહ્યું છે કે, આપણે જે બંધારણનું અર્થઘટન કરી રહ્યાં છીએ તે ફેડરલ સ્ટ્રકચર છે. આમ સમગ્રતઃ અનેકવિધ ચુકાદાઓના આધાર ઉપર ભારતના બંધારણને ફેડરલ સ્ટ્રકચરના કન્સેપ્ટને સ્વીકારવામાં આવ્યો છે. રાજયોને વધુ સ્વાયતત્તા આપવાના સંદર્ભમાં રાની મુનાર્ગનો રિપોર્ટ ૧૯૭૩માં આવ્યો. આનંદપૂર સાહેબનો ઠરાવ થયો. પશ્ચિમ બંગાળ મેમોરેન્ડમ ૧૯૭૭માં આપવામાં આવ્યું. ૧૯૮૩માં કર્ણાટક, આંધ્ર, તામિલનાડું જેવા અનેક રાજયોએ આના સંદર્ભમાં પહેલ કરી. અને બાબાસાહેબ આંબેડકરજીએ બંધારણમાં સ્પષ્ટ લખ્યું છે કે, સામાન્યતઃ રાજયપાલ મંત્રીમંડળની સલાહ અનુસાર અને નહીં કે પોતાની વિવેકબુધ્ધિ અનુસાર કામ કરે. સમગ્ર બંધારણની અંદર રાજયપાલની ભૂમિકાના સંદર્ભમાં સ્પષ્ટતઃ જણાવ્યુ છે. બંધારણની કલમ ૧૬૩ અને ૧૬૪ હેઠળ મુખ્યમંત્રીશ્રીની સલાહ અનુસાર એમણે કામ કરવાનું હોય છે. આપણું સન્માનનીય સભાગૃહ કાયદા બનાવે છે અને કાયદા આપણે મંજૂરી માટે મોકલીએ છીએ એમાં પણ અનુચ્છેદ ૨૦૦, ૨૦૧ હેઠળ સમય મર્યાદામાં પોતે બિલોને મંજૂરી આપવામાં આવે એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કલમ ૩૫૬ હેઠળ રાજયોમાં બંધારણીય જોગવાઇઓ પડી ભાંગવાના કિસ્સામાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનું રહે આવો ઉલ્લેખ કર્યો છે. આપણે સૌ જાણીએ છીએ કે વરસો સુધી ૩૫૬નો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો? આ બધી સત્તાઓનો દૂરૂપયોગ કરીને રાજયના ફેડરલ માળખાને અસ્થિર બનાવવા માટે અને જન સમર્થનથી ચૂંટાયેલી સરકારોને હેરાન પરેશાન કરવા માટે આજે સ્થિતિ દેશની અંદર નિર્માણ થતી જાય છે.

૧૯૮૩માં સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિના અધ્યક્ષસ્થાને સરકારીયા કમિશનની નિમણૂક થઇ અને આ સરકારીયા કમિશને ફેડરલ સ્ટ્રકચરની સ્વાયતતા બાબતમાં કેન્દ્ર અને રાજયો વચ્ચે અનેક વખત ઘર્ષણ ઉભું થવાના પ્રસંગો થયેલા એને નવેસરથી ચકાસવા માટે સરકારીયા કમિશને બહુ લાંબુ કામ કર્યું અને આ સરકારીયા કમિશને legislative relation, administrative relation, role of Governor, reservation of bill, financial relation આના સંદર્ભમાં એક લેન્થ રિપોર્ટ કેન્દ્ર સરકારને આપ્યો છે. દરેક રાજયના કરવેરા ઉઘરાવવાની અલગ યાદી હોય, કેન્દ્રમાં કરવેરા ઉઘરાવવાની અલગ યાદી હોય પરંતુ અત્યારે ચિંતાનો સવાલ એવો ઉભો થયો છે કે રાજયની આવકના કરવેરા પોતાની પાસે ઉઘરાવીને રાજયના ટાંચા આવકના સાધનો ઉપર તરાપ મારવા માટેનું કામ કરી રહ્યા છે. બંધારણની સંઘની યાદીમાં ૯૭ વિષયો એમાં રાજય યાદીના ૬૬ વિષયો છે અને કેન્દ્ર અને રાજયની સંયુકત યાદીના ૪૭ વિષયો છે. મોટા ભાગના વિષયોમાં કેન્દ્રનો કાયદો અસ્તિત્વમાં હોય તો રાજયને તે સંદર્ભમાં કાયદો ઘડવાનો અવકાશ રહેતો નથી અને તે રીતે સમવાયી માળખાને આ અનુરૂપ નથી.

બિલોની મંજૂરીના સંદર્ભમાં સરકારીયા કમિશને બહુ સ્પષ્ટ ગાઇડ લાઇન આપી છે કે રાજયપાલશ્રી સમક્ષ બિલ રજૂ થાય તો ચાર માસમાં મંજૂર કરવું, રાષ્ટ્રપતિ સમક્ષ બિલ રજૂ થાય તો એ ચાર માસમાં કરવું. રાષ્ટ્રપતિ વિધાનમંડળને પુનઃ વિચારણા માટે પરત મોકલે તો એનો બે માસમાં નિર્ણય કરવો અને રાષ્ટ્રપતિને વિચારણા માટે મોકલવાનો હોય તો સામાન્ય રીતે એક માસમાં મોકલવુ. પછી સરકારીયા કમિશન પછી મુન્શી કમિશનની રચના થઇ અને આ મુન્શી કમિશન ૨૦૦૬ માં રચાયું અને આ કિમશને અને સરકારીયા કમિશને આ દેશની અંદર ફેડરલ સ્ટ્રકચરના જતન માટે જેટલી ભલામણો કરી હતી એ બધી ભલામણોનો મુન્શી કમિશને સ્વીકાર કર્યો. એના ઉપરાંત ઇન્ટર સ્ટેટ કાઉન્સિલ કે જે બંધારણીય દરજ્જો ધરાવતી સંસ્થા છે અને આ સંસ્થાએ સત્તાના કેન્દ્રીકરણના બદલે સત્તાના વિકેન્દ્રીકરણને વધારે મહત્વ આપ્યું છે. આ ઇન્ટર સ્ટેટ કાઉન્સિલ જે આર્ટીકલ ૨૬૩ હેઠળ constitute થયેલી છે એની વર્ષમાં બે વખત બેઠક મળવી જોઇએ અને એ બેઠકની અંદર કેન્દ્ર અને રાજય વચ્ચેના સબંધોની અંદર જયાં કડવાશ હોય આવશ્યક હોય એની ચિંતા કરીને અમલીકરણ કરવું જોઇએ. ૨૦૦૬ થી આજ દિવસ સુધી એક પણ વખત ઇન્ટર સ્ટેટ કાઉન્સિલ બોલાવવામાં આવી નથી.

તા. ૧૪મી માર્ચ,૨૦૧૩
બિન સરકારી સંકલ્પો

આજકાલ આપણે સૌ જાણીએ છીએ. ગુડઝ એન્ડ સર્વિસ ટેકસ. કરના માળખામાં કેન્દ્રના કર જુદા રાજયના કર જુદા. કેન્દ્રના કરમાં વ્યકિતગત લોકો પાસેથી ઇન્કમટેકસ એકત્રિત કરી શકે. જો ઇમ્પોર્ટ કરતાં હોય તો કસ્ટમ ડયૂટી એકત્રિત કરી શકે, ઉત્પાદન કરતાં હોય તો એકસાઇઝ ડયૂટી એકત્રિત કરી શકે, સર્વિસ ટેકસ એકત્રિત કરી શકે. આ કેન્દ્ર પોતાના કર ઉઘરાવતા હોય છે. રાજયને પણ પોતાના વેટના કર, સ્ટેમ્પ ડયૂટી એન્ટરટેઇનમેન્ટ ટેકસ, ઇલેકિટ્રસિટી ડયૂટી આ બધું રાજય સરકાર કરતી હોય છે. પણ હવે વાત શરૂ થાય છે જે ફેડરલ સ્ટ્રકચર ઉપરની વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા કેટલાય બિલ મંજૂર કરે કે ગુજરાતના હિત માટે, આ ઉદ્યોગ માટે, લઘુ ઉદ્યોગ માટે આપણે કર ઘટાડવા જોઇએ. ઇલેકિટ્રસિટીમાં આપણે આટલી રાહતો આપવી જોઇએ. કોઇ સંખેડાનું ફર્નીચર બનાવતો હોય તો એ સ્વરોજગારીના સાધનોમાં વધારો થાય તેમાં કરમાં રાહતો આપવી જોઇએ. આ વિધાનસભા નકકી કરે અને એનું અમલીકરણ થાય, પરંતુ આ જો અમલમાં આવે તો આ વિધાનસભાના જે અધિકારો છે તેના ઉપર આના માધ્યમથી તરાપ આવશે. આવા સંજોગોમાં આર્ટીકલ–૩૬૬માં ગુડ્ઝ અને સર્વિસની વ્યાખ્યામાં સુધારો થવાથી આ રાજયને ઘણી સમસ્યાઓ ઉભી થવાની છે. ગુજરાત એ દેશનું સમૃદ્ધ રાજય છે. ગુજરાતમાં વેપાર, ધંધા, ગુજરાતની આ સરકાર, મુખ્યમંત્રીશ્રીના રાત–દિવસના પરિશ્રમના કારણે આજે દેશ અને દુનિયાના ઉદ્યોગપતિઓ ગુજરાતની ધરતી ઉપર ઉદ્યોગ સ્થાપતા હોય ત્યારે સ્વાભાવિક છે કે એક વખતનું ટ્રેડ સેન્ટર, આજે ઉત્પાદનની દૃષ્ટિએ ગુજરાતનું નામ દેશ અને દુનિયામાં જાણીતું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે કેન્દ્રીય કરવેરા ગુજરાતમાંથી ૨૦૧૦–૧૧માં ઉઘરાવ્યા એ ૬૦,૭૦૨ કરોડ ઉઘરાવ્યા અને તેમાં રાજયને કેટલા મળ્યા? ૬,૬૭૯ કરોડ. ગ્રાન્ટ ઇન એઇડ પેટે ૪૪૩ કરોડ. હિસાબ મારીએ તો ૬૦,૦૦૦ના કરવેરામાં ૭,૦૦૦ કરોડ રૂપિયા મળ્યા. એ રીતે ૨૦૧૧–૧૨નો હિસાબ મારીએ તો ૨૦૧૧–૧૨માં કેન્દ્રએ કરવેરા પેટે ગુજરાતમાંથી ૬૩,૩૫૦ કરોડ રૂપિયા ઉઘરાવ્યા અને તેની સામે રાજયના હિસ્સામાં ૭,૭૮૨ અને થોડા ગ્રાન્ટ ઇન એઇડ પેટે આવ્યા. અહીંયાથી ઢગલાબંધ સ્વરૂપે લઇ જાય અને ચપટી સ્વરૂપે આ રાજયની વિકાસયાત્રાની અંદર આપતા હોય, આ ફેડરલ સ્ટ્રકચર ઉપર આની અસરો થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારીયા કમિશન બનાવ્યું. મુન્શી કમિશન બનાવ્યું. ઇન્ટર સ્ટેટ કાઉન્સિલ બનાવી. આ દેશના કેટલાય ન્યાયમૂર્તિઓએ પોતાના ચુકાદાઓમાં ઉલ્લેખ કર્યો તોય આ વિધાનસભાએ આ રાજયની ૫૦ ટકા મહિલાઓને મહિલા અનામત મળે એવું બિલ લઇને આવ્યા. ત્રણ વર્ષ થયા, હજી સુધી ગુજરાતની મહિલાઓને તેના ૫૦ ટકા અનામતના અધિકારથી વંચિત રાખવાનો પ્રયાસ કરે. રાજયના મુખ્યમંત્રી મહિલા સત્તામાં ભાગીદાર બને તેના માટે પ્રયત્ન કરતા હોય, પરંતુ આ ફેડરલ સ્ટ્રકચરની અસર થતી હોય એનું આ ઉત્તમ ઉદાહરણ છે. ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી મેનેજમેન્ટ વિધેયક લાવ્યા. ૭૦ કરોડ રૂપિયાનો મણીનગરમાં ખર્ચો કર્યો. બે વર્ષથી મકાન તૈયાર છે. ૨૦૦૦ છોકરાઓને એન્જિનિયર બનાવી શકાય એવી ક્ષમતા છે. આ સભાગૃહે બે વખત બિલ પસાર કર્યું. હજી સુધી આ બિલને મંજૂરી ન મળી. સાહેબ, ગુજરાતના યુવાનોને શા માટે શિક્ષણથી વંચિત રાખવા માટેનો, ટેક્નોક્રેટ બનાવવામાં, મને લાગે છે કે કોના હિસાબે આ કામ કરવામાં આવે છે? આ ફેડરલ સ્ટ્રકચર ઉપરની અસરો છે. એનું આ સન્માનનીય સભાગૃહમાં માનનીય સંજયભાઇ જે લાવ્યા એનું મારી દૃષ્ટિએ આ ઉત્તમ ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશભકતોની રક્ષા અને દેશદ્રોહીને સજા. એ આ દેશની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે અત્યંત આવશ્યક છે. રામભકતોને બચાવવા માટે કે રહીમ ભકતોને સજા માટેનું કંઇ ન હોય, પરંતુ રાષ્ટ્રની એકતા આપણે મન સર્વોપરી હોય. તેના માટે નરેન્દ્રભાઇ મોદી જેવા પ્રબળ રાજકીય ઇચ્છાશકિતના આધાર ઉપર ગુજરાતની છ કરોડની પ્રજાની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે કામ કર્યું છે એવા સામર્થ્યવાન નેતાનું માર્ગદર્શન આવશ્યક છે. મને યાદ છે આ દેશમાં પોટાનો કાયદો લાવ્યા. પોટાનો કાયદો લાવ્યા ત્યારે આ દેશની ત્રણેય પાંખના વડાઓએ એક અવાજે કહ્યું કે આ કાયદો આ દેશની શાંતિ, સુરક્ષા માટે અગત્યનો છે. આ દેશની આઇ.બી.એ કહ્યું. એટલા માટે કહ્યું કે ભારત દેશને ક્રોસ બોર્ડર ટેરરીઝમના માધ્યમથી દેશને ખોખલો કરવા માટેનું ષડયંત્ર હતું અને ભારત અને પાકિસ્તાનમાં સામસામે યુદ્ધમાં જેટલા લોકો નથી હણાયા તેના કરતા વધારે લોકો આ દેશની અંદર આતંકવાદીની ગોળીઓના શિકાર બન્યા છે. એના માટે પોટાનો કાયદો લાવ્યા. આપણને સૌને ખ્યાલ છે કે, કેન્દ્રની અંદર તૃષ્ટીકરણની રાજનીતિવાળી સરકારો આવી, •(xxxxxx) એની સામે ગુજરાતની પ્રજાએ કહ્યું, ગુજરાતની વિધાનસભાએ કહ્યું, બે વખત કાયદો પસાર કર્યો. અમને ગુજકોકનો કાયદો આપો. મહારાષ્ટ્રનો મકોકાનો

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કાયદો એવો ગુજરાતનો ગુજકોકનો કાયદો. આ ફેડરલ સ્ટ્રકચર ઉપરનો ઘા છે. જે કાયદો મહારાષ્ટ્રને આપ્યો, એ જ અલ્પ વિરામ, પૂર્ણ વિરામવાળો કાયદો, શા માટે ગુજરાતને આપતા નથી? ગુજરાતની છ કરોડની જનતાની સલામતી અને સુરક્ષાનું તંત્ર નથી બનાવતા. ગઈકાલે રાત્રે જ શ્રીનગરમાં આત્મઘાતી હુમલો થયો અને એ હુમલામાં એકે–૪૭થી આડેધડ ગોળીબારથી ૫ જવાનો શહીદ થયા. એના સિવાય હૈદ્રાબાદમાં બોમ્બ ધડાકા થયા. આપણે અહીંયાં પણ જાણીએ છીએ કે, આ દેશનું સર્વોચ્ચ સ્થાન સંસદ. એના ઉપર પણ હુમલા થયા. આ બધાની સામે આતંકવાદ સામે રીતસરના ઘૂંટણીયે પડવાની જગ્યાએ એની સામે જે લડી લેવાનો મનસુબો આ ગુજરાત સરકારનો છે. પરંતુ આજ દિવસ સુધી ગુજકોકનો કાયદો આપણને મંજૂર કરીને આપવામાં નથી આવ્યો.

ગુજરાતની અંદર ૧૧ યુનિવર્સિટી હતી. આજે ૪૨ યુનિવર્સિટી છે. એના શૈક્ષણિક કોલેજના અધ્યાપકો અને કમર્ચારીઓના સેવા વિષયક પ્રશ્નોના ઝડપી નિકાલ માટે અનેક જગ્યાએ ન જવું પડે, એને ન્યાય મળે, શૈક્ષણિક ટ્રીબ્યુનલ વિધેયક આ સન્માનનીય સભાગૃહે મંજૂર કર્યુ. હજુ સુધી એની મંજૂરી આપણા સુધી નથી આવી. સૌથી ચિંતાજનક વાત એ છે કે, કેન્દ્ર સરકારે નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી એન.આઇ.એ.નો એકટ બનાવ્યો અને આ એકટ હેઠળ એમણે નેશનલ કાઉન્ટર ટેરરીઝમ સેન્ટર, એન.સી.ટી.સી.ની સ્થાપના કરી અને આ એન.સી.ટી.સી.ની સ્થાપના કરીને એની અંદર ઉલ્લેખ કર્યો કે, રાજ્યના આઇ.બી. તંત્રને એ એન.સી.ટી.સી.ના હવાલે કરી અને એન.સી.ટી.સી.ના હવાલે મૂકીને પોતાના રાજકીય મનસૂબા પાર પાડવા માટે આઇ.બી.નું તંત્ર એમણે પોતાના હવાલે લેવું હતું. આ મુળભૂત રીતે આતંકવાદ સામે સંગઠીત થઇ અને લડવાની જે વૃત્તિ જોઇએ એનો એમાં અભાવ દેખાય છે. દરેક ઘટના વખતે આ દેશના સર્વોચ્ચ સ્થાને બેઠેલા લોકોને જોઇએ તો જેવી ઘટના થાય એટલે એની તપાસ કરાવીશું, કમિટી નીમીશું અને આ કમિટી નવી ઘટના બને એની રાહ જુએ છે. આ સરકારોને એ યાદ દેવડાવવા માગું છું કે, જ્યારે ગુજરાતમાં સિરિયલ બ્લાસ્ટ થયા ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દ્દઢ નિર્ધાર કર્યો કે, હું આતંકવાદીઓને જેલના હવાલે કરીને સજા અપાવીને જ રહીશ. કેરળથી આઝમગઢ સુધી ગુજરાતની પોલીસ ગઇ અને સાત સાત રાજ્યોમાં ફરી અને જેણે ગુજરાતના નિર્દોષ નાગરિકોના રક્તથી ગુજરાતની ધરાને ભીંજવવા માટેનો પ્રયાસ કર્યો હતો, એવા એકે એક લોકોને પકડીને જેલના હવાલે મૂકવાનું કામ કર્યું હોય તો આ ગુજરાતની પ્રબળ રાજકીય ઇચ્છા શકિતના આધાર ઉપર ચાલતી સરકારે કર્યું છે. રાજ્યના પોલીસ વડાને વિશ્વાસમાં લીધા સિવાય એન.સી.ટી.સી. ડાયરેકટ ઓપરેશન કરી શકે.

આજકાલ આપણે સૌ જાણીએ છીએ કે, સૌથી વધારે આ દેશની અંદર દુરુપયોગ પોતાની રાજ્ય સત્તા બચાવવા માટે થતો હોય તો તે સી.બી.આઇ.નો થાય છે. અને આ સી.બી.આઇ.ના અનેક મુદ્દા જ્યારે જ્યારે રાજકીય અસ્થિરતા ઉભી થાય ત્યારે કોઇ રાજ્યના વડા જેની સામે સી.બી.આઇ.ના કેસ હોય ભલે કોઇ રાજ્યના મુખ્યપ્રધાન હોય, પૂર્વ મુખ્ય પ્રધાન હોય, એમને દબાવવામાં આવે અને દબાવીને એનો ટેકો લેવામાં આવે. આખે આખી સરકારો બચાવવા માટે સી.બી.આઇ.નો એક રાજકીય શસ્ત્ર તરીકે દુરુપયોગ કરવામાં આવે છે. દરેક રાજ્ય પાસે પોતાનું એન્ટી કરપ્શન બ્યૂરો છે, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ છે, એસ.ઓ.જી. છે, એ.ટી.એસ. છે. પરંતુ રાજકીય ઇરાદાઓ બર લાવવા માટે અને રાજયની રાજ્ય સરકારોને અસ્થિર કરવા માટે તૃષ્ટિકરણની નીતિને પોષવા માટે સી.બી.આઇ.નો દુરૂપયોગ કરવામાં આવે છે. એક વાર જયારે મને સમાચાર મળ્યા ત્યારે એ જાણીને મને બહુ દુઃખ થયું કે આ ગુજરાતની અંદરના કેટલાક કેસોની સી.બી.આઇ. તપાસ કરી રહી છે. અને એ સી.બી.આઇ. જયારે તપાસ કરી રહી હતી એ અરસામાં સી.બી.આઇ. ના ડાયરેકટર તરીકે અશ્વિનીકુમાર હતા, કેન્દ્રએ પોતાના ઇરાદા, મનસૂબા પાર કરવા માટે સી.બી.આઇ.ના વડા અશ્વિનીકુમારનો દુરૂપયોગ કર્યો અને જેવા એ સી.બી.આઇ.ના વડા પદેથી ઉતર્યા એટલે તાત્કાલિક નાગાલેન્ડના ગવર્નર તરીકે એમને મૂકવામાં આવ્યા. સી.બી.આઇ.ના દુરૂપયોગના અનેક કિસ્સાઓ આપણા દેશની અંદર જાણીએ છીએ. કોમ્યુનલ વાયોલન્સ બિલ અને આ બિલનો કાયદો એ રાજય સરકારના બાબત છે. કોઇ એક બે જૂથો ઝગડે અને એની અંદર કયાંક અનુસૂચિત જાતિના હોય, કયાંક અનુસૂચિત જનજાતિના હોય તો મોટા જૂથના નહીં પરંતુ પોતે અનુસૂચિત જાતિ કે જનજાતિના છે એને ટાર્ગેટ બનાવીને એની સામે પગલાં લેવાના સંદર્ભમાં કોઇ સ્પષ્ટતા આની અંદર નથી. આ કોમ્યુનલ વાયોલન્સ એકટની અંદર રીલીફ અને રીહેબીલીટેશન માટેની એમાં રાજય સરકારનું કોઇ પ્રતિનિધિત્વ નહીં રહે અને આનું જે અસરગ્રસ્તોને વળતર અને પુનઃવસવાટ બાબતે સ્ટેટ લેવલનું ફંડ રાજય સરકાર દ્વારા જ ભોગવવામાં આવશે. ૩૫૬નો આ દેશની અંદર આપણને આઝાદી મળી ત્યારથી આજ દિવસ સુધીમાં કુલ ૬૦ થી વધારે વખત ઉપયોગ થયો છે અને મને ખ્યાલ છે કે આંધ્રપ્રદેશમાં ત્યાંની રામારાવની સરકારને ઉથલાવવા માટે પ્રયત્ન કરેલો. ઉથલાવ્યા નવી ચૂંટણી આવી અને નવી ચૂંટણીમાં ૨૯૫ના હાઉસની અંદર રામારાવજી ૨૦૧ સીટો સાથે ફરીથી સત્તાસ્થાને બેઠા હતા.

અધ્યક્ષશ્રી : તમારે બે–ત્રણ મિનિટ છે, પણ તમે જે આ ૩૫૬નો દુરૂપયોગ થાય છે ને એ કોન્સ્ટીટ્યુશનલ એને અધિકાર છે. બીજું, પાસાના કાયદા માટે વાત કરી. એ પણ એને કાયદો ઘડવાનો અધિકાર છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : પાસાનો મેં ઉલ્લેખ નથી કર્યો.

અધ્યક્ષશ્રી : તમે જે કહ્યુંને રદ કર્યો ..

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ૩૫૬ના સંદર્ભમાં હું ક્રીટીસાઇઝ નથી કરતો. ભૂતકાળમાં ૩૫૬ના સંદર્ભમાં આ દેશની અંદર ..

અધ્યક્ષશ્રી : જોઇ લઇશ શબ્દો. ક્રીટીસાઇઝ કર્યા હશે તો કાઢી નાખીશ અને જે પોટાનો કાયદો છે એ પણ કેન્દ્રને કાયદો ઘડવાની સત્તા છે. ગુજકોક છે એ નથી મંજૂર કર્યો અને મહારાષ્ટ્રનો કાયદો છે એ મંજૂર કર્યો છે એમાં કોઇ વાંધો નથી પણ પોટાનો કાયદો હશે એટલું કાઢી નાખુ છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની અંદર કેન્દ્ર સત્તા ચલાવે એટલે એના માટે તમામ રાજયોની અંદર સરખું એનું આયોજન હોવું જોઇએ. સર્વશિક્ષણની અંદર પહેલા કેન્દ્રનો ૮૫ ટકા હિસ્સો હતો પછી ૭૫ ટકા થયો. આજે ૬૫ ટકા છે. રાજયને ૯૩૪ કરોડનું નુકસાન. પ્રાથમિક શિક્ષણની અંદર બિહારને ૧૦૨૨ કરોડ અને ગુજરાતને ૫૫૦ કરોડ, વીજ ઉત્પાદનમાં કોલસો દૂરથી આપે એટલે ૫૪૬ કરોડ, અને ક્રુડ ઓઇલની રોયલ્ટીમાં ગુજરાતને ખોટી ગણતરીના કારણે ૬૫૪૪ કરોડનું નુકસાન. વેચાણવેરાના વળતરમાં પણ ૧૪૮૮ કરોડનું નુકસાન. આ રાજયને પરફોર્મન્સ ગ્રાન્ટ મળવી જોઇએ પણ એ પરફોર્મન્સ ગ્રાન્ટની અંદર પણ ૪૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. આમ માનનીય સંજયભાઇ જે સમગ્ર વિષય અને વિષયની અંદર એમણે જે હાર્દ મૂકયો છે અને હાર્દની અંદર ભારતની આ રાષ્ટ્રીય એકતા માટે ફેડરલ સ્ટ્રકચરનું જતન થાય અને રાજયની અપેક્ષાઓ, એના સંસાધનો અને વિકાસ એના કાયદાઓને સમયસર પરવાનગી મળે એના માટે જે સંકલ્પ માનનીય સંજયભાઇ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.**

## ગેસના ભાવ અને ફાળવણી બાબતે કેન્દ્ર સરકારને રજૂઆત કરવા અંગે

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લાં દસ વર્ષ દરમિયાન અનેક બાબતોમાં ગુજરાતને અન્યાય કરવામાં આવી રહ્યો છે. ગુજરાત સરકારે રાજ્યની છ કરોડની જનતાના અધિકારનું જતન કરવા માટે અનેકવિધ પ્રયત્નો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના મોટા શહેરોમાં વાહનોથી થતાં હવાના પ્રદૂષણ અંગે અભ્યાસ કરી પગલાં સૂચવવા માટે શ્રી ભુરેલાલ સમિતિની નિમણૂક કરવામાં આવી હતી. આ સમિતિએ સર્વોચ્ચ અદાલત સમક્ષ રજૂ કરેલ અહેવાલના સંદર્ભમાં અદાલતે દેશના તમામ પ્રદૂષિત શહેરોને પૂરતા પ્રમાણમાં સી.એન.જી.નો જથ્થો પૂરો પાડવા કેન્દ્ર સરકારને નિર્દેશ કર્યો હતો. ગુજરાત સરકાર તરફથી ગુજરાત વડી અદાલત સમક્ષ રજૂઆત થયેલ કે પ્રદૂષણના કિસ્સામાં શ્રી ભુરેલાલ સમિતિએ અમદાવાદને, દિલ્હી અને મુંબઇની સમકક્ષ મૂકેલ હોવા છતાં કેન્દ્ર સરકાર સી.એન.જી.ની ફાળવણી બાબતે તે બે શહેરોની સરખામણીમાં અમદાવાદને મોંઘા ભાવે ગેસ આપીને અન્યાય કરી રહી છે. અમદાવાદ શહેરનું પ્રદૂષણનું લેવલ મુંબઇ અને દિલ્હી જેટલું છે અને પર્યાવરણ જાળવવા ગેસ આધારિત વાહનો માટે તે બે શહેરોની સરખામણીમાં મોંઘા ભાવે ગેસ આપવો તે ગેરવાજબી છે. પર્યાવરણ અને જન આરોગ્યને સ્પર્શતા આવા પ્રશ્ન અંગે તમામ શહેરો માટે કેન્દ્ર સરકારનો અભિગમ એક સમાન હોવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે ગેસની પાઇપલાઇનનું નેટવર્ક સ્થાપવા રૂ. ૫૦૦૦ કરોડનું રોકાણ કરેલું છે. ૨૫૦૦ કિ.મી.ની આવી પાઇપલાઇન દ્વારા રાજ્યમાં રોજના પંદર લાખ ક્યુબીક મિટર ગેસના વિતરણનું આયોજન છે. ખાનગી–જાહેર ભાગીદારીથી આ મહત્વની ગેસ ગ્રીડ બની રહી છે અને ૧૧ લાખથી વધારે ગ્રાહકોને ઘર વપરાશનો ગેસ પાઇપલાઇનથી અપાય છે. એટલું જ નહીં, સી.એન.જી. ગેસ ગુજરાતના ૩૪૩ જેટલા આઉટલેટ ઉપરથી ચાર લાખથી વધારે વાહનોને અપાય છે. જેના કારણે ગુજરાતને મોંઘા ભાવે આયાતી ગેસ ખરીદવાની ફરજ પડે છે. ગુજરાતની વડી અદાલતે તા. ૨૫–૭–૨૦૧૨ના રોજ ચુકાદો આપી અમદાવાદને ઘર વપરાશ માટેનો ગેસ (પી.એન.જી.) અને વાહનોના વપરાશનો ગેસ (સી.એન.જી.) દિલ્હી અને મુંબઇને જે ભાવે અપાય છે તે જ ભાવે આપવા કેન્દ્ર સરકારને નિર્દેશ આપેલ છે, જેનો કેન્દ્ર સરકારે આજ દિન સુધી અમલ કરેલ નથી. ઉપરાંત, ઘરેલુ રાંધણ ગેસ સિલિન્ડર પરની સબસિડીમાં ઘટાડો થતાં વર્ષ દરમિયાન ગ્રાહકોને નિયત સંખ્યામાં સબસિડાઇઝ ગેસ

સિલિન્ડર આપવાનો કેન્દ્ર સરકારનો તાજેતરનો નિર્ણય મધ્યમવર્ગ માટે પડ્યા ઉપર પાટું સમાન છે. કેન્દ્ર સરકારની તાજેતરની નીતિઓના અમલીકરણથી પેટ્રોલ અને ડિઝલના ભાવ વધારાના કારણે તે ઉપર આધારિત તમામ સેવાઓ મોંઘી બની છે. તેવા સમયે કેન્દ્ર સરકારે સબસિડાઇઝ ગેસ સિલિન્ડરોની સંખ્યાની વાર્ષિક મર્યાદા નક્કી કરી મધ્યમવર્ગને લાચાર પરિસ્થિતિમાં મૂકી દીધેલ છે. માતાપિતા, પતિપત્ની અને બે બાળકોના કુટુંબનું એક યુનિટ ગણતાં આવા કુટુંબ માટે મહિને ઓછામાં ઓછો એક ગેસ સિલિન્ડરનો વપરાશ ગણી શકાય અને તે રીતે વર્ષે ઓછામાં ઓછા બાર સિલિન્ડરોના વપરાશના પ્રમાણના આધારે સિલિન્ડરો દરેક ગ્રાહકને મળવા જરૂરી છે. કૂદકે ને ભૂસકે વધતી મોંઘવારીના સમયમાં સામાન્યત: ગૃહિણીઓ જ્યારે ઘર ચલાવવામાં કરકસર કરવા છતાં મુશ્કેલી અનુભવતી હોય તેવા સમયે કેન્દ્ર સરકારનો આવો નિર્ણય મહિલા હિત અને જનજીવન હિત વિરુદ્ધનું પગલું ગણાય તેવો છે. પી.એન.જી. અને સી.એન.જી. ગેસની ફાળવણી અને ભાવ બાબતે કેન્દ્ર સરકારની ભેદભાવભરી નીતિ દૂર થાય તથા રાંધણગેસ માટે ઓછામાં ઓછા વાર્ષિક બાર સીલીન્ડર સબસીડાઇઝ દરે મળી રહે તે માટે યોગ્ય સત્તાધીશો સમક્ષ પ્રજાની લાગણી પહોંચાડવા અસરકારક રજૂઆત કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે'' આવો સંકલ્પ લઇને હું આવ્યો છું.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પમાં બે વસ્તુ સ્વયંસ્પષ્ટ છે. એક છે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને જે અન્યાય થઇ રહ્યો છે, વાત સીધી એવી છે અને આ વાત અમે નથી કહી. ગુજરાતની વડી અદાલતે હુકમ કરીને કહ્યું છે કે તમે દિલ્હી અને મુંબઇને જે ભાવે ગેસ આપો છો, એ ભાવે તમે ગુજરાતને આપો. આમ થવા છતાં આજે ૫-૬ મહિનાનો સમયગાળો થયો હોવા છતાં કેન્દ્ર સરકાર વડી અદાલતના હુકમને પણ અવગણી રહી છે. વડી અદાલતના હુકમનું પણ માન જાળવવાના કેન્દ્ર સરકારના પ્રયત્નો નથી ત્યારે આ બંને હકીકતોમાં ગુજરાતને આ દેખીતો અન્યાય છે, ગુજરાતને હળહળતો અન્યાય છે, ખુલ્લો અન્યાય છે અને વારંવાર રિપિટેડલી થતો અન્યાય છે અને એટલા માટે આ ગુજરાત અને ગુજરાતીઓ સામે કેન્દ્રને વાંધો શું છે એજ અમને સમજાતું નથી?

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે એવું હોય કે અમારી સરકાર નથી પણ અગાઉ ગુજરાતમાં કેન્દ્રની સરકાર હતી. ૪૦-૪૦ વર્ષ સુધી હતી, પણ કોઇ વિકાસ નથી થયો અને એટલા માટે સરકારો બદલાય. કેન્દ્રના શાસનમાં ગામડામાં લાઇટો નથી. અંધારા ઊલેચવાનું કામ આ સરકારે કર્યુ છે. ગામડામાં પીવાનું પાણી નહોતું, પીવાના પાણીના વાંકે સૌરાષ્ટ્રના ગામડા ખાલી થઇ ગયા હતા અને તરસી જનતાની તરસ છીપાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** સંકલ્પ ઉપર આવોને.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એટલે પરિસ્થિતિ એવી થઇ કે લોકોના પ્રશ્નનું નિરાકરણ નહિ થયું એટલે સાહેબ, અમારે ગુજરાતની પ્રજાએ, ગુજરાતની જનતાએ ડોકટર બદલવાની જરૂર પડી અને ડોકટર બદલ્યાં સાહેબ. એનું પરિણામ આજે એ આવે છે કે, ગામડામાં ૨૪ કલાક લાઇટ છે, સૌરાષ્ટ્રના ગામડામાં પાણીની સુવિધા પૂરી પાડી છે અને આ તૂટેલ-ફૂટેલ જે રસ્તાઓ હતા તેની જગ્યાએ આજે પ્લાઇવૂડ જેવા લીસી સપાટી જેવા રસ્તાઓ આપણે બનાવી શક્યાં છીએ, એના પરિણામે ગુજરાતમાં ભા.જ.પ.ની સરકાર ચાલે છે અને એ સરકાર ચાલતી હોય ત્યારે ગુજરાતની જનતાને અને ગુજરાતના મતદાતાઓને જે અન્યાય કરવાનો પ્રયત્ન થઇ રહ્યો છે ત્યારે મારી એક રજૂઆત એ છે કે ભા.જ.પ.ના શાસનમાં જે વિકાસનું પૂર શરૂ થયું, વિકાસના જે કામો શરૂ થયા છે. આ વિકાસના પૂરમાં કોંગ્રેસ તણાઇ ગઇ, કોંગ્રેસ સાફ થઇ ગઇ અને મારે એ વાત કરવી છે કે આજે જ્યારે ગેસના બાટલાઓ ઉપર જ્યારે કંટ્રોલિંગ થયું છે એના પરિણામે કાળાબજારિયાઓને પ્રોત્સાહન મળ્યું છે અને આ રીતે જે સંખ્યા ઘટાડી છે. ભૂખ્યા જનોને, ખાસ કરીને ગરીબ લોકોને મશ્કરીરૂપ આ કોંગ્રેસે જયારે યોજના બનાવી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, માંડ માંડ પોતાના જનજીવનને અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકતી મહિલાઓ માટે પણ એક ખૂબ મોટો પ્રશ્ન ઉભો થયો છે અને ત્યારે હું એટલું કહીશ માનનીય અધ્યક્ષશ્રી કે, "ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, ત્યારે ભષ્મ તણી એક કણી એને લાગશે" અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, ગુજરાતને કરવામાં આવતી જે અન્યાયની પરંપરા છે, એમાં કોંગ્રેસને રૂક જાવ કહેવાનો આ અવસર આવ્યો છે. અને અમે કહીએ છીએ કે, હવે તમારે જો રૂકવાનો જો પ્રયત્ન નહીં થશે, તો કૃષ્ણ ભગવાને પણ શિશુપાલની ૯૯ ગાળો માફ કરી હતી અને જયારે ૧૦૦ મી ગાળ દીધી ત્યારે એ જ શિશુપાલનો વધ કરવાનું કામ કૃષ્ણ ભગવાને કર્યું હતું. કેન્દ્ર સરકારના ૯૮-૯૯ અન્યાયો અમે સહન કરી રહ્યા છીએ અને હવે વધારે જો અન્યાયો કરવામાં આવશે તો કોંગ્રેસના પણ વીસ વર્ષથી અમે આ ગુજરાતમાં રામ રમાડી દીધા છે, રાજકીય રીતે. અને જો હવે એ નહીં સુધરે તો ૨૦૧૪માં અમે નક્કી

કરી દીધું છે કે, ૨૦૧૪માં અમારા સાહેબને વિજયનિર્ધારના રથ ઉપર સવાર કરીને અમે મોકલવાના છીએ. આવનારા દિવસોમાં દિલ્હીમાં કોંગ્રેસની કેન્દ્રની સરકાર સાફ થઇ જશે એમાં શંકાને કોઇ સ્થાન નથી. અને અમે કહીએ છીએ કે, આ છ કરોડ ગુજરાતીઓનું હિત તમારા હૈયે હોય અને તમારું કાંઇ દિલ્હીમાં ઉપજતું હોય, તો જાય દિલ્હી અને દિલ્હીમાં કાંઇ ચાલતું હોય (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ, સંકલ્પ ઉપર આવો, આ ગેસનો સંકલ્પ છે.

શ્રી આત્મારામ મ. પરમાર : સાહેબ, આ અન્યાયની વાત છે એટલા માટે આ ગેસનો ભાવ સાહેબ.

અધ્યક્ષશ્રી : ના. બધા અન્યાયની વાત નથી. ગેસ ઉપર આવો.

શ્રી આત્મારામ મ. પરમાર : હા. પૂરું કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, અને અમે એમ કહીએ છીએ કે, દિલ્હીમાં જઇને જો સાહેબ આ ભાવનો જે તફાવત છે સાહેબ..

અધ્યક્ષશ્રી : તમે શું કહો છો એ નહીં પણ હું તમને એ કહું છું કે, તમે ગેસ ઉપર કહો.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને જે મોંઘા ભાવનો ગેસ આપવામાં આવે છે એ કામ ગુજરાત વતી જઇને આ કરાવી લાવે. તો સાહેબ, ગુજરાતની પ્રજા તરફથી હું એમને ફૂલમાળા પહેરાવીશ, કોંગ્રેસીઓને.

અધ્યક્ષશ્રી : એડવાન્સમાં પહેરી આવોને, પછી વાત. બે મિનિટ છે.

શ્રી આત્મારામ મ. પરમાર : ના એડવાન્સ નહીં. કાંઇ કરે એવા નથી. ફૂલની માળા મારી ફોગટ જાય. અને આમાં સાહેબ, કાંઇ નોતરાની રાહ ના જોવાય. છ કરોડની ગુજરાતની જનતામાં કોંગ્રેસીઓ પણ આવી જ જાય છે અને કોંગ્રેસના મતદારો પણ  આવી જાય છે અને એટલા માટે કહીએ છીએ કે, અમારે આ દિલ્હીવાળા પાસે કાંઇ સોના–ચાંદી માંગવાનું નથી. "ના માંગુ સોના–ચાંદી, ના માંગુ હિરા–મોતી". માનનીય અધ્યક્ષશ્રી, અમે તો એટલું જ માગીએ છીએ કે, દિલ્હીવાળા પાસેથી  આ ભાવનો જે ફેરફાર છે એ ઘટાડો કરાવી લાવો તો અમને બહુ થયું. મારે જે વાત કરવી છે કે, કાળાબજારીયાઓને પ્રોત્સાહન મળે એવું જયારે આ કેન્દ્રની કોંગ્રેસની (અંતરાય ) હા, હા. એવા તો ઘણા સમાચાર આવ્યા સાહેબ. કાલે બનાસકાંઠાની, હવે આ નહીં સુધરે તો શું થાય સાહેબ એ પરિસ્થિતિ છે? બનાસકાંઠામાં જિલ્લા પંચાયત...

અધ્યક્ષશ્રી : તમારું પ્રવચન ગેસ ઉપર ચાલુ રાખો, નહીંતર..

શ્રી આત્મારામ મ. પરમાર : હવે આજે ખેડા જિલ્લામાં પણ સાહેબ ભા.જ.પ.ની... એનું કારણ છે સાહેબ, લોકો સમસમીને બેસી રહે છે અને એને થયેલા અન્યાયનો બદલો લેવા માટે મતદાતાઓ માટે એક જ અવસર છે અને એ ચૂંટણી છે અને જયારે આવી ચૂંટણીઓ આવે છે ત્યારે આ કોંગ્રેસીઓને રાજકીય રીતે ખતમ કરવાની કોઇ તક આ ગુજરાતની જનતા જવા દેતી નથી. એ નગરપાલિકાની ચૂંટણી હોય, તાલુકા પંચાયતની ચૂંટણી હોય, જિલ્લા પંચાયતની ચૂંટણી હોય, આગામી દિવસોમાં આ અન્યાયમાંથી આ ગુજરાતને મુકત કરે એવું અમે ઇચ્છીએ.

અધ્યક્ષશ્રી : પૂરું થાય છે તમારું. શ્રી દુષ્યંતભાઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ તો ઘણી બધી વાત કરી અને કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા દસ વર્ષ દરિમયાન અનેક બાબતોમાં આ રાજય જોડે અન્યાય કરતા આવ્યા છે અને હજુ વધુ કેવી રીતે અન્યાય થાય એવી તમામ કોશિશો તેઓ કરી રહ્યા છે. દેશના મોટા શહેરોમાં વાહનોથી થતા પોલ્યુશન અંગે અભ્યાસ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી અને શ્રી ભૂરેલાલ સમિતિની નિમણૂક કરવામાં આવી. આ સમિતિએ તપાસ કરી અને તપાસના અંતે એવો નિર્ણય લેવામાં આવ્યો કે,મુંબઇ, દિલ્હી અને અમદાવાદ જેવાં શહેરોની અંદર જે વાહનોથી થતું પોલ્યુશન છે, ત્યાં સી.એન.જી. ગેસ ત્યાં વ્હીકલમાં અપાય, જેથી પ્રદૂષણનું પ્રમાણ ઘટે. ભૂરેલાલ કમિટીએ સર્વોચ્ચ અદાલત સમક્ષનો રિપોર્ટ આપ્યો અને એના અહેવાલ સંદર્ભે અદાલતે તમામ પોલ્યુટેડ સિટીને પૂરતા પ્રમાણમાં સી.એન.જી. ગેસ આપવા આ કેન્દ્ર સરકારને આદેશ કર્યો. તેમ છતાંય ભૂરેલાલ સમિતિનો અહેવાલ હોવા છતાં પણ દિલ્હી, મુંબઇને જે ભાવે સી.એન.જી. ગેસ અપાય છે, તે ભાવે આજે પણ અમદાવાદને અપાતો નથી અને તે માટે થઇને માનનીય સભ્યશ્રી આત્મારામ પરમાર આ સંકલ્પ લઇને આવ્યા છે. ખૂબ રજૂઆતો થઇ અને દરેક રજૂઆતના સંદર્ભે અમૂક ચોક્કસ પ્રકારનાં તારણો પણ આપવામાં આવ્યાં. પણ મને લાગે છે કે *(xxxxxx)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ કાઢી નાખીએ છીએ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : ધ્રાંગધ્રાના પ્રકૃતિ મંડળ અને રાજ્યના ઓટો રીક્ષા ફેડરેશન દ્વારા ગુજરાત હાઇકોર્ટ દાખલ કરેલ પી.આઇ.એલ. ૪૭ અને પી.આઇ.એલ. ૫૪ ૨૦૧૧ ના નામદાર ગુજરાત હાઇકોર્ટે તા. ૨૫–૭–૧૨ ના રોજ આપેલ જજમેન્ટમાં મુંબઇ અને દિલ્હીને જે ભાવે ગેસ આપવામાં આવે છે, તે ભાવે ગુજરાત રાજયને શહેરી ગેસ વિતરણ વ્યવસ્થા માટે કુદરતી ગેસ ફાળવવામાં કેન્દ્ર સરકારને જણાવેલું, તેમ છતા ય નામદાર ગુજરાત હાઇકોર્ટના જજમેન્ટ પછી પણ કેન્દ્ર સરકારે રાજય શહેરી ગેસ વિતરણ વ્યવસ્થા માટે કુદરતી ગેસ ફાળવવા માટે કોઇ પગલાં લીધાં નથી. આજે દેશની અંદર સૌથી વધારે ભાવ હોય તો તે ગુજરાતમાં છે. ગુજરાત પાસે ૧૧,૦૭,૦૦૦ જેટલા કસ્ટમર છે અને રોજનો ૧૨.૨ કે.જી. પર ડે ગેસ વાપરીએ છીએ. સન્માનનીય સભાગૃહને જણાવું કે આપણે આ ગેસ વાપરવાથી પર યર એક વર્ષની સબસિડી એલ.પી.જી. અને ડીઝલ ઉપર આપીએ છીએ તો આ ગેસ વાપરવાથી ૬૯૦.૨૬ કરોડ રૂપિયા આપણે વાર્ષિક બચત કરી આપીએ છીએ.

દેશની અંદર બે સી.એન.જી. ટર્મીનલ છે, એ ગુજરાત પાસે છે અને આખા ગુજરાતમાંથી જે બે ટર્મીનલમાંથી આખા દેશના ગ્રીડ દ્વારા સમગ્ર દેશને આપણે ગેસ પૂરો પાડીએ છીએ. પન્ના–મુક્તા ગેસ ફીલ્ડ ગુજરાતનો જે ક્વોટા હતો, તે રાતોરાત ૪૦ ટકા જેટલો કાપ મૂકવામાં આવ્યો. પરિણામ શું આવ્યું? પરિણામ દેશની અંદર અસર પડી તો ગુજરાતના ઉદ્યોગોને અને ગુજરાતને સૌથી વધારે અસર ગુજરાતના પાવર પ્લાન્ટોને પડી. આજે સૌરભભાઇએ પોતાના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે આજે ૭૫ થી ૮૦ ટકા પાવર પ્લાન્ટ ગેસ આધારિત છે, તો તે ગેસ નહિ આપવાના કારણે છે. સેન્ટ્રલ ગવર્નમેન્ટના કન્ટ્રોલની અંદર ગેસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા છે. ગેઇલ. જે નોડેલ એજન્સી છે, જે નેશનલ ગેસના ચેનલાઇઝિંગ એજન્ટ ગ્રીડ તરીકે કામ કરે છે. આ ગેઇલના પક્ષપાતીભર્યા વલણે ગુજરાતની અંદર વેચાતા ગેસની અંદર ૨૫ ટકાનો ભાવ વધારો નાખ્યો. આ ભાવ વધારો નાંખવાથી ૨૫ ટકા વધારો એ ગ્રાહક અને છેલ્લે ઉપભોકતા ઉપર જતો હોય છે. કેન્દ્ર સરકાર જે આપણને ગેસ આપે તો આપણે રાજયની અંદર ૧૮ જેટલા જિલ્લા છે, જેને આપણે ગેસ આપી શકતા નથી, તેમ છતાય આર.આઇ.એલ. ડી–૬ ફીલ્ડમાંથી કેન્દ્ર સરકાર નોન કોર સેક્ટર સ્ટીલ ઇન્ડસ્ટ્રિઝને દેશની અંદર અન્ય જગ્યાએ ગેસ આપી રહ્યા છે અને ગુજરાતને આપતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ઓછામાં ઓછા પાંચ હજાર કરોડનું ઇન્વેસ્ટમેન્ટ આની અંદર કર્યુ છે. આપણી પાસે ૨૫૦૦ કિલોમીટરની ગેસ ગ્રીડ છે. ૩૪૩ જેટલા સી.એન.જી. આઉટલેટ આપણી પાસે છે. સન્માનનીય ગૃહને જણાવવું છે કે દેશની અંદર આ રાજય ૨ લાખ ૨૦ હજાર કરોડ રૂપિયાનો ડાયરેકટ અને ઇનડાયરેકટ ટેક્સ, કેન્દ્ર સરકારને જે આવક થાય છે તેની અંદર ૨ લાખ અને ૨૦ હજાર કરોડ રૂપિયાની આવક ગુજરાત સરકારની છે. આ દેશની કુલ આવકના ૧૮ ટકા છે. તેમ છતાંય ફંડ એલોકેશન આપવાનું હોય તો તેમાં સૌથી વધારે અન્યાય થતો હોય તો આ રાજયને થાય છે, પછી તેમાં ગમે તે યોજના હોય. બીજા રાજયની અંદર નહેરુ પરિવારના નામે હજારો યોજનાઓ કેન્દ્ર સરકારે આપી છે પણ જયારે આ રાજયને આપવાની હોય ત્યારે અન્યાય થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું તે અંકલેશ્વર અને ભરૂચ જિલ્લાની ખાસ વાત કરવી છે. તે અંકલેશ્વર વિસ્તારને ક્રિટીકલ પોલ્યુટેડ એરીયામાંથી કાઢતા નથી. રાજય સરકારને આ પોલ્યુટેડ એરીયામાં લગભગ ૧૫૦ કરોડ રૂપિયા પર્યાવરણના શુદ્ધિકરણ માટે ખર્ચ્યા છે. તેનું પોલ્યુશન લેવલ ડાઉન આવ્યું છે. સી.ઓ.બી. ડાઉન થયા છે તેમ છતાં આની ઘોર ઉપેક્ષા થતી આવે છે. તેના લીધે કોઇ એન.ઓ.સી. મળતા નથી. અંકલેશ્વર, પાનોલીના જે ઉદ્યોગ છે તેને કોઇ કન્સેન્ટ મળતી નથી. તે પોતાના ઉદ્યોગને આગળ વધારી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે માનનીય ગૃહમંત્રી રજનીભાઇ પટેલ પણ કહેતા હતા કે, દરેક વિભાગમાં આપ જોશો, ગૃહ વિભાગની ગઇકાલે વાત કરી તો જે માંગણી કરી હોય, જે રાજયએ દેશ પાસે માગ્યા હોય તેના માત્ર ૨૫ ટકા ફંડ, આ ૨૫ ટકાનો ટૂકડો આ રાજયને આપવામાં આવે છે. સૌથી મોટી જીવાદોરી છે તે નર્મદા ડેમની વાત કરું તો ડેમની હાઇટ આજે ૧૨૧ મીટર પર અટકી છે. જો તેને દરવાજા બેસાડવાની મંજૂરી મળે અને ૧૩૮ મીટર ડેમની હાઇટ થાય તો કલ્પના કરી શકીએ કે આ રાજયની કેટલી પ્રગતિ થઇ શકે. ગૃહની અંદર છેલ્લા કેટલાય સમયથી આપણે સાંભળતા આવ્યા છીએ કે કોલ આધારિત વીજ સબસ્ટેશનો છે. તેને નજીકથી કોલસો મળે તેમ છે, તેમ છતાં આ રાજયને નુકસાન કઇ રીતે જાય તેમ દૂરથી કોલસો લાવવા પર મજબૂર કરે છે. તેવી જ મેં ગેસની વાત કરી છે. ગઇકાલે માનનીય કૃષિમંત્રીશ્રી ખેતી માટે વાત કરતા હતા. નેટ હાઉસ, ગ્રીન હાઉસમાં પણ અન્યાય થાય છે. ગઇકાલે માનનીય મંત્રીશ્રી આનંદીબેન કહેતા હતા કે મેટ્રો રેલની સબસીડી અન્ય રાજયોને આપવામાં આવે છે, જયારે દેશની

સૌથી મોટી મેટ્રો લાઇન આપણે ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે નાંખતા હોઇએ તો ત્યાં પણ આપણને અન્યાય થતો હોય તે સાથે સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, સાથી સભ્ય માનનીય શ્રી આત્મારામભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજુ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બંને સભ્યોએ ઘણીબધી વાત કરી છે. પી.એન.જી. ગેસ ઘર વપરાશ માટે છે. સી.એન.જી. વાહનો માટે છે. હમણાં દુષ્યંતભાઇએ વાત કરી એ પ્રમાણે ૩૪૩ સી.એન.જી.ના આઉટલેટ છે. આપણા જે કનેકશનો ઘર વપરાશના છે તે ૬૬.૮૧ લાખ ડોમેસ્ટીક એલ.પી.જી.ના ગ્રાહકો છે. ૨૦૧૨ની અંદર રાજયને માસિક સરેરાશ ૪૧.૪૨ લાખ ગેસ સિલીન્ડરો કેન્દ્ર સરકાર તરફથી મળ્યા. એટલે આજે સબસીડાઇઝ જે ગેસ સિલીન્ડરો હતા તેની સબસીડી ઓછી કરી અને ૧૩–૯–૨૦૧૨ના રોજ કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો કે વર્ષે છ ગેસ સિલીન્ડરો આપવા. ખૂબ તેનો ઉહાપોહ થયો. મહિલાઓ અને તમામ લોકોએ તેનો વિરોધ કર્યો એટલે પછી પણ નિર્ણય બદલીને ૧૭–૧–૨૦૧૩માં નિર્ણય કર્યો કે કુટુંબદીઠ વર્ષના ૯ ગેસ સિલીન્ડર આપવા. આજે એક પરિવારને મહિને એક ગેસ સિલીન્ડર ઓછામાં ઓછું જોઇએ. તેની જગ્યાએ ૯ મળે. એટલે બાકીના ૩ ગેસ સિલીન્ડરો ખરીદવા પડે તેના ઉપર એક ગેસ સિલીન્ડર ૯૩૩.૫૦ પૈસાના ભાવે મળે એટલે એક કુટુંબને ૧૫૫૮.૫૦ રૂપિયાનો વાર્ષિક બોજો પડે અને આ રીતે જો આપણે જોઇએ તો રાજયના લોકોને ૧૦૪૧.૨૩ કરોડ રૂપિયાનો બોજો આ ગેસ સીલીન્ડરોની જે નીતિ બનાવી, જે સબસિડી ઓછી કરી એના લીધે થવાનો છે,

સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપ્યો, ભૂરેલાલ સમિતિએ પોતાનો નિર્ણય આપ્યો કે દિલ્હી અને મુંબઇની સમકક્ષ પ્રદુષણની બાબતમાં અમદાવાદને મૂકવામાં આવ્યું એટલે ત્રણેયને એક સરખા ભાવે ગેસ આપવો જોઇએ એને બદલે અમદાવાદને મોંઘા ભાવે ગેસ આપવાનો કેન્દ્ર સરકાર જે રીતે અન્યાય કરી રહી છે ત્યારે મારે માત્ર એટલું જ કહેવું છે કે, જે રીતે કેન્દ્ર સરકારે સીધો પંજો એ મહિલાઓના ચૂલા ઉપર, રસોડા ઉપર માર્યો છે અને એ જે પંજો માર્યો છે એનું પરિણામ આ ચૂંટણીમાં વિધાનસભામાં– નગરપાલિકા બધામાં દેખાઇ ગયું, ક્રુર પંજો, હવે એને પરિણામે આ મહિલાઓ જે છે એની શકિત અપરંપાર છે. એમની શકિતને આંકવામાં આ કોંગ્રેસના લોકો (અંતરાય) સાહેબ, એ તો પેલા અકબર– બિરબલવાળી વાત છે, આપ કહો તો કહી દઉં કે, કેવો અનુભવ છે બધાને, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસના લોકોએ આ મહિલાઓની શકિતને અન્ડર એસ્ટીમેટ કરી છે, અને એટલા માટે તેઓ આ પરિણામ ભોગવી રહ્યા છે અને હજી, આ લોકસભાની ચૂંટણીમાં આપ જોજો કે શું પરિણામ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ જે કહેતા હતાને કે, આ તમામ લોકોને અનુભવ છે તો મારે એક વાત કરવી છે. મહિલાઓની શકિત અને બુધ્ધિ એવી જબરજસ્ત હોય છે કે, અકબર અને બિરબલ જયારે બે જણાએ નકકી કર્યું તો અકબરે કહ્યું કે, ઘરમાં કોનું ચાલે?..

અધ્યક્ષશ્રી : વાર્તા રહેવા દો, એ સિવાય કહો, નહીં, નહીં, તો પછી બધા વાર્તા કહેવા લાગશે.

ડો. નીમાબેન બી. આચાર્ય : સાહેબ, એને ઘોડા ઉપરથી ખૂબ માન–સન્માનપૂર્વક ખબર ન પડે એવી રીતે પેલો ભાઇ જે ઘોડો લઇને ગયો હતો એને પેલી બહેને ઘોડા ઉપરથી ઉતારી દીધો. એવી જ રીતે આ સત્તા ઉપરથી આ ગુજરાતની મહિલાઓએ કોંગ્રેસને ઉતારી દીધી છે. આ જે પંજો જે મહિલાઓના ચૂલા સુધી, રસોડા સુધી માર્યો છે એનું પરિણામ એ ભોગવી રહ્યા છે ને હજી વધારે ભોગવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું જ કહીશ કે, જે રીતે કેન્દ્ર સરકાર આ અન્યાય તમામ પ્રશ્નોમાં કરી રહી છે. અહીયાં એક માનનીય સભ્યશ્રી હમણાં પાણી પુરવઠાની માગણીઓ વખતે કહેતા હતા કે, બહેનો પાણી માટે વલખાં મારે છે ત્યારે મને વિચાર આવતો હતો કે, બહેનો પાણી માટે વલખાં નથી મારતી, ખૂબ સારી વ્યવસ્થા પાણીની આખા રાજયની અંદર છે, થોડીઘણી તકલીફ છે એનું આયોજન કરેલું છે, પણ બહેનો પેલા ઘરના ઘરનાં ફોર્મ ગોતે છે, ક્યાં ગયાં? એના માટે બહેનો વલખાં મારે છે. બહેનોની જોડે જે રીતે બહેનોનું શોષણ કોંગ્રેસના લોકોએ કર્યું છેને, અને આ ઘરના ઘરના નામે જે રીતે બહેનોને અન્યાય કર્યો છે, અન્ડર એસ્ટીમેટ કરી છે, એ જ રીતે આ ગેસ સીલીન્ડરનું પરિણામ એ લોકોને ભોગવવાનું છે. હું તો એમને કહીશ કે, ખરેખર તમને બહેનોની ચિંતા હોય, પાણીની ચિંતા હોય તો તમે આ હમણાં માનનીય સભ્યશ્રીએ નર્મદા અંગે કહ્યું એ પ્રમાણે તમે નર્મદાના દરવાજાની મંજૂરી લઇ આવો અને ૧૩૮.૬૮ મીટરની હાઇટના. (અંતરાય) જે રીતે બહેનોને અન્યાય થયો છે એ માટે મારા દિલની અંદર આ વાત છે એ કહેવી પડે છે. એજ રીતે બહેનોને જે રસોડાની અંદર ગેસ વગર ટળવળવું પડે આ જમાનાની અંદર અને આવો અન્યાય કેન્દ્ર સરકાર કરે છે એમાં મહિલાઓને પણ છોડી નથી ત્યારે ચોક્કસપણે મારું માનવું છે કે, આ જે આપણે ૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરી અને જે રીતે આપણે આખું નેટવર્ક ગોઠવેલું છે અને ૨૫૦૦ કીલો મીટરની

જે લાઇન આપણે ગેસગ્રીડની નાંખી છે ત્યારે ખરેખર કેન્દ્ર સરકારને અહીંથી આપણે અનુરોધ કરીએ કે આ ત્રણે સીટી મુંબઇ, દિલ્હી અને એને સમકક્ષ અમદાવાદને પણ આની અંદર પૂરેપૂરો ગેસ આપવામાં આવે અને જે પ્રદૂષણને લીધે પર્યાવરણને નુકસાન થાય છે અને જે રીતે જનઆરોગ્યને પણ આ પ્રશ્ન સ્પર્શી રહ્યો છે ત્યારે હું આ સંકલ્પને સમર્થન આપુ છું. "આભાર"

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી આત્મારામભાઇ પરમાર જે સંકલ્પ લઇને આવ્યા છે એ બાબતમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દુષ્યંતભાઇએ ભુરેલાલ કમિટીની વાત કરી, એ કમિટી સુપ્રીમ કોર્ટે બનાવી હતી અને એનો ઉદ્દેશ હતો કે સમગ્ર દેશના મોટા મોટા શહેરોની અંદર જે પ્રદૂષણ ફેલાય છે એ પ્રદૂષણની માત્રા કેટલી હોય શકે, કેટલી છે? અને જો ખૂબ વધારે હોય તો તેને ઘટાડવા માટેના યોગ્ય પગલાં શું હોઇ શકે એ સૂચવવા માટે આ ભુરેલાલ કમિટીની રચના કરવામાં આવી હતી. કમિટીએ એવું પણ કહ્યું કે આ જે તમારો રિપોર્ટ આવે તે સુપ્રીમ કોર્ટની આગળ રજૂ કરવો અને એમણે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી અને સુપ્રીમ કોર્ટે જે લેવલઅપ પોલ્યુશન હતું આ મોટા મોટા શહેરોની અંદર પ્રદૂષણનું લેવલ જોયા પછી સુપ્રીમ કોર્ટે એવો હુકમ કર્યો કે આ બધા જ મોટા શહેરોને પૂરતા પ્રમાણમાં સી.એન.જી.ગેસ ફાળવવામાં આવે કે જેના કારણે આ બધા જ મોટા શહેરોમાં સી.એન.જી.સંચાલિત વાહનો ચાલે અને તેના કારણે પ્રદૂષણની માત્રામાં અપેક્ષિત ઘટાડો આપણે મેળવી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, ભુરેલાલ કમિટીએ એમ પણ કહ્યું છે જે પ્રમાણે બોમ્બેમાં પ્રદૂષણનું જે પ્રમાણ છે, જેટલું દિલ્હીમાં છે એટલું જ અમદાવાદમાં છે. એટલે ૩ જગ્યાએ પ્રમાણ એક સરખું હોવાથી બધી જગ્યાએ એક સરખો ગેસ ફાળવવા માટે આ ભુરેલાલ કમિટીએ ભલામણ કરી હતી છતાં કેન્દ્ર સરકારની જે વાત છે તે પ્રમાણે ગેસની ફાળવણીમાં જે ભાવો છે એ ઇસ્યુપ્રાઇસ થતા હતા, જેમ દિલ્હીમાં અને બોમ્બેમાં જે ઇસ્યુપ્રાઇસ થતા હતા એના કરતા વધારે ઇસ્યુપ્રાઇસથી અમદાવાદને સી.એન.જી. ગેસ પૂરો પાડીને અમદાવાદ શહેરમાં સી.એન.જી.નો વપરાશ ઓછામાં ઓછો થાય અને અમદાવાદ શહેર વધુને વધુ પ્રદૂષિત બને એ માટેના કેન્દ્ર સરકારના પ્રયત્નો રહ્યા છે.

મેં કહ્યું તે પ્રમાણે પ્રદૂષણ એ એક માત્ર વિષય હતો ભુરેલાલ કમિટીની રચના પાછળનો મુખ્ય આશય પ્રદૂષણને ઘટાડવા માટેનો હતો. પરંતુ કેન્દ્રની સરકારે અમદાવાદને મોંઘા ભાવે ગેસ આપીને આખા ઉદેશનો છેદ ઉડાડી દીધો છે. અમદાવાદ શહેરની પ્રદૂષણની માત્રા ઘટાડવાની કેન્દ્ર સરકારની જરા પણ દાનત નથી. જો દાનત હોત તો દિલ્હી અને મુંબઇના ભાવે એ અમદાવાદને ગેસ આપી શક્યા હોત. ના છૂટકે કહેવું પડે છે કે અમદાવાદને વધુ પ્રદૂષિત રાખવા માટેનો આ કેન્દ્ર સરકારનો *(xxxxxx) છે. અમદાવાદ વાટે ગુજરાત સરકાર અને ગુજરાત રાજયનું ખરાબ દેખાય કે આ ગુજરાતમાં પ્રદૂષણનું લેવલ આટલું ઉંચું છે એવું બતાવવા માટેનો કેન્દ્ર સરકારનો આ (xxxxxx) છે એમ કહું તો ખોટું નથી.

મેં પહેલા કહ્યું તેમ પ્રદૂષણ એક અગત્યનો વિષય છે ત્યારે હું મારી વાત આગળ કહેવા માગુ છું કે આજે ગ્લોબલ વોર્મિંગ એ દુનિયાના દેશોમાં ચિંતાનો વિષય બન્યો છે. પ્રદૂષણના કારણે ગ્રીન હાઉસ gases જેમાં કાર્બન ડાયોક્સાઇડ અને મિથેઇન મોટા પ્રમાણમાં એનું સર્જન થાય છે, જેના કારણે પૃથ્વીના વાતાવરણની અંદર ઓઝોનનું લેયર છે તેમાં ખૂબ મોટું નુકસાન થતું હોવાના કારણે વિશ્વ આજે ગ્લોબલ વોર્મિંગ અને સીટી ક્લાઇમેટ ચેઇન્જ તરફ ભાગી રહ્યું છે. એ ગ્લોબલ વોર્મિંગ થવા માટેનું મૂળ કારણ વાતાવરણમાં ફેલાતું આ પ્રદૂષણ છે. એ પ્રદૂષણ અટકાવવા માટે સુપ્રીમ કોર્ટ અને આ રાજ્યની વડી અદાલતે કહ્યું કે તમે મેક્સીમમ ગેસ અમદાવાદને પણ આપો, પણ એવું નથી કરવામાં આવતું. આજે ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસરો આ દેશ અને દુનિયા અનુભવી રહી છે, અતિશય વરસાદ, હેવી સ્નોફોલ, બરફના તોફાનો, સમુદ્રી તોફાનો, નદીઓમાં આવતા પુર, વાવાઝોડું વિગેરેના કારણે થયેલ માનવ મરણ, ખાના-ખરાબી, વિનાશ અને બરબાદીએ દુનિયાની મહાસત્તાઓને પણ હચમચાવી નાંખી છે, આ બધી મહાસત્તાઓને હચમચાવવા પાછળ પણ જો કોઇ રહ્યું હોય તો આ પ્રદૂષણ છે અને એ પ્રદૂષણ ઘટાડવા માટે નામદાર સુપ્રીમ કોર્ટે આ આદેશ કર્યો હતો. ગ્લોબલ વોર્મિંગના કારણે નજીકના ભવિષ્યમાં આવનાર ગંભીર સમસ્યા માટે સમગ્ર વિશ્વ જ્યારે ચિંતાતુર છે. હું બેંગકોક ગયો હતો ગ્લોબલ વોર્મિંગની એક સમિતિમાં ભાગ લેવા માટે, હું વિયેતનામ ગયો હતો ત્યાં ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ગ્લોબલ વોર્મિંગ. ફક્તને ફકત ભવિષ્યમાં આવનાર

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ગંભીર સમસ્યા માટે સમગ્ર વિશ્વ જ્યારે ચિંતાતુર છે ત્યારે આ *(xxxxxx) ગુજરાતમાં પ્રદૂષણનું લેવલ વધારવા માટે..

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ કાઢી નાંખું છું.

**શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા :** પ્રદૂષણ લેવલ વધારવા માટે જવાબદાર બની આગ સાથે રમી રહેલ છે એમ મારે કહેવું જોઇએ કે કેન્દ્ર સરકાર માનવ સહજ સંવેદના ગુમાવી બેઠી છે એવું લાગે છે. જ્યારે સંવેદનાને ગુમાવી ચૂકતા હોઇએ છીએ ત્યારે હું પ્રશ્ન કરવા માગું છું કે શું આપણે એવું કોઇક વિશ્વનું સર્જન કરવા માગીએ છીએ, એવું કોઇ હિંદુસ્તાનનું સર્જન કરવા માગીએ છીએ, એવું કોઇ ગુજરાતનું સર્જન કરવા માગીએ છીએ કે જ્યાં આપણી, તમારી કે મારી બીજી કે ત્રીજી પેઢીના સંતાનો પાણી માટે વલખાં મારતા મરે, અસહ્ય તાપથી તરફડતાં મરે, નદીઓના પુરમાં તણાઇને મરે, બરફના તોફાનોમાં થીજીને મરે, સમુદ્રી તોફાનોમાં પોતાનું સર્વસ્વ ગુમાવી દે. આની રાહ જોઇ રહ્યા છીએ આપણે? આપણે શું કરવા જઇ રહ્યા છીએ. What sort of environment do we want to give the Generation Next ? આપણા પછી આપણા દીકરાના દીકરાઓને આપણે કઇ જાતનું વાતાવરણ આપવા માગીએ છીએ? કઇ ટાઇપનું? એટલા માટે આ પ્રદૂષણને કંટ્રોલ કરવા માટે ખૂબ જરૂર છે.

ગેસની વાત છે ત્યારે ગુજરાતમાં ગેસ પર આધારિત વીજળી મથકોમાં ૪૧૭૨ મેગાવોટ છે તે પૈકી ૨૯૨૫ મેગાવોટના પ્લાન્ટ રાજ્ય સરકારને જે લોકો વીજળી આપે છે એવા સ્વતંત્ર યુનિટ અને કેન્દ્ર સરકારના ઉત્પાદકો છે. આ ૨૯૨૫ મેગાવોટનું પ્રોડક્શન લેવા માટે રાજ્ય સરકારની ડેઇલી ગેસની જરૂરિયાત છે ૧૪.૩૬ MMSCM જ્યારે કેન્દ્રની સરકાર જે ન્યાય કરી રહેલ છે ફક્તને ફક્ત ૪.૪૭ MMSCM ગેસ per day રાજ્ય સરકારને કેન્દ્રની સરકાર ગેસ આપે છે. આના કારણે 69% of the total installed capacity of gas-based power plant is not utilised. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્લાન્ટને ગેસ ઓછો મળતો હોવાના કારણે ૨૦૨૩ મેગાવોટ પ્રોડક્શન કેપેસીટી અનયુટિલાઇઝ્ડ રહે છે. કરોડો રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ કરવામાં આવતું હોય છે આ પ્લાન્ટ નાંખવા માટે અને જ્યારે પણ પ્લાન્ટ નાંખવામાં આવે છે ત્યારે કેન્દ્રની સંમતિ લઇને પ્લાન્ટ નાંખતા હોય છે. રાજ્ય સરકાર અને નાના મોટા બધા જ ઉદ્યોગકારો જ્યારે આમાં ઇન્વેસ્ટ કરતા હોય છે ત્યારે એમના ઇન્વેસ્ટમેન્ટ પરના ઇન્ટરેસ્ટ અને એના રિટર્નનો સવાલ ઉભો થતો હોય છે. કરોડો રૂપિયાના રોકાણ પ્લાન્ટ ચલાવવા માટે પૂરતો ગેસ ન આપવાની પોલિસી અન્યાયી છે. કેન્દ્ર સરકાર ગુજરાતને અન્યાય કરવાની કોઇ તક જતી કરતી નથી એવુ આજે પણ મને લાગી રહ્યું છે ત્યારે કેન્દ્ર સરકાર સમજી શકતી નથી કે what is interest of the nation ? પ્લાન્ટ ગુજરાતમાં ચાલે કે બીજા કોઇ પણ રાજયમાં ચાલે પણ પ્લાન્ટ ચાલવો જોઇએ. તેની installed capacity પ્રમાણે તેને રો-મટિરિયલ સપ્લાય થવું જ જોઇએ irrespective whether it is in Gujarat or in Maharashtra. રાષ્ટ્રીય સંપત્તિનો તમારે સંપૂર્ણપણે ઉપયોગ કરવો એ ખૂબ જરૂરી છે એટલુ પણ આ દેશના વડાપ્રધાન તે અર્થશાસ્ત્રી છે તે પણ સમજી શકતા નથી. There should not be any politics. આ એવું છે કે, રાજયની, દેશની વાર્ષિક જે ઉત્પાદન શકિત છે તેમાં વધારવામાં પણ આ જ ગેસ કામ આવતો હોય છે, આ જ વીજળી કામ આવતી હોય છે. આજુબાજુના રાજયોને વીજળી આપવાનું કામ પણ આ જ ગેસ મથકો કરતા હોય છે ત્યારે માનનીય આત્મારામભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપી અને મારી વાત પૂરી કરું છું.

શ્રી સૌરભ પટેલ(ઉર્જામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજયનો વિકાસ કરવો હોય તો fuels is the most important content. ફ્યૂલ તે સૌથી important content છે. ડિઝલ હોય, પેટ્રોલ હોય કે પછી ગેસ હોય. કમનસીબી એ છે કે, કેન્દ્ર સરકારની નીતિના કારણે દેશના ફ્યૂલ ઉપર જુદી જુદી પોલિસી થાય છે. આની દરેક પોલિસીની અંદર આપણે જોવા જઇએ તો ગુજરાતને નુકસાન થાય છે. ક્રૂડ, ઓઇલ દેશમાં સૌથી વધારે ઇમ્પોર્ટ થતું હોય તો ગુજરાતમાં થાય છે. સૌથી વધારે રિફાઇનીંગ કેપેસીટી હોય તો ગુજરાતમાં છે. સ્વભાવિક રીતે ગુજરાતને બીજા રાજયો કરતાં ડિઝલ અને પેટ્રેલ સસ્તું મળવું જોઇએ. પરંતુ નથી મળતું.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અમદાવાદનો ભાવ હોય કે વેસ્ટ બેંગાલનો હોય કે કેરાલાનો હોય અમદાવાદના ગુજરાતમાંથી રિફાઇન્ડ થયેલું ક્રૂડ આખા દેશમાં જાય છે તો સરખો ભાવ છે. એટલે આપણને આપણે ત્યાં ઓઇલ ઉત્પાદન થતું હોય, રિફાઇનીંગ થતું હોય, ઇમ્પોર્ટ થતું હોય તેનો કોઇ લાભ નથી મળતો.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે ગેસમાં છે. સંપૂર્ણપણે તેની પોલિસી ઉંધી છે. હમણાં સભ્યશ્રીએ કહ્યું કે, પોલ્યુશનના કારણે સુપ્રીમ કોર્ટ દ્વારા ભુરેલાલ કમિટીની રચના કરવામાં આવી. કમિટીએ રિપોર્ટ આપ્યો. સુપ્રીમ કોર્ટે જજમેન્ટ આપ્યું તે જજમેન્ટ હું વાંચવા માંગુ છું. ડાયરેકશન્સ આપી ૨૦૦૨ની અંદર "... The Union of India will give priority to transport sector including private vehicles all over India with regard to allocation of CNG. This needs that the first transport sector in Delhi and in other air polluted cities, CNG may be allocated and made available and it is only thereafter, if CNG is available, same can be allocated to the industries. આ ઓર્ડર ખૂબ સાફ હતો કે સી.એન.જી.નો વપરાશ વધવો જોઇએ. તે પોલ્યુશન દૂર કરવા માટે ખૂબ જરૂરી છે અને જેટલો છે એ પહેલાં સી.એન.જી.ટ્રાન્સપોર્ટેશનમાં અપાય અને પછી ઉદ્યોગોને અપાય.

કમનસીબી એ છે કે, આજની તારીખમાં ગુજરાતની અંદર સૌથી વધારે ગેસનો ઉપયોગ થાય છે. આનુ મૂળ કારણ છે ઉપયોગ થવાનું કે આપણે આખી એની ગ્રીડ બનાવી છે. જે પ્રમાણે પાણીની ગ્રીડ જતી હોય છે એ પ્રમાણે ગેસની ગ્રીડ જાય છે અને આ ૨૦ જિલ્લાઓમાં થઇને આજે પસાર થાય છે. સાડા ચાર હજાર કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો છે ગુજરાતની કંપનીઓએ અને ગુજરાત સરકાર દ્વારા. અને આજે ૨૧૬૧ કિલોમીટરની ઓલરેડી પાઇપ લાઇન ઇન ઓપરેશન છે અને બીજી ઘણા બધા જિલ્લાઓની પાઇપ લાઇન આવતા મહિનામાં, છ મહિનામાં બાર મહિનામાં કે બે વર્ષમાં ચાલુ થવાની છે એ પ્રમાણે કામ હાથ પર લીધું છે. આ મેઇન ટ્રંક લાઇન થઇ. આ ઉપરાંત ટ્રંક લાઇન થયા પછી શહેરો અને ગામડાંની અંદર ગેસની પાઇપ લાઇન દ્વારા પાઇપ ગેસ આપવાની કામગીરી કરીએ છીએ અને રોડ રસ્તા ઉપર જયાં ત્યાં સી.એન.જી. સ્ટેશનો કરીએ છીએ એટલે આપણે પ્રાયોરીટી આપીએ છીએ કે ડોમેસ્ટીક યુઝર માટે ગેસ જાય, સી.એન.જી. ટ્રાન્સપોર્ટેશન માટે ગેસ જાય,ઇન્ડસ્ટ્રીઝ માટે ગેસ જાય એના કારણે આપણને ગૌરવ થાય કે દેશની અંદર સૌથી વધારે ગેસના કનેકશનો હોય તો એ ગુજરાતમાં છે

ઘર વપરાશની અંદર ૧૧ લાખ ૪૪ હજાર ૮૮૪ કનેકશન છે. હવે છ કરોડની જનતા, પાંચ છ જણનું કુટુંબ ગણો તો આજે આપણે ગૌરવ લઇ શકાય કે આટલા બધા ઘરોની અંદર, દસ ટકાથી વધારે લોકોને ત્યાં આપણે પાઇપ ગેસ ઘરે ઘરે રસોડામાં આપીએ છીએ. અને આના કારણે જે પાઇપ લાઇનોનું વરસે લાખ લાખ કનેકશનો આપીએ છીએ. દેશની સૌથી મોટી કેન્દ્રની કંપની ગેઇલ જેણે આપણાથી ૩૦-૪૦ વર્ષ પહેલાથી કામ ચાલુ કર્યુ હતું એને આપણે outrightly પાછળ મૂકી દીધા એ આખા દેશની અંદર કરે ત્યારે આપણે ગુજરાતમાં છેલ્લા પાંચ સાત વર્ષથી કરીએ છીએ. આનાથી બીજો ફાયદો શું થયો, તો ફાયદો એ થયો કે પાઇપ ગેસ આપવાથી ઘર વપરાશની અંદર જે એલ.પી.જી.ના બોટલ છે એનાથી એ લોકોને સસ્તું પડે છે એટલે વ્યકિતને ખર્ચની અંદર આપણે ખર્ચ ઓછો થાય એના માટે મદદ કરીએ છીએ. એટલે સેવિંગ્ઝનું એક પોટેન્શિયલ ઉભું થયું છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર એલ.પી.જી.ના બોટલો આપે છે એ બંધ થાય છે. એ બંધ થાય છે એટલે કેન્દ્ર સરકારની સબસિડી છે એ સબસિડીની બચત કરીએ છીએ. આપણે આ પાઇપ ગેસ આપ્યો છે એના લીધે ૧ કરોડ ૩૭ લાખ એન્યુઅલ સીલીન્ડરની બચત થાય છે. આ બચત થાય ત્યારે વરસે ૬૫૮ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારની સબસિડી બચે છે અને આ દર વરસે બચે છે. આજે આપણે પાઇપ લાઇન નાખીએ છીએ એનો લાભ વરસો સુધી કેન્દ્ર સરકારને મળે છે. એ હોવા છતાં પણ કમનસીબી એ છે કે આપણને પાઇપ લાઇન નાખવાની મંજૂરી નથી મળતી. આપણે આખા રાજયમાં નાખવા માગીએ છીએ. આપણે ૫૦૦ જેટલા ગામડાંમાં નાખી છે. આખા દેશમાં કોઇ જગ્યાએ ગામડાંની અંદર પાઇપ લાઇન નથી નાખી. આપણે ગામડાંમાં નાખીએ એનો ખર્ચ ખૂબ મોટો થાય છે. એની આવકની વરસો સુધી સંભાવના નથી તેમ છતાંય ગામડાંના વ્યકિતને સુવિધા મળે એ ધ્યાનમાં રાખવામાં આવી છે. ગુજરાત રાજયએ એકલાએ આટલા બધા ગામડાંમાં નાખી છે. એટલે આ પ્રમાણમાં કામગીરી કરતાં આવીએ તો પણ કોઇપણ જાતની મદદ કરવાનું તો બાકી રહ્યું પરંતુ કેન્દ્ર સરકાર જે પ્રમાણે નીતિ ઘડે છે એ નીતિની અંદર બીજા રાજયો અને ગુજરાતની અંદર ખૂબ મોટું અંતર છે.

હમણાં હાઇકોર્ટે જજમેન્ટ આપ્યુ. જજમેન્ટ બહુ સ્પષ્ટ હતું આની અંદર જેમ બીજા રાજ્યોને ગેસ આપો છો એમાં ગુજરાત હાઇકોર્ટનું જજમેન્ટ હતું કે 'The Government of India is directed to allocate natural gas for domestic and vehicular usage at the same rate to the city of Ahmedabad at the rate at which it is supplied to cities of Delhi and Bombay, to enforce right of equality." દિલ્હી અને બોમ્બેમાં જે ભાવે ગેસ આપો છો એ ભાવે અમદાવાદના લોકોને આપો આવો સ્પષ્ટ પણે equality ધોરણે આદેશ કરવામાં આવ્યો. તમે વિચાર તો કરો એ.પી.એમ. ગેસ દિલ્હી અને બોમ્બેમાં ૧૧ રૂપિયા અને ૯૭ પૈસે જાય છે. આપણને એ.પી.એમ. નથી મળતો એટલે આપણે ૩૬ રૂપિયા અને ૫૫ પૈસે બહારથી આયાત કરીએ છીએ. એટલે આપણા જે એલ.એન.જી. ટર્મિનલ છે કેન્દ્ર સરકાર અને આપણી કંપનીઓએ નાખ્યા છે એ લોકો પાસેથી ઇમ્પોર્ટેડ એલ.એન.જી. મંગાવીને એ કન્વર્ઝન કરીને કરીએ છીએ. એટલે આપ કલ્પના કરો, કે ૧૧.૯૭ અને ૩૬.૫૫ આ બેઝીકમાં ફરક છે. આટલો મોટો તફાવત બેઝીકમાં છે. અમે લોકો કંપની અને સરકાર તરફથી પણ ચોક્કસપણે કહ્યું છે કે ઓછામાં ઓછા ૩૦થી ૪૦ ટકાનો ભાવમાં ઘટાડો કાલે જ અમે કરી દઇએ. જો સંપૂર્ણપણે એ.પી.એમ. ગેસ જે પ્રમાણે બોમ્બે, દિલ્હીમાં આપવામાં આવે છે એ પ્રમાણે આપણને આપવામાં આવે. પ્રજાને કેટલો ફાયદો થાય આપ વિચારો. આજે રીક્ષામાં બેસો તો મિનિમમ ૧૩ રૂપિયા લે છે. આ ઘટાડો થાય તો ચાર રૂપિયાનો ફરક પડે. પછી રીકરીંગ પર કિલોમીટર ઘટે એ તો જુદું. અમદાવાદની કોઇ પણ વ્યક્તિ રીક્ષામાં બેસે તો પહેલાં આ તફાવતના કારણે ચાર રૂપિયા વધારે આપે છે. ઓછામાં ઓછી ૫૦,૦૦૦ રીક્ષા અમદાવાદમાં ગણો. તો કેટલા લોકો વધારાના રૂપિયા આપે છે એ રાતોરાત બંધ થઇ જાય.

મારે તો સ્પષ્ટપણે કહેવું છે કે ગુજરાત ઇનકમટેક્સ સૌથી વધારે ભરે. એટલે ડાયરેકટ ટેકસેશનમાં પણ હમણાં જ કહ્યું કે ગુજરાતના જે ૪૦,૦૦૦ કરોડ ફાયનાન્સ મિનિસ્ટરે કરોડ રૂપિયા ઉપર પણ કહ્યું ને, તેમાં પણ ૪,૦૦૦ ગુજરાતના હતા. સૌથી વધારે આ ગુજરાતના નીકળ્યા. એટલે જયાં જૂઓ તો આપણે ટેકસીસ વધારે ભરીએ છીએ. કોર્પોરેટ ટેક્સ વધારે ભરીએ છીએ. કસ્ટમ ડ્યૂટી આપણી પોર્ટ ઉપરથી આવે છે. આ બધું આવે છે એટલે કેન્દ્ર સરકાર ડાયરેકટ ટેક્સ તો લઇ જાય છે પણ આ ગુજરાતની પ્રજા પર ઇનડાયરેકટ ટેક્સ એટલે પાછલા બારણે પણ આપણી પ્રજા પાસેથી વધારે રૂપિયા આ ગેસના ભાવમાં વધારો કરીને પણ અમદાવાદની પ્રજા પાસેથી લઇ જાય છે. આજે વિચાર કરો, એક કુટુંબમાં પાંચ હજાર રૂપિયા કમાતા હોય અને રીક્ષામાં એક વાર બેસે એટલે સીધા દસ રૂપિયા વધારે જાય. માત્રને માત્ર કારણ શું તો ઇમ્પોર્ટેડ ગેસ અમદાવાદને આપે છે એટલે. હાઇકોર્ટના ઓર્ડર પછીથી આજની તારીખમાં એ લોકોએ અમલવારી કરી નથી. એ ઉદ્યોગોને આપે છે. આપણે બહુ સ્પષ્ટપણે કહીએ છીએ કે તમે ગુજરાતના ઉદ્યોગો હોય એને સસ્તો ગેસ આપતા હો તો બંધ કરી દો. અમે કોઇ જ વાંધો નહીં ઉઠાવીએ. પણ માત્રને માત્ર જેટલો અમદાવાદમાં ઉદ્યોગોને સસ્તો ગેસ આપો છો એ અમારી ગુજરાતની છ કરોડની જનતાને આપો. રીક્ષાવાળાને આપો. ઘરે ઘરે એને રસોડામાં આપો. ઓછામાં ઓછા ૧૦થી ૧૫ કાગળો લખ્યા હશે. મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રીને રજૂઆત કરી અને મળી આવ્યા, તો પ્રધાનમંત્રીશ્રીએ કાગળ ડિપાર્ટમેન્ટમાં મોકલી આપ્યો અને ડિપાર્ટમેન્ટમાંથી જવાબ આવ્યો કે અત્યારે અમારી પાસે ગેસ છે નહીં, એટલે તમે ઇમ્પોર્ટેડ ગેસ વાપરો.

માનનીય અધ્યક્ષશ્રી, આવો અન્યાય ગુજરાતને? ગેસગ્રીડ આપણે નાખીએ. એલ.એન.જી. ટર્મીનલ આપણે નાખીએ. વર્ષે ૬૦૦–૬૦૦ કરોડ રૂપિયા માત્રને માત્ર એના સબસિડીના બચાવીએ. આપણી માગણી શું છે? આપણી માગણી એટલી જ છે કે તમે જે નીતિ આખા દેશમાં બનાવો છો એ નીતિમાં કોઇ તફાવત ન જોઇએ. તમે જે બોમ્બેને આપો છો, દિલ્હીને આપો છો, અન્ય શહેરોને આપો છો એ જ પ્રમાણે ગુજરાતને આપો. એટલે તમે કોઇ પણ સ્ટેજ ઉપર જૂઓ, એલ.પી.જી. બાટલાનું જૂઓ. સી.એન.જી.નું જૂઓ તો દરેક ક્ષેત્રમાં કયાંકને કયાંક અન્યાય થતો આવ્યો છે. સભ્યશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે તેને સંપૂર્ણપણે સમર્થન છે. એટલા માટે કે તમે નીતિ નકકી કરો કે સુપ્રીમ કોર્ટે જે ડાયરેકશન આપ્યું છે કે ધીસ ઇઝ ધ નેશનલ એસેટ. આ કોઇ વ્યક્તિની એસેટ નથી. કોઇ એક કંપનીની એસેટ નથી. આ નેશનલ એસેટ તરીકે એ લોકોએ જયારે ગેસને જાહેર કર્યું હોય, તો આ નેશનલ એસેટમાં પ્રાયોરિટી પહેલાં જનતાની હોવી જોઇએ. આજે તમે એ.પી.એમ. ગેસમાં જૂઓ. કેટલા ઉદ્યોગોને સસ્તો ગેસ આપે છે. એનાથી ઉદ્યોગોના નફા વધે છે. એ લોકોની મિલકતો વધે છે. શહેરોના ભાવ વધે છે. એમની વેલ્થ ક્રિએશન થાય છે. ત્યારે આપણે એમના વેલ્થ ક્રિએશનની જગ્યાએ જે માગણી કરીએ છીએ એ માત્ર એટલી જ કરીએ છીએ કે આ દેશમાં નાના લોકો, મધ્યમ વર્ગના લોકો જે રોજેરોજ એમના ખર્ચમાં એક એક રૂપિયાની ગણતરી કરતા હોય એ લોકોને

આવી કિમતી પ્રોપર્ટી ઉપર, જે દેશની એસેટ છે એમાં તેનો પહેલો હકક આવવો જોઇએ અને એટલે આત્મારામભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એમને સંપૂર્ણપણે અમારો ટેકો છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૦ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તારીખ ૧૫મી માર્ચ ૨૦૧૩ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૧૩**
**ફાલ્ગુન ૨૪, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી :ઓર્ડર ઓર્ડર..

## તારાંકિત પ્રશ્નો

### ડાંગ જિલ્લામાં માલિકીના વૃક્ષો અને જંગલ મંડળીઓના લાકડાની હરાજીની બોલી બોલવા બાબત

* ૪૧૮૨ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં માલિકીના વૃક્ષો તથા જંગલ મંડળીઓના લાકડાની હરાજી જાહેર ભાવ બોલીને થાય છે કે કેમ, અને | (૧) ઓન લાઇન ઓકશન પધ્ધતિથી થાય છે. |
| (૨) જો ના, તો જૂની પધ્ધતિ મુજબ વેપારીઓની હાજરીમાં જાહેર હરાજી બોલીથી ભાવો નક્કી કરવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) ઓન લાઇન ઓકશન પધ્ધતિથી માલનું વેચાણ કરવામાં આવતું હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ઇ-ઓકશન પદ્ધતિથી જે હરાજી થાય છે એ હરાજીમાં ખેડૂતોને રૂ.૮૦૦/-થી રૂ.૧૦૦૦/-નું નુકસાન થાય છે. ૨૦૧૩ની સ્થિતિમાં જોઇએતો જ્યારે હરાજીમાં રૂ.૧૮૦૦/થી રૂ.૨૪૦૦/ના ઘન ફૂટે ભાવ મળેલ છે અને ઇ-ઓકશનથી રૂ.૮૦૦/-થી રૂ.૧૦૦૦/-ના ભાવ મળેલ છે. એટલે ખેડૂતોને રૂ.૧૦૦૦/થી રૂ.૧૨૦૦/નો લોસ જાય છે. એટલે મારી એ વિનંતી છે કે, જાહેર હરાજીથી થાય તો ખેડૂતોને સીધો ફાયદો થાય.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી આ હરાજીઓ જાહેર હરાજી બોલી બોલાવીને રાખવામાં આવતી હતી, પરંતુ કેન્દ્ર સરકારના વિજિલન્સ કમિશને સૂચના આપી કે, ભારતના તમામ રાજ્યોએ ઇ-ઓકશન પદ્ધતિથી એટલે કે ઇ-હરાજીથી વેચાણ કરવું જોઇએ. એનો અમલ ગુજરાત રાજ્યે સમગ્ર દેશમાં પહેલાં કર્યો છે અન્ય કોઇ રાજ્યોએ કર્યો નથી. માનનીય સભ્યશ્રીએ માલિકીના ઝાડોની વાત કરી છે. એમાં વાત કરું તો ૨૦૧૧માં ઇ-ઓકશન શરૂ થયું એ પહેલાં હરાજી થઇ એમાં માલિકીના લાકડાનો ભાવ ઘન મીટરે રૂ.૩૩૯૪૯/ મળ્યો હતો. ત્યાર પછી ઇ-ઓકશન કરવામાં આવ્યું એટલે એના પાંચ મહિનામાં જે કોઇ હરાજી થઇ એમાં માલિકીના ઝાડોની વેચાણ કિંમત રૂ.૩૫૨૯૮/ કરવામાં આવી છે. સરકારશ્રી દ્વારા આ ઇ-હરાજી એટલા માટે કરવામાં આવે છે કે, લોકાભિમુખ નીતિનું અમલીકરણ થાય અને પારદર્શક વહીવટ થાય. આ હરાજી છે એ શરૂ થાય તો પાંચ-સાત દિવસ સુધી ચાલતી હોય છે. વેપારીઓએ પાંચ-સાત દિવસ સુધી ત્યાં રહેવું પડે અથવા તો અપડાઉન કરવું પડે છે. આ પદ્ધતિથી રાજ્યના કે દેશના કોઇપણ ખૂણામાંથી ઘરે બેઠાં બેઠાં આ હરાજીમાં ભાગ લઇ શકાય છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર આ હરાજી આવકાર્ય છે. વેપારીઓ રીંગ કરી લે અને અમારા આદિવાસી ભાઇઓને એનાથી નુકસાન થતું હતું. એ અમે જાતે જોયું છે. જાહેર હરાજીથી ઝાડોના માલિકોને નુકસાન થતું હતું. ઇ-ઓકશન બરાબર છે. ક્યા જિલ્લાઓમાં આ ઇ-હરાજીની વ્યવસ્થા કરી છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ પદ્ધતિ હજુ ૨૦૧૧માં શરૂ કરી છે, એટલે ડાંગ, વલસાડ, નવસારી, સુરત, તાપી અને નર્મદા જિલ્લાઓમાં શરૂ કરી છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર વાસ્તવિકતા એ છે કે, માલ જોઇને, જે પણ ઇમારતી લાકડાં હોય છે એને જોવા પડે છે અને પછી ભાવ થતા હોય છે. ખરેખર ઓપન ઓકશન થાય તો ખેડૂતોને

ફાયદો થાય. એ કરવા માગે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, લાકડાનો જથ્થો હોય છે એના ૩ ફોટાની કોપી ઇન્ટરનેટ ઉપર મૂકવામાં આવે છે અને ૧૫ દિવસ પહેલાં જાહેરાત આપવામાં આવે છે. જેમણે ફોટો જોવો હોય એ કમ્પ્યુટર ઉપર જોઇ શકે છે અને સ્થળ ઉપર વિઝિટ કરવી હોય તો એની પણ છૂટ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ ઇ–હરાજીની વાત થઇ, પણ ગુજરાતમાં રેતીની લીઝમાં બ્લોક પાડીને જાહેર હરાજી કરવામાં આવે છે, ત્યારે આ તો અનામત વૃક્ષો છે એટલે ઓન લાઇન ઓકશન પદ્ધતિને બદલે જાહેર હરાજી બોલીને આ કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન કર્યો એક તો રેતીનો, એ મારામાં આવતો નથી, પણ સાહેબ સિસ્ટમમાં એટલો ફરક છે કે રેતીની જે હરાજી થાય છે એમાં વેપારી એક વખત ભરીને આપી દે પછી એમાં સુધારો વધારો કરી શકતો નથી. આમાં છૂટ એટલા માટે રાખી છે કે આ જંગલ મંડળી અને વ્યકિતગત લાકડાના માલિકોને લાભ મળે એના માટે વેપારી અડધા કલાક સમય દરમિયાન કોમ્પ્યુટર ઉપર તમામ ભાવો જોઇ શકે અને પહેલા ભર્યો હોય એના કરતા પણ વધારો કરવાની એને છૂટ છે. ઘટાડો કરવાની છૂટ નથી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે દેશના કેટલા રાજયોમાં લાકડાની ઇ–હરાજી પદ્ધતિથી હરાજી કરવામાં આવે છે, અને ડાંગ જિલ્લામાંથી નીકળતા..

અધ્યક્ષશ્રી : આપણા રાજયનું પૂછો. બીજા રાજયમાં કયાં કેટલું થાય છે એની કમ્પેરીઝન નહીં.

શ્રી ભરતભાઇ કી. પટેલ : ડાંગ જિલ્લામાં સાગી અને બિનસાગી લાકડાના વેચાણ માટે જે હરાજી કરવામાં આવે છે તે ઇ–હરાજી ઓકશન પદ્ધતિ શું છે અને આ પદ્ધતિથી હરાજી કઇ રીતે કરવામાં આવે છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે દેશમાં અન્ય રાજયોમાં કરવામાં આવે છે કે કેમ ઇ–હરાજી..

અધ્યક્ષશ્રી : ના, ના એ પ્રશ્ન નથી એલાઉ કર્યો, બીજા રાજયનો નહીં. એમણે ભલે પૂછયો, મેં ના પાડી, આપણા રાજયનો જ રાખો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વન વિભાગ ઉપર લાકડાના જે ડેપો હોય છે ત્યાં લોડ ગોઠવવામાં આવે છે અને હરાજીની તારીખ નકકી કરીને પેપરમાં જાહેરાત આપવામાં આવે છે. ત્યાર પછી વેપારીઓ પાસે બાનાની રકમ ત્રણ હજાર લેવામાં આવે છે અને જે દિવસે હરાજી હોય એ દિવસે તમામ વેપારીઓ પોતપોતાના ઘરે અથવા રાજયના કોઇપણ ખૂણેથી કે દેશના કોણપણ ખૂણેથી બેઠાંબેઠાં આ હરાજીમાં ભાગ લઇ શકે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આપણો આશય એવો હોય છે કે આ માલિકીના વૃક્ષો છે એને લાકડાનો ભાવ મળવો જોઇએ. આ ઇ–ટેન્ડરીંગ થી ઇ–ઓકશન કરવામાં આવે છે તો એની અપસેટ પ્રાઇઝ જ સરકાર ઓછી કરે છે અને એના લીધે ખેડૂતોને ભાવ મળતો નથી. આજે અપસેટ પ્રાઇઝ જ ખૂબ ઓછી છે. આજે લાકડાનો ઘનફુટનો ભાવ ૩ થી ૫ હજાર છે તો અપસેટ પ્રાઇઝ છે એ ૬૦૦ થી ૮૦૦ જેટલી આપણે નકકી કરી છે એના બદલે તમે અત્યારનો જે બજાર રેટ હોય તે પ્રમાણેની અપસેટ પ્રાઇઝ નકકી કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એની અપસેટ કિંમત લાકડાની ગુણવત્તાના આધારે નકકી કરવામાં આવે છે એટલે આમાં કોઇ મન ફાવે એ રીતે અપસેટ કિંમત નકકી કરવામાં આવતી નથી.

## સાણંદ, વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકાની ખેતીની જમીન સંપાદન કરવા બાબત

* ૩૩૩૨ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષ વાર અમદાવાદ જિલ્લાના સાણંદ, વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકાની તાલુકાવાર કેટલી ખેતીની જમીન કયા હેતુ માટે ક્યારે સંપાદન કરવામાં આવી,

**જવાબ**

(૧) જી.આઇ.ડી.સી. સહિતના જાહેર હેતુ માટે
(ક્ષેત્રફળ હેકટરમાં)

| વર્ષવાર | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૧–૧૨ |
|---|---|---|---|
| સાણંદ | ૧૮૪ | ૧૯૭૮ | ૨૧૬૨ |
| વિરમગામ | ૧૯૫ | ૨૯૪ | ૪૮૯ |
| દેત્રોજ | – | ૫ | ૫ |
| માંડલ | ૧૫૮ | ૨૬૪ | ૪૨૨ |

| | | | |
|---|---|---|---|
| કુલઃ | ૫૩૭ | ૨૫૪૧ | ૩૦૭૮ |

(૨) સરકાર દ્વારા આવી જમીન કયા કાયદા હેઠળ સંપાદન કરવામાં આવી, અને

(૨) જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪.

(૩) સંપાદન કરેલ જમીન હેઠળ કેટલું વળતર ચૂકવવામાં આવ્યું?

(૩) કુલ રૂ. ૨૧,૫૯,૧૧,૮૨,૨૧૭/–.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે માંડલ, દેત્રોજ તાલુકામાં જી.આઇ.ડી.સી. માટે જમીન સંપાદન કરવા જમીનની કિંમત રૂ. ૫૦૦ પ્રતિ ચોરસ મીટર નકકી કરવામાં આવી છે જયારે સાણંદમાં આજથી ૩ વર્ષ પહેલા ૧૧૦૦ પ્રતિ ચોરસ મીટરના ભાવે જમીન આપેલી છે, તો આ ખેડૂતોને જમીનના ભાવ સાણંદના દરે આપવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે માંડલ દેત્રોજ તાલુકાના કેટલા ખેડૂતોએ જમીન સંપાદન ના કરે એની અરજીઓ આપી છે અને વધારે ભાવ માટે કેટલીવાર રજૂઆતો કરેલી છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જી.આઇ.ડી.સી. સાણંદે ૧૭૭૨ હેકટર જમીન સંપાદન કરેલી છે અને એ સંપાદન કરી ત્યારે ખેડૂતોને ૨૧૦૬ કરોડ રૂપિયા આપ્યા છે એટલે તમે જે સાણંદ સાથે જે જમીન સંપાદન કરી એની સાથે કોઇ પ્રશ્ન નથી આવતો. અહીં ૨૧૦૬, ૪૮, ૧૪,૭૦૪ રૂપિયા આ ખેડૂતોને ચૂકવ્યા છે. ૧૭૭૨ હેકટર જમીન માટે.

અધ્યક્ષશ્રી : એમણે બીજુ પૂછયું માંડલની અંદર ખેડૂતોએ જે અરજી કરી છે એટલા માટે. શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જી.આઇ.ડી.સી. જે જમીન સંપાદન કરે છે એ એના રૂલ્સ રેગ્યુલેશન પ્રમાણે કરે છે એટલે સંમતિ એવોર્ડથી એ લોકો કરતા હોય છે. જે નર્મદા માટે જમીન સંપાદન થઇ છે એ જંત્રી ભાવથી આપી છે અને ૩૦ ટકા સોલેશિયમ કરીને આપણે આપીએ છીએ. એટલે માંડલ–વિરમગામમાં જમીન સંપાદન થઇ છે એ નર્મદા કેનાલ માટે થઇ છે અને એ જંત્રીના આધારે આપણે કરી છે અને ૩૦ ટકા વધારાના આપણે એને આપતા હોઇએ છીએ.

**શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા :** મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે જી.આઇ.ડી.સી. માટે જમીન સંપાદન કયારથી શરૂ કરાયેલ છે? અત્યાર સુધીમાં ક્યારે ક્યારે અને કેટલી જમીન સંપાદન કરેલ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** ૧૯૬૨થી જમીન સંપાદન થતી આવી છે અને આજ સુધી વિવિધ વિભાગો માટે જ્યારે નહેર બનતી હોય, રોડ બનતા હોય, ડેમ બનતો હોય, નેશનલ હાઇ–વે બનતો હોય એવા જુદા જુદા કામો માટે હંમેશા જમીન સંપાદન થાય છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૧૮૯૪નો કાયદો છે એ કાયદો ખેડૂતો માટે અહિતનો અને દમન જેવો કાયદો છે. અત્યારે આપણે ૨૧મી સદીમાં છીએ તો આ કાયદો સુધારવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** જમીન સંપાદન માટે નર્મદા માટે જમીન સંપાદન કરીએ છીએ ત્યારે જંત્રી ભાવથી આપણે ૩૦ ટકા વધારે ભાવ આપીને કરીએ છીએ. જી.આઇ.ડી.સી. સંમતિથી ખેડૂતો સાથે બેસીને જમીન સંપાદન કરતી હોય છે એટલે એવો કોઇ પ્રશ્ન આવતો નથી.

**ડો. નિર્મલાબેન સુ. વાધવાણી :** હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહિલાઓ માટે જી.આઇ.ડી.સી.માં અલગથી જમીન સંપાદન થાય છે કે કેમ? અને થાય છે તો ક્યારે અને કેટલી થઇ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** મહિલાઓ માટે અલગથી કોઇ જમીન સંપાદન થતી નથી. પરંતુ સાણંદમાં જે બીજો ફેઝ જી.આઇ.ડી.સી.માં શરૂ કર્યો એમાં ૯ હેકટર જમીન સ્પેશિયલ મહિલા ઉદ્યોગકારો છે એના માટે રાખી છે.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર :** દેત્રોજ અને માંડલ તાલુકાના વિઠ્ઠલાપુર, ઓઘરોજ, ઉકરડી, ગીતાપુર અને ભગાપુરા આ પાંચ ગામોમાં જી.આઇ.ડી.સી. જાહેર કરવામાં આવી છે. જી.આઇ.ડી.સી. જાહેર કરતાં પહેલા પોતાના મળતિયા અને પોતાના માણસો ત્યાં પહેલા જમીન ખરીદી લે (અંતરાય) સરકાર આ વાત જાણે છે.

**અધ્યક્ષશ્રી :** એની પદ્ધત્તિનો સવાલ નથી. બધાની પદ્ધતિમાં આવું ચાલતું હોય, ન ચાલતું હોય એ આપણું કામ નથી. (અંતરાય) તમારો સવાલ પૂછો.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર :** એમના મળતિયાઓ જમીન ખરીદે છે એ જાહેર થાય છે એ વાત સાચી છે કે ખોટી?

**અધ્યક્ષશ્રી :** એ એમને ક્યાંથી ખબર હોય? (અંતરાય)નહીં.

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ :** જે પ્રમાણે બળદેવજીભાઇએ કહ્યું એમ બહારના ખેડૂતો આપવા તૈયાર છે પણ સ્થાનિક ખેડૂતો જમીન આપવા તૈયાર નથી તો એમને વધારે ભાવો મળે એના માટે મંત્રીશ્રી કંઇ કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** જમીન લઇએ છીએ ત્યારે સંમતિથી જમીનનો એવોર્ડ કરાય છે અને ખેડૂતો એની સાથે સંમત થાય છે ત્યારે તો જી.આઇ.ડી.સી.એ એટલી જમીન સંપાદન કરી છે એટલે કોઇ સવાલ આવતો નથી.

**સાબરકાંઠા જિલ્લામાં નોર્મલ વન અને સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપા રોપવા બાબત**

* ૪૪૧૦ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર સામૂહિક વન નિર્માણ યોજના અંતર્ગત કેટલા અને વન વિભાગ દ્વારા સામાન્ય રીતે કેટલા રોપાઓ રોપવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર સામુહિક વન નિર્માણ યોજના તેમજ વન નિર્માણ યોજના અંતર્ગત વાવેલ રોપાની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૧–૧૨ માં વાવેલ રોપાની સંખ્યા લાખમાં | | | વર્ષ ૨૦૧૨–૧૩ માં વાવેલ રોપાની સંખ્યા લાખમાં | | | એકંદર કુલ રોપાની સંખ્યા લાખમાં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેલ રોપા | વન વિભાગ દ્વારા વાવેલ રોપા | કુલ રોપાની સંખ્યા | સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેલ રોપા | વન વિભાગ દ્વારા વાવેલ રોપા | કુલ રોપાની સંખ્યા | |
| ૧ | હિંમતનગર | ૦.૭૧ | ૩.૮૮ | ૪.૫૯ | ૦.૬૨ | ૩.૬૫ | ૪.૨૭ | ૮.૮૬ |
| ૨ | ઇડર | ૦.૫૮ | ૧.૮૭ | ૨.૪૫ | ૦.૮૫ | ૨.૫૦ | ૩.૩૫ | ૫.૮ |
| ૩ | વડાલી | ૦.૩૩ | ૨.૧૦ | ૨.૪૩ | ૦.૪૨ | ૦.૮૬ | ૧.૨૮ | ૩.૭૧ |
| ૪ | પ્રાંતિજ | ૦.૪૪ | ૦ | ૦.૪૪ | ૦.૬૦ | ૦ | ૦.૬૦ | ૧.૦૪ |
| ૫ | તલોદ | ૦.૩૮ | ૦.૨૭ | ૦.૬૫ | ૦.૬૧ | ૦.૨૨ | ૦.૮૩ | ૧.૪૮ |
| ૬ | મોડાસા | ૦.૬૪ | ૨.૬૫ | ૩.૨૯ | ૦.૭૦ | ૩.૨ | ૩.૯ | ૭.૧૯ |
| ૭ | ધનસુરા | ૦.૪૮ | ૦.૧૮ | ૦.૬૬ | ૦.૬૩ | ૦ | ૦.૬૩ | ૧.૨૯ |
| ૮ | બાયડ | ૦.૪૮ | ૦.૦૮ | ૦.૫૬ | ૦.૪૨ | ૦.૫૧ | ૦.૯૩ | ૧.૪૯ |
| ૯ | માલપુર | ૦.૫૬ | ૩.૫૨ | ૪.૦૮ | ૦.૬૫ | ૫.૦૪ | ૫.૬૯ | ૯.૭૭ |
| ૧૦ | મેઘરજ | ૧.૪૨ | ૫.૦૧ | ૬.૪૩ | ૦.૭૨ | ૬.૦૩ | ૬.૭૫ | ૧૩.૧૮ |
| ૧૧ | ભિલોડા | ૧.૬૭ | ૭.૯૫ | ૯.૬૨ | ૦.૮૫ | ૧૧.૧૯ | ૧૨.૦૪ | ૨૧.૬૬ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૧.૨૬ | ૧૨.૪૨ | ૧૩.૬૮ | ૦.૭૬ | ૧૭.૩૨ | ૧૮.૦૮ | ૩૧.૭૬ |
| ૧૩ | વિજયનગર | ૦.૬૦ | ૭.૫૧ | ૮.૧૧ | ૦.૬૯ | ૭.૧૬ | ૭.૮૫ | ૧૫.૯૬ |
| | **કુલઃ** | **૯.૫૫** | **૪૭.૪૪** | **૫૬.૯૯** | **૮.૫૨** | **૫૭.૬૮** | **૬૬.૨૦** | **૧૨૩.૧૯** |

(૨) ઉક્ત સ્થિતિએ રોપાઓના ઉછેરથી તેની ફેર રોપણી સુધી વર્ષવાર/તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ રોપાઓના ઉછેરથી તેની ફેર રોપણી સુધી વર્ષવાર/તાલુકાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૧–૧૨ માં થયેલ ખર્ચ રૂ. લાખમાં | | | વર્ષ ૨૦૧૨–૧૩ માં થયેલ ખર્ચ રૂ. લાખમાં | | | એકંદર કુલ થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સામુહિક વન નિર્માણ | વન વિભાગ દ્વારા વાવેલ | કુલ થયેલ ખર્ચ | સામુહિક વન | વન વિભાગ | કુલ થયેલ ખર્ચ | |

| | | યોજના હેઠળ થયેલ ખર્ચ | રોપા પાછળ થયેલ ખર્ચ | | નિર્માણ યોજના હેઠળ થયેલ ખર્ચ | દ્વારા વાવેલ રોપા પાછળ થયેલ ખર્ચ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૩૨.૭૬ | ૧૧૩.૫૭ | ૧૪૬.૩૩ | ૧૯.૧૦ | ૧૦૭.૭૧ | ૧૨૬.૮૧ | ૨૭૩.૧૪ |
| ૨ | ઇડર | ૨૬.૬૯ | ૪૮.૬૫ | ૭૫.૩૪ | ૨૬.૨૪ | ૫૭.૫૨ | ૮૩.૭૬ | ૧૫૯.૧૦ |
| ૩ | વડાલી | ૧૫.૪૬ | ૬૪.૩૭ | ૭૯.૮૩ | ૧૩.૦૩ | ૨૧.૯૯ | ૩૫.૦૨ | ૧૧૪.૮૫ |
| ૪ | પ્રાંતિજ | ૨૦.૩૯ | ૦.૦૦ | ૨૦.૩૯ | ૧૮.૪૯ | ૦.૦૦ | ૧૮.૪૯ | ૩૮.૮૮ |
| ૫ | તલોદ | ૧૭.૭૮ | ૪.૩૦ | ૨૨.૦૮ | ૧૯.૦૨ | ૩.૭૨ | ૨૨.૭૪ | ૪૪.૮૨ |
| ૬ | મોડાસા | ૨૯.૬૪ | ૮૨.૧૨ | ૧૧૧.૭૬ | ૨૧.૭૫ | ૬૭.૮૨ | ૮૯.૫૭ | ૨૦૧.૩૩ |
| ૭ | ધનસુરા | ૨૨.૪૯ | ૬.૪૦ | ૨૮.૮૯ | ૧૯.૭૨ | ૦.૦૦ | ૧૯.૭૨ | ૪૮.૬૧ |
| ૮ | બાયડ | ૨૨.૨૨ | ૨.૩૫ | ૨૪.૫૭ | ૧૩.૦૪ | ૧૨.૧૬ | ૨૫.૨ | ૪૯.૭૭ |
| ૯ | માલપુર | ૨૫.૯૪ | ૮૭.૯૩ | ૧૧૩.૮૭ | ૨૦.૦૬ | ૧૦૬.૮૬ | ૧૨૬.૯૨ | ૨૪૦.૭૯ |
| ૧૦ | મેઘરજ | ૬૫.૬૦ | ૧૧૧.૮૭ | ૧૭૭.૪૭ | ૨૨.૩૨ | ૧૪૮.૧૬ | ૧૭૦.૪૮ | ૩૪૭.૯૫ |
| ૧૧ | ભિલોડા | ૭૭.૨૪ | ૪૦૭.૯૩ | ૪૮૫.૧૭ | ૨૬.૫૨ | ૩૭૨.૮૮ | ૩૯૯.૪ | ૮૮૪.૫૭ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૫૮.૧૦ | ૩૩૯.૩૩ | ૩૯૭.૪૩ | ૨૩.૬૫ | ૩૮૬.૮૮ | ૪૧૦.૫૩ | ૮૦૭.૯૬ |
| ૧૩ | વિજયનગર | ૨૭.૭૬ | ૨૦૮.૨૨ | ૨૩૫.૯૮ | ૨૧.૪૫ | ૧૯૧.૪૭ | ૨૧૨.૯૨ | ૪૪૮.૯૦ |
| | **કુલઃ** | **૪૪૨.૦૭** | **૧૪૭૭.૦૪** | **૧૯૧૯.૧૧** | **૨૬૪.૩૯** | **૧૪૭૭.૧૭** | **૧૭૪૧.૫૬** | **૩૬૬૦.૬૭** |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રોપાઓ જીવીત છે?

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર જીવીત રોપાની વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૧-૧૨ માં વાવેલ રોપા પૈકી જીવંત રોપાની સંખ્યા લાખમાં** | | | **વર્ષ ૨૦૧૨-૧૩ માં વાવેલ રોપા પૈકી જીવંત રોપાની સંખ્યા લાખમાં** | | | **એકંદર જીવંત રોપાની સંખ્યા લાખમાં** |
|---|---|---|---|---|---|---|---|---|
| | | **સામુહિક વન નિર્માણ યોજના હેઠળ જીવંત રોપાની સંખ્યા લાખમાં** | **વન વિભાગ દ્વારા વાવેલ રોપા પૈકી જીવંત રોપાની સંખ્યા લાખમાં** | **કુલ રોપાની સંખ્યા લાખમાં** | **સામુહિક વન નિર્માણ યોજના હેઠળ જીવંત રોપાની સંખ્યા લાખમાં** | **વન વિભાગ દ્વારા વાવેલ રોપા પૈકી જીવંત રોપાની સંખ્યા લાખમાં** | **કુલ રોપાની સંખ્યા લાખમાં** | |
| ૧ | હિંમતનગર | ૦.૫૫ | ૨.૮૩ | ૩.૩૮ | ૦.૫૨ | ૩.૩૧ | ૩.૮૩ | ૭.૨૧ |
| ૨ | ઇડર | ૦.૪૨ | ૧.૪૮ | ૧.૯ | ૦.૭૫ | ૨.૨૪ | ૨.૯૯ | ૪.૮૯ |
| ૩ | વડાલી | ૦.૨૩ | ૧.૬૮ | ૧.૯૧ | ૦.૩૭ | ૦.૮૦ | ૧.૧૭ | ૩.૦૮ |
| ૪ | પ્રાંતિજ | ૦.૩૪ | ૦.૦૦ | ૦.૩૪ | ૦.૫૩ | ૦.૦૦ | ૦.૫૩ | ૦.૮૭ |
| ૫ | તલોદ | ૦.૨૭ | ૦.૨૦ | ૦.૪૭ | ૦.૫૨ | ૦.૨૧ | ૦.૭૩ | ૧.૨ |
| ૬ | મોડાસા | ૦.૪૮ | ૨.૦૧ | ૨.૪૯ | ૦.૫૫ | ૨.૭૭ | ૩.૩૨ | ૫.૮૧ |
| ૭ | ધનસુરા | ૦.૪૦ | ૦.૧૩ | ૦.૫૩ | ૦.૫૪ | ૦.૦૦ | ૦.૫૪ | ૧.૦૭ |
| ૮ | બાયડ | ૦.૨૮ | ૦.૦૬ | ૦.૩૪ | ૦.૨૮ | ૦.૪૩ | ૦.૭૧ | ૧.૦૫ |
| ૯ | માલપુર | ૦.૪૩ | ૨.૬૮ | ૩.૧૧ | ૦.૫૭ | ૪.૫૨ | ૫.૦૯ | ૮.૨ |
| ૧૦ | મેઘરજ | ૧.૨૦ | ૩.૬૪ | ૪.૮૪ | ૦.૬૬ | ૫.૨૭ | ૫.૯૩ | ૧૦.૭૭ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | ભિલોડા | ૧.૩૬ | ૬.૫૯ | ૭.૯૫ | ૦.૮ | ૧૦.૨૯ | ૧૧.૦૯ | ૧૯.૦૪ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૦.૯૩ | ૯.૨૯ | ૧૦.૨૨ | ૦.૬૮ | ૧૫.૫૯ | ૧૬.૨૭ | ૨૬.૪૯ |
| ૧૩ | વિજયનગર | ૦.૩૧ | ૫.૯૭ | ૬.૨૮ | ૦.૬૬ | ૬.૬૯ | ૭.૩૫ | ૧૩.૬૩ |
| | **કુલઃ** | **૭.૨૦** | **૩૬.૫૬** | **૪૩.૭૬** | **૭.૪૩** | **૫૨.૧૨** | **૫૯.૫૫** | **૧૦૩.૩૧** |

**ડો. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગ દર વખતે એની એ જ જમીન ઉપર રોપા રોપે છે એવો મારો સીધો આક્ષેપ છે. રાજ્ય સરકારે સાબરકાંઠા જિલ્લામાં જે જમીનમાં જે રોપા રોપ્યા છે એ ૧૨૩ લાખ ૧૯ હજાર રોપા રોપ્યા છે. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે તમારે બે છોડ વચ્ચેનું અંતર કેટલું રાખવાનું હોય છે અને આટલા રોપા રોપવા માટે તમારી પાસે બે વર્ષ પહેલા જમીન ઉપલબ્ધ હતી કે કેમ?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** અંતર અલગ અલગ હોય છે. સામાજિક વનીકરણમાં રસ્તાના પટ્ટીના વાવેતરમાં ૫ થી ૭ ફુટ અંતર હોય છે. ગુગળના છોડનું વાવેતર કરીએ એમાં વચ્ચે જગ્યા ઓછી હોય છે અને જંગલનું વાવેતર ૫ થી ૧૦ ફુટના અંતરે હોય છે. વિસ્તાર અને અંતર વચ્ચેનો ડિફરન્સ આપણે માપી શકીએ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૩૨ અને ૦.૫૦ ચોરસ કિલોમીટરની જગ્યા સાબરકાંઠા જિલ્લામાં વન વિસ્તાર માટેની છે.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં વનવિભાગ દ્વારા વનીકરણ કામગીરીમાં તાલુકાવાર કેટલા માનવ દિન રોજગારી ઉત્પન્ન થઇ છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં હિંમતનગર, ઇડર, વડાલી, પ્રાંતિજ, તલોદ, મોડાસા, ધનસુરા, બાયડ, માલપુર, મેઘરજ, ભિલોડા, ખેડબ્રહ્મા, વિજયનગરમાં કુલ ૨૦૧૧-૧૨માં ૬,૭૧,૭૯૮ અને ૨૦૧૨-૧૩માં ૫,૬૮,૫૨૭ કુલ ૧૨,૪૦,૩૨૫ વૃક્ષોનું વાવેતર થયું છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ૨૦૧૧-૧૨માં ૧,૯૧૯ રૂપિયા ખર્ચ થયેલો છે અને ૨૦૧૨-૧૩માં ૧,૭૪૧ રૂપિયા ખર્ચ થયેલ છે તો આ ખર્ચ નરેગા યોજના હેઠળ ફાળવવામાં આવે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નરેગા યોજનાએ માનવદિન રોજગારી માટેની યોજના છે અને આ યોજના વનીકરણની અંદર પણ ઉપયોગ થાય છે અને એમાં માનવદિન પણ ગણાય છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સહભાગી વન વ્યવસ્થા એટલે શું? અને આ વ્યવસ્થા સાબરકાંઠા જિલ્લામાં અમલમાં છે, ત્યારે બીજો પ્રશ્ન છે, સાબરકાંઠા જિલ્લામાં કયા કયા રોપાનું વાવેતર કરવામાં આવે છે અને આ રોપા માટે કરવામાં આવતા ખાડાના માપ શું છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ૧૯૯૧ની વસ્તી મુજબ સહભાગી વન વ્યવસ્થા અમલમાં છે અને આ સહભાગી વન વ્યવસ્થામાં ૬૦% કુટુંબો અથવા તેનાથી વધારે કુટુંબોને આવરી લેવામાં આવે છે અને સમિતિનું ગઠન થાય છે અને આજુબાજુની ૧૦૦ એકર જેટલી જગ્યાનો હિસ્સો એમને ફાળવવામાં આવે છે અને એની જગ્યાએ લાકડાનું કટિંગ થાય અને વેચવામાં આવે એમાંથી ૨૦% રકમ સહભાગી વન વ્યવસ્થા મંડળીઓને આપવામાં આવે છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, છેલ્લા બે વર્ષમાં ૧૦૩ લાખ ૩૧ હજાર રોપા જો જીવિત હોય તો છેલ્લા ૧૦ વર્ષમાં આ રોપાની સંખ્યા કયાં જાય? અને આ રોપા જે રોપવામાં આવે છે એને રક્ષણ માટે સરકાર તરફથી શું વ્યવસ્થા કરવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામૂહિક વ્યવસ્થા જે છે એની અંદર અવેરનેસ લાવી સ્થાનિક જૂથો મારફત એને પોષણ કરતા હોય છે, વાવતાં હોય છે. વન વ્યવસ્થાનો જે ભાગ છે એની અંદર ૮૦%, ૭૦% જેટલું એનું પરિણામ છે અને આ પ્રકારના રોપા જ્યાં ફરીવાર વાવવા પડે, રોપા જે બળી જાય એની ફરીવાર ત્યાં રોપણી કરવામાં આવે છે, એટલે બાકીનો પ્રશ્ન રહેતો નથી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, જીવિત રોપા છે એના રક્ષણ માટે સરકારે કેટલો ખર્ચ કર્યો? કારણ કે, ૩ લાખ રોપા જીવિત છે એમ સરકાર કહે છે, કારણ કે દર વર્ષે વાવો છો અને રોપા ઉખડી જાય છે, મરી જાય છે તો રોપા કાયમી રહે એના માટે કોઇ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રોપા કાયમી રહે એના માટે રોપાના ઉછેરની વ્યવસ્થા, પ્રોટેકશન માટે એને ૩ વખત પાણી આપવામાં આવે છે, પાણી દ્વારા રોપા જીવે એની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કુલ ખર્ચ ૩૬૬૦ લાખ થયો છે, એમાંથી કેટલો ખર્ચ મનરેગા યોજના હેઠળ ફાળવવામાં આવે છે? અને કેટલા માનવદિન રોજગારી મળે છે? અને બીજું માનનીય જોષીયારા સાહેબે કહ્યું એમ, જ્યારે પણ વનમહોત્સવ થાય છે એ સ્કૂલની આજુબાજુ કરવામાં આવે છે, બીજા વર્ષે આપણે જોઇએ તો સ્કૂલની આજુબાજુ એકપણ ઝાડ દેખાતું નથી તો એની પાછળ કાંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં સહભાગી વન વ્યવસ્થા હેઠળ એના જુથો માટે કેટલા માનવ દિન અંગેનો જે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે તો એમાં કુલ ૨૦૧૧-૧૨માં માનવ દિન ૧૨,૪૦,૩૨૫, કુલ માનવ દિન છે અને આ માનવ દિન મનરેગા યોજના નીચેના છે.

**ખેડા અને આણંદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર**

* ૩૧૧૮ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામૂહિક વન નિર્માણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) ૨૦.૭૭ લાખ. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૫૮૫.૫૩ લાખ. |

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગુ છું કે, છેલ્લી વૃક્ષ ગણતરી સમયે ખેડા અને આણંદ જિલ્લામાં કેટલા વૃક્ષોનો અંદાજ કાઢવામાં આવ્યો હતો ? જંગલ બહારના વિસ્તારમાં ફરી વૃક્ષ ગણતરી કરવામાં આવનાર છે કે કેમ અને ખેડા અને આણંદ જિલ્લામાં સારી સંખ્યામાં વૃક્ષ વધારાના કારણો શું છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા અને આણંદ જિલ્લામાં જે વૃક્ષો છે એમાં ૪૨૫ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું છે, ૫.૨૫ લાખ રોપાનું વાવેતર છે, ૪.૫૦ જીવંત રોપા છે, ૧૧૬ લાખ, ૫૧ હજાર એનો ખર્ચ છે અને કુલ માનવ દિન ૩૯,૩૮૧ આ ખેડા જિલ્લાના છે. માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે આણંદ જિલ્લામાં ૩૨૩ હેકટરમાં વાવેતર છે, ૪.૩૨ લાખ રોપાનું વાવેતર છે, ૩.૪૭ રોપા એટલે ૮૦ ટકા જીવીત છે અને ૧,૬૩,૭૭,૦૦૦/-નો ખર્ચ થયેલો છે, ૫૧,૩૩૮ કુલ માનવ દિન એમાંથી ઉત્પન્ન થયેલ છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, સામાજીક વનીકરણ એટલે શું અને સામાજીક વનીકરણ અંતર્ગત શું શું કાર્યક્રમો ચાલે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે જમીન જંગલમાં નથી અને જે પટ પડ્યા છે એવા વિસ્તારોમાં સામાજીક વનીકરણ યોજના અમલમાં લાવીને ત્યાં વાવેતર કરવામાં આવે છે. એમાં પટ્ટી વાવેતર, ગૌચર અને સરકારી પડતરની જમીન, પર્યાવરણ અને શહેરી વૃક્ષારોપણ, નદી-તળાવ કાંઠે વાવેતર, સંસ્થાકીય જમીનોમાં વૃક્ષારોપણ, ખેડૂતોની જમીનમાં વૃક્ષની ખેતી, વન મહોત્સવની ઉજવણી, સંસ્થા અને ખેડૂતો, વ્યક્તિને રોપા પૂરા પાડવા, બળતણ બચાવવા માટેના સાધનો ઉભા કરવા આ રીતે યોજના કરવામાં આવે છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરેક વખતે આ પ્રશ્નની બહુ ગહન ચર્ચા થાય છે. ગુજરાત રાજયની રચના થઇ ત્યારથી કરોડોની સંખ્યાની અંદર આપણે ઝાડોનું વાવેતર કર્યું છે, તો એ ઝાડો અત્યારે ઉછેરતા નથી તો જેટલું રોપાય એટલું ઉછરે એના માટે કોઇ રક્ષણવાળી વ્યવસ્થા કરીને નાણાકીય બગાડ ના થાય અને આક્ષેપો ના થાય એવું સરકાર કાંઇ સઘન વ્યવસ્થા કરવા માગે છે કે કેમ ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે કે, આ પ્રકારના ઝાડો બચાવવા માટેનું કોઇ આયોજન છે કે કેમ? આ અંગે તમારી વાત એ ખરી છે કે, દર વખતે આ વસ્તુ આવે છે પણ જે વાસ્તવિકતા હોય એ સામે આવવાની છે અને આ પ્રકારે ભવિષ્યમાં ઝાડ બચે એના માટેનું પ્લાનીંગ કરીશું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઠાસરા તાલુકાની અંદર યાત્રાધામ, રણછોડરાયજીનું મંદિર

વન વિભાગે ખાસ્સી જમીન લીધી રોડ સાઇડે, ત્યાં શિલારોપણ કર્યું, વૃક્ષારોપણ પણ કર્યું એની પાછળ કેટલો ખર્ચો થયો માનનીય અધ્યક્ષશ્રી, એક પણ..

અધ્યક્ષશ્રી : શિલારોપણમાં કે આ વૃક્ષારોપણમાં ?

શ્રી રામસિંહ પ્ર. પરમાર : વૃક્ષારોપણ સાથે શિલારોપણ પણ કર્યું, એનું શિલારોપણ પણ કર્યું, મોટો કાર્યક્રમ કર્યો. એની અંદર એક પણ છોડ નથી, જમીન પાછી આપી દીધી, એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સાથે એને સુસંગત નથી, અલગથી નોટિસ આપશે તો એનો જવાબ આપીશું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, ખેડા જિલ્લામાં ૭૨૫ હેકટરમાં વાવેતર કર્યું એમાં બાલાસિનોર, વિરપુર તાલુકામાં કયા કયા પ્રકારના રોપા રોપવામાં આવ્યા અને એમાં હાલ જીવંત કેટલા છે અને કેટલો ખર્ચ થયો ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બાલાસીનોરમાં ૪૩ હેકટરમાં વાવેતર કર્યુ છે. ૪૭,૦૦૦ વૃક્ષો રોપવામાં આવ્યા છે અને ૩૯,૦૦૦ જીવીત છે. ૨૦૧૨-૧૩ માં કુલ ૪,૨૦૦ અને ૪૦ દિવસનું માનવ દિનનું નિર્માણ થયું છે.

શ્રી જયંતભાઇ ર. પટેલ : મારો સ્પેસિફિક પ્રશ્ન એવો છે કે વન વિભાગની કામગીરી સારી છે. વૃક્ષો લગાવ્યા પછી મેઇન્ટેનન્સ થતું નથી. આણંદ અને ખેડા જિલ્લામાં ઝાડની સાઇઝ જુઓ તો એ નીતિનભાઇ જેવી સાઇઝ હોય છે. હાઇટ થતી નથી. મેઇન્ટેનન્સ થતું નથી આ સરકાર કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : કિમતી ઝાડની હાઇટ ઓછી હોય, બાકી બહુ વધી જાય.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : ખેડા, આણંદ જિલ્લામાં જમીન સારી છે, પાણીવાળી છે. સારા રોપા આપવામાં આવે છે. ખેડા અને આણંદ જિલ્લામાં ખેતી તરીકે ઝાડ ઉછેરી અને એનો ધંધો કરે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દર વર્ષે આ કાર્યક્રમો થતા જ હોય છે અને જે રોપા રોપવામાં આવે છે એમાંથી ૮૦-૯૦ ટકા રોપા જીવિત છે તેવું કહેવામાં આવે છે. વાસ્તવિકતા શું છે એ જાણવા માટે કોઇ ખાનગી એજન્સી મારફત ખરેખર કેટલા રોપા અત્યારે જીવિત છે અને એના કારણે સરકારની આવકમાં શું ફેરફાર થાય છે, તે માટે સરકારશ્રી કોઇ પ્રયત્ન કરવા માગે છે કે નહિ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : દર ૩ વર્ષે ઝાડની ગણતરી કરવામાં આવે છે અને ઝાડ એને જ ગણવામાં આવે છે કે છાતીની ઊંચાઇથી ઉપરની હાઇટવાળું હોય. એને કારણે વૃક્ષની કેટલી સંખ્યા, કેટલા જીવિત છે એ નક્કી થાય છે. વધુમાં વધુ ઝાડો વાવ્યા પછી ઉછરે એના માટેની ચિંતા કરીએ છીએ.

## સુરેન્દ્રનગર જિલ્લામાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવાની અરજીઓ

* ૩૦૯૩ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ મળી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૮ |
| ૨ | લખતર | ૨૦ |
| ૩ | સાયલા | ૫૨ |
| ૪ | પાટડી | ૧૦૯ |
| ૫ | હળવદ | ૯૩ |
| ૬ | ચોટીલા | ૮૨ |
| ૭ | મુળી | ૪૪ |
| ૮ | ચુડા | ૧૪ |
| ૯ | લીંબડી | ૮૫ |

| | | |
|---|---|---|
| ૧૦ | ધ્રાંગધ્રા | ૭૫ |
| | **કુલઃ** | **૫૮૨** |

(૨) તે પરત્વે તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર થયેલ છે?

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **મંજુર થયેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૫ |
| ૨ | લખતર | ૧૬ |
| ૩ | સાયલા | ૫ |
| ૪ | પાટડી | ૯૪ |
| ૫ | હળવદ | ૫૮ |
| ૬ | ચોટીલા | ૫૯ |
| ૭ | મુળી | ૩૮ |
| ૮ | ચુડા | ૮ |
| ૯ | લીંબડી | ૮૧ |
| ૧૦ | ધ્રાંગધ્રા | ૭૨ |
| | **કુલઃ** | **૪૮૩** |

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં જે અરજીઓ મળી છે, તેમાંથી ૯૯ જેટલી અરજીઓ બાકી રહેલ છે આ અરજીઓ કેટલા સમયથી બાકી છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : સુરેન્દ્રનગર જિલ્લામાં ૯૯ અરજીઓ બાકી છે. એમાં ૩૫ અરજીઓ જુદાં જુદાં કારણોસર નામંજૂર કરવામાં આવી છે. એમાં ખેત જમીન ટોચ મર્યાદા હોય, પરવાનગીવાળી જમીન વેચી દીધી હોય અથવા પડતર રહી હોય તેવાં કારણોસર ૩૫ અરજી નામંજૂર થઇ અને બાકી ૬૪ અરજીઓમાં બે માસ સુધીની ૨૩ અરજીઓ ચોટીલા તાલુકાની છે. ૩ થી ૬ માસ સુધીની ૩૭ અરજીઓ છે, એમાં હળવદની ૩૧ અને ચુડાની ૬ અને એ પણ સમય મર્યાદામાં છે, એટલે સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવી અને અવિભાજ્ય શરતની તથા પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનોની ખેતી કે ખેતના હેતુ માટે કે બિનખેતીના હેતુ માટે જૂની શરતમાં ફેરવવા તથા તબદીલ હેતુફેર કરવા માટે પ્રીમિયમના ધોરણોની અગાઉ શું નીતિ હતી?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : નવી શરતમાંથી જૂની શરત કરવાની હોય ત્યારે ૧૫ વર્ષ પૂરાં થયાં પછી પહેલા ખેડૂત અરજી કરે, અરજી કર્યા પછી એનું પ્રીમિયમ ભરે. ૬૦ પટ લેવાતા હતા. તે ભરે પછી જૂની શરતમાં થતી હતી. પછી ૧૫ વર્ષ બાદ ખેતીના હેતુ માટે જૂની શરત કરવાની થાય ત્યારે જંત્રી દરના એ વખતે જંત્રી દર નહોતો, પરંતુ એ વખતે જિલ્લા મૂલ્યાંકન સમિતિ તેની કિંમત નક્કી કરતી હતી. ત્યાર પછી સ્ટેટ કક્ષાની મૂલ્યાંકન સમિતિ તેનું મૂલ્યાંકન કરતી હતી. મૂલ્યાંકન કર્યા પછી જો જિલ્લા મૂલ્યાંકન સમિતિ એ મૂલ્યાંકન કરે એને એક વર્ષ પૂરું થાય, તો ૧૨ ટકા વ્યાજ લેવામાં આવતું હતું. બે વર્ષ પૂરું થાય તો ફરીથી મૂલ્યાંકન કરવું પડતું હતું. આ ખૂબ લાંબી પ્રોસેસ હતી, એના આધારે પછી જે ૫૦ ટકા જંત્રી દરના ભરવા પડતા હતા અને બિનખેતીના હેતુ માટે જૂની શરત કરવાની હોય તો ૮૦ ટકા ભરવા પડતા હતા.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, નવી શરતની જમીન જે છે તે મોટાભાગે સાથણીમાં અપાયેલી જમીનો છે. ગરીબ ખેડૂતો, જમીન વિહોણા ખેડૂતને અપાયેલી છે. તેની અંદર જે ટોચ મર્યાદાની જમીનો સરકાર હસ્તગત કરી હોય તેવી જમીનો પણ સાથણીમાં અપાયેલી છે. એટલે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાનો મુદ્દો છે. ટોચ મર્યાદામાં જે ખેડૂતને જમીન આપવામાં આવી અને તેમાં તે ખેતી કરે છે અને વિકાસ કર્યો છે તેવી જમીન જૂની શરતમાં નથી ફરતી. ફેરવવામાં આવતી નથી. એટલે આવી જમીનને જૂની શરતમાં સરકાર ફેરવવા માગે છે કે કેમ? તેમાં ખેડૂતોએ ઘણા બધા પૈસાનો ખર્ચ કર્યો છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : આપનું સૂચન છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે પ્રિમીયમના દર જે ઘટાડયા તેમાં પૂછવા માગું છું કે આ દર કયારે ઘટાડયા?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ ડી.એલ.વી.સી. અને એસ.એલ.વી.સી. કરીને જમીનનું મૂલ્યાંકન થતું હતું. પંદર વર્ષ બાદ જો તેનો કબજો હોય અને ખેતીથી ખેતીના હેતુ માટે જૂની શરતમાં ફેરવવાની હોય એટલે પહેલાં જે ૬૦ પટ લેવાના હતા તે આ સરકારે લેવાનું બંધ કરી દીધું અને જે અરજી કરવાની હતી તે અરજી પણ હવે નથી કરવાની. સુઓમોટો કરીને હવે તેને જૂની શરતમાં ફેરવી આપવામાં આવે છે. સાહેબ એક મહત્વનો નિર્ણય કર્યો ત્યારપછી ૫૦ ટકા જંત્રીના ભાવ લેવામાં આવતા હતા અને ડી.એલ.વી.સી. અને એસ.એલ.વી.સી. કરતા હતા તેની જગ્યાએ આપણે જંત્રીના ભાવથી નક્કી કર્યું. જેથી જે સમય મૂલ્યાંકન કરવામાં જતો હતો તે સમય ઘટાડી શકયા. જંત્રી દરથી મૂલ્યાંકન કરવાની શરૂઆત ૨૦૧૧માં કરી. ૫૦ ટકા જંત્રી દરનું પ્રીમિયમ લેવાતું હતું તેમાં ૨૫ ટકા કરી દીધુ, ૮૦ ટકા જે લેવાતું હતું તેના ૪૦ ટકા પ્રમાણે લેવામાં આવે છે. એટલે આવો મહત્વનો ફેરફાર આ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આ નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાનો જે ક્રાંતિકારી નિર્ણય કર્યો છે, આજે નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવાઇ જાય પછી નિયમો જૂની શરતના લાગુ પડે કે ન પડે અથવા તો નવી શરતના નિયમો છે તે કટ થઇ જાય અને જૂની શરતના નિયમો છે તે લાગુ પડે. આ બેમાં શું તફાવત છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવી શરતમાંથી જૂની શરતમાં થાય એટલે જૂની શરતના નિયમો લાગુ પડે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ૫૮૨ અરજીઓ આવી એમાં નવી શરતની કેટલી આવી, ગણોત ધારાની કેટલી આવી અને ૭૩ એ.એ.ની કેટલી આવી. ૭૩ એ.એ.ની જે જમીન હોય તેનું પ્રીમિયમના હિસાબે જે માલેતુજાર હોય, જમીનના માફીયા હોય..

અધ્યક્ષશ્રી : તેમણે કહ્યું કે હવે પ્રીમિયમ નથી લેતા. પંદર વર્ષ થાય એટલે સુઓમોટો કરી દે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી ૭૩ એ.એ.ની જમીન હોય તેની નવી શરતના પેપર જૂની શરતમાં કરવામાં આવે તેનું પ્રીમિયમ ઓછું કરવા માગે છે કે કેમ**?**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સુરેન્દ્રનગર જિલ્લાનો પ્રશ્ન છે અને તેમાં કોઇ આદિવાસીની જમીન નથી એટલે આમાંથી આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. ૭૩ એ.એ.ની જમીન હોય તે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવો તેમાં પ્રીમિયમ ઓછું કરવા માગો છો?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પંદર વર્ષ સુધી કોઇ પ્રીમિયમ લેતા નથી. બાકી તેમનું સૂચન છે.

## અમરેલી, અમદાવાદ અને ગાંધીનગરના સર્કિટ હાઉસની મરામતનો ખર્ચ

* ૩૨૦૯ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી, અમદાવાદ અને ગાંધીનગરના સર્કિટ હાઉસની મરામત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના સર્કિટ હાઉસની મરામત પાછળ તેની સામે દર્શાવ્યા મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.<br>અમરેલી રૂ. ૫૬,૪૦,૨૦૧.૦૦<br>અમદાવાદ રૂ. ૪૭,૫૯,૯૬૨.૦૦<br>ગાંધીનગર રૂ. ૫૦,૯૧,૪૨૯.૦૦ |

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું અને એમણે તેમના જવાબમાં જે મરામત પાછળનો ખર્ચ બતાવ્યો છે. તો મારે જાણવું છે કે આ ખર્ચ મરામતનો છે, એટલે બજેટની અંદર આ સિવાય આ બે વર્ષમાં કેટલો ખર્ચ સર્કિટ હાઉસમાં થયો. બીજું હું જાણવા માગું છું કે, આ મરામત કરી તેમાં કોઇ ગેરંટી પીરીયડ હતો કે નહીં અને આમાં જે એનેક્ષીના રૂમો છે તેનો આમાં સમાવેશ થયેલો છે કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એનેક્ષીના કોઇ રૂમોનો આમાં સમાવેશ નથી. દરેક સરકીટ હાઉસ પ્રમાણે જોઇએ તો...

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીએ એમ કહ્યું કે, આની ગેરંટી હોય છે કે નહીં?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : સાહેબ, આ સરકીટ હાઉસોમાં ૫૦ વર્ષમાં પહેલી વાર મરામત કરેલ છે અને સાહેબ, મરામતમાં ગેરંટી ના હોય અને રીપેરીંગ તો કરવું પડે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં ત્રણ સર્કિટ હાઉસનો પ્રશ્ન પૂછ્યો છે, આખા રાજયનો પૂછ્યો નથી કારણ કે બે રૂમ સારા રાખે અને બાકીના રૂમોની હાલત ખરાબ હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, આ જે ખર્ચ બતાવ્યો છે એ ખાસ મરામતનો છે તો બજેટનો ખર્ચ આ ત્રણ સર્કિટ હાઉસ માટે બજેટમાંથી કેટલી ગ્રાન્ટ ફાળવી હતી? એ મારે જાણવું છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાંથી ગ્રાન્ટ ૨૯૫ કરોડ રૂપિયાની ફાળવાઇ છે અને એ સમગ્ર રાજય માટે ખર્ચાઇ છે એટલે વ્યક્તિગત એવી કોઇ, સાહેબ, આ રૂમ માટે આટલા અને આ રૂમ માટે આટલા થયા એવી કોઇ જોગવાઇ ન હોય. માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય બાવકુભાઇ વાત કરે છે કે ચાર જ રૂમોમાં એસી હોય છે પણ એવું નથી, મોટાભાગના રૂમોમાં એસી છે, અને એસી ના હોય તો આપ કેવી રીતે ગાંધીનગરમાં સર્કિટ હાઉસમાં રહો છો? એમાં એસી હશે તો આપ રહ્યા હશોને.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમરેલી સર્કિટ હાઉસમાં નવીનીકરણ પાછળ ૫૬,૪૦,૨૪૧ રૂપિયાનો ખર્ચ થયો તો સર્કિટ હાઉસનું બાંધકામ કેટલા ચોરસમીટર છે?

અધ્યક્ષશ્રી : બાંધકામનો આ સવાલ નથી, મરામત વિશે કહો. માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રી મૂળ બાંધકામ કેટલાનું છે એ પૂછે છે? એના આંકડા આપની પાસે છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ બાંધકામ તો માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીને ખબર હશે અને મારી પાસે વિગતો છે પણ ટોટલ વિગતો મારી પાસે છે.

**જામનગર જિલ્લાના ખંભાલીયાથી સલાયા બંદરને જોડતા માર્ગને પહોળો કરવા બાબત**

* ૩૦૮૩ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ખંભાલીયાથી સલાયા બંદરને જોડતા ખંભાલીયા સલાયા માર્ગને પહોળો કરવાનું કામ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) મેટલીંગ કામ પ્રગતિમાં હતું. |
| (૨) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) આ કામ માટે રૂ।. ૧૦૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આ વિશે થોડીક વધુ માહિતી આપવા વિનંતી કરીશ કે, એમના ઉત્તર મુજબ આ રસ્તામાં મેટલિંગ કામ ચાલુ છે પણ એ સિવાય આ રસ્તો પહોળો કરવામાં અન્ય જે કોઇ કામગીરી હાથ ધરવામાં આવી હોય એની વિગત આપે. આ રસ્તો પહોળો થવાથી જે જે ગામોને લાભ મળે છે એ ગામોની વિગત આપે અને આ ગામોમાં કેટલી વસતિ છે એની વિગત આપવા વિનંતી કરું છું.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો પહોળો કરવાથી કોઠાવિશોતરીના ૧૭૩૨ વસતિને, સલાયામાં ૩૩૫૫૪ વસતિને, હરીપરમાં ૮૬૮, સોડસલામાં ૧૧૧૬ અને ખંભાળીયામાં ૪૭૦૦૦ની વસતિને આનો લાભ થવાનો છે. એમાં જે રોડ છે, એ રસ્તાને સીંગલ લેન ૩.૬૬ મીટરમાંથી ૭ મીટર કરીએ છીએ અને ઇન્ટરમીડીયટ લેન છે એ સાડા પાંચ મીટર છે એ સાડા પાંચ મીટરમાંથી સાત મીટર પહોળો કરવા માટેની આ કામગીરી છે અને ૮૩૯ લાખ રૂપિયાનો ખર્ચ આ રોડની પાછળ આપણે કરવાના છીએ.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, ખંભાળીયાથી સલાયા બંદર માર્ગને કઇ તારીખથી પહોળો કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે? કેટલા કિલોમીટરનું કામ કરવામાં આવશે અને રસ્તામાં આવતા નાળાં, પુલોનો કેટલો ખર્ચ કરવામાં આવશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કામની શરૂઆત તા.૧૦–૯–૨૦૧૨થી થઇ અને ૧૧ માસની એને જવાબદારી સોંપી છે અને પૂર્ણ કરવાનું આયોજન છે. અત્યાર સુધીમાં એ રોડમાં જે કામ થયું છે

ખંભાળિયા સલાયા રોડ જેની લંબાઇ છે એમાં ખાસ કરીને ૩.૨ કી.મી.ની લંબાઇ ખંભાળિયા નગરપાલિકા હસ્તક છે. જેની હયાત ડામરની સપાટી ૬.૧૦ મીટરની છે અને આ કામમાં ૩.૨ કી.મી.થી ૧૨.૫૦૦ કી.મી. સુધીની એટલે ૯ કી.મી.ની લંબાઇમાં મેટલીંગની કામગીરી પૂર્ણ થયેલી છે જયારે ૧૨.૫૦૦ કી.મી.થી ૧૫ કી.મી. એટલે ૨.૫૦૦ કી.મી.ની લંબાઇમાં બોક્ષ કટીંગની કામગીરી પ્રગતિમાં છે અને એપ્રિલ ૨૦૧૩ થી ડામર કામની કામગીરી શરૂ કરવાનું આયોજન છે એમાં ૧૦ નાળા સ્લોપ ડ્રેઇન પૈકી ૩ નાળાની રીકન્સ્ટ્રકશનની કામગીરી પૂર્ણ થઇ છે, ૩ માઇનોર બ્રિજ રીકન્સ્ટ્રકશન પૈકી ૧ માઇનોર બ્રિજની ડીસમેટલીંગની કામગીરી પ્રગતિમાં છે અને સમય મર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

## વડોદરા જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો

* ૩૧૫૯ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે તા.૩૧−૧૨−૨૦૧૨ની સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૮ (આઠ). |
| (૨) તે પૈકી કેટલા કન્યા છાત્રાલયો અને કેટલા કુમાર છાત્રાલયો છે, | (૨) કન્યા માટે ૪ (ચાર) અને કુમાર માટે ૪ (ચાર). |
| (૩) તેમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે, અને | (૩) ૮૨૦. |
| (૪) તે પાછળ તા.૩૧−૧૨−૨૦૧૨ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૪) રૂ. ૧૮૫.૮૫ લાખ. |

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વડોદરા જિલ્લામાં છાત્રાલય યોજનામાં કેન્દ્ર સરકાર કોઇ સહાય આપે છે કે કેમ? વડોદરા જિલ્લા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓની હોસ્ટેલની સુવિધા કઇ કઇ જગ્યાએ છે અને તેમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલો છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ છાત્રાલયની ગ્રાન્ટની વાત કરું તો આ ચલાવવા માટે કેન્દ્ર સરકાર કોઇ સહાય આપતી નથી. આ સો ટકા રાજય સરકારની સહાયથી ચાલે છે. વડોદરા જિલ્લામાં ૮ જગ્યાએ આ છાત્રાલયો છે એમાં ચાર કુમાર છાત્રાલયો છે અને ચાર કન્યા છાત્રાલયો છે. વડોદરામાં કુમાર છાત્રાલય, ડભોઇમાં કુમાર છાત્રાલય, જેતપુર (પાવી)માં કુમાર છાત્રાલય, છોટા ઉદેપુરમાં કુમાર છાત્રાલય, વડોદરામાં કન્યા છાત્રાલય, સરકારી કન્યા છાત્રાલય છોટાઉદેપુર અને જેતપુર (પાવી)માં કન્યા છાત્રાલય અને જેતપુર (પાવી)માં ડ્રાય હોસ્ટેલ પણ શરૂ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં છાત્રાલય પ્રમાણે સંખ્યાની વાત કરીએ તો વડોદરામાં ૧૬૫ છે, ડભોઇમાં ૧૨૫ છે, જેતપુર (પાવી)માં ૯૦ છે, છોટાઉદેપુરમાં ૧૧૭ છે, વડોદરા કન્યા છાત્રાલયમાં ૧૦૩ છે, છોટાઉદેપુર કન્યા છાત્રાલયમાં ૧૨૦ છે અને જેતપુર (પાવી) કન્યા છાત્રાલયમાં ૭૫ અને જેતપુર (પાવી) ડ્રાય હોસ્ટેલમાં ૨૫ આમ કરીને કુલ વડોદરામાં ૮૨૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વડોદરા જિલ્લામાં આવેલ સરકારી છાત્રાલયો અને ડ્રાય હોસ્ટેલમાં પ્રવેશ મેળવેલ આદિજાતિ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ કયા અભ્યાસક્રમમાં અભ્યાસ કરે છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ૮૨૦ જે વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે તેમાં મેડિકલમાં ૨, એન્જિનિયરીંગમાં ૬૧, પોલિટેકનીકમાં ૧૨, ફાર્મસીમાં ૧, આયુર્વેદિકમાં ૪, એમ.બી.એ., એમ.સી.એ.માં ૪, સી.એ. કંપની સેક્રેટરીમાં ૨, એકેડેમીક અનુસ્નાતકમાં ૨૪, વિજ્ઞાન પ્રવાહમાં ૧૦૫, સામાન્ય પ્રવાહમાં ૧૧૧ અને સાયન્સ−આર્ટસમાં ૧૧૮ અને સ્નાતક કક્ષાએ ૩૬૫ આમ કરીને કુલ ૮૨૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, આ ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે ૮ જેટલી છાત્રાલયો ચાલે છે પણ સેલ્ફ ફાયનાન્સમાં

અભ્યાસ કરતા અને છાત્રાલયમાં રહેતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફૂડ બિલની રકમ વડોદરા જિલ્લામાં એક પણ વિદ્યાર્થીને મળી નથી તો ફૂડ બિલની રકમ આપવા સરકાર કોઇ આદેશ કરવા માગે છે કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સેલ્ફ ફાયનાન્સની આમાં કોઇ માહિતી નથી. આ માત્ર સરકારી છાત્રાલયોની માહિતી છે અને આ માટે અલગ નોટિસ આપશે તો એમને હું જવાબ આપીશ.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સરકારી છાત્રાલયોમાં માન્ય સંખ્યા સામે પ્રવેશ આપવા માટે અભ્યાસ ક્રમવાર ટકાવારી માટેની શું જોગવાઇ હોય છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મેડિકલ, એન્જિનિયરીંગ, પોલિટેકનીક, ફાર્મસી, આયુર્વેદિક, ડિપ્લોમા, એન.આઇ.ડી. એન.આઇ.એફ.ડી. ડેન્ટલ, હોમિયોપેથિક, એમ.સી.એ. એમ.બી.એ, કંપની સેક્રેટરી માટે ૨૦ ટકા રિઝર્વ હોય છે. એકેડેમિક અનુસ્નાતક અભ્યાસક્રમો માટે ૧૦ ટકા હોય છે અને ધોરણ ૧૧ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ એમના માટે ૧૨ ટકા અને ૮ ટકા હોય છે, સ્નાતક કક્ષાએ એટલે કે સાયન્સ, કોમર્સ અને આર્ટસમાં ૨૦ ટકા, ૧૨ ટકા અને ૮ ટકા અને અન્ય અભ્યાસક્રમો માટે ૧૦ ટકાનું રિઝર્વ હોય છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વડોદરા જિલ્લામાં ચાર કન્યા અને ચાર કુમાર છાત્રાલયો શરૂ કરવામાં આવેલ છે. વડોદરા જિલ્લામાં પાંચ તાલુકા ટ્રાયબલ છે અને એમાં તાલુકા મથકે પણ આવા પ્રકારની ઉચ્ચ કક્ષાની કોલેજો ચાલે છે તો અન્ય બાકી રહેલા તાલુકાઓમાં નવા છાત્રાલયો ખોલવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે આ વિદ્યાર્થીઓને આજે એક દિવસનો જે ખર્ચ આપવામાં આવે છે એ ઘણો ઓછો પડે છે કારણકે એ રહેતા હોય ત્યારે આજની મોંઘવારીના પ્રમાણમાં એનો ખર્ચ વધારે થાય છે તો આવો કોઇ ખર્ચ વધારવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અન્ય તાલુકાઓમાં નવા છાત્રાલયો ખોલવા માટેનું એમનું સૂચન છે અને હાલમાં એક વિદ્યાર્થી દીઠ માસિક રૂપિયા ૬૦૦નું કુડ બિલ આપવામાં આવે છે.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, સાવલી તાલુકામાં ઉચ્ચ કક્ષાની કોલેજો છે મેડિકલ કોલેજ, પોલિટેકનીક કોલેજ પણ આવેલી છે તો આ અગાઉ સાવલી તાલુકામાં છાત્રાલય ખોલવા માટે કોઇ અરજી આવેલ છે કે કેમ અને એને આપવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : કોઇ અરજી આવી નથી. એમનું સૂચન છે.

શ્રી યોગેશ પટેલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વડોદરા જિલ્લામાં ચાર કન્યા છાત્રાલય છે આમાં સ્ટાફ મહિલાઓનો જ રાખવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એમાં વગર જોયે જવાબ આપી શકાય એવો છે કે મહિલા સ્ટાફ રાખવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : ત્યાં મહિલા સ્ટાફ જ હોય છે.

ડો. અનિલ જોષીયારા : આ જે આઠ છાત્રાલય સરકાર ચલાવી રહી છે, એમાં સરકારના પોતાના મકાન કેટલા છે અને ભાડાના મકાનમાં કેટલા છાત્રાલય ચાલે છે? આપે કહ્યું કે કેન્દ્ર સરકાર કોઇ સહાય આપતી નથી, તો આપે એના માટે ક્યારે માગણી કરી અને એનો શું જવાબ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : વડોદરા જિલ્લામાં ૩ છાત્રાલયો ભાડાના મકાનમાં ચાલે છે, જેતપુર–પાવી કુમાર છાત્રાલય, જેતપર–પાવી કન્યા છાત્રાલય અને જેતપુર–પાવીમાં ડ્રાય છાત્રાલય ભાડાના મકાનમાં ચાલે છે અને ચાર છાત્રાલયો જે છે વડોદરા, ડભોઇ, છોટાઉદેપુર એ પોતાના સરકારી મકાનમાં ચાલે છે.

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકાર કોઇ સહાય આપે છે કે કેમ એની વાત કરી.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આ સંપૂર્ણ યોજના રાજ્ય સરકારની છે, માનનીય જોષીયારાજી, મેં પહેલાં જ જવાબ આપ્યો કે આ ૧૦૦ ટકા રાજ્ય સરકારની સહાય છે આમાં કેન્દ્ર સરકારની કોઇ સહાય મળતી નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં હમણાં જ કહ્યું કે કેન્દ્ર સરકાર સહાય આપતી નથી. અમે એમ કહીએ છીએ કે કેન્દ્ર સરકારને કાગળ લખ્યો હોય તો કઇ તારીખે લખ્યો છે?

અધ્યક્ષશ્રી : ભાઇ, તમે બધા જવાબ આપી દો અને ગણપતભાઇ ના આપે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આ યોજનામાં કેન્દ્ર સરકાર કોઇ મદદ કરે છે કે કેમ એવો પ્રશ્ન સભ્યશ્રીએ પૂછ્યો એટલા માટે મેં જવાબ આપ્યો છે કે કેન્દ્ર સરકાર કોઇ સહાય આપતી નથી. કારણકે આ ૧૦૦ ટકા રાજ્ય સરકારની યોજના છે.

**અમદાવાદ શહેરમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ**

* ૩૫૨૬ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર માટે તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા કેટલી ટાઉન પ્લાનીંગ સ્કીમો મંજૂર કરવામાં આવી, અને | (૧) -૧૮ ડ્રાફ્ટ સ્કીમો<br>–૦૬ પ્રારંભિક સ્કીમો<br>**કુલઃ ૨૪ સ્કીમો.** |
| (૨) તેમાં નિયમોનુસાર નબળા વર્ગોના લોકો માટે કુલ કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા? | (૨) –૧૮ ડ્રાફ્ટ સ્કીમોમાં ૭૮ પ્લોટસ<br>–૦૬ પ્રારંભિક સ્કીમોમાં ૨૪ પ્લોટસ<br>**કુલ ૧૦૨ પ્લોટસ.** |

**શ્રી મણીલાલ વાઘેલાઃ** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ અમદાવાદમાં કુલ ૧૮ ડ્રાફ્ટ સ્કીમો અને છ પ્રારંભિક સ્કીમોનું જણાવેલ છે. આ સ્કીમોમાં કુલ કેટલા પ્લોટ આવેલા છે? અને આ પ્લોટોની ફાળવણીના ધોરણો શું છે ? અને આ ડ્રાફ્ટ સ્કીમો રિઝર્વેશન પ્લોટોમાં દબાણ હતા કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, છારોડી ટી.પી.નંબર–૩૬ એમાં ત્રણ પ્લોટ છે, નબળા વર્ગ માટે જ છે, રિઝર્વ પ્લોટ જ છે અને તેનું કુલ ક્ષેત્રફળ છે ૩૮,૩૧૮ ચો.મીટર. સરખેજ મકરબા–૮૬ નંબરની તેમાં એક પ્લોટ છે અને ૬૧,૦૪૫ ચો.મીટર જગ્યા છે. ટી.પી.–૮૭ તેમાં એક પ્લોટ ૫૩,૩૫૫, ટી.પી.–૮૮ તેમાં ત્રણ પ્લોટ ૪૨,૦૩૩ ચો.મીટર, બોપલ–૧ તેમાં એક પ્લોટ ૨૬,૧૯૯ ચો.મીટર, ૨૪૧ ચિલોડા તેના ૧૨ પ્લોટ છે ૧ લાખ ૫૩ હજાર ૮૯૯ ચો.મીટર જગ્યા છે, ૫૫ ટી.પી. તેમાં ૭ પ્લોટ છે ૬૨,૮૧૩ ચો.મીટર, ત્રાગડમાં ૭૨ નંબરની ટી.પી. એક પ્લોટ ૩૬,૨૩૮ ચો.મીટર, ચાંદખેડા ઝુંડાલમાં ૭૪ ટી.પી.૬ પ્લોટ ૪૧,૦૫૩ ચો.મીટર, ૬૬ નંબરની ટી.પી. ૪ પ્લોટ ૬૯,૪૦૭ ચો.મીટર, કોતરપુર ૯૮ નંબર ૨ પ્લોટ ૭૧૬૭ ચો.મીટર, ૨૧૭ શીલજ ૯ પ્લોટ ૧ લાખ ૬૦ હજાર ૧૪૩ ચો.મીટર, મકરબા ૨૦૪ તેમાં ૨૩ પ્લોટ છે ૪ લાખ ૬૪ હજાર ૬૨૭ ચો.મીટર, શીલજ તેમાં ૫૩ ટી.પી. ૩ પ્લોટ ૨૭૮૨૩ ચો.મીટર, ગોતા–ઓગણજ તેમાં ૫૭ ટી.પી. ૨ પ્લોટ ૭૮,૪૮૪ આમ જે ૧૮ ડ્રાફ્ટ ટી.પી.મંજૂર થઇ તેમાં ૭૮ પ્લોટ મૂકવામાં આવ્યા છે અને ૧૩ લાખ ૨૨ હજાર ૬૦૪ ચો.મીટર જમીન આ ગરીબો માટે રિઝર્વ રાખવામાં આવી છે. જે ૬ પ્રારંભિક ટી.પી.સ્કીમો મંજૂર થઇ છે તેમાં નારોલ શાહવાડી એટલે કે ૫૬ ટી.પી.તેમાં ૩ પ્લોટ છે ૧૬,૭૮૦ ચો.મીટર, ઇસનપુર ૫૫ નંબરની ટી.પી. તેમાં ૪ પ્લોટ છે અને ૧૮,૧૫૬ ચો.મીટર, સોલા થલતેજ ૪૨ નંબરની ટી.પી. તેમાં ૬ પ્લોટ છે ૨૯,૪૭૩, મોટેરા તેમાં ૨૧ નંબરની ટી.પી. તેમાં ૯ પ્લોટ છે ૨૪,૮૪૦ અને સૈજપુર–બોઘા તેમાં ૩૫/૨ ટી.પી. અને ૨ પ્લોટ છે ૧૧,૫૪૮ કુલ ૧ લાખ ૭ હજાર ૯૭ ચો.મીટર જગ્યા. આ ગરીબો માટે એનાયત થયેલી જગ્યા છે.

**શ્રી રજનીકાન્ત મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફતે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, સરકારના સુશાસનના કારણે અમદાવાદ શહેર હવે મેગા સીટી બન્યું છે ત્યારે અમદાવાદ શહેર માટે કેટલી ટી.પી.ની જરૂરિયાતો છે? અને તે જરૂરિયાતને ધ્યાને લેતાં કેટલી ટી.પી.માટેનું આયોજન વિચારેલ છે? અને તે ૧૪ ટી.પી. જે અત્યારે ડ્રાફ્ટ અથવા તો પ્રારંભિક તબક્કે છે તેને આખરી કરવા માટેનું શું આયોજન છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જે ૧૮ ડ્રાફ્ટ ટી.પી. છે તેના ટી.પી.ઓ. નીમાઇ ગયા છે. અને તેમને એક વર્ષનો મેં સમય આપ્યો છે કે એક વર્ષની અંદર તેમણે પ્રારંભિક ટી.પી. પૂર્ણ થાય ત્યાં સુધીનું તેમણે કામ કરી દેવાનું છે. એટલે આ બધીજ ટી.પી.નું કામ ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, ૧૯૮૬થી અમદાવાદ શહેરમાં નરોડાથી નારોલ સુધીનો જે વિસ્તાર છે તેને શહેરી વિકાસથી, શહેરની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે અને લગભગ ૫૫ જેવી ટી.પી.ની જે ફાઇલો છે તે કોર્પોરેશને રાજય સરકારના વિભાગમાં સુપ્રત કરેલી છે. એટલે છેલ્લાં ૩૫ વર્ષથી આ વિસ્તારોમાં સરકાર દ્વારા ટી.પી. ફાઇનલ ના કરવાના કારણે ત્યાં ગેરકાયદેસર બાંધકામો પુષ્કળ પ્રમાણમાં વધી ગયા છે જેના લીધે આપણે જંત્રી માટેનું બિલ પણ લાવવું પડયુ. મારે એટલુ જ જાણવું છે કે, મારા વિધાનસભા વિસ્તારની અંદર ૩૮/૧ અને ૩૮/૨ નંબરની ટી.પી. છે તે છેલ્લાં ૩૦ વર્ષથી ડિપાર્ટમેન્ટની ફાઇલ આપણી પાસે પડી છે અને આવી બીજી ૫૫ ટી.પી. છે તે પણ આજે પેન્ડીંગ છે તે કેટલા સમયમાં કરવા માગે છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : અહીંયા ૧૦૦ થી ૧૫૦ ટી.પી. છે અને બધી ટી.પી.ની અહીંયા કેવી રીતે વાત કરી શકું. હું ધારાસભ્યને વિનંતી કરુ કે આપ આવો અને ટી.પી.ની અંદર શું પ્રશ્નો છે એ મારી સમક્ષ રજૂ કરશો તો હું એનો જવાબ આપી શકીશ. એ વાત સાચી છે કે ૩૫ વરસ નહિ એના કરતાં વધારે સમયની ટી.પી.ઓ પડી છે. એ સમય મર્યાદાની અંદર પૂરી થઇ હોત તો આ પ્રશ્નો આજે ઉપસ્થિત ન થયા હોત. સન ૨૦૧૨ની અંદર જે નવી ટી.પી. વગેરે પડી એનું કહ્યું. ૨૦૧૧–૧૨માં ટી.પી. પડી, એ ડ્રાફ્ટ ટી.પી. થઇ, એનું મેં જાતે બેસીને ચાર કલાક સુધી અધિકારીઓ સામે બેસીને નક્કી કરાવ્યું કે કેટલા સમયમાં ટી.પી. પૂરી કરશો અને એમણે ખાતરી આપી કે ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરીશું. કેટલીક ટી.પી. એવી છે કે અમદાવાદમાં રેલવે બન્યું ત્યારનું હજી દુરસ્ત નથી થયું, રેલવે કયારનું બન્યું છે, ઓ.એન.જી.સી. જે તે સમયે આવીને જમીન સંપાદન કરી છે ત્યારની ટી.પી. બાકી છે. આ રેલવે, ઓ.એન.જી.સી. આ બધાની સાથે બેસીને આવતા અઠવાડિયામાં મેં પોતે મિટિંગ રાખી છે કે જેથી કરીને એમણે કયારે કેટલી જમીન આપી, કયા ખેતરોમાંથી ગઇ એ બધું શોધીને લાવીએ ત્યારે એ ટી.પી. મંજૂર થાય.

અધ્યક્ષશ્રી : તમારે ટી.પી. સ્કીમનો પ્રોબ્લેમ હોય એ કહેજો. બધી મોઢે ન હોય.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : ધારાસભ્યશ્રીએ જે જવાબ પૂછયો છે એ ડ્રાફટ ટી.પી.નો પૂછયો છે અને પ્રારંભિક સ્કીમોનો પ્રશ્ન પૂછયો છે, એટલે એનો જ જવાબ મારી પાસે હોય. એ સિવાય બાકીનો જવાબ ન હોય.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ટી.પી. સ્કીમ મૂકવા માટે કઇ કઇ બાબતો ઘ્યાને લઇ સરકાર યોજના બનાવે છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : જયારે ટી.પી. બનતી હોય છે ત્યારે બાંધકામ થઇ ગયું હોય તેવી તથા ખાલી જગ્યાનું રેખાંકન કરવાનું હોય છે, નવા રસ્તાઓનું રેખાંકન કરવાનું હોય છે અને હયાત રસ્તાઓમાં જરૂરી ફેરફાર કરવાનું હોય છે. પુલો તથા બીજા બાંધકામ કરવા તેમજ હયાત હોય તેમાં જરૂરી ફેરફાર કરવા. ગંદા પાણીના નિકાલ માટે ડ્રેનેજ, સુએઝ ટ્રીટમેન્ટ એના માટેની વ્યવસ્થા કરવા માટે ત્યાં રીઝર્વેશન મૂકવું પડતું હોય છે. પાણી પૂરું પાડવા માટે પણ ત્યાં જગ્યાઓ રાખવી પડતી હોય છે. ઐતિહાસિક અથવા રાષ્ટ્રીય મહત્વના તેમજ ધાર્મિક કામ માટે વપરાતા મકાનોનું સંરક્ષણ પણ કરવાનું હોય છે. ટી.પી. સ્કીમ વિસ્તારમાં સામાજીક તેમજ આર્થિક રીતે પછાત વર્ગના લોકોના રહેઠાણ માટે દસ ટકા જમીન અનામત રાખવાની હોય છે. ટી.પી. સ્કીમ વિસ્તારમાં ૧૫ ટકા જમીન રસ્તાઓ માટે, પાંચ ટકા જમીન બાગ મેદાન તેમજ ખુલ્લી જગ્યાઓ માટે, તેમાં પાંચ ટકા જમીનો શાળાઓ,દવાખાના ફાયરબ્રીગેડ જેવા સામાજીક માળખા માટે જમીન ફાળવવી પડતી હોય છે. ટી.પી. સ્કીમ વિસ્તારમાં રહેઠાણ માટે વાણિજય માટે અને ઔદ્યોગિક હેતુ માટે ૧૫ ટકા જમીન વેચાણ માટે ફાળવણી કરીને નાણાકીય જોગવાઇ ઉભી કરવા માટે રાખવી પડતી હોય છે. જાહેર સુખાકારી સવલતો જેવી કે આર્થિક સામાજીક અને શૈક્ષણિક આરોગ્ય વગેરે બાબતોને ઘ્યાનમાં લઇને એનું સુઆયોજીત નિયંત્રિત કરીને આયોજન કરવામાં આવે છે.

## અમરેલી જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓની અરજીઓ

* ૩૦૯૨ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની કેટલી અરજીઓ આવેલ છે,

**જવાબ**

(૧)

| **તાલુકો** | **વર્ષ–૨૦૧૧** | **વર્ષ–૨૦૧૨** | **કુલ** |
|---|---|---|---|
| અમરેલી | ૧૧૩૪ | ૫૪૦ | ૧૬૭૪ |
| લાઠી | ૬૫૨ | ૩૩૭ | ૯૮૯ |
| લીલીયા | ૬૪૮ | ૩૪૦ | ૯૮૮ |
| બાબરા | ૭૩૧ | ૪૩૫ | ૧૧૬૬ |

| | | | |
|---|---|---|---|
| બગસરા | ૨૨૮ | ૧૭૦ | ૩૯૮ |
| સાવરકુંડલા | ૧૫૯૪ | ૮૭૫ | ૨૪૬૯ |
| ધારી | ૧૨૭૭ | ૬૩૧ | ૧૯૦૮ |
| ખાંભા | ૩૨૧ | ૧૮૫ | ૫૦૬ |
| રાજુલા | ૧૧૧૨ | ૭૯૪ | ૧૯૦૬ |
| જાફરાબાદ | ૩૦૭ | ૨૩૭ | ૫૪૪ |
| **કુલ** | **૮૪૫૮** | **૪૮૯૧** | **૧૩૩૪૯** |

(૨) તે પૈકી કેટલી એન્ટ્રીઓની નોંધ લેવામાં આવી, અને

(૨)

| તાલુકો | વર્ષ– ૨૦૧૧ | વર્ષ– ૨૦૧૨ | કુલ |
|---|---|---|---|
| અમરેલી | ૧૧૩૪ | ૫૪૦ | ૧૬૭૪ |
| લાઠી | ૬૫૨ | ૩૩૭ | ૯૮૯ |
| લીલીયા | ૬૪૮ | ૩૪૦ | ૯૮૮ |
| બાબરા | ૭૩૧ | ૪૩૫ | ૧૧૬૬ |
| વડીયા | ૪૫૪ | ૩૪૭ | ૮૦૧ |
| બગસરા | ૨૨૮ | ૧૭૦ | ૩૯૮ |
| સાવરકુંડલા | ૧૫૯૪ | ૮૭૫ | ૨૪૬૯ |
| ધારી | ૧૨૭૭ | ૬૩૧ | ૧૯૦૮ |
| ખાંભા | ૩૨૧ | ૧૮૫ | ૫૦૬ |
| રાજુલા | ૧૧૧૨ | ૭૯૪ | ૧૯૦૬ |
| જાફરાબાદ | ૩૦૭ | ૨૩૭ | ૫૪૪ |
| **કુલ** | **૮૪૫૮** | **૪૮૯૧** | **૧૩૩૪૯** |

(૩) બાકી રહેતી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં તાલુકાવાર ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વરસમાં ખેડૂતોએ ખરીદેલી જમીનની એન્ટ્રીઓ પાડવાની કેટલી અરજીઓ આવી, એ પૈકી કેટલી નોંધ કરવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : એનો જવાબ આપી જ દીધેલો છે. ૧૩૩૪૯ અરજીઓ મંજૂર કરેલી છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : બધી અરજીઓ મંજૂર કરેલી છે.

શ્રી સી. કે. રાઉલજી : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૧૩૩૪૯ પૈકી છ મહિના પહેલાની કેટલી, એક વર્ષ પહેલાની કેટલી છે અને અત્યારે એન્ટ્રીઓ પડી છે એ મંજૂર થઇ છે કે કેમ?

(૧)

| **તાલુકાનું નામ** | **વર્ષ–૨૦૧૧** | **વર્ષ–૨૦૧૨** | **કુલ** |
|---|---|---|---|
| જામનગર (શહેર) | ૯૧ | ૫૨ | ૧૪૩ |
| જામનગર (ગ્રામ્ય) | ૧૮૩૪ | ૧૦૬૬ | ૨૯૦૦ |
| ધ્રોલ | ૬૨૭ | ૨૭૬ | ૯૦૩ |
| જોડીયા | ૧૦૭૧ | ૩૯૧ | ૧૪૬૨ |
| કાલાવડ | ૧૬૮૫ | ૧૦૩૧ | ૨૭૧૬ |
| લાલપુર | ૧૪૦૬ | ૯૧૯ | ૨૩૨૫ |
| ખંભાળીયા | ૧૦૨૩ | ૮૦૧ | ૧૮૨૪ |
| જામજોધપુર | ૧૩૮૬ | ૮૧૬ | ૨૨૦૨ |
| ભાણવડ | ૯૪૨ | ૬૪૯ | ૧૫૯૧ |
| દ્વારકા | ૧૦૨૭ | ૯૫૫ | ૧૯૮૨ |

| | | | |
|---|---|---|---|
| કલ્યાણપુર | ૯૭૯ | ૮૪૬ | ૧૮૨૫ |
| **કુલ** | **૧૨૦૭૧** | **૭૮૦૨** | **૧૯૮૭૩** |

(૨) તે પૈકી કેટલી એન્ટ્રીઓની નોંધ લેવામાં આવી, અને

(૨)

| **તાલુકાનું નામ** | **વર્ષ-૨૦૧૧** | **વર્ષ-૨૦૧૨** | **કુલ** |
|---|---|---|---|
| જામનગર (શહેર) | ૯૧ | ૫૨ | ૧૪૩ |
| જામનગર (ગ્રામ્ય) | ૧૮૩૪ | ૧૦૬૬ | ૨૯૦૦ |
| ધ્રોલ | ૬૨૭ | ૨૭૬ | ૯૦૩ |
| જોડીયા | ૧૦૭૧ | ૩૯૧ | ૧૪૬૨ |
| કાલાવડ | ૧૬૮૫ | ૧૦૩૧ | ૨૭૧૬ |
| લાલપુર | ૧૪૦૬ | ૯૧૯ | ૨૩૨૫ |
| ખંભાળીયા | ૧૦૨૩ | ૮૦૧ | ૧૮૨૪ |
| જામજોધપુર | ૧૩૮૬ | ૮૧૬ | ૨૨૦૨ |
| ભાણવડ | ૯૪૨ | ૬૪૯ | ૧૫૯૧ |
| દ્વારકા | ૧૦૨૭ | ૯૫૫ | ૧૯૮૨ |
| કલ્યાણપુર | ૯૭૯ | ૮૪૬ | ૧૮૨૫ |
| **કુલ** | **૧૨૦૭૧** | **૭૮૦૨** | **૧૯૮૭૩** |

(૩) બાકી રહેતી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાવનગર જિલ્લામાં માતા યશોદા ગૌરવ નિધિ વીમા યોજનામાં આંગણવાડી કાર્યકરોને આવરી લેવા બાબત**

૩૧૩૨ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં માતા યશોદા ગૌરવ નિધિ વીમા યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં કુલ કેટલી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને આવરી લીધેલ છે, અને

(૨) આ સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં માતા યશોદા ગૌરવનિધિ વીમા યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં કુલ આવરી લીધેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની વિગત નીચે મુજબ છે,

| વર્ષ | આવરેલ આંગણવાડી કાર્યકર | આવરેલ આંગણવાડી તેડાગર | આવરેલ કુલ કાર્યકર /તેડાગર |
|---|---|---|---|
| ૩૧-૧૨-૨૦૧૧ | ૨૦૦૯ | ૨૦૨૫ | ૪૦૩૪ |
| ૩૧-૧૨-૨૦૧૨ | ૨૦૪૬ | ૨૦૨૦ | ૪૦૬૬ |
| **કુલ** | **૪૦૫૫** | **૪૦૪૫** | **૮૧૦૦** |

(૨) રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૮,૬૦,૦૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૧ ખર્ચ રકમ રૂ. ૨૪,૨૦,૪૦૦/–
વર્ષ ૨૦૧૨ ખર્ચ રકમ રૂ. ૨૪,૩૯,૬૦૦/–
**કુલ ખર્ચ રકમ રૂ. ૪૮,૬૦,૦૦૦/–**

---------

**મોડાસા તાલુકાના બાજકોટ–છાપરા ગામનો એપ્રોચ રોડ બનાવવા બાબત**

૪૧૩૦ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના બાજકોટ છાપરા ગામનો એપ્રોચ રોડ બનાવવા માટેની કાર્યવાહી કયા તબક્કે છે, | (૧) કામ પ્રગતિમાં છે. |
| (૨) આ અંગે જમીન સંપાદન ક્યારે કરવામાં આવી, અને<br>(૩) જમીન સંપાદન ન થઈ હોય તો તેના વિલંબના કારણો શાં છે? | (૨) અને (૩) અંશતઃ લંબાઇમાં જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં |

---------

**રાજુલા તાલુકામાં તાલુકા સેવા સદન બાંધવા જમીનની ફાળવણી**

૨૮૭૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં તાલુકા સેવા સદન બાંધવા માટે કયા સ્થળની પસંદગી કરવામાં આવી છે,<br>(૨) તા. ૩૧–૦૧–૧૩ની સ્થિતિએ આ સેવા સદનના બાંધકામ માટે જરૂરી જમીન ફાળવણી કરવામાં આવી છે કે કેમ, અને<br>(૩) જો હા, તો કયા ગામની કેટલી જમીન ક્યારે ફાળવવામાં આવેલ છે? | (૧), (૨) અને (૩) હા જી, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામે તાલુકા સેવા સંદન માટે સર્વે નં. ૨૫૦ ની હે. ૨–૫૩–૯૪ ચો.મી. જમીનની ફાળવણી (મ.વિ.ના તા. ૧૮–૯–૧૨ની પત્રથી મળેલ મંજૂરી સંદર્ભે) કલે. ના તા. ૨૮–૧૨–૨૦૧૨ના હુકમથી કરવામાં આવેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ–પાટડી–દસાડા માર્ગને પહોળો કરવા બાબત**

૩૧૫૨ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ–પાટડી–દસાડા માર્ગને કેટલા મીટર પહોળો કરવાનું કામ તારીખ ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) આ રસ્તાને ૧૦ મીટર પહોળો કરવાના કામનું ટેન્ડર મંજૂર થયેલ હતું. |
| (૨) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) આ કામને રૂ઼ા. ૬૬૧૫ લાખની વહીવટી મંજૂરી આપેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો**

૩૧૬૦ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયો | (૧) ૮ (આઠ). |

ચાલે છે,

(૨) તે પૈકી કેટલા કન્યા છાત્રાલયો અને કેટલા કુમાર છાત્રાલયો છે,

(૨) કન્યા માટે ૪ (ચાર) અને કુમાર માટે ૪ (ચાર).

(૩) તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ૮૨૦.

(૪) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૪) રૂ. ૧૮૫.૮૫ લાખ.

---------

**નવસારી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ વાવેતર**

૩૧૧૨ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેકટર જમીનમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નવસારી જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩.૨૯૩ હેકટરમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૪૬૭.૯૫ લાખ. |

---------

**અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રીશ્રી શહેરી વિકાસ યોજનામાં ગ્રાન્ટ ફાળવવા બાબત**

૩૧૦૪ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૧૨ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ? | રૂ. ૨૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

---------

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મહુવા શહેરમાં ભૂગર્ભ ગટર યોજના**

૪૬૩૭ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં ભૂગર્ભ ગટર પ્રોજેકટ અંતર્ગત સરકાર દ્વારા તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન ફાળવવામાં આવેલ છે? | રૂ. ૧૫.૨૭ કરોડનું અનુદાન ફાળવવામાં આવેલ છે. |

---------

**અમરેલી શહેરમાં પીવાનું પાણી પૂરું પાડવાની યોજના**

૧૬૧૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા અમરેલી શહેરમાં પીવાનું પાણી નિયમિત પૂરું પાડવા માટે કોઈ નવીન યોજના મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેને સૈધ્ધાંતિક અને વહીવટી | (૨) તા. ૦૯-૦૭-૨૦૧૨ના પત્રથી તાંત્રિક |

મંજૂરી ક્યારે અને કેટલી રકમના ખર્ચ માટે આપવામાં આવેલ છે,

મંજૂરી તથા તા. ૨૫-૦૭-૨૦૧૨ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. યોજનાની અંદાજિત રકમ રૂ. ૩૮.૩૮ કરોડ નેટ અને રૂ. ૩૯.૫૩ કરોડ ગ્રોસ છે.

(૩) આ યોજનામાં કેવા અને કયા પ્રકારના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૩) આ યોજનામાં ખોડિયાર ડેમથી ડી.આર. રાઈઝીંગ મેઈન, ગ્રેવીટી મેઈન, બી.પી.ટી. પમ્પીંગ મશીનરીનું કામ તથા શહેરની ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ, ફીલ્ટર પ્લાન્ટ , ભૂગર્ભ સમ્પ, ઉંચી ટાંકી, પમ્પ હાઉસ, કમ્પાઉન્ડ વોલ અને પમ્પીંગ મશીનરીના કામોનો સમાવેશ છે.

(૪) આ યોજનાના અમલીકરણ માટે શાં પગલાં ભરવામાં આવ્યા, અને

(૩) ભાવપત્રકો મંજૂરીની પ્રક્રીયા હેઠળ છે.

(૫) આ મંજૂર થયેલ કામો કોના મારફતે અને કેટલી સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૪) નગરપાલિકા દ્વારા કરવાની છે અને યોજના જુન-૨૦૧૪માં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

*** ૩૧૨૯**

**સભ્યશ્રીએ પ્રશ્ન પરત ખેંચેલ છે.**

---------

**કચ્છ જિલ્લામાં ખેડૂતોની માલિકીની જમીનો શરત ચૂકથી રેવન્યુ રેકર્ડમાં ખોટી નોંધ થવા બાબત**

૩૬૭૭ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાની ખેતીની માલીકી જમીનો શરત ચૂકથી રેવન્યુ રેકર્ડ ઉપર ડુબમાં નોંધ થયેલ હોય તેવી ખેતીની જમીનો પુનઃ મેળવવા નોંધ પ્રમાણિત થવા કેટલા ખેડૂતોના પ્રકરણો કયા તબકકે છે,

(૧) ૨ કેસો હાલ ક્ષેત્રીય અધિકારી પાસે તપાસણી પર છે.

(૨) આવા ખેડૂતોને ખેતીની જમીનો પુનઃ સરકાર આપવા માંગે છે કે કેમ, અને

(૩) કેટલા સમયમાં આ પ્રકરણોનો નિકાલ કરવામાં આવશે ?

(૨) અને (૩) આવા કેસો પુર્તતા થયેથી પ્રવર્તમાન નીતિ હેઠળ તપાસીને સત્વરે નિર્ણય લેવામાં આવશે.

---------

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓની અરજીઓ**

૩૦૮૮ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની કેટલી અરજીઓ આવેલ છે,

(૧)

| **તાલુકા** | **વર્ષ-૨૦૧૧** | **વર્ષ-૨૦૧૨** | **કુલ** |
|---|---|---|---|
| જૂનાગઢ | ૩૦૧ | ૩૧૪ | ૬૧૫ |
| વંથલી | ૧૪૮૧ | ૧૦૫૭ | ૨૫૩૮ |
| વિસાવદર | ૧૩૫૧ | ૩૯૭ | ૧૭૪૮ |
| ભેંસાણ | ૩૨૦ | ૨૨૦ | ૫૪૦ |
| માણાવદર | ૧૩૯૮ | ૧૧૫૧ | ૨૫૪૯ |
| વેરાવળ | ૮૬૩ | ૬૯૩ | ૧૫૫૬ |
| સુત્રાપાડા | ૧૫૯ | ૧૮૭ | ૩૪૬ |

| | | | |
|---|---|---|---|
| તાલાલા | ૫૯૧ | ૩૨૭ | ૯૧૮ |
| કોડીનાર | ૪૮૦ | ૪૮૦ | ૯૬૦ |
| ઉના | ૩૦૬૬ | ૩૮૬૭ | ૬૯૩૩ |
| કેશોદ | ૭૬૩ | ૩૯૬ | ૧૧૫૯ |
| માંગરોળ | ૧૪૯૩ | ૧૩૭૬ | ૨૮૬૯ |
| માળીયા | ૧૦૧૫ | ૧૧૩૭ | ૨૧૫૨ |
| મેંદરડા | ૫૬૬ | ૨૨૦ | ૭૮૬ |
| **કુલ** | **૧૩૮૪૭** | **૧૧૮૨૨** | **૨૫૬૬૯** |

(૨) તે પૈકી કેટલી એન્ટ્રીઓની નોંધ લેવામાં આવી, અને

(૨)

| **તાલુકા** | **વર્ષ–૨૦૧૧** | **વર્ષ–૨૦૧૨** | **કુલ** |
|---|---|---|---|
| જૂનાગઢ | ૩૦૧ | ૩૧૪ | ૬૧૫ |
| વંથલી | ૧૪૮૧ | ૧૦૫૭ | ૨૫૩૮ |
| વિસાવદર | ૧૩૫૧ | ૩૯૭ | ૧૭૪૮ |
| ભેંસાણ | ૩૨૦ | ૨૨૦ | ૫૪૦ |
| માણાવદર | ૧૩૯૮ | ૧૧૫૧ | ૨૫૪૯ |
| વેરાવળ | ૮૬૩ | ૬૯૩ | ૧૫૫૬ |
| સુત્રાપાડા | ૧૫૯ | ૧૮૭ | ૩૪૬ |
| તાલાલા | ૫૯૧ | ૩૨૭ | ૯૧૮ |
| કોડીનાર | ૪૮૦ | ૪૮૦ | ૯૬૦ |
| ઉના | ૩૦૬૬ | ૩૮૬૭ | ૬૯૩૩ |
| કેશોદ | ૭૬૩ | ૩૯૬ | ૧૧૫૯ |
| માંગરોળ | ૧૪૯૩ | ૧૩૭૬ | ૨૮૬૯ |
| માળીયા | ૧૦૧૫ | ૧૧૩૭ | ૨૧૫૨ |
| મેંદરડા | ૫૬૬ | ૨૨૦ | ૭૮૬ |
| **કુલ** | **૧૩૮૪૭** | **૧૧૮૨૨** | **૨૫૬૬૯** |

(૩) બાકી રહેતી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**૧૦૩**

*** ૩૧૫૪ સભ્યશ્રીએ પ્રશ્ન પરત ખેંચેલ છે.**

---------

**દાહોદ અને ઝાલોદ તાલુકામાં વારસાઇ હકકની અરજીઓ**

૩૦૯૧ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને ઝાલોદ તાલુકામાં વારસાઇ હક નામ દાખલ કરવાની કેટલી અરજીઓ આવી, અને

(૧)

| **તાલુકો** | **અરજીઓ** |
|---|---|
| દાહોદ | ૧૯૬૪ |
| ઝાલોદ | ૨૯૭૦ |
| **કુલ :–** | **૪૯૩૪** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૨)

| **તાલુકો** | **અરજીઓ** |
|---|---|
| દાહોદ | ૧૪૧૫ |

| | |
|---|---|
| ઝાલોદ | ૨૩૮૮ |
| **કુલ :–** | **૩૮૦૩** |

---------

**ડાંગ જિલ્લામાં આદિજાતિ હસ્તકના છાત્રાલયોમાં ગૃહપતિ, વોચમેન અને રસોયાનો પગાર**

૪૧૮૩ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આદિજાતિ વિભાગ હસ્તકની છાત્રાલયોમાં ગૃહપતિ વોચમેન–રસોયાના પગારમાં છેલ્લે કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો, અને

(૨) તેમના પગાર વધારવા માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ગૃહપતિને પ્રતિમાસ રૂ. ૪૦૦/-.
વોચમેન–રસોયાને રૂ. ૩૦૦/-.

(૨) હાલમાં કોઈ આયોજન નથી.

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ખેતીની જમીન, પડતર જમીન અને ગૌચર જમીન બિનખેતીની જમીન માટે પરવાનગી**

૩૩૩૩ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલી ખેતીની પડતર અને ગૌચર જમીનની બિન ખેતીની પરવાનગી કોના દ્વારા, કયારે માંગવામાં આવી, અને

(૨) તે પૈકી કોને અને કયારે પરવાનગી આપવામાં આવી ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૩૮૩ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ માર્ગ અને મકાન વિભાગ સચિવાલય, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

**જવાબ**

(૧)

| **(૧) સંવર્ગ** | **મંજૂર થયેલ મહેકમ** |
|---|---|
| **બિન તાંત્રિક મહેકમ** | |
| નાયબ સચિવ | ૪ |
| ઉપ સચિવ | ૫ |
| **(૧) સંવર્ગ** | **મંજૂર થયેલ મહેકમ** |
| સેકશન અધિકારી | ૩૧ |
| નાયબ સેકશન અધિકારી | ૭૮ |
| કારકુન | ૧૭ |
| ગુજરાતી ટાઈપીસ્ટ | ૬ |
| અંગ્રેજી ટાઈપીસ્ટ | ૧ |
| ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૩ |
| અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૯ |
| અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૧ |
| **તાંત્રિક મહેકમ** | |

| | |
|---|---|
| મુખ્ય ઈજનેર (સીવીલ) | ૫ |
| અધિક્ષક ઈજનેર (સીવીલ) | ૨ |
| કાર્યપાલક ઈજનેર (સીવીલ) | ૧૧ |
| ખાસ ફરજ પરના અધિકારી (ચં.ઓ.) | ૧ |
| નાયબ કાર્યપાલક ઈજનેર (વિદ્યુત) | ૧ |
| નાયબ કાર્યપાલક ઈજનેર (યાંત્રિક) | ૧ |
| નાય કાર્યપાલક ઈજનેર (સીવીલ) | ૨૨ |

(૨) તેની સામે સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

(૨)

| **સંવર્ગ** | **સંવર્ગવાર ખાલી જગ્યાઓ** | **સંવર્ગવાર કેટલા સમયથી ખાલી છે.** |
|---|---|---|
| **બિન તાંત્રિક મહેકમ** | | |
| ઉપ સચિવ | ૧ | તા. ૩–૧૦–૧૨ થી |
| સેકશન અધિકારી | ૨ | તા. ૨–૭–૧૨, ૨૫–૧–૧૩ થી |
| નાયબ સેકશન અધિકારી | ૧૮ | તા. ૫–૧૦–૯૬, ૨–૪–૦૫, ૧૩–૭–૦૬,૨૫–૯–૦૭, ૧–૫–૧૦, ૭–૯–૧૦, ૩૦–૬–૧૧, ૧–૭–૧૧ થી ૨–જગ્યા ખાલી, ૧૦–૪–૧૨, ૩૦–૬–૧૨, ૧૧–૯–૧૨ થી ૨–જગ્યા ખાલી, ૩–૧૦–૧૨ , ૧–૧–૧૩ થી ૨–જગ્યા ખાલી, ૧૪–૨–૧૩, ૧૧–૯–૧૩ થી |
| ગુજરાતી ટાઈપીસ્ટ | ૬ | તા. ૧–૧૦–૦૭, ૩–૧૧–૦૮, ૧–૮–૧૧, ૧–૧૦–૧૧, ૩૦–૬–૧૨, ૧–૧૦–૧૨ થી |
| અંગ્રેજી ટાઈપીસ્ટ | ૧ | તા. ૨૬–૪–૧૦ થી |

| | | |
|---|---|---|
| ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૩ | તા.૪–૮–૦૯ થી ૨–ખાલી, ૨૮–૨–૧૦ થી |
| અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૧ | તા. ૩૧–૧૦–૦૯ થી |
| **તાંત્રિક મહેકમ** | | |
| મુખ્ય ઈજનેર (સીવીલ) | ૧ | તા. ૧–૯–૧૨ થી |
| કાર્યપાલક ઈજનેર (સીવીલ) | ૩ | તા. ૨૪–૧–૧૨ થી ૧–૧–૧૩ થી ૨–જગ્યા ખાલી |
| ખાસ ફરજ પરના અધિકારી (યં.ઓ.) | ૧ | ઉપ સચિવ (યં ઓ) ની જગ્યા તા.૧૬–૬–૧૨ના ઠરાવ ક્રમાંક ઈએસટી–૧૦૨૦૦૬–૮–ક થી ખાસ ફરજ પરના અધિકારી (યં.ઓ) માં અપગ્રેડ કરાયેલ છે. (તા. ૨૪–૯–૧૨ થી ચાર્જ આપેલ છે.) |
| નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) | ૧૦ | તા. ૧૨–૮–૦૯, ૧–૭–૧૦, ૩૦–૯–૧૧, ૩૦–૪–૧૨, ૩૦–૬–૧૨ થી ૨–જગ્યા ખાલી, અને તા. ૯–૧–૧૩ થી ૪–જગ્યા ખાલી |
| સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૨–૫–૦૬ ના પરિપત્ર ક્રમાંક : મદસ–૧૦૨૧–૫૨૩–(૨) ખ.૧ થી સચિવાલયમાં કારકુનની બઢતીથી ખાલી પડતી જગ્યા રદ કરવાની સુચના આપેલ છે.<br>સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧–૪–૧૦ ના ઠરાવ ક્રમાંક : મકમ–૨૦૦૪–૨૫૩૯–(૧) ખ.૩ થી સચિવાલય વર્ગ–૪ની જગ્યાઓ હવે પછી માત્ર આઉટસોર્સથી ભરવા સૂચના આપી છે. | | |

–––––––––

**ખંભાળીયા તાલુકામાં પાકા રસ્તાથી ન જોડાયેલા ગામો**

૩૧૯૬ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકાનાં કેટલા ગામો તાલુકા સાથે પાકા રસ્તાથી જોડાયેલ નથી, અને

(૧) એક ગામ.

(૨) તેવા ગામોને કેટલા સમયમાં પાકા રસ્તાથી તાલુકા સાથે જોડવામાં આવશે ?

(૨) આ ગામ ટાપુ પર હોઈ, જોડી શકાય તેમ નથી.

---------

**બનાસકાંઠા જિલ્લાની મામલતદાર કચેરીમાં વર્ગ-૪ના કર્મચારીઓની સેવા આઉટ સોર્સિંગથી લેવા બાબત**

૩૫૨૮ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાની મામલતદાર કચેરીઓમાં વર્ગ-૪ના કર્મચારીઓની સેવાઓ આઉટ સોર્સિંગથી લેવામાં આવે છે. તે હકીકત સાચી છે, અને

(૧) હા.

(૨) જો હા, તો તે પ્રકારે સેવાઓ ક્યારથી લેવામાં
આવે છે?

(૨) **નીચેના પત્રક મુજબ**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **સેવાઓ લેવાની પ્રારંભ કર્યા તારીખ** |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૦૩-૦૫-૨૦૦૭ |
| ૨ | વડગામ | ૦૧-૦૮-૨૦૦૭ |
| ૩ | દાંતા | ૧૦-૦૫-૨૦૦૭ |
| ૪ | અમીરગઢ | ૦૧-૦૮-૨૦૧૨ |
| ૫ | દાંતીવાડા | ૦૧-૦૬-૨૦૦૭ |
| ૬ | ધાનેરા | ૦૩-૦૫-૨૦૦૭ |
| ૭ | ડીસા | ૦૧-૦૬-૨૦૦૮ |
| ૮ | કાંકરેજ | ૦૧-૦૬-૨૦૦૭ |
| ૯ | થરાદ | ૧૫-૦૫-૨૦૦૭ |
| ૧૦ | વાવ | ૦૫-૦૫-૨૦૦૭ |
| ૧૧ | દિયોદર | ૨૭-૦૬-૨૦૦૮ |
| ૧૨ | ભાભર | ૨૬-૧૧-૨૦૧૦ |

---------

**આણંદ જિલ્લામાં નગરપાલિકાઓના ગેરવહીવટની ફરિયાદો/અપીલો**

૪૬૨૪ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં નગરપાલિકાવાર ગેરવહીવટ ભ્રષ્ટાચાર વગેરે બાબતોની કેટલી અપીલો અને ફરીયાદો સરકારને ક્યારે મળેલ છે,

(૧) છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણે કુલ ૩૫ અપીલો અને ૧૦૦ ફરિયાદો મળેલ છે.

| **ક્રમ** | **નગરપાલિકા** | **અપીલો** | **ફરિયાદો** |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૩ | ૬ |
| ૨ | વિદ્યાનગર | ૦ | ૩ |
| ૩ | કરમસદ | ૫ | ૧૦ |
| ૪ | બોરીયાવી | ૦ | ૧ |
| ૫ | ઓડ | ૦ | ૨૨ |
| ૬ | ઉમરેઠ | ૪ | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૭ | આંકલાવ | ૦ | ૩ |
| ૮ | બોરસદ | ૮ | ૩૦ |
| ૯ | પેટલાદ | ૪ | ૨ |
| ૧૦ | સોજીત્રા | ૦ | ૭ |
| ૧૧ | ખંભાત | ૧૧ | ૪ |
| | **કુલ** | **૩૫** | **૧૦૦** |

(૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) મળેલ અપીલો અન્વયે પક્ષકારોને નોટીસ પાઠવી, મુદતની જાણ કરી, રૂબરૂ સુનાવણી રાખી, પક્ષકારોના નિવેદનો મેળવી નિર્ણય અંગેની કાર્યવાહી કરવામાં આવી.

મળેલ ફરિયાદો અન્વયે જરૂરી તપાસ કરી ફરિયાદોનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવી.

(૩) ઉકત સ્થિતિએ કેટલી અપીલો/ફરીયાદોનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) ૨૯ અપીલોનો અને ૧૯ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

(૪) કેટલી અપીલો/ફરીયાદો પડતરમાં છે, અને

(૪) ૬ અપીલો અને ૮૧ ફરિયાદો પડતર છે. તે અંગે કાર્યવાહી ચાલુ છે.

(૫) તેનો ક્યારે નિકાલ થશે ?

(૫) અપીલોની સુનાવણી પૂર્ણ થયે અને ફરિયાદોની તપાસ પૂર્ણ થયે નિકાલ કરાશે.

---------

**બારડોલી, તરસાડી અને માંડવી નગરપાલિકાઓના કચેરીનાં મકાનમાં સુધારા કરવા બાબત**

૪૫૯૧ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત જિલ્લા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અતંર્ગત બારડોલી, તરસાડી, અને માંડવી નગરપાલિકાઓના કચેરીના મકાનમાં સુધારા-વધારા માટે સન ૨૦૧૧-૧૨ અને સન ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧-૨૦૧૩ સુધીમાં સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે?

**જવાબ**

વર્ષ ૨૦૧૧-૧૨માં બારડોલી નગરપાલિકાને રૂ. ૨૫.૦૦ લાખ અને તરસાડી નગરપાલિકાને રૂ, ૨૫.૦૦ લાખ ચુકવવામાં આવેલ છે. માંડવી નગરપાલિકાને કોઈ ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૨-૧૩માં કોઈ ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ નથી.

---------

**ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો પૂરો પાડવા કરવામાં આવેલો અભ્યાસ**

૨૩૨૬ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પૂરતા દબાણથી પાણી પુરવઠો આપવા માટે સરકાર દ્વારા અભ્યાસ કરાવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) સરકારે અભ્યાસ અહેવાલને સ્વીકાર્યો કે કેમ, અને

(૩) જો, હા, તો તેનો અમલ ક્યારથી થશે?

**જવાબ**

(૧), (૨), અને (૩)

ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પુરતા દબાણથી પાણી પુરવઠો આપવા માટે સરકાર દ્વારા કોઈ અભ્યાસ કરાવવામાં આવેલ નથી.

---------

**તાપી જિલ્લામાં કાર્યપાલક ઈજનેર અને નાયબ કાર્યપાલક ઈજનેરની ખાલી જગ્યાઓ**

૪૧૩૨ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા.૧૫મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગમાં કાર્યપાલક ઈજનેર અને નાયબ કાર્યપાલક ઈજનેરની મંજુર થયેલ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં આ જગ્યા ભરવામાં આવશે?

**જવાબ**

(૧) **જગ્યાનું નામ સંખ્યા કઈ તારીખથી ખાલી**

કા.ઈ.(પં) ૧ ૧૮-૧૧-૧૨થી

ના.કા.ઈ. (પં) ૧ ૧-૭-૧૨થી

(૨) અને (૩)

અધિકારીઓની બદલી/બઢતીથી નિમણૂંક વિભાગમાં કુલ ખાલી જગ્યાઓ, વિભાગને ઉપલબ્ધ સંબંધિત મહેકમ તથા વહીવટી જરૂરીયાતને ધ્યાને રાખીને કરવામાં આવે છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો ન હોવા બાબત**

૨૯૨૬ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ છે,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબની આંગણવાડીઓ છે.

| ક્રમ | ઘટકનું નામ | આં.વા.કેન્દ્રો |
|---|---|---|
| ૧ | તલાળા | ૧૩૫ |
| ૨ | કેશોદ | ૧૯૪ |
| ૩ | માણાવદર | ૧૩૫ |
| ૪ | વંથલી | ૧૨૩ |
| ૫ | માંગરોળ | ૧૮૭ |
| ૬ | ભેંસાણ | ૭૯ |
| ૭ | જુનાગઢ | ૩૧૩ |
| ૮ | માળીયા | ૧૬૧ |
| ૯ | મેંદરડા | ૮૧ |
| ૧૦ | ઉના | ૩૬૩ |
| ૧૧ | વેરાવળ | ૩૨૪ |
| ૧૨ | વિસાવદર | ૧૪૬ |
| ૧૩ | કોડીનાર | ૨૨૩ |
| ૧૪ | સુત્રાપાડા | ૧૨૪ |
| | **કુલ.** | **૨૫૮૮** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે અને કેટલી ભાડાના મકાનમાં બેસે છે, અને

(૨) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ નીચે મુજબની આંગણવાડીઓ પોતાના મકાનમાં તેમજ ભાડાના મકાનમાં બેસે છે.

| ક્રમ | ઘટકનું નામ | પોતાના મકાનમાં બેસતા આં.વા.કેન્દ્રો | ભાડાના મકાનમાં બેસતા આં.વા.કેન્દ્રો | અન્ય જગ્યાએ બેસતા આં.વા.કેન્દ્રો |
|---|---|---|---|---|
| ૧ | તલાળા | ૮૫ | ૩૬ | ૧૪ |
| ૨ | કેશોદ | ૧૦૧ | ૮૩ | ૧૦ |
| ૩ | માણાવદર | ૬૩ | ૫૮ | ૧૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | વંથલી | ૬૨ | ૪૯ | ૧૨ |
| ૫ | માંગરોળ | ૭૦ | ૬૪ | ૫૩ |
| ૬ | ભેંસાણ | ૬૬ | ૫ | ૮ |
| ૭ | જુનાગઢ | ૫૩ | ૨૩૦ | ૩૦ |
| ૮ | માળીયા | ૪૯ | ૯૭ | ૧૫ |
| ૯ | મેંદરડા | ૫૭ | ૨૧ | ૩ |
| ૧૦ | ઉના | ૧૬૦ | ૧૪૦ | ૬૩ |
| ૧૧ | વેરાવળ | ૬૩ | ૨૫૩ | ૮ |
| ૧૨ | વિસાવદર | ૧૧૩ | ૩૩ | ૦ |
| ૧૩ | કોડીનાર | ૧૩૨ | ૬૪ | ૨૭ |
| ૧૪ | સુત્રાપાડા | ૫૮ | ૬૫ | ૧ |
| | **કુલ.** | **૧૧૩૨** | **૧૧૯૮** | **૨૫૮** |

(૩) મંજૂર થયેલ આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસી શકે તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

(૩) હા જી.

---------

**સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આંતરમાળખાકીય વિકાસ**

૪૫૯૦ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય વિકાસના કામો માટે સન ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકાર દ્વારા કેટલી ગ્રાંટ ચૂકવવામાં આવેલ છે?

**જવાબ**

વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂ. ૧૨૩.૩૨ કરોડ અને ૨૦૧૨–૧૩માં રૂ. ૬૦ કરોડ એમ કુલ રૂ.૧૮૩.૩૨ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

---------

**શહેરા અને ગોધરા તાલુકામાં ગેરકાયદે વૃક્ષ છેદનના ગુનાઓ**

૪૪૩૬ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ શહેરા અને ગોધરા તાલુકામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ગેરકાયદે વૃક્ષછેદન કરતા કેટલા ગુનાઓ નોંધાયા,

**જવાબ**

(૧) નીચે મુજબ ગુનાઓ નોંધાયા છે.

| **તાલુકાનું નામ** | **૧–૧–૨૦૧૧થી ૩૧–૧૨–૨૦૧૧સુધી નોંધાયેલ ગુના** | **૧–૧–૨૦૧૨થી ૩૧–૧૨–૨૦૧૨ સુધી નોંધાયેલ ગુના** |
|---|---|---|
| શહેરા | ૪૯ | ૪૪ |
| ગોધરા | ૭૮ | ૬૬ |

(૨) તે પૈકી કેટલા વાહનો અટકમાં લીધા, અને

(૨) ૫૭.

(૩) આવા વાહનો કોના કબજામાં છે?

(૩) ૪૫ વાહનો મુક્ત કર્યા છે જયારે ૧૨ વાહનો હાલ વન વિભાગના કબજામાં છે.

---------

**ધોળકા શહેરમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં પીવાના પાણીના પ્રોજેક્ટમાં આપેલ ગ્રાન્ટ**

૪૫૭૯ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(શહેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરમાં પીવાના પાણી પુરવઠા પ્રોજેક્ટ અંતર્ગત સરકાર દ્વારા તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન ફાળવવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૪૮૮.૪૨ લાખનું અનુદાન ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી કયા તબક્કે છે? | (૨) કામો પ્રગતિમાં છે. |

---------

## સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આંતરમાળખાકીય વિકાસ

૪૫૮૮ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે સન ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે? | વર્ષ ૨૦૧૧-૧૨ માં રૂ. ૧૨૩.૩૨ કરોડ અને ૨૦૧૨-૧૩માં રૂ. ૬૦ કરોડ એમ કુલ રૂ. ૧૮૩.૩૨ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |

---------

## સુરત મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ

૪૫૮૨ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકરની ગ્રાન્ટની યોજના અન્વયે સરકાર દ્વારા સન ૨૦૧૨-૧૩ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે? | રૂા. ૧૧,૧૦,૫૩,૦૯૬/-(રૂપિયા અગિયાર કરોડ દસ લાખ ત્રેપન હજાર છન્નું)ની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |

---------

## વડોદરા શહેરમાં પરવાનગી વિના તથા ગુનાહીત પ્રવૃત્તિમાં સંડોવાયેલા વ્યકિત/સંસ્થા દ્વારા સાપ પકડવાની કામગીરી

૪૧૭૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં ડિસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ કઈ કઈ સંસ્થા કે વ્યકિતને સાપને પકડવા કે રેસક્યુ કામગીરી કરવાની પરવાનગી અમલમાં છે, | (૧) વડોદરા શહેરમાં હાલ કોઈ સંસ્થા કે વ્યકિત આવી પરવાનગી ધરાવતા નથી. |
| (૨) વડોદરા શહેરમાં ડિસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પરવાનગી વિનાની કઈ વ્યકિત/સંસ્થાએ વડોદરા શહેર અને જિલ્લામાંથી કેટલા સાપ પકડયા કે રેસક્યુ કામગીરી હાથ ધરી, અને | (૨) ભારતના વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૩૯ (૨) હેઠળ કોઈપણ વ્યકિત કોઈપણ વન્યજીવને મેળવે અને ૪૮ કલાકમાં સક્ષમ સત્તાધિકારી પાસે જમા કરાવે તો તેવી કામગીરી માટે પરવાનગીની જરૂર નથી. તદ્નુસાર, સને ૨૦૧૧માં ૯ સંસ્થા/વ્યકિત દ્વારા ૧૧૭ સાપ તથા સને ૨૦૧૨ માં ૧૮ સંસ્થા/વ્યકિત દ્વારા ૯૨૦ સાપની રેસક્યુ કામગીરી કરવામાં આવેલ છે. |
| (૩) ડિસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ વન્ય પ્રાણી સંબંધિત ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલ કઈ કઈ | (૩) એક વ્યકિત. |

વ્યકિત કે સંસ્થા એ આવી કામગીરી હાથ ધરી, અને

(૪) વન્ય જીવનની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલ વ્યકિત કે સંસ્થાને સાપ પકડવા અને રેસક્યુ કામગીરીમાંથી દૂર કરવા કે પ્રતિબંધિત કરવા શા ચોક્કસ આદેશો આપ્યા છે?

(૪) આ વ્યકિતને ભારતના વન્યજીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ–૧૨ હેઠળ વન્યપ્રાણી અંગે ફરિયાદ મળ્યેથી તેને પકડવા, સારવાર આપવા અને વહેલી તકે સુરક્ષિત વસવાટમાં મુકત કરવા અગાઉ આપવામાં આવેલ પરમીટ સને–૨૦૧૧ માં રદ કરવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં તેરમા નાણાપંચ હેઠળ થયેલ રસ્તાઓ**

૩૬૯૧ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧ અને વર્ષ–૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં તેરમા નાણાપંચ હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧) ૪૪ રસ્તા, રૂ।. ૯૦.૪૪.૦૦ લાખ. |
| (૨) તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) ૨૬ કામો પુર્ણ, ૧૮ કામો પ્રગતિમાં. |

---------

**આણંદ જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રોડ ઉપરના નાળા સાંકડા હોવા બાબત**

૨૯૨૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ તાલુકાવાર પંચાયત અને રાજય હસ્તકના રસ્તાઓ ઉપર આવેલ નાળાઓ ખૂબ જ સાંકડા છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સાંકડા નાળાઓ પહોળા કરવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) અમુક નાળા પહોળા કરવામાં આવેલ છે અને બાકીના નાળા નાણાકીય ઉપલબ્ધતા અનુસાર તબક્કાવાર હાથ ધરવાનું આયોજન વિચારવામાં આવશે. |

---------

**પાટણ શહેરમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ભૂગર્ભ ગટર યોજના**

૪૫૮૪ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ જિલ્લાના પાટણ શહેરમાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત સરકાર દ્ધારા સન–૨૦૧૧–૧૨ અને સન–૨૦૧૨–૧૩ના વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૩ની સુધીમાં કેટલું અનુદાન ફાળવવામાં આવેલ છે ? | વર્ષ ૨૦૧૧–૧૨માં રૂ।. ૨૦૨૪.૪૫ લાખનું અનુદાન ફાળવેલ છે. વર્ષ ૨૦૧૨–૧૩માં કોઈ અનુદાન ફાળવેલ નથી. |

---------

**પાટણ જિલ્લામાં ગામથળ ન હોવા બાબત**

* ૪૪૦૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કૂલ કેટલા ગામોમાં ગામથળ નથી. | કુલ ૨૬ ગામોમાં ગામતળ નથી. |

---------

**સુરત મહાનગરપાલિકામાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આંતર માળખાકીય વિકાસ**

૪૫૮૯ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે સન ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

વર્ષ ૨૦૧૧-૧૨માં રૂા. ૧૨૩.૩૨ કરોડ અને ૨૦૧૨-૧૩ માં રૂા. ૬૦ કરોડ એમ કુલ રૂા. ૧૮૩.૩૨ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

---------

**અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતની ગ્રીનબેલ્ટની જમીન પર ગેરકાયદે બાંધકામ**

૪૧૬૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતની ગ્રીનબેલ્ટની જમીનો પર ગેરકાયદેસર બાંધકામો થયાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ બાંધકામો દૂર કરવા રાજય સરકારે ડીસે-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા પગલાં લીધા ?

**જવાબ**

(૧) અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત વિસ્તારમાં અમલી ડેવલપમેન્ટ પ્લાનમાં ગ્રીનબેલ્ટનો વિસ્તાર મુકરર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લામાં દરિયાકિનારે ચેરનું વાવેતર**

૩૧૧૪ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં દરિયાકિનારે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચેરનું કેટલું વાવેતર થયું,

(૨) તેની પાછળ કૂલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૧૦૦ હેકટર વિસ્તારમાં ૨૭,૪૦૦ રોપા.

(૨) રૂપિયા ૫.૦૦ લાખ.

---------

**સુરત મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ**

૪૫૮૩ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકરની ગ્રાન્ટની યોજના અન્વયે સરકાર દ્વારા સન ૨૦૧૨-૧૩ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

રૂા. ૧૧,૧૦,૫૩,૦૯૬/- (રૂપિયા અગિયાર કરોડ દસ લાખ ત્રેપન હજાર છન્નું ) ની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

---------

**માલપુર અને બાયડ તાલુકામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના ડામર સપાટી વગરના રસ્તાઓ**

૩૮૯૭ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના માલપુર અને બાયડ તાલુકાઓમાં સ્ટેટ તેમજ પંચાયત હસ્તકનાં કયા–કયા રસ્તાઓને છેલ્લા સાત વર્ષથી ડામર સપાટી થયેલ નથી, અને

**જવાબ**

(૧) **પરિશિષ્ટ–૧ મુજબ**

**પરિશિષ્ટ–૧**

| **રસ્તાનું નામ** |
|---|
| માલપુર–મેઘરજ રોડ કિ.મી. ૬૮/૭ થી ૭૬/૧૫૦ |
| બોરોલ –આમોદરા રામપુરા કંપા. રોડ. કી.મી. ૮/૦ થી ૧૩/૨ |
| ચોઈલા–શણગાલ રોડ કી.મી. ૦/૦ થી ૫/૨ |
| સાઠંબા બરોડી આમોદરા રોડ |
| સાઠંબા ખાંડા રોડ |
| ટીસ્કી માનવાવ રીંછવાડ રોડ ૦/૦ થી ૪/૭૦૦ |

(૨) આ રસ્તાઓને ક્યારે સરકાર રી–સરફેસ કરવામાં આવનાર છે ?

(૨) નાણાકીય ઉપલબ્ધતા અનુસાર હાથ ધરવાનું આયોજન વિચારવામાં આવશે.

---------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં વિલના આધારે જમીનોની નોંધ પાડવા બાબત**

૨૯૧૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વિલ ના આધારે કેટલી જમીનોમાં નોંધ પાડવામાં આવી,

**જવાબ**

(૧) વીલના આધારે નીચે મુજબ નોંધ પાડવામાં આવી.

| **વર્ષ** | **વડોદરા** | **નર્મદા** |
|---|---|---|
| ૨૦૧૧ | ૧૧૬ | ૩૫ |
| ૨૦૧૨ | ૧૩૫ | ૩૨ |

(૨) આ નોંધમાં ખેડૂતો કેટલા અને બીન ખેડૂતો કેટલા, અને,

(૨) વડોદરા જિલ્લામાં ૯૦–ખેડૂત
૫૭–બિનખેડૂત
નર્મદા જિલ્લામાં ૫૭–ખેડૂત
૧૧–બિનખેડૂત

(૩) આ અંગે થયેલ ગેરરીતિ અન્વયે મળેલ ફરિયાદો અંગે સરકારે શાં પગલાં લીધા ?

(૩) વડોદરા જિલ્લામાં કોઈ ફરિયાદ મળી નથી. નર્મદા જિલ્લામાં ગેરરિતીની એક ફરિયાદ મળેલ છે. જેની તપાસ ચાલુ છે.

---------

**ધોળકા શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં પીવાના પાણીનો પ્રોજેકટ**

૪૫૮૧ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરમાં પીવાના પાણી પુરવઠા પ્રોજેકટ અંતર્ગત સરકાર દ્વારા તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન ફાળવવામાં આવેલ છે, અને

(૨) આ કામગીરી હાલમાં કયા તબક્કે છે?

**જવાબ**

(૧) રૂા. ૪૮૮.૪૨ લાખનું અનુદાન ફાળવવામાં આવેલ છે.

(૨) કામો પ્રગતિમાં છે.

---------

**કપરાડા તાલુકામાં રેન્જવાર રોપા રોપવા બાબત**

૪૨૦૮ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં રેન્જવાર કેટલું રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૧) છેલ્લા એક વર્ષમાં રેન્જવાર નીચેની વિગતે કુલ ૩૬.૧૩૫ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| અ.નં. | રેન્જનું નામ | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૧. | ધરમપુર | ૦.૮૭૫ |
| ૨. | નાના પોંઢા | ૧૦.૬૬ |
| ૩. | કપરાડા | ૬.૯૫ |
| ૪. | લવકર | ૮.૨૪ |
| ૫. | ફતેહપુર | ૯.૪૧ |
| | **કુલ** | **૩૬.૧૩૫** |

(૨) તે પૈકી કયા કયા પ્રકારના રોપા રોપવામાં આવ્યા,

(૨) તે પૈકી સાગ, ખેર, વાસ સેવન, કાજુ, કરમદા, પાપડો, હલદું, કલમ, ટેટું, મહુડા, બહેડા, અસન, સાદડ, સત્તાવરી, બંગાળી બાવળ, નીલગીરી, શરૂ, મહોગીની, પેલ્ટ્રોફોર્મ, લીમડા, જાંબુ, વડ, સીસમ, આંબા, આંબળા, પીપળો, સરગવા વગેરે જાતના રોપાઓ રોપવામાં આવેલ છે.

(૩) ઉપરોક્ત સ્થિતિએ કેટલા વૃક્ષ જીવંત છે, અને

(૩) ૩૨.૬૭ લાખ

(૪) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

(૪) રૂા. ૭૧૬.૫૪ લાખ

---------

## મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં આપેલ સહાય/વળતર

૪૬૧૧ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય/વળતર/રાહત ચુકવવામાં આવી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની, સહાય ચૂકવવામાં આવી, અને

(૨) *પત્રક - અ, બ, ક અને ડ સામેલ છે.

(૩) ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવે છે?

(૩) (૧) માંગણી નં. ૧૦૬ પ્લાન
૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ
૦૨ - સમાજ કલ્યાણ
૧૦૩ - મહિલાઓનું કલ્યાણ
૨૭ - ૨૭ નિરાધાર વિધવા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે નાણાંકીય સહાય
(૨) (અ) માગણી નં.-૧૦૬, ૨૨૩૬-પોષણ (પ્લાન), ૦૨-પોષણ ખાદ્ય અને પીણાંની વહેંચણી, ૮૦૦-અન્ય ખર્ચ, ૦૭-એનટીઆર-૦૭ બાલિકા સમૃદ્ધિ યોજના

(બ) ગેસસ્ટવ અને ઈંડલીકુકરની ગ્રાન્ટ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમીકલ લી. તરફથી મળેલ છે. જે ડીપોઝીટ સદરે જમા લઈ ખર્ચ કરવામાં આવેલ છે.
(૩) ઘરદિવડા યોજના અંગેની સહાયની રકમ બજેટ હેડ ૨૨૩૫ હેઠળ ચુકવાય છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**હિંમતનગર તાલુકાના હડીયલ ગામે મેડિકલ કોલેજ બનાવવા ગૌચરની નીમ થયેલ જમીન ફાળવવા બાબત**

૩૯૬૦ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ હિંમતનગર તાલુકાના હડીયોલ ગામે સરકારે મેડીકલ કોલેજ બનાવવા માટે ગૌચરની નીમ થયેલ જમીન ફાળવી છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ જમીન ઉપર અનુસૂચિત જાતિના પ્લોટો આવેલા છે અને બાંધકામ પણ થયેલ છે ત્યારે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) ગૌચરની જમીન ફાળવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમીરગઢ અને દાંતા તાલુકામાં ખેડૂતોની જમીનોની વારસાઇ નોંધો**

**ઈ કા. ખરાડી (દાંતા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ અમીરગઢ અને દાંતા તાલુકાનાં ખેડૂતોની ખેતીની જમીનોની વારસાઇ નોંધો પ્રમાણિત થવાની મામલતદાર કક્ષાએ કેટલી પડતર છે, | (૧) તાલુકો — પડતર નોંધો<br>અમીરગઢ — ૨૮<br>દાંતા — ૫૨ |
| (૨) આ નોંધો કયારથી પડતર છે, | (૨) અમીરગઢ — તા. ૧-૧૨-૨૦૧૨થી<br>દાંતા — તા. ૧૩-૧૨-૨૦૧૨થી |
| (૩) આ નોંધો પડતર રહેવાના શા કારણો છે, અને | (૩) જમીન મહેસૂલ કાયદાની કલમ ૧૩૫-ડી મુજબ હિત ધરાવનાર તમામ ઈસમોને રજી.પો.એ.ડી.થી નોટીસ બજાવ્યા બાદ ૩૦ (ત્રીસ) દિવસની સમય મર્યાદા પછી જો કોઈ તકરાર ઉપસ્થિત થયેલ ન હોય તો, નોંધ પ્રમાણિત કરવાની રહે છે. આમ સમય મર્યાદાના કારણસર પડતર છે. |
| (૪) કેટલા સમયમાં આ નોંધો પ્રમાણિત કરવામાં આવશે? | (૪) સમય મર્યાદા પૂર્ણ થયેથી સત્વરે નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે. |

---------

**ભરૂચ જિલ્લાની નગરપાલિકાને સફાઇ વેરા પ્રોત્સાહક અનુદાન**

૪૫૯૩ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સફાઇ વેરા પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ સન ૨૦૧૨-૧૩ વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં ભરૂચ જિલ્લાની નગરપાલિકાને સરકાર દ્વારા | નીચે મુજબની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે |

| ક્રમ | નગરપાલીકા | ચુકવેલ રકમ રૂ઼ા. |
|---|---|---|

કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે?

| ક્રમ | નગરપાલીકા | ચુકવેલ રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૪૫,૭૨,૭૨૮ |
| ૨ | અંકલેશ્વર | ૩૫,૧૫,૫૫૯ |
| ૩ | જંબુસર | ૧૧,૫૬,૭૧૮ |
| ૪ | આમોદ | ૩,૧૭,૪૯૩ |
| | **કુલ** | **૯૫,૬૨,૪૯૮** |

---------

**અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા શહેરોમાં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન મિશનમાં કેન્દ્ર સરકારે આપેલ ગ્રાન્ટ**

૩૯૪૩ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળી, અને

(૨) તે પૈકી અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા શહેરો માટે કેટલી રકમનું આયોજન કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨ માં રૂ.ા. ૪૯૦.૮૭ કરોડ અને ૨૦૧૨-૧૩માં રૂ.ા. ૧૫૬.૯૮ કરોડ એમ કુલ રૂ.ા. ૬૪૭.૮૫ કરોડ ગ્રાન્ટ મળેલ છે.

(૨) નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | મહાનગરપાલિકા | રકમ (રૂ.ા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩૫.૨૬ |
| ૨ | સુરત | ૨૦૦.૫૬ |
| ૩ | રાજકોટ | ૨૭.૭૭ |
| ૪ | વડોદરા | ૧૧૨.૪૪ |
| | **કુલ** | **૪૭૫.૮૩** |

---------

**વડોદરા જિલ્લામાં સમાજ કલ્યાણ શિબિરો યોજવા બાબત**

૨૯૧૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી સમાજ કલ્યાણ શિબિર યોજવામાં આવી, અને

(૨) સરકારનો નિયમ હોવા છતાં શિબીરની આમંત્રણ પત્રિકામાં સ્થાનિક ધારાસભ્યના નામ/ફોટા કયા કારણોથી છાપવામાં આવતા નથી ?

**જવાબ**

(૧) ૪ (ચાર).

(૨) શિબિરની આમંત્રણ પત્રિકામાં સ્થાનિક ધારાસભ્યશ્રીના નામ છાપવામાં આવે છે. ફોટા છાપવા અંગે કોઈ સૂચનાઓ નથી.

---------

**સુરત મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકરણની રકમ**

૪૫૮૫ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સુરત મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકરની ગ્રાંટની યોજના અન્વયે સરકાર દ્વારા સન–૨૦૧૨–૧૩ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે ?

**જવાબ**

રૂ.ા. ૧૧,૧૦,૫૩,૦૯૬/– (રૂપિયા અગિયાર કરોડ દસ લાખ ત્રેપન હજાર છન્નું)ની ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે.

---------

**પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં વિધવા સહાયની રકમની ચૂકવણી ન થવા બાબત**

૩૦૪૭ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વિધવા સહાય ચુકવવામાં આવતી નથી તે હકીકત ખરી છે, અને

(૨) જો ના, તો બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં તાલુકા દીઠ તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ લાભાર્થીઓને નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે.

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | ચૂકવાયેલ રકમ |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૫૭૫ | રૂા. ૨,૪૬,૫૫,૦૦૦/– |
| ૨ | ડીસા | ૧૧૨૯ | રૂા. ૧,૭૨,૫૧,૦૦૦/– |
| ૩ | દિયોદર | ૧૪૩ | રૂા. ૨૦,૮૫,૦૦૦/– |
| ૪ | ભાભર | ૧૪૭ | રૂા. ૨૧,૭૫,૦૦૦/– |
| | **કુલ** | **૨૯૯૪** | **રૂા. ૪,૬૧,૬૬,૦૦૦/–** |

---------

**રાજકોટ જિલ્લાની ખેડૂતોની જમીનો શરત ચૂકથી રેવન્યુ રેકર્ડમાં ખોટી નોંધ થવા બાબત**

૩૬૮૧ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની ખેતીની માલીકીની જમીનો શરતચૂકથી રેવન્યુ રેકર્ડ ઉપર ડુબમાં નોંધ થયેલ હોય તેવી ખેતીની જમીનો પુન:મેળવવા, નોંધ પ્રામાણિત થવા કેટલા ખેડૂતોના પ્રકરણો કયા કયા તબક્કે છે,

(૨) આવા ખેડૂતોને ખેતીની જમીનો પુન:સરકાર આપવા માંગે છે કે કેમ, અને

(૩) કેટલા સમયમાં આ પ્રકરણોનો નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આવા કોઈ પ્રકરણો પડતર નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વિદ્યાસહાય યોજનામાં ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત**

૪૬૦૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં વનબંધુ

**જવાબ**

(૧) ખેડબ્રહ્મામાં ૩૩૭, વિજયનગરમાં ૨૨૩,

કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યાસાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં અનુસૂચિત જનજાતિની ધોરણ-૮માં ભણતી કેટલી કન્યાઓને તાલુકાવાર સાયકલો આપવાની થતી હતી.

ભિલોડામાં ૩૫૩, મેઘરજમાં ૨૩૩

(૨) તે પૈકી કેટલી કન્યાઓને આપી અને કેટલીને આપવાની બાકી છે.

(૨) ૧૧૪૬ને આપી, કોઈને આપવાની બાકી નથી.

(૩) બાકી રહેવાના કારણો શા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) તે ક્યારે આપવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી જિલ્લામાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડલમાં ઈજનેરી અને પોલીટિકનીક કોલેજ માટે જમીન**

૨૮૭૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડલ અન્વયે કેટલી ઈજનેરી અને પોલીટિકનીક કોલેજોને કેટલી જમીનો આપવામાં આવી, અને | (૧) શૂન્ય |
| (૨) આ જમીનો કયાં-કયાં આપવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલીથી લાઠી ચાવડ ધોરી માર્ગને ફોરલેન કરવા બાબત**

૩૨૦૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના અમરેલીથી લાઠી-ચાવડ મુખ્ય ધોરીમાર્ગને રાજય સરકાર ફોર-લેન રસ્તો બનાવવા માંગે છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને કેટલી રકમના ખર્ચે કેટલી સમયમર્યાદામાં આ કામ પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સંતરામપુર શહેરમાં પીવાના પાણી પ્રોજેક્ટ માટે સરકારે આપેલ ગ્રાન્ટ**

૪૫૮૦ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના સંતરામપુર શહેરમાં પીવાના પાણી પુરવઠા અંતર્ગત સરકાર દ્વારા તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન ફાળવવામાં આવેલ છે, અને | (૧) રૂ।. ૧૨૩૮.૪૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી કયા તબક્કે છે ? | (૨) કામગીરી પૂર્ણ થયેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં અભ્યારણો અને પર્યાવરણ માટે જમીનો અનામત રાખવાની દરખાસ્તો**

૩૬૭૮ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ છેલ્લા બે | (૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

વર્ષમાં કચ્છ જિલ્લાનાં કયા કયા ગામોની જમીનો કયા કયા અભ્યારણો અને કયા કયા પર્યાવરણ લક્ષી હેતુઓ માટે અનામત રાખવા, સંપાદન કરવા દરખાસ્તો કરવામાં આવી છે, અને

કચ્છ જિલ્લામાં કોઈ જમીન અભ્યારણ્યો માટે દરખાસ્ત કરવામાં આવેલ નથી.

ભારતીય વન અધિનિયમ – ૧૯૨૭ની કલમ ૪ હેઠળ નીચેની જમીનને ક્કઅનામત જંગલક્ર જાહેર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો છે.

| **તાલુકો** | **ગામ** | **સર્વે નંબર** | **વિસ્તાર હેક.** |
|---|---|---|---|
| અબડાસા | વાગોટ | સ.નં.૮૨ પૈકી | ૩.૯ |
| | નાની ધ્રૂફી | ૨૬૧ થી ૨૬૩, ૨૭૭થી ૨૮૬, ૨૮૮થી ૨૮૯ | ૯૩.૨૫ |

ભારતીય વન અધિનિયમ – ૧૯૨૭ની કલમ ૨૦ હેઠળ નીચેની જમીનને ક્કઅનામત જંગલક્ર જાહેર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

| **તાલુકો** | **ગામ** | **સર્વે નંબર** | **વિસ્તાર હેક.** |
|---|---|---|---|
| અબડાસા | જખૌ | ૮૪૪, ૧૪૮૨થી ૧૪૮૫ | ૧૦૧.૫૮ |
| | ધ્રૂફી મોટી | ૪૬૯ થી ૪૭૬, ૪૭૮થી ૪૮૧ | ૯૭.૮૪ |
| અબડાસા | કણોઠીયા | ૮૫, ૮૬ અને ૮૭ | ૧૩૭.૩૧ |
| | વીંઝણ | ૧૦૮૯ થી ૧૦૯૨, ૧૧૦૧ થી ૧૧૦૬ | ૨૩૫.૨૯ |
| | વાંકુ | ૪૯૩ થી ૪૯૯, ૫૦૭, ૫૦૮ અને ૫૧૨ | ૨૦૮.૩૩ |
| ભૂજ | ખાવડા | ટ્રા.સ.નં. ૧૦૫ પૈકી | ૨૨૦.૬૪ |
| | ઝુમખા | ૧૩૬ | ૧૬૧.૮૭ |
| | જદુરા | ૧૨૮ | ૩૯૭.૬ |

(૨) આ દરખાસ્તો ઉક્ત સ્થિતએ કયા તબક્કે છે ?

(૨) કલમ–૪ હેઠળની જમીનોના સેટલમેન્ટની કાર્યવાહી થશે. કલમ–૨૦ હેઠળની જમીનોને ક્કઅનામત જંગલક્ર નો દરજ્જો મળી ગયો છે.

તા.૧૫મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

---------

**વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરનું મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ**

૪૩૮૪ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય ગાંધીનગરનું મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે, અને | (૧) **પત્રક–અ** મુજબ |
| (૨) તેની સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ? | (૨) **પત્રક–બ** મુજબ |

**પત્રક–અ**

| ક્રમ | હોદ્દો | મંજૂર થયેલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અગ્ર સચિવશ્રી | ૦૧ |
| ૨ | નિયામકશ્રી (પર્યાવરણ) | ૦૧ |
| ૩ | સંયુક્ત સચિવ | ૦૧ |
| ૪ | નાયબ સચિવ | ૦૩ |
| ૫ | ઉપ સચિવ | ૦૪ |
| ૬ | સીનીયર ટેકનિકલ ઓફીસર | ૦૧ |
| ૭ | જુનીયર ટેકનિકલ ઓફીસર | ૦૧ |
| ૮ | અગ્ર રહસ્ય સચિવ (અંગ્રેજી) | ૦૧ |
| ૯ | સેકશન અધિકારી | ૦૯ |
| ૧૦ | નાયબ સેકશન અધિકારી | ૩૧ |
| ૧૧ | રહસ્ય સચિવ (ગુજરાતી) | ૦૧ |
| ૧૨ | અગત મદદનીશ (ગુજરાતી) | ૦૨ |
| ૧૩ | અગત મદદનીશ (અંગ્રેજી) | ૦૧ |
| ૧૪ | કારકુન | ૦૮ |
| ૧૫ | અંગ્રેજી ટાઇપીસ્ટ | ૦૧ |
| ૧૬ | ગુજરાતી ટાઇપીસ્ટ | ૦૩ |
| ૧૭ | ડ્રાઈવર | ૦૩ |
| ૧૮ | નાયક | ૦૧ |
| ૧૯ | પટાવાળા | ૦૮ |
| ૨૦ | હમાલ | ૦૧ |
| | **કુલ** | **૮૨** |

**પત્રક–બ**

| ક્રમ | હોદ્દો | ખાલી જગ્યાની સંખ્યા | જગ્યા ખાલી થયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | નિયામકશ્રી (પર્યાવરણ) | ૦૧ | ૩૧–૦૧–૨૦૧૨ |
| ૨ | ઉપ સચિવ | ૦૨ | ૦૧–૦૪–૨૦૧૨<br>૦૯–૧૧–૨૦૧૨ |
| ૩ | સીનીયર ટેકનિકલ | ૦૧ | ૨૫–૦૬–૨૦૧૦ |

| | | | |
|---|---|---|---|
| | ઓફીસર | | |
| ૪ | જુનીયર ટેકનિકલ ઓફીસર | ૦૧ | ૧૫-૦૯-૨૦૦૯ |
| ૫ | નાયબ સેકશન અધિકારી | ૦૪ | ૦૪-૦૬-૨૦૧૨ |
| ૬ | કારકુન | ૦૨ | ૨૬-૦૪-૨૦૧૦<br>૨૫-૦૮-૨૦૧૧ |
| ૭ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૦૧ | ૦૧-૧૦-૨૦૦૭ |
| ૮ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૦૨ | ૨૬-૦૪-૨૦૧૦ |
| ૯ | ડ્રાઈવર | ૦૨ | ૦૧-૦૪-૨૦૦૮ |
| ૧૦ | પટાવાળા | ૦૧ | ૦૧-૦૧-૨૦૧૩ |
| ૧૧ | હમાલ | ૦૧ | ૦૯-૧૦-૨૦૦૭ |
| | **કુલ** | **૧૮** | |

---------

**આણંદ જિલ્લામાં જમીન સુધારણાની અને અપીલ કચેરીમાં પડતર અરજીઓ**

૪૬૨૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જમીન સુધારણા અને અપીલની કચેરીમાં કયા પ્રકારની કેટલી અપીલો/અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૨) લાંબા સમય સુધી અપીલો/અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સામેલ **પત્રક** મુજબ

(૨) અરજદાર કે અરજદારના વકીલો તરફથી મુદતોની માંગણી વારંવાર થવાથી અથવા પુરતા પુરાવા રજુ કરવામાં વિલંબ કરવાથી.

(૩) અપીલો/અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

**પત્રક**

| **મુંબઈ ગણોતધારો-૧૯૪૮ ની કલમ** | **માસના અંતે નિકાલના બાકી કેસો** | **૬-માસ સુધીના બાકી કેસો** | **૬-માસથી ૧-વર્ષ સુધીના બાકીના કેસો** | **૧ થી ઉપરના બાકી કેસો** |
|---|---|---|---|---|
| કલમ-૭૪ હેઠળની | ૩૨૪ | ૨૪૯ | ૧૧ | ૬૪ |
| કલમ-૪૩ હેઠળની | ૭૧ | ૨૯ | ૩૨ | ૪ |
| કલમ-૬૩ હેઠળની | ૧૦ | ૫ | ૧ | ૪ |

---------

**વ્યારા ચકધરાથી ધાપડાદેવીનો કાચો રસ્તો હોવા બાબત**

૪૧૩૩ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા ચકધરાથી ધાપડાદેવીનો કાચો રસ્તો

**જવાબ**

(૧) ના, જી

છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રસ્તાને પાકો કરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં આ પાકો રસ્તો બનશે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા શહેરમાં વનપ્રાણી સબંધી ગુન્હામાં સંડોવાયેલ વ્યકિત/સંસ્થાને વન્ય પ્રાણી સંબંધીત પ્રવૃત્તિ ન સોંપવા પર પ્રતિબંધ મૂકવા બાબત**

૪૧૭૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેરમાં વન્યપ્રાણીને ગેરકાયદે રાખવા વેપાર/વેચાણના ગુનામાં સન ૨૦૧૧ અને ૨૦૧૨માં કઈ કઈ સંસ્થાઓ કે વ્યક્તિઓ સામે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ નીચે કેવા પ્રકારના ગુન્હાઓ નોંધાયા છે,

(૨) વન્યપ્રાણી સંબંધિત આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ સંસ્થા કે વ્યકિતને વનવિભાગ દ્વારા કોઈ પણ પ્રકારની કામગીરી જેવી કે વન્યપ્રાણી પકડવા, સાચવવા કે તેની કસ્ટડી રાખવાની કોઈ કામગીરી સોંપવા પર કે તેમને રોકવા વનવિભાગ દ્વારા કેવા ચોક્કસ પ્રકારના આદેશો આપવામાં આવ્યા છે, અને

(૩) આ આદેશોની શી વિગતો છે ?

**જવાબ**

(૧) નીચેની વ્યક્તિ, સંસ્થાઓ સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ નીચે વન્યપ્રાણી ગેરકાયદેસર રાખવા અંગે ગુનો નોંધાયેલ છે.

**<u>સને ૨૦૧૧</u>**

(૧) શ્રી યાકુબભાઈ દીવાન
(૨) શ્રીમતિ સ્નેહલ ભટ્ટ (ભાવસાર)
(૩) શ્રી માછી કમલેશ રમણભાઈ
(૪) શ્રીમતિ પ્રિતિબેન વિષ્ણુભાઈ ઈદનાની
(૫) શ્રી રાકેશભાઈ રમેશભાઈ પટેલ

**<u>સને ૨૦૧૨</u>**

(૧) શ્રી સુરેશભાઈ કુસાભાઈ સાળુકે
(૨) શ્રી રામજીસીંગ ચન્દ્રીકાસીંગ રાજપુત
(૩) શ્રીમતિ સુનિતાબેન ચૌહાણ
(૪) શ્રી વિજય લાલુ તુરી
(૫) શ્રી કમલેશભાઈ દામોદર શાહ

(૨) એક વ્યક્તિને અગાઉ અપાયેલ સત્તા રદ કરવામાં આવી છે.

(૩) એક વ્યક્તિને અગાઉ અપાયેલ સત્તા રદ કરવામાં આવી છે.

---------

**આણંદ જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના નવા રોડ મંજૂર કરવા બાબત**

૨૯૨૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ તાલુકાવાર પંચાયત અને રાજ્ય હસ્તકના કેટલા નવા રોડ મંજૂર થયેલ છે, અને

**જવાબ**

(૧) તાલુકાવાર મંજુર થયેલ નવા રસ્તાઓ

| | |
|---|---|
| આણંદ | ૩૬ |
| ઉમરેઠ | ૧૬ |
| આંકલાવ | ૨૫ |
| બોરસદ | ૨૮ |

| | |
|---|---|
| પેટલાદ | ૨૯ |
| સોજીત્રા | ૧૮ |
| ખંભાત | ૧૩ |
| તારાપુર | ૦૩ |
| **કુલ** | **૧૬૮** |

(૨) તેની કાર્યવાહી ઉકત સ્થિતિએ કયા તબકકે છે?

(૨) ૨૨ રસ્તા પૂર્ણ, ૧૪૦ રસ્તા પ્રગતિમાં અને ૬ રસ્તાના કામો હવે શરૂ થનાર છે.

---------

## અમદાવાદ જિલ્લામાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા બાબત

૪૧૭૦ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૦૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી શરતની જમીનો જૂની શરતની જમીનમાં ફેરવવા માટે કુલ કેટલી અરજીઓ મળી હતી, | (૧) ૧૩૨૯ અરજીઓ. |
| (૨) કેટલી અરજીઓ કેટલા પ્રિમિયમની રકમો સાથે મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ– ૬૪૭ અરજીઓ રૂા. ૨,૮૪,૯૫,૧૦,૯૩૭/– ની પ્રિમિયમની રકમો સાથે મંજુર કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ ઉપરોકત સ્થિતિએ પડતર છે? | (૩) ૬૮૨ અરજીઓ પડતર છે. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજનાની અરજીઓ

૩૮૯૯ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૮૯૦ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૬૮૮ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૩૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી. |
| (૪) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે? | (૪) વિધવા સહાય નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.<br>૧. અરજદારના પુત્રની ઉંમર ૨૧ વર્ષ થતાં.<br>૨. અરજી સમય મર્યાદામાં રજૂ કરેલ ન હોવાથી<br>૩. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૪. અરજી સાથે સામેલ આધાર–પુરાવા સાથે છેડછાડ કરેલ હોઈ.<br>૫. વિધવા ન હોઈ (ત્યકતા તથા છૂટાછેડા લીધેલ હોઈ પતિ જીવિત હોઈ)<br>૬. વિધવા સહાય ચાલુ હોઈ. |

૭. જરૂરી આધાર પુરાવા ન હોઈ.

---------

**કપરાડા તાલુકામાં દોલઘા નદી ઉપર પાનસ ગામ પાસે પુલ બનાવવાનું કામ**

૪૨૦૯ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં દોલઘા નદી અને પાનસ ગામ પાસે પુલ બનાવવાની કાર્યવાહી કયા તબકકે છે? | હયાત કોઝ-વે હોઈ પુલ બનાવવાનું હાલ આયોજન નથી. |

---------

**હિંમતનગરમાં ભૂદાનની જમીન**

૩૯૬૧ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૩ની સ્થિતિએ હિંમતનગરમાં ભુદાનની કેટલી જમીન છે, | (૧) ભૂદાનની કુલ ૪૧-03-૬૦ હે.આરે.ચો.મી. જમીન છે. |
| (૨) આ ભુદાનની જમીનો ઉપર ૭/૧૨ના ઉતારામાં જેમના નામો છે તેમને બાંધકામની પરવાનગી આપવામાં આવતી નથી તે હકીકત સાચી છે, અને | (૨) સરકારની નીતિ નથી. |
| (૩) આવી પરવાનગી સરકાર આપવા માંગે છે કે કેમ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ**

૩૬૮૫ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં કેટલા ગામોમાં આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચલાવવામાં આવે છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ દાંતા તાલુકાના ૬૧ ગામોમાં ૭૯ આંગણવાડીઓ અને અમીરગઢ તાલુકાના ૧૬ ગામોમાં ૨૦ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચલાવવામાં આવે છે. |
| (૨) આવા કેટલા ગામો છે, અને | (૨) દાંતા તાલુકામાં આવા ૬૧ ગામો અને અમીરગઢ તાલુકામાં આવા ૧૬ ગામો છે. |
| (૩) આ ગામોમાં ક્યારે આંગણવાડીનાં પોતાના મકાનો બનાવવામાં આવશે ? | (૩) કાર્યવાહી ગતિમાં છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં ગૌચરની જમીન વેચાણથી આપવા બાબત**

૩૯૪૪ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ચો.મી. ગૌચરની જમીન વેચાણથી આપવામાં આવી, | (૧) ૩૩,૧૪૫ ચો.મી. ફાળવવામાં આવી. |
| (૨) આ જમીન શાં ભાવે વેચાણથી આપી, અને | (૨) |

| ક્રમ | ગામનું | તાલુકાનું | જમીનનું | જમીનની |
|---|---|---|---|---|

| | નામ | નામ | ક્ષેત્રફળ | કિંમત પ્રતિ ચો.મી. |
|---|---|---|---|---|
| ૧. | જગતપુર | દસક્રોઈ | ૭૦૦૦ | ૫૫૦૦ |
| ૨. | હાથીજણ | દસક્રોઈ | ૭૦૦૦ | ૪૦૦૦ |
| ૩. | નાની દેવતી | સાણંદ | ૪૯૦૦ | ૪૩૦૦ |
| ૪. | વિસલપુર | દસક્રોઈ | ૪૯૦૦ | ૬૦૦ |
| ૫. | વિંઝોલ | દસક્રોઈ | ૪૯૦૦ | ૨૨૦૦ |
| ૬. | ત્રાગડ | સીટી | ૪૪૪૫ | ૨૪૫૦ |

(૩) વેચાણથી આપવાના કારણો શાં છે?

(૩) આ જમીન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ગુજરાત એનર્જી કોર્પોરેશનને જાહેર હેતુના ઉપયોગ માટે ફાળવવામાં આવેલ છે.

---------

## રાજકોટ જિલ્લામાં ખેતીની જમીનમાં વારસાઇ નોંધ અને જમીન વેચાણની ખરીદીની નોંધ

૩૬૮૨ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ખેતીની જમીનની વારસાઇ નોંધો અને જમીન વેચાણ ખરીદીની નોંધો પ્રમાણિત કરવા મામલતદાર કક્ષાએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે,

(૧)

| ક્રમ | તાલુકો | વારસાઈ | વેચાણ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ શહેર | ૨ | ૫ |
| ૨ | રાજકોટ તાલુકા | ૨૫ | ૪૭ |
| ૩ | જસદણ | ૫૧ | ૩૨ |
| ૪ | લોધીકા | ૧૧ | ૧૮ |
| ૫ | કોટડા સાંગાણી | ૧૪ | ૧૩૫ |
| ૬ | ગોંડલ | ૮૦ | ૪૮ |
| **ક્રમ** | **તાલુકો** | **વારસાઈ** | **વેચાણ** |
| ૭ | જેતપુર | ૬૭ | ૭૪ |
| ૮ | ધોરાજી | ૧૩૬ | ૧૦૦ |
| ૯ | ઉપલેટા | ૭૪ | ૪૭ |
| ૧૦ | જામકંડોરણા | ૪૩ | ૫૪ |
| ૧૧ | મોરબી | ૯૧ | ૫૮ |
| ૧૨ | વાંકાનેર | ૫૨ | ૨૩૯ |
| ૧૩ | પડધરી | ૩૯ | ૩૫ |
| ૧૪ | ટંકારા | ૩૬ | ૩૧૭ |
| ૧૫ | માળીયા (મી.) | ૨૫ | ૫૭ |
| | **કુલ** | **૭૪૬** | **૧૨૬૬** |

(૨) આ નોંધો કયારથી કયાં સુધીની પડતર છે, અને

(૨)

| સમય | વારસાઈ | વેચાણની |
|---|---|---|
| ૩ માસ સુધીની | ૬૩૬ | ૧૦૯૪ |
| ૩ થી ૬ માસ | ૭૨ | ૧૩૦ |
| ૬ થી ૧૨ માસ | ૩૦ | ૩૭ |
| ૧૨ માસથી | ૮ | ૫ |

| ઉપર | | |
|---|---|---|

(૩) વિલંબના કારણો શા છે, અને કેટલાં સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) – તકરારી કેસ હોવાથી, ખાતેદારની ખરાઈ થયેલ ન હોઈ, નોંધોના નિકાલની ૩૦ દિવસની સમયમર્યાદા પૂર્ણ થયેલ ન હોઈ તથા વારસાઈના કિસ્સામાં અધૂરી વિગતો રજુ થયેલ હોવાથી વિલંબ થયેલ છે.

– પૂર્તતા વિગતો મળેથી સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

**અમરેલી જિલ્લામાં જંગલની જમીન ઉદ્યોગ ગૃહોને આપવા બાબત**

૨૮૭૩ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં જંગલની જમીન કયા–કયા ઉદ્યોગ ગૃહને આપી અને તે જમીન કયારે, કયા ભાવે આપી, અને

**જવાબ**

(૧) અમરેલી જીલ્લાના રાજુલા તાલુકામાં વોડાફોન એસ્સાર કંપની લીમીટેડ અમદાવાદને એપ્રીલ, ૨૦૧૧માં અને જાફરાબાદ તાલુકામાં અલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટેડને જાન્યુઆરી ૨૦૧૩માં જંગલ જમીન વન સંરક્ષણ ધારા હેઠળ બિન જંગલ હેતુસર ડાયવર્ટ કરવામાં આવેલ છે. જંગલ જમીન વેચાણથી આપવામાં આવતી નથી.

(૨) જે ભાવથી જમીન આપવામાં આવી હોય તે ભાવ કેવી રીતે અને કયારે નકકી કરવામાં આવ્યો?

(૨) જંગલ જમીન વેચાણથી આપવામાં આવતી નથી. પરંતુ, વન સંરક્ષણ ધારા હેઠળ બિન જંગલ હેતુસર ડાયવર્ટ કરવામાં આવેલ જંગલ જમીન સામે તેટલી જ બિન જંગલ જમીન, તેના પર વળતર વનીકરણ માટેના ખર્ચની રકમ તથા ડાયવર્ઝન માટેની જંગલ જમીનની નેટ પ્રેઝન્ટ વેલ્યુ ઔદ્યોગિક ગૃહો પાસેથી વસુલ લેવામાં આવે છે.

---------

**અમરેલી જિલ્લામાં પંચાયત હસ્તકના નોન પ્લાન રસ્તાઓ**

૩૨૦૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પંચાયત હસ્તકનાં નોન–પ્લાન રસ્તાઓ કેટલા છે,

**જવાબ**

(૧) નીચે મુજબ.

| **તાલુકો** | **નોન પ્લાન રસ્તાની સંખ્યા** |
|---|---|
| અમરેલી | ૨૪ |
| **તાલુકો** | **--** |
| લાઠી | ૧૩ |
| લીલીયા | ૫ |
| બાબરા | ૩૫ |
| કુંકાવાવ | ૧૫ |
| બગસરા | ૧૫ |
| ધારી | ૩૨ |
| ખાંભા | ૨૨ |

| | |
|---|---|
| રાજુલા | ૫૩ |
| જાફરાબાદ | ૧૫ |
| સાવરકુંડલા | ૬૬ |
| કુલ | ૨૯૫ |

(૨) આ રસ્તાઓ કયા ગામથી કયા ગામને જોડતા રસ્તા છે, અને

(૨) *પરિશિષ્ટ મુજબ

(૩) આ નોન પ્લાન રસ્તાઓને કયાં સુધીમાં પ્લાનમાં લેવામાં આવશે?

(૩) હાલ આયોજન નથી.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ખેતીની જમીનની વારસાઇ અને જમીન વેચાણની નોંધો**

૩૬૭૯ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અબડાસા-લખપત-નખત્રાણાં તાલુકામાં ખેતીની જમીનની વારસાઇ નોંધો અને જમીન વેચાણની નોંધો પ્રમાણિત કરવા મામલતદાર કક્ષાએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે,

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વારસાઈની પડતર નોંધોની સંખ્યા** | **વેચાણની પડતર નોંધોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૧૮૨ | ૩૧૫ |
| ૨ | લખપત | ૨૮ | ૮૦ |
| ૩ | નખત્રાણા | ૧૧૯ | ૧૦૨ |
| | કુલ:- | ૩૨૯ | ૪૯૭ |

(૨) આ નોંધોમાં વિલંબ થવાના કારણો શા શા છે, અને

(૨) વારસાઈ નોંધોમાં અરજદારો દ્વારા પૂર્તતા ન થવાથી, વેચાણ નોંધોમાં ખાતેદારોની ખરાઈ બાકી હોવાથી તેમજ અન્ય કિસ્સાઓમાં નોંધોના નિકાલની ૩૦ (ત્રીસ) દિવસની સમય-મર્યાદા પૂર્ણ થયેલ ના હોઈ.

(૩) કેટલા સમયમાં તેનો નિકાલ કરવામાં આવશે?

(૩) પૂર્તતા વિગતો મળ્યેથી સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપ કામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૧૦-૨૦૧૧ અને સન ૨૦૧૧-૨૦૧૨ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૧૦-૧૧નો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લાઇવલીહુડ કંપની લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના વાર્ષિક હિસાબો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના સન ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબો, તેના પરની ઓડિટ રીમાર્કસ તથા સન ૨૦૧૩-૧૪ના વર્ષનું અંદાજપત્ર અને સન ૨૦૧૨-૧૩ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, રીમાર્કસ, અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષના સુધારેલા અંદાજો, સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષના અંદાજો અને સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલા અંદાજો, અંદાજો, વાર્ષિક હિસાબ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

બંદરો અને વાહનવ્યવહાર વિભાગની અધિસૂચના

શ્રી નીતિનભાઇ ર. પટેલ(વાહન વ્યવહારમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહનવ્યવહાર વિભાગની સન ૧૯૫૮ના ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ અને સન ૧૯૮૮ના મોટર વાહન અધિનિયમ અન્વયેની

1. ૨૨-૩-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક-પીટી-૨૦૧૨/૨૨-એમટીએ-૧૨૨૦૧૧-૨૦૪૯-ખ
2. ૨૮-૩-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક-પીટી-૨૪-૨૦૧૨-એમવીડી-૧૦૨૦૧૨-૨૬૭૨-ખ
3. ૨૮-૩-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક-પીટી-૨૦૧૨-૨૫-એમટીએ-૧૨૨૦૧૧-૨૧૫૪-ખ
4. ૧૮-૪-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક-પીટી-૨૦૧૨-૨૯- એમવીડી-૧૦૨૦૧૨-૧૭૮૭-ખ
   વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના

શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની

1. તા. ૧૯-૫-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક-જીઆઇડીસી-એટી.પી.-એલએડબલ્યુ-એએમડી-૨૦
2. તા. ૧૮-૧૨-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક-જીઆઇડીસી-એટી.પી.- એલએડબલ્યુ-એએમડી-૨૦
   વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોત્તરીમાં ૨૫ નંબર, ૫૪ નંબર અને ૮૨ નંબરના પ્રશ્નો પરત ખેંચ્યા છે. એક વખત આવી ગયા પછી..

અધ્યક્ષશ્રી : થઇ શકે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી ગોવિંદભાઇ પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા સેવાને લગતી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૬૨,૨૪,૨૨,૦૦૦ની માગણી ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંકઃ ૨૩**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

શ્રી ગોવિંદભાઇ પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧,૨૩,૦૪,૨૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ.૨૬,૬૦,૪૩,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંકઃ ૭૦**

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧૧,૨૪,૩૨,૯૧,૦૦૦/- ની માગણી ક્રમાંકઃ ૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૭૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૭૧**

પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧૧,૬૬,૯૪,૯૮,૦૦૦/- ની માગણી ક્રમાંકઃ ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૭૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૭ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **સોમવાર, તા. ૧૫-૩-૨૦૧૩ (છઠ્ઠા દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| **અ.નં** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ** | | |
| | | **માગણી નં. ૨૨** | | |
| ૧. | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-પીડીએસ-૬ નાગરિક..<br>કચેરી<br>રૂ. ૪,૩૦,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૨૦ થી ૨૧ | ૧૦૦ | તહેવારોમાં રેશનકાર્ડ ઉપર સમયસર ખાદ્યતેલ પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨. | -- " -- | ૧૦૦ | સંગ્રહખોરશો ઉપર અવારનવાર દરોડાઓ પાડી ગેરકાયદે સંગ્રહ કરેલો માલ જપ્ત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશાભાઇ બારડ |
| ૩. | -- " -- | ૧૦૦ | ગ્રાહકોને રાંધણગેસના સિલિન્ડર નિયમિત રીતે સમયસર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરભુભાઇ વસાવા |
| ૪. | -- " -- | ૧૦૦ | કોમ્પ્યુટરાઇઝડ રેશનીંગ કાર્ડ આપવામાં થતો વિલંબ નિવારવામાં તેમજ અરજદારોને સુધારેલા કાર્ડ મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૫. | -- " -- | ૧૦૦ | રેશનીંગનું અનાજ કાળાબજારમાં વેચાતું અટકાવવામાં અને આવી પ્રવૃત્તિ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૬. | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં રેશનીંગ હેઠળની ચીજવસ્તુઓ મેળવવામાં કાર્ડધારકોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી સી. કે. રાઉલજી |

| | | | | |
|---|---|---|---|---|
| ૭. | ૩૪૫૬–નાગરિક પુરવઠા<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨– ભાવ.... અમલ<br>રૂ. ૧૧,૪૯,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૨૦ થી ૨૧ | ૧૦૦ | ભાવ નિયત્રંણ હુકમનો સખતાઇથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૮. | __ " __ | ૧૦૦ | પેકિંગવાળી ચીજવસ્તુઓના પેકીંગ પર લખેલ કિંમત કરતા ગ્રાહકો પાસેથી વધુકિંમત વસૂલ થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૯. | ૩૪૫૬–નાગરિક પુરવઠા<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–પીડીએસ–૩ ગ્રાહક...<br>ફોરમ<br>રૂ. ૧૦, ૭૫,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૨૪ થી ૨૫ | ૧૦૦ | ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા મેસોનો ઝડણથી નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ બારડ |
| ૧૦.<br>* | __ " __ | ૧૦૦ | સ્ટાફના અભાવે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની વહીવટી કામગીરી ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| ૧૧. | ૩૪૫૬–નાગરિક પુરવઠા<br>૧૯૦–જાહેર ..... સહાય<br>૦૮–ફૂડ હેલ્પ લાઇન<br>રૂ. ૧૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૨૮ | ૧૦૦ | ફડ હેલ્પ લાઇન અંગે લાભાર્થીઓને પૂરતું માર્ગદર્શન આપી તેનો વ્યાપ વધારવામા તંત્રની નિષ્ફળતા. | શ્રી જવાહરભાઇ ચાવડા |

**માગણી નં. ૨૩**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨. | ૨૪૦૮–ખાદ્ય.... વ્યવસ્થા<br>૦૧–ખોરાક<br>૦૦૧અનિદેશ અને વહીવટ<br>૦૧–વ્યાજબી..... કચેરી<br>રૂ. ૧,૧૩,૯૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૭ થી ૮ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં નજીકના સ્થળે વાજબી ભાવની દુકાનો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૩. | __ " __ | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અનિલ જોષીયારા |
| ૧૪. | __ " __ | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોના દુકાનદારોને પૂરતૂં કમિશન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |

**પંચાયતી,ગ્રામ, ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી નં. ૭૦**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫. | ૨૫૧૫–અન્ય..... સેવાઓ<br>૧૦૧–પંચાયતીરાજ<br>રૂ. ૩,૧૦,૧૫,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૫૨ થી ૫૬ | ૧૦૦ | પંચાયતી રાજની સંસ્થાઓમાં રજૂ થતા પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૧૬. | __ " __ | ૧૦૦ | પંચાયતોના વહીવટમાં થતો રાજકીય હસ્તક્ષેપ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઇ ઉંઘાડ |
| ૧૭. | __ " __ | ૧૦૦ | પંચાયત હસ્તકની જમીનો, પંચાયતના ઠરાવની વિરુધ્ધમાં જઇને અન્યોને અપાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૧૮. | __ " __ | ૧૦૦ | પંચાયત હસ્તકની જમીનો ઉપર થયેલા દબાણો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૯. | __ " __ | ૧૦૦ | તલાટી–કમ–મંત્રીની ખાલી પડેલી જગ્યાઓને કારણે વિકાસના કામો ઉપર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૨૦. | ૨૫૧૫–અન્ય..... સેવાઓ<br>૧૦૧–પંચાયતીરાજ<br>રૂ. ૩,૧૦,૧૫,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૫૨ થી ૫૬ | ૧૦૦ | તલાટીઓ ધ્વારા સરકારી રેકર્ડમાં ચેડાં રોકવા અને કસરદારો સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૨૧. | ૨૫૧૫–અન્ય..... કાર્યક્રમો<br>૧૦૨–સમૂહ વિકાસ<br>રૂ. ૧,૧૨,૭૨,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૫૭ થી ૬૩ | ૧૦૦ | ગ્રામ પંચાયતોને સોંપેલા વિકાસના કામો સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૨. | __ " __ | ૧૦૦ | પંચાયતોના મકાનોમાં સરકારી રેકર્ડ સાચવવા જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૨૩. | __ " __ | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુકતની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૨૪. | __ " __ | ૧૦૦ | તલાટી–કમ–મંતીઓને સરકારી ઉત્સવો/કાર્યક્રમોમાં વધારાની કામગીરી સોંતઁપાતા વહીવટી કામગીરી ઉપર પડતી વિપરીત અરસો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છબીલભાઇ પટેલ |
| ૨૫. | __ " __ | ૧૦૦ | ગ્રામ પંચાયતોની આર્થિક સ્થિતિ સુધારવા પૂરતી નાણાકીય ફાળવણી કરવામાં તંત્રનીઉદાસીનતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૬. | __ " __ | ૧૦૦ | તલાટી–કમ–મંત્રીઓને વધારાનો ચાર્જ સોંપવાથી કામગીરીના વધરતા ભારણથી વહીવટ પર થતી અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭. | ૨૫૧૫–અન્ય..... કાર્યક્રમો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૬,૯૭,૫૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૬૫ થી ૬૮ | ૧૦૦ | પંચાયતોની ચૂંટણીમાં સમરસ પંચાયતો બનાવવા કરાતું રાજકીય દબાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રહલાદભાઇ પટેલ |

**માગણી નં. ૭૧**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૨–ભૂમિહીન.... જોગવાઇ<br>રૂ. ૫,૨૩,૩૯,૩૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૧૮ થી ૧૯ | ૧૦૦ | ગ્રામીણ ગરીબો માટે બંધાતા મકાનોના કામ સમયસર પૂર્ણ કરી લક્ષ્યાંકો સિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઇ ખરાડી |
| ૨૯. | __ " __ | ૧૦૦ | ગ્રામીણ ગરીબો માટે બંધાતા મકાનોની ગુણવત્તાની જાળવણીમાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૩૦.<br>* | __ " __ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ભૂમિહીન મજૂરોને ફાળવેલ ઘરથાળની જમીન પર મકાન બાંધવા માટે સત્વરે રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૩૧. | __ " __ | ૧૦૦ | ગરીબ નાબુદી કાર્યક્રમ હેઠળ ઘરથાળના પ્લોટ પર ઘર બાંધવા માટે સરદાર પટેલ આવાસ યોજના હેઠળ અપાતી સહાયની રકમ સમયસર આપવામાં તેમજ સહાયની રકમમાં વધારો કરવામા તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૩૨. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૨–ભૂમિહીન.... જોગવાઇ<br>રૂ. ૫,૨૩,૩૯,૩૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૧૮ થી ૧૯ | ૧૦૦ | સરકાર આવાસ યોજના હેઠળ જે તે વિસ્તારમાં ઘરથાળના પ્લોટો ઝડપથી ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિતભાઇ ચૌધરી |
| ૩૩. | ૨૨૧૬–આવાસન<br>૦૩–ગ્રામ ગૃહ નિર્માણ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૬૧,૯૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૨૨ | ૧૦૦ | ઇન્દિરા આવાસ યોજનાના લક્ષ્યાંકો સમયસર સિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મિતેશભાઇ ગરાસીયા |
| ૩૪. | ૨૫૦૫–ગ્રામીણ રોજગાર<br>૦૨–ખાસ... કાર્યક્રમ<br>૦૧–REM–૩ રાષ્ટ્રીય..<br>યોજના(કે.પુ.યો)<br>રૂ. ૧,૪૩,૧૫,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૪૭ | ૧૦૦ | નેશનલ રોજગાર ગેરંટી યોજના હેઠળ જોબકાર્ડ અપાયેલ હોવા છતાં શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇશ્વરભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૫. | __ " __ | ૧૦૦ | નેશનલ રોજગાર ગેરંટી યોજનામાં વ્યાપક ગેરરીતિની ફરિયાદો અંગે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૩૬. | __ " __ | ૧૦૦ | નેશનલ રોજગાર ગેરંટી યોજના હેઠળ જે શ્રમિકોને કામ પૂરું પાડી શકાયું નથી તેમને રોજગારી ભથ્થું ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| ૩૭. | __ " __ | ૧૦૦ | નેશનલ રોજગાર ગેરંટી યોજના હેઠળ ફાળવવામાં આવતી રકમનો પૂરેપૂરો ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મંગળભાઇ ગાવિત |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્ત ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી, જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે વાતો ભલે ગમે એવી કરતા હોઇએ, ખાતો નથી ખાવા દેતો નથી, પણ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરૂ છું કે ૧૪-૪-૨૦૧૧ના દિવસે અમરેલીમાં ૨૮૮ લોકોને બી.પી.એલ.માં નહોતા છતાં ૨૮૮ લોકોને ૨૧હજાર રૂપિયાનો મકાન બનાવવા માટેનો ચેક આપવામાં આવ્યો. બી.પી.એલ.માં નહોતા છતાં એમને ચેક આપવામાં આવ્યો. વાહવાહ કરવા તત્કાલિન કૃષિમંત્રીશ્રીના હસ્તે આપવામાં આવ્યો અને હજી હવે એને અત્યારે બી.પી.એલ. માં ચડાવવા માટેની કાર્યવાહી કરે છે તો આના માટે આપણે શું કાર્યવાહી કરવા માગીએ છીએ? આપણે ભલે ગમે એવી વાતો કરીએ, ખાતો નથી ખાવા દેતો નથી. આ રેકર્ડ ઉપરનો નમૂનો છે અને મંત્રીશ્રીની હાજરીમાં ૨૮૮ વગર બી.પી.એલ.એ વાહવાહ અને મોભો પાડવા માટે આ કાર્યવાહી કરી અને એના માટે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. આવું જ આંબેડકર આવાસ યોજનામાં ૪૦૦ થી ૫૦૦ મકાનો જેને પોતાના મકાનો હતા, આપણે એમ કહીએ છીએ કે અમે કોઇ વચેટીયાઓ રાખતા નથી પણ વચેટીયાઓ દ્વારા જૂના મકાનો હતા આ મકાનોને નવામાં બતાવીને એને બધાને ચેકો આપ્યા, એની કામગીરી થઇ, એની અહીંયા ફરિયાદ થઇ, રજૂઆત થઇ, અમુક અધિકારીઓને સસ્પેન્ડ કર્યા પણ આજે ચાર વર્ષ થયા છતાં આની રીકવરી કરવામાં આવી નથી, એટલે આ રીકવરી કયારે કરશો?

આ રાજયના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી અમરેલી આવ્યા, અને મુખ્યમંત્રી બોલે એટલે બ્રહ્મવાકય હોય એ પાણી ઉપરના અક્ષરો જેવુ ના હોય, અમરેલી તારીખ ૧-૫-૨૦૦૮એ આવ્યા ત્યારે એમણે એમ જાહેરાત કરી કે હું અમરેલી જિલ્લાને ૭૦૦ કરોડ રૂપિયા અમરેલી જિલ્લાના વિકાસ માટે આપુ છું. પછી જયારે સદ્ભાવનાનો કાર્યકર્મ થયો ત્યારે ૧૧૧૧ કરોડ રૂપિયા માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેર કર્યા. હવે અમારા અમરેલી જિલ્લાના ગામડાંઓ આ ૧૮૧૧ કરોડ રૂપિયા કયારે આવે એની રાહ જોઇને બેઠા છે. મુખ્યમંત્રીએ સદ્ભાવનામાં જાહેરાત કરી પણ કરોળીયો પોતાની જાળમાં જ ફસાઇ જાય, આ જાહેરાતો કરવાની પછી રૂપિયા આપવાના નહીં. પરિસ્થિતિ કેવી? અત્યારે પાણી માટે કાયમ બેડાયુદ્ધ થાય છે. આ માટે માનનીય મંત્રીશ્રી જે માનનીય મુખ્યમંત્રીશ્રી જે બોલ્યા હોય તો એ પાળી બતાવે એના માટે અમારી લાગણી છે. આજની તારીખે ખૂબ પૈસાવાળી સરકાર છે. દીર્ઘદષ્ટિવાળી સરકાર છે, ત્યારે આજે અમરેલી જિલ્લામાં લાઠી તાલુકામાં તલાટી-મંત્રીઓના આજની તારીખે પગાર નથી થયા અને પગાર જયારે રાજયમાં થાય છે ત્યારે બહુ અનિયમિત થાય છે. આપણી પાસે બહુ સારો વહિવટ છે, વહીવટ કુશળતા છે, આપણે પ્રામાણિક છીએ અને છતાં આ રાજયના તલાટી મંત્રીઓની આ હાલત છે.

આ અમરેલી જિલ્લામાં અને આખા રાજયમાં અમરેલી જિલ્લામાં અત્યારે ચાર ટી.ડી.ઓ.ની જગ્યા ખાલી છે. બધું ચાર્જમાં, ઘણા સમયથી જગ્યા ખાલી છે એટલે રાજયમાં તો કેટલી ટી.ડી.ઓ.ની જગ્યા ખાલી હશે. અમરેલીમાં ૩ ડેપ્યુટી ડી.ડી.ઓ.ની જગ્યા છે એમાં એક જ ભરેલી છે અને આ ડેપ્યુટી ડી.ડી.ઓ.ની પાસે ત્રણે ત્રણ વિભાગનો ચાર્જ છે. ડેપ્યુટી ડી.ડી.ઓ. એક કામ કરે •(xxxxxx)(અંતરાય)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

**શ્રી ગણપતભાઇ વે. વસાવા (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) એમ કહેવું યોગ્ય નથી. આ શબ્દો પાછા ખેંચી લેવા જોઇએ.

**અધ્યક્ષશ્રી :** ગાંધીજીની છાપવાળી કહો તો વાંધો નહીં. એ શબ્દો કાઢી નાખું છું. (અંતરાય)

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ :** એમને ખ્યાલ હોવો જોઇએ કે નોટ ઉપર ગાંધીજીની છાપ હોય છે.

**અધ્યક્ષશ્રી :** નોટ ઉપર હોય પણ ભાષા આ વાપરો, ગાંધીજીની છાપવાળી નોટ કહો એ વાંધો નહીં પણ ગાંધીજીનું કહો એ વાત વાજબી નથી.

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ :** બીજાને ભ્રષ્ટ કહીને પોતાને ઇમાનદાર દેખાવું છે અને (xxxxxx) ચીંધતી વખતે અરીસામાં જોવાનું આ સરકાર ભૂલી જાય છે.

**અધ્યક્ષશ્રી :** (xxxxxx) એ શબ્દો કાઢી નાખીએ છીએ.

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ :** આપણને બધાને ખબર છે કે આપણે બ્રેડ ખાઇએ, રોટલી ખાઇએ, બિસ્કીટ ખાઇએ પણ કોરેકોરો લોટ ખવાય ખરો? અમરેલી જિલ્લાના ભા.જ.પ.ના અમુક આગેવાનો ૧૩-૧૩ ખટારા કોરો લોટ ખાઇ ગયા. લોટ કૌભાંડ કરી ગરીબ લોકોના ગળામાંથી, ગરીબ લોકોના પેટમાં જતું આ અનાજ, કેન્દ્રની સહાયથી આવતું અનાજ આ ભા.જ.પ.ના લોકો ખાઇ ગયા ત્યારે મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આ વિભાગના તત્કાલીન પુરવઠા અધિકારી હતા, એના ચીફ હતા એના વિરુદ્ધમાં તમે કોઇ પગલાં લીધાં છે ખરા? કાંઇ લેવા માગો છો કે કેમ? આ કૌભાંડ કાંઇ એકલા થોડું થાય છે? એમાં પુરવઠા વિભાગની કોઇ સંડોવણી છે જ નહીં? આજની તારીખે તત્કાલીન પુરવઠા અધિકારીને અને વિભાગના અધિકારીઓને સારી સારી પોસ્ટ ઉપર મૂક્યા છે. કારણ કે આવડું મોટું કૌભાંડ કરે એવી શક્તિવાળા લોકોની બીજે પણ ક્યાંક જરૂર પડી હોય. આજે કામ કરતી આ સરકાર, ૧૦૦ વર્ષ અગાઉનું જાણે એવી આ સરકાર ચાર-ચાર વર્ષ થયા આ બારકોડેડ કાર્ડ હજુ પૂરા આપી શકી નથી અને જે અપાય છે એમાં ૫૦૦ કાર્ડ અપાય તો માનનીય મંત્રીશ્રી હું ગેરંટી આપું છું કે ૨૫૧ કાર્ડમાં ભૂલ આવે. તમે કઇ રીતની આ સિસ્ટમ દાખલ કરી છે? અત્યારે કોઇને કાર્ડ અલગ કરવું હોય તો ચાર વર્ષથી કાર્ડ અલગ થતા નથી. અમરેલી જિલ્લાના રાંદલ દડવા ગામનો દાખલો માનનીય મંત્રીશ્રીના ધ્યાનમાં આવે એ માટે આપવા માગું છું. ત્યાંનો રેશનિંગની દુકાનવાળો કેરોસીન વધે એટલા માટે ગામમાં કોઇ દીકરીના લગ્ન થાય એટલે દીકરીવાળાના કાર્ડમાંથી દીકરીના નામ ઉપર લીટી મારી દે અને કેરોસીન લેવા આવે એટલે કહે કે તમારી દીકરીના લગ્ન થઇ ગયા. રેશનિંગની દુકાનવાળાને આવા અધિકારો? આની ફરિયાદ અમારી પાસે આવી અને અમે એને વાત કરી ત્યાં સુધીમાં તો એણે ભ્રષ્ટાચાર કરવા, કેરોસીન બતાવવા, ઉપરથી કેરોસીન પૂરૂં આવે પણ ગામના લોકોને દબાવે, દાદાગીરી કરે કે તમારી દીકરીના લગ્ન થઇ ગયા એટલે કેરોસીન નહીં મળે. તો કોઇના દીકરાના લગ્ન થાય તો વહુ આવે તો એનું નામ ઉમેરી આપે છે? આવી પરિસ્થિતિ ચાલે છે અને આની માહિતી જોઇતી હોય તો અમારી પાસે છે.

આ રાજ્યમાં જે અનાજના વિતરણની વ્યવસ્થા છે એમાં અમારા અમરેલી જિલ્લાના અસામાજિક તત્વો, લુખ્ખા તત્વો છે એ દાદાગીરીથી ધરાર ટેન્ડરો લઇ, બીજા લોકોને મારીને અને નટરાજ ટ્રાન્સપોર્ટના માણસો છે એ ટેન્ડરો રાખે છે અને છતા કાંઇ થતું નથી. બાબરા તાલુકાનું ઇશાપુર ગામ છે ત્યાં રાજીવ ગાંધી ભવનનું કામ ચાલુ કર્યું. ત્યાંના સરપંચે આખે આખી પ્લીન્થ કોરી પથ્થરથી બાંધી અને પ્લાસ્ટરનું કામ ચાલુ કરી દીધું અને ફરિયાદ કરી પણ આજની તારીખે પણ એની કોઇ કાર્યવાહી થતી નથી. કોરા પથ્થરો, ભવિષ્યમાં આ બિલ્ડીંગને કાંઇ થાય તો માણસો હોય એની જાનહાનિ થાય એની કોઇ કાળજી લેવામાં આવતી નથી. આ સરકારે ગ્રામ્ય રોજગાર સેવકની નિમણૂંક કરી. બે વર્ષ સુધી આ યુવાનોને ગ્રામીણ રોજગાર સેવકોમાં છેતર્યા અને છૂટા કરી દીધા, વાહ વાહ કરાવી. આ ગ્રામીણ રોજગાર સેવકોને આજની તારીખે પગારો આપ્યો છે ખરો? મોટી વાતો કરવામાં આખા દેશમાં પ્રવચનો કરવામાં, હું ગ્રામ્ય સચિવાલય બનાવું છું, ગ્રામ પંચાયતને ગ્રામ સચિવાલય બતાવો છો અને એમાં હું ગ્રામ મિત્રની ભરતી કરું છું. આ યુવાનોને એક હજાર રૂપિયામાં ૩૦ દિવસ રહેવાનું. આપણે જ્યારે ફંકશનો કરીએ છીએ, સી.એમ. આવશે અને આપણા વાયબ્રન્ટમાં ફંકશન થાય છે. ત્યારે એક થાળીના કેટલા રૂપિયા?

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ અને સુરતની આજુબાજુમાં જે તલાટીઓ છે, આ તલાટીઓ બે-ત્રણ તો પેટાતલાટીઓ રાખે, એના પી.એ. રાખે અને વર્ષોથી ત્યાંને ત્યાં જ છે આવા લોકોને કાયમી અમદાવાદની બાજુમાં હોય એને ધંધૂકા મોકલો કે તમે આખી જિંદગી અહિંયા અમદાવાદ નોકરી કરી છે તો ધંધૂકા રહેવાનું છે. આ કાર્યવાહી થતી નથી. કારણ કે એમાં ઉપરથી નીચે સુધી વહીવટ ચાલે છે. ( સમય સૂચક ઘંટડી )

અધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, ૭/૧૨, ૮–અ માં ૪ વર્ષથી ૭/૧૨, ૮–અ ની અંદર પાણી પત્રકની નોંધ આવતી નથી. બાબરા તાલુકામાં અત્યારે જે ટી.ડી.ઓ. ચાર્જમાં છે એણે બી.પી.એલ.ની અંદર બહુ મોટા ગોટાળા કર્યા છે. જે બી.પી.એલ.માં નહોતા આવતા એ બધાને એમાં સમાવેશ કરીને બી.પી.એલ.ના નિયમમાં નથી આવતા એવા લોકોને બી.પી.એલ.ના મકાન આપ્યાં છે અને ખોટો આંક ઉંચો બતાવવા માટે કાર્યવાહી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૂવા. આ નરેગા યોજનાની નીચે કૂવો જેણે ૭/૧૨ આપ્યાં નથી અરજી કરે મામલતદાર ઓફિસમાં અને કહે કે મારે કૂવો નથી એવું સર્ટિફિકેટ આપો ને. કૂવો કઢાવી નાંખે. કૂવા કઢાવ્યાં પછી નરેગામાં પાછી માગણી કરે અને એના એ કૂવા પાછા ફરીથી ગણાય અને એના પેમેન્ટ ચૂકવાય એમાં અધિકારીઓ સંડોવાયેલા છે એની તપાસ માગી તો એની કાર્યવાહી ચાલતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ, આપણે બહુ સારી કામગીરી કરી તો આપણે બોટાદથી અકોટા કેમ જાવું પડ્યું? ખબર છેને? આપણાં નંબર વન છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોણ કયાં ગયું એ કહેવાની જરૂર નથી. અહીંયા બધા જીતીને આવ્યાં છે. અહીંયા બધા સભ્યો સન્માનનીય જ છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : બહુ સરસ કામ કર્યા છે એટલા માટે કહુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, તમારી કઇ ઓફિસમાં ભ્રષ્ટાચાર નથી થતો અને અમને જાણ કરો એટલે અમે ત્યાં ફૂલહાર લઇને જઇએ. ભ્રષ્ટાચાર બેફામ થાય અને છતાંય આપનું ધ્યાન દોરું છું કે, લોકાયુકતની નિમણૂક થઇ છે એટલે (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી દેવુસિંહ ભાઇ..

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં.૨૩ લઇને આવ્યાં છે એના સમર્થનમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશને સ્વતંત્રતા મળ્યાં પછી આ દેશનો સૌથી મોટો પડકાર એના સાર્વભૌમત્વનો અને સાર્વભૌમત્વ ટકાવી રાખવા માટે કોઇપણ રાષ્ટ્ર હોય એ રાષ્ટ્રે પોતાના દેશને પુરતો ખોરાક આપવો જોઇએ. એ એવોર્ડો મોટો પડકાર હિન્દુસ્તાનની સામે આવીને ઊભો છે. આ દેશના લોકો પાસે પૂરતું ખાવાનું નહોતું ત્યારે આપણે અન્ય દેશો પાસેથી લાલ ઘઉં લાવીને ખાતાં હતાં, રાતડિયો લાવીને ખાતાં હતાં. આ સ્થિતિ આ દેશની હતી. એવોર્ડો મોટો પડકાર હતો ત્યારે આ દેશનો જગતનો તાત, આ દેશના કૃષિ વૈજ્ઞાનિકો અને આ દેશના સમજુ લોકોએ એવા નેતૃત્વમાં વિશ્વાસ મૂકયો. લાલબહાદુર શાસ્ત્રીએ જય જવાન, જય કિસાનનું સૂત્ર આપ્યું અને સમગ્ર દેશ બેઠો થઇ ગયો અને અનાજના ભંડાર ભરી દીધા. એક માત્ર લાલબહાદુર શાસ્ત્રીના કહેવાથી આ દેશના કૃષિ વૈજ્ઞાનિકો અને ખેડૂતોએ અનાજના ભંડાર તો ભરી દીધા હતા. આજે હજારો મણ અનાજ ગોડાઉનોમાં સડે છે ત્યારે આ દેશના વહીવટકર્તાઓને, કેન્દ્ર સરકારના આ વહીવટને જોઇને સુપ્રીમ કોર્ટે ટીકા કરવી પડે છે કે તમારા ગેરવહીવટના કારણે ગરીબ સુધી અનાજ પહોંચતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્થિતિમાં ગુજરાતના લોકલાડીલા આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં અન્નનું ઉત્પાદન પણ એટલું થયું છે. ૨૦૦૧ અને ૨૦૦૨માં ઘઉંનું ઉત્પાદન ૧૦ લાખ મેટ્રિક ટન હતું. આજે ૨૦૧૧–૧૨માં ૪૧ લાખ મેટ્રિક ટન ઘઉંનું ઉત્પાદન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આજે અન્ય ધાન્ય પાકોમાં પણ શ્રેષ્ઠ છે અને દેશમાં પ્રથમ છે. મગફળીના ઉત્પાદનમાં, દિવેલાના ઉત્પાદનમાં, જીરૂના ઉત્પાદનમાં આ તમામ ઉત્પાદનોમાં આજે ગુજરાત મોખરે રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે મારે મારા બાવકુભાઇ જે વાત કરતા હતા કે, વાહ વાહી માટે બી.પી.એલ. કુટુંબમાં ના હોય છતાંય સહાય આપવામાં આવે છે. મારે ત્યારે એમને કહેવું છે કે, આ કોઇ વાહ વાહી માટે કરવામાં આવતું નથી પણ રાજય સરકારની જવાબદારીના ભાગરૂપે બી.પી.એલ. પરિવારોને સહાય આપવામાં આવે છે. બી.પી.એલ. પરિવાર, કુટુંબોની યાદી, કેન્દ્ર સરકારે આપણી માત્ર ૨૧.૨૦ લાખ મંજૂર કરી છે, એ કુટુંબો માત્ર ૨૧.૨૦ લાખ એ કહે છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૩૨ લાખ પરિવારો આજે બી.પી.એલ. છે અને એવા ૩૨ લાખ પરિવારોને ગુજરાત સરકાર પોતાની તિજોરીમાંથી સહાય આપે છે. વધારાના ૧૧ લાખ પરિવારોને ગુજરાત સરકાર સહાય આપે છે અને ૧૪૫ કરોડ રૂપિયાની સબસિડી આ ગરીબ પરિવારોને ગુજરાત આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માટે તો બી.પી.એલ. એ માત્ર અંગ્રેજીના ત્રણ શબ્દો હશે પણ બી.પી.એલ. એ નથી. આપણે જો સાચા અર્થમાં બી.પી.એલ.ને સમજવું હશે તો કોઇ લાચાર, ગરીબની સ્થિતિને સમજવી પડશે. આપણા માટે તો બી.પી.એલ. એટલે, વૈજ્ઞાનિક રીતે તો એવું કહેવામાં આવે છે કે, જે પુરુષને ૨,૨૦૦ કેલેરી

ખરીદવાની હોય પોતાના શરીર માટે અને જે સ્ત્રીને ૨,૦૦૦ કેલેરી ખરીદવાની હોય એ ખરીદવા માટે જે પૈસાની જરૂર હોય રોજની એ બી.પી.એલ. કહેવાય. અને સરકારના આંકડા મુજબ તો ગ્રામીણમાં ૨૯ રૂપિયા જેની રોજની આવક હોય એને આપણે બી.પી.એલ. કહીએ, શહેરમાં ૩૧ રૂપિયા જેની રોજની આવક હોય એને આપણે બી.પી.એલ. કહીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ મોંઘવારીના સમયે ૨૯ રૂપિયા રોજનું કમાતો હોય એ ગરીબ પરિવારને કેવી રીતે પોસાય? ત્યારે આપણે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને, આપણે આપણી જવાબદારી સમજીને, આ સન્માનનીય ગૃહમાં બેઠા છીએ ત્યારે એવા કાયદાઓ અને એવી વ્યવસ્થા ઉભી કરવી પડશે કે, છેવાડે બેઠેલા ગરીબને આપણે અનાજ પહોંચાડી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ગરીબ એ ફેસલેસ હોય છે. આ ગરીબ પરિવારો એવા છે કે, જેનો કોઇ ચહેરો નથી. આ ગરીબ પરિવારો એવો છે કે, એ ક્યારેય આંદોલન કરી શકતા નથી. આ ગરીબ પરિવારો એવા છે કે, જેના કોઇ મતની પણ ગણતરી થતી નથી. એ ગરીબ પરિવારની ચિંતા કરવા આપણે સૌ અહીંયા એકઠા થયા છીએ ત્યારે પક્ષાપક્ષી અને વાહ વાહીની વાતો કર્યા સિવાય આપણી જવાબદારી આવે છે કે, આ ગરીબ પરિવારને આપણે મદદ કરવી જોઇએ અને માટે ગુજરાત સરકાર એની જવાબદારી નિભાવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર એક માતા હોય કે પિતા હોય, એના ઘરમાં ત્રણ-ચાર સંતાનો હોય અને આવી ગરીબીમાં એને કેવી રીતે પૂરું કરવું પડે, એને બે ટંકનું અન્ન ના આપી શકતો હોય એ પિતાની કલ્પના આપણે કરવી પડે. એ માતાને આપણે યાદ કરવી પડે એ માતા પોતાના બાળકોને પૂરતું અનાજ ના આપી શકતી હોય. અરે, પોતે કદાચ લોટને પાણી બનાવીને દૂધ સમજાવીને બાળકને જયારે પીવડાવતી હોય ત્યારે એની લાચારી સમજવી પડશે. આ લાચારી સમજવી એટલા માટે જરૂરી છે કે, " ભૂભૂક્ષિતો કિમ્ ન કરોતી પાપંમ્ ". (સમય સૂચક ઘંટડી) ત્યારે ભૂખ્યો માણસ હોય ત્યારે એ શું પાપ ના કરે ? ભૂખ્યો માણસ અસામાજિક પ્રવૃત્તિઓમાં પણ જોડાય અને ભૂખ્યો માણસ વ્યસન પણ કરે અને આજે જયારે આપણે એની ચિંતા કરવા બેઠા છીએ ત્યારે હું કોઇ પક્ષાપક્ષીની વાત કર્યા સિવાય, હું તમને સૌને, ગૃહને વિનંતી કરવા માગુ છું કે, આપણે બી.પી.એલ. પરિવારોની ચિંતા કરીએ. જે કેન્દ્ર સરકારની જવાબદારી આવે છે, જે કેન્દ્ર સરકારે આ બી.પી.એલ. પરિવારોને મંજૂરી આપવી જઇએ એના બદલે જયારે આ ગુજરાત સરકાર જવાબદારી નિભાવતી હોય ત્યારે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આપણે સૌએ અભિનંદન આપવા જોઇએ કે એક માત્ર સંવેદનશીલ, લાગણીશીલ મુખ્યમંત્રી આપણી પાસે છે કે, જે આ ગરીબ પરિવારોની ચિંતા કરે છે, સીધી રાહત એના હાથમાં પહોંચે, એટલે વચેટિયાઓને દૂર કરવા માટે ગરીબ કલ્યાણ મેળાઓ લાવ્યા છે અને બાર કોડેડ રેશનકાર્ડ પણ એનો એક ભાગ છે.આ બાર કોડેડ રેશનકાર્ડથી વચ્ચેના ઉંદર લોકો ગોડાઉનમાંથી જે અનાજ ખાઇ જતા હતા, એ ઉંદરને દૂર કરવાનું કામ નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. હું આ માગણીને સમર્થન આપું છું.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી**(**માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે પ્રથમવાર આ ગૃહમાં બોલવાનો મોકો મળ્યો છે, ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે. માગણી નં.૭૦-૭૧ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

પૂજ્ય મહાત્મા ગાંધીનું સ્વપ્ન હતું. ગ્રામ સ્વરાજનું. ગામનો વિકાસ ગામો દ્વારા અને વહીવટ પણ ગામો દ્વારા જ થાય. સ્વ. બળવંતરાય મહેતાએ પંચાયતી રાજને એ વખતે ગુજરાતમાં અમલમાં મૂક્યુ હતું. એનાથી પ્રેરાઇને માનનીય સ્વ.રાજીવ ગાંધીએ આને બંધારણીય હક્કો સુધારા વધારા સાથે આપ્યા. એ પણ ૩૩ ટકા મહિલા અનામત સાથે. આ એ જ સ્વ. રાજીવ ગાંધી છે કે જેમણે આપણા દેશ માટે બલિદાન આપ્યું હતું. આપ જેને બાબો બાબો કરો છો ને એ એમના પિતાશ્રી છે. સ્વ. રાજીવ ગાંધી. જેમણે ૩૩ ટકા જેટલી અનામત પંચાયતી રાજમાં આપી. ઘણી બધી સંસ્થામાં એનું અનુકરણ થઇ ગયું છે.(અંતરાય) હવે બાબો સમજી જાવ. તમે બાબો બાબો કરો છો. ઈ-ગ્રામ યોજના ૨૦૧૨-૧૩ માં ૯૦ કરોડની એમાં નાણાકીય જોગવાઇ કરી હતી. એમાંથી ફક્ત ૨૫ કરોડનો જ ખર્ચ કરવામાં આવ્યો હતો. ઇન્ટરનેટ કનેક્ટિવિટી સમયસર મળતી નથી. એના કારણે આ યોજનામાં કમ્પ્યૂટર ગામે ગામ આપવામાં આવ્યા છે, જે વપરાયા વીનાના ધૂળ ખાઇને પડ્યા રહ્યા છે. ઓપરેટ કરવા માટે માણસની પણ વ્યવસ્થા કરવામાં આવેલ નથી. એના માટે આ વખતે લગભગ પચ્ચીસેક કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સર્વેક્ષણ અને અભ્યાસ. ગઇ વખતે ૯૪ કરોડની જોગવાઇ હતી. આ વખતે ફક્ત ને ફક્ત ૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરકાર એમ કહે છે કે અમારા કર્મચારીઓને અમારે કર્મયોગી બનાવવા છે. આ કાપ મુકવામાં આવ્યો છે, તે ખરેખર કર્મયોગી બનાવવા માટે છે?

ગરીબ કલ્યાણ મેળો સમગ્ર રાજયમાંથી લાભાર્થીઓને સરકારી યોજનાનો લાભ એક જ જગ્યાએથી મળી રહે એ આશયથી ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવતા હતા. ગઇ વખતે ૯૪ કરોડની જોગવાઇ સામે આ વખતે એમાં ઘટાડો કરીને ૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જે ખરેખર ગરીબોને મળનાર સહાયમાં ઘણો ઘટાડો છે. રાજ્યમાં હાલ લગભગ ૧૩,૦૦૦ કરતા વધારે ગ્રામ પંચાયતો છે. તે પંચાયતો એ પંચાયતી રાજનો પાયો છે. ત્યાં જે પંચાયત ઘર અને તલાટી મંત્રીશ્રીઓનાં મકાનોનું નિર્માણ કરવામાં આવે છે, એમાં પણ ફકતને ફકત ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શું એ ઇનફ છે? ૧૩,૬૧૭ જેટલી ગ્રામ પંચાયતોમાં ગ્રામ પંચાયત ઘર અને તલાટી મંત્રીશ્રીઓનાં ઘરો બનાવવા માટે ફક્ત ૧૦ કરોડ. ગઇ વખતે બજેટમાં જોગવાઇ કરી હતી, તેમાં ખર્ચો ઝીરો કર્યો હતો. આ સરકારની નીતિ? વાત કરીએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની. એમાં વહીવટી તંત્રને સંગીન બનાવવા માટે મકાન બનાવવા માટે ફર્નીચરની જોગવાઇઓ, કમિટી રૂમ બનાવવા માટે, અધિકારીનાં મકાન બનાવવા માટે ૨૨.૯૫ કરોડ રૂપિયાની જોગવાઇ આ વખતે કરી હતી. મારે કહેવું છે કે આ સભાગૃહમાં સૌથી ઊંચી હાઇટ ધરાવતા એવા સભ્ય મોહનભાઇ કુંડારીયા કે તેમણે એવું કહ્યું હતું જિલ્લા અને તાલુકાવાળા જુદા કરવા વાળા કરીને જતા રહ્યા અને મકાનો અમારે બનાવવાનાં છે. અરે એ તો તાકાત જોઇએ. જિલ્લા અને તાલુકા જુદા પાડવા માટે છત્રીસની છાતી જોઇએ. એ માનનીય શંકરસિંહ વાઘેલાએ કર્યુ હતું. અમે વાયદાઓ નથી કરતા, પરંતુ કહીને તરત એનું અમલીકરણ કરાવડાવીએ છીએ. તમે જે વાત કરી હતી.(અંતરાય) નીતિનભાઇ સાંભળો. એ જે મકાન બનાવવાની વાત કરતા હતા, તે અમારી ગાંધીનગરની જિલ્લા પંચાયતે છેલ્લાં ૧૫-૧૫ વર્ષથી એક જગ્યા માટે અરજી કરેલી છે, તે એક સામાન્ય પ્લોટ આપ આપી શકતા નથી. પ્લોટ આપો તો મકાન તો અમે અમારા સ્વ ભંડોળમાંથી બનાવી દઇશું. તાલુકા પંચાયતના મકાનમાં અમારે જિલ્લા પંચાયત ચલાવવી પડે છે. એ તો શંકરસિંહ વાઘેલાની સરકાર હતી કે જેમણે પંચાયતના વોટર વર્કસના બિલો માફ કર્યા હતા. અત્યારે અંધારપટ છે. સ્ટ્રીટ લાઇટના બિલો માફ કરી દો. પંચાયતોને સગવડ આપો. આજે મહિલા સરપંચ હોય તે કઇ રીતે વેરો ઉઘરાવવા નીકળી શકે?માનનીય અધ્યક્ષશ્રી, એમને મદદ કરો, નિભાવ ખર્ચ આપો. દસ-દસ હજાર રૂપિયા સરપંચોને નિભાવ ખર્ચ આપવામાં આવે છે તે યોગ્ય છે? દસ હજાર રૂપિયા ઇનફ છે. આપો ૧-૧ લાખ રૂપિયા. અમે તમને સમર્થન આપીશું, તૈયાર છીએ અમે સમર્થન આપવા.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩મા નાણાં પંચની જે ગ્રાન્ટ આવે છે તે ત્રણ સ્તરમાં વહેંચાય છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામસભા. તાલુકા અને જિલ્લા પંચાયતના ૧૫-૧૫ ટકા અને ૭૦ ટકા ગ્રામ પંચાયતોને સીધી આપવામાં આવે છે. તેની સામે આપણી એટીવીટી. અભિનંદન સરકારને કે બહુ સારી યોજના લાવ્યા. આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો. આ યોજનામાં જે તાલુકા કમિટીઓ તાલુકા કક્ષાએ બનાવવામાં આવે છે તેમાં પ્રાંત અધિકારી તેના અધ્યક્ષ હોય છે. તેના સિવાય બીજા ત્રણ સભ્યોની નિમણૂક સરકાર દ્વારા કરવામાં આવતી હોય છે. તે લગભગ સરકાર પક્ષના હોય છે. માનનીય તેજશ્રીબેને કહ્યું કે ઇંગ્લીશમાં developing without discrimination. આ ત્રણ જે સભ્યો મૂકવામાં આવે છે તે માત્રને માત્ર ડિસ્ક્રીમીનેશન જ કર્યા કરે છે. આ જે યોજના આવી તેના કારણે જે લોકોએ ચૂંટેલા તાલુકાના કે જિલ્લાના સદસ્યો હોય કે ગ્રામ પંચાયતનો સરપંચ હોય છે તેને જે સત્તાઓ આપી છે તેના ઉપર તરાપ મારી છે. તેને ફકત ને ફકત અધિકારીઓને તાબે થઇને કામ કરવાનો વારો આવ્યો છે.

તેનાથી આગળ વાત કરીએ તો બી.આર.જી.એસ. ક્ષેત્રીય અસમાનતા જે તે વિસ્તારોમાં હોય તેવા વિસ્તારોમાં આ યોજનાનો લાભ મળે છે. આપણા ગુજરાતના લગભગ છ જેટલા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાં કેન્દ્ર સરકાર જે ગ્રાન્ટ આપે છે તેમાં લગભગ ૪૦ થી ૫૦ ટકા જેટલી ગ્રાન્ટ વપરાતી નથી. આ પછાત વિસ્તારોમાં શું આપણે વિકાસ કરવા માગતા નથી? જો માગતા હોય તો તેનું અમલીકરણ કેમ કરવામાં આવતું નથી. સરદાર આવાસ યોજના. ગર્વની વાત છે કે સરદાર પટેલના નામે આ યોજના ચાલે છે. ઇન્દિરા આવાસ યોજના, the power woman of India, full of power, full of energy. તેના નામે આ યોજના ચાલે છે. છેલ્લા કેટલાય વર્ષોમાં આ યોજનાઓનું અમલીકરણ થતું નથી. આ યોજનાનું મુખ્ય કારણ હોય તો જમીન. ગામતળમાં જ્યાં જગ્યા ન હોય ત્યાં ગૌચરની જમીન નીમ કરતા નથી. આ બે યોજનાઓ સિવાય ત્યાં આંગણવાડી, પી.એચ.સી., સી.એસ.સી. શાળાઓ બનાવવી હોય તો તે પણ બનાવી શકતા નથી. મોટા પ્રશ્નો ગામતળના એટલા બધા થઇ ગયા છે અને તેમાં વાત કરું તો લેન્ડ કમિટી જે બેસતી હતી તે પણ હવે બેસતી નથી. તે બંધ કરી દીધી. પંચાયત કાઉન્સિલની જે મિટીંગો મળતી હતી તે પણ ૨૦૦૮થી બંધ કરી દીધી. આપણા ગામતળના પ્લોટોની વાત કરીએ તો ઇન્દિરા આવાસ યોજના હોય કે સરદાર આવાસ યોજના હોય તેમાં ગરીબ કુટુંબો માત્ર લાભ લેતા હોય છે. જે ગામમાં સમૃદ્ધ વસ્તી રહેતી હોય તેને ગાળાની જરૂરિયાત ઉભી થાય છે

તે લોકો પૂરેપૂરા પૈસા ચૂકવવા માગતા હોય છે, જંત્રી પ્રમાણે ચૂકવવા માગતા હોય છે પણ ત્યાં જમીનો અવેલેબલ હોતી નથી. ગ્રામ પંચાયતો દ્વારા આવી હરાજી કરીને આવા પ્લોટ ફાળવવામાં આવતા નથી. જે રીતે આ સરકારે પંચાયતી રાજની કલ્પના કરી છે, આ લોકાયુકત.....

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણી ક્રમાંકઃ ૨૨ અને ૨૩ જે લઇને આવ્યા છે તેને અનુમોદન આપી મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી કેવળ વાતો નહીં, વચનો નહીં પણ ગુજરાતની છ કરોડ પ્રજાને રોટી, કપડા અને મકાન આપવાની દિશામાં આગળ વધી રહ્યા છે. તેને છ કરોડ લોકોએ સ્વીકારી તેનું પરિણામ પણ સતત ચોથી વખત મુખ્યમંત્રી બનવા માટે આપેલ છે. તે પરિણામના ભાગરૂપે આજે આદરણીય મુખ્યમંત્રીશ્રી ગુજરાત નહીં પણ સમગ્ર દેશની આશાનું કિરણ બન્યા છે. આપણા મુખ્યમંત્રીશ્રીએ ગરીબની થાળીમાં ઠાકોરજીના દર્શન કરાવ્યા છે. નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ગરીબની થાળીમાં ઠાકોરજીના દર્શન કરાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયની વાત કરીએ તો ગરીબ માણસ સવારે કદાચ ભૂખ્યો ઉઠ્યો હોય પણ રાત્રે ભૂખ્યો સૂતો નથી તેની ચિંતા અને ચિંતન જો કોઇએ કર્યું હોય તો આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને નાગરિક પુરવઠા વિભાગે કર્યું છે અને એના માટે અંદાજે ૪૭૬ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની જોગવાઇ પણ આ વિભાગે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય સભ્યશ્રી દેવુસિંહભાઇ બીપીએલ કાર્ડની વાત કરતા હતા. આ રાજયના સાડા ચાલીસ લાખ કુટુંબોને સસ્તા ભાવે કાર્ડ દીઠ તેર કિલો ઘઉં બે રૂપિયે, સ્પેશિયલ ઘઉં ૫ રૂપિયા ૪૦ પૈસે, ત્રણ કિલો ચોખા ત્રણ રૂપિયે અને આઠ કિલો સ્પેશિયલ ચોખા સાત રૂપિયે આપવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સાડા સાત લાખ બીપીએલ કરતાં અંત્યોદયની વાત કરીએ તો અતિઅંત્યોદય એવા સાડા સાત લાખ કુટુંબોને માત્ર બે રૂપિયે અને માત્ર ત્રણ રૂપિયે ૧૯ કિલો ઘઉં અને ૧૬ કિલો ચોખા આપવાનું કામ આ રાજય સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરતો હતો કે, દીનદયાળ ગ્રાહક સહકારી મંડળીના સ્ટોર ઉપર ભૂતકાળમાં અનાજના ગોડાઉનમાંથી અનાજ નીકળે અને એ નીકળે ત્યારે રસ્તામાં એને કોઇક ખાઇ જાય, ક્યાંક ઓછું આવે, એને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો થાય આ બધી વાત જોઇને આ રાજય સરકારે આખા દેશની અંદર પહેલીવાર ડોરસ્ટેપ યોજના કરીને રાજય સરકાર પોતે અનાજનું વિતરણ દુકાનદાર સુધી જાતે કરે અને જેમાં ભ્રષ્ટાચાર ના થાય એવું જોવાની જવાબદારી આ રાજય સરકારે સ્વીકારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તહેવારો આવે ત્યારે ખાંડ હોય, તેલ હોય એની બૂમ પડે ત્યારે એવા સંજોગોની અંદર લેવી ખાંડની અંદર પણ માત્ર સાડા તેર રૂપિયા- ચૌદ રૂપિયાના ભાવે આ રાજયની સરકારે ખાંડ આપવાનું કામ કર્યું છે. તેલની અછત જુન, જુલાઇ મહિનો થાય, મગફળીની આવક બંધ થાય, પીલાણ બંધ થાય ત્યારે અછત સર્જાય એવા સંજોગોની અંદર જયારે પીલાણ બંધ થાય, ભાવ વધતા જાય એની સામે ૨૦૦૦૦ મેટ્રીકટન તેલનો બફરસ્ટોક ઉભો કરીને ૪૫ રૂપિયાના ભાવની અંદર તહેવારોની અંદર, મહોરમ હોય, ઇદ હોય, જન્માષ્ટમી હોય, દિવાળી હોય એવા તહેવારોમાં તેલ આપવાનું કામ આ રાજયના નાગરિક પુરવઠા વિભાગે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેરોસીનની વાત કરીએ તો, કેરોસીન કંઇ આપણા રાજયમાં બનતું નથી. કેરોસીન આપવાનું કામ, એનો ક્વોટા ફાળવવાનું કામ એ કેન્દ્ર સરકારનું છે. કેન્દ્ર સરકારે ગયા વર્ષ સુધી ૭૦૦૦૦ કિલોલીટર જેટલું કેરોસીન આ રાજયને ફાળવતું હતું પણ છેલ્લા આ શાસનની અંદર અનેક થપ્પડો જે ગુજરાતની પ્રજાને આપવાનું આ કેન્દ્રની સરકારે કર્યું હોય એમાં કેરોસીન ગરીબના ઘરની અંદર ચૂલો સળગતો બંધ કરવાનું કામ પણ આ કોંગ્રેસની કેન્દ્રની સરકારે કર્યું અને એ ૭૦૦૦૦ કિલોલીટર કેરોસીનમાંથી કાપ મૂકીને માત્ર ૫૪-૫૫ હજાર કિલો લીટર આપવાનું, આ કાપ મૂક્યો, ગુજરાતની જનતાએ આ ચોટનો જવાબ ૧૭મી અને ૧૩મી ડીસેમ્બરે વોટથી આપી દીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં એક નવી યોજના શરૂ થઇ હતી, એ દિવસોની અંદર એ યોજના સારી હશે, મધ્યાહ્ન ભોજન યોજના, મને ખબર ન પડી એટલે એક જણાને મેં પૂછ્યું, કે આ મધ્યાહ્ન ભોજન યોજના એટલે શું? મને એ કહે કે તમને ખબર નથી પણ એ યોજના એટલે ધોળે દહાડે ખાવાની યોજના હતી. કોને ખાવાનું, કેટલું ખાવાનું, ક્યાં ખાવાનું, શું ખાવાનું? જેને જે ખાવું હોય એ આ ધોળેદહાડે ખાવાની યોજના આ રાજય સરકારે આવ્યા પછી એ મધ્યાહ્ન યોજના કે જે ધોળેદહાડે ખાવાની યોજના જે આખા ગુજરાતની અંદર પ્રચલિત બની હતી એ યોજના

બંધ ના કરી પણ આ રાજય સરકારે તેમાં પરિવર્તન લાવી અને એ પરિવર્તન એવું લાવ્યા કે, ગરીબના ઘરનો બાળક સ્કૂલે ભણવા જાય, પછાત વિસ્તારની અંદર કન્યા ભણવા જાય એકથી પાંચ ધોરણ કે એકથી સાત ધોરણમાં તો એના બાળકને અનાજ અને ઘઉં – કઠોળ આપવાનું કામ આ મધ્યાહ્ન ભોજન યોજના દ્વારા આ રાજય સરકારે કર્યું છે અને આટલેથી અટકી નહીં પણ સગર્ભા સ્ત્રીઓને ફોર્ટીફાઇડ આટો આપવાનો અને કુપોષણનું તત્વ ઘટાડવા માટે બાળભોગ અને ન્યુટ્રીશનની ચોકલેટ આપવાનું કામ પણ આ રાજય સરકાર કર્યું છે અને કુપોષણ ઘટાડવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. મારે કહેવું પડે કે ગુજરાતના છેવાડાના ગામની અંદર જ્યાં દુકાનો ન હોય ત્યાં પેટ્રોલના પંપ દ્વારા કે ગેસ દ્વારા વિતરણનું કામ પણ આ રાજય સરકારે કર્યું છે.

છેલ્લા દસ વરસથી ગુજરાતમાં એક ફિલ્મ ઉતરી રહી હતી, ૫૬ એકટર અને ૫૬ ડિરેકટરો ભેગા થઇ અને એક ફિલ્મ બનાવી રહ્યા હતા અને એનું ટ્રેલર દર દસ મિનિટે ટીવીમાં આવતું હતું કે "દશા બદલો દિશા બદલો." એ દશા બદલોને દિશા બદલોની જે ફિલ્મ ઉતારી રહ્યા હતા ત્યારે મારે આજે કહેવું પડે છે કે ગુજરાતના એક એકટર અને એક ડિરેકટરે થ્રી ડી ના માધ્યમથી એક જગ્યાએથી ૫૬ સભાઓ સંબોધી અને જે પરિણામ આપ્યુ એને દેશે સ્વીકાર્યું અને વર્લ્ડના ગીનીસ બૂકે પણ સ્વીકાર કર્યો છે. જયારે આવી વાત લઇને નાગરિક પુરવઠા વિભાગ આવ્યો હોય અને માનનીય નાણામંત્રીશ્રી જયારે માગણીઓ લઇને આવ્યા હોય ત્યારે મારે એમ કહેવું પડે છે કે તમારી કાપ દરખાસ્ત પાછી ખેંચી લેવી જોઇએ. પેટ્રોલ પંપો કે ગેસની સીલીન્ડરે એક એક લાખની જે માનનીય અમીતભાઇ વાત કરતા હતા અને રાહુલ ગાંધીની વાત કરતા હતા ગરીબના ઘરના ખાટલે બેસવાથી કોઇ વોટ મળતા નથી, વોટ લેવા માટે ગરીબની વેદના સમજવી પડે, એની વેદનાને વાચા આપવી પડે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ગરીબોના દુઃખની વાત કરવા, ગરીબ લોકોને અન્યાય કર્યો અને કેવી રીતે કયાં કયાં અન્યાય કર્યો છે તેની વાત કરવા ઉભો થયો છું. ૧૯૫૨થી ૨૦૦૨ સુધી ગરીબોની કોઇ યોજના હોય અને એનો કોઇ લાભ લેવો હોય તો ફકત એક આવકનો દાખલો આપવાના કારણે લાભ મળી જતો હતો. આ દાખલો ગામડાંના સરપંચથી માંડીને એક એમ.પી.નો દાખલો પણ ચાલે અને તલાટી મંત્રીથી કલેકટરશ્રીનો દાખલો હોય તો કામ ચાલી જતું હતું. પણ કેન્દ્રમાં એક એવી સરકાર આવી કે જે સરકારને ગરીબો ગમતા ન હતા જેને કારણે ગરીબોની યોજનામાં પાયેથી ફેરફાર કર્યો અને એવો ફેરફાર કર્યો કે એણે એક લિસ્ટ બનાવવાનું ચાલુ કરી દીધું આ લિસ્ટ ૧–૪–૨૦૦૦માં જાહેર થયું અને આ લિસ્ટની અમલવારી ૧–૪–૨૦૦૨થી ચાલુ થઇ આ સરકાર એન.ડી.એ.ની સરકાર હતી. જેણે લિસ્ટમાં પાયેથી ફેરફાર કર્યો હતો અને આ લિસ્ટ બનાવવા માટે ૧૯૯૯માં કોન્ટ્રેકટ આપવામાં આવ્યો હતો એ કોન્ટ્રેકટના આધારે જે કોન્ટ્રેકટરના માણસો હતા એ જયારે સરવે કરવા ગયા ત્યારે કોઇ ગામડાંમાં સરપંચની ઘરે બેઠાં, કોઇ શહેરમાં કોરપોરેટરની ઘરે બેઠાં તો વળી કોઇ ટીચરની ઘરે બેઠાં અને એણે સરવે કર્યો જેને કારણે આખો સરવે ભૂલવાળો સરવે થયો. આ લિસ્ટની અમલવારી જયારે ૨૦૦૨માં ચાલુ થઇ તો આ લિસ્ટમાં સુધારો કરવાનો અધિકાર દરેક ગામડાંમાં ગ્રામ સભાને સોંપવામાં આવ્યો હતો. ગામડાંમાં એવું બન્યું કે જે ગામમાં કોઇ ગરીબ સરપંચને ગમતો ન હતો અથવા રાજકીય વાંધો હતો એનું નામ કાઢી નાંખ્યું અને પોતાના સગાનું નામ લખી લીધું જેને કારણે આ લિસ્ટમાં ૮૦ વીઘાનો ખેડૂત હોય કે બે ટ્રેકટરનો માલિક હોય તે આ લિસ્ટમાં આવી ગયો. પછી બન્યું એવું કે સરકારી ડિપાર્ટમેન્ટે સૂચના આપી, સૂચના એવી હતી કે આ લિસ્ટમાં એક પણ નામ વધારવું નથી. આની અમલવારી જયારે ચાલુ થઇ ત્યારે કોઇ બાપ જાય કે મારો દીકરો નોખો થવાનો છે એનું અલગ કાર્ડ કાઢી આપો તો કાર્ડ કાઢવાની મનાઇ કરવામાં આવી હતી. હવે સાહેબ, ગરીબનો દીકરો ગરીબ હોય એને કાંઇ આપ્યા વગર આપણે સીધો કાગળ ઉપર સુખી કરી દીધો.

સરકારી ડિપાર્ટમેન્ટે સૂચના બીજી એવી આપી હતી કે, આ લિસ્ટમાં દર વરસે દસ ટકા ઘટાડો કરવાનો છે. એનું કારણ એવું આપ્યું હતું કે કાગળ ઉપર આપણે વિકાસ બતાવવો છે. વિકાસ બતાવવો હોય કાગળ ઉપર તો ગરીબોની સંખ્યા આપણે ઓછી કરવી પડે કાં તો આપણે સુખી કરવા પડે અને સુખીનું લિસ્ટ મોટું કરવું પડે એના માટે સરકારે ટૂંકો રસ્તો લીધો અને રસ્તો એવો લીધો કે બી.પી.એલ.માં રહેલા લિસ્ટમાં જે નામો છેતે નામ વરસે ઓછાં કરવામાં માંડો, ૨૦૦૨માં જે ગામડાંમાં પચાસ પચાસ નામો ગરીબોના હતા ત્યાં અત્યારે ફક્ત પાંચ પાંચ રહી ગયા છે, જે મેં વાત કરી ગામડાંઓની, આવી વાત શહેરમાં પણ બની, ૨૦૦૬માં સરકારમાં રજૂઆત થઇ હતી કે શહેરોમાં બી.પી.એલ. માં લિસ્ટ વધારવું પડે તેમ છે અને આ લિસ્ટ વધારીએ તો જ ૨૦૦૭માં આપણને મત મળે તેમ છે, જેને કારણે સરકારે અહીંયાથી ડૂપ્લીકેટ બી.પી.એલ. કાર્ડ ઇસ્યુ કર્યા હતા, ડૂપ્લીકેટ એટલે કહું છું કે ૨૦૦૭માં શહેરી વિસ્તારમાં જેનું નામ બી.પી.એલ. માં ઉમેરવામાં આવ્યું હતું એકપણ જગ્યાએ ત્યાં ઓફિશિયલ તે નામ

ઉમેરવામાં આવેલું જ નથી. જેને કારણે ૨૦૦૭માં જે કાર્ડ ઇસ્યુ થયાં હતા તે તમામ ડૂપ્લીકેટ થયાં હતા, શૈલેષભાઇ બે દિવસ પહેલાં કહેતા હતા કે આ લિસ્ટમાં નામ છે પણ અમલવારી નથી થતી, એ થઇ નથી શકતી. ૨૦૦૭માં શહેરી વિસ્તારમાં જે માણસોને આપ્યા હતા તે તમામ ડૂપ્લીકેટ જ હતા.

જે મેં આ ગામડાંની વાત કરી એમ પુરવઠા વિભાગમાં બે યોજનાઓ ચાલે છે. બી.પી.એલ. અને અંત્યોદયની, આ બે યોજનાઓ જે ચાલે છે તેમાં ગરીબોને રેશન આપતા હોઇએ છીએ એમાં બન્યું છે કે એવું કે આ બન્ને વિભાગ ગ્રામ વિકાસ અને પુરવઠા વિભાગ બન્ને અલગ અલગ છે જેને કારણે ધીરે ધીરે બન્નેના લિસ્ટ અલગ થઇ ગયા છે, બની એવું ગયું છે કે કોઇને અનાજ મળતું હોય પણ સરકારી યોજનાનો લાભ નથી મળતો, સરકારી યોજનાનો લાભ મળતો હોય તો એને યોજનાઓનો લાભ નથી મળતો, કારણકે બન્ને લિસ્ટ સંપૂર્ણપણે અલગ છે અને તકલીફ અમને એવી પડે છે કે આ વહીવટી ભૂલના કારણે પ્રજાના પ્રતિનિધિઓ પાસે માણસો આવતા હોય છે કે સાહેબ મને અનાજ મળે છે પણ યોજનાનો લાભ નથી મળતો, વહીવટી ભૂલ તમારી અને જવાબ અમારે આપવા પડે. હમણાં ભાઇ કહેતા હતા કે આમ તો આ કેન્દ્ર સરકારનું છે. Implementation of law in proper way is more important than the law itself. ડો. બાબાસાહેબ આંબેડકરે જે બંધારણ રજૂ કર્યું હતું લોકસભામાં ત્યારે પણ કહ્યું હતું કે આ શ્રેષ્ઠ બંધારણ છે પણ બંધારણનો ઉપયોગ જો વાજબી કરવામાં આવશે, ઇમ્પ્લીમેન્ટેશન જો વાજબી થશે તો જ પ્રજાને ફાયદો મળવાનો છે, સરવે કરવા માણસો જ્યારે આપણે મોકલીએ છીએ તે માણસો ગામડાંમાં કે શહેરમાં સરવે કરવા જાય તો એક ગરીબના ઘરમાં એને પંખો દેખાય છે એનું નામ કાઢી નાંખે છે પણ સુખીના ઘરમાં એ.સી. હોય તો એ દેખાતું નથી. આ સરવે કરવાવાળા માણસો આપણી ગુજરાત સરકારના જ છે, એને સાયકલ દેખાય છે પણ હીરો હોન્ડા નથી દેખાતું, અમારી પાસે જમીન નથી., ૧૦ ચોરસવાર પણ જમીન પોતાના નામે ન હોય એ ન દેખાય એને ૮૦ વીઘાની જમીન પણ નથી દેખાતી? અમારી પાસે રહેવાનું મકાન ન હોય, અમે ભાડે રહેતા હોઇએ એ ન દેખાય પણ એને બે માળનું મકાન પણ નથી દેખાતું, દુઃખની વાત તો એ છે કે ગરીબો માટેની જ્યારે આપણે વાત કરતા હોઇએ છીએ ત્યારે એક યા બીજી રીતે આપણે ફેરફાર કરતા હોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મનરેગા હેઠળ એક ઉકડીયા ગામમાં કામ ચાલુ હતું. બન્યું એવું કે જે માણસો મરી ગયા હતા તેના નામે પણ પેમેન્ટ કરી દેવામાં આવ્યું, સાત મહિનાથી આ ગામ માટેની ફરિયાદો ચાલુ છે છતાં સરકારમાંથી હજી કંઇ કર્યું નથી. ગરીબોના નામે ક્યાંક પૈસા ઉપાડી લેવામાં આવે અમે એની ફરિયાદો કરીએ અને એ ફરિયાદની એક પણ જગ્યાએ તપાસ ન થાય, આ સ્થિતિમાં ગુજરાત આવી ગયું છે. ગરીબ હોવું ગુનો નથી એને ગરીબ રાખવો ગુનો છે. એક ગરીબ મૂઠી ધાન માટે, ચપટી ચોખા માટે, ટીપાં તેલ માટે તરફડતો હોય અને સરકારના પેટનું પાણી પણ ન હલે? હું આપને એક સંત કબીરની વાત કહેવા માગું છું. એ કહી ગયા છે કે, ગરીબોની હાય ન લેવાય–

**બુરી હાય ગરીબકી કભી ન ખાલી જાય, મૂએ ઢોરકે ચામ સે લોહા ભસ્મ હો જાય**

જે રીતે તમારી કામગીરી ચાલે છે આ સરકારની ગરીબો માટેની, યોજનાઓ માટેની તે કામગીરી એવી છે કે ગરીબો પાસે કોઇ વસ્તુ પહોંચતી જ નથી. નીતિનભાઇ વારો આવશે, આવશે હાયનો વારો, અને એવો વારો આવશે કે અહીંયા ૬૦ છીએને પણ ૬૦ના ૬ પણ તમે નથી રહેવાના.

શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની બાબતોની માગણી લઇને મંત્રીશ્રી આવ્યા છે તેમને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

ભાઇશ્રી જવાહરભાઇએ બહુ સારી વાત કબીર સાહેબની કહી તેમણે ગરીબોની હાયની વાત કરી. અને ગરીબોની હાયની વાત કોને લાગી? એ આ ગૃહની અંદર આપણે જોઇ શકીએ છીએ. સાહેબ, આ તો એવુ થયું કે બીપીએલની યાદીમાંથી કેન્દ્ર સરકારની ગાઇડ લાઇન્સ પ્રમાણે આપણે નામ ઓછા કરવા પડે, ગરીબમાં ગરીબ માણસના ઘરે પંખો હોય તો તેનું નામ કાઢવું પડે અને ૨૯/– રૂપિયાની અંદર માણસ જીવન જીવી શકે એવી વાત કેન્દ્રના મંત્રીએ કરી છે અને તે પણ ગર્વથી કરે છે.

એક કવિએ બહુ સારી વાત કરી કે, !! **અભિમાન ન કરે માનવ તારા ઐશ્વર્યનું, લાખો ચાલ્યા ગયા નજર પણ પડતી નથી, લાખો ચાલ્યા જશે નજર પણ રડતી નથી, અહીં તો શાહ સીકંદરની અને અયોધ્યાની અંદરમાં બાબરની કબર પણ જડતી નથી. !!** આવું અભિમાન ? અન્યાય તમે કરો અને તમે એમ કહો કે બી.પી.એલ.યાદીમાંથી નામ કમી થઇ ગયા સાહેબ. આ તો ગુજરાતની સરકાર અને રાજયના મુખ્યમંત્રીની દીર્ઘ દ્રષ્ટિ

કે કેન્દ્રએ ભલે નામ કમી કરી નાંખ્યા છે પણ આપણે આપણી નવી યોજનાઓ ચાલુ કરી અને ગરીબ માણસના ઘરમાં જેમ દીનદયાળજીએ કહ્યું કે **જહાં અંધેરા હૈ વહાં દીપ જલાયે**. અને એ દીપ જલાવવાનું કામ આ રાજયની સરકાર કરી રહી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા માંગુ છું કે, સમૂહ વિકાસ કોને કહેવાય? સમૂહ વિકાસની આ કલ્પના રાજસ્થાનની અંદરમાં તે વખતના મુખ્યમંત્રી આદરણીયશ્રી ભૈરોસિંહ શેખાવતે અંત્યોદય યોજના આવીને કરી અને વર્તમાનની અંદરમાં બે ક્રાંતિઓ આ દાયકામાં થઇ. એક ક્રાંતિ બાબા રામદેવે કરી કે યોગના આધાર ઉપર રોગમાંથી મુકિત. અને બીજી ક્રાંતિ આ દેશમાં નરેન્દ્રભાઇ મોદીએ કરી કે સૌનો સાથ સૌનો વિકાસ. અને સૌનો સાથ અને સૌના વિકાસની વાત સાથે એક જમાનો હતો. હમણાં એક ભાઇશ્રી કહે કે હું પહેલ વહેલો આ વિધાનસભામાં આવ્યો છું અને મને અહીંયા પ્રવચન આપવાનો મોકો મળ્યો છે. સાહેબ, હું પણ પહેલ વહેલો આ વિધાનસભા ગૃહમાં ૧૭ વર્ષ પહેલાં આવ્યો હતો. હું ગુજરાત વિધાનસભાનો સભ્ય હતો. મને ખબર છે કે ૧૦ લાખ રૂપિયા મારા ૩૦૦ ગામોના વિકાસ માટે આપવામાં આવતા. માત્ર દસ લાખ રૂપિયા ? આ દસ લાખ રૂપિયામાં શું વિકાસ થાય ? કેવો ગામનો વિકાસ થાય તે આપણે સૌ જાણી શકીએ છીએ. તમે સાહેબ વિચાર કરો કે આજે દસ કરોડની યોજના લઇને અમે જઇએ કે આ દસ ગામોની પાણી યોજના કરવી છે સાહેબ, અમને દસ કરોડ રૂપિયા આપો. પાણી પુરવઠા મંત્રી દસ મિનિટમાં દસ કરોડ રૂપિયાની યોજના મંજૂર કરે છે. એક સમય હતો કે ગામડાંની અંદર પાવર માટે લોકો વલખાં મારતા. રાત્રેના પાવર વગર કોઇ ગરીબ માણસના ઘરમાં કોઇ મહિલાને સાપ કરડે તો તે વખતે ગામની અંદર તેની કોઇ વ્યવસ્થા નહોતી. ગામની અંદર કોઇ ડોકટરની તે વખતે વ્યવસ્થા નહોતી. અત્યારે ગ્રામ્ય સામૂહિક વિકાસ તમે ફોન કરો અને ૧૦ મિનિટમાં ૧૦૮ પહોંચી આવે. અને તે પણ શું કહે કે કેન્દ્ર સરકારના ફંડથી આ ૧૦૮ યોજના ચાલે છે. શું કેન્દ્ર સરકાર તે પોતાના ખિસ્સામાંથી પૈસા આપે છે? આ કેન્દ્ર સરકાર શું ઇટાલીથી પૈસા લાવે છે ? ગુજરાતની જનતાના પરસેવાના પૈસાનો ટેકસ આપણે ત્યાં ભરીએ છીએ અને તેમાંથી એક ટૂકડો ફેંકવાનું કામ આ કેન્દ્રની સરકાર કરી રહી છે. ફોન કરો અને ૧૦ મિનિટમાં ૧૦૮ આવી જાય અને તે એક પણ પૈસો લીધા વગર.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રહે છે, વિરામનો સમય થયો છે ગૃહ ફરી ૧૧-૦૦ કલાકે મળશે.

**( વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી તારાચંદ જ. છેડા :** (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસની વાત કરી રહ્યો હતો. સમૂહ વિકાસ ત્યારે જ શકય બને કે જયારે ગામડાંને ૨૪ કલાક વીજળી આપીએ, ગામડાંને પીવાનું પૂરતા પ્રમાણમાં પાણી આપીએ, ગામડાંને રસ્તાઓ આપીએ તો ગ્રામીણ વિસ્તાર અને શહેરી વિસ્તારના લોકો પોતાની જાતે પોતાનો વિકાસ કરી શકે છે અને એનો જીવતો જાગતો દાખલો આ દાયકાનો ભૂકંપ પછી કેવો હોય એ જોઇ શકીએ છીએ. મારા મત વિસ્તારનું મુંદ્રા શહેર વરસો પહેલા પેરીસ કહેવાતુ હતું, એ પેરીસનું પતન થતાં થતાં નગરપાલિકામાંથી મુંદ્રા ગ્રામ પંચાયત થઇ ગઇ. રાજય સરકારની બદલાયેલી નીતિ, નિયત અને નીતિ જો સાચી હોય તો એ વિકાસના ફળ કેવા મળે છે એનો જીવતો જાગતો દાખલો હોય તો એ મુંદ્રા છે. આજે મુંદ્રા ફરી પાછું પેરીસ નહિ પણ સીંગાપુર બનવા માટે આગળ વધી રહ્યું છે. આ સવાલ છે માત્ર દ્દષ્ટિનો અને દ્દષ્ટિ સાચી હોય તો એનું પરિણામ આપણે જોઇ શકીએ છીએ.

એક જમાનો હતો કે ગરીબમાં ગરીબ ગામડાંની કોઇપણ પછાત વર્ગની મહિલાને પ્રસૂતિની પીડા થાય તો એનું કોઇ પૃચ્છા કરનાર નહોતું. શ્રીમંત માણસ પોતાની પત્નીને ગમે તે સારી હોસ્પિટલમાં દાખલ કરાવી શકતો હતો, પરંતુ ગરીબ માણસની પુત્રવધૂ એને પીડા થાય એને પૂછ્યા કરનાર ન હોય તો એનું પરિણામ એ આવે કે કાં માતાનું અવસાન થાય કાં જન્મનાર બાળકનું અવસાન થાય. પરંતુ આજે અનેક યોજનાઓ આવી જેમ કે ચિરંજીવી યોજના આવવાના કારણે આપણે કેટલીય માતાઓ અને બાળકોને બચાવી શકયા છીએ. સંપૂર્ણ સો ટકા સારુ થઇ ગયું છે એમ હું કહેવા માગતો નથી. પરંતુ સો ટકા સારુ થવા માટેનો આ સરકારે ઇમાનદારીપૂર્વક પ્રયાસ કર્યો છે. જે છેવાડાના માણસને તકલીફ પડે છે એનું મુખ્ય કારણ છે કે કર્મચારીઓ અને અધિકારીઓની ઘટ છે.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી માગણી નંબર ૨૨ લઇને આવ્યા છે એના ઉપર મારી રજૂઆતો કરવા માટે ઉભો થયો છું.

અત્યારે બારકોડેડ રેશનકાર્ડ અને બી.પી.એલ. રેશનકાર્ડ કાઢી આપવાની કામગીરી ચાલી રહી છે. મારી પાસે કાયદેસરના કાગળો સાથેની માહિતી છે એમાં મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ૭૨૨૭૧ રેશનકાર્ડ

હતા. એમાં ૯૨૦૪ બી.પી.એલ. કાર્ડ છે. હમણાં અમારા બધા મિત્રો કહી ગયા કે ખૂબ મોટું બી.પી.એલ.નું પ્રમાણ છે. કેન્દ્ર સરકારે સૂચના આપેલ છે એ પ્રમાણે પણ બી.પી. એલ.ની યાદી છે નહિ. આ પરિસ્થિતિ આખા ગુજરાતમાં ઉભી થયેલ છે. જૂના બી.પી.એલ. કાર્ડ હતા અને ટોટલ કાર્ડ હતાં એ જોઇએ તો ૭૨૨૭૧ કુલ કડી તાલુકાના રેશનકાર્ડ હતા એમાં બારકોડેડ કાર્ડ કાઢવામાં આવ્યા છે એની સંખ્યા જોઇએ તો ૬૩૩૩૬ કાર્ડ છે. ૮,૯૩૫ કાર્ડ ઓછા કરી દેવામાં આવ્યા છે, જે ગરીબ લોકોને ખૂબ મોટું નુકસાન કરવામાં આવેલ છે. મોટી મોટી વાતો કરે છે. આ સીધો દાખલો છે. ૮,૯૩૫ લોકો રેશનીંગની દુકાને જાય છે, રેશનીંગની દુકાનના સંચાલકો આ લોકોને અનાજ આપતા નથી. તેમને કહેવામાં આવે છે કે તમારું કાર્ડ નીકળી ગયું છે. તમારે જે કંઇ રજૂઆત કરવી હોય એ મામલતદાર કચેરીમાં જઇને કરો. મામલતદાર કચેરીમાં રજૂઆત કરવામાં આવતા અધિકારીશ્રીઓ જણાવે છે કે સરકારશ્રીનો જે પરિપત્ર છે તેના અનુસંધાનમાં અમે ચાલીએ છીએ. એટલે ત્યાં ગરીબ માણસોની વાર્તા પૂરી થઇ જાય છે. આજે બી.પી.એલ. યોજનામાં ૧૭,૨૯૦ વાજબી ભાવની દુકાનો છે. તેમાં ૧૩,૪૫૩ મૉડેલ ફેરપ્રાઇસ શોપમાં બદલવામાં આવી છે. આ દુકાનોનું જે આયોજન કરેલું છે તેમાં ગરીબોને એક રૂપિયાના ભાવથી આયોડાઇઝડ મીઠું આપવામાં આવે છે. તેમાં ૨૦૧૩-૧૪મી સાલમાં ખૂબ મોટો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. ગરીબોને મીઠું પણ આપવા આ સરકાર તૈયાર નથી અને મોટી મોટી વાતો કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારના સમયમાં અહીં બેહેલાં મારા તમામ મિત્રોને ખબર છે. તમામ ગાડીઓવાળા છે. ડીઝલના કે પેટ્રોલના પંપ ઉપર જઇને ગાડી મૂકીએ તેમાં જે કર્મચારીઓ આપણી ગાડીમાં પેટ્રોલ નાખે છે તેને પેટ્રોલપંપવાળા બહુ ઓછો પગાર આપતા હોય છે. પગાર ઓછો આપવાનું કારણ કે કોઇપણ પંપ ઉપર ખૂબ મોટા પ્રમાણમાં ચોરી ચાલતી હોય છે. પેટ્રોલ પૂરું આપવામાં આવતું નથી. સી.એન.જી.ની ગાડીમાં જેટલો સી.એન.જી. આવે તેના કરતા એરનું પ્રેશર વધારે હોવાથી એરનું પ્રમાણ વધારે હોય છે એટલે ત્યાં પણ ખૂબ મોટી ચોરી ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદય કાર્ડનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. બી.પી.એલ. કાર્ડ હોય, મોટું ફેમિલી હોય. બી.પી.એલ.નો સરવે ૨૦૦૧માં થયેલો. તે પછી જે પણ બાળકો થતાં જાય, મોટું કુટુંબ થતું જાય, બી.પી.એલ.માંથી છૂટા પડતા કોઇપણ બાળક મોટું થાય, તેનું કાર્ડ જુદું પડે. તે પૈસાદાર થઇને જુદો પડે. તેનું એ.પી.એલ. કાર્ડ થઇ જાય છે. વાસ્તવમાં બી.પી.એલ.ની જગ્યાએ બી.પી.એલ. કાર્ડ જ થવું જોઇએ. હું આપને મહેસાણા જિલ્લાના કડી તાલુકાનો એક ભાજપની સરકારનો ભ્રષ્ટાચારનો મોટો પુરાવો આપું છું. વાઘરોડા ગામ છે. ત્યાં સેવા સહકારી મંડળીમાં •(xxxxxx) એક સંસ્થા ચલાવે છે. આનો મંત્રી તરીકે વહીવટ કરે છે. આ મંત્રીશ્રીએ ઘઉં અને ચોખાનો બહુ મોટો જથ્થો વેચી દીધો. ૩૦ હજાર કિલો..

અધ્યક્ષશ્રી : કોઇ ઉપર આક્ષેપ ન થાય, હાઉસમાં જે વ્યક્તિ હાજર નથી, તેનું નામ લઇને આક્ષેપ ન થાય.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : આ તો જેણે ચોરી કરી છે તેની વાત કરું છું. ધ્યાન ઉપર મૂકું છું.

અધ્યક્ષશ્રી : હું તમને વાત કરવાની પરવાનગી આપું છું પણ નામ લીધા વગર. એક મંડળીમાં છે એમ કરીને વાત કરો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : મંત્રીશ્રીએ આપ્યું છે. તેમાં ૩૦,૦૦૦ કિલો અનાજ પકડાયું છે. આમાં મામલતદારશ્રીએ પણ ફરિયાદ દાખલ કરેલી છે. તે સિવાય આ મંત્રીશ્રીએ જમીનો જે મંડળીમાં ખેડૂતો હતા તેમના સભાસદો છે એ લોકોની જમીન ઉપર બોજો લઇ લીધો છે. જે સભાસદને ખ્યાલ પણ નથી અને તેનો બોજો લઇ લીધો છે. સભાસદોએ આ માણસ ઉપર ફરિયાદ દાખલ કરી છે. ત્રણ મહિના થયા પછી પણ આજે પોલીસ દ્વારા આ મંત્રીશ્રીને પકડવામાં આવતા નથી.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮,૦૦૦ ગામડાંઓના સર્વાંગી વિકાસ માટે આજે માનનીય મંત્રીશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની માગણી નંબર ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

આપણે બધા જ અને સન્માનનીય ગૃહના બધા જ સભ્યશ્રીઓ સમગ્રતઃ વાતોથી વાકેફ છીએ કે, આઝાદી અને લોકશાહીનું મૂળ તત્વ કોઇપણ હોય તો તે સ્વરાજય અને સુરાજ્ય છે. તેના સુધી આપણે પહોંચ્યા કે કેમ? ગુજરાતમાં આ પચાસ વર્ષમાં વિકાસ થયો છે? એના આપણે સાક્ષી છીએ. ગુજરાતના ગામડાંઓ વિકાસથી વંચિત

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

હતા. ગુજરાતના ગામડાંઓમાં રહેનાર દરેક સમાજના લોકો સ્વમાન અને સ્વાભિમાન સાથે ગૌરવથી જીવન જીવે એવી અપેક્ષા સાથે તે દિવસો પસાર કરતા હતા. પરંતુ કમનસીબી એ રહી કે, સ્વરાજ્ય મળ્યા પછી ગુજરાતના ગામડાંઓને સુરાજ્ય નહીં મળ્યું. ગુજરાતના ગામડાંઓનો જે પ્રમાણેનો વિકાસ થવો જોઇએ એ પ્રમાણેનો વિકાસ પાછળના પાંચ દાયકામાં થયો નહીં. જેના કારણે આજે ગુજરાતના ગામડાંઓ તૂટવાનું કામ થયું. ગુજરાતના અનેક લોકો એ આદિવાસી હોય, દલિત હોય, પછાતવર્ગનો હોય, એને મને કમને માદરે વતનથી માઇગ્રેટ થવું પડ્યું. માઇગ્રેટ થઇને નગરપાલિકા કે મહાનગરપાલિકાની ગંદી ચાલીઓમાં, ઝૂંપડપટ્ટીઓમાં વસવાટ કરીને પોતાના પરિવારનું પેટીયું રળવા માટેની પરિસ્થિતિ ગુજરાતની રહી છે. ગુજરાતના ગામડાંઓમાં પીવાનું પાણી ન મળે, શિક્ષણ ન મળે, આરોગ્યની સુવિધા ન મળે. ગુજરાતની અંદર અનેક જિલ્લાઓમાં જ્યાં ફક્તને ફક્ત કુદરત આધારીત ખેતી હોવાના કારણે વર્ષના અંત સુધીમાં માંડ એક પાક લઇને ગુજરાતનો ખેડૂત પોતાના પરિવારનું પેટીયું રળતો.

આજે ગૌરવથી માથું ઉંચું કરીને સ્વમાન સાથે કહું છું કે, ગુજરાતમાં પાછળના ૧૦ વર્ષની અંદર જે સત્તા પરિવર્તન થયું, ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં પ્રજા માટેની જે કટિબદ્ધતા હતી, એના માટે કાંઇ કરી છૂટવાની તમન્ના હતી, સ્વરાજ્ય સુશાસન સુધી પહોંચે એવી પ્રતિજ્ઞા હતી, એ અહેસાસ ગુજરાતના પાછળના દાયકામાં જોઇ શકાય છે. આત્મા ગામડાંનો હોય, રહેણી-કરણી ગામડાંની હોય, ગામડાંમાં રહેનાર વ્યક્તિ શહેરમાં રહેતો હોય તેવું લાગે, શહેરીકરણનો ભાવ અનુભવતો હોય, એવી સુવિધા એને મળતી હોય એવું આપણે પાછળના દાયકામાં જોઇએ છીએ. ગુજરાતના ગામડાંનો સર્વાંગી વિકાસ થાય એની કલ્પના કરવી હોય, એ કલ્પના કરવા માટે ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાતનું ગામડું આવતા દિવસોમાં વિકાસશીલ ગામડું બને, આવતા દિવસોમાં સમૃદ્ધ બને, ગુજરાતના ગામડાંઓમાં રહેનાર દરેક વ્યક્તિ આર્થિક રીતે સદ્ધર થાય, સ્વાભિમાનથી માથું ઉંચું કરીને જીવન જીવે, આ કલ્પના આપવાનું અને આ કલ્પનાને સાકાર કરવાનું કામ,જો કોઇએ કર્યુ હોય આટલા વર્ષોના શાસનમાં તો એ ગુજરાતમાં સદૈવ આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થયું છે એના આપણે બધા સાક્ષી રહ્યા છીએ.

પંચામૃત, જળ, જન, ઉર્જા, રક્ષા આ શું બતાવે છે કે આ ગુજરાતની અંદર વસતા દરેક સમાજના લોકો હોય, આ ગુજરાતની અંદર શહેરો હોય, નગરો હોય કે મહાનગરો હોય બધાનો સર્વાંગી વિકાસ એકસૂત્રતાની દૃષ્ટિએ થાય, સર્વાંગી વિકાસ એક જેવો બને એ પ્રમાણેની ભાવના સાથે ગુજરાતનું ગામડું પણ આ રાષ્ટ્રની સંસ્કૃતિ પ્રમાણેનું, આ રાષ્ટ્રની પરંપરા પ્રમાણેનું, આ રાષ્ટ્રની રૂઢિઓ પ્રમાણેનું એ પ્રમાણેનું ગુજરાતનું ગામડું સમૃદ્ધ બને એના માટે આ રાજયની અંદર એ ગોકુળ ગામની યોજના હોય, ગ્રામસભા હોય, ગુજરાતના ગામડાં એ રાજનીતિનો અખાડો ન બને, દરેક સમાજના લોકો એ સામાજિક સમરસતાની વિચારધારા સાથે ભાતૃભાવની ભાવના સાથે રહે ગુજરાતનું ગામડું એ રાષ્ટ્રની સંસ્કૃતિ પ્રમાણેનું ગામડું બને એના માટે સમરસ ગામની યોજના હોય, એ સ્વચ્છ નિર્મળ ગામની યોજના હોય, ગુજરાતના ગામડાંમાં સુખ, શાંતિ વધે, દરેક સમાજના લોકો સંપીને રહે, એક પણ ગુનો ના બને એના માટે તીર્થગામની યોજના હોય, પાવન ગામની યોજના હોય આ વિચાર આ ગુજરાતમાં પાછળના દસ વર્ષના દાયકામાં એ ભારતીય જનતા પાર્ટીએ આ ગુજરાતના ગામડાંને આપ્યા છે. ગુજરાતના ગામડાંમાં રહેનારા સમાજના દલિત આદિવાસી કે પછાત વર્ગનો કોઇપણ વ્યકિત હોય એ ૦ થી ૧૬ હોય કે ૧૭ થી ૨૦ના ગુણાંકની અંદર રહેતો હોય એવા નવ લાખ કુટુંબોને આવાસની યોજના આપી. માથે છત આપવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સદૈવ આદરણીય માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થયું છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમને અનુમોદન આપુ છું. આઝાદી મળ્યે ૬૫ વર્ષ થયા પણ હમણાં આપણા રણછોડભાઇએ વાત કરી કે સુરાજય મળે ૧૧-૧૨ વર્ષ થયા. સ્વરાજય મળ્યું હતું પણ સુરાજય નહોતું મળ્યું. ગાંધીજીનું સ્વપ્ન હતું કે ગામડું કેવું હોવું જોઇએ, ગામડું એ ભારતનો આત્મા છે. ગામડું એ સમૃદ્ધ હોવું જોઇએ. ભારત ગામમાં વસે છે. કોંગ્રેસે કદી વિચાર પણ ના કર્યો ગામોને વિકસાવવાનો, કોંગ્રેસને વિચાર પણ ના આવ્યો. ગામડાંનું નામ દે ને પહેલા તો લોકોના નાકના ટેરવા ચડી જતા હતા. ગામડાંનું નામ દે એટલે એ મોં ફેરવતો હતો. અમારા પટેલોમાં પહેલા એમ કહેતા કે કયાં રહે છે? શહેરમાં રહે છે તો એને દીકરી આપતા. આજે શહેરમાં રહેતા હોય પણ ગામડાંમાં ૨-૫ વીઘા જમીન છે, ગામડાંમાં કંઇ છે તો એ જીવન જીવી શકશે. એ આજે ગામડાંમાં હોય એને દીકરી આપે છે.

આ સિંચાઇની વાત કરીએ તો પહેલા સમરસ ગામ, એમાં ભેગા થઇ વિકાસ કર્યો, ભેગા થઇ મહિલા વિકાસ, ગરીબ વિકાસ અને મારે કહેવું જોઇએ કે આ ગામડાંમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી

ચેકડેમો, બોરીબંધ ખેતી, સીમબંધો, ખેતી, સીમમાં તલાવડી, ગ્રામ તલાવડી, ગામ તળાવ, સીમના તળાવ, માનનીય અધ્યક્ષશ્રી મારે એ વાત કરવી છે કે ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રોકયું જેના લીધે ગામડાં પાણીના લીધે સમૃદ્ધ બન્યા. મારે એ વાત કરવી છે કે ગરીબ કલ્યાણ મેળા, ગામડાંઓમાં શું કહે છે એને !! વચેટીયા હટાવો મેળા. !! આ સરકારે ૭૫ લાખ લાભાર્થી ગરીબોને ઘેરબેઠા સહાય આપી અને ૧૧૦૦ કરોડ, એની કલ્પના નહીં કરી હોય કોંગ્રેસે, એટલા કરોડની સહાય આપી, અને વિધવા સહાયના દીવા પ્રગટાવ્યા. મારે હમણા પેલા ભાઇ વાત કરતા હતા કે ગાંધી એમના બાપ.. (અંતરાય)કે ગાંધી એમના બાપ, એમને ખબર નથી કે પોરબંદરના ગાંધીની કોંગ્રેસ હતી અને આજે અલ્હાબાદના ગાંધીની કોંગ્રેસ છે અને એમના દીકરા છે સ્વ. રાજીવ ગાંધી. એમણે એમ કહ્યું, આ દેશના વડાપ્રધાન એમ કહે અને પોતે ભ્રષ્ટાચાર કબૂલ કરે કે હું એક રૂપિયો મોકલું છું પણ ૧૫ પૈસા પ્રજા સુધી પહોંચે છે. આજે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ૧૦૦ રૂપિયા મોકલે છે અને લોક ભાગીદારીથી ૧૨૫ રૂપિયાના કામો થાય. કોંગ્રેસના નેતા પોતે હતાશ યુવાન છે અને અમારા ન.મો. નેતા કરોડો યુવાનોના આશાનું કિરણ છે.

મારે બીજી વાત કરવી છે કે ગામડાંની વેદનાને, ગરીબોની વેદનાને, લોકોની વેદનાને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી સંવેદના. માનનીય મુખ્યમંત્રીશ્રીએ મિશન મંગલમ્ કર્યું, ભારતીય જનતા પાર્ટીએ મિશન મંગલમ્ કર્યું અને કોંગ્રેસે કમિશન મંગલમ્ કર્યું. સખી મંડળ દ્વારા ગુજરાતની મહિલા સ્વનિર્ભર બની. મારે ગામડાંની વાત કરવી છે કે લોકોની વેદના સમજીને જે ૫૦ વર્ષમાં કામો ન થયા એ અઢી વર્ષની અંદર જ્યોતિગ્રામ યોજનાના લીધે આ સરકારે કરી બતાવ્યા. આ જ્યોતિગ્રામની યોજનાના લીધે આજે ગામડાંઓ ઝળહળતા થયા. સુજલામ્ સુફલામ્ થયા, ધરતી નંદનવન બની અને હજારો ગામડાંની અંદર ધરમૂળથી કાયાપલટ કરવાનું બીડું ઝડપ્યું. મારે કહેવું છે કે આ કોંગ્રેસ વિકાસની વાતની ટીકા કરે છે. આ કોંગ્રેસને વિકાસની ખબર જ નથી. એને એમ કે આ વિકાસ એ કોઇ મંત્રીના દીકરાનું નામ હશે. એમને આની સાથે કોઇ લેવાદેવા નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીની સરકારમાં વિકાસ, વિકાસ અને માત્ર વિકાસ એટલે ગુજરાત, આ મંત્ર છે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો. આ દેહ છે ગુજરાતના મંત્રીમંડળનો, આ નેમ છે વર્તમાન સરકારના વહીવટી તંત્રની, આ પ્રવૃત્તિ છે શત કરોડ ગુજરાતીઓ માટેની, આ તાસીર છે આજના ગુજરાતની.

મારે વાત કરવી છે કે અમે વણથંભી વિકાસ યાત્રાની વાત કરીએ છીએ ત્યારે ૧૧ વર્ષથી ચાલી રહેલી આ વિકાસ યાત્રામાં કૃષિ હોય, શહેરી વિકાસ હોય, મહેસૂલ હોય, શિક્ષણ હોય, આરોગ્ય હોય, ઉર્જા હોય કે જળસંપત્તિ તમામ ક્ષેત્રે ગુજરાતની પ્રગતિ દેશની નંબર વન બની છે. મારા વિસ્તારની વાત કરું તો આજે મારા વિસ્તારમાં એક ગામ એવું નથી કે જ્યાં રોડ ન હોય, જ્યાં સિંચાઇનું પાણી ન હોય, પીવાનું પાણી ન હોય. મારે કહેવું છે કે એક ગામ એવું નહી હોય કે જે ગામમાં આર.સી.સી.ના રોડ ન હોય.

**શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) :** માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહકોની બાબતોનો વિભાગ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને સૌથી પહેલી જરૂરિયાત તો તલાટીની હોય છે. કારણ કે ગામડાંમાં રહેતો વ્યક્તિ, ગામડાંમાં રહેનાર નાગરિક એમનો જન્મ થાય કે મૃત્યું થાય બન્ને વસ્તુ નોંધ કરવા માટે તલાટીની જરૂર હોય છે. ફકત વલસાડ જિલ્લાનો દાખલો આપું, કે ફક્ત વલસાડ જિલ્લાની અંદર તાલુકાવાઇઝ વલસાડ જિલ્લામાં મંજૂર જગ્યા ૮૧માંથી, ૬૩ ભરેલી ૧૮ ખાલી, પારડી તાલુકામાં ૪૮ જગ્યામાંથી, ૩૫ ભરેલી, ૧૩ ખાલી, ઉંમરગામમાં ૩૫ જગ્યામાંથી ૨૫ ભરેલી, ૧૦ ખાલી, ધરમપુરમાં ૩૬ જગ્યામાંથી ૨૯ ભરેલી ૭ ખાલી, કપરાડા તાલુકાની અંદર ૪૧ જગ્યામાંથી ૩૦ ભરેલી, ૧૧ ખાલી છે ટોટલ ૨૪૧ જગ્યામાંથી ૧૮૨ જગ્યા ભરેલી અને ૫૯ જેટલી તલાટીઓની જગ્યા ખાલી છે ત્યારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, ખાસ કરીને કપરાડા જેવા અતિ પછાત તાલુકો કે જેના ૧૨૮ જેટલા ગામો અને ૪૧ જગ્યા છે તેમાં ફક્ત ૩૦ જગ્યા ભરાયેલ છે. એકએક તલાટી પાસે ઓછામાં ઓછા ૧ થી ૧૮ ગામડાંનો ચાર્જ એમને આપેલો છે, એક તલાટી ૧૫ થી ૧૮ ગામડાં સુધી સંભાળે. અઠવાડિયાના દિવસ ખાલી ૬ હોય એ એક એક દિવસ જાય તો પણ એ ગામડાંને સંતોષ ના આપી શકાય એવી પરિસ્થિતિ છે ત્યારે વર્ષો પહેલા એક કહેવત હતી કે, કલેકટર કકળાટ કરે, મામલતદાર મૂંઝાય ત્યારે સર્કલ બિચારો શું કરે, તલાટી કરે તે થાય. પણ તલાટી ના મળે તો શું કરવાનું? આ પરિસ્થિતિ તલાટીની છે. કારણ કે કોઇપણ વિકાસ કરવો હોય આ દેશનો, આ રાજ્યનો, આ ગામડાંનો તો પાયાની જરૂરિયાત તલાટી છે. આ તલાટીનો પ્રશ્ન છે તો હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે ખાસ કરીને આજે આ રાજ્યની અંદર શિક્ષિત બેકાર અતિશય છે કે જેના થકી બીજી બધી જરૂરિયાત

દૂર પણ સૌથી પહેલા તલાટીની ભરતી થાય  તો તેના થકી ગામડાંનો વિકાસ થાય, એટલે એ જરૂરિયાત પૂર્ણ થાય તેવી મારી માગણી છે.

તે જ પ્રમાણે તાલુકા પંચાયતની અંદર ગામડાંના લોકોના નાના–મોટા કામ હોય જેવાકે, જાતિનો દાખલો હોય, આવકનો દાખલો હોય, જે પણ નાનુ–મોટું કામ હોય એ તાલુકા પંચાયતમાં, ગામડાંના વિસ્તારનું થતું હોય છે. નગરપાલિકા વિસ્તાર હોય તો નગરપાલિકામાં થતું હોય છે. જ્યારે ગામડાંના કામ તાલુકા પંચાયતની અંદરથી થતાં હોય છે ત્યારે તાલુકા પંચાયતમાં વર્ષોથી ખાલી જગ્યાઓ છે જે જગ્યા થકી, એમાં સર્કલ, તલાટી, એકાઉન્ટન્ટ હોય કે એ શાખામાં કામ કરતો હિસાબનીશ જેવો ચાર્જમાં હોય તો તાલુકા પંચાયતનો વહીવટ આપણે કેવી રીતે કરી શકીએ? ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, તાલુકા પંચાયતોમાં જે ખૂટતી જગ્યાઓમાં ખાસ કરીને એકાઉન્ટન્ટ જેવી જગ્યા ચાર્જમાં હોય તો એનો વહીવટ આપણે કેવી રીતે કરી શકીએ? તે જ પ્રમાણે તાલુકા પંચાયતોની અંદર મનરેગા યોજનામાં ટેકનિશ્યન, અ.મ.ઇ. જેવી ખાલી જગ્યાઓના કારણે સરકારને પૈસા હોવાછતાં આપણે એ કામ નથી કરી શકતા અને પ્રજાનો જે અત્યારે પ્રશ્ન આવ્યો છે કે કપરાડા તાલુકામાં ૫૪૩ માનવદિન ઉત્પન્ન થયા. આજે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં  ૮૦%  લોકો મજૂરી ઉપર જીવવાવાળો છે છતાંપણ ત્યાં મનરેગાના કામ થયાં નથી અને જે પણ થયાં છે એનો એક દાખલો આપવા માગું છું કે, જેમાં ભ્રષ્ટાચાર થયો છે તેની મેં ફરિયાદ કર્યાને ૬ મહિના થયાં છતાં પણ આજદિન સુધી કોઇ પગલાં લીધા નથી ત્યારે ગરીબ કલ્યાણ મેળાની વાત કરું. ખાસ કરીને ગરીબ કલ્યાણ મેળા ગામડાંની અંદર થાય છે ત્યારે સામાન્ય ગરીબ માણસને સ્ટેજ પર બોલાવીને ચેક આપવામાં આવે કે એક કીટ્સ આપવામાં આવે. એટલે ગરીબી સ્ટેજ પર લાવીને બતાવવામાં આવે કે આ ગરીબ છે. એનું જે માન સન્માન હું જે માનું છું ગરીબ કલ્યાણ મેળા થકી એને યોજનાનો લાભ આપવો જોઇએ. યોજના એને મળવી જોઇએ પણ એને સ્ટેજ પર બોલાવીને કદાચ જે ક્રેડિટ કાર્ડ બનાવ્યાં હોય કે જેણે પોતાની જમીન ઉપર બેંકમાંથી ધિરાણ લીધું હોય. પોતાની જમીન હોય, પોતાની જવાબદારી, પોતે ભરવાના છતાંપણ ગરીબ કલ્યાણ મેળાની અંદર સ્ટેજ પર એને ક્રેડિટ કાર્ડના પૈસા પણ ચેકથી આપવામાં આવે છે ત્યારે ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી આવી અને સરદાર આવાસના ૨૧૦૦૦ના ચેક આપવામાં આવ્યાં. તલાટી કે સરપંચને વિશ્વાસમાં લીધા વગર એમને ચેક આપી દીધા. ચેક આપી દીધા પછી અત્યારે છેલ્લા બે–ત્રણ મહિનાની અંદર તલાટી અને સરપંચ ઉપર દબાણ કરવામાં આવે કે એણે મકાન બનાવ્યું નથી, તમે મકાન બનાવો. જ્યારે ચેક આપ્યાં એની તલાટી કે સરપંચને ખબર નથી. કારણ કે, એમાં ભ્રષ્ટાચાર થયો છે અને પૈસા ખવાઇ ગયા એના કારણે તલાટી અને સરપંચ ઉપર દબાણ કરવામાં આવે કે ભાઇ, આ તમે મકાન નથી બનાવતા ત્યારે એવી બાબતો ગામડાંમાં રહેનાર સામાન્ય માણસ જાય તો ક્યાં જાય? સરપંચ પાસે, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતના પ્રતિનિધિ પાસે જતો હોય છે. જે પ્રતિનિધિ હોય એમની પાસે જતા હોય છે.

તે જ પ્રમાણે અન્ન અને નાગરિક પુરવઠાની વાત કરું કે, અન્ન અને નાગરિક પુરવઠાની અંદર એક જ ખાલી મારા વલસાડ જિલ્લાનો દાખલો આપું કે, એક વ્યક્તિ આંગણવાડી પણ ચલાવે અને સસ્તા અનાજની દુકાન પણ ચલાવે અને ત્યાંથી એમના લગ્ન કરી બીજા ગામમાં જવા છતાં અને જિલ્લા ડી.એસ.ઓ.ને ફરિયાદ કરવા છતાં આજ દિન સુધી કોઇ પગલાં લેવામાં આવતા નથી. કારણ કે, સસ્તા અનાજની દુકાન પોતે ચલાવનાર એ પોતે ચલાવતો હોવો જોઇએ પણ એમના લગ્ન કરીને બીજે જતા રહ્યા છે અને એ આંગણવાડી પણ એ ચલાવે છે છતાં પણ તેના ઉપર કોઇ પગલાં લેવામાં આવતા નથી. પરમીટની વાત કરું તો, પરમીટમાં પણ ભ્રષ્ટાચાર ચાલે છે, પૈસા આપો એમને પરમીટ મળે છે ત્યારે  માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગુ છું. બાર કોડેડ કાર્ડ, અત્યારે સરકારે બાર કોડેડ જેને કહેવાય છે કે, પાયલોટ પ્રોજેક્ટ, આ પાયલોટ પ્રોજેકટની અંદર ગામડાંઓ પસંદ કર્યા છે કે, દરેક તાલુકાઓની...

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી ઇશ્વરભાઇ પરમાર.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી,  માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર–૭૧ લઇને આવ્યા છે, ત્યારે આજે સૌ પ્રથમવાર વિધાનસભાના સન્માનનીય ગૃહમાં હું સરદાર પટેલ સાહેબની જન્મ ભૂમિ અને સરદાર પટેલ સાહેબની કર્મ ભૂમિ એવા ઐતહાસિક નગરી બારડોલીના વિધાનસભાના સભ્ય તરીકે સાહેબ, સરદાર સાહેબની જન્મ ભૂમિ એટલા માટે કે, વલ્લભભાઇ પટેલની જન્મ ભૂમિ કરમસદ છે પરંતુ સરદાર સાહેબને,`` સરદાર"નું બિરૂદ બારડોલીથી મળેલું એટલે હું બારડોલીને જન્મ ભૂમિ તરીકે ઉલ્લેખ કરું છું અને હું મારા વિચારો રજૂ કરી, સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિપક્ષના મિત્રોને મારે કહેવું છે કે, તમે જરા આજથી દસ–બાર વર્ષ પહેલાના બજેટ પર એક નજર કરજો અને હાલના બજેટ પર એક નજર તો કરો. માનનીય અધ્યક્ષશ્રી, જમીન અને આસમાનનો ફેર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીમાં ગુજરાત રાજયનો વણથંભ્યો વિકાસ, જ્યાં જુઓ ત્યાં વિકાસ, જ્યાં જાવ ત્યાં વિકાસ.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગ વિશે મારે અભિપ્રાય આપવાનો છે ત્યારે મને આપશ્રીને જણાવવાનું મન થાય કે, હું પણ આજથી સત્તર વર્ષ પહેલાં ૧૯૯૫માં વીસમી સદીમાં મારા ગામનો સરપંચ બનેલો. સાહેબ વિકાસના કામોની લાંબી લાંબી યાદી લઇને ફરતો પરંતુ પરિણામ મને શૂન્ય મળતું અને આજે ગુજરાતની તમામ ગ્રામ પંચાયતો સુવિધાઓથી સજજ છે અને સફાઇ તથા સુવિધાની હરિફાઇમાં ભાગ લે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે અમારા ગામે પણ ગ્રામ પંચાયત, બારબેને પણ એ હરિફાઇમાં ભાગ લીધો હતો અને રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો હતો. મારું ગામ અંબાજીથી ઉંમરગામના આદિવાસી પટ્ટામાં આવે છે અને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રાજ્ય કક્ષાએથી ૨૫ લાખ રૂપિયાનું ઈનામ મળેલું અને કુલ ૪૨ લાખ રૂપિયા ઈનામમાં બીજી રકમ ઉમેરી અમારા ગામના સરપંચશ્રી ભાવેશભાઇ પટેલે એ રકમમાં ઉમેરો કરી આજે રૂપિયા ૭૦ લાખની થાપણ ધરાવે છે અને એ થાપણમાંથી આ ગ્રામ પંચાયત, બારબેન લાઇટ વેરો, અને સફાઇ ખર્ચ જેવો ખર્ચ નિભાવે છે, આને કહેવાય વિકાસ.

માનનીય અધ્યક્ષશ્રી, વાદ નહીં, વિવાદ નહીં પરંતુ સંવાદ, એવી સમરસ ગામ યોજનામાં અત્યાર સુધીમાં ૧૦,૭૯૩ ગ્રામ પંચાયતો સમરસ થઇ તે પૈકી ૩૬૨ ગ્રામ પંચાયતોમાં મહિલાઓ સરપંચ બની છે અને ૧૩૫ કરોડનું અનુદાન મેળવ્યું છે, આને કહેવાય વિકાસ.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગમાં સરદાર પટેલ આવાસ યોજના, હળપતિ આવાસ યોજના, ઈ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના, સર્વોદય યોજના, પંચવટી યોજના, પાવન ગ્રામ યોજના, તિર્થ ગ્રામ યોજના એવી અનેક યોજનાઓનું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચિંતન કરીને, એમાં સુધારા અને વધારા કરીને સાચા અર્થમાં ગુજરાતની કાયાપલટ કરી છે. જયારે ગરીબોના મસિહા, દલીતોના બેલી, અનાથોના નાથ, છ કરોડના જ નહીં પરંતુ સમગ્ર દેશની જનતાના હૃદય સમ્રાટ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને આજના તબક્કે કોટી કોટી વંદન કરું છું. ૫ મી માર્ચના રોજના પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન વિપક્ષના એક સભ્યશ્રીએ સરપંચ ઉપર આક્ષેપ કર્યો. સરપંચો ખાઇ જાય છે. હું કહેવા માગું છું કે ગઇ વિધાનસભાની ચૂંટણીમાં સરપંચોએ તમને જડબાતોડ જવાબ આપ્યો છે. આ રાજયના સરપંચોએ દિલની લાગણી સાથે જોડાયેલા અમારા સાચા શુભેચ્છકો થકી અમારું ૨૦૧૨નું વર્ષ ખૂબ જ શુકનિયાળ સાબિત થયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહેલ કે ૨૦મી ડિસેમ્બરે બીજી દિવાળી મનાવીશું. અને મનાવી પણ ખરી. હવે આવનારી ૨૦૧૪ ની ચૂંટણીમાં આ જ ગુજરાતના નહિ, પણ સમગ્ર હિન્દુસ્તાનના સરપંચો આપને ઇંટનો જવાબ પથ્થરથી આપશે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. રાજય સરકાર તરફથી આનો લાભ સીધો ગરીબોને મળી રહે તે માટે પાંચ તબક્કાઓમાં ગરીબ કલ્યાણ મેળા પ્રાંત કક્ષાના ૯૮૦ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ કરી જેમાં કુલ ૭૪,૪૭,૪૫૩ જેટલા લાભાર્થીઓને ૧૧,૦૯,૨૯૦.૨૦ લાખની સીધી સહાય ગરીબોને આપી છે. વિપક્ષના એક મિત્રએ વાત કરી. સુગર ફેક્ટરીને જે શેરડી કાપવાનાં સાધનો આપે છે તે બરાબર ચાલતા નથી. એશિયાની મહાન સુગર ફેક્ટરી બારડોલી મારા ગામમાં આવેલી છે એ સુગર ફકેટરી દરરોજનું ૧૦,૦૦૦ થી વધુ શેરડીનું પીલાણ કરે છે. ને જે મશીનરી એમને આપી છે, એ જ મશીનરી અમારી સુગર ફેક્ટરીને પણ આપી છે. એ દૈનિક ૩૦૦૦ થી વધુ ટનોનું કટિંગ કરે છે. પરંતુ એમના ઓપરેટરો એ *(xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) કાઢી નાખું છું.

શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર : આજે મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એને હું અનુમોદન આપી વિરમું છું.

શ્રી કેતન મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અન્ન અને નાગરિક પુરવઠા અને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો મૂકવા માગું છું.

છેલ્લા ઘણા સમયથી વિધાનસભા સત્રની જે કાર્ય પદ્ધતિ હું જે જોઇ રહ્યો છું કે આરોપ, પ્રતિ આરોપ એકબીજા ઉપર થઇ રહ્યો છે. તો મને એવું કહેવાનું મન થાય છે કે ગુજરાતની ૬ કરોડની જનતા જે અહીં આગળ ૧૮૨ ધારાસભ્યનું પ્રતિનિધિત્વ કરીને ગુજરાતનો વિકાસ કરવા માટેની જે આપણને તક આપી છે, એ આવામાને આવામાં

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

પૂરાં ૫ વર્ષ ન કરે અને હું માનું કે આજે ગ્રામ્ય વિસ્તારની વાત આવે, ગ્રામ્ય ગૃહ નિર્માણ અને અન્ન નાગરિક પુરવઠા એ સીધો પબ્લિકને લગતો વિષય છે. મને બોલવાનું મન થાય છે કે જ્યારે સરકારની કોઇ યોજના હોય એનાથી આપણા મત વિસ્તારના લોકો વંચિત રહેતા હોય, તો એક લોકપ્રતિનિધિ તરીકે આપણે એમાં સજાગ રહેવું જોઇએ.

આજે ઘણી યોજનાઓ ઘણા સમયથી અમલમાં છે. આમાં સરકારનો એકલો વાંક કાઢવાની જરૂર નથી. સરકારે ખોટું કર્યુ. સરકાર અહીંથી યોજના મોકલે છે અને તાલુકામાં એ યોજનાનો અમલ થાય છે કે નહિ તે જોવાનું લોક પ્રતિનિધિ તરીકે આપણો પોતાનો હક્ક છે. આજે બી.પી.એલ. યાદી ખોટી પણ છે. હમણાં ઘણી વાતો થઇ કે બી.પી.એલ. યાદીમાં ખોટાં નામો ઉંમેરાઇ ગયા તો ખોટાં નામ ઉંમેરાઇ ગયા તો એમાં એની જવાબદારી સરકાર પહેલા એ જવાબદારી ત્યાંના પ્રતિનિધિ, તાલુકા પંચાયતના સદસ્ય, વિધાનસભાના સદસ્ય, પંચાયતના સરપંચ અને જિલ્લા પંચાયતના સદસ્યની છે. હું કહીશ આ બધુ થયું છે. શેના માટે થયું છે? માત્રને માત્ર પક્ષાપક્ષીનું રાજકારણ. ભાજપના સરપંચ તો કોંગ્રેસના લોકોનાં નામ દાખલ ન કરે અને કોંગ્રેસના સરપંચ હોય તો ભાજપના લોકોનાં નામ દાખલ ન કરે. એના કરતા આપણે બધા નક્કી કરીએ કે આપણે કોઇપણ હોય આપણે લોક પ્રતિનિધિ તરીકે જયારે ચૂંટાયા છીએ. હું અપક્ષ છું એટલે મને બોલવાનો એક ચાન્સ છે, એટલે મારા વિચારો મૂકું છું. આપણે ચૂંટાયા છીએ ત્યારે આપણે એમ વિચારીએ કે આપણા ગામનો કોઇપણ નાગરિક આ લાભથી વંચિત ન રહેવો જોઇએ. આપણે પોતે જાતે એમાં રસ લઇ ભેગા થઇ એમને લાભ અપાવીએ તો મને નથી લાગતું કે આ ખોટું થઇ રહ્યું હોય.

સરકારશ્રીની અંદર આજે ૬ કરોડની જનતા હું ફરીવાર બીજી વખત નરેન્દ્ર મોદીના વખાણ કરું છું. આ ત્રીજી ટર્મ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને આ પબ્લિકે, જનતાએ ચાન્સ આપ્યો છે. માનનીય અદ્યક્ષશ્રી, આ મુખ્યમંત્રીશ્રીની જે દીર્ઘદષ્ટિ છે તે ખરેખર વખાણવાને લાયક છે. તે જે યોજનાઓ મૂકે છે તે યોજનાઓ કોઇના મગજમાં પણ નથી આવતી. આજે એક વસ્તુ તમને કહું કે સમરસ ગ્રામ પંચાયત, તો ઘણાં સમયથી સરકારો આવતી હતી. સમરસ થવી જોઇએ, આ યોજના આપણે લોકો વચ્ચે મૂકીશું , લોકો તેને અપનાવશે અને ગામ સમરસ થશે તો ગામની અંદર એકબીજા વચ્ચે વિખવાદ, વિવાદો જે થતા હશે તે નહીં થાય અને ગામનો વિકાસ થશે. આવી યોજનાઓ કોઇના મગજમાં આવી હોય તો માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીના મગજમાં આવી છે.

બીજી વાત કરું ઇ-ગ્રામ યોજનાની. તો આ યોજનાથી શું બેનીફીટ છે તે પંચાયતના તમામ મતદારો અને જનતાને ખબર છે. આ યોજનાઓ જો કોઇના મગજમાં આવી હોય તો તે માનનીય મુખ્યમંત્રીના મગજમાં આવેલી છે. આજે એક વસ્તુ તમને કહીશ અને હું અગાઉના વહીવટકર્તાઓના વહીવટને વખોડતો નથી. તે શાસન પણ સારું હતું. તે સમયના પ્રમાણમાં તે શાસનકર્તાઓ અને આ સમયે આ જ મુખ્યમંત્રી જો ગુજરાતને મળ્યા હોય તો આ ગુજરાતની જનતા નસીબદાર છે કે ગુજરાતને આ મુખ્યમંત્રી મળ્યા. હું હજી એવું કહું છું કે આગામી દિવસની અંદર જયારે ૧૮૨ ધારાસભ્યશ્રીઓ બેઠા છે, માનનીય સાથી સદસ્યોને કહેવા માગું છું કે ખરેખર જાણતા હોઇએ કે વહીવટ સારો ચાલી રહ્યો છે તો તેના માટે આપણું સૂચન હોવું જોઇએ. જે જગ્યાએ વિરોધ કરવા જેવું હોય તો સૂચનના રૂપમાં આપણે વાત કરવી જોઇએ. હું પણ આજે મંત્રીશ્રીને કહેવા માગું છું કે વડોદરા જિલ્લાની અંદર ડી.ડી.ઓ.ની જગ્યા ખાલી છે. ત્યાં આગળ ચાર્જમાં ડી.ડી.ઓ. છે. અમને આ ડી.ડી.ઓ.ની જગ્યા ભરી આપો. તેનાથી અમારા વહીવટમાં સાનૂકુળતા રહે. અમૂક નિર્ણયો જે ઇન્ચાર્જ ડી.ડી.ઓ. નથી કરી શકતા તેમને સાનૂકુળતા રહે. એ રીતે આપણે સૂચન કરવું જોઇએ નહીં કે વિરોધ કરીને. આપણો આ જે એક મહિનાનો સમય છે સત્રનો તે પૂરો થઇ જશે અને તે પૂરો થઇ ગયા પછી આપણી પ્રજા તે જ જગ્યા પર રહેશે. તો આજે જે માગણીઓ છે તો તેમાં મને એટલી ખબર પડે કે આપણા તાલુકાનો કોઇપણ વિષય હોય, જિલ્લાનો વિષય હોય તે આપણે તેમના ધ્યાને મૂકવો જોઇએ. જેનાથી તેમના ધ્યાન પર આવે અને આપણું કામ થાય. મારી આપ સૌને વિનંતી છે કે આપણે પ્રજાના પ્રતિનિધિઓ છીએ તો પ્રજાની લાગણી સમજી તેની સાથે રહેવું જોઇએ. આભાર.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડીયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી જે માગણી નં.૭૦ અને ૭૧ લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

આ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે ગામડાંનો વિકાસ કર્યો છે તે આજે ઉડીને આંખે વળગે છે, ગામડાંનો વિકાસ આજે દેશ માટે દિશાસૂચક બની રહ્યો છે. ત્યારે ૧૯૯૫ની સાલથી મને ગ્રામ પંચાયતની અંદરથી ચૂંટાઇને જિલ્લા પંચાયતના સ્તર સુધી વિકાસના કામો કરવાનો મોકો મળ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે હું જિલ્લા પંચાયતમાં ચૂંટાઇને ગયો ત્યારે સુરત જિલ્લા પંચાયતમાં આ ગરીબ લોકોને હુડકો આવાસ યોજનામાં જે તે અવસ્થામાં એટલે કે ગૌચરની જમીનમાં તેમને હુડકો આવાસમાં લોન આપવામાં આવતી હતી. તે ગરીબ લોકોને જે આવાસો બાંધી આપવામાં આવેલા, તેના નામે જમીન પણ હતી નહીં અને આ ગુજરાતની

સરકાર જયારે ૧૯૯૫ની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે જિલ્લા પંચાયતમાં શાસન સંભાળ્યું ત્યારે તે ગરીબ આદિવાસી સમાજના લોકોને, જે તે અવસ્થામાં રહેતા લોકોને તેમના નામ પર પ્લોટ કરી આપ્યા. આ ગુજરાત સરકારે તેના માટે, ગરીબ આવાસો માટે જયારે બાવકુભાઇ એમ કહેતા હતા કે, ગરીબ લોકોને જે આવાસ આપવામાં આવે છે તે ખોટા આવાસો આપવામાં આવ્યા છે. પરંતુ આજે સન્માનનીય સભાગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા જોઇએ કે, ૧૭ થી ૨૦ના લાભાર્થી હતા તે સમગ્ર ગુજરાતના લાભાર્થીઓને આ ગરીબ કલ્યાણ યોજનામાં તેને ૨૧ હજાર રૂપિયાનો ચેક આપી દેવામાં આવ્યો. તેના ખાતાની અંદર જમા કરી દેવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ મહાત્મા ગાંધીજીના મંદિરમાં સમગ્ર ગુજરાત રાજયના સરપંચોને બોલાવીને સંમેલન કરવામાં આવ્યું અને એ સંમેલનની અંદર આ સરપંચોને એમ કહેવામાં આવ્યું કે, આ ગુજરાતમાં રહેતા સમગ્ર આદિવાસી સમાજ કે દરેક સમાજના ગરીબ વર્ગ છે એ વર્ગને બીપીએલ હોય કે ન હોય એ સમગ્ર સમાજને પાકા આવાસો બનાવી આપવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ પંચામૃત શક્તિથી આ ગુજરાતનો વિકાસ કરવાનો આરંભ કરેલો. ગામડાંમાં અમે જઇએ ત્યારે ગામડાંના લોકો અમને એમ પૂછે છે કે, આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ પંચામૃત શક્તિથી જે વિકાસ કરવાની દિશા અપનાવી છે એ પંચામૃત શક્તિ એટલે શું? ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે પંચામૃત શક્તિની વાત કરી ત્યારે ગામડાંના લોકો કહેતા હતા કે, જયારે ગામડાંની અંદર સત્યનારાયણ ભગવાનની કથા થતી હોય છે ત્યારે પંચામૃત બનાવવામાં આવે અને પંચામૃતની પ્રસાદી વહેંચવામાં આવતી હતી અને એ રીતે આ ગુજરાતની વિકાસની ગાથાની પંચામૃત શક્તિથી જે શરૂઆત કરેલી અને એ પંચામૃત શક્તિએ આજે એટલી બધી ઉંચાઇ પર આ ગુજરાતને પહોંચાડ્યું છે કે વિશ્વના દેશોમાં ગુજરાતના વિકાસની નોંધ લેવામાં આવે છે, એ પ્રકારે આ પંચામૃત શક્તિનો વિકાસ થયો છે. આ ગુજરાત રાજયની અંદર એને આવકારતાં હું આનંદ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ સરકારની અંદર આ ગુજરાતના ગ્રામ પંચાયતના સરપંચોને, આદિવાસી વિસ્તારના સરપંચોને આ પંચાયતની અંદર, આ બજેટની અંદર જયારે દસ હજાર રૂપિયા સ્વતંત્ર રીતે વાપરી શકે એવી જોગવાઇ કરવામાં આવતી હોય ત્યારે આ ગુજરાતના સરપંચોને વિકાસના કામ કરવા માટે, પારદર્શક વહીવટ કરવા માટે એને જે તક મળવાની છે એ આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જે ગરીબ કલ્યાણ મેળાઓ થયા અને ગરીબ કલ્યાણ મેળામાં ૯૭૪ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ થયા અને એમાં ગરીબોને જે લાભ મળ્યો છે એ પારદર્શક વહીવટથી એમને લાભ મળ્યો છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો અને મારાં સૂચનો રજૂ કરવા માટે આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ વિભાગ એ ગરીબો માટેનો વિભાગ છે, ગરીબોને રાહત થાય, ગરીબોનું જીવનનિર્વાહ સારી રીતે થાય એ માટેની વ્યવસ્થા આ વિભાગ કરતું હોય છે પરંતું મારે એ બહુ દુઃખ સાથે કહેવું છે કે, કે અત્યારે આ જે વિભાગ કે જે ગરીબોની સેવા માટેનો વિભાગ હતો એ વિભાગ એક •(xxxxxx) રાજકીય કાર્યકર્તાઓને સાચવવા માટેનું એક સાધન બની ગયેલું છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો આપણે કાઢી નાખીએ છીએ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક (xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ જે છે એ અસંદીય શબ્દો છે, એ કાઢી નાખવામાં આવે છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોની ઉપર ભારતીય જનતા પાર્ટીના જવાબદાર આગેવાનો કે જેમની ઉપર દસ દસ હજાર કેરોસીનના કાળાબજાર કરવાના કેસો થયેલા છે એવા લોકોને અમદાવાદ શહેરમાં આ જે નાગરિક પુરવઠાની કમિટી છે એ કમિટીની અંદર એમને મેમ્બર તરીકે મૂકવામાં આવ્યા છે. આપણે શું કહેવા માગીએ છીએ? આજે પરિસ્થિતિ એવી છે કે, કાળાબજારીયાઓ એટલા બધા ફાલ્યાફૂલ્યા છે કે કેરોસીન લેવા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માટે જે ગરીબ મહિલાઓ છે એમને સવારે ચાર વાગે લાઇનમાં બોલાવવામાં આવે છે. સવારે ચાર વાગ્યે ઉભા રહે છે અને સવારે છ વાગ્યે એમને કેરોસીન આપવામાં આવે છે. એ લોકો પાસે પૂરતા માપિયા પણ હોતા નથી અને કલરના જે ડબ્બા હોય એનાથી એમની મરજીથી ગણતરી કરીને કેરોસીન લોકોને આપતા હોય છે. આવો એક કેસ મેં જાતે પકડીને કરાવ્યો છે, ધારાસભ્ય તરીકે મેં સવારે પાંચ વાગે શાહપુરની અંદર જાતે રેડ કરી હતી. મને કહેતા દુઃખ થાય છે કે ગરીબો માટેનું જે અનાજ છે એ અનાજ બારોબાર વેચાઇ જાય છે અને બારોબાર ટ્રકો બહાર જતી રહે છે. એક ટ્રક મેં જાતે શાહપુર વિધાનસભા મત વિસ્તારમાંથી પકડીને આપી હતી. આ જે જવાબદારી છે એ રાજકીય આગેવાનોની છે કે ગરીબોને માટેના જે પ્રશ્નો છે એ હલ થાય અને ગરીબોને રાહત થાય એવી જગ્યા (xxxxxx) અને રાજકીય લોકો (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એવી વાતો થાય છે કે, દસ વરસની અંદર ગુજરાતમાં દૂધ અને ઘીની નદીઓ વહી ગઇ, પણ આવું નથી. વાસ્તવિક ચિત્ર જુઓ તો આજે બી.પી.એલ. નું જે લાવ્યા છે એ એન.ડી.એ. સરકારની દેન છે. એન.ડી.એ. સરકારે ગરીબ લોકોને મર્યાદિત કરી દેવા માટે, ગરીબ લોકોને ઓછી સહાયત આપવી પડે, ગરીબ લોકોને પૂરતા પ્રમાણમાં સહાય ન મળે એ માટે એમને બાંધી દેવા માટે આ બી.પી.એલ.માં ફેરફાર કર્યો છે એ એન.ડી.એ. સરકાર લઇને આવી હતી. આજે પરિસ્થિતિ એવી છે કે, ગરીબ લોકો બી.પી.એલ.ની યાદીમાં આવતા નથી અને ઘણાં પૈસાદાર લોકો બી.પી.એલ.ની યાદીમાં છે. મારી પાસે લિસ્ટ છે એમાં ઘણાં પૈસાદાર લોકો એની અંદર સામેલ છે. જેમનો અધિકાર છે, જેમનો હક છે એ લોકો આનાથી વંચિત રહી જાય છે. કઇ રીતે બી.પી.એલ.ની યાદી બનાવવામાં આવે છે, એના ધારા ધોરણો શું છે, રાજય સરકારે શું નક્કી કર્યા છે એ મારા દિમાગની સમજમાં આવતું નથી. આ યોજના કેન્દ્ર સરકારની સો ટકા છે પણ એનું અમલીકરણ રાજય સરકાર કરે છે એ તમને જાણ હોવી જોઇએ. રાજય સરકારની ભૂલોને લીધે કે રાજય સરકારની નિષ્ફળતાને લીધે આજે ગરીબોને આનો ભોગ બનવું પડે છે. અધિકારીઓને જ્યાં સુધી ડિલરો હપતા ન આપે ત્યાં સુધી એમને પુરવઠો આપવામાં આવતો નથી અને જ્યાં સુધી આ હપતા રાજ ચાલશે ત્યાં સુધી ગરીબોને પૂરતા પ્રમાણમાં કેરોસીન કે અનાજનો જથ્થો મળવાનો નથી. જ્યારે ઘઉં કે ચોખા સારી ક્વોલિટીના જેને કહેવાય એવો ઉત્તમ ક્વોલિટીનો પુરવઠો ઉપરથી આપવામાં આવે છે એ પુરવઠો બારોબાર વેચાઇ જાય છે એની મેં પોતે નાગરિક પુરવઠા વિભાગમાં અમદાવાદમાં ફરિયાદ કરી છે, ઘઉંના સેમ્પલ આપ્યા છે એવા ઘઉં આ કાળા બજારીયાને આપ્યા હતા એ કાળા બજારિયાઓ એ ઘઉંને બદલે જે ગાય અને ભેંસ જેવા જાનવરો પણ ન ખાય એવો અનાજનો જથ્થો આપણી સરકારની નિષ્ફળતાને લીધે લોકોને આપી રહ્યા છે.

હું આપને છેલ્લે સૂચન કરવા માગુ છું કે, માનનીય મંત્રીશ્રી આ વિભાગની અંદર જે સાચી વાત હતી, જે મારી વેદના હતી એ મેં વ્યકત કરી છે તમે બધી અપેક્ષા અમારાથી રાખો કે તમે જેમ વખાણ કરો છો એમ અમે પણ તમારા વખાણ કરીએ તો એ નહીં બને. સો ટકા તમે સારું કામ કરશો તો અમે વખાણ પણ કરીશું પણ તમે જ્યારે ખોટું કરતા હોવ તો કાન પકડવાની જવાબદારી અમારી છે. હું આપને કહેવા માગુ છું કે, બી.પી.એલ. યાદીમાં થોડો સુધારો કરવો જોઇએ આપે સૂચના આપવી જોઇએ કે જે લોકો વિધવાબેનો છે, અપંગ છે એવા લોકો છે કે જેમને ફકત દીકરીઓ છે એવા લોકોને પ્રાથમિકતા આપવી જોઇએ એવો સરકારે પરિપત્ર કરવો જોઇએ અને આ જે નિઃસહાય લોકો છે, ગરીબ લોકો છે એમના માટે આ કામ અમે અહીંથી કરીશું, તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, આમાં માનનીય મંત્રીશ્રી એમ જ કહેવાના કે આ તો કેન્દ્ર સરકારની યોજના છે. કેન્દ્ર સરકારની યોજના છે પણ રાજય સરકારે પણ અલગ યોજના બનાવવી જોઇએ.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે ૨૨ અને ૨૩ એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું ત્યારે આ સન્માનનીય સભાગૃહમાં હું જણાવવા માગુ છું કે અન્ન અને નાગરિક પુરવઠો, ગ્રાહક બાબતોના વિભાગની ૮મી નવેમ્બર ૧૯૬૫થી એક અલગ વહીવટીય વિભાગ તરીકે એની રચના કરવામાં આવી છે. આ કચેરીએ મુખ્યત્વે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજ, ખાંડ, કેરોસીન વિતરણ વ્યવસ્થા ગોઠવેલ છે. લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જરૂરિયાતમંદ કુટુંબોની અન્ન સલામતી ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે.બી.પી.એલ., એ.એ.વાય., એ.પી.એલ. કેટેગરીના રેશનકાર્ડ ધરાવતા કુટુંબોને વાજબી ભાવની દુકાનો મારફતે નિયત ભાવે ઘઉં, ચોખા, કેરોસીન, ખાદ્યતેલ, આયોડીનયુક્ત મીઠું આપવામાં આવે છે. આ ભા.જ.પ.ની સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી

નરેન્દ્રભાઇના માર્ગદર્શન હેઠળ જાહેર વિતરણ વ્યવસ્થામાં આધુનિકરણ કરવાનું એક સરસ પગલું હાથ ધરેલ છે, રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થાના માળખાને સુદ્રઢ બનાવવા માટે કાર્ડધારકના કુટુંબની સામાજિક, આર્થિક વિગતો સાથે બાયોમેટ્રિક ટેકનોલોજીના ઉપયોગ વડે માહિતી મળી રહે તે માટે બારકોડ રેશનકાર્ડ અને કુપન પદ્ધતિ ૨૦૧૦માં અમલમાં મૂકવામાં આવી. તારીખ ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં આ ગુજરાતમાં ૩૨,૩૨,૦૪૫ બારકોડ રેશનકાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યા, હાલમાં બારકોડ બાયોમેટ્રિક લઇ વિતરણ કામગીરી ચાલુ છે, બાયોમેટ્રિક આધારિત બારકોડ કૂપન પદ્ધતિ એપ્રિલ, ૨૦૧૧થી શરૂ કરવામાં આવી એના પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૨૨૫ જેટલી વાજબી ભાવની દુકાનોને આવરી લેવામાં રેશનકાર્ડના દુકાનધારકોને વાજબીભાવની દુકાનદીઠ કાર્ડધારકોના નામ અને કાર્ડનો પ્રકાર, કુટુંબની સંખ્યા તેમજ માસ દરમ્યાન અપાયેલ જથ્થાની વિગતો જિલ્લાવાર, તાલુકાવાર માહિતી વેબસાઇટ ઉપર સમગ્ર દેશમાં કદાચ પ્રથમ વખત ભારતમાં મૂકવામાં આવી છે એ આ ગુજરાત રાજ્યમાં છે.

આ વિભાગ સીધેસીધા જરૂરિયાતમંદ અને ગરીબ વર્ગના જીવનધોરણને સ્પર્શતો વિભાગ છે. જરૂરિયાતમંદ અને મધ્યમવર્ગના લોકોના પેટનો ખાડો પૂરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના સબળ નેતૃત્વ હેઠળ આ વિભાગ દ્વારા જરૂરિયાતમંદ તથા મધ્યમવર્ગને વધુમાં વધુ લાભ મળે તેવા કાર્યો કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં વાજબી ભાવની દુકાનો તારીખ ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ૧૭૨૯૦ કાર્યરત છે તેનું નામાભિધાન "પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર" રાખવામાં આવેલ છે, સાચા અર્થમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કદાચ આખા દેશમાં કોઇ કરી રહ્યું હોય તો આ ભા.જ.પ સરકાર છે, આ માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર છે. ઓનલાઇન ડેટાએન્ટ્રી કરવાથી નોંધ કાર્ડ સંખ્યા ધ્યાને રાખીને દુકાનદાર પાસે અગાઉના માસનો બંધ જથ્થો ઓનલાઇન શોધી શકાય છે. મામલતદાર કક્ષાએથી પરમીટ ઇસ્યુ, હમણાં જ સભ્યશ્રી કહેતા હતા કે પરમીટ આપવામાં ગેરરીતિ થાય છે, ભાઇ હવે તો પરમીટ ઓનલાઇન ઇસ્યુ કરવામાં આવે છે. પહેલાના જમાનામાં કોંગ્રેસની સરકારમાં જ્યારે પાંચ પાંચ દિવસ થતાં હતા આઠ આઠ દિવસ થતાં હતાં એ હવે ઓનલાઇન આપવામાં આવે છે અને દુકાનદાર સીધો બેન્કમાં જઇને ચલણ ભરી આવે છે પૈસા ભરે છે અને એને તુરત જ ઓર્ડર ઇસ્યુ કરવામાં આવે છે આવી અદ્યતન સગવડ આ માનનીય નરેન્દ્રભાઇની સરકારે કરી છે. જેના કારણે સમયસર જથ્થો ગ્રાહકોને અને દુકાનદારોને મળી રહે છે.

માનનીય ગ્યાસુદ્દિનભાઇને કહીશ, મારા વિપક્ષના મિત્રોએ હમણાં કહ્યું કે ડિસેમ્બર, ૨૦૧૨ની સ્થિતિએ બી.પી.એલ. ના કાર્ડ હેઠળ જે ગરીબ લોકો આવે છે એ લોકોને ઘઉં ૩,૭૬,૫૨૪ મે.ટન આ વરસમાં આપવામાં આવેલ છે, ચોખા ૧,૭૩,૮૪૪ મે.ટન, અંત્યોદય યોજના હેઠળ ૧,૮૪,૪૭૬ મે.ટન ઘઉં અને ચોખા ૧,૫૫,૬૦૪ મે.ટન અને એ.પી.એલ. હેઠળ ૧૧,૯૪,૬૬૦ મે.ટન ઘઉં આપવામાં આવેલ છે અને એડિશનલ એડહોક માટે ૨,૨૫,૨૫૫ મે.ટન અને ચોખા ૯૬,૨૧૭ મે.ટન આપવામાં આવેલ છે. આ બધી યોજનાઓ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં થઇ રહી છે. ગરીબોની સંખ્યા ભારત સરકારે ૧૯૯૩-૯૪ની ટકાવારી તથા ૨૦૦૦ની વસતિના આધારે ધ્યાનમાં લઇને કુલ ૨૧ લાખ ગરીબ કુટુંબો નક્કી કરેલ છે જે પૈકી ૮.૯ લાખ કુટુંબો અંત્યોદય કુટુંબ છે, ભારત સરકાર ૨૧.૨૦ લાખ કુટુંબોની સંખ્યાને ધ્યાનમાં લઇને અનાજની ફાળવણી કરે છે જ્યારે રાજ્ય સરકાર ૩૨ લાખ જેટલા ગરીબ કુટુંબોને અનાજનું વિતરણ કરી આપે છે. આમ અત્યારે ૧૧ લાખ વધારાના ગરીબ કુટુંબોને અનાજ વિતરણની યશસ્વી કામગીરી આ રાજ્ય સરકાર કરી રહી છે. દુઃખ સાથે જણાવવાનું કે તાજેતરમાં રાજ્ય સરકારે ૩૨ લાખ કુટુંબોની અનાજ ફાળવણી માટે રજૂઆત કરેલ છે પણ હજીસુધી કેન્દ્રની કોંગ્રેસની સરકારે કોઇપણ પ્રત્યુત્તર પાઠવેલ નથી. કેરોસીનની જે કપાતની વાત કરે છે મારા વિપક્ષના મિત્રો, ત્યારે કહીશ કે ૨૭ ટકા કેરોસીનની કપાત આપની કેન્દ્રની કોંગ્રેસની સરકારે કરેલી છે. એલ.પી.જી. ગેસની જ્યારે વાત કરવા જઉં ત્યારે પહેલાં જે ૧૨ બાટલા આપવામાં આવતા હતા તેના બદલે પહેલાં ૬ કર્યા અને પછી ૯ કર્યા છે. અત્યારે એક કુટુંબની વાર્ષિક આવક રૂપિયા ૧,૫૫૮.૫૦ સરેરાશ લોસ થઇ રહ્યો છે. લોસ થઇ રહ્યો છે. એટલે વાર્ષિક ૧૦૪૧.૨૩ કરોડ રૂપિયા વાર્ષિક લોસ ગુજરાતની પ્રજાને થઇ રહ્યો છે. હમણાં જ એક સરવે આવ્યો હતો તેમાં એક સરસ વસ્તુ આવી છે મારા વિપક્ષી મિત્રો સાંભળજો. ભૂખમરા વચ્ચે ૫૦ લાખ ટન ઘઉંની નિકાસ શા માટે? કેન્દ્રની વિચિત્ર નીતિ. આ અનાજથી ૩૨ કરોડ ભૂખ્યા નાગરિકો છે ત્યારે ૫૦ લાખ ટન અનાજ આ ભારતની સરકારે, કેન્દ્ર સરકારે આયાત કરવાની છૂટ આપી છે. ગુજરાતીમાં કહેવત છે કે, ઘરના છોકરાં ઘંટી ચાટે ત્યારે ઉપાધ્યાયને આટો આપવા ના જવાય. આપણી સરકારને આ કહેવતની જાણ નથી લાગતી. જયારે દેશના ૩૨ કરોડ નાગરિકો ભૂખમરાથી પીડાય રહ્યાં છે ત્યારે કેન્દ્રની ખાનગી વેપારીઓની સરકારી ગોદામમાંથી ૫૦ લાખ ટન ઘઉંની નિકાસ કરવાની છૂટ આપે છે. જયારે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કે, જો ઘઉં સડતા હોય તો આપણા ભારતમાં જે ગરીબ કુટુંબો છે તેને સસ્તા ભાવે ઘઉં કેમ નથી આપતાં ?

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાગરિક પુરવઠા અને ગ્રામ ગૃહ નિર્માણની તેમની જે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું પણ મારા વિચારો રજૂ કરવા અને ગામડાંને લગતાં એક-બે સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જોવા જઇએ તો આપણી પરિસ્થિતિ શું છે અને ગામડાંની ભૌગોલિક પરિસ્થિતિ શું છે તે તો ગામડાંમાં રહેતો હોય તેને ખબર પડે. ગામડાંનો છેલ્લો મજૂર જયારે સસ્તા અનાજની દુકાને વસ્તુ લેવા જાય તો તેને વારંવાર ધક્કા પડતા હોય છે. પેલો કાળાબજાર કરવાવાળો બારોબાર જાય અને આને બે-ચાર ધક્કા પડે એટલે તે લેવાનું જ ભૂલી જાય અને તે બારોબાર વેચાઇ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એ વાત કરવી છે કે, સામેના ભાજપના સત્તાપક્ષવાળા કહે છે કે વચેટિયા, વચેટિયા, વચેટિયા. માનનીય અધ્યક્ષશ્રી, હવે તો વચેટિયા જ નીકળી ગયા છે જે થાય છે તે ડાયરેકટ જ થાય છે. વચેટિયા છે જ નહીં સાહેબ. આ પાર્ટીના કવોટાવાળા હોય અને તે લેવા જાય તો કહે અમારી સરકાર છે. સાહેબ, આ બધું આમ ચાલે છે. મંત્રીશ્રીને મારી એક વિનંતી છે કે આવું ના થાય અને ગરીબનું ગરીબ સુધી પહોંચે એવી વ્યવસ્થા કરજો એવું મારું એક સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે ગામડાંમાં બધા ખેતરોમાં જતાં રહેલા છે. જે ગામડાંમાં એક એક ગાઉં ઉપરથી તે લેવા આવતા હોય તો તેમને પૂરતી વસ્તુ મળતી નથી અને અંતે તેઓ ધક્કા ખાઇ-ખાઇને પાછાં જાય છે. એટલે મારી સૌને વિનંતી છે કે તેમને વસ્તુ મળે એવી વ્યવસ્થા થાય તો બરાબર છે. મારે એક બીજી વાત બી.પી.એલ.ની કરવી છે. તેમાં એવી પરિસ્થિતિ છે કે, જે લોકો ખરેખર મજૂરી કરે છે અને બી.પી.એલ. છે તેઓ રહી ગયા છે અને જે લોકો માલદાર છે એવા લોકો બી.પી.એલ. થઇ ગયા છે. દસ-દસ લાખની ગાડીઓ ફેરવનારા બી.પી.એલ.છે. આવા બી.પી.એલ.ના રહે તેની તપાસ કરાવજો એવી મારી સૌને વિનંતી છે. મારા ગામમાં તલાટી એ ગામનું મુખ્ય અંગ છે. આમ તો ૬૦ જેવી જગ્યાઓ મને લાગે છે ખાલી છે. તો આ તલાટીઓ ભરાય અને ગામનો વહીવટ થાય એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બસ મારે તો એટલું જ કહેવું છે કે ગરીબને ન્યાય મળે અને તેનો હક્ક તેને મળે એવું મંત્રીશ્રીને મારું સૂચન છે.

શ્રી જશુભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રીના ધ્યાન ઉપર એક મુદ્દો લઇ આવવો છે.

મુદ્દો જુનાગઢ જિલ્લાને સબંધિત છે કે અમારે ત્યાં ૪૭ ગ્રામ પંચાયતો એવી છે કે જેને ફોરેસ્ટ લાગુ પડે છે અને ભૂતકાળમાં સેટલમેન્ટ કમિશનરોને મૂકવામાં આવ્યા અને લગભગ છ હજાર હેકટર જેટલી જમીન પંચાયત હસ્તકની ગૌચર અને રેવન્યુ હસ્તકની જમીનને પ્રોટેકટેડ ફોરેસ્ટની અંદર કમિશનરો મૂકીને અને એના હક્ક સાથે તબદીલ કરવામાં આવી. ત્યારે એ ૪૭ ગામોને આજે એના હક્ક છે એમાં વન વિભાગને કારણે એના હક્ક ઉપર તરાપ ઉભી થઇ છે. એના રસ્તાના મુદ્દા ઉપર પીવાના પાણી પહોંચાડવાના મુદ્દા ઉપર વીજળી પહોંચાડવાના મુદ્ ઉપર તરાપ ઉભી થઇ છે. જમીન આપણી છે, પ્રોટેકટેડ ફોરેસ્ટ માટે આપી છે, એની અંદર સેટલમેન્ટ કમિશનરે જે તે હક્ક આપેલ છે તેમ છતાં એ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેથી આપના લેવલે ઉપર અને વન મંત્રીશ્રીના લેવલ ઉપર એકાદ મિટિંગ કરીને એના પ્રશ્નનો ઉકેલ થાય તો લોકોની સુવિધા લોકો સુધી પહોંચે નહિતર એમને સુવિધા મળી શકતી નથી એટલા મુદ્દા ઉપર માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારુ સમર્થન આપું છું.

"આપણા ગુજરાતના મુખ્યમંત્રી બહુ શાણા અને એમને વખાણે છે દેશને દુનિયાના માણા, એવી વાતો કરે છે એવા ગુણ ગાય છે ગુજરાતના માણા, આ તો મારો વહાલો મોદી કયાંથી તાણી લાવે છે વિકાસના નાણાં" મારો મત વિસ્તાર ધંધૂકા છે, અને ધંધૂકાની એક કહેવત છે કે " દીકરીને બંદૂકે દેજો પણ ધંધૂકે ન દેતા." આ ધોલેરાની ધરતી છે તે સાવ ખારો પાટ છે, એ દરિયાને કાંઠે આવેલ છે, રણ જેવું છે એની એવી ધરતી છે કે ત્યાં કંઇ પાકવાનું નથી. પાંચ-સાત વરસ પહેલા ત્યાં પાંચ-છ હજાર વીઘા જમીનનો ભાવ હતો, આજની તારીખમાં ત્યાં આગળ પાંચથી છ લાખ રૂપિયા વીઘાનો ભાવ છે. આને સો ગણો વિકાસ કહેવાય. સામેના મિત્રોને મારે કહેવું છે કે આ એક દસકાની અંદર સો ગણો વિકાસ થયો છે.

આજે ગુજરાતના કોઇપણ ખૂણે અકસ્માત થાય કે કોઇપણ બહેન દીકરી ગરીબ ઘરની હોય અને એને પ્રસુતિની પીડા ઉપડી હોય અને ફોન કરેને ૧૫ મિનિટમાં ૧૦૮ આવે અને એનું દુઃખ દૂર થઇ જાય અને આ રીતે

તાત્કાલિક ગુજરાતમાં હજારો ભાઇ બહેનોના જીવ બચાવ્યા એ જ આ નરેન્દ્રભાઇ મોદી કે જેના બધાયના પુણ્યથી નરેન્દ્રભાઇ મોદીની સાચી સદ્ભાવના કહેવાય. આપણા ગુજરાતની અંદર મા નર્મદાનું પીવાનું પાણી, ચારે બાજુ ફોરલેન રોડ, ૨૪ કલાક વીજળી અને સારા ગુજરાતની અંદર એક દસકાની અંદર આપણા વિકાસ પુરુષ નરેન્દ્રભાઇ મોદીએ આ બધું ઉભું કર્યું છે આને કહેવાય વિકાસ. કોંગ્રેસે ૪૦ વરસ સુધી રાજય કર્યું છતાંય લઘુ ઉદ્યોગના નાના નાના કારીગરોના વિકાસમાં સહભાગી ન બન્યા અને આજે ફકત એક જ દસકાની અંદર લઘુ ઉદ્યોગો અને નાના નાના માણસોના વિકાસ કર્યો છે એ જ છેલ્લી ત્રણ ચૂંટણીનું પરિણામ બતાવે છે. ગુજરાતનો નાનામાં નાના માણસે આ વાત કરી છે ત્યારે આનું નામ કહેવાય વિકાસ, આનું નામ કહેવાય વીર પુરુષ, એનું નામ કહેવાય મરદ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી.

આપણા ગુજરાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીના વડપણ નીચે ૯૭૦ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન થયું અને ૭૦ લાખ લોકોને હાથોહાથ સરકારી કર્મચારીઓએ સરકારની ૧૧ લાખ કરોડની સહાય આપી, આનું નામ વિકાસ કહેવાય. આપણા ગુજરાતની અંદર ઘણા દીકરાઓ એવા છે કે પોતાના મા–બાપના મોતિયા નથી ઉતરાવતા પણ આ મુખ્યમંત્રીશ્રીએ ઢોરના કેમ્પ કરીને મૂંગા પશુઓના મોતિયા ઉતરાવ્યા. આનું નામ વિકાસ કહેવાય. આપણા ગુજરાત ઉપર કેટલાય વરસ કોંગ્રેસે રાજય કર્યું અને કેટલાય મુખ્યમંત્રીશ્રીઓ બદલાઇ ગયા, આપણા ગુજરાતની અંદર જન્મેલા વિકાસ પુરુષ અને વીર પુરુષ મહાત્મા ગાંધીજીએ કે જેણે આ દેશને આઝાદ કરાવ્યો અને સાચી લોકશાહીના આપણને દર્શન કરાવ્યા. અત્યાર સુધીમાં કેટલાય મુખ્યમંત્રીશ્રી બદલાઇ ગયા કે કોઇને એક પણ દિવસ વિચાર ન આવ્યો કે લાવો મહાત્મા ગાંધીનું મંદિર ગાંધીનગરમાં નિર્માણ કરીએ. આ એકજ વિકાસ પુરુષ અને વીર પુરુષ છે કે જેણે થોડા સમયમાં મહાત્મા ગાંધીનું મંદિર બનાવ્યું માનનીય બળદેવજીને જવાબ આપું કે ૧૯૯૫ ની સાલમાં હું કોંગ્રેસમાં હતો અને વારંવાર ચૂંટણી પ્રચારમાં જતા હતા ત્યારે ઘણીવાર ગામડાંવાળા એવી વાતો કરે કે વાળુનો સમય થયો હોય અને કોઇકના ઘરે બેસવાનો વારો આવ્યો હોય અને અચાનક ગામડાંમાં વીજળી જાય અને બેનો–માતાઓના મોઢેથી અમે કાનોકાન શબ્દો સાંભળેલા છે કે મારા વાલીડા, વાળુ ટાણે હખ નથી લેવા દેતા. માનનીય અધ્યક્ષશ્રી, આપણાં ગુજરાતમાં જે કોઇ યોજનાઓ થઇ એ તમારી નજર સમક્ષ કેટલા બધા શૌચાલયો બંધાયા. શાળા શૌચાલયો બંધાયા. આંગણવાડી, સામૂહિક વિકાસ, ચેકડેમો, બોરીબંધો અસંખ્ય યોજનાઓ થઇ. કોંગ્રેસના રાજમાં ૪૦ વર્ષના શાસનમાં માત્ર ૧૧ યુનિવર્સિટી હતી. આપણાં રાજયમાં આજે ૪૨ યુનિવર્સિટી છે. આનું નામ વિકાસ કહેવાય.

‘‘ ગુજરાતની છ કરોડની જનતાને મળ્યો છે નરેન્દ્રભાઇ હિરો, જેણે કોંગ્રેસને કરી નાખી છે ઝીરો,
ગુજરાતના છ કરોડ ભાઇ, બહેનો અને માતાઓ કહેશે કે હવે દિલ્હી પોગશે મારો વીરો.’’

અધ્યક્ષશ્રી : હવે માગણી પર આવો.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : આનું નામ વિકાસ કહેવાય. મારો જે કંઇ સમય હતો તે પૂર્ણ કરું છું અને માગણીઓને સમર્થન આપું છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોની માગણીઓ લઇને આવ્યો છું તેમાં લગભગ ૧૦થી ૧૨ મિત્રોએ આ ચર્ચામાં ભાગ લીધો છે. જોગાનુજોગ આજે ગ્રાહક દિન સમગ્ર રાષ્ટ્ર ઉજવી રહ્યું છે અને તે જ દિવસે ગ્રાહકોની બાબતોની માગણીઓ રજૂ કરવાનો અવકાશ પ્રાપ્ત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ હું કેટલાક મિત્રોએ જે રાજકીય અવલોકનો અને સજેશનો કર્યા છે તેનો જવાબ આપું છું. માનનીય બાવકુભાઇ અને મિત્રોએ જે વાત કરી કે બી.પી.એલ. કાર્ડ, કેરોસીન, લીટી મારીને એમ કહી દે કે તમારી દીકરીના મેરેજ થઇ ગયા, હવે કેરોસીન નહીં મળે. કેટલાક મિત્રોએ એવી વાત કરી કે માલ લેવા જાય ત્યારે દુકાને માલ મળતો હોતો નથી. ધક્કા ખાય છે. દુકાનદાર બારોબાર માલ વેચી નાખે છે. કેરોસીનનો જથ્થો બારોબાર વેચી નાખે છે. ઓલઓવર જનરલી આ પ્રકારની ફરિયાદો મિત્રો મારફત મળી છે. બી.પી.એલ. કાર્ડ અંગેની પણ કેટલીક વાતો થઇ. મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે કે બી.પી.એલ. કાર્ડની નીતિઓ છે તે રાજય સરકાર નથી કરતી, એ નીતિ કેન્દ્ર સરકાર કરે છે અને ભારત સરકારની નીતિઓના આધારે જે નિયમો છે તે નિયમોના આધારે બી.પી.એલ. કાર્ડ નીકળતા હોય છે. તેમાં કોઇ રાજકીય પક્ષો બી.પી.એલ. કાર્ડની ભલામણ કરવા કે ફોર્મ ભરવા જતા નથી. ઘરમાં એક બલ્બ હોય, પંખો હોય, ટી.વી. હોય. આ ભારત સરકારના નિયમની અંદર આવે છે. આ વસ્તુ હોય તો તેને બી.પી.એલ. કાર્ડ મળે નહીં. આજે કોઇ પણ કુટુંબ એવું નહીં હોય કે જેના ઘરમાં એક બલ્બ ન

હોય. ટ્યૂબલાઇટ ન હોય કે પંખો ન હોય. જેના કારણે એ ખરેખર ગરીબ છે. બી.પી.એલ.ને પાત્ર છે છતાં તેને આ ધોરણના કારણે કાર્ડ મળતું નથી.

જે પ્રમાણે કહેવામાં આવ્યું કે અનાજ અને કેરોસીનનો જથ્થો, સબ રોગકી એક દવા. આ બારકોડેડ રેશનકાર્ડ બધા જ રોગનું નિદાન અને તેની દવા છે. આ કાર્ડના કારણે જેના બાયોમેટ્રિક નમૂના લેવાયા હશે, જેનો અંગૂઠો મારેલો હશે, જેનો ફોટો હશે એ માણસ જયાં સુધી પોતે નહીં જાય, એ કુટુંબનો માણસ જેણે અંગૂઠો આપેલો હશે એ કાર્ડ લઇને નહીં જાય ત્યાં સુધી દુકાનદાર માલ આપી શકવાનો નથી. આ ભૂતકાળના આજ સુધીના અનુભવો છે તેના આધારે રાજય સરકારનો આ નિર્ણય છે અને આવતા દિવસોમાં સંપૂર્ણ બારકોડેડ રેશનકાર્ડ વહેંચાઇ જશે. ત્યારે આ પ્રકારની એકપણ ફરિયાદ ગુજરાત રાજ્યમાં રહેશે નહીં. સાથોસાથ હું એ પણ કહેવા માગું છું કે, આ ગરીબ જનતા માટે, ગરીબ લોકો માટે આવતું અનાજ ચોખા, ખાંડ, કેરોસીન, તેલ એના ઉપર માત્રને માત્ર આ ગરીબ લોકોનો અધિકાર છે અને એના ઉપર તરાપ મારવાનો કોઇને અધિકાર નથી. મારે એ પણ કહેવું છે કે, લીગલ મેટ્રોલોજી ક્લોઝ બાબતની વાત થઇ. પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ અને ડિઝલ ઓછું આપે છે. મારે સભ્યશ્રીઓને જણાવવું છે કે, રાજય સરકાર આવા કોઇપણ વ્યક્તિને છાવરવા માગતી નથી. ૨૦૧૧-૧૨ના વર્ષમાં ૩૫૮૭ કેસો થયા છે અને એપ્રિલ ૨૦૧૧થી ફેબ્રુઆરી ૨૦૧૩ સુધીમાં ૨૫૩૧ કેસો થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારની માનનીય બાવકુભાઇએ લોટના ખટારાની વાત કરી, એવું કાંઇ થતું નથી. માનનીય સભ્યશ્રીને કહેવું છે. વચ્ચે મને માનનીય જવાહરભાઇની વાત યાદ આવી એ કહું છું. મને પણ એક વસ્તુ યાદ આવે છે. રાજકોટના એક મુશાયરાના કાર્યક્રમમાં ગયો હતો અને મુશાયરામાં એક કવિએ કહ્યું,

'' જૂઠ બોલે કૌઆ કાટે, ધોળે કૌએ સે ડરીયો, વો કોયલે ભી ખા જાયેગેં, તુમ દેખતે રહીયો.''

ખરેખર આખેઆખા કાળા થઇ ગયેલા લોકો હોય અને એમ કહે કે, ૨ ખટારા લોટની ચોરી કરનાર ૫ વ્યક્તિ સામે પી.બી.એમ. થયા છે. ૬ વ્યક્તિના પરવાના રદ થયા છે, ૧ નિગમના વ્યક્તિ સસ્પેન્ડ થયા છે અને ૧૩ કર્મચારીઓને કારણદર્શક નોટીસ આપીને ખુલાસો પૂછવામાં આવ્યો છે. અમે એકપણ વ્યક્તિને છાવરવા માગતા નથી. હવે હું મારી વાત ઉપર આવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ગરીબોની બેલી અને અન્ન પુરવઠા વિભાગ એ ગુજરાત રાજ્યની પ્રજાને અને દરિદ્ર નારાયણને પૂરતા અનાજનો જથ્થો મળે એની કામગીરી કરી રહ્યું છે, એનો પૂરાવો એ છે કે, ૨૦૦૧-૦૨ની સાલમાં રૂ.૧૫૬/- કરોડનું બજેટ આ વિભાગનું હતું. મારે કહેવું છે કે, ૨૦૧૩-૧૪ના ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ.૪૭૬.૯૧ કરોડની જોગવાઇ આ વિભાગ માટે કરવામાં આવી છે. રૂ.૧૫૬/-કરોડની સામે રૂ.૪૭૬/- કરોડ આ માટે હું માનનીય નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ દેશમાં એવા ૩ મહાન સપૂતો થઇ ગયા, જે વિવિધ વિચારધારાઓથી જોડાયેલા હતા. મહાત્મા ગાંધી, દિન દયાળ ઉપાધ્યાય અને ડો. રામ મનોહર લોહિયા. જે એક જનસંઘ સાથે, એક કોંગ્રેસ સાથે અને એક સમાજવાદી પાર્ટીની વિચારધારા સાથે જોડાયેલ હતા. આ ત્રણેયની વિચારધારા ગરીબો માટે, દરિદ્ર નારાયણ માટે, છેવાડાના માનવીના ઉદ્ધાર માટેની હતી. મને કહેતાં આનંદ થાય છે કે, આ સરકાર છેવાડાના માનવીના ઘર સુધી આ માલ પહોંચે એની ચિંતા કરે છે.

પુરવઠા અને કાનૂન બાબતે જે પ્રકારે કહેવામાં આવ્યું કે, કાંઇ થતું નથી. તો મારે મિત્રોને જણાવવું છે કે, અત્યાર સુધીમાં અનાજની દુકાનોમાં ગેરરીતિ કરનાર લોકો સામે, ભેળસેળ કરનાર લોકો સામે એક વર્ષની અંદર ૪૨ લોકો સામે પી.બી.એમ. કર્યા છે, ૪૨ જણાને બ્લેક માર્કેટીંગ નીચે પી.બી.એમ.માં મોકલ્યા છે. પંડિત દિન દયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવવાદના સિદ્ધાંતના આધારે એકપણ દરિદ્ર નારાયણ ભૂખ્યો અને તરસ્યો ન રહે એના માટેની ચિંતા રાજ્ય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીનો ઉપયોગ આ રાજય સરકારે શરૂ કરીને જાહેર વિતરણ વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા માટે જે સુવિધાઓ કરી છે એના કારણે જે સિદ્ધિ હાંસલ થઇ છે એમાં કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયા દ્વારા ઇ-ગવર્નન્સ એકસલન્સ એવોર્ડ ડિસેમ્બર-૨૦૧૨માં આ રાજય સરકારને આ કામગીરી સબબ મળ્યો છે. નામદાર સુપ્રીમ કોર્ટે પણ આ બારકોડેડ કાર્ડને વખાણ્યું છે અને બાકીના બીજા રાજયોને પણ અપનાવવા માટેની સૂચના આપી છે. કેન્દ્ર સરકારે પણ આ બારકોડેડ કાર્ડની પ્રશંસા કરી છે અને આ ટેકનોલોજીનો ઉપયોગ કરીને બારકોડેડ કાર્ડ કુટુંબનો ડેટા એકઠા કરવાનું, યોગ્ય કેટેગરીનું રેશનકાર્ડ બનાવવાનું અને ભૂતિયા અને બોગસ કાર્ડ નાબૂદ કરવાનો એમ મહત્વનો હિસ્સો આ બારકોડેડ રેશન કાર્ડ આવતા આગામી દિવસોમાં બનવાનું છે.

એક પાયલોટ પ્રોજેકટ પણ આ સરકારે પ્રાયોગિક ધોરણે હાથ ધર્યો છે. રાજયના ૨૨૫ તાલુકામાં જેમ કહેવામાં આવે કે અમે દુકાને જઇએ અને માલ મળતો નથી, એ આવતા દિવસોમાં સવાલ ન રહે એટલા માટે ગ્રામ્ય

વિસ્તારમાં જે ઇ–ગ્રામ યોજના નીચેના કોમ્પ્યુટર એકટીવ છે એ કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને ત્યાં કોઇપણ ગ્રાહક પોતાનું કાર્ડ લઇને જાય એ કાર્ડના આધારે એને મળવાપાત્ર કેટલો જથ્થો છે, કેટલું કેરોસીન મળવાનું, કેટલું અનાજ મળવાનું, કેટલી ખાંડ મળવાની અને એની સામે કેટલા પૈસા ચૂકવવાના છે આ તમામ વસ્તુ એકી સાથે પાંચ રૂપિયા ભરવાથી એને મળવાની છે અને એ પાંચ રૂપિયા છે એ બી.પી.એલ. કાર્ડધારકને પૈસા ભોગવવાના નથી, એનો ખર્ચ સંપૂર્ણ રાજય સરકાર ભોગવવાની છે. એ.પી.એલ. કાર્ડવાળો કોઇપણ માણસ જાય અને એ આ પ્રકારની કોઇ વ્યવસ્થામાં કુપન કઢાવે તો એને ત્રણ રૂપિયા ભરવાના છે. આના કારણે આગામી દિવસોમાં ઇ–ગ્રામ યોજના નીચે હજારો લોકોને રોજી પણ મળવાની છે. બારકોડેડ રેશનકાર્ડની મેં વાત કરી, રાજય સરકારે ચાલુ વર્ષમાં એના માટે દસ કરોડની જોગવાઇ કરી છે. હયાત રેશનકાર્ડ ૧ કરોડ અને ૨૫ લાખ હતા અને એની સામે જે ફોર્મ ભરાણા એ ફોર્મની ચકાસણી થઇ અને ચકાસણીમાં ૧ કરોડ અને ૯ લાખ જેટલા કાર્ડ ચકાસણી કરતા માન્ય રહ્યા છે બાકીના કોઇના સરનામા બદલાઇ ગયા હોય, બાકી હોય એના કારણે એટલા કાર્ડ ઓછા થયા જેના કારણે ૧૬ લાખ જેટલા કાર્ડની સંખ્યામાં ઘટાડો થાય છે. ૨૦૧૩ના ફેબ્રુઆરીના અંત સુધીમાં આ બારકોડેડ કાર્ડ લગભગ ૪૫ લાખ જેટલા ઇશ્યુ પણ થઇ ચૂકયા છે.

અનાજની વાત થતી હતી કે કેટલીક બારોબાર ટ્રક નીકળી જાય, કેટલીક બારોબાર વ્યવસ્થા થઇ જાય એ ન થાય એના માટે પારદર્શક વ્યવસ્થા ઓન લાઇન પરમીટ પદ્ધતિ કરી છે. તમામ ડેટા ફીકસ કરેલા છે. કોઇપણ દુકાનધારક પોતાની દુકાનેથી ઓન લાઇન ઉપર એનું બુકીંગ કરાવી શકે છે. વ્યકિતનો જથ્થો કાર્ડના જથ્થા પ્રમાણે કેટલો માલ મળવાનો છે, કેટલો એની પાસે માલ સ્ટોક છે એ બાદ કરીને મળવાપાત્ર જથ્થો એને ઓન લાઇન મળે છે અને ઓનલાઇન એને કેટલા પૈસા ભરવાના છે એ પૈસાની રકમ પણ એને ઓનલાઇન મળે છે. એને મામલતદાર ઓફીસના ધકકા ખાવા પડતા નથી એટલે એને બાકીના જે હપ્તાની વાત છે એ કોઇ સવાલ આવવાનો નથી.

બીજી મહત્વની વાત એ છે કે દુકાનેથી જયારે માલ લઇને રેકડી કે રેકડો કે ટ્રક કે છકડામાં લઇને જતા હોય અને માલ જયારે બારોબાર સગેવગે થઇ જતો એ ન થાય એના માટે ડોર સ્ટેપ ડીલેવરીની યોજના આ રાજય સરકારે દાખલ કરી છે ૨૦૧૩–૧૪ની સાલમાં સાડા ચૌદ કરોડની જોગવાઇ આના માટે કરી છે. જેના કારણે ગોડાઉનથી એની દુકાન સુધી માલ પહોંચાડવાનું કામ આ રાજયની આ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા કરશે અને એના કારણે પ્રત્યેક દુકાનદારને હજારથી બે અઢી હજાર રૂપિયા સુધીનો ફાયદો રહેવાનો છે.બી.પી.એલ. યોજનાની જે વાત થતી હતી. બી.પી.એલ.ની યોજનામાં રાજ્ય સરકાર દ્વારા ૨ રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા આજે વિતરીત કરવામાં આવે છે. જેમાં ઘઉંમાં ૩.૩૪ પૈસા અને ચોખામાં ૩.૯૭ પૈસા સબસિડી રાજ્ય સરકાર ભોગવે છે અને એના માટેની જોગવાઇ ચાલુ વર્ષમાં ૧૬૦ કરોડની છે. અંત્યોદય યોજના જે ટોટલ ભારત સરકારે ૨૦૦૦ની વસતિ ગણતરીના આધારે ૧૯૯૩–૯૪ના ગરીબોની ટકાવારીને ધ્યાને લઇને ૨૧.૨૦ લાખ જેટલા ગરીબ કુટુંબો નક્કી કર્યા છે અને એના આધારે કેન્દ્ર સરકાર રાજ્યને અનાજ અને કેરોસીનની ફાળવણી કરે છે. આ ૨૧.૨૦ લાખમાં ૮ લાખ ૯ હજાર જેટલા અંત્યોદય કુટુંબોનો પણ સમાવેશ થાય છે. મારે કહેવું છે કે આ રાજ્ય સરકાર આ ૨૧.૨૦ કુટુંબો નહીં પણ ૩૨ લાખ કુટુંબોને ૩૫ કિલો અનાજ સસ્તા ભાવે આપે છે. જેમ કેન્દ્ર સરકારની ફુડ સિક્યોરિટી યોજના છે એમ રાજ્ય સરકારે તો ૨૦૦૨ના વર્ષથી આનો અમલ શરૂ કર્યો છે. આમાં ૧૧ લાખ જેટલા કુટુંબો માટેનો જથ્થો કેન્દ્ર સરકાર રાજ્યને ન આપતી હોવા છતાં એ જથ્થો રાજ્ય સરકાર પોતે ગરીબોને ફાળવે છે.

ભૂતકાળમાં આપણને ખ્યાલ છે કે અનાજની પ્રાપ્તિ, ચોખાની પ્રાપ્તિ એ સરકાર લેવી મારફત લેતી હતી. બાજરીની લેવી, ડાંગરની લેવી અને એ લેવી લઇને ગરીબોને આપતી હતી અને ખેડૂતોનું શોષણ કરીને આ ગરીબોને અપાતું હતું. મારે કહેવું છે કે આ રાજ્ય સરકારે આ લેવી પ્રથા નાબૂદ કરીને ખેડૂતોનું શોષણ ન થાય એના માટે ખુલ્લા બજારમાંથી માર્કેટ ભાવે ઘઉં અને ડાંગર લેવાનું નક્કી કર્યું છે અને ટેકાના ભાવો જાહેર કરીને જાહેરાત કરી છે કે કોઇપણ વચેટિયા વગર સીધો ખેડૂત ઓન લાઇન બુકીંગ કરાવી અને એ બુકીંગના આધારે રાજ્ય સરકાર માલ લેવા માટે તૈયાર છે. ૭૫ હજાર ટન જેટલા ઘઉં લેવા માટે રાજ્ય સરકારે ટેન્ડરો કર્યા છે. જે પ્રકારે માલ હોય પણ માલ રાખવાની જગ્યા ન હોય, તાલુકા કક્ષાએ માલ રાખવાના ગોડાઉન ન હોય તો એના માટે રાજ્ય સરકારે તાલુકા કક્ષાએ ગોડાઉન બનાવવા માટે ૫૭.૪૩ કરોડની જોગવાઇ કરી છે. નાબાર્ડમાંથી ૪૨.૭૫ કરોડની લોન લઇને એની વ્યવસ્થા કરી છે. લોકોની કુલ માસિક ૭૮ કિલોલિટર કેરોસીનની જરૂરિયાત સામે કેન્દ્ર સરકાર માત્ર ૫૬,૧૩૨ કિલોલિટર કેરોસીન આપે છે. ૨૭ ટકા જેટલો કાપ કેરોસીનમાં અને આપણે ગરીબોની વાત કરીએ છીએ કે ગરીબોને કેરોસીન મળતું નથી? એક બાજુ ૨૭ ટકા કાપ મૂકો અને બીજી બાજુએથી કાગારોળ કરીએ એ બે વસ્તુનો ક્યાંય મેળ બેસતો નથી.

ગ્રાહક તકરાર નિવારણ માટેની પણ વ્યવસ્થા રાજ્ય અને કેન્દ્ર સ્તરે વ્યવસ્થિત ચાલે છે. કાનૂની માપ વિજ્ઞાનમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની આ ભા.જ.પા. સરકારે અન્ન સલામતિ, ટેકનોલોજીનો મજબૂત આધાર આપી દરિદ્ર નારાયણની સેવા કરવાનો, રોજીરોટી મકાન આપવાનો, સદ્ભાવના પ્રસરાવવાનો અને અન્ય સુવિધાઓ સમગ્ર રાજ્યમાં આપવાનો યજ્ઞ આદર્યો છે. આપણા મુખ્યમંત્રીશ્રી અને સંવેદનશીલ કવિહ્રદય ધરાવતા શ્રી નરેન્દ્ર મોદી એમની કાવ્યપંક્તિમાં લખે છે, કાવ્ય પંક્તિમાં લખ્યું છે કે–

**''અન્ન, વસ્ત્ર, સંસ્કાર, સુવિધા સહજપણે અહીં સુલભ હશે**
**લીલીછમ ધરા, અહીંયા તારા ભેળું ના હશે**
**એકતા, સમતા અને મમતાને અમે જતન કરી જાળવીશું**
**અમે અજવાળા પાથરીશું, ઘરે ઘરે અજવાળા પાથરીશું''**

માનનીય અધ્યક્ષશ્રી, મારી આ વાત સાંભળીને જે જે માનનીય સભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત મૂકી છે એ મારી વાતમાં સમર્થન આપી કાપ દરખાસ્ત પાછી ખેંચી લે અને સર્વાનુમતે આ દરખાસ્ત સ્વીકારે એવી વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણી ઉપર જે જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે, સૂચનો કર્યા છે, સમર્થન આપ્યું છે એ બધાનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જસુભાઇએ જે વાત કરી અને માનનીય વનમંત્રી સાથે બેઠક કરીને એમના પ્રશ્નનું નિરાકરણ લાવવાની વાત કરી છે. હું એ સૂચનને સ્વીકારું છું અને વહેલામાં વહેલી તકે માનનીય વનમંત્રી સાથે અમે બેઠક કરીને તમે જો રજૂઆત કરી હશે તો એ પત્રના આધારે અમે વિચારણા કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક ફરિયાદો થઇ કે પાત્રતા સિવાયના બી.પી.એલ. છે. આ સમાજની બિમારી છે. આપણા સૌની બિમારી છે. તમારું નામ જાહેર નહિ થાય, તમે મને લખીને મોકલી આપજો કે તમારા ગામની અંદર આ પાત્રતા સિવાયના બી.પી.એલ. લાભાર્થીએ લાભ લીધો છે. તમારું નામ જાહેર નહિ કરીએ, અમે પગલાં લઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, બાવકુભાઇ કહેતા હતા કે ૨૮૮ લોકોને બી.પી.એલ. નહોતા છતાં લાભ આપ્યાં. એ વાત સાચી નથી. એ દિવસ હતો સ્વ. પરમપૂજ્ય બાબાસાહેબ આંબેડકરજીનો અને એ દિવસે ૦ થી ૧૬માં જે લાભાર્થીઓ હતા એમને ઇન્દિરા આવાસનો અમે લાભ આપ્યો અને ૧૭ થી ૨૦ના છે એમાં રાજ્ય સરકારની જે યોજના છે, સરદાર આવાસ એનો લાભ આપ્યો છે. જવાહરભાઇએ એવું કહ્યું કે, મરેલા લોકોના નામે નાણા ઉપાડવામાં આવ્યાં છે એ વાતની પણ તપાસ કરી છે, એ વાતમાં કાંઇ તથ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત અમિતભાઇએ કરી કે, કોમ્પ્યુટર અને ઇન્ટરનેટ ચાલુ નથી. હું આંકડા આપને આપું છું કે કુલ ૧૩૬૮૫ જે આપણી ગ્રામ પંચાયતો છે એમાંથી ૧૨૬૭૯ કોમ્પ્યુટર ઇન્ટરનેટ સાથે આજ દિન સુધી ચાલુ છે. તમારા રાજ્યની સ્થિતિ તો જુઓ? એક પણ રાજ્ય એવું છે જ્યાં ૨૫% ચાલુ હોય. કારણ કે તમારે ત્યાં વીજળી જ નથી અને અહીંયા તો ૧૦૦% વીજળી છે એટલા માટે ૯૮% કોમ્પ્યુટર આ રાજ્યમાં ચાલુ છે. તાલુકા વિકાસ અધિકારી અને તલાટીઓની પણ વાત થઇ. વહીવટી રીતે અત્યારે ૧૭૯ જગ્યાઓ ભરવાની પ્રોસીઝર ચાલુ છે. માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના સૌ સભ્યશ્રીઓને મારે જણાવવું છે કે નિવૃત્ત થયેલા જે ટી.ડી.ઓ. છે એમને પણ ૧૧ મહિનાના કરારના ધોરણે આપણે લઇએ છીએ તો જે પણ સૂચન આવશે તો અમે નિયમોનુસાર યોગ્ય કરીને આપણે રાજ્યમાં કોઇપણ તાલુકા પંચાયત ટી.ડી.ઓ. વગરની ના રહે એ કરવું છે. તલાટીઓની જગ્યા ભરવાની વહીવટી પ્રોસીઝર ચાલુ છે. ભૌગોલિક રીતે કોઇ એક તાલુકો હોય, એને ૧૫ તલાટી ખૂટતાં હોય એ આગામી સમયમાં ભરીશું. હાલ તુરત ગુજરાતનું એક પણ ગામડું તલાટી વિહોણું ના રહે એટલા માટે આ વચ્ચેની વ્યવસ્થા ભૌગોલિક રીતે તલાટીને નજીકના બે–ત્રણ ગામોની જવાબદારી સોંપવામાં આવે અને એને નજીકમાં હોય, અઠવાડિયામાં ટાઇમ ટેબલ ગોઠવીને બે–ત્રણ, બે–ત્રણ ગામોમાં એ સોમ–મંગળ, બુધ–ગુરુ, ગુરુ–શુક્ર અવી રીતે કરે અને એ તલાટી, જે કાર્યક્રમ જાહેર કર્યો એ પ્રમાણે એ ન જાય તો અમે બધી જ ગ્રામ પંચાયતોના સરપંચોને અમે પોસ્ટ કાર્ડ આપ્યા છે, નથી આપ્યા તો અમે આપવાના છીએ. અને એ સરપંચ લખીને મોકલી આપે ડી.ડી.ઓ.ને કે આ અઠવાડિયામાં સરપંચ નથી આવ્યા, તો એના ઉપર અમે પગલાં લઇશું એટલે કોઇપણ ગામ, કોઇ પણ ગ્રામ પંચાયત એ તલાટી વગર ન રહે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩–૧૪ના બજેટ મૂકતાં મને ખૂબ ધન્યતા અને હર્ષની લાગણી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીના એક હૃદય સમાન કાવ્ય સંગ્રહ છે એની એક પંક્તિ છે, " અન્ન, વસ્ત્ર, સંસ્કાર, સુવિધા સહજપણે અહીં સુલભ થશે " અને એ આવાસના રૂપમાં. આ આગવું ગુજરાત છે,

આપણું ગુજરાત છે. ગરીબમાં ગરીબ પરિવારને એ કલ્પના હોય છે કે, એક એવું ઘર મળે, આ વિશ્વમાં જયાં કશાક કારણ સિવાય હું જઇ શકું. મારા પોતાના ઘરે જઇ શકું એવી દરેક માણસની એક કલ્પના હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની હેઠળ વંચિતોનો વિકાસ, ઘર વિહોણાને પોતાનું ઘર મળે, પોતાની મૂળભૂત જરૂરિયાત મળે એની વ્યવસ્થા પણ મારા વિભાગ દ્વારા કરવામાં આવી છે. આગામી વર્ષમાં ૧,૩૦,૬૯૮ આવાસો બાંધવાનો લક્ષ્યાંક પણ નકકી કરવામાં આવ્યો છે.

ચૂંટણીના ત્રણ–ચાર મહિના પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સરપંચ સંમેલનમાં એક જાહેરાત કરી હતી કે, આ ઉપરાંત પણ જે બી.પી.એલ.માં નથી આવતા એવા લોકો, પણ માની લો કે, એ કાચા મકાનમાં રહેતા હશે તો? એ કાચા મકાનની જગ્યાએ એને પાકું મકાન કરવા માટેની યોજના પણ માનનીય મુખ્યમંત્રીએ જાહેર કરેલી. કેટલી ઝડપથી આ કામગીરી, મને કહેતાં એ વાતનો આનંદ છે કે, આ સરવેનું પણ કામ ૭૦ થી ૮૦ ટકા લગભગ દરેક જિલ્લાએ પૂરું કર્યું છે. પણ બધાની એક ફરિયાદ છે કે, ગામડાં તૂટતા જાય છે. લોકો શહેર તરફ જાય છે. એટલા માટે જાય છે કે, એને સુવિધા નથી મળતી એટલા માટે. હું સામા બેઠેલા મારા મિત્રોને પૂછું છું કે, દેશમાં કોઇ પણ રાજકારણીએ ૬૫ વર્ષની અંદર આનો ઉકેલ શોધ્યો છે ખરો? મેં અગાઉના એક ભાષણમાં અહીંયા જ કહ્યું હતું કે, સમસ્યા, નિદાન અને ઉકેલ. ઉકેલ શું ? ઇનોવેટીવ ઉકેલ જોઇએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ એનો ઇનોવેટીવ ઉપાય એ કર્યો છે કે, આત્મા ગામડાંનો, સુવિધા શહેરની. ગામડાંમાં શહેરની સુવિધાઓ અને ગામડાંનો આત્મા હોય એને રહેવું ગમે ત્યાં અને એટલા માટે આ ગામડાં તૂટતા જાય છે એની ચિંતા સૌ કરે છે, ચર્ચા બધા કરે છે પણ ઉપાય માનનીય મુખ્યમંત્રીશ્રી એકલા જ કરે છે અને એના ઉપાય માટે એક "ર્રબન યોજના" કરી. "ર્રબન", કોઇ ડિક્સનરીમાં તમને નામ નહીં મળે, તમે કોઇએ સાંભળ્યું નહીં હોય કે ર્રબન શું છે ? પણ પેલો આત્મા અને સુવિધાની જે વાત કરી છે એવી જ રીતે ર્રબન એટલે રૂરલ અને અર્બનને ભેગું કરીને એટલે કે, ગ્રામ્ય અને શહેર, ર્રબન એક યોજના બનાવી અને અત્યારે એ ૨૫૫ ગામોની પસંદગી થઇ છે જેમાંથી ૮૫ ગામોમાં એની કામગીરી ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ કલ્યાણ મેળાને તમે કોઇ પણ દ્રષ્ટિથી જુઓ પણ જે ગરીબને હાથોહાથ મળે છે, દુનિયાના કેમેરાની સામે મળે છે. વ્યક્તિગત સહાય મળે છે. હું વારંવાર એ શબ્દપ્રયોગ નહીં કરું પણ એ આપણે બધા સામાજિક કાર્યકર્તાઓ છીએ, આ પાર્ટી હોય કે પેલી પાર્ટી હોય પણ આ બિમારી આપણે જોઇ છે. ફોર્મ ભરવાના પણ પૈસા લેવામાં આવે અને બાકી સુવિધા મળે એના માટે પણ પૈસા લેવામાં આવે. આ ગરીબ કલ્યાણ મેળા થયા પછી પેલા ગરીબને પણ આત્મવિશ્વાસ આવ્યો છે કે, મારે કોઇને પણ એક પૈસો આપવાની જરૂર નહીં પડે. હજારો લોકોની હાજરીમાં મને હાથોહાથ આગેવાન, કોઇ મંત્રી હવે એપ્રિલ–મેમાં શરૂ થવાના છે. હું તમને બધાને આમંત્રણ આપું છું કે, આવો અને પછી ટીકા કરો અને એમાં મિત્રો કોઇ પણ પ્રકારનો કોંગ્રેસ કે ભા.જ.પ.ના ભેદભાવ સિવાય, આ બધા ગરીબ માણસો મૂળભૂત રીતે, આટલા વર્ષોથી હિન્દુસ્તાનની રાજનીતિ રહી છે, ગરીબ લોકો કોંગ્રેસ સાથે રહેતા હોય છે. અને એવા ૮૦ ટકા ૯૦ ટકા કોંગ્રેસના સમર્થક મતદાર ૬૫ વર્ષની આઝાદી સુધી રહેલા એવા લોકોને કોઇપણ પ્રકારનો ભેદભાવ નહિ, કોંગ્રેસ કે ભાજપ. મત ભલે કોંગ્રેસને આપે અને હજુ પણ લાભ લેનારાએ બધાએ અમને મત આપ્યા છે એવું નથી. એવો સહેજ પણ ભેદભાવ રાખ્યા વગર એ માણસ છે ને, એટલે અમે ગરીબ માણસોને મત તરીકે જોતા નથી માણસ તરીકે જોઇએ છીએ. અને કેટલા ફાયદા થયા છે. ગઇકાલનો કડિયો એ આજનો કોન્ટ્રાક્ટર બન્યો છે. દરજી, સુથાર, લુહાર, મોચી, દૂધવાળો, વાળંદ આ રાજ્યનો ગરીબ માણસ પોતાના પગ ઉપર ઊભો રહે. અત્યાર સુધી આમ હાથ કરીને ઊભો રહેલો ગરીબ માણસ આજે અમારા ગરીબ કલ્યાણ મેળામાંથી એ ૫ હજાર, ૬ હજારની કીટ લઇને જાય અને પ્રમાણિકતાથી એ સાઇકલનો ઉપયોગ કરે, ટ્રાયસીકલનો ઉપયોગ કરે, આપેલી કીટનો ઉપયોગ કરે, બધો ઉપયોગ કરે. એક વખત આવો. મારું તમને બધાને આમંત્રણ છે. જુઓ, અમે તમારા હસ્તે અપવીશું અને પછી ટીકા કરજો. એવી નાની બાબતમાં ન પડો. તમને આમંત્રણ તો આપવામાં આવે છે. નામ લખ્યું હોય કે ન લખ્યું હોય એવી નાની બાબતમાં ન પડો. આવો તમે 'વસુદેવ કુટુંબકમ.' આ દુનિયા નાની બની ગઇ છે તેનો લાભ માત્ર ૨૦ ટકા શહેરના લોકોને જ મળે અને ગામડાંના લોકોને ન મળે. અહીંયા આપણે બેઠા છીએ. અહી તમે કે અમે બેઠેલા હોઇએ. અહીંયા મોકલવામાં ગામડાંના લોકોનો પણ હિસ્સો છે. બધી સુવિધા અને હું વ્યક્તિગત રીતે માનું છું કે શહેરમાં જરૂરિયાત કરતા વધારે સુવિધા અને ગામડાંમાં જરૂરિયાત કરતા ઓછી સુવિધા. એનો ર્રબન ઉપાય. અને બીજો ઉપાય મુખ્યમંત્રીશ્રીએ 'વસુદેવ કુટુંબ કમ'. ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજનાનો અમલ કરીને કર્યો છે. શું ગરીબનો દીકરો એ હોંશિયાર હોય, એને કોમ્પ્યૂટર ચલાવવું હોય તો એ ગામડાંમાં રહે છે એ ગુનો કર્યો છે? ના, હું હમણા દાખલો આપી ગયો કે ૯૮ ટકા ગામડાંમાં અને એનો લાભ લે છે. જ્યોતિગ્રામ યોજના. એટલા માટે લે છે કે પાર્ટીના લેવલ ઉપર ટીકા ન કરો. સરવે કરાયો છે. થર્ડ પાર્ટી સરવે કરાવ્યો

છે. છાપામાં આવે ત્યારે તમે જુઓ કે આનો કેટલો લાભ મળે છે અને ૧ થી ૧૦ માં આવનારા કે ૧ થી ૧૦ કે ૨૦ માં આવનારા ધોરણ–૧૦ કે ૧૨ ના વિદ્યાર્થીઓમાં પહેલા માત્ર અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાના વિદ્યાર્થીઓ આવતા હતા અને હવે ગ્રામીણના વિદ્યાર્થીઓ પણ આવે છે આ એનો પુરાવો છે. એના કારણે એ યુવાનને ત્યાં કામગીરી મળે છે. એ આવક, ટેક્સ, આકારણી, વીજ બિલ, રેશન કાર્ડ, આર.ટી.ઓ. જેવી કામગીરીમાં જોડાયો છે.

સમરસ, આમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના છે કે કોંગ્રેસની પંચાયત બનતી હોય તો ભલે બને. વાંધો નથી, પણ એ સમરસ બને એટલા માટે મને અને તમને ખબર છે કે સમરસ ન થાય તે માટે તમે બધા પ્રયત્નો કરો છો. કરો.(અંતરાય)શ્રી જોષીયારા મને બોલવા દો. હું કોઇ રાજકીય અવલોકન નથી કરતો. હું સાચી રીતે વાત કરું છું. મહેરબાની કરીને મને રોકો નહિ. સામાજિક સદ્ભાવના અને સરપંચની ચૂંટણીમાં પેઢીઓના વેરનું વાવેતર થાય છે. આપણને ખબર છે કે પેઢીઓ સુધી વેરઝેર ચાલે છે. એના બદલે વિકાસનાં કામ પણ થાય. સંપ, એકતાના દર્શન થાય અને સૌ સાથે મળીને નિર્ણય કરે અને જે પંચાયત સમરસ થાય છે, એને રાજ્ય સરકાર પ્રોત્સાહન આપે છે. વિકાસ માટે ૧ લાખ, ૨ લાખ એ પહેલી વાર થયા, બીજી વાર થયા હવે તો અમે સી.સી. રોડ અને સોલાર લાઇટ પણ આપવાના છીએ. મને કહેતા આનંદ થાય છે કે વિરોધ છતા જો સમગ્ર રીતે બધા ભેગા થઇને નક્કી કરીએ, તો એ આંકડો ૮૦ ટકા, ૯૦ ટકા ગુજરાતમાં શક્ય છે, કેમ કે ગુજરાતનો સમાધાનનો સ્વભાવ છે. તેમ છતા ૨૩ ટકા પંચાયતો આજના દિવસે સમરસ છે.

કોઇક દિવસ તે સમરસ થયેલી પંચાયતમાં બેસો, ભાજપની હોય કે કોંગ્રેસની હોય બેસો. તેને સાંભળો. કેટલો આનંદ હોય છે. તેને પ્રોત્સાહન આપો. જીત્યો છે એને કે જેની પસંદગી થઇ છે તેને અભિનંદન ન આપો, પણ જેણે જતું કર્યુ છે તેને અભિનંદન આપો. આ એક મહત્વાકાંક્ષી અને સારી યોજના છે તેમાં ભાજપ કોંગ્રેસ લાવ્યા સિવાય આ ગુજરાતમાં ભવિચષ્માં હું આશા રાખું કે આનો આંકડો વધે.

મુખ્યમંત્રીશ્રી કહેતા હોય છે, મને છબીમાં નહીં, પરસેવાની સોડમાં માણો, યોજનાઓના અંબારની સોડમાં વિસામો, અમે ગુજરાતનો વિકાસ ગાંધીજીના ગ્રામ સ્વરાજના સપના સાથે કરવા માગીએ છીએ. તે સરદાર સાહેબની દ્રઢ સંકલ્પ શક્તિ હોય, રવિશંકર મહારાજની સરળતા હોય, ઇન્દુચાચાના પદ્દચિહ્નો ઉપર અમે જવા માગીએ છીએ અને ગુજરાતને દેશનું શ્રેષ્ઠ પંચાયતી રાજ થાય તેના માટેના પ્રયત્નો કરવા માગીએ છીએ. આ બધા જ કામ માટે મારા વિભાગમાં ૨૪૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તેમાં ૧૬૫૦ કરોડ પંચાયત માટે અને ૮૦૦ કરોડ તે ગ્રામ વિકાસ વિભાગ માટે છે. આ બધા જ કામમાં સરદાર પટેલ આવાસ યોજના તેમાં પણ ૧૬૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આમ બજેટના કુલ ૬૪ ટકા જેટલી રકમ આ કામ માટે ફાળવી છે. ઇ–ગ્રામ માટે ૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. રર્બન માટે ૧૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સમરસને વધારે પ્રોત્સાહન મળે તે માટે ૭૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

ગામડું સ્વચ્છ રહે તે જરૂરી છે. સ્વચ્છ રહે એટલા માટે રાજ્ય સરકારે કોઇ પ્રોત્સાહન આપવું પડે, કોઇ મદદ કરવી પડે અને એટલા માટે ૩૮.૬૦ કરોડની જોગવાઇ તે માટે કરવામાં આવી છે. હમણાં મેં ગરીબ કલ્યાણ મેળાની વાત કરી તેમાં ૧૧ હજાર કરોડ રૂપિયા, તેના આંકડા પહેલાં ન્હોતો બોલ્યો એટલે બોલું છું. મારા કોઇ સાથી સભ્ય પણ બોલ્યા છે. ૭૪.૩૩ લાખ લાભાર્થીઓને લાભ મળ્યો છે. ૭૪ લાખમાંથી એક લાભાર્થીને જઇને પૂછવાનું કે તને લાભ મળ્યો છે ખરો? ના મળે તો અમે બેઠા છીએ. ગરીબ કલ્યાણ મેળાની યોજના રાજ્ય સરકાર આ વખતે પણ ચાલુ રાખવાની છે. બેકવર્ડ રીજીયન ગ્રાન્ટ ફંડ માટે પણ આ વર્ષે ૧૫૪.૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

વિકાસ થાય, વિકાસ થાય, પણ લોકોમાં થોડીક આધ્યાત્મિકતા આવે, ધાર્મિક ભાવના આવે એટલા માટે સમરસની સાથે જે ગામની અંદર ત્રણ વર્ષ સુધી એકપણ ગુન્હો ન બન્યો હોય, તે કોના લાભમાં છે? પ્રયત્ન કરવામાં આવે કે ગુન્હો ન બને, બન્યો હોય તો તાત્કાલિક સમાધાન થાય. તેવા ત્રણ વર્ષ વીતાવવામાં આવે તો અમે તેને તીર્થગ્રામ કહીએ છીએ અને તેને ૧ લાખ રૂપિયા આપીએ છીએ. પાંચ વર્ષ હોય તો ૨ લાખ રૂપિયા આપીએ છીએ. કોના લાભમાં આ થાય છે. ઉપરથી પૈસા મળે છે. ઝગડો થાય તો કોર્ટ, કચેરીના ધક્કા ખાય છે, સમય બગડે છે, પૈસાનો વ્યય થાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની આ ઇનોવેટીવ યોજના છે તેમાં રાજકારણને એકબાજુ મૂકીને તમે તમારા વિસ્તારમાં અમલ કરો તો કંઇ ખોટું નથી. રાજયમાં શાંતિ રહે તે બધાના લાભમાં છે. છેલ્લા ૧૨ વર્ષમાં આપણે જોયું છે કે એકપણ દિવસ કે કલાકનો કરફ્યુ નથી. તો તેનો લાભ અમને એકલાને નથી મળ્યો, તમને પણ મળ્યો છે. આપણને બધાને મળ્યો છે. છાસવારે કરફ્યુ થાય. લાલદરવાજા ન જવાય, શાહપુર ન જવાય, કાલુપુર ન જવાય. તે એકલા કોંગ્રેસ કે ભાજપવાળા માટે હોય છે? બધા માટે હોય છે. તમે પણ હેરાન થયા હશો, અમે પણ હેરાન થયા છીએ. અમારા ૧૨ વર્ષના શાસનની અંદર એક કલાકનો કરફ્યુ નથી આવ્યો. તે વખતે આખા રાજયના લોકોને લાભ

મળ્યો છે. આ તીર્થ અને પાવન ગામ માટે ૧૪.૦૧ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. શહેરમાંથી મહેમાન આવે, લગ્ન પ્રસંગ હોય, સારો નરસો પ્રસંગ હોય. સાંજ પડે એટલે અને શહેરમાંથી આવતો હોય એટલે ફરવા જતો હોય તો ગામડાંમાં જવું કયાં? કોઇને વિચાર આવ્યો. ગામડાંના લોકો મહેમાન આવે એટલે બહું બહું તો મંદિર લઇ જાય. તેનાથી વિશેષ મંદિર પછી બેસવું કયાં? આ રાજય સરકારે પંચવટી નામની યોજના કરી. ધારાસભ્યશ્રીના પૈસા હોય, રાજય સરકારના પૈસા, ગામના પૈસા, એ બધા ભેગા મળીને સરસ મજાનો બગીચો થાય, ધારાસભ્યશ્રી પોતાની ગ્રાન્ટમાંથી ત્યાં બાંકડા મૂકે અને સુંદર મજાનું વાતાવરણ થાય અને આ યોજના થયા પછી ગામના દાનવીરોએ બાળકો માટે ત્યાં નિસરણી અને બાકીના રમતગમતના સાધનો મૂક્યા અને એના કારણે સાંજ પડે એટલે બાળકો, નિવૃત્ત લોકો એ સાંજ પડવાની રાહ જૂએ કે ચાલો મંદિરે દર્શને જઇશું અને પછી ત્યાં પંચવટીમાં બેસીશું અને એમની મુશ્કેલી કાયમ માટે બંધ થઇ છે અને એના માટે આ વખતે ૩ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરપંચ સમેલનોમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જાહેર કર્યું કે એક વર્ષમાં સરપંચને એના સરભરા ખર્ચ માટે કોઇએ કહ્યું કે એટલા ઓછા પડે છે પણ પહેલાં તો હતા જ નહીં, એના બદલે દસ હજાર રૂપિયા આપે છે. એવી રીતે જોઇશું તો જે ઇનોવેટીવ કામો છે, ગ્રામ વિકાસ વિભાગમાં પણ, એ મારા વિભાગમાં જે બીપીએલ લાભાર્થીઓ છે, આમાં રાજકારણનો સવાલ નથી, એનડીએએ કર્યું કે યુપીએએ કર્યું, પણ અત્યારના જે નોર્મ્સ છે એ પ્રમાણે આપી શકીએ છીએ. એક કિસ્સો, મને કહેતાં એ વાતનો આનંદ છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નકકી કર્યું કે, જીરોથી સોળ હોય એને તો આપવાનું પણ સત્તરથી વીસના હોય એને પણ આપવાનું અને રાજય સરકારની જે કોઇ તમામ યોજનાઓ છે, એ તમામ યોજનાઓ ભેગી કરીને ઇન્દિરા આવાસ તો એક છે, બાકીની તમામ યોજના એ નવ કે દસ યોજનાઓ છે, એ રાજય સરકારની છે. આંબેડકર, દીનદયાળ, સરદાર આવાસ, આવી ઘણી બધી યોજનાઓ છે, પણ આ બીપીએલની મર્યાદા, કેન્દ્ર સરકાર એમ કહે કે તમે દસ લાખ અને પાંત્રીસ હજાર જ રાખો, એનાથી તમે વધારો ન કરો, અને એના માટે, હવે તો પંખો હોય તો એને બીપીએલ યાદીમાં નથી મૂકી શકાતા, તો એમાં રાજય સરકાર શું કરે છે? તો રાજય સરકાર એનો ઉપાય કરે છે કે, એવા લાભાર્થીઓને કેન્દ્ર સરકાર ભલે ન ગણતી હોય, પણ તમે સત્તરથી વીસમાં આવો છો? તો ચાલો, અમે તમને રાજય સરકારની યોજનામાંથી લાભ આપીએ છીએ. એના માટેની એક સુંદર મજાની યોજના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ મિશન મંગલમ કરીને એક યોજના, હું સામેવાળા મિત્રોને વિનંતી કરું છું કે, તમે જરા વાંચીને લાભ લો.

આજે રાજયમાં બે લાખ કરતાં પણ વધારે સખી મંડળો છે. ગમે એટલા ગરીબ કુટુંબ હશે, રોટલો ને ડુંગળી ખાતુ કુટુંબ હશે પણ એ કુટુંબની મહિલા તેમાંથી પણ બચત કરશે, પુરુષ કોઇ દિવસ બચત નહીં કરી શકે. ગરીબમાંથી ગરીબ કુટુંબની મહિલા છે ને, એ બચત કરશે, આ બચત જે કરે છે એનો સદ્ઉપયોગ કેવી રીતે થાય એ આ મિશન મંગલમ યોજનામાં અને એક સખીમંડળોમાં એવરેજ ૧૧ થી ૨૦ બહેનો હોય. બે લાખ સખીમંડળો અત્યારે છે, તમારા ગામમાં તમે બનાવો, એને રાજય સરકાર રિવોલ્વીંગ ફંડ આપે છે, સમાજને જરૂરિયાત હોય એ વસ્તુનું ઉત્પાદન કરે, લો ગાર્ડન પાસે બેસે, ઉસ્માનપુરા બેસે અમે એને દિલ્હી, મુંબઇ, કલકત્તા જે વેચાણકેન્દ્રો છે, એમાં અમે લઇ લઇએ છીએ અને સામાન્ય ઘરની બહેનો કે જે ગઇ કાલ સુધી કંઇ જ કમાતી ન હતી, આજે એના ઘરમાં એના કામ અને આવડત પ્રમાણે મહિને કોઇ ૧૫૦૦, કોઇ ૨૦૦૦, કોઇ ૩૦૦૦ રૂપિયા અને ગામડાંમાં આટલી બે હજાર, ત્રણ હજારની પૂરક આવક મળેને તો એ કુટુંબ સુખેથી પોતાનું જીવન નિર્વાહ કરી શકે છે અને બાળકોને ભણાવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના દરિયા કિનારે વસવાટ કરતા પરિવારની મહિલાઓ આજીવિકા મેળવી શકે અને ઉન્નતિ કરી શકે એના માટે વીધીન ધ મિશન મંગલમ યોજના હેઠળ એક પ્રોજેકટ બનાવવામાં આવ્યો છે. પ્રોજેકટ સાગર લક્ષ્મી મિશન અંતર્ગત સો ટકા રાજય સરકારની આ યોજના છે એના માટે પણ સારી એવી રકમ મારા વિભાગ તરફથી ગ્રામ વિકાસ વિભાગ તરફથી આપવામાં આવી છે.

રાજય સરકારનો બીજો એક કાર્યક્રમ છે, ખાસ રોજગાર કાર્યક્રમ–સો ટકા રાજય પુરસ્કૃત આ કાર્યક્રમ છે અને એના માટે ૫.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ૨૦૦૧–૦૨ થી ૨૦૧૦–૧૧ દરમિયાન કુલ ૬,૫૫,૩૪૧ આવાસો પૈકી ૪,૩૫,૦૬૯ આવાસો એ મહિલાઓને નામે છે. આપણને ખબર છે કે પુરુષપ્રધાન આ સમાજ વ્યવસ્થામાં આ મહિલાઓને આટલો હક એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પહેલીવાર આપ્યો છે. આ સખી મંડળોની જે મેં વાત કરી એ સખી મંડળોને સ્ટેમ્પ ડ્યુટીમાં પણ કારણ કે બધી જ બહેનો હોય છે એટલા માટે

એમાં સરકારી જે ખર્ચ આવે છે એમાંથી રાજય સરકારે મુકિત આપી છે. સંપૂર્ણ સ્વચ્છતા યોજના અભિયાન, નિર્મળ ભારત અભિયાન એ માટે પણ રાજય સરકારનો જે ફાળો છે એ પેટે પણ મારા વિભાગે રકમ ફાળવી છે.

જેમણે જેમણે આ ચર્ચામાં ભાગ લીધો છે અને કાપ દરખાસ્ત મૂકી છે એ બધાને મારી નમ્ર વિનંતી છે કે, ચાલો આપણે સાથે રહીને આ રાજયને ખૂબ સારું શુદ્ધ, સ્વચ્છ એવું બનાવીએ. દરેક ગરીબ માણસને મળવાપાત્ર લાભ આપણે સાથે રહીને અપાવીએ. આપ સૌ આપની કાપ દરખાસ્ત પાછી ખેંચી લેશો એવી વિનંતી સાથે આભાર.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ગુજરાત રાજય ચૂંટણી પંચ દ્વારા જે ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થાય છે એ વખતે ગામમાં આદિવાસી સમાજની કે દલિત સમાજની કોઇ વસતિ ન હોય અને એ વખતે વોર્ડની રચનામાં આદિવાસી સીટ ફળવાય છે. આ વખતે સમગ્ર ગ્રામ પંચાયત બિન હરિફ થઇ હોય, સરપંચ તેમજ સમગ્ર ગ્રામ પંચાયત બિન હરિફ થઇ હોય પરંતુ આવા વોર્ડ ખાલી રહે છે તેને સમરસ જાહેર કરો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે. પરંતુ તેમની વાત સાચી છે એટલે એના ઉપર અભ્યાસ કરીને યોગ્ય નિર્ણય લઇશું.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના ધ્યાને વાત મૂકેલી અને સાહેબે પ્રત્યુતર આપ્યો છે જૂનાગઢના મુદ્દા ઉપર એ બદલ આભાર માનુ છું. અને એક વાત મારે પૂછવી છે કે જેમાં આપે ના પાડી માનનીય જવાહરભાઇની એક વાતમાં ઉકડિયા ગામના એક બનાવમાં, એ અંગેની ફરિયાદ પણ જિલ્લા કક્ષાએ આપી છે, સત્ય છે કે મરેલા માણસોના નામે નાણાં ઉપાડવામાં આવ્યા છે, એની પહોંચ પણ છે કે જેની ફરિયાદ રજૂ થઇ છે તેવી, એટલે તપાસ થાય એ જરૂરી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પુનઃ તપાસ કરાવીશ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે રર્બન યોજનાની વાત કરી હું તારાપુર ગામનો સરપંચ અત્યારે હાલ છું. અમારા ગામમા રર્બન યોજના અત્યારે હાલ ચાલુ છે દોઢ વર્ષથી એનું ખાતમૂહુર્ત થયું છે અને હજુ સુધી બે ટકા કામ થયું નથી. મેં ડી.ડી.ઓ.શ્રી ને લખ્યું છે અને કલેકટરશ્રીને પણ લખ્યું છે. તો હું એ જાણવા માગુ છું કે સરકાર તરફથી જે કોન્ટ્રેકટ આપવામાં આવ્યો છે એમાં આ કામગીરી જે ચાલવી જોઇએ એ ચાલતી નથી તો એની ઉપર ધ્યાન રાખવા માટે કોઇ થર્ડ પાર્ટીની વ્યવસ્થા કરેલ છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, થર્ડ પાર્ટી ઇવેલ્યુએશન કરીએ છીએ. માનનીય ધારાસભ્યશ્રીની વાતને ધ્યાનમાં લઇશું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧ થી ૯, ૧૧ થી ૨૯ અને ૩૧ થી ૩૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૨૨, ૨૩, ૭૦ અને ૭૧ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧–૦૦ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર, સોમવાર, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૧૩ના રોજ, બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૧૩**
**ફાલ્ગુન ૨૭, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગે મળ્યું.**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર..**

## તારાંકિત પ્રશ્નો

### સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજનાની અરજીઓ

* ૩૩૦૦ શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૮૬. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૮. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી છે ? | (૩) રૂ. ૨,૭૨,૦૦૦/-. |

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સંત સુરદાસ યોજના કયારથી શરૂ કરવામાં આવી અને આ યોજના અંતર્ગત લાભ કોને મળવાપાત્ર છે અને ચોટીલા તાલુકામાં કેટલા લાભાર્થીને કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સંત સુરદાસ યોજના ૨૨-૯-૨૦૦૦થી અમલમાં આવી. આ યોજના અંતર્ગત બી.પી.એલ.ની યાદીમાં જેમનો સમાવેશ હોય, ૮૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા હોય, ૬૪ વર્ષથી ઓછી વયજૂથના લાભાર્થીઓને આ લાભ મળે છે. ચોટીલા તાલુકામાં ચાલુ વર્ષમાં ૭ અને અત્યાર સુધીમાં ૮૮ મળી કુલ ૯૫ લાભાર્થીઓને ૨.૯૪ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે આપના માધ્યમથી જાણવા માગુ છું કે આ સંત સુરદાસ યોજનામાં લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવે છે અને મારા વઢવાણ તાલુકામાં આ યોજના અંતર્ગત કેટલી અરજી મળેલ છે અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સંત સુરદાસ યોજના રાજ્ય સરકારની ૦ થી ૧૭ના વયજૂથના લોકોને માસિક રૂ. ૨૦૦ની યોજના અમલમાં છે એ પછી ભારત સરકારે આ યોજના અમલમાં મૂકી એના કારણે ભારત સરકાર તરફથી અત્યારે ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે એમ કુલ ૪૦૦ રૂપિયા આપવામાં આવે છે. વઢવાણ તાલુકાને લાગે વળગે છે ત્યાં સુધી ૨૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૧.૬૨ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮ થી ૬૦ વર્ષની ઉંમરનાને જે સહાય ચૂકવવામાં આવે છે, ૨૦૦ રાજ્ય સરકારની અને ૨૦૦ કેન્દ્ર સરકારની એ જ વાત હતી. અને ૬૦થી ઉપરના જે હોય છે એમને કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ સંત સુરદાસ યોજના અંતર્ગતનો પ્રશ્ન નથી બીજી નોટીસ આપવી પડશે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ સંત સુરદાસ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કુલ કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં ૧૯૯૬ લાભાર્થીઓને ૬૦ લાખ ૯૫ હજારની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ફકત

બી.પી.એલ. કાર્ડધારક હોય છે એને આનો લાભ મળે છે પણ જે બ્લાઇન્ડ માણસ છે કે જે પોતે અંત્યોદય કાર્ડ ધરાવે છે એવા લોકોને આ સહાય આપવા માટે સરકાર વિચારે છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.ની યાદીનો સમાવેશ કરવો એ ભારત સરકારની સૂચના છે અને ભારત સરકારની સૂચના પ્રમાણે બી.પી.એલ. લાભાર્થી હોય એને જ આ યોજનાનો લાભ મળે છે બાકીનું સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણા જણાવ્યું કે આ સંત સુરદાસ યોજના ૨૦૦૦ની સાલમાં ચાલુ થઇ તો જે તે વખતના મુખ્યમંત્રીને હું અભિનંદન આપુ છું. મંત્રીશ્રીએ એવું જણાવ્યું કે રાજય સરકાર ૨૦૦ રૂપિયા બી.પી.એલ. સુરદાસ છે એને આપે છે. સુરદાસ છે એટલે અમુક કામ તો એ કરી જ ના શકે. આપણી આ સરકારને, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આપણી પાસે રૂપિયા ખૂબ છે. તો આ ૨૦૦ રૂપિયામાં આ લોકોને પૂરો ના થાય એટલે માનનીય મંત્રીશ્રી પાસે હું એટલું જાણવા માગુ છું કે આ ૨૦૦ રૂપિયા એ બહુ સામાન્ય રકમ કહેવાય એમાં એ જીવન નિર્વાહ ચલાવી શકે એટલી રકમનો વધારો કરવા માગો છો કે નહીં?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, • (xxxxxx) અને ..

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આટલા શબ્દો કાઢી નાખીએ. જવાબ આપો તમારો.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર માત્ર ૨૦૦ રૂપિયા આપે છે.

અધ્યક્ષશ્રી : એમ કહો કે ભારત સરકાર ૨૦૦ રૂપિયા આપે છે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર માત્ર ૨૦૦ રૂપિયા આપે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ કયા ડૂબે છે એ બચાવવાનો ઇજારો આપણો નથી. તમે સીધો જવાબ આપો. (અંતરાય) એક મિનિટ, ૯૩ અરજી આવી ત્યારે બાકી છે. (અંતરાય) અત્યારે કોઇ વધારો કરવા માગતા નથી ને કે સૂચન છે? પ્રશ્ન ક્રમાંક:૨.

## નવસારી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ

* ૩૩૦૨ શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૯૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અને | (૨) ૧૧૦. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી છે ? | (૩) રૂ. ૧,૭૦,૨૦૦/–. |

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત જાણવા માગુ છું કે, ૧૯૦ અરજી કુલ મળી એમાં ૧૧૦ ને ચૂકવણી કરી અને બાકીની અરજીઓનું શું છે? અને આ નિરાધાર વૃદ્ધ સહાય યોજનાની શરૂઆત કરી ત્યારે કેટલા પૈસા આપવામાં આવતાં હતાં અને અત્યારે એમાં શું સુધારો કરવામાં આવ્યો છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની જ્યારે શરૂઆત કરવામાં આવી ત્યારે એનું ચૂકવવાનું ધોરણ ૩૦ રૂપિયા હતું. આજે ૩૦ રૂપિયાથી વધારીને ૨૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. ૧૧૦ અરજીઓ આવી એ પૈકી ૪૩ અરજી નામંજૂર થઇ છે, ૩૭ અરજી પડતર છે. જે પડતર અરજીઓ છે, તે પૈકી પણ ૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૨૨ અરજી નામંજૂર કરવામાં આવી છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના ૬૦ વર્ષથી ૭૯ વર્ષની ઉંમર સુધી કેટલો રાજ્ય સરકારનો હિસ્સો અને કેટલો કેન્દ્ર સરકારનો હિસ્સો મળે છે? અને ૮૦ વર્ષથી ઉપરના જે નિરાધાર વૃદ્ધ હોય છે એમને રાજ્ય સરકાર તરફથી કેટલા મળે છે? અને કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ નિરાધાર વૃદ્ધ સહાય યોજના મેં કહ્યું એ પ્રમાણે ૧૮ થી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

૬૪ વર્ષની વય જૂથના લોકોને કેન્દ્ર સરકાર ૨૦૦ રૂપિયા આપે છે. આ જ યોજનાની અંદર એમણે જે કહ્યું એ પ્રમાણે ૮૦ વર્ષની ઉંમરનો પ્રશ્ન લાગુ પડતો નથી. (અંતરાય)

ડો. અનિલ જોષીયારા : ૮૦ વર્ષની ઉંમર હોય એને મળતી સહાયમાં કેન્દ્ર સરકારે વધારી છે તો મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે કેટલી રકમ છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ આમાંથી આ જવાબ ઉપસ્થિત થતો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ, ૮૦ વર્ષની ઉંમર (અંતરાય) એક મિનિટ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ યોજનામાં કેન્દ્ર સરકારની કેટલી સહાય? જવાબ માટે બે વખત પ્રશ્ન પૂછ્યો છતાં પણ તેમણે ના પાડી?

અધ્યક્ષશ્રી : ૮૦ વર્ષથી ઉપરના માટેનું કેટલું છે? એ જ સવાલ છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૮૦ વર્ષથી ઉપર માટે કેન્દ્ર સરકારની અલગ યોજના છે. નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં આવતી નથી અને એટલા માટે બે વખત મેં કહ્યું અને બે વખત પણ જો સભ્ય ના સમજે અને વિરોધપક્ષના નેતા ઇન્ટરફિયર થાય, તે ઇચ્છે તે જ જવાબ મારે આપવાનો? (અંતરાય)

અધ્યક્ષશ્રી : સંગીતાબેન, એક મિનિટ, એમાં કેન્દ્ર સરકારની ૮૦ વર્ષની યોજના છે અને રાજ્ય સરકારની નથી.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નિરાધાર વૃદ્ધ સહાય યોજના અંતર્ગત કોને લાભ મળવાપાત્ર છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં ૬૦ વર્ષથી વધુ વયના નિરાધાર વૃદ્ધ હોય એમને લાભ મળે છે. ૨૧ વર્ષનો પુત્ર ના હોય, ૪૫ વર્ષથી વધુ, અને ૭૫થી વધારે વિકલાંગતા ધરાવતા હોય, પુત્ર માનસિક બીમાર હોય અથવા કેન્સર જેવી બિમારીથી પિડાતો હોય કે અશકત હોય તો એને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. અરજદારની વાર્ષિક આવક ૨૪૦૦ રૂપિયા, કુટુંબની વાર્ષિક આવક ૪૫૦૦ રૂપિયા હોય તો એને આ લાભ મળે છે. ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાતમાં કાયમી વસવાટ હોય એને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મારા નવસારી જિલ્લામાં પાંચ તાલુકા છે તો તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૦૦ સુધીમાં કેટલા લાભાર્થીઓને આ સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી શહેરમાં ૩૦૨, નવસારી ગ્રામ્ય વિસ્તારમાં ૪૮૪, જલાલપુર ૭૮૨, ગણદેવી ૯૦૫, ચીખલી ૭૨૬, વાંસદા ૧૦૨, કુલ ૩૩૦૧ અરજીઓમાં ૬૪.૫ લાખની ચૂકવણી કરવામાં આવી છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવું છે કે, નિરાધાર વૃદ્ધ સહાયની અરજીઓ નામંજૂર કરવાના કારણો ક્યા છે? અને ૭૯ વર્ષ સુધી અને ૮૦ વર્ષનો જ્યારે નિરાધાર થાય ત્યારે રાજ્ય સરકાર ૨૦૦ રૂપિયા આપે છે અને કેન્દ્ર સરકાર ૫૦૦ રૂપિયા આપે છે તો એમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં કુલ ૧૯૦ અરજીઓ આવી એમાં ૪૩ અરજીઓ નામંજૂર થઇ. નામંજૂર થવાના કારણોમાં પોતાની નિયત આવક કરતાં વધારે હોય એવી ૧૩ અરજીઓ છે, પુખ્ત વયનો પુત્ર હોય તો એના માટેની ૧૨ અરજીઓ છે, ઉંમર ઓછી હોવાના કારણે ૧૨ લોકો છે અને જે તે સ્થળે ન રહેવાના કારણે આવી ૬, એટલે કુલ ૪૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને જે વધારવાનું ધોરણ છે એ એમનું સૂચન છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ આવે છે એનો કોઇ સમય નક્કી નથી, તો સરકાર સમયમર્યાદા નક્કી કરવા માગે છે કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ નિરાધાર વૃદ્ધોને દર મહિને સમયસર સહાય મળે એના માટેની રાજ્ય સરકાર ચિંતા કરે છે. બે મહિનાથી વધારે ના થાય એના માટેનું વિશેષ કરીને રાજ્ય સરકાર મોનીટરીંગ કરે છે અને સભ્યશ્રીના ધ્યાનમાં આવી કોઇ વિગતો હશે તો જરૂર ચેક કરાવીને ત્વરિત કાર્યવાહી થાય એ હું પ્રયત્ન કરીશ.

## આણંદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ

* ૩૪૦૧ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વિજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી,

() કેટલાને વિજ જોડાણ આપી વિજ પુરવઠો અપાયો, અને

()

(૩) બાકી રહેલાને કેટલા સમયમાં વિજ પુરવઠો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માટે મળેલ અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **તાલુકો** | **મળેલ અરજીઓ** |
|---|---|
| આણંદ | ૬૬૭ |
| બોરસદ | ૫૬૧ |
| પેટલાદ | ૩૦૪ |
| ખંભાત | ૨૬૫ |
| ઉમરેઠ | ૪૪૯ |
| આંકલાવ | ૩૦૮ |
| તારાપુર | ૬૨ |
| સોજીત્રા | ૨૦૨ |

(૨) ઉક્ત મળેલ અરજીઓ પૈકી કોઇ વીજ જોડાણ અપાયેલ નથી પરંતુ અગાઉની નોંધાયેલ અરજીઓ પૈકી આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **તાલુકો** | **આપવામાં આવેલ વીજ જોડાણો** |
|---|---|
| આણંદ | ૪૯૬ |
| બોરસદ | ૪૮૯ |
| પેટલાદ | ૩૮૮ |
| ખંભાત | ૨૦૨ |
| ઉમરેઠ | ૯૭ |
| આંકલાવ | ૧૭ |
| તારાપુર | ૨૮૩ |
| સોજીત્રા | ૨૭૫ |

(૩) બાકી વીજ જોડાણો અગ્રતાક્રમ મુજબ શક્ય તેટલા ઝડપથી આપવાનું આયોજન છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક નાનો સુધારો છે. જે બીજા નંબરમાં જે જવાબ લખ્યો છે કે, ઉક્ત મળેલી અરજી પૈકી કોઇ વીજ જોડાણ અપાયેલ નથી, આમાં સુધારો કરીને જવાબ એવો છે કે, ઉક્ત મળેલી અરજીઓ પૈકી અનુસૂચિત જાતિના ૬ અરજદારોને અગ્રતાના ધોરણે કૃષિ વીજ જોડાણ અપાયેલ છે આ એક નાનો સુધારો છે, બાકીનું છાપ્યા પ્રમાણે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું પ્રશ્ન પૂછવા માગુ છું માનનીય મંત્રીશ્રીને કે, મેં પ્રશ્ન પૂછ્યો હતો ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ શું પરિસ્થિતિ છે? તો એની અંદર કોઇ અરજીનો નિકાલ થયો નથી. આ ઉદ્યોગોને તુરત જોડાણ આપવામાં આવે છે. એ ઉદ્યોગ છે એટલે આપવું જોઇએ એ જરૂરી છે પણ ખેતી પણ એક ઉદ્યોગ છે તો એને પણ આજ નિયમો પ્રમાણે આ ખેડૂતોને વીજ જોડાણ તુરત આપવા માગો છો કે કેમ ? કારણ કે, આપણી પાસે વીજ પુરાંત છે અને આપણે બીજા રાજ્યોને વેચીએ છીએ તો આપણો ખેડૂત એ ભૂખ્યો રહે એ સારું નથી તો ખેડૂતને આપવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨,૨૪૭ અરજીઓ બે વર્ષમાં આપી છે અને બને એટલી ઝડપથી

વધારેને વધારે અરજીઓ આપીશું. હું દાખલો આપું થોડો એમને, વિગતો સાથે આપું કે, આજની તારીખમાં ૨૦૦૬ની માત્ર ૨ અરજી બાકી છે, ૨૦૦૭ની માત્ર ૩ અરજી બાકી છે, ૨૦૦૮ની ૧૮ અરજી બાકી છે, ૨૦૦૯ની ૧૬૬ અરજી બાકી છે, ૨૦૧૦ની ૫૪૯ અરજીઓ બાકી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧–૧૨નો જે પ્રશ્ન છે એમાં કુલ ૩,૫૫૦ અરજીઓ પેન્ડીંગ છે આખા જિલ્લામાં એ ૩,૫૫૦માં ૨૦૧૧–૧૨નું ભેગું કરીએ તો ૨,૮૧૮ બાકી છે, એટલે જુની ૧૧–૧૨ પહેલાંની માત્ર ૭૩૨ અરજીઓ બાકી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે આણંદ જિલ્લાની અંદર વધારે સ્પીડ કરી અને બને એટલી અરજીઓ આની અંદર ૩૫૫૦ની અંદર પૂરું થાય એ પ્રમાણે અમારા પ્રયાસો રહેશે.

શ્રી નિરંજન પટેલ : કેટલા સમયમાં ?

અધ્યક્ષશ્રી : બને એટલું વહેલું કહ્યું ને, એની કોઇ વ્યાખ્યા(અંતરાય) કેટલા વખતમાં છે ?

શ્રી સૌરભ પટેલ : આની અંદર કોઇ સ્પેસિફીક અમે લોકો ટાર્ગેટ આપતા હોઇએ છીએ, ટાર્ગેટ પૂરા થતા હોય છે અને આ વખતે વધારેમાં વધારે આણંદ જિલ્લામાં ટાર્ગેટ આપીશું અને પ્રયત્નો કરીશું અને ચોક્કસપણે, કહી શકાય કે, જે ગઇ સાલ આપતા હતા, આ સાલ આપ્યા તેનાથી વધારાની કોશિશ કરીશું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે, આણંદ જિલ્લામાં ૨૦૦૭–૮, ૨૦૦૮–૯ અને ૨૦૦૯–૧૦ના વર્ષની માગણી કરેલ ખેડૂતોને વીજ કનેકશનો અપાયા. સાહેબ અમારા સૌરાષ્ટ્રમાં અને જામનગરમા..(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારા નહીં આણંદ જિલ્લાની વાત કરો. તમે આખા હિન્દુસ્તાનનું લઇ આવશો.(અંતરાય)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, ત્યાં ૧૯૯૩–૯૪ના વીજ કનેકશનો નથી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ નહીં, રાઘવજીભાઇ, આણંદની વાત કરો. આણંદ જિલ્લાનો જે સવાલ પૂછવો હોય એ પૂછો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, આણંદ જિલ્લાનું હું શું પૂછું?

અધ્યક્ષશ્રી : આણંદ જિલ્લાનો જ સવાલ છે. તો કાંઇ નહીં, બેસો. શ્રી દેવુસિંહ.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આણંદ જિલ્લામાં ખેડૂતોને વીજ કનેકશનો આપવામાં કુલ કેટલો ખર્ચ થાય છે, એમાં સરકાર કેટલી રાહત આપે છે, એનો દર શું લેવામાં આવે છે અને એ દરમાં રાહત મળે એ માટે સરકાર કેટલી સબસિડી ચૂકવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ખેડૂતો પાસે મીટર કનેકશન હોય તો પચાસ પૈસા પર યુનિટ લેવામાં આવે છે. તત્કાલ હોય તો સિત્તેર પૈસા પર યુનિટ લેવામાં આવે છે. અનમીટર્ડ હોય એટલે હોર્સ પાવર આધારીત હોય જે ૬૬૫ હોર્સ પાવર પર એનમ સાડા સાત નીચે હોય તો લેવામાં આવે છે અને એબાઉ સાડા સાત હોય તો ૮૦૭ આ પ્રમાણે પર હોર્સ પાવર લેવામાં આવે છે. એક વર્ષની અંદર, એક વર્ષ પણ નહીં ૯ મહિનાની અંદર કુલ ૨૪.૭૨ કરોડની સબસીડી અત્યાર સુધી આણંદ જિલ્લામાં આપી છે અને જે એમણે બીજો સવાલ પૂછયો કે ખેડૂતો પાસે શું લેવામાં આવે છે તો દાખલા તરીકે દસ હોર્સ પાવરની મોટર હોય તો ખેડૂતો પાસે ૭૮૨૦ રૂપિયા કુલ લેવામાં આવે છે ત્યારે એવરેજ ખર્ચો દોઢ લાખ રૂપિયાનો થાય છે. એવી જ રીતે વીસ હોર્સ પાવરની અંદર ૧૪૮૨૦ લેવામાં આવે છે એટલે દોઢ લાખની અંદર બાકીનો જેટલો છે ખર્ચો એ રાજય સરકાર કે જીયુવીએનએલ કંપની આની અંદર ભોગવતી હોય છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવુ છે કે ગાયો, ભેંસોના તબેલા જે હોય છે અમારા આણંદ જિલ્લામાં એને ઉદ્યોગ ગણવામાં આવ્યો છે તો ખેતી વિષયક રીતે ગણી અને વીજ બીલ લેવા માગે છે કે કેમ? અત્યારે કોમર્શીયલ બેઝ ઉપર વીજ બીલ લેવામાં આવે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે. ટેરીફ રાજય સરકાર નકકી કરતી નથી. ટેરીફ જી.ઇ.આર.સી. નકકી કરતું હોય છે અને જી.ઇ.આર.સી.ના આધાર ઉપર રાજય સરકાર નિર્ણય લે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ૨૫૩૧ કુલ અરજીઓ આવી હતી એમાં ૨૨૫૮ આપી. એમાં તાલુકાવાર વિસંગતતા છે કારણ કે જે અરજીઓ આવી હતી એના કરતા વધારે કનેકશન આપ્યા છે એવું અહિંયા દર્શાવવામાં આવ્યું છે. એમાં તત્કાલ કેટલા અને સામાન્ય કેટેગરીના કેટલા?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ કીધું કે આગલા વર્ષોની પેન્ડીંગ અરજીઓ આપવામાં આવી છે. ૨૦૧૧–૧૨ની અંદર જો તાલુકાવાઇઝ માહિતી જોઇતી હોય તો તાલુકાવાઇઝ આપું. જિલ્લાવાઇઝ જોઇતી હોય તો જિલ્લા વાઇઝ આપું.

| | | સામાન્ય | તત્કાલ |
|---|---|---|---|
| ૨૦૧૧–૧૨ | આણંદ | ૧૪ | ૨૬૨ |
| | બોરસદ | ૨૭ | ૧૮૯ |
| | પેટલાદ | ૭ | ૧૪૩ |
| | ખંભાત | ૧૦ | ૧૦૭ |
| | ઉમરેઠ | ૬ | ૫૧ |
| | આંકલવ | ૦ | ૩ |
| | તારાપુર | ૩૨ | ૮૪ |
| | સોજીત્રા | ૧૧ | ૧૧૯ |
| | કુલ | ૧૦૭ | ૯૫૮ |
| ૨૦૧૨–૧૩ | આણંદ | ૧૩૨ | ૮૮ |
| | બોરસદ | ૧૬૧ | ૧૧૨ |
| | પેટલાદ | ૨૦૯ | ૨૯ |
| | ખંભાત | ૮૩ | ૨ |
| | ઉમરેઠ | ૩૯ | ૧ |
| | આંકલવ | ૧૪ | ૦ |
| | તારાપુર | ૯૮ | ૬૯ |
| | સોજીત્રા | ૫૮ | ૮૭ |
| | કુલ | ૭૯૪ | ૩૮૮ |

આમ બે વર્ષમાં કુલ ૨૨૪૭ અરજીઓમાં ૯૦૧ સામાન્ય અને તત્કાલમાં ૧૩૪૬ એ પ્રમાણે આપવામાં આવી છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઉર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરવા માટે કોઇ એવોર્ડ મળેલ છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એમાં આ સવાલ ન આવે. પ્રશ્ન ક્રમાંક–૪

**જામનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

* ૩૨૩૫ શ્રી ચીમનભાઇ ઘ. શાપરીયા(જામજોધપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી જામનગર ખાતે તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૨૯૦૬૯. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૬૫૭૫. |

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્બારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમ્પ્લોયમેન્ટ એકસચેન્જમાં નોંધણી અંગેની પ્રક્રિયા શું છે? જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારની તાલુકાવાર સંખ્યા કેટલી? તે પૈકી પુરુષો કેટલા અને સ્ત્રીઓ કેટલી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમ્પ્લોયમેન્ટ એકસચેન્જની અંદર ચૌદ વર્ષ ઉપરના કોઇપણ વ્યકિત આવે એને આપણે મફત રજીસ્ટર્ડ કરાવડાવીએ છીએ. જરૂરી નથી કે ચૌદ વર્ષે નોકરી આપતા નથી. અઢાર વર્ષ ઉપર જ આપીએ છીએ પણ એની સિનિયોરીટી જળવાય એ પ્રમાણે એની અરજીઓ લેવામાં આવે છે. અગર એ ગુજરાતી ન હોય તો એને ડોમીસાઇલ છે, એવું ત્રણ વર્ષનું સર્ટીફીકેટ યોગ્ય ઓથોરીટી પાસેથી લેતા હોઇએ છીએ. એ વ્યકિત ઓન લાઇન પણ એપ્લાય કરવું હોય તો ઓન લાઇન એપ્લાય કરી શકે છે. આ ઉપરાંત થોડા પ્રોએકટીવ રોલ આ વિભાગ ભજવે છે અને દર મહિને તાલુકાની અંદર કેમ્પસ ઓર્ગેનાઇઝ કરે છે અને એ કેમ્પની તારીખો અને જગ્યા પહેલેથી નકકી હોય છે. દા.ત. ભાણવડ તો ચોથી દરેક મહિને મામલતદાર ઓફિસ, જામજોધપુર સાતમી તાલુકા

પંચાયત, ધ્રોલ અગિયારમી તાલુકા પંચાયત.લાલપુર–૧૩ તાલુકા પંચાયત, કાલાવાડ–૧૫ એવી રીતે દરેકની તારીખની પહેલેથી ગોઠવણી થયેલી હોય છે. અને સ્થળ પણ ગોઠવણ હોય છે, એટલે ત્યાં આગળ કેમ્પ કરવામાં આવે છે. આ પ્રક્રિયા એકવાર જોડાય જાય પછી એને નોકરી માટેની દરેક વ્યક્તિ દા.ત. કોઇ કંપની આવે તો કંપની કહે આટલી જગ્યા વેકન્ટ છે, તો તે વેકન્સીના આધાર ઉપર એક વેકન્સીમાં તેને ૩૦ વ્યક્તિઓનાં નામ મોકલવામાં આવે છે. એ નામ મોકલવામાં આવે છે તે સિનિયોરિટી ઓફ રજિસ્ટ્રેશન જોવામાં આવે છે. ઉંમર જોવામાં આવે છે. ક્વોલિફિકેશન પ્રમાણે મોકલવામાં આવે છે અને એ પ્રમાણે જ્યારે પહેલેથી અગાઉ ડેઇટ સાથે કંપની કહેતા હોય તો એ લોકોને એસ.ટી.ના પાસ પણ પહેલેથી ફ્રી મોકલી આપીએ છીએ, એટલે સંપૂર્ણપણે આ પ્રમાણેની પ્રક્રિયા થતી હોય છે. આનાથી વધારે જેવી કંપની રોજગારી આપે કે પછી એનું નામ ડીલિટ થઇ જાય છે. આ એમ્પ્લોઇમેન્ટ એક્સ્ચેઇંજની અંદર કે જે વ્યક્તિનું નામ હોય તે ૩ વર્ષ સુધી રીન્યુઅલ કરવું પડે.

અધ્યક્ષશ્રી : બહુ ડીટેઇલ આવી ગઇ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ૩૫,૬૪૪ શિક્ષિત બેરોજગારો નોંધાયા, એમાંથી ગ્રામ મિત્ર તરીકે કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવેલી? હાલ કેટલા નોકરી કરે છે?

શ્રી સૌરભ પટેલ : કુલ નોકરી આપવામાં આવી એમાં મારી પાસે ગ્રામ મિત્રની વિગતો નથી. જે વિગતો છે હું સભ્યશ્રીને આપું કે કુલ ૬,૫૭૫ વ્યક્તિઓને રોજગારી આપી, એમાં રાજ્ય સરકારે ૧૪૨૨ જણાને રોજગારી આપી. લોકલ બોડી ઓથોરિટીએ ૮૧૦ વ્યક્તિઓને રોજગારી આપી અને ખાનગી કંપનીએ ૪૪૪૦ વ્યક્તિઓને રોજગારી આપી. કેન્દ્ર સરકારે માત્ર ૩ જણને રોજગારી આપી. એમાંથી ૨ બેન્ક ઓફ બરોડા છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જામનગર જિલ્લામાં છેલ્લા ૧ વર્ષની અંદર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી?

અધ્યક્ષશ્રી : આમાં છે. એક વર્ષમાં આટલી આપી એનો જવાબ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાતમાં અને દરેક જિલ્લામાં બહુ મોટા મોટા એમ.ઓ.યુ. થાય છે. બહુ મોટા મોટા આંકડાઓ જાહેર થાય છે. જામનગરમાં અનેક રોજગારીની મોટી મોટી વાતો થઇ છે. સરકાર બતાવે છે કે માત્ર ૬,૦૦૦ લોકોને જ રોજગારી પ્રાપ્ત થઇ છે. એક વર્ષમાં ૨૯,૦૦૦, ૩૦,૦૦૦ લોકો બાકી હોય, ત્યારે સરકાર આ પ્રકારની જાહેરાત કરે છે, તો વધુમાં વધુ રોજગારી સરકાર ખાલી વાતો કરે છે કે ટૂંક સમયમાં..

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો ને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આપી શકશે કે કેમ, તે પૂછવું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીને ખબર નથી કે એમ્પ્લોઇમેન્ટ એક્સ્ચેઇંજ દ્વારા દેશની અંદર વર્ષોથી જો સૌથી વધારે રોજગારી આપતું હોય તો તે ગુજરાત છે. હું તો સભ્યશ્રીને કહું કાલે માગણીનો દિવસ છે, તો તમારી પાસે જેટલી માહિતી હોય તે લઇને આવજો, હું બધી માહિતીનો જવાબ આપીશ.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા ભરતી મેળા યોજવામાં આવ્યા? તેની વિગતો શી છે? બીજો પ્રશ્ન જામનગર જિલ્લામાં એસ્સાર અને રિલાયન્સ જેવી મોટી કંપનીઓ છે, તો તેમાં પ્રયત્ન કરીને વધારે બેરોજગારોને રોજગારી આપી શકાય તેમ છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : આપણે ભરતી મેળાનો નવો કન્સેપ્ટ કર્યો છે. એમાં બલ્ક એમ્પ્લોઇમેન્ટ કેવી રીતે મળે તે રીતનો સરકાર પ્રયાસ કરે છે. આપણે શું કરીએ છીએ કે મોટા ભરતી મેળા કરીને ત્યાં એકી સાથે બધી કંપનીઓને બોલાવીએ છીએ અને આ કંપનીઓને બોલાવ્યા પછી જરૂરિયાત શું છે તે કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે જામનગર જિલ્લાની અંદર ૫૨ ભરતી મેળા કરવામાં આવ્યા. ૨૦૭૫૫ ઉમેદવારોને આપણે બોલાવ્યા, તેમાંથી ૭૯૦૪ ઉમેદવારો હાજર રહ્યા. તેની અંદર ૨૯૮૮ ઉમેદવારો માટે ૧૧ લાખ ૬૪ હજારનો ખર્ચ કર્યો. આ ભરતી મેળાનું આયોજન સફળતાપૂર્વક થઇ રહ્યું છે. મોટી કંપનીઓમાં ચોક્કસપણે તેમના એચ.આર.ના ઓફીસરને બોલાવીશ અને આવતા દિવસોમાં તેમનું એક્સ્પાનશન અને મોર્ડનાઇઝેશન થાય છે તેમાં લોકલ લેવલ ઉપર વધારેમાં વધારે રોજગારી મળે તે પ્રમાણે પ્રયત્ન કરીશું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે ૨૯૦૬૯ બેરોજગારો નોંધાયા તેમાંથી ૬૫૭૬ને નોકરી આપી. એટલે ૨૨૯૯૩ બેરોજગારો જામનગર જિલ્લામાં નોકરી વગરના બાકી રહ્યા છે. બે દિવસ પહેલાં સન્માનનીય મુખ્યમંત્રીએ દિલ્હીમાં કહ્યું હતું કે આટલા....

અધ્યક્ષશ્રી : તમારે અહીં જામનગરનું જ પૂછવાનું છે. દિલ્હીમાં શું કહ્યું હતું ....

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : એટલા માટે સરકારને યાદ દેવડાવું છું.

અધ્યક્ષશ્રી : તમારે કંઇ યાદ દેવડાવવાનું નથી. એક મિનિટ. તમારા જિલ્લાનું જ તમે પૂછો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું તો મારા જિલ્લાનું જ પૂછું છું.

અધ્યક્ષશ્રી : હા, બોલો. પ્લીઝ સાંભળો બધા.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સરકારી નોકરી તો લિમિટેડ હોય તે આપણે સમજી શકીએ છીએ. જિલ્લાના ઘણાબધા ઔદ્યોગિક એકમો છે અને તેમાં સરકારનો નિયમ છે કે સ્થાનિક બેરોજગારોને ૮૫ ટકા નોકરી આપવી. જામનગર જિલ્લામાં સરકારના આ નિયમનું પાલન સખત રીતે થાય અને આ બેરોજગારોને નોકરી અપાવવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, ૬૪ એકમોનો આમાં સરવે કરવામાં આવ્યો. ૬૪ એકમોની અંદર સ્થાનિક રોજગારી જોઇએ તે ૮૫ ટકા રોજગારી અપાઇ ગઇ હતી. મારી પાસે કોઇ એવી ફરિયાદ આવી નથી. આપની પાસે કોઇ એવી કંપની હોય કે જે ૮૫ ટકા નોકરી નથી આપતા તેવા નામ મોકલજો. આપણે ચોક્કસપણે અભ્યાસ કરીશું.

## ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ

* ૪૦૬૩ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં<br>તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૧) અને (૨)<br>ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અન્વયે વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂપિયા ૧૧૫.૫૫ લાખના ખર્ચે ૧૮૮૭ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ રૂપિયા ૧૧૩.૬૪ લાખના ખર્ચે ૧૩૩૬ વીજ જોડાણ આપવામાં આવેલ છે. |

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી યોજના હેઠળ તાલુકાવાર કેટલા જોડાણો અપાયા અને કેટલી અરજી પડતર છે**?** મારો બીજો પ્રશ્ન કે ઝૂંપડપટ્ટી યોજના હેઠળ જોડાણ મેળવવાના ધોરણો શું છે અને જોડાણ મેળવવાની પ્રક્રિયા શું છે અને મારો પ્રશ્ન નંબર ત્રણ ગાંધીનગર જિલ્લાના ગ્રાહકે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ મેળવ્યા પછી કેટલો વીજદર ભરવો પડે છે**?**

શ્રી સૌરભભાઇ પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ની અંદર ગાંધીનગરની અંદર જે પેન્ડીંગ કનેકશનો આપવામાં આવ્યા તો તેમાં ૨૦૧૧–૧૨માં ગાંધીનગરમાં ૪૬૭ અને ૨૦૧૨–૧૩માં ડીસેમ્બર સુધી ૧૧૯, દહેગામમાં ૯૬૮ અને ૨૦૧૨–૧૩માં ૮૦૧, કલોલ તાલુકામાં ૨૦૧૧–૧૨માં ૧૮૯ અને ૨૦૧૨–૧૩માં ૧૬૭, માણસામાં ૨૦૧૧–૧૨માં ૨૬૩ અને ૨૦૧૨–૧૩માં ૨૪૯ એટલે ૨૦૧૧–૧૨માં કુલ ૧૮૮૭ અને ૨૦૧૨–૧૩માં ૧૩૩૬ કનેકશનો આપવામાં આવ્યા છે. જે પેન્ડીંગ અરજીઓ છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૩૫, દહેગામમાં ૩૭૨, કલોલમાં એકપણ નથી. માણસામાં એકપણ નથી. કુલ ૪૦૭ પેન્ડીંગ છે તેમાં દહેગામમાં બને એટલી ઝડપથી આપણે પૂર્ણ કરવા આગળ વધી રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીએ ખર્ચ વિશેની વાત કરી તો જે પ્રોસેસ છે તેમાં ઝૂંપડપટ્ટી કનેકશન બી.પી.એલ. લાભાર્થીને આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૭ હજારથી ઓછી આવક હોવી જોઇએ અને શહેરી વિસ્તારમાં ૩૬ હજારથી ઓછી આવક હોવી જોઇએ. ફ્રી ઓફ કોસ્ટ કનેકશન આપવામાં આવે છે. હાઉસ હોય કે હટ હોય તેની સાત ફુટની હાઇટ હોવી જોઇએ. ગામડા માટે અરજી તાલુકા પંચાયત ઓફીસમાં કરવામાં આવે અને નગરપાલિકા વિસ્તાર હોય તો નગરપાલિકામાં કરવામાં આવે છે. કોઇપણ જ્ઞાતિના લોકોને આ કનેકશન આપવામાં આવે છે. ટી.ડી.ઓ. હોય કે નગરપાલિકાના ચીફ ઓફીસર હોય તે ઉર્જા કંપનીને ફોરવર્ડ કરે એટલે તાત્કાલિક તેને સીંગલ પોઇન્ટનું કનેકશન સીએલએફ બલ્બ સાથે આપવામાં આવે છે. જે ભાવ લેવામાં આવે છે તેમાં પહેલા ૩૦ યુનિટ સુધી માત્ર માસિક ૧.૫૦ પૈસા પર યુનિટ લેવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી , મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, રાજીવ ગાંધી ઉર્જા યોજના હેઠળ જે વીજ જોડાણ આપવામાં આવે છે તેમાં આ ઝૂંપડપટ્ટીનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ અને બીજું કે જે સરદાર આવાસ અને ઇન્દિરા આવાસને ઝૂંપડપટ્ટીમાં ગણતા નથી, કારણકે પાકો સ્લેબ ભરેલો હોય છે. ખરેખર તો તે બી.પી.એલ. હોય છે. તો તેને કનેકશન આપવા માગે છે કે કેમ**?**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમના પહેલા પ્રશ્ન માટે જુદી નોટિસ આપવી પડશે. આ ઝૂંપડપટ્ટીનું છે અને સરદાર આવાસ અને ઇન્દિરા આવાસ બીપીલ લાભાર્થી હોય એ બધાને કનેકશન આપવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ઘણી બધી જગ્યાએ બિન કાયદેસર ઝૂંપડપટ્ટી આવેલી હોય છે, એવી ઝૂંપડપટ્ટીમાં જો માગણી કરવામાં આવે તો એવી જગ્યાએ ઝૂંપડપટ્ટીઓને કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયતની કચેરીમાંથી જેટલી દરખાસ્ત મંજૂર થઇને આવે, નગરપાલિકામાંથી ચીફ ઓફિસર દરખાસ્ત મંજૂર કરીને આપે, એ લોકો ચેક કર્યા પછી આપે છે, અમારે તો માત્ર ટેકનીકલ પેરામીટર છે કે નહીં એ ધ્યાનમાં લેવામાં આવે છે અને ટેકનીકલ પેરામીટર બરાબર હોય તો અમે વીજ કનેકશન આપીએ છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ઝૂંપડપટ્ટીનો પ્રશ્ન એટલા માટે અગત્યનો છે કે, ઝૂંપડપટ્ટીવાળા એ પણ તલાટી પાસે કે અધિકારી પાસે જાય એટલે એમ કહેવામાં આવે કે આ તમારું કાયદેસર નથી અને એટલા માટે એ લખીને આપતા નથી અને લોકો વીજળીથી વંચિત રહે છે, એટલે આમાં કંઇક સુધારોવધારો કરીને ઝૂંપડપટ્ટીમાં આવું કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે, હું સ્ટડી કરી લઇશ.

## ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાયની અરજીઓ

* ૩૨૭૪ શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૫૮૪૦. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ. ૧૪,૭૨,૯૦૦/–. |

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લાના મારા મત વિસ્તારના બે તાલુકા છે, જંબુસર અને આમોદ, તો બંન્ને તાલુકામાં છેલ્લા બે વર્ષમાં આ સહાય અંગેની કેટલી અરજીઓ મળી છે, કેટલી મંજૂર કરી છે અને કેટલી નામંજૂર કરી છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના આમોદ તાલુકામાં ૫૯૨, જંબુસરમાં ૧૧૫૪ અને ભરૂચમાં ૧૩૮૪ છે, કુલ ૫૮૪૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, જેમાંથી માત્ર છ અરજી નામંજૂર કરવામાં આવેલી છે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ધરમપુર તાલુકામાંથી છેલ્લા બે વર્ષમાં ગણવેશ સહાયની કેટલી અરજીઓ મળી, અને તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, એમના વિસ્તારમાં કુલ ૧૨૪૦ અરજીઓ આવી, એ પૈકી બે અરજી નામંજૂર કરવામાં આવી, ૧૨૩૮ મંજૂર કરવામાં આવી, અને જે બે નામંજૂર કરેલી છે એ પરપ્રાંતના હોવાથી એ મંજૂર કરેલી નથી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ગણવેશ સહાયની યોજનામાં પહેલા શું આપવામાં આવતું હતું, હાલ શું આપવામાં આવે છે અને વાગરા

તાલુકાના છેલ્લા બે વર્ષમાં ગણવેશ સહાયની કેટલી અરજીઓ મળી અને એમાંથી કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની શરૂઆત થઇ ત્યારે એનું સહાયનું ધોરણ ૩૦ રૂપિયા હતું, આજે ૨૦૧૨થી સહાયનું ધોરણ ૩૦૦ રૂપિયા છે, એમના વાગરા તાલુકામાં ૬૯૬ અરજીઓ આવી અને એ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

## વડોદરા અને નર્મદા જિલ્લામાં રમતગમતના મેદાનો

* ૩૯૬૬ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તેમજ નર્મદા જિલ્લામાં તાલુકા મથકોએ કેટલા રમતગમતના મેદાનો બનાવવામાં આવ્યાં, | (૧) વડોદરા તથા નર્મદા જિલ્લા પૈકી નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે જિલ્લા કક્ષાનું રમત સંકુલ ઊભું કરાયું છે. |
| (૨) જો બનાવવામાં આવ્યાં હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરેક મેદાન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો મેદાનો બનાવવામાં ન આવ્યા હોય તો સરકાર તાલુકા દીઠ મેદાનો બનાવવા માંગે છે કે કેમ, અને ક્યારે ? | (૩) હા, જી. ક્રમશઃ તાલુકા ખેલ સંકુલ ઊભું કરવાનું આયોજન છે. |

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લા અને નર્મદા જિલ્લામાં રમતગમતના મેદાનો માટેનો મારો પ્રશ્ન છે, ત્યારે મારે એ કહેવું છે કે, નર્મદા જિલ્લામાં જયારે રમત ગમતનું મેદાન કર્યું છે તો મારે એટલા માટે પૂછવું પડ્યું છે કે, આખા ગુજરાતમાં રાષ્ટ્રીય કક્ષાના જો મેડલ મેળવ્યા છે, એવી તિરંદાજીની રમત છે અને એમાં મારે એટલા માટે વધારે પૂછવું છે કે, તીરંદાજીનો મેડલ આખા ગુજરાતમાં જો વધારેમાં વધારે મેળવ્યા હોય તો એ નસવાડી તાલુકાના ખેલાડીઓએ મેળવ્યા છે. તો આવા ખાસ કિસ્સા તરીકે કારણ કે સરકારે આખા ગુજરાતમાં ખેલ મહાકુંભ કર્યા પણ આ વિશે કોઇ ધ્યાન રાખ્યું નહીં, તો એટલા માટે મારે પૂછવું પડ્યું છે કે, મારા વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં તીરંદાજી માટે ખાસ કિસ્સામાં રમતવીરો માટે કોઇ મેદાન ફાળવવા માગો છો કે કેમ, અને બીજું, આવું જયારે રાજપીપળા ખાતે રમત ગમતનું મેદાન છે તો ત્યાં મહેકમની કેટલી જગ્યા છે એમાંથી કેટલી ભરી છે અને કેટલી ખાલી છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે નસવાડી તાલુકા માટેની જે વાત કરી છે કે રમતગમત સંકુલ મંજૂર કરવા માગો છો કે નહીં? તો એનો જવાબ હા છે, અને ત્યાં નવું સંકુલ ઉભું કરવા માગીએ છીએ, સાથે સરદાર પટેલ સંકુલ યોજના અમલમાં મૂકવામાં આવી છે અને મહેકમની વિગતો મારી પાસે નથી. જરૂર પડશે તો હું ટેબલ ઉપર મૂકીશ.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, રાજપીપળા રમત સંકુલનું નિર્માણ ક્યારે શરૂ કરવામાં આવ્યું,
અને એ કયારે પૂર્ણ થયું?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળા રમત સંકુલ ૫–૨–૨૦૦૬થી શરૂ કરવામાં અવ્યું અને ૧૪–૮–૨૦૧૨ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે એનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગુ છું કે, આ સંકુલની અંદર કઇ કઇ રમતો યોજાય છે, અને આ સંકુલ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો એ મારે જાણવું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકુલની અંદર બેડમીન્ટન, જીમ્નેસ્ટીક, આર્ચરી, ખોખો, કબડ્ડી, વોલીબોલ આ પ્રકારની રમતો રમાડવામાં આવે છે અને આ બે તબક્કામાં કામ કરવામાં આવે છે એમાં અત્યાર સુધીમાં ૧,૯૬,૯૯,૨૭૫ રૂપિયાનો ખર્ચનો પ્રથમ તબકકો પૂરો થયો છે અને બાકીનું કામ માર્ગ અને મકાન વિભાગ હસ્તક જે ચાલુ છે એની પાછળ ૨૭,૨૦,૧૦૭ રૂપિયાની રકમ વપરાય છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આ રમત ગમતને એટલું બધું મહત્વ આપવામાં આવતું ન હતું પણ ખેલ મહાકુંભ જે ચાલુ થયા એનાથી ગામડાઓમાંથી ખૂબ સારી પ્રતિભાઓ બહાર આવી અને એ ગામડાની પ્રતિભાઓ ગામડામાં રહે છે એટલે એમને માટે શહેરમાં ધારો કે નર્મદામાં રાજપીપળા ટ્રેનીંગ સેન્ટર છે એ

ઘણીવાર ગામડાનાં લોકોને દૂર પડે છે એટલે લોકોને વૈજ્ઞાનિક પદ્ધતિથી તાલીમ મળે એટલે તાલુકા કક્ષાએ જે આયોજન સરકાર કરવા માગે છે તો એ માટે તાલુકા કક્ષાએ કેટલું બજેટ ફાળવવામાં આવ્યું છે, અને કયાં સુધીમાં આ ખેલાડીઓને ટ્રેનીંગ માટેની ત્યાં સુવિધા મળે એ માટેનું આયોજન છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જિલ્લાના રમત ગમત સંકુલ માટેનો છે એટલે આ એને લાગુ પડશે નહીં, પરંતુ આ ખેલ મહાકુંભના કારણે ખેલાડીઓ જે ભાગ લેતા હોય છે એ ભાગ લેતા ખેલાડીઓને અનેકવિધ સુવિધાઓ આ રાજય સરકાર આપે છે એમના માટેની તાલીમની વ્યવસ્થા કરે છે, એમને ગણવેશ આપવામાં આવે છે, આ ખેલાડીને રમત રમતા ઇજા થાય કે એવું કંઇ થાય તો એના માટે વીમાનું સુરક્ષા કવચ પણ પૂરું પાડવામાં આવે છે. સાથે સાથે એના માટે જરૂરી રમત ગમતના જે કાંઇ સાધનો હોય એ સાધનો પણ પૂરા પાડવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, ગુજરાત રાજયમાં ૨૨૨ તાલુકા છે એમાં પેટા પ્રશ્નમાં લખ્યું છે કે "ક્રમશઃ ખેલ સંકુલ ઉભું કરવામાં આવશે." તો આ ૨૨૨ તાલુકામાંથી ક્રમશઃ ક્યા તાલુકાનું આયોજન કર્યું છે સંકુલ બનાવવા માટે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : ૨૨૨ નો નથી. આ નર્મદાનો જ સવાલ છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમતના મેદાનની વાત છે સાહેબ.

અધ્યક્ષશ્રી : એ એના જ તાલુકાના રમત ગમતના મેદાનોની વાત છે. જુઓ વાંચી જુઓ. ચાલો માનનીય મંત્રીશ્રી બધાનું હોય તો એ કહો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટમાં રાજય સરકાર પાયલોટ પ્રોજેકટ કરવા માગે છે અને એની પાછળ ૪ કરોડ રૂપિયાની જોગાવઇ કરી છે. પહેલા ૧૦ તાલુકાઓની અંદર ૪૦ લાખ રૂપિયાના ખર્ચે તાલુકાનું સંકુલ થાય એ માટેનો રાજય સરકારનો પ્રયાસ છે.

શ્રી જીતેન્દ્ર સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાના આદિજાતિના ખેલાડીઓ રમત ગમત ક્ષેત્રે આગળ આવે તે માટે થઇને રાજય સરકાર દ્વારા કોઇ વિશેષ યોજનાઓ લાવવામાં આવે છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા જ કહ્યું પ્રમાણે આ ખેલાડીઓ માટે એમને માસીક ૭૫૦ રૂપિયાનું સ્ટાઇપેન્ડ આપીએ છીએ, વિવિધ સ્પર્ધાઓમાં જવા માટે એને ૩૦૦૦ રૂપિયાની સહાય કરવામાં આવે છે, એને અનુરૂપ ગણવેશ માટે પ્રતિ ખેલાડી દીઠ ૬૦૦૦ રૂપિયા આપવામાં આવે છે અને મેં અગાઉ કહ્યું તેમ એમને ૧ લાખ રૂપિયાનું વીમાનું સુરક્ષા કવચ આપવામાં આવે છે અને વીમા માટેની જે રકમ છે એ રાજય સરકાર પૂરી પાડે છે અને આ પ્રમાણે આ ખેલાડીઓને જોઇતી તમામ સુવિધા રાજય સરકાર આપવા માગે છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ રમતવીરો માટેની વાત છે એમાં આદિવાસી યુવાનો તિરંદાજીની રમત રમે છે તો એનું આધુનિક ધનુષ ખરીદવા માટે કિંમત ૨ લાખ રૂપિયા જેવી થાય છે. આ આદિવાસી વિસ્તારના આવા ગરીબ યુવાનો એ ખરીદી શકતા નથી ત્યારે એને માટે કોઇ ખાસ કિસ્સામાં આવા આદિવાસી યુવાનો જે ખેલાડીઓ છે એના માટે કોઇ સ્પેશિયલ કેટેગરી બનાવવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, ધીરૂભાઇની લાગણી સાચી છે અને એના માટે કરવું જોઇએ પણ અત્યારે બજેટમાં આવી કોઇ જોગવાઇ કરેલ નથી પરંતુ વિશેષ કરીને નસવાડીમાં તિરંદાજી માટેના સારા યુવાનો મળી રહે છે અને અત્યારે તિરંદાજી માટેનું જે સંકુલ ઉભું કરવાનું છે એમાં વિશેષ જોગવાઇ કરીને નસવાડી ખાતે પાંચ લાખ રૂપિયાના ખર્ચે નવીન સાધનો આપીને સંકુલ અમે ઉભું કરવા માગીએ છીએ.

**શ્રી અશ્વિન કોટવાલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, આપણે ખેલ મહાકુંભની શરૂઆત કરી છે તે સારી વાત છે. ખેલ મહાકુંભની મંત્રીશ્રીએ વાત કરી એટલે હું પ્રશ્ન પૂછું છું, મારો પ્રશ્ન સામાન્ય અને સારો છે કે ખેલ મહાકુંભના રમતવીરોને આપણે જે સર્ટીફિકેટો આપીએ છીએ તો રાજ્ય સરકાર ભરતીમાં રમતવીરો માટે બે ટકા અનામત જોગવાઇ રાખતી હોય છે તો આ રમતવીરો માટે અનામતની જોગવાઇ રાજ્ય સરકાર રાખવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા :** પ્રશ્ન તો રાજપીપળા પૂરતો મર્યાદિત છે એમાં ખેલ મહાકુંભ આવતું નથી પરંતુ એમનું સજેશન સારું છે કે રાજ્ય સરકારના રમતવીરોને પ્રોત્સાહન મળવું જોઇએ તો એ અંગે રાજ્ય સરકાર આગામી દિવસોમાં વિચાર કરશે.

## અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાયની અરજીઓ

* ૩૨૭૬ શ્રીમતી નિર્મલાબેન સુ. વાઘવાણી **(**નરોડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૮૮૧૮૭. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૨,૧૭,૫૦,૩૦૦/–. |

**ડો. નિર્મલાબેન સુ. વાઘવાણીઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગણવેશ સહાય યોજનાનો લાભ મેળવવા માટેના ધોરણો હાલમાં શું છે?

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો લાભ મેળવવા માટે અનુસૂચિત જાતિના હોવું ફરજીયાત છે, ધોરણ–૮માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને એનો લાભ આપવામાં આવે છે, એના માટે આવકનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે રૂપિયા ૨૭,૦૦૦–૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂપિયા ૩૬,૦૦૦–૦૦ સુધીની આવક હોય એને આ લાભ આપવામાં આવે છે.

**શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી અરજીઓ મળેલ હતી, તેમાંથી કેટલી મંજૂર કરેલ હતી અને કેટલી નામંજૂર કરેલી અને નામંજૂર કરવા માટેના કારણો શું છે?

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપ્યો તે પ્રમાણે કુલ ૯૬૮૧૯ પૈકી ૪૪ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે અને આ ૪૪ પૈકી ૨૧ અરજીઓમાં આવક મર્યાદા વધારે છે બાકીની બાર–તેર અરજીઓ પણ શહેરી વિસ્તાર હોવાના કારણે વધારે આવક હોવાના કારણે આવી અરજીઓ નામંજૂર થયેલ છે અને મંજૂર કરેલી તમામ અરજીઓની રકમ લાભાર્થીને ચૂકવી આપવામાં આવેલ છે.

**શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, ધોળકા તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં ગણવેશ સહાયની કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી**?**

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં કુલ ૩૧૦૭ અરજીઓ આવી અને ડિસેમ્બર પછી ૨૪૬ અરજીઓ આવી એમ કુલ ૩૩૫૩ અરજીઓ મળી અને એ તમામ અરજીઓને મંજૂર કરવામાં આવેલ છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ :** માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ફક્ત બે જોડી ગણવેશ આપવામાં આવે છે તો એક અઠવાડિયા માટે બે જોડી બરાબર અનુકૂળ ન ગણાય તો આ બે જોડી ગણવેશ આપો છો એમાં વધારો કરવા માગો છો કે કેમ**?**

**શ્રી રમણલાલ વોરા :** અત્યારે તો બે જોડી ગણવેશ આપવા માટેની આ રાજ્ય સરકારની પુરસ્કૃત યોજના છે મારે આ ગૃહના ધ્યાન પર મૂકવું છે કે સમગ્ર દેશમાં ધોરણ ૧ થી ૭ ના બાળકોને ગણવેશ કેન્દ્ર સરકાર તરફથી મળે છે એક માત્ર ગુજરાત રાજ્ય એવું છે કે જેમાં ગણવેશની સહાય કેન્દ્ર સરકાર તરફથી મળતી નથી આ રાજ્ય પુરસ્કૃત યોજના છે અને એમાં આ બે જોડી ગણવેશ આપવાની યોજના છે.

**શ્રી બાબુભાઇ જ. પટેલ :** હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે**,** દસક્રોઇ તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં ગણવેશ સહાયની કેટલી અરજીઓ મળી અને કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી**?**

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૭૭૬ અરજીઓ મળી. તેમાંથી ૨૭૭૨ મંજૂર કરી અને ૪ નામંજૂર કરી તેમાં મેં અગાઉ કહ્યું તેમ આવક મર્યાદાનું ધોરણ વધારે હોવાના કારણે ચાર અરજીઓ છે તે નામંજૂર કરવામાં આવેલી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગણવેશ પાછળ જે ખર્ચો થયેલો છે તો આ ગણવેશ તૈયાર લેવામાં આવેલો હતો કે તેનું કાપડ લીધેલું હતું ? અને કાપડ લીધેલું હોય તો કાપડ પાછળ કેટલો ખર્ચો ? અને સિલાઇ કરાવેલી હોય તો સિલાઇ પાછળ કેટલો ખર્ચો થયેલ છે ? અને આ ટેન્ડર કોના મારફતે મંગાવેલુ ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦૦/– રૂપિયા રોકડ સહાય આપવામાં આવે છે અને તે રોકડ સહાયમાંથી વિદ્યાર્થીઓ પોતાના ગણવેશ તૈયાર કરે છે. એટલે ટેન્ડરની પ્રક્રિયાનો કોઇ સવાલ પેદા થતો નથી.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધંધુકા તાલુકાની અંદર છેલ્લાં બે વર્ષની અંદર ગણવેશ સહાયની કેટલી અરજીઓ મળી ? તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ધંધુકા તાલુકાની ૧૨૯૨ અરજીઓ મળી અને તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં એવુ જણાવ્યું કે, ૧ થી ૭ ધોરણના વિદ્યાર્થીઓને ગુજરાત સિવાયના બધા રાજયોમાં કેન્દ્ર સરકાર ડ્રેસ  આપે છે. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલુ જાણવું છે કે, આપણી સરકાર તો દેશમાં નંબર વન છે તો આપણે બધાને, તમામ વિદ્યાર્થીને આપવા માગીએ છીએ કે નહીં ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તે પ્રમાણે આખા દેશમાં એક માત્ર ગુજરાત રાજય એવું છે કે જેમાં ગણવેશ સહાય કેન્દ્ર સરકાર આપતી નથી. શરમાવાના બદલે સામેથી પ્રશ્ન દલિતોના હિતો સાથે સીધે સીધુ નુકસાન કેન્દ્ર સરકાર કરી રહી છે. માત્ર આખા દેશમાં ગુજરાત સરકાર આ દલિતો માટેનું કામ કરી રહી છે. આગામી દિવસોમાં ગણવેશ આપવા માટેનું તેમનું સૂચન છે.

**ભાવનગર  જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ**

* ૩૨૪૨ શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) પ૪૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૨૭. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧,૯૨,૬૦૦/–. |

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનામાં ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ મને જે જવાબ આપવામાં આવ્યો છે તેમાં ૨૨૭ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે તો તેના કારણો શું છે ? અને નિરાધાર વૃધ્ધ સહાય યોજના અમલમાં આવી ત્યારે સહાયના ધોરણ શું હતા ? અને આજે નરેન્દ્રભાઇ મોદીની લોકપ્રિય સરકારમાં કેટલી સહાય ચૂકવવામાં આવે છે ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ પ૪૪ અરજી હતી તેમાંથી ૨૨૭ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૧૪૪ નામંજૂર કરવામાં આવી. આ નામંજૂર કરવાની અરજીઓ પૈકી પણ તેમાં રાજય સરકારે જે પડતર અરજીઓ હતી તેની અંદરથી જે મંજૂર કરવાપાત્ર હતી તે અરજીઓ મંજૂર કરી. અત્યારે નામંજૂરીમાં કુલ–૬૮ છે. આ ૬૮ની અંદર પુખ્ત વયનો એટલે કે ૨૧ વર્ષથી ઉપરનો પુત્ર હોય તેવા ૨૦ લોકો છે, વધુ આવક હોવાથી એવા ૧૩ લોકો છે, પુરાવાના અભાવે એટલે તેમને જે જરૂરિયાત હોય અને રજૂ ના કરેલી હોય એવા ૨૨ કિસ્સાઓ છે, અરજદાર મળતા ના હોવાના કારણે પણ ૧૦ અરજીઓ છે અને ઉંમર ઓછી હોવાના કારણે ૩ લોકો છે.  આમ કુલ–૬૮ અરજીઓ છે તે નામંજૂર કરવામાં આવી છે.

ડો. ભારતીબેન ધી. શ્યાળ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, મહુવા તાલુકામાં આ યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો છે ? અને કેટલી રકમનું ચૂકવણું થયુ છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મહુવા તાલુકામાં ૧૧૧ અરજીઓ આવી હતી તેમાંથી ૩૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, સાત અરજીઓ નામંજૂર થઇ છે અને ૬૭ પડતર છે. આ પડતર અરજીઓ પૈકી કુલ ૩૭ અરજીઓ માટે પ૪,૮૦૦/–રૂપિયાનું ચૂકવણું કરવામાં આવેલું છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ભાવનગર જિલ્લામાં આ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી ? આમાંથી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી ? અને નામંજૂર થવાના કારણો શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર શહેરમાં ૧૧૪ અરજી મળી તેમાંથી ૬૭ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૨૩,૨૦૦/-નું ચૂકવણું કરવામાં આવ્યું. ભાવનગર ગ્રામ્યમાં ૧૧૫ અરજીઓ મળી, ૬૦ મંજૂર કરવામાં આવી અને તેની પાછળ ૪૨,૦૦૦/-રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ઘોઘામાંથી ૪ અરજી આવી એમાંથી ૩ મંજૂર થઇ. શિહોરમાંથી ૩૩ અરજી આવી એમાંથી ૨૦ મંજૂર થઇ, વલ્લભીપુરમાં ૩ માંથી બે મંજૂર થઇ, ઉમરાળામાંથી છ અરજી આવી એમાંથી ૪ મંજૂર થઇ, મહુવામાં ૧૧૧ માંથી ૩૮ મંજૂર થઇ, તળાજામાં ૭૦ માંથી ૭, પાલીતાણા ૩૫ માંથી ૧૩, ગારીયાધાર ૨૨ માંથી ૬, બોટાદમાં ૨૦ માંથી ૩ અને ગઢડામા ૧૧ માંથી ૫ મંજૂર થઇ. કુલ ૫૪૪ પૈકી ૨૨૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે અગાઉની પડતર અરજીઓ પૈકીની બીજી ૬૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

શ્રી આત્મારામ મ. પરમાર : ભાવનગર જિલ્લાનો નિરાધાર વૃદ્ધ સહાયની યોજનાનો પ્રશ્ન છે. નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં સહાયની રકમમાં કયારે કયારે વધારો કર્યો, અને જે રકમનો વધારો કરવામાં આવ્યો છે એમાં કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : આ યોજનાની જયારે શરૂઆત થઇ ત્યારે ૩૦ રૂપિયા આપવાનું ધોરણ હતું. પછી ૪૫ રૂપિયા થયા ત્યારબાદ ૬૦ રૂપિયા થયા, એ પછી ૧૨૦ રૂપિયા થયા અને સન ૨૦૧૨-૧૩થી આ સહાયનું ધોરણ ૨૦૦ રૂપિયા છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : હાલ સહાયનું ધોરણ ૨૦૦ રૂપિયા છે. કેન્દ્ર સરકારનો આમાં કેટલો ફાળો છે અને આગળ કહ્યું એમાં કેન્દ્ર સરકાર ૫૦૦ રૂપિયા સહાય આપે છે તો ૨૦૦ રૂપિયામાંથી રાજય સરકાર ૫૦૦ રૂપિયા કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : હું અગાઉ આ વાત કહી ચૂકયો છું. તેમ છતાં સભ્યશ્રીની જાણ માટે કહું કે ઇન્દિરાબહેન ગાંધી રાષ્ટ્રીય સહાય પેન્શન યોજના કેન્દ્ર સરકારની અલગ યોજના છે અને નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં એનો સમાવેશ થતો નથી. ફરીથી આ યોજના અલગ હોવાને કારણે એની જો અલગથી નોટિસ આપવામાં આવશે તો જરૂર જવાબ આપીશ.

## દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થી

* ૩૨૪૬ શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૧૦૯. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૮૧,૬૭,૩૦૦/-. |

શ્રી બચુભાઇ મ. ખાબડ : સંત સુરદાસ યોજનાનું અરજી ફોર્મ કયાંથી મેળવવાનું હોય છે, અને કયાં રજૂ કરવાનું હોય છે. આ યોજના મંજૂર કરવાની કાર્યપદ્ધતિ શું છે અને આ યોજના અંતર્ગત દેવગઢ બારિયા તાલુકામાં કેટલા લાભાર્થીઓને મંજૂર કરવામાં આવ્યા અને કેટલી રકમ ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઇ. વોરા : સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએથી વિનામૂલ્યે ફોર્મ આપવામાં આવે છે. આના માટે સમાજ સુરક્ષા અધિકારીએ વિકલાગ ઓળખકાર્ડ આપ્યું હોય એની જરૂર પડે, એનો જન્મનો દાખલો હોય અથવા શાળા છોડયાનું પ્રમાણપત્ર હોય, દસ વર્ષથી કાયમી ગુજરાતમાં વસવાટ કરતાં હોવા જોઇએ. આ તમામ અરજી સમાજ સુરક્ષા કચેરીએ રજૂ કરવાથી એની ચકાસણી કર્યા પછી એને મંજૂર કરવામાં આવે છે. દેવગઢ બારિયામાં ૨૬૩ લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવી એમાં ૧૦.૩ લાખની રકમ ચૂકવવામાં આવી છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દાહોદ જિલ્લાના મારા મત વિસ્તાર ધાનપુર તાલુકો અને ગરબાડા તાલુકો તથા દાહોદ તાલુકામાંથી કેટલી અરજી આવી અને કેટલાને લાભ મળ્યો.?

શ્રી રમણલાલ ઇ. વોરા : દાહોદમાંથી કુલ ૩૯ અરજીઓ આવી એ બધી જ મંજૂર કરવામાં આવી. ગરબાડામાં ૨૮ અરજીઓ આવી એ બધી જ મંજૂર કરવામાં આવી છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં ઝાલોદ અને ફત્તેપુરા તાલુકામાં કુલ કેટલી અરજીઓ આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી?

શ્રી રમણલાલ ઇ. વોરા : ઝાલોદમાં ૩૬ અરજી આવી અને ૩૬ મંજૂર કરવામાં આવી અને ફત્તેપુરામાં ૧૯ અરજી આવી અને ૧૯ મંજૂર કરવામાં આવી.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવેલી? કેટલી નામંજૂર કરવામાં આવેલી? નામંજૂર કરવાના કારણો શું? ફત્તેપુરા તાલુકામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

શ્રી રમણલાલ ઇ . વોરા : ચાલુ એક વર્ષમાં રાજય સરકારમાં ૧૮૧ અરજીઓ મળી. જેમાંથી ૧૭૩ અરજીઓ મંજૂર કરવામાં આવી. ૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી. ૧૭૩ અરજી પાછળ ૬,૬૨,૪૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ફત્તેપુરા તાલુકામાં ૧૯ અરજી આવી અને ૧૯ અરજી મંજૂર કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું કે ૦થી ૧૭ બી.પી.એલ. યાદીમાં નામ ધરાવતા હોય તેને આ યોજનાનો લાભ મળે છે. બી.પી.એલ. યાદીમાં આવવા પત્રતા ધરાવતો હોવા છતાં તેમના નામ એક યા બીજાં કારણોસર બી.પી.એલ. યાદીમાં સમાવેશ થઇ શકયો નથી.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ પુંજાભાઇ, જેનું નામ એન્ટર છે તેને મળે. નવા એન્ટરનો સવાલ નથી. (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : અગાઉ માનનીય મંત્રીશ્રીએ કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરીને એ વાત કરી છે તેના સંદર્ભમાં હું મારો સવાલ પૂછું છું. બી.પી.એલ. યાદીમાં જે નામ હોય, તે પાત્રતા ધરાવે છે છતાં તેનો સમાવેશ થયો નથી. આવા લોકોનો સરવે કરીને લાભ આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : બી.પી.એલ.ના ધોરણમાં કેન્દ્ર સરકાર જો સુધારો કરશે તો રાજય સરકાર એનો અમલ કરશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : કેન્દ્ર સરકારની ગાઇડલાઇન છે તે મુજબ તેનો સરવે રાજય સરકારના કર્મચારીઓ મારફત કરવામાં આવે છે. વિધવા બેન હોવા છતાં તેનું નામ બી.પી.એલ. યાદીમાં નથી.

અધ્યક્ષશ્રી : બી.પી.એલ. યાદીમાં નામ ન હોય તો નવું ઉમેરવા માટે કોઇ પદ્ધતિ છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.ની યાદીમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બન્નેની સહાય થઇને જયારે રૂપિયા ૪૦૦ આપવામાં આવે છે ત્યારે ભારત સરકારની ગાઇડલાઇન પ્રમાણે બી.પી.એલ. યાદીમાં જેનું નામ હોય તેને જ સહાય ચૂકવવામાં આવે છે અને રાજય સરકાર દિલ્હીની આ સરકારનું સૂચન માન્ય રાખીને અમે આગળ કામગીરી કરીશું.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૧૧. (અંતરાય) તમે બેસી જાવ, આમાંથી આ સવાલ જ ઉભો ન થાય. ખોટો સરવે હોય તો બીજી વાત છે. આ પ્રશ્નોત્તરીમાં ન આવે.

## ઉમરગામ તાલુકાના નારગોલ ગામે પ્રવાસન વિકસાવવા બાબત

* ૩૨૨૬ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકાના નારગોલને પ્રવાસનધામ તરીકે વિકસાવવા કોઈ આયોજન થયું છે, અને | (૧) ઉમરગામ તાલુકાના નારગોલને પ્રવાસનધામ તરીકે વિકસાવવા કોઇ આયોજન કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો તેની શી વિગતો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે ઉમરગામ તાલુકાનું નારગોલ ગામ પારસી સમાજનું આખું ગામ છે. ભૂતકાળમાં જે પ્રવાસન નીતિ જાહેર કરેલી, ત્યારે ત્રીજી કેટેગરીમાં એ જાહેર કરેલું. થોડો ખર્ચ પણ કરવામાં આવ્યો છે. મારો પ્રશ્ન એ હતો કે તેને વિકસાવવા માટે કોઇ આયોજન કરેલું છે કે કેમ? સરકારે મને ના પાડી છે. તો એ ના પડવા પાછળના કારણો શું છે અને નારગોલ ગામમાં કોઇ અન્ય પ્રોજેકટમાં આપણે વિકાસ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નારગોલ ખાતે રાજય સરકાર દ્વારા તેના બીચ ડેવલપમેન્ટ માટેનો સરવે હાથ ધરવામાં આવ્યો અને તેમાં સરવે નં. ૧૪૯, ૨૨૪ અને ૨૨૫ એ ત્રણ જગ્યાઓ આઇડેન્ટીફાઇ થઇ હતી અને આ ત્રણ જગ્યાઓ જો મળે તો આ પ્રોજેકટ આપણે ડેવલપ કરી શકીએ પણ આ ત્રણ

જગ્યાઓ પૈકી એક જગ્યા ગૌચરવાળી હતી અને સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ગૌચરવાળી જગ્યામાં આપણે ડેવલપમેન્ટ કરી શકતા નથી તેના કારણે આ પ્રોજેકટ આપણે પડતો મૂક્યો, પણ રાજયમાં બીચના ડેવલપમેન્ટ માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળ ૧૨૦ કરોડ રૂપિયા ખર્ચીને આગામી દિવસોમાં આઠ જેટલા બીચ આપણે ડેવલપ કરવાના છીએ. તેમાં માંડવીનો બીચ, ઓખામંડળનો બીચ..

અધ્યક્ષશ્રી : આનો સમાવેશ થાય છે કે નહીં એટલું કહો ને.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૧૦ હેકટર જેટલી જમીન જોઇએ. જે દરિયાની સામે વધારેમાં વધારે સન્મુખ હોય એવો એરિયા મળે તો જ કરી શકાય.

શ્રી ભરતભાઇ કી. પટેલ : ગુજરાતના બીચ ટુરીઝમના વિકાસ માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

## વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાયની અરજીઓ

* ૩૨૭૮ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર પાવી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૧૭૪૪૬. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ. ૪૩,૩૮,૧૦૦/–. |

---------

## વલસાડ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની અરજીઓ

* ૩૩૦૩ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧–૧૨–૧૨ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૭૪૧. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૨૪. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૫,૪૩,૫૦૦/–. |

---------

## આણંદ જિલ્લામાં વીજ જોડાણની અરજીઓ

* ૪૮૮૫ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કયાં કયાં પ્રકારના વીજ જોડાણ મેળવવા છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) અને (૨) તારીખ ૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં વિવિધ પ્રકારના વીજ જોડાણો મેળવવા માટે મળેલ અરજીઓ અને આપવામાં આવેલ વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છેઃ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ | |

| કેટેગરી | મળેલ | રદ થયેલ | આપવામાં આવેલ વીજ |
|---|---|---|---|

કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

| | અરજીઓ | અરજીઓ | જોડાણો |
|---|---|---|---|
| ઘરવપરાશ | ૨૨૬૦૨ | ૯૨૦ | ૧૯૧૫૩ |
| વાણિજ્યિક | ૨૫૭૨ | ૧૯૨ | ૨૨૩૫ |
| ઔદ્યોગિક | ૫૩૫ | ૪૩ | ૪૪૩ |
| વારિગૃહ | ૫૬૧ | ૧૦૮ | ૪૦૦ |
| જાહેર સંસ્થાકીય<br>સ્ટ્રીટલાઇટ | ૧૬<br>૯૫ | –<br>૧૧ | ૧૬<br>૭૦ |
| ખેતી વિષયક નવા વીજ જોડાણ | ૧૨૯૮ | ૦ | અનુ.જાતિ અગ્રતા ૬<br>અગાઉની નોંધાયેલ અરજીઓમાં આપવામાં આવેલ વીજ જોડાણ ૨૩૧૯ |
| (૨) કાયમી બંધ થયેલી (પીડીસી) ખેતી વિષયક પુનઃ જોડાણો | ૧૫ | ૨ | ૯ |

(૩) બાકી અરજદારોને કેટલા સમયમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૩) વીજ જોડાણ મેળવવા માટે અરજીઓની નોંધણી તથા વીજ જોડાણ મંજુર કરવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. બાકી અરજદારોને અગ્રતાક્રમ મુજબ શક્ય તેટલા ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

## ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની અરજીઓ

* ૩૨૩૯ શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ **(**માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૨૭૯. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૨૧૪. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૩૮,૮૯,૫૦૦/–. |

---------

## જામનગર જિલ્લામાં સરસ્વતી સાધનાની અરજીઓ

* ૩૨૭૩ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરસ્વતી સાધના યોજના હેઠળ જામનગર જિલ્લામાં ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં ૩૯ અને વર્ષ ૨૦૧૧-૧૨ માં ૩૦ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અને | (૨) ૬૨. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી છે ? | (૩) ૬૨ સાયકલો આપવામાં આવી. |

---------

## કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

* ૪૦૬૮ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને (૨) તે પાછળ કૂલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૧) અને (૨) કચ્છ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨ માં રૂપિયા ૨૯.૯૬ લાખના ખર્ચે ૮૮૪ અને વર્ષ ૨૦૧૨-૧૩ માં તારીખ ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ રૂપિયા ૩૪.૭૨ લાખના ખર્ચે ૧૦૦૭ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |

---------

## સાબરકાંઠામાં ખેડૂતોને આપવાના વીજ જોડાણ

* ૪૮૬૯ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ તાલુકાવાર આપવામાં આવ્યા, | (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં ૮૭૯, વિજયનગર તાલુકામાં ૮૪૪ અને ભિલોડા તાલુકામાં ૪૧૨૬ કૃષિ વીજ જોડાણો તારીખ ૩૧-૦૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવ્યા, જ્યારે મેઘરજ તાલુકો ડાર્કઝોન વિસ્તારમાં આવતો હતો. જેમાં ૨૦૧૨ પહેલાની કોઇ પડતર અરજી ન હતી. |
| (૨) કેટલા ખેડૂતોને વીજ જોડાણ આપવાના તાલુકાવાર બાકી છે, અને આ વીજ જોડાણ કેટલા સમયથી આપવાના બાકી છે, અને | (૨) ખેડબ્રહ્મા તાલુકામાં ૧૧૧૦, વિજયનગર તાલુકામાં ૭૧૨ અને ભિલોડા તાલુકામાં ૨૪૧૯ ખેડૂતોને વર્ષ ૨૦૧૧ થી વીજ જોડાણ આપવાના બાકી છે, જ્યારે મેઘરજ તાલુકામાં તા.૧૭-૦૯-૨૦૧૨ પછી નોંધાયેલ ૬૫૪૨ અરજીઓમાં વીજ જોડાણ આપવાના બાકી છે. |
| (૩) કયાં સુધીમાં બાકીના ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવશે ? | (૩) બાકી વીજ જોડાણો અગ્રતાક્રમ મુજબ શક્ય તેટલા ઝડપથી આપવાનું આયોજન છે. |

---------

## ખેડૂતોને વીજ કનેકશનો આપવાની અગ્રતા આપવા બાબત

* ૩૬૯૫ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ અને કચ્છ જિલ્લામાં ખેડૂતો દ્વારા તાલુકાવાર કેટલી અરજીઓ ખેત વિષયક વીજ જોડાણો મેળવવા માટે આવી, | (૧), (૨) અને (૩) રાજકોટ અને કચ્છ જિલ્લામાં તારીખ ૩૧-૦૧-૨૦૧૩ ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટે તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે. |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા ખેડૂતોને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) કેટલા પડતર છે અને તેના કારણો શા છે, અને અરજદારોને કનેકશનો ન આપવાના શા કારણો છે ?

| **જિલ્લો** | **તાલુકો** | **આવેલ અરજીઓ** |
|---|---|---|
| **રાજકોટ** | ધોરાજી | ૬૧ |
| | ગોંડલ | ૩૨૨ |
| | જામકંડોણા | ૧૬ |
| | જસદણ | ૪૫૫ |
| | જેતપુર | ૧ |
| | કોટડા સાંગાણી | ૫૦ |
| | લોધીકા | ૧૫ |
| | મોરબી | ૦ |
| | માળીયા (મી) | ૦ |
| | પડધરી | ૪૧૨ |
| | રાજકોટ | ૩૪૧ |
| | ટંકારા | ૬૩ |
| | ઉપલેટા | ૦૧ |
| | વાંકાનેર | ૧૫૧ |
| **કચ્છ** | લખપત | ૧ |
| | મુન્દ્રા | ૨૩ |
| | નખત્રાણા | ૧૭ |

આ યોજના નીચે કોઇ વીજ જોડાણ આપવામાં આવ્યા નથી. પરંતુ, અગાઉની નોંધાયેલ અરજીઓમાં રાજકોટ અને કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ કૃષિ વીજ જોડાણની તાલુકાવાર વિગતો **પત્રક અ** માં રાખેલ છે.

**પત્રક અ**

**તારીખ ૩૧-૦૧-૨૦૧૩ ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણ માટે રાજકોટ અને કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણોની તાલુકાવાર માહિતી**

| **જિલ્લો** | **તાલુકો** | **છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણો** |
|---|---|---|
| **રાજકોટ** | ધોરાજી | ૪૧૯ |
| | ગોંડલ | ૧૬૨૨ |
| | જામકંડોરણા | ૫૫૯ |
| | જસદણ | ૧૯૦૦ |
| | જેતપુર | ૭૮૭ |
| | કોટડા સાંગાણી | ૪૩૫ |
| | લોધીકા | ૪૮૫ |
| | મોરબી | ૪૫૯ |
| | પડધરી | ૮૫૭ |
| | રાજકોટ | ૧૦૩૩ |
| | ટંકારા | ૭૨૪ |
| | ઉપલેટા | ૬૪૨ |
| | વાંકાનેર | ૧૧૪૧ |

| જિલ્લો | તાલુકો | છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણો |
|---|---|---|
| | માળીયા (મી) ડાર્કઝોન | ૦૩ |
| **કચ્છ** | અબડાસા | ૫૩૩ |
| | ભૂજ | ૫૭૫ |
| | ગાંધીધામ | ૭૨ |
| | લખપત | ૮૮ |
| | મુન્દ્રા | ૩૨૯ |
| | નખત્રાણા | ૪૫૨ |
| | અંજાર (ડાર્કઝોન) | ૧૦૨ |
| | ભચાઉ (ડાર્કઝોન) | ૬૨ |
| | માંડવી (ડાર્કઝોન) | ૧૪૨ |
| | રાપર (ડાર્કઝોન) | ૩૧૦ |

---------

## સુરત જિલ્લામાં ફાળવેલ પ્રોત્સાહક જોગવાઈ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ

* ૩૨૩૧ શ્રી રણજીતભાઈ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : **માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન પ્રોત્સાહક જોગવાઈ હેઠળ સુરત જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન સરકાર દ્વારા પ્રોત્સાહક જોગવાઇ હેઠળ સુરત જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે.

**(રૂપિયા લાખમાં)**

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૭૦.૦૦ | ૫૦.૦૦ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૭૦.૦૦ | ૩૮.૩૮ |

(૩) વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન સુરત જિલ્લામાં પ્રોત્સાહક જોગવાઇ હેઠળ મંજૂર થયેલ કામો અને પૂર્ણ થયેલ કામો અંગેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મંજૂર થયેલ કામો | પૂર્ણ થયેલ કામો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૫૮ | ૫૩ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૪૬ | ૪૨ |

---------

## રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિ માટે મફત તબીબી સહાયની અરજીઓ

* ૩૨૬૪ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વર્ષ ૨૦૧૨-૧૩માં રાજકોટ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઈસમોને લાભ આપવા માટે કેટલી અરજી મળી, | (૧) ૯૬૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૩૬. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨૫.૭૩ લાખ. |

---------

## પંચમહાલ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ

* ૪૦૮૮ શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૧) અને (૨)<br>પંચમહાલ જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા ૭૮૬.૫૩ લાખના ખર્ચે ૬૪૨૯ અને વર્ષ ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૭૫૪.૦૬ લાખના ખર્ચે ૬૨૯૧ વીજ જોડાણ આપવામાં આવેલ છે. |

---------

## રાજ્યમાં સોલાર વીજળીનું ઉત્પાદન અને વેચાણ

* ૩૯૪૭ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સોલાર વીજળીનું ઉત્પાદન વર્ષવાર કેટલું કરવામાં આવ્યું, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સોલાર વીજળી ઉત્પાદન વર્ષ ૨૦૧૧માં ૩૩ મી.યુ. યુનિટ અને વર્ષ ૨૦૧૨માં ૯૦૫ મી.યુ. યુનિટ કરવામાં આવેલ છે. |
| (૨) આ વીજળી કોને કોને શા ભાવે વેચાણથી પૂરી પાડવામાં આવી? | (૨) તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં સૌર ઊર્જા મથકોની સ્થાપિત ક્ષમતા ૮૨૪.૨૭ મે.વો. છે. તેના દ્વારા ઉત્પન્ન થતી વીજળી પરંપરાગત સ્ત્રોતો દ્વારા ઉત્પન્ન થતી વીજળી સાથે રાજ્યના ગ્રીડમાં દાખલ કરવામાં આવે છે. અને ગુજરાત વીજ નિયમન પંચે નિયત કરેલા દરે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા ઘરગથ્થુ તથા ઔદ્યોગિક વપરાશ માટે વીજળી પૂરી પાડવામાં આવે છે. |

---------

## દાહોદ જિલ્લામાં ગેરકાયદે માઈનીંગનો દંડ વસૂલ કરવા બાબત

* ૩૩૯૨ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : **માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૨૦૧૧ થી તા. ૩૧-૧૨-૨૦૧૨ દરમિયાન દાહોદ જિલ્લામાં ગેરકાયદે માઈનીંગ | (૧) ૧૫ (પંદર) ઈસમોને,<br>રૂપિયા ૧૧,૯૯,૦૨૯/-ની રકમનો. |

માટે કેટલા ઈસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવેલ છે,

(૨) આ દંડની રકમ કુલ કેટલી, અને

(૩) બાકી રહેલ દંડ કેટલા સમયમાં વસૂલવામાં આવશે?

(૨) રૂપિયા ૧૧,૯૯,૦૨૯/-.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની ટયુશન સહાયની અરજીઓ

* ૩૨૬૮ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ટયુશન સહાય યોજના હેઠળ
તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી છે, અને

(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવી?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૩ |
| ૨ | તારાપુર | ૦૨ |
| ૩ | બોરસદ | ૦૬ |
| ૪ | પેટલાદ | ૦૮ |
| ૫ | ખંભાત | ૦૩ |
| | **કુલઃ-** | **૩૨** |

(૨) ૧૫.

(૩) ૧૫.

---------

## અબડાસા, લખપત અને નખત્રાણા જ્યોતિગ્રામ યોજનાનો અમલ

૩૬૯૨ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં કયા કયા ગામ-પેટાપરાઓ અને માલધારી વસાહતો જ્યોતિગ્રામ યોજનાથી વંચિત છે, અને

(૨) કેટલા સમયમાં વીજળીકરણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાના વીજળીકરણ થયેલ તમામ ગામ/પેટાપરા જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં લીઝ ધારકોની ગેરરીતિ

૩૩૯૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારની જમીનોમાં, કેવા પ્રકારના, કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧માં મુખ્ય ખનિજની સરકારી જમીનમાં બે (૨) માઈનીંગ લીઝ ૯,૬૩,૮૭,૦૦૦ મે,ટન ઉત્ખનન માટે મંજૂર કરવામાં આવેલ તથા વર્ષ ૨૦૧૨માં મુખ્ય ખનિજની કોઈ લીઝ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) વર્ષ ૨૦૧૧માં ગૌણ ખનીજની ખાનગી જમીનમાં ઓગણત્રીસ (૨૯) અને સરકારી જમીનમાં ચૌદ (૧૪) કવોરી લીઝ

| | |
|---|---|
| | ૪૮,૩૫,૭૮૨ મે.ટન ઉત્ખનન માટે તથા વર્ષ ૨૦૧૨માં ખાનગી જમીનમાં વીસ (૨૦) અને સરકારી જમીનમાં એક(૧) ક્વોરી લીઝ ૨૬,૬૦,૪૧૨ મે.ટન ઉત્ખનન માટે મંજૂર કરવામાં આવી. |
| (૨) આવી લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકોની ગેરરીતિ સામે આવી, અને | (૨) વર્ષ ૨૦૧૧માં બે (૨) વખત તથા વર્ષ ૨૦૧૨માં ત્રણ (૩) વખત સ્થળ તપાસ કરવામાં આવેલ જેમાં ત્રણ (૩) લીઝ ધારકોની ગેરરીતિ સામે આવેલ છે. |
| (૩) આવી ગેરરીતીઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) ગેરરીતિઓ આચરનાર ત્રણ (૩) લીઝ ધારકોને નોટીસ આપવામાં આવેલ તે પૈકી બે (૨) કિસ્સામાં રૂ. ૩,૨૫,૨૨૨/-ની દંડકીય વસૂલાત કરવામાં આવેલ છે અને એક (૧) લીઝમાં ખાણકામ બંધ કરાવેલ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૩૨૩૩ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર ખાતે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૨૪૦૧૦. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૯૮૫૨. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસની અરજીઓ**

૩૨૫૨ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૩૩૭. |
| (૨) કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૩૩૭. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૭૪૦.૧૦ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મળેલ અરજીઓ**

૩૫૨૯ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને લોન મેળવવા અંગે તાલુકાવાર કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાર લોન માટેની નીચે મુજબ અરજીઓ મળેલ છે. |

| અ.નં. | તાલુકાનું | શ્રી વાજપાઈ | જ્યોતિગ્રામોદ્યોગ |
|---|---|---|---|

| | નામ | બેંકેબલ યોજના | | વિકાસ યોજના | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૧ | ૨૦૧૨ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વાવ | ૪૨૩ | ૨૫૬ | ૦ | ૦ |
| ૨ | ડીસા | ૬૭૬ | ૫૪૬ | ૦ | ૦ |
| ૩ | કાંકરેજ | ૨૦૦ | ૧૮૧ | ૦ | ૦ |
| ૪ | પાલનપુર | ૬૧૫ | ૭૪૬ | ૦ | ૦ |
| ૫ | વડગામ | ૪૩૨ | ૫૦૪ | ૦ | ૦૧ |
| ૬ | ભાભર | ૯૧ | ૧૨૨ | ૦ | ૦ |
| ૭ | ધાનેરા | ૨૫૯ | ૨૮૭ | ૦ | ૦ |
| ૮ | થરાદ | ૧૯૦ | ૧૯૨ | ૦ | ૦ |
| ૯ | દાંતા | ૬૯ | ૭૬ | ૦ | ૦ |
| ૧૦ | અમીરગઢ | ૧૨૪ | ૭૦ | ૦ | ૦ |
| ૧૧ | દિયોદર | ૧૮૬ | ૧૬૪ | ૦ | ૦ |
| ૧૨ | દાંતીવાડા | ૧૩૪ | ૯૮ | ૦ | ૦ |
| | **કુલ** | **૩૩૯૯** | **૩૨૪૨** | **૦** | **૦૧** |

(૨) તે પૈકી કેટલા અરજદારોને કુલ કેટલી લોન ચૂકવવામાં આવી,

(૨) અગાઉની પડતર સહીત ઉક્ત અરજીઓ પૈકી શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ નીચે મુજબ લોન ચૂકવવામાં આવી.

| ૨૦૧૧ | | ૨૦૧૨ | |
|---|---|---|---|
| **અરજદારોની સંખ્યા** | **રકમ રૂ. લાખમાં** | **અરજદારોની સંખ્યા** | **રકમ રૂ. લાખમાં** |
| ૧૨૯૮ | ૭૪૩.૯૬ | ૧૨૧૫ | ૭૭૧.૨૯ |

(૩) લોન અંગેની કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૩) લોન અંગેની નીચે મુજબની અરજીઓ બેંક દ્વારા નામંજૂર કરવામાં આવી.

| વર્ષ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|
| અરજીઓની સંખ્યા | ૧૫૪૪ | ૧૪૨૬ |

(૪) તે અંગેના સામાન્ય કારણો શાં છે, અને

(૪) બેંકો દ્વારા નામંજૂરીના સામાન્ય કારણો નીચે મુજબ છે.

૧. ધંધો અર્થક્ષમ ન હોવાથી
૨. અરજદાર તથા તેમના કુટુંબીજનો બાકીદર હોવાથી
૩. ધંધાની જાણકારી ન હોવાથી
૪. અરજદારે બેંકમાં જરૂરી માહિતી રજુ કરેલ ન હોવાથી.
૫. બેંકો દ્વારા અગાઉ ધિરાણ કરેલ વસુલાત ઓછી થવાથી.

(૫) હજુ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૫) તા. ૩૧-૧૨-૨૦૧૨ અંતિત ૧૦૧૨ અરજીઓ બેંકોમાં પડતર છે તથા તેનો નિકાલ બેંક કક્ષાએ યોજનાના નિયમોનુસાર કરવામાં આવશે.

---------

## વલસાડ જિલ્લાના કપરાડા અને પારડી તાલુકામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજનામાં કનેકશન

૪૨૧૦ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ બે વર્ષમાં

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ

વલસાડ જિલ્લાના કપરાડા અને પારડી તાલુકામાં બી.પી.એલ. લાભાર્થીઓને રાજીવ ગાંધી કુટીર જ્યોત યોજનામાં કેટલા કનેકશન આપ્યા,

(૨) તે અન્વયે કેટલા બી.પી.એલ. લાભાર્થીઓને કનેકશનો આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેતા લાભાર્થીઓને કેટલા સમયમાં આ લાભ આપવામાં આવશે?

બે વર્ષમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આર.જી.જી. વી.વાય. હેઠળ ૪૩૫૫ અને કુટિરજ્યોતિ યોજના હેઠળ ૨૨૦ તથા પારડી તાલુકામાં આર.જી.જી.વી.વાય. હેઠળ ૯૯૩ અને કુટિરજ્યોતિ યોજના હેઠળ ૧૩૧ બી.પી.એલ. લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૩) આર.જી.જી.વી.વાય. હેઠળનાં બાકી લાભાર્થીઓને જિલ્લાના પ્રોજેક્ટની સમયમર્યાદા એટલે કે તા. ૩૧-૦૩-૨૦૧૩ સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે, જ્યારે કુટિરજ્યોતિ યોજના હેઠળ કોઇ લાભાર્થીની અરજી પડતર નથી.

---------

## અમદાવાદ જિલ્લામાં લીઝ ધારકોની ગેરરીતિ

૩૩૩૬ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારની જમીનોમાં, કેવા પ્રકારના, કેટલા ટન ઉત્ખનન માટેની લીઝો મંજૂર કરવામાં આવી,

(૨) આવી લીઝો મંજૂર થયા પછી વર્ષવાર કેટલી વખત સ્થળ તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ વખતે કેટલા લીઝ ધારકોની ગેરરીતિ સામે આવી, અને

(૩) આવી ગેરરીતિઓ આચરનાર લીઝ ધારકો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) (૧) વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં મુખ્ય ખનિજની કોઇ લીઝ મંજુર કરવામાં આવેલ નથી.

(૨) વર્ષ ૨૦૧૧માં ગૌણ ખનિજની સરકારી જમીનમાં બે(૨) ક્વોરી લીઝ ૭૦,૦૦૦ મે. ટન ઉત્ખનન માટે તથા વર્ષ ૨૦૧૨માં સરકારી જમીનમાં ત્રણ(૩) અને ખાનગી જમીનમાં એક(૧) ક્વોરી લીઝ ૩,૩૫,૦૦૦ મે. ટન ઉત્ખનન માટે મંજુર કરવામાં આવેલ છે.

(૨) લીઝો મંજૂર કર્યા પછી સ્થળ તપાસ કરેલ ન હોઇ ગેરરીતિની માહિતી મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમદાવાદ જિલ્લામાં ફાળવેલ વિવેકાધીન ગ્રાન્ટ

૩૨૩૨ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન વિવેકાધીન જોગવાઈ હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) અને (૨) વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન અમદાવાદ જિલ્લામાં વિવેકાધીન જોગવાઇ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૧૦૨૨.૦૦ | ૭૮૭.૫૫ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૦૧૧–૧૨ | ૧૨૨૨.૦૦ | ૬૦૬.૬૮ |

(૨) આ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે?

(૩) અમદવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ દરિમયાન મંજૂર થયેલ કામો અને પૂર્ણ થયેલ કામો અંગેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મંજૂર થયેલ કામો | પૂર્ણ થયેલ કામો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૯૦૭ | ૭૧૧ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૧૦૦૫ | ૬૪૨ |

---------

**જામનગર જિલ્લામાં આવેલ આદર્શ નિવાસી શાળાઓ**

૩૨૨૫ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલ છે, | (૧) ૩ (ત્રણ). |
| (૨) તે પૈકી કેટલી શાળાઓને પોતાનું મકાન છે, અને | (૨) ૨ (બે). |
| (૩) જે શાળાઓ માટે પોતાનું મકાન નથી તેવી શાળાઓ માટે પોતાના મકાન ક્યારે બનાવવામાં આવશે? | (૩) વિકસતી જાતિની એક આદર્શ નિવાસી શાળા માટે વર્ષ ૨૦૧૩–૧૪ માં મકાન બાંધકામની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ**

૪૦૭૫ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે,<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૧) અને (૨) જૂનાગઢ જિલ્લામાં ઉના તાલુકામાં ઝુંપડા વીજળીકરણ યોજના અન્વયે વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૮.૮૨ લાખના ખર્ચે ૪૯૫ અને વર્ષ ૨૦૧૨–૧૩માં<br>તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૩૫.૯૬ લાખના ખર્ચે ૧૦૩૩ વીજ જોડાણ આપવામાં આવેલ છે. |

---------

**રાજ્યની વીજ કંપનીઓને મળેલ એવોર્ડ**

૩૩૧૭ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(શહેરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની વીજ કંપનીઓને ઉર્જા ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે તા. ૩૧–૧૨–૨૦૧૨ની | (૧) અને (૨) હા, જી. છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યની ક્રિયાશીલ નેતાગીરીને કારણે લેવાયેલ |

સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કોઇ એવોર્ડ મળેલ છે કે કેમ, અને

મહત્વકાંક્ષી વિધેયાત્મક પગલાંઓને કારણે વીજ ક્ષેત્રે થયેલ ઉત્કૃષ્ટ કામગીરીની કદરરૂપે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર તથા રાજ્ય સરકાર હેઠળની વિવિધ વીજ કંપનીઓને મળેલ એવોર્ડસની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | રાજ્ય સરકાર | ૫ (પાંચ) એવોર્ડસ |
| ૨. | રાજ્ય સરકાર હેઠળની વીજ કંપનીઓ | ૨૩ (ત્રેવીસ) એવોર્ડસ |
| | **કુલ** | **૨૮** |
| આ અંગેની વિગતો ***પત્રક** 'અ' મુજબ છે. | | |

(૨) જો હા, તો તેની વિગત શી છે?

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ. માં સ્ટાઇપેન્ડ બંધ કરવા બાબત**

૪૧૧૯ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૩ની સ્થિતિએ રાજ્યમાં આઇ.ટી.આઇ માં ગ્રાન્ટ ઇન એઇડના તાલીમાર્થીઓને દર માસે સ્ટાઇપેન્ડ આપવામાં આવતું હતું તે બંધ કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, અને | (૧) ના. જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે અને સરકાર આ સ્ટાઇપેન્ડ શરૂ કરવા માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય અરજીઓ**

૩૨૪૮ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૫૧. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૩૪. |
| (૩) તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૭,૪૭,૯૦૮/-. |

---------

**કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ**

૪૦૬૯ **શ્રી વાઘજીભાઇ ધ. પટેલ(રાપર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને | (૧) અને (૨) કચ્છ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા ૨૯.૯૬ લાખના ખર્ચે ૮૮૪ અને વર્ષ ૨૦૧૨-૧૩માં તારીખ ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ રૂપિયા ૩૪.૭૨ લાખનો ખર્ચે ૧૦૦૭ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે. | |

---------

**ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ અરજીઓ**

૩૨૫૬ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા અરજીઓ આવી, અને | (૧) ૩,૫૯,૪૬૭. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને, કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી? | (૨) ૩,૫૯,૪૬૭ બાળકો ને રૂ. ૧૦૨૮.૯૪ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |

---------

**અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિ માટે મફત તબીબી સહાયની અરજીઓ**

૩૨૬૨ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષ ૨૦૧૨–૧૩માં અમદાવાદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઈસમોને લાભ આપવા માટે કેટલી અરજી મળી, | (૧) ૮૩૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૭૯૮. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૩૬.૮૧ લાખ. |
| (૪) નામંજૂર કરેલ હોય તો તેના કારણો શાં છે? | (૪) ૧. નિયત વાર્ષિક આવક કરતાં વધુ આવક હોવાથી.<br>૨. તબીબી પુરાવા ન હોવાથી.<br>૩. સહાય ચાલુ હોવા છતાં પુનઃ અરજી મળેલ હોવાથી.<br>૪. યોજના હેઠળ નિર્ધારિત થયેલ રોગ સિવાયના અન્ય રોગ માટેની અરજી મળેલ હોવાથી. |

---------

**ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિની અરજીઓ**

૩૨૫૭ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા અરજીઓ આવી, અને | (૧) રૂ. ૩,૫૯,૪૬૭. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી? | (૨) ૩,૫૯,૪૬૭ બાળકોને રૂ.૧૦૨૮.૯૪ લાખની શિષ્યવૃતિ ચુકવી. |

---------

તા. ૧૮મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં કોલસા આધારિત વીજમથકોએ વાપરેલ કોલસો**

૪૪૦૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૧૩ની સ્થિતિએ રાજ્યમાં કોલસાથી વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો કયા કયા છે.

(૨) આ ઉત્પાદન માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો કોલસાનો જથ્થો વર્ષવાર વાપરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કરતી જીએસઇસીએલ કંપનીના વીજ મથકો તેમજ ખાનગી એકમોના કોલ આધારિત વીજ મથકો અને તેમના દ્વારા વપરાયેલ કોલસાના જથ્થાની વિગતો તા.૩૧–૧–૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ છે.

(જથ્થો લાખ મેટ્રિક ટનમાં)

| **અ.નં.** | **વીજ મથક જીએસઇસીએલ** | **નાણાકીય વર્ષ** | |
|---|---|---|---|
| | | **૧–૨–૧૧ થી ૩૧–૧–૧૨** | **૧–૨–૧૨ થી ૩૧–૧–૧૩** |
| ૧ | ઉકાઇ વીજ મથક | ૩૯.૬૩ | ૩૯.૯૭ |
| ૨ | ગાંધીનગર વીજ મથક | ૩૭.૯૯ | ૨૯.૦૩ |
| ૩ | વણાકબોરી વીજ મથક | ૭૩.૮૭ | ૬૫.૫૫ |
| ૪ | સિક્કા વીજ મથક | ૧૦.૧૦ | ૫.૪૩ |
| | **કુલ (અ)** | **૧૬૧.૫૯** | **૧૩૯.૯૮** |
| **અ.નં.** | **વીજ મથક જીએસઇસીએલ** | **નાણાકીય વર્ષ** | |
| | | **૧–૨–૧૧ થી ૩૧–૧–૧૨** | **૧–૨–૧૨ થી ૩૧–૧–૧૩** |
| | ખાનગી વીજ મથકો | | |
| ૧ | ટૉરેન્ટ પાવર લી., અમદાવાદ | ૧૮.૨૩ | ૧૮.૭૬ |
| ૨ | અદા઼ી પાવર લી., મુંદ્રા | ૭૨.૯ | ૧૦૮.૧ |
| ૩ | એસ્સાર પાવર લી., જામનગર | – | ૧૭.૭ |
| ૪ | કોસ્ટલ ગુજરાત પાવર લી. મુંદ્રા | – | ૨૮.૭૯ |
| | **કુલ (બ)** | **૯૧.૧૩** | **૧૭૩.૩૫** |
| | **કુલ સરવાળો** | **૨૫૨.૭૨** | **૩૧૩.૩૩** |

(૩) વાપરેલ કોલસાના જથ્થાની સામે કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી?

(૩) વાપરેલ કોલસાના જથ્થાની સામે સરકાર હસ્તકની કંપની જીએસઇસીએલના વીજમથકો અને ખાનગી વીજમથકો દ્વારા તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉત્પન્ન કરવામાં આવેલ વીજળીની માહિતી નીચે મુજબ છે.

(વીજ ઉત્પાદન મીલીયન યુનીટ્સમાં)

| **અ.નં.** | **વીજ મથક** | **નાણાકીય વર્ષ** |
|---|---|---|

| | જીએસઇસીએલ | ૧-૨-૧૧ થી ૩૧-૧-૧૨ | ૧-૨-૧૨ થી ૩૧-૧-૧૩ |
|---|---|---|---|
| ૧ | ઉકાઇ વીજ મથક | ૫૫૦૮.૭૭ | ૫૬૩૪.૬૬ |
| ૨ | ગાંધીનગર વીજ મથક | ૫૫૫૬.૬૮ | ૪૩૮૯.૩૮ |
| ૩ | વણાકબોરી વીજ મથક | ૧૦૨૯૪.૬૪ | ૯૩૩૧.૬૧ |
| ૪ | સિક્કા વીજ મથક | ૧૧૯૪.૯૭ | ૭૧૪.૧૮ |
| | **કુલ (અ)** | **૨૨૫૫૫.૦૬** | **૨૦૦૬૯.૮૩** |
| | ખાનગી વીજ મથકો | | |
| ૧ | ટોરેન્ટ પાવર લી., અમદાવાદ | ૨૮૮૭ | ૨૯૪૧ |
| ૨ | અદાણી પાવર લી., મુંદ્રા | ૧૩૯૮૬.૨૭ | ૧૯૯૯૨.૨૮ |
| ૩ | એસ્સાર પાવર લી., જામનગર | - | ૩૦૧૫ |
| ૪ | કોસ્ટલ ગુજરાત પાવર લી. મુંદ્રા | - | ૬૪૪૦ |
| | **કુલ (બ)** | **૧૬૮૭૩.૨૭** | **૩૨૩૮૮.૨૮** |
| | **કુલ સરવાળો** | **૩૯૪૨૮.૩૩** | **૫૨૪૫૮.૧૧** |

---------

## અમદાવાદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ

૪૦૯૨ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩માં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને | (૧) અને (૨)<br>અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અન્વયે વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા ૨૨૫.૦૬ લાખના ખર્ચે ૪૮૯૭ અને વર્ષ ૨૦૧૨-૧૩ માં તારીખ ૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ રૂપિયા ૧૨૨.૩૬ લાખના ખર્ચે ૨૮૬૭ વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં વિકસતી જાતિના પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિની અરજીઓ

૩૨૫૮ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩માં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા અરજીઓ આવી, અને | (૧) ૨,૧૬,૯૦૪. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી? | (૨) ૨,૧૬,૯૦૪ બાળકોને રૂ.૬૭૬.૮૧ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં રમત ગમતના મેદાનો**

૩૯૦૦ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તાલુકા મથકોએ રમતનાં મેદાનો ક્યાં-કયાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને હિંમતનગર ખાતે રમતના મેદાનો નિર્માણ કરવામાં આવેલ છે. |
| (૨) બાયડ તાલુકા મથક હોવા છતાં રમતનું મેદાન ન હોવાના શા કારણો છે, અને | (૨) ક્રમશઃ તાલુકાઓને આવરી લેવાનું આયોજન છે. |
| (૩) ૨૦૧૩-૧૪ના વર્ષમાં સરકાર બાયડ ગામમાં રમતનું મેદાન વિકસાવવા શુ આયોજન થયું છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં જિલ્લામાં સંકટ મોચન યોજનાની અરજીઓ**

૩૨૪૭ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) ૫૧૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) ૧૮૪. |

---------

**ભાવનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ**

૪૦૭૧ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : ભાવનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૧૪૮.૯૮ લાખના ખર્ચે ૬૬૨૦ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ રૂપિયા ૧૫૮.૪૨ લાખના ખર્ચે ૫૬૦૧ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

–––––––––

## રાજ્યકક્ષાએ રમતોત્સવમાં થયેલ ખર્ચ

૪૭૫૬ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યકક્ષાએ યોજાતા રમતોત્સવ પૈકી વર્ષ ૨૦૧૧–૧૨ના રમતોત્સવમાં કયા કયા પ્રકારની રમતોનો સમાવેશ કરવામાં આવેલ,

(૨) તે રમતોત્સવ ક્યાં યોજવામાં આવ્યો હતો,

(૩) તેમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, અને

(૪) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યમાં બાળ રમતોત્સવ શાળાકીય રમતોત્સવ અને મહિલા રમતોત્સવ, ગ્રામીણ મહોત્સવ અને ખેલ મહાકુંભ રાજ્યકક્ષાએ યોજાય છે. જેમાં સમાવેશ ૫૫ રમતો અને તેના રાજ્યકક્ષાની સ્પર્ધાના સ્થળોની વિગતો સામેલ પત્રક મુજબની છે.

(૩) ૧૭.૭૨ લાખ.

(૪) રૂા. ૫૪.૧૮/– કરોડ.

**પત્રક**

| ક્રમ | રમતોના નામ | સ્પર્ધા સ્થળ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | અં. ૧૪ બાળ | અંક ૧૭ શાળાકીય | અં. ૧૯ શાળાકીય | ગ્રામીણ | મહિલા | ખેલમહાકુંભ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | સ્વીમીંગ | સુરત શહેર | સુરત શહેર | સુરત શહેર | | સુરત શહેર | અમદાવાદ શહેર |
| ૨ | ફૂટબોલ | વલસાડ | નર્મદા | વડોદરા | ભરૂચ | | ગાંધીનગર શહેર |
| ૩ | ખો–ખો | જામનગર | જુનાગઢ | અમરેલી | અમરેલી | વડોદરા | અમદાવાદ શહેર |
| ૪ | કબડ્ડી | કચ્છ ભુજ | અમરેલી | અમદાવાદ | સાબરકાંઠા | અમરેલી | અમદાવાદ શહેર |
| ૫ | ટેબલ ટેનિસ | પોરબંદર | મહેસાણા | રાજકોટ | – | દાહોદ | અમદાવાદ શહેર |
| ૬ | લોન ટેનિસ | કચ્છ ભુજ | રાજકોટ | કચ્છ ભુજ | – | કચ્છ ભુજ | અમદાવાદ શહેર |
| ૭ | બેડમિન્ટન | ગાંધીનગર | મહેસાણા | ભરૂચ | – | રાજકોટ | અમદાવાદ શહેર |
| ૮ | કુસ્તી | પાટણ | પોરબંદર | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | – | અમદાવાદ શહેર |
| ૯ | હેન્ડબોલ | ભાવનગર | આણંદ | જામનગર | રાજકોટ | ડાંગ | ગાંધીનગર શહેર |
| ૧૦ | બાસ્ટબોલ | વડોદરા શહેર | ખેડા | કચ્છ ભુજ | – | સાબરકાંઠા | અમદાવાદ શહેર |
| ૧૧ | જીમ્નાસ્ટીક | સુરત | ભાવનગર | વડોદરા | – | સુરત શહેર | – |
| ૧૨ | જુડો | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | પાટણ | – | – | અમદાવાદ શહેર |
| ૧૩ | હોકી | કચ્છ ભુજ | વલસાડ | સુરેન્દ્રનગર | સાબરકાંઠા | દાહોદ | ગાંધીનગર શહેર |
| ૧૪ | વોલીબોલ | અમરેલી | કચ્છ | અમદાવાદ | રાજકોટ | જુનાગઢ | અમદાવાદ શહેર |
| ૧૫ | એથ્લેટીક્સ | ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર | વડોદરા | વડોદરા | ગાંધીનગર શહેર |
| ૧૬ | ચેસ | ગાંધીનગર | જુનાગઢ | ગાંધીનગર | – | – | અમદાવાદ શહેર |
| ૧૭ | ટેકવેન્ડો | અમદાવાદ | ગાંધીનગર | ગાંધીનગર | – | – | અમદાવાદ શહેર |
| ૧૮ | આર્ચરી | ભરૂચ (નર્મદા) | પંચમહાલ | ભરૂચ | નર્મદા | – | અમદાવાદ શહેર |
| ૧૯ | સોફ્ટબોલ | જામનગર | તાપી | અમરેલી | – | – | – |
| ૨૦ | બેઝબોલ | અમદાવાદ | અમદાવાદ | જામનગર | – | – | – |
| ૨૧ | કુટબોલ | વલસાડ | વલસાડ | વલસાડ | – | – | ગાંધીનગર |

| ક્રમ | રમતોના નામ | સ્પર્ધા સ્થળ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | અં. ૧૪ બાળ | અંક ૧૭ શાળાકીય | અં. ૧૯ શાળાકીય | ગ્રામીણ | મહિલા | ખેલમહાકુંભ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | (બહેનો) | | | | | | શહેર |
| ૨૨ | થ્રો બોલ | ગાંધીનગર | અમદાવાદ | અમદાવાદ | – | – | – |
| ૨૩ | ફેન્સીંગ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ | – | – | – |
| ૨૪ | સ્કાય માર્શલ આર્ટ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ | – | – | – |
| ૨૫ | યોગાસન | ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર | – | – | અમદાવાદ શહેર |
| ૨૬ | બોલ બેડમિન્ટન | – | – | પાટણ | – | – | – |
| ૨૭ | રોલર સ્કેટીંગ | વડોદરા | વડોદરા | વડોદરા | – | – | અમદાવાદ શહેર |
| ૨૮ | સી. કે. નાયડુ ક્રિકેટ | – | – | કચ્છ ભુજ | – | – | – |
| ૨૯ | વિનુ માંકડ ક્રિકેટ | – | – | કચ્છ ભુજ | – | – | – |
| ૩૦ | ક્રિકેટ (બહેનો) | – | – | કચ્છ ભુજ | – | – | – |
| ૩૧ | કુસ્તી (બહેનો) | – | – | ખેડા | – | – | અમદાવાદ શહેર |
| ૩૨ | ટેબલ શોસર | – | – | ખેડા | – | – | – |
| ૩૩ | જીતકુન્ડો | – | – | આણંદ | – | – | – |
| ૩૪ | કીક બોક્સીંગ | – | – | અમદાવાદ | – | – | – |
| ૩૫ | સોફ્ટ ટેનિસ | – | – | અમદાવાદ | – | – | – |
| ૩૬ | થાંગદા માર્શલ આર્ટ | – | – | ગાંધીનગર | – | – | – |
| ૩૭ | સર્કલ કબડ્ડી | – | – | ગાંધીનગર | – | – | – |
| ૩૮ | કેરમ | – | – | ગાંધીનગર | – | – | – |
| ૩૯ | સાયકલ પોલો | – | – | ગાંધીનગર | – | – | – |
| ૪૦ | ગટકા | – | – | ગાંધીનગર | – | – | – |
| ૪૧ | જમ્પ રોપ | – | – | અમરેલી | – | – | – |
| ૪૨ | ચૂઈ કયુ ઓન્ડો | – | – | અમદાવાદ | – | – | – |
| ૪૩ | ટેનીકોઈડ | – | – | જૂનાગઢ | – | – | – |
| ૪૪ | ટગ ઓફ વોર | – | – | સાબરકાંઠા | – | – | ગાંધીનગર શહેર |
| ૪૫ | નેટબોલ | – | અમદાવાદ | પોરબંદર | – | – | – |
| ૪૬ | રાયફલ શુટીંગ | – | અમદાવાદ | અમદાવાદ | – | – | – |
| ૪૭ | ડોઝ બોલ | – | – | વડોદરા | – | – | – |
| ૪૮ | સેપક ટકરાવ | – | – | રાજકોટ | – | – | – |

| ક્રમ | રમતોના નામ | સ્પર્ધા સ્થળ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | અં. ૧૪ બાળ | અંક ૧૭ શાળાકીય | અં. ૧૯ શાળાકીય | ગ્રામીણ | મહિલા | ખેલમહાકુંભ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૪૯ | વુશુ | – | – | રાજકોટ | – | – | – |
| ૫૦ | રોપ સ્કીપીંગ | – | – | આણંદ | – | – | – |
| ૫૧ | ટેનિલ બોલ ક્રિકેટ | – | – | ભાવનગર | – | – | – |
| ૫૨ | બોકસીંગ | – | અમદાવાદ | રાજકોટ | – | – | – |
| ૫૩ | મલખમ | – | – | વડોદરા | – | – | – |
| ૫૪ | વેઈટ લીફ્ટીંગ | – | – | નવસારી | નવસારી | – | |
| ૫૫ | શુટીંગ વોલીબોલ | – | – | – | – | – | ગાંધીનગર શહેર |

---------

## વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

૪૦૮૩ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં
તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : વડોદરા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અન્વયે વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૨૩૦.૯૭ લાખના ખર્ચે ૭૮૦૭ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૩૯૦.૭૬ લાખના ખર્ચે ૯૩૧૧ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

૪૦૬૫ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

રાજકોટ જિલ્લામાં ઝૂંપડાં વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૬૩.૬૭ લાખના ખર્ચે ૧૭૭૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૧૮૯.૮૫ લાખના ખર્ચે ૪૧૮૪ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## સાવલી તાલુકામાં ઔદ્યોગિક એકમોમાં નિરીક્ષણો

૩૯૧૬ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાવલી તાલુકાના ઔદ્યોગિક એકમોમાં સરકારે નકકી કરેલ લઘુત્તમ દરો અને કામના કલાકો મુજબ કામગીરી થાય છે કે નહીં તે જોવા માટે સરકારી શ્રમ અધિકારીએ ૨૦૧૧ અને ૨૦૧૨માં કોઇ નિરીક્ષણ કરેલ છે કે નહીં, જો હા,

**જવાબ**

(૧) ૨૦૧૧ અને ૨૦૧૨ દરમ્યાન થયેલ નિરીક્ષણોની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| વર્ષ | કરેલ નિરીક્ષણની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧ | ૧૪૦ |
| ૨૦૧૨ | ૧૨૮ |

તો તેની વિગતો શી છે,

(૨) ઉપરોકત ઔદ્યોગિક એકમોમાં કેટલા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવેલ છે, અને

(૨) સ્થાનિક લોકોને મળેલ રોજગારીની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| વર્ષ | સ્થાનિક રોજગાર મેળવનારની સંખ્યા | |
|---|---|---|
| | રેગ્યુલર રોજગાર | કરાર આધારીત રોજગાર |
| ૨૦૧૧ | ૭૩૪૬ | ૬૯૨૦ |
| ૨૦૧૨ | ૮૨૮૦ | ૮૫૭૧ |

(૩) જો સરકારી શ્રમ અધિકારીએ નિરીક્ષણ ન કરેલ હોય તો, હવે કયારે કરવા માંગે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પંચમહાલ જિલ્લામાં ખેતી વિષયક જોડાણોની પડતર અરજીઓ**

૩૪૦૬ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના દરેક તાલુકા દીઠ તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ખેતી વિષયક થ્રી ફેઇઝ લાઇનની માગણી માટેની કુલ કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ અરજીઓ તાલુકા દીઠ કયા વર્ષથી બાકી છે, અને

(૩) વર્ષોથી પડતર પડી રહેલી અરજીઓના નિકાલ માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કૃષિ વિજ જોડાણ માટેની તાલુકાવાર વર્ષવાર પડતર અરજીઓ અંગેની માહીતી **પત્રક–અ** મુજબ છે.

**પત્રક–અ**

**તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાની તાલુકાવાર–વર્ષવાર પડતર કૃષિ વીજ જોડાણની અરજીઓની માહિતી દર્શાવતું પત્રક**

| તાલુકો | કુલ પડતર અરજીઓ | કયા વર્ષથી કયા વર્ષ વચ્ચેની |
|---|---|---|
| ગોધરા | ૧૮૫૮ | ૨૦૦૪ થી ૨૦૧૨ |
| શહેરા | ૧૬૭૨ | ૨૦૦૬ થી ૨૦૧૨ |
| લુણાવાડા | ૨૭૭૯ | ૨૦૦૮ થી ૨૦૧૨ |
| હાલોલ | ૮૪૯ | ૨૦૦૬ થી ૨૦૧૨ |
| ખાનપુર | ૨૦૧૭ | ૨૦૦૭ થી ૨૦૧૨ |
| મોરવા (હ) | ૮૫૩ | ૨૦૦૮ થી ૨૦૧૨ |
| જાંબુઘોડા | ૪૬૫ | ૨૦૦૭ થી ૨૦૧૨ |
| કાલોલ | ૮૯૭ | ૨૦૦૫ થી ૨૦૧૨ |
| ઘોઘંબા | ૮૩૯ | ૨૦૦૯ થી ૨૦૧૨ |
| કડાણા | ૭૭૦ | ૨૦૧૦ થી ૨૦૧૨ |
| સંતરામપુર | ૧૫૦૮ | ૨૦૧૦ થી ૨૦૧૨ |

(૩) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ વીજ ઉત્પાદન અને વીજમાંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને શક્ય તેટલા વધુ વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે.

---------

## રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

૪૦૬૬ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

રાજકોટ જિલ્લામાં ઝૂંપડાં વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૬૩.૬૭ લાખના ખર્ચે ૧૭૭૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૧૮૯.૮૫ લાખના ખર્ચે ૪૧૮૪ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## પવન ઉર્જા અને સૂર્ય ઉર્જાની સ્થાપિત ક્ષમતા

૩૩૯૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પવન ઉર્જા અને સૂર્ય ઉર્જાની સ્થાપિત વીજ ક્ષમતામાં કેટલો વધારો થયો ?

**જવાબ**

| **નાણાંકીય વર્ષ** | **સ્થાપિત વીજ ક્ષમતામાં વધારો (મે. વો.)** | |
|---|---|---|
| | **સૌર ઉર્જા** | **પવન ઉર્જા** |
| ૨૦૧૧–૧૨ | ૫૫૦.૩૪ | ૭૯૦.૧૧ |
| ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ) | ૨૬૮.૯૩ | ૧૨૫.૦૦ |

---------

## મહેસાણા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કનેકશન

૪૮૬૭ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના તાલુકાઓમાં તાલુકાવાર જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલા વીજ કનેકશન આપવામાં આવ્યા,

(૨) કેટલા કનેકશન આપવાના બાકી છે, અને

(૩) કયારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

જ્યોતિગ્રામ યોજના નવા વીજ જોડાણ આપવા માટેની યોજના નથી. આ યોજનાનું લક્ષ્ય રાજ્યના તમામ ગામડાઓ અને પેટા–પરાઓના રહેણાંક, વાણિજિયક, અને ઔદ્યોગિક વિજ જોડાણો માટે ૨૪ કલાક સતત થ્રી ફેઇઝ વિજ પુરવઠો પુરો પાડવાનું છે. તદ્અનુસાર મહેસાણા જિલ્લાના તમામ તાલુકાઓમાં બીન ખેતી વિષયક ગ્રાહકોને જ્યોતિગ્રામ તરીકે ઓળખાતા ૨૪ કલાક થ્રી ફેઇઝ વિજ પુરવઠો પુરો પાડતા ફીડરો પર જોડવામાં આવેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં સાગરખેડૂ યોજના હેઠળ વીજવાયર બદલવા બાબત

૩૭૦૪ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ–૨૦૧૧ ૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ કુલ કેટલા કિલોમીટર જર્જરિત વીજ વાયરો બદલવામાં

**જવાબ**

(૧) અને (૨)

નાણાકીય વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત

આવ્યા, અને

રૂપિયા ૫૩૯ લાખના ખર્ચે ૧૧૮૭ કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા છે.

(૨) આ યોજના હેઠળ કેટલા નાણાંનો ખર્ચ કર્યો ?

---------

## પંચમહાલ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ

૪૦૮૭ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

પંચમહાલ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૭૮૬.૫૩ લાખના ખર્ચે ૬૪૨૯ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૭૫૪.૦૬ લાખના ખર્ચે ૬૨૯૧ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

૪૦૮૪ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩માં
તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

વડોદરા જિલ્લામાં ઝૂંપડાં વીજળીકરણ યોજના અન્વયે વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૨૩૦.૯૭ લાખના ખર્ચે ૭૮૦૭ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૩૯૦.૭૬ લાખના ખર્ચે ૯૩૧૧ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## જામનગર જિલ્લામાં વૃધ્ધોની પેન્શન અરજીઓ

૪૮૫૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં જામનગર, જોડિયા, ધ્રોલ અને કાલાવડ તાલુકામાં વૃધ્ધોને પેન્શન આપવાની યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૧ | વર્ષ ૨૦૧૨ | કુલ |
| ૧ | જામનગર | ૧૭૭ | ૧૫૬ | ૩૩ |
| ૨ | જોડિયા | ૨૭ | ૩૮ | ૬૫ |
| ૩ | ધ્રોલ | ૨૦ | ૫૦ | ૭૦ |
| ૪ | કાલાવડ | ૨૨૬ | ૪૪૩ | ૬૬૯ |
| | કુલ | ૪૫૦ | ૬૮૭ | ૧૧૩૭ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં

(૨)

આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી તથા નામંજૂર કરવાના કારણો શા છે ?

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | | | ના મંજૂર અરજીઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૧ | વર્ષ ૨૦૧૨ | કુલ | વર્ષ ૨૦૧૧ | વર્ષ ૨૦૧૨ | કુલ |
| ૧ | જામનગર | ૧૧૬ | ૯૬ | ૨૧૨ | ૬૧ | ૫૧ | ૧૧૨ |
| ૨ | જોડીયા | ૨૧ | ૨૧ | ૪૨ | ૬ | ૧૧ | ૧૭ |
| ૩ | ધ્રોલ | ૧૭ | ૩૨ | ૪૯ | ૩ | ૧૦ | ૧૩ |
| ૪ | કાલાવડ | ૧૮૫ | ૨૩૬ | ૪૨૧ | ૪૧ | ૨૦૭ | ૨૪૮ |
| | **કુલ** | **૩૩૯** | **૩૮૫** | **૭૨૪** | **૧૧૧** | **૨૭૯** | **૩૯૦** |

નામંજૂરીના કારણો નીચે મુજબ છે.

(૧) આવક મર્યાદા વધારે હોવાથી

(૨) બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોવાથી

(૩) નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી

(૪) બી. પી. એલ. યાદીમાં ૦ થી ૧૬ સ્કોર ન ધરાવતા હોવાથી

(૫) પુખ્તવયનો પુત્ર હોવાથી

(૬) અવસાન થવાથી

---------

## રમતોત્સવમાં થયેલ ખર્ચ

૪૭૫૭ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યકક્ષાએ યોજાતા રમતોત્સવ પૈકી વર્ષ ૨૦૧૧–૧૨ના રમતોત્સવમાં ક્યા ક્યા પ્રકારની રમતોનો સમાવેશ કરવામાં આવેલ,<br>(૨) તે રમતોત્સવ ક્યાં યોજવામાં આવ્યો હતો, | (૧) અને (૨)<br>રાજ્યમાં બાળ રમતોત્સવ શાળાકીય રમતોત્વસ અને મહિલા રમતોત્સવ, ગ્રામીણ મહોત્સવ અને ખેલ મહાકુંભ રાજ્યકક્ષાએ યોજાયેલ છે. જેમાં સમાવેશ ૫૫ રમતો અને તેના રાજ્યકક્ષાની સ્પર્ધાના સ્થળોની વિગતો **સામેલ પત્રક** મુજબ છે. |
| (૩) તેમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, અને | (૩) ૧૭.૭૨ લાખ. |
| (૪) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૪) રૂ. ૫૪.૧૮/– કરોડ. |

**પત્રક**

| ક્રમ | રમતોના નામ | સ્પર્ધા સ્થળ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | અં. ૧૪ બાળ | અંક ૧૭ શાળાકીય | અં. ૧૯ શાળાકીય | ગ્રામીણ | મહિલા | ખેલમહાકુંભ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | સ્વીમીંગ | સુરત શહેર | સુરત શહેર | સુરત શહેર | | સુરત શહેર | અમદાવાદ શહેર |
| ૨ | ફૂટબોલ | વલસાડ | નર્મદા | વડોદરા | ભરૂચ | | ગાંધીનગર શહેર |
| ૩ | ખો–ખો | જામનગર | જુનાગઢ | અમરેલી | અમરેલી | વડોદરા | અમદાવાદ શહેર |
| ૪ | કબડ્ડી | કચ્છ ભુજ | અમરેલી | અમદાવાદ | સાબરકાંઠા | અમરેલી | અમદાવાદ શહેર |

| ક્રમ | રમતોના નામ | સ્પર્ધા સ્થળ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | અં. ૧૪ બાળ | અંક ૧૭ શાળાકીય | અં. ૧૯ શાળાકીય | ગ્રામીણ | મહિલા | ખેલમહાકુંભ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૫ | ટેબલ ટેનિસ | પોરબંદર | મહેસાણા | રાજકોટ | – | દાહોદ | અમદાવાદ શહેર |
| ૬ | લોન ટેનિસ | કચ્છ ભુજ | રાજકોટ | કચ્છ ભુજ | – | કચ્છ ભુજ | અમદાવાદ શહેર |
| ૭ | બેડમિન્ટન | ગાંધીનગર | મહેસાણા | ભરૂચ | – | રાજકોટ | અમદાવાદ શહેર |
| ૮ | કુસ્તી | પાટણ | પોરબંદર | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | – | અમદાવાદ શહેર |
| ૯ | હેન્ડબોલ | ભાવનગર | આણંદ | જામનગર | રાજકોટ | ડાંગ | ગાંધીનગર શહેર |
| ૧૦ | બાસ્ટબોલ | વડોદરા શહેર | ખેડા | કચ્છ ભુજ | – | સાબરકાંઠા | અમદાવાદ શહેર |
| ૧૧ | જીમ્નાસ્ટીક | સુરત | ભાવનગર | વડોદરા | – | સુરત શહેર | – |
| ૧૨ | જુડો | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | પાટણ | – | – | અમદાવાદ શહેર |
| ૧૩ | હોકી | કચ્છ ભુજ | વલસાડ | સુરેન્દ્રનગર | સાબરકાંઠા | દાહોદ | ગાંધીનગર શહેર |
| ૧૪ | વોલીબોલ | અમરેલી | કચ્છ | અમદાવાદ | રાજકોટ | જુનાગઢ | અમદાવાદ શહેર |
| ૧૫ | એથ્લેટીક્સ | ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર | વડોદરા | વડોદરા | ગાંધીનગર શહેર |
| ૧૬ | ચેસ | ગાંધીનગર | જુનાગઢ | ગાંધીનગર | – | – | અમદાવાદ શહેર |
| ૧૭ | ટેકવેન્ડો | અમદાવાદ | ગાંધીનગર | ગાંધીનગર | – | – | અમદાવાદ શહેર |
| ૧૮ | આર્ચરી | ભરૂચ (નર્મદા) | પંચમહાલ | ભરૂચ | નર્મદા | – | અમદાવાદ શહેર |
| ૧૯ | સોફ્ટબોલ | જામનગર | તાપી | અમરેલી | – | – | – |
| ૨૦ | બેઝબોલ | અમદાવાદ | અમદાવાદ | જામનગર | – | – | – |
| ૨૧ | ફુટબોલ (બહેનો) | વલસાડ | વલસાડ | વલસાડ | – | – | ગાંધીનગર શહેર |
| ૨૨ | થ્રો બોલ | ગાંધીનગર | અમદાવાદ | અમદાવાદ | – | – | – |
| ૨૩ | ફેન્સીંગ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ | – | – | – |
| ૨૪ | સ્કાય માર્શલ આર્ટ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ | – | – | – |
| ૨૫ | યોગાસન | ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર | – | – | અમદાવાદ શહેર |
| ૨૬ | બોલ બેડમિન્ટન | – | – | પાટણ | – | – | – |

| **ક્રમ** | **રમતોના નામ** | **સ્પર્ધા સ્થળ** | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **અં. ૧૪ બાળ** | **અંક ૧૭ શાળાકીય** | **અં. ૧૯ શાળાકીય** | **ગ્રામીણ** | **મહિલા** | **ખેલમહાકુંભ** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૨૭ | રોલર સ્કેટીંગ | વડોદરા | વડોદરા | વડોદરા | – | – | અમદાવાદ શહેર |
| ૨૮ | સી. કે. નાયડુ ક્રિકેટ | – | – | કચ્છ ભુજ | – | – | – |
| ૨૯ | વિનુ માંકડ ક્રિકેટ | – | – | કચ્છ ભુજ | – | – | – |
| ૩૦ | ક્રિકેટ (બહેનો) | – | – | કચ્છ ભુજ | – | – | – |
| ૩૧ | કુસ્તી (બહેનો) | – | – | ખેડા | – | – | અમદાવાદ શહેર |
| ૩૨ | ટેબલ શોસર | – | – | ખેડા | – | – | – |
| ૩૩ | જીતકુન્ડો | – | – | આણંદ | – | – | – |
| ૩૪ | કીક બોક્સીંગ | – | – | અમદાવાદ | – | – | – |
| ૩૫ | સોફ્ટ ટેનિસ | – | – | અમદાવાદ | – | – | – |
| ૩૬ | થાંગદા માર્શલ આર્ટ | – | – | ગાંધીનગર | – | – | – |
| ૩૭ | સર્કલ કબડ્ડી | – | – | ગાંધીનગર | – | – | – |
| ૩૮ | કેરમ | – | – | ગાંધીનગર | – | – | – |
| ૩૯ | સાયકલ પોલો | – | – | ગાંધીનગર | – | – | – |
| ૪૦ | ગટકા | – | – | ગાંધીનગર | – | – | – |
| ૪૧ | જમ્પ રોપ | – | – | અમરેલી | – | – | – |
| ૪૨ | ચૂઈ કયુ ઓન્ડો | – | – | અમદાવાદ | – | – | – |
| ૪૩ | ટેનીકોઈડ | – | – | જૂનાગઢ | – | – | ગાંધીનગર શહેર |
| ૪૪ | ટગ ઓફ વોર | – | – | સાબરકાંઠા | – | – | – |
| ૪૫ | નેટબોલ | – | અમદાવાદ | પોરબંદર | – | – | – |
| ૪૬ | રાયફલ શુટીંગ | – | અમદાવાદ | અમદાવાદ | – | – | – |
| ૪૭ | ડોઝ બોલ | – | – | વડોદરા | – | – | – |
| ૪૮ | સેપક ટકરાવ | – | – | રાજકોટ | – | – | – |
| ૪૯ | વુશુ | – | – | રાજકોટ | – | – | – |
| ૫૦ | રોપ સ્કીપીંગ | – | – | આણંદ | – | – | – |
| ૫૧ | ટેનિસ બોલ ક્રિકેટ | – | – | ભાવનગર | – | – | – |
| ૫૨ | બોકસીંગ | – | અમદાવાદ | રાજકોટ | – | – | – |
| ૫૩ | મલખમ | – | – | વડોદરા | – | – | – |
| ૫૪ | વેઈટ લીફટીંગ | – | – | નવસારી | નવસારી | – | |
| ૫૫ | શુટીંગ વોલીબોલ | – | – | – | – | – | ગાંધીનગર શહેર |

---------

**અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિ માટે મફત તબીબી સહાયની અરજીઓ**

૩૨૬૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષ ૨૦૧૨–૧૩ માં અમદાવાદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઈસમોને લાભ આપવા માટે કેટલી અરજી મળી, | (૧) ૮૩૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૭૯૮. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૩૬.૮૧ લાખ. |
| (૪) ના મંજૂર કરેલ હોય તો તેના કારણો શાં છે ? | (૪) ૧. નિયત વાર્ષિક આવક કરતાં વધુ આવક હોવાથી.<br>૨. તબીબી પુરાવા ન હોવાથી.<br>૩. સહાય ચાલુ હોવા છતાં પુનઃ અરજી મળેલ હોવાથી<br>૪. યોજના હેઠળ નિર્ધારિત થયેલ રોગ સિવાયના અન્ય રોગ માટેની અરજી મળેલ હોવાથી |

---------

**બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં અરજીઓ**

૩૬૯૯ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કઈ કઈ યોજના માટે કેટલી લોન સહાયની અરજીઓ આવી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાર, યોજનાવાર નીચે મુજબ લોન સહાય ની અરજીઓ મળેલ છે. |

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **શ્રી વાજપાઈ બેંકેબલ યોજના** | **જયોતિગ્રામોધોગ વિકાસ યોજના** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વાવ | ૨૫૬ | ૦ |
| ૨ | ડીસા | ૫૪૬ | ૦ |
| ૩ | કાંકરેજ | ૧૮૧ | ૦ |
| ૪ | પાલનપુર | ૭૪૬ | ૦ |
| ૫ | વડગામ | ૫૦૪ | ૧ |
| ૬ | ભાભર | ૧૨૨ | ૦ |
| ૭ | ધાનેરા | ૨૮૭ | ૦ |
| ૮ | થરાદ | ૧૯૨ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૯ | દાંતા | ૭૬ | ૦ |
| ૧૦ | અમીરગઢ | ૭૦ | ૦ |
| ૧૧ | દિયોદર | ૧૬૪ | ૦ |
| ૧૨ | દાંતીવાડા | ૯૮ | ૦ |
| | **કુલ** | **૩૨૪૨** | **૦૧** |

(૨) આ અરજીઓ પૈકી કેટલી મંજૂર કરી બેંકને ભલામણ કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને તેના કારણો શા છે, અને

(૨) અગાઉની પડતર સહિત ઉક્ત અરજીઓ પૈકી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ મંજૂર કરી બેંકને ભલામણ કરવામાં આવેલ તથા નામંજૂર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **શ્રી વાજપાઈ બેંકેબલ યોજના** | | **જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના** | |
|---|---|---|---|
| ભલામણ કરેલ | નામંજૂર | ભલામણ કરેલ | નામંજૂર |
| ૨૫૨૪ | ૬૭૯ | ૦૧ | ૦૦ |

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ નામંજૂર કરેલ શ્રી વાજપાઈ બેંકેબલ યોજના ની અરજીઓના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.**

૧. અરજદારોએ સાધનિક પુરાવાઓ પુરા નહીં પડેલ હોવાથી
૨. અરજદારો નિયમોનુસાર વયમર્યાદા ધરાવતા નહીં હોવાથી
૩. અરજદારોનો નિયમોનુંસાર વયમર્યાદા અનુભવ/ અભ્યાસ નહીં હોવાથી
૪. અરજદારોએ અન્ય યોજનાઓનો લાભ લીધેલ હોવાથી

(૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી બેંક દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી ?

(૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ભલામણ કરેલ અરજીઓ પૈકી બેંક દ્વારા કુલ ૧૨૧૫ અરજદારોને લોન આપવામાં આવેલ છે.

---------

## ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

૪૦૭૦ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

ભાવનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૧૪૮.૯૮ લાખના ખર્ચે ૬૬૨૦ અને વર્ષ ૨૦૧૨–૧૩માં તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૧૫૮.૪૨ લાખના ખર્ચે ૫૬૦૧ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

---------

## અમદાવાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

૪૦૯૪ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩ માં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા ૨૨૫.૦૬ લાખના ખર્ચે ૪૮૯૭ અને વર્ષ ૨૦૧૨-૧૩માં તારીખ ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૧૨૨.૩૬ લાખના ખર્ચે ૨૮૬૭ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

---------

## રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

૪૦૬૭ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩ માં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

રાજકોટ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા ૬૩.૬૭ લાખના ખર્ચે ૧૭૭૨ અને વર્ષ ૨૦૧૨-૧૩માં તારીખ ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૧૮૯.૮૫ લાખના ખર્ચે ૪૧૮૪ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## આણંદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

૪૦૯૦ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩ માં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

આણંદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨માં રૂપિયા ૮૪૨.૧૯ લાખના ખર્ચે ૮૧૮૬ અને વર્ષ ૨૦૧૨-૧૩માં તારીખ ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રૂપિયા ૪૨૨.૨૫ લાખના ખર્ચે ૪૫૮૨ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## વિજ નિયમન પંચે કરેલ ભાવ વધારો

૩૪૦૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વિજળીના ભાવ વધારા માટે વિજ નિયમન પંચ દ્વારા યુનીટ દીઠ કેટલો ભાવ વધારો કરેલ છે, અને

**જવાબ**

(૧) છેલ્લાં બે વર્ષમાં એટલે કે, વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં ગીરીબી રેખા હેઠળના વીજ ગ્રાહકો માટે કોઈ ભાવ વધારો કરવામાં આવ્યો નથી.

આ ઉપરાંત, ખેતી વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં નામ. વીજ નિયમન આયોગે હોર્સ પાવર આધારિત ભાવોમાં આયોગના તા. ૧૬-૯-૧૧ના ટેરીફ ઓર્ડર્સથી રૂ. ૧૮૦ પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષનો વધારો કરેલ છે. પરંતુ રાજ્ય સરકારની નીતિ મુજબ, આ તમામ ભાવ વધારો કૃષિ વિષયક વીજ ગ્રાહકો પર

ન લાદતા, સરકારે સબસીડીના સ્વરૂપે ભોગવેલ છે. જયારે વર્ષ ૨૦૧૨માં કૃષિ વિષયક વીજ વપરાશ માટે નામ. આયોગ દ્વારા કોઈ ભાવ વધારો કરવામાં આવ્યો નથી.

આ સિવાય અન્ય વીજ ગ્રાહકોના કિસ્સામાં, તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા વર્ષ ૨૦૧૧માં યુનિટ દીઠ સરેરાશ રૂ. ૦.૧૩/યુનિટ અને વર્ષ ૨૦૧૨માં સરેરાશ રૂા. ૦.૧૦/યુનિટનો ભાવ વધારો કરવામાં આવેલ છે.

(૨) આ અંગે રાજ્ય સરકારે કોઈ રજૂઆત કરેલ છે કે કેમ?

(૨) ઈલેકટ્રીકસીટી એકટ ૨૦૦૩ની જોગવાઈઓ અન્વયે રાજયમાં વીજળીના ભાવ નક્કી કરવાની સત્તા નામ. ગુજરાત વિજ નિયમન પંચની છે આમાં રાજય સરકારની કોઈ ભૂમિકા હોતી નથી.

---------

## ખેડા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ

૪૦૮૫ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨ અને વર્ષ ૨૦૧૨–૧૩ માં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

ખેડા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૨૪૬૨.૫૬ લાખના ખર્ચે ૧૭૬૪૫ તથા વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રૂ. ૧૩૬૧.૨૫ લાખના ખર્ચે ૯૫૯૦ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં બાજપાઈ સ્વરોજગાર યોજનાની અરજીઓ

૪૮૭૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં બાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી,

**જવાબ**

(૧) સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં બાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી,

| **તાલુકાનું નામ** | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩** | **કુલ** |
|---|---|---|---|
| મેઘરજ | ૨૪૦ | ૨૩૬ | ૪૭૬ |
| ભીલોડા | ૩૨૮ | ૨૪૫ | ૫૭૩ |
| ખેડબ્રહ્મા | ૧૩૦ | ૮૬ | ૨૧૬ |
| વિજયનગર | ૧૧૪ | ૮૪ | ૧૯૮ |
| **કુલ** | **૮૧૨** | **૬૫૧** | **૧૪૬૩** |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી રકમની સહાય મંજૂર કરવામાં

(૨) અગાઉની પડતર સહિત, ઉક્ત પૈકી નીચે મુજબની અરજીઓ બેંક કક્ષાએ મંજૂર કરવામાં આવી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ સહાય ચૂકવવામાં આવી.

આવી, અને

| તાલુકાનું નામ | બેંક કક્ષાએ મંજુર કરેલ અરજીઓ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ચુકવાયેલ સહાય રૂ. લાખમાં |
|---|---|---|
| મેઘરજ | ૧૭૬ | ૧૯.૨૩ |
| ભીલોડા | ૩૧૪ | ૧૧.૯૪ |
| ખેડબ્રહ્મા | ૧૫૯ | ૫૩.૭૭ |
| વિજયનગર | ૧૩૨ | ૧૯.૭૬ |
| **કુલ** | ૭૮૧ | ૧૦૪.૭૦ |

(૩) કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી અને ના મંજૂર કરવાના કારણો શા છે ?

(૩) નીચે મુજબની અરજીઓ નામંજૂર કરવામાં આવી

| તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેંન્દ્ર કક્ષાએ | | | બેંક કક્ષાએ | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | કુલ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | કુલ |
| ખેડબ્રહ્મા | ૫ | ૩૮ | ૪૩ | ૪૪ | ૨૩ | ૬૭ |
| વિજયનગર | ૯ | ૨૭ | ૩૬ | ૪૦ | ૨૦ | ૬૦ |
| ભીલોડા | ૮૪ | ૨૯ | ૧૧૩ | ૧૭૫ | ૪૩ | ૨૧૮ |
| મેઘરજ | ૩૭ | ૬૫ | ૧૦૨ | ૧૫૯ | ૪૦ | ૧૯૯ |
| **કુલ** | **૧૩૫** | **૧૫૯** | **૨૯૪** | **૪૧૮** | **૧૨૬** | **૫૪૪** |

જીલ્લા ઉદ્યોગ કેંદ્ર કક્ષાએ નામંજૂર થવાના કારણો :-

૧. અરજદાર જરૂરી માહિતી રજુ ન કરતા હોવાથી
૨. એકમ કાર્યક્ષમ બની શકે તેમ ન હોવાથી
૩. ધંધાની જાણકારી ન હોવાથી.
૪. તપાસણી સ્થળે હાજર ન રહેવાથી
૫. અરદાર લોન લેવા માગતા ના હોવાથી
૬. અગાઉ અન્ય યોજના હેઠળ લાભ મેળવેલ હોવાથી
૭. યોજનાની ઢાંચા મુજબ ઉંમર ન હોવાથી
૮. અરજદાર અભ્યાસ કરતો હોવાથી
૯. અરજદાર ને નોકરી મળતાં સ્થળાંતર કરેલ હોવાથી
૧૦. એજ કુટુંબના લાભાર્થી હોવાથી

**બેંક કક્ષાએ નામંજૂર થવાના કારણો :-**

૧. એકમ કાર્યક્ષમ ના હોવાથી
૨. અરજદાર/કુટુંબના સભ્ય મુદત વીતી બાકીદાર હોવાથી
૩. અરજદાર લોન લેવા માગતો ન હોવાથી
૪. અગાઉ અન્ય યોજના હેઠળ લાભ મેળવેલ હોવાથી
૫. અરજદારે તેના રહેણાંકનું સ્થળાંતર કરેલ હોવાથી
૬. અરજદાર અભ્યાસ કરતા હોવાથી
૭. અરજદાર અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી
૮. અરજદારને મંજૂર કરેલ રકમ ઓછી પડતી હોવાથી.

---------

**રાજકોટ જિલ્લામાં જર્જરિત વાયર બદલવા બાબત**

૩૬૯૭ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ

(૧) (૨) અને (૩) તા. ૩૧-૧૨-૨૦૧૨ની

જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં કયા કયા ગામોમાં જર્જરિત વીજ વાયરો અને ઉપકરણો બદલવામાં આવ્યા,

(૨) કેટલા કી.મી. એચ.ટી.લાઈન અને કેટલા કી.મી. એલ.ટી. લાઇનના બદલવામાં આવ્યા, અને

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના ગામોમાં બદલવામાં આવેલ એચ.ટી. અને એલ.ટી. લાઈનના જર્જરિત વીજ વાયરો તથા અન્ય ઉપકરણો અને તે અન્વયે કરવામાં આવેલ ખર્ચની વિગતો **પત્રક *અ** મુજબ છે.

---------

## દાહોદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણમાં આપેલ કનેકશનો

૩૩૯૪ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઝુંપડપટ્ટી વિજળીકરણ અન્વયે કેટલાને વર્ષવાર વિજ કનેકશનો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને આ લાભ આપવાના બાકી છે?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના અને તે ઉપરાંત આ જિલ્લો આદિજાતિ વિસ્તારમાં આવતો હોઈ આદિજાતિ માટેની ઝુંપડા વિજળીકરણની કુટિર જ્યોતિ યોજના હેઠળ તારીખ ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર /તાલુકાવાર આપવામાં આવેલ વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| | **ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણો** | | **કુટિર જોયતિ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણો** | |
|---|---|---|---|---|
| **તાલુકો** | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩ (૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ)** | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩ (૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ)** |
| દાહોદ | ૨૮ | – | ૧૫૫૭ | ૪૯૭ |
| લીમખેડા | ૧૧૩ | ૯૦ | ૪૦૦ | ૬૮ |
| ઝાલોદ | ૧૦૩૦ | – | ૬૫૩ | ૧૫૬ |
| ફતેપુરા | – | – | ૧૫૪ | ૨૭ |
| ગરબાડા | – | – | ૨૬૩ | ૧૯૧ |
| ધાનપુર | – | – | ૩૮૬ | ૫૦ |
| દેવગઢ બારીયા | – | – | ૫૫૦ | ૫૦ |

(૨) લીમખેડા તાલુકાના ૧૩ લાભાર્થીઓને ઝૂંપડા વીજળીકરણ યોજના અન્વયે લાભ આપવાનો બાકી છે. જ્યારે કુટિર જ્યોતિ યોજના અન્વયે કોઈ લાભાર્થીને વીજળીકરણનો લાભ આપવાનો બાકી નથી.

---------

**સરકારે ખરીદેલ વીજળી**

૩૬૯૪ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર અને બીજા રાજ્યો પાસેથી કેટલી વીજળી શા ભાવે ખરીદ કરી?

**જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયને ફાળવવામાં આવેલ કેન્દ્ર સરકારના વીજ એકમોના હિસ્સામાંથી મળેલ વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ ભાવની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મી.યુ. | રૂ/યુનિટ |
|---|---|---|
| ૨૦૧૧ | ૧૭૭૫૯ | ૨.૫૪ |
| ૨૦૧૨ (પ્રોવિઝનલ) | ૧૯૪૪૬ | ૨.૬૪ |

રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતા તમામ વર્ગની વીજ માંગને સંતોષવા માટે પર્યાપ્ત હોવાથી વીજ વપરાશ સામે પૂરતું ઉત્પાદન મેળવવામાં આવે છે. આથી તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અન્ય રાજ્ય સરકારો પાસેથી વીજળીની ખરીદી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ડૉ. આંબેડકર આવાસ યોજનાના લાભાર્થી**

૩૫૩૧ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) શહેરી વિસ્તારમાં ડૉ, આંબેડકર આવાસ યોજનાના મકાનો બાંધવા માટે નિયામકશ્રી સમાજકલ્યાણ દ્વારા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશનને કોઈ રકમ ફાળવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ બે વર્ષમાં કેટલી રકમની ક્યારે ફાળવણી કરવામાં આવી?

**જવાબ**

(૧) હા,

(૨)

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| તા. ૦૧–૦૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧ | શૂન્ય. |
| તા. ૦૧–૦૧–૧૨ થી તા. ૩૧–૧૨–૧૨ | રૂ. ૧૫,૫૧,૧૫,૦૦૦/–. |

---------

**વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના શાહુડા ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન**

૪૨૧૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના શાહુડા ખાતે ૬૬ કે.વી.

**જવાબ**

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના શાહુડા ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન બનાવવાની કામગીરી તા.

સબસ્ટેશન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) તે કેટલા સમયમાં કાર્યરત થશે?

૨૯–૩–૨૦૧૨ ના રોજ પૂર્ણ થયેલ છે અને પરીક્ષણ અર્થે કાર્યાન્વીત કરવામાં આવેલ છે.

(૨) ૬૬ કે.વી. શાહુડા સબસ્ટેશન કાર્યરત કરવા માટે સંલગ્ન વીજ રેષાનું કાર્ય પ્રથમ પૂર્ણ કરવું જરૂરી છે. વધુમાં, કુલ ૧૪૦ ટાવરમાંથી ૪૦ ટાવર વન વિભાગના રક્ષિત વિસ્તારમાંથી પસાર થતાં હોઈ, વન વિભાગની પરવાનગી આવશ્યક છે. વન વિભાગની જરૂરી પરવાનગી માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે. ઉપરોક્ત દરખાસ્ત અન્વયે વન વિભાગ, ભારત સરકાર, ભોપાલ તરફથી મંજૂરી મળ્યેથી, આ લાઈનનું કાર્ય પૂર્ણ કર્યા બાદ સબસ્ટેશનને કાર્યાન્વિત કરવામાં આવશે.

---------

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં સીએનજી સ્ટેશનો શરૂ કરવા બાબત**

૩૯૨૦ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર તથા અમરેલી જિલ્લામાં કુલ કેટલા સીએનજી સ્ટેશનો કયા કયા સ્થળે સ્થાપવામાં આવ્યા,

(૨) ઉક્ત જિલ્લામાં ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વર્ષમાં કયા કયા સ્થળે આવા સીએનજી સ્ટેશનો સ્થાપવાનું સરકારનું આયોજન છે,

(૩) આવા નવા સીએનજી સ્ટેશનો શરૂ કરવા માટે સરકાર દ્વારા શી પ્રક્રિયા શરૂ છે, કે કેમ , અને

(૪) તેની વિગતો શી છે.

**જવાબ**

(૧), (૨) (૩) અને (૪) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ભાવનગર શહેરમાં, જીએસપીસી દ્વારા ચિત્રા જી.આઈ.ડી.સી. ખાતે અને શિવાજી સર્કલ, પ્લોટ નં. ૨૪૨૬ ખાતે એમ બે ડોટર સીએનજી સ્ટેશનો સ્થાપવામાં આવેલ છે. તે ઉપરાંત બોટાદ ખાતે પણ બે ડોટર સી.એન.જી. સ્ટેશન સ્થાપવામાં આવેલ છે.

અમરેલી જિલ્લામાં હાલની સ્થિતિએ જીએસપીસી ગેસ કંપનીએ ગેસ નેટવર્ક સ્થાપવા પીએનજીઆરબીમાં એક્સ્પ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ તા. ૦૬–૦૬–૨૦૧૧ના રોજ જમા કરાવેલ છે પરંતુ હાલ પર્યન્ત પીએનજીઆરબીમાંથી કોઈ પ્રત્યુતર મળેલ નથી. ઉચિત પ્રત્યુતર મળ્યા બાદ આ અંગે આવશ્યક કામગીરી હાથ ધરી શકાશે.

---------

**નિયામક રોજગાર અને તાલીમ કચેરીમાં વર્ગ–૩ની ખાલી જગ્યાઓ**

૪૮૬૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ નિયામકશ્રી રોજગાર અને તાલીમ કચેરીમાં વર્ગ–૩ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ખાલી જગ્યાઓ પૈકી અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી. થી ભરવાની થતી જગ્યાઓ કેટલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ નિયામકશ્રી રોજગાર અને તાલીમ કચેરીમાં વર્ગ–૩ની કુલ–૩૮ જગ્યાઓ ખાલી છે.

(૨) જગ્યા આધારિત વર્ગ–૩ના રોસ્ટર રજીસ્ટર સંવર્ગવાર સીધી ભરતી/બઢતીના ફાળે આવતી જગ્યાઓનાં રાજ્યકક્ષાએ નિભાવવામાં આવે છે. જેથી ફક્ત નિયામકશ્રી રોજગાર અને તાલીમ કચેરીની અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી. થી ભરવાની થતી જગ્યાઓ અલગ તારવી શકાય નહીં.

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે?

(૩) નિયામક રોજગાર અને તાલીમ કચેરીની વર્ગ–૩ની ખાલી જગ્યાઓ પૈકી જુનિયર કારકુન સંવર્ગની ૨૪ ખાલી જગ્યાઓ સામે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવારોની ફાળવણી કરવાની કાર્યવાહી ચાલુ છે.

અન્ય સંવર્ગની જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

---------

**જામનગર જિલ્લામાં આવેલ મીઠા ઉદ્યોગના પ્રશ્નો**

૪૮૬૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં આવેલા મીઠા ઉદ્યોગની ૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ કઈ કઈ સમસ્યાઓ રાજ્ય સરકાર પાસે પડતર છે,

(૨) આ સમસ્યાઓના ઉકેલ માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરવાનું આયોજન કરેલ છે, અને

(૩) તેનો કયાં સુધીમાં અમલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) મીઠાની લીઝ સમયસર રીન્યુઅલ કરવા માટે ગુજરાતમાં અવારનવાર માંગણીઓ થતી હોય છે. રીન્યુઅલની કામગીરી તેમજ મીઠાની જમીન અંગે આનુસાંગિક પ્રશ્નો રેવન્યુ ડિપાર્ટમેન્ટ હસ્તક હોય છે. આ સિવાય કોઈ મોટી સમસ્યા રાજ્ય સરકાર પાસે પડતર નથી.

(૨) અને (૩) ઉપર્યુક્ત (૧) અન્વયે લાગુ પડતું નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન માટે ગ્રાન્ટ**

૩૭૦૦ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન માટે છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી કયા કયા ગામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન માટે છેલ્લા બે વર્ષમાં અંબાજી ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટેની કામગીરી માટે અધ્યક્ષશ્રી, આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને રૂપિયા ૨૮૩.૧૫ લાખ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી નીચે મુજબના કામો માટે તેમાં જણાવ્યા મુજબનું ખર્ચ કરવામાં આવેલ છે.

૧. ગબ્બર તળેટી ખાતે એન્ટ્રન્સ ચોક ખાતે વિવિધ સુવિધાઓ ઉભી કરવા માટે રૂપિયા ૪૦,૫૪,૪૯૯/–નું ખર્ચ કરેલ છે.

૨. અંબાજી ગામમાં સ્ટ્રીટ લાઈટ માટે યુ.જી.વી.સી.એલ.ને રૂપિયા ૮,૫૦,૦૯૦/–ફાળવેલ છે.

૩. અંબાજી ગામમાં પાણી પુરવઠા યોજના માટે સરપંચશ્રી, અંબાજી ગ્રામ પંચાયતને રૂપિયા ૧૪,૯૭,૭૦૦/– ફાળવવામાં આવેલ છે.

---------

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલ વિધેયક રજૂ કરવા બાબત.

સચિવશ્રી : હું વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

**માગણી ક્રમાંકઃ ૭૮**

મહેસૂલ વિભાગ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૪,૬૦,૯૬,૯૯,૦૦૦/– ની માગણી ક્રમાંકઃ ૭૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૭૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંકઃ ૭૯**

મહેસૂલ વિભાગ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહતની સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧૧,૬૮,૯૪,૫૬,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ.૧,૨૬,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૭૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૭૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંકઃ ૮૫**

માર્ગ અને મકાન વિભાગ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનોની સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧,૬૪,૦૪,૯૪,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ.૧,૬૪,૯૭,૬૮,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૫ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંકઃ ૮૬**

માર્ગ અને મકાન વિભાગ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પૂલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૨૬,૩૦,૮૫,૧૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ.૧૮,૩૭,૦૭,૯૪,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરુ છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંકઃ ૮૭**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજના સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૬,૦૮,૯૨,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૧૯,૨૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૮૭ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંકઃ ૮૭ રજૂ કરવામાં આવી.**

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૦ રજૂ કરવામાં આવી.

**શ્રી અશ્વિન કોટવાલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪૧ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરવામાં આવી.

**શ્રી જીતુભાઇ હ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.

**શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૪ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૪ રજૂ કરવામાં આવી.

**શ્રી મણીલાલ જે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરુ છું.
કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **સોમવાર, તા. ૧૮-૩-૨૦૧૩ ( સાતમા દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં. ૭૮** | |
| ૧. | ૨૦૫૩-જિલ્લા વહિવટ<br>૦૯૩-જિલ્લા.... વર્ગ<br>રૂ. ૨,૬૨,૦૪,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૬૪ થી ૬૯ | ૧૦૦ | તુમારોનો તાકીદે નિબકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૨. | -- " -- | ૧૦૦ | કોમ્પ્યુટર નેટવર્કના અભાવે ૮/૧૨ અને | શ્રી વજેસિંગભાઇ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૮–અ ના ઓન લાઇન ઉતારા મેળવવામાં પ્રજાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | પણદા |
| ૩.* | __ " __ | ૧૦૦ | સ્ટેમ્પ ડયુટીના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રસ્વિણભાઇ રાઠોડ |
| ૪. | __ " __ | ૧૦૦ | દખાસ્તો ઉપર નિર્ણયો લેવાના ઝિલ્લ કલેકટરોના અધિકારોનો યોગ્ય ઉપયોગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામીસંહ પરમાર |
| ૫.* | __ " __ | ૧૦૦ | લાંબા સમયથી પડતર રેવન્યુ અપીલોનો નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ બારડ |
| ૬. | __ " __ | ૧૦૦ | નાગરિક અધિકાર અન્વયે પ્રજાની ફરિયાદોનો નિકાલ કરવાની સમય મર્યાદા અંગેની માહિતી પ્રજા સુધી પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જસાભાઇ બારડ |
| ૭. | __ " __ | ૧૦૦ | ભૂમાફીયાઓ સામે સખતાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૮. | __ " __ | ૧૦૦ | સરકારી જમીનો ઉપરના દબાણો દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૯. | __ " __ | ૧૦૦ | પ્રજાના કામોના નિકાલમાં થતો ભ્રષ્ટાચાર દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૧૦. | __ " __ | ૧૦૦ | કલેકટર કચેરીઓમાં ફરિયાદ સમિતિમાં સંબંધિત અધિકારીઓની અપૂરતી હાજરીના કારણે ધારાસભ્યોના પ્રશનોનો યોગ્ય નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરજન પટેલ |
| ૧૧. | ૨૦૫૩–જિલ્લા વહિવટ<br>૦૯૩–જિલ્લા.... વર્ગ<br>રૂ. ૨,૬૨,૦૪,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૬૪ થી ૬૯ | ૧૦૦ | પ્રજાના પ્રશ્નો નિશ્ચિત સમયમર્યાદમાં હલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૨. | __ " __ | ૧૦૦ | દુષ્કાળના સમયમાં પીવાના પાણી તથા પશુઓના ઘાસચારા માટે યોગ્ય માસ્ટર પ્લાન તૈયાર કરી તેનો સમયસર અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૩.* | __ " __ | ૧૦૦ | જનસંપર્ક સેવા કેન્દ્રોની કથળેલી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૧૪. | __ " __ | ૧૦૦ | કલેકટર અને સ્ટાફ ઉત્સવો–મેળાવડાઓની વધારાની કામગીરીની થતી ફાળવણીના કારણે વહીવટી કામગીરી ઉપર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઇ ઉંધાડ |
| ૧૫. | __ " __ | ૧૦૦ | જિલ્લા દફતર કચેરીઓમાં રેકર્ડ જાળવણીમાં સેવાતું દુર્લક્ષ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬. * | __ " __ | ૧૦૦ | ઉનાળામાં જે વિસ્તારોમાં દુષ્કાળ જેવી સ્થિતિ થાય છે તેવા વિસ્તારોમાં રાહતકામો સત્વરે શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૭. | __ " __ | ૧૦૦ | ખેડૂતોના ૭/૧૨ના ઉતારામાં પાણીપત્રકોની નોંધ લેવડાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |

**માગણી નં. ૭૯**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮. | ૨૨૪૫-કુદરતી.... રાહત<br>૦૧-અનાવૃષ્ટિ<br>૧૦૧-મફત રાહત<br>રૂ. ૨૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૯૭ થી ૯૮ | ૧૦૦ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં વૃધ્ધો અને અશકતોને રોકડ સહાય આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિતભાઇ ચૌધરી |
| ૧૯. | ૨૨૪૫-કુદરતી.... રાહત<br>૦૧-અનાવૃષ્ટિ<br>૧૦૨-પીવાના..... પુરવઠો<br>રૂ. ૧,૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૯૭ થી ૯૮ | ૧૦૦ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે પીવાના પાણીની સમયસર વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૨૦. | __ " __ | ૧૦૦ | દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ટેન્કરો દ્વારા અપાતા પાણી વિતરણમાં થતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મિતેશભાઇ ગરાસીયા |
| ૨૧. | ૨૨૪૫-કુદરતી.... રાહત<br>૦૧-અનાવૃષ્ટિ<br>૧૦૪-ઘાસચારાનો પુરવઠો<br>રૂ. ૧૧,૦૦,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૧૦૦ થી ૧૦૨ | ૧૦૦ | અનાવૃષ્ટિ સમયે પશુધન માટે ઘાસચારાનો યોગ્ય જથ્થો એકત્રિત કરી તેનું સમયસર વિતરણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી |
| ૨૨. | ૨૨૪૫-કુદરતી.... રાહત<br>૦૧-અનાવૃષ્ટિ<br>૧૦૪-ઘાસચારાનો પુરવઠો<br>રૂ. ૧૧,૦૦,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૧૦૦ થી ૧૦૨ | ૧૦૦ | પશુધનની હિજરત થતી અટકાવવા માટે રાહતના ભાવે પૂરતો ઘાસચારો મળે તેવી વ્યવસ્થ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| ૨૩. * | ૨૨૪૫-કુદરતી.... રાહત<br>૦૫-રાજ્ય.... નિધિ<br>૧૦૧-અનામત..... તબદીલી<br>રૂ. ૫,૮૧,૨૭,,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૧૨૩ | ૧૦૦ | કુદરતી આફતોના સમયે પ્રજા તરફથી મળતું ફંડ સમયસર રાહત ભંડોળમાં જમા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૨૪. * | ૨૨૪૫-કુદરતી.... રાહત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૨,૭૮,૩૫,૦૦૦ | ૧૦૦ | અછતના સમયે રાહત મહેકમમાં પૂરતા સ્ટાફની ભરતી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધેર્ન્દ્રસિંહ જાડેજા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૨૧<br>પા.નં. ૧૪૧ થી ૧૪૨ | | | |

**માર્ગ અને મબકાન વિભાગ**

**માગણી નં. ૮૫**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫. | ૨૨૧૬–આવાસન<br>૦૧–સરકારી... મકાનો<br>૧૦૬–સામાન્ય.... સમુચ્ચય<br>રૂ. ૨, ૫૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૪૮ થી ૪૯ | ૧૦૦ | સરકારી રહેણાંકના મકાનોની સમયસર અને નિયમિત મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૨૬. | __ " __ | ૧૦૦ | સરકારી રહેણાંકના મકાનોની મરામતની કામગીરી માટે પૂરતી સામગ્રી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપરભુભાઇ વસાવા |

**માગણી નં. ૮૬**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭. | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૦૪–જિલ્લા... માર્ગો<br>૩૩૭–માર્ગ કામો(કે.યુ.પો.)<br>રૂ. ૯,૨૩,૪૪,૦૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨<br>પા.નં. ૭૧–૭૨(ભાગ–૧)<br>પા.નં. ૨૭–૫૩ (ભાગ–૨) | ૧૦૦ | રસ્તા વિહોણા ગ્રામ્ય વિસ્તારોમાં પાકા રસ્તાઓની કામગીરી અગ્રતાના ધોરણે હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૨૮. | __ " __ | ૧૦૦ | ચોમાસા દરમિયાન બિસ્માર રસ્તાઓને સત્વરે રીપેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૨૯. | __ " __ | ૧૦૦ | ડામરના પેવર કામ કરવા, નવા રસ્તાઓ બનાવવા અને નબળા/પુલોના કામો સત્વરે હાથ કરવામા તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૩૦. | __ " __ | ૧૦૦ | નવા રસતઓના એસ્ટીમેટ ઝડપથી તૈયાર કરવામાં તેમજ રસ્તાઓની આજુબાજુમાં ભરાતા વરસાદના પાણીના ન્કિાલ માટેની વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૩૧.<br>* | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૦૪–જિલ્લા... માર્ગો<br>૩૩૭–માર્ગ કામો(કે.યુ.પો.)<br>રૂ. ૯,૨૩,૪૪,૦૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨<br>પા.નં. ૭૧–૭૨(ભાગ–૧)<br>પા.નં. ૨૭–૫૩ (ભાગ–૨) | ૧૦૦ | ચોમાસા દરમ્યાન રસ્તાઓને થતા નુકસાનનો સર્વે કરી સત્વરે તેનો અહેવાલ રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રનિલભાઇ રાજયગુરૂ |
| ૩૨. | __ " __ | ૧૦૦ | આણંદ અને ખેડા જિલ્લના બિસ્માર ગ્રામીણ માર્ગોની ગુણવત્તા સુધારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનમભાઇ પરમાર |
| ૩૩. | __ " __ | ૧૦૦ | કચ્છ જિલ્લમાં બિસ્માર ગ્રામીણ માર્ગો સત્વરે દુરસ્ત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છબીલભાઇ પટેલ |
| ૩૪. | ૩૦૫૪–માર્ગ અને પુલ<br>૮૦–સામાન્ય | ૧૦૦ | અધિકારી/કર્મચારીઓની ખાલી જગ્યાઓ સત્વરે ભરી રસ્તાના કામોમાં થતો વિલંબ | શ્રી અનિલ જોષીયારા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૫૪,૨૩,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨<br>પા.નં. ૭૩ થી ૮૬(ભાગ–૧) | | નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૫. | ૫૦૫૪–માર્ગ... જોગવાઇ<br>૦૫–રાજય.... માર્ગ<br>૧૦૧–પુલો<br>રૂ. ૧,૨૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૩૪૬ થી ૩૫૮ | ૧૦૦ | જૂના અને નબળા થઇ ગયેલા હયાત પુલોને તોડી પાડી તેની જગ્યાએ નવા બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૩૬. | __ " __ | ૧૦૦ | પુલોનાં અધૂરા કામ સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૩૭. | __ " __ | ૧૦૦ | ધારાસભ્યો/સંસદસભ્યોએ પુલો બનાવવા કરેલ લેખિત રજૂઆતો અંગે સત્વરે વહીવટી નિર્ણય લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવસિંહ ઠાકોર |
| ૩૮. | ૫૦૫૪–માર્ગ... જોગવાઇ<br>૦૩–રાજય ધોરી માર્ગ<br>૧૯૦–જાહેર .... રોકાણ<br>રૂ. ૧૦,૦૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૩૫૯ થી ૩૬૨ | ૧૦૦ | ટોલટેકસ લેવાતા માર્ગો ઉપર પસાર થતી એસ.ટી.બસોને ટેકસ મુકિત આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી કાબીનીબા રાઠોડ |
| ૩૯. | __ " __ | ૧૦૦ | ટોલટેકસ કેટલા સમય સુધી લેવામાં આવશે તેની માર્ગદર્શિકા ટોલટેક્ષ પર આમજનતાની જાણ માટે મુકવામાં તથા જેની મુદત પુરી થઇ હોય છતાં ટોલટેકસ લેવાતો હોય તે બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ |
| | | | **માગણી નં. ૮૭** | |
| ૪૦. | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૧–રાજય.... વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહિવટ<br>રૂ. ૧૬,૦૮,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૬૦ થી ૬૩ | ૧૦૦ | ગાંધીનગરના તમામ સેકટરોમાં નિયમિત રીતે પૂરતા પ્રેશરથી પાણીનો જથ્થો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી તેજશ્રીબેન પટેલ |
| ૪૧. | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૧–રાજય.... વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહિવટ<br>રૂ. ૧૬,૦૮,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૬૦ થી ૬૩ | ૧૦૦ | ગાંધીનગરમાં બગીચાઓ તેમજ કોમન પ્લોટમાં થતી ગંદકી તાકીદે દૂર કરવામાં તેમજ કચરો જાહેરમાં સળગાવવાથી થતું પ્રદૂષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ |
| ૪૨. | __ " __ | ૧૦૦ | શહેરોમાં આંતરિક રસ્તાઓની મરામત કામગીરીમાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૪૩.<br>* | __ " __ | ૧૦૦ | ભારે વરસાદના કારણે રસ્તાઓની આજુબાજુમાં ભરાતા પાણીના નિકાલની | શ્રી જોઇતાભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | યોગ્ય વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૪. | __ " __ | ૧૦૦ | બિન ઉપયોગી શૌચાલયોમાં થતી અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા તથા આવા શૌચાલયોનો યોગ્ય ઉપયોગ થઇ શકે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૪૫. | __ " __ | ૧૦૦ | રેન બસેરાની યોજના ન બનવાને કારણે કેન્દ્ર તરફથી મળતી કરોડો રૂપિયાની ગરાન્ટ વણવપરાયેલ રહે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણિલાલ વાઘેલા |

*** આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.**

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી સી. કે. રાઉલજી**(**ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૭૮, ૭૯, ૮૫, ૮૬ અને ૮૭ આ ગૃહમાં લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. શહેરમાં વિકાસ હોય, ગ્રામ્ય વિકાસ હોય, તાલુકા વિકાસ હોય કે રાજય લેવલે વિકાસ હોય તો અમે જ વિકાસ કર્યો એવી વાતો કરનારી આ સરકારને મારે જણાવવાનું છે કે માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ પહેલા કોંગ્રેસની સરકારો જે હતી એમાં લગભગ ૭૦,૬૪૯ કિલોમીટરના રસ્તા બની ચૂકયા હતા. આજે જો હું વાત કરીશ તો રાજય ધોરી માર્ગો ૨૦૦૦-૨૦૦૩ની અંદર ૧૯૧૭૫ કિલોમીટર છે અને છેલ્લા ૭ વર્ષમાં ૧૮૪૨૧, મુખ્ય જિલ્લા માર્ગો ૨૦૯૦૬, ૨૦૦૦-૨૦૦૩ની અંદર ૨૦૦૯-૧૦ની અંદર ૨૦૫૦૭ એટલે કે ૩૯૯ કિલોમીટરનો ઘટાડો, અન્ય જિલ્લા માર્ગો ૧૦૫૮૬, ૨૦૦૦-૨૦૦૩ની અંદર અને ૨૦૦૯-૧૦ની અંદર ૧૦૨૨૭, ૩૫૯ કિલોમીટરનો ઘટાડો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે કે માર્ગ અને મકાન વિભાગની અંદર ચાર મુખ્ય વિભાગો હોય છે. પાટનગર, પંચાયત વિભાગ, સ્ટેટ અને નેશનલ હાઇવે. આ ચાર વિભાગોમાં હું પંચાયતની વાત કરીશ. તો પંચાયતની અંદર આજે જે કંઇ સુપરવાઇઝરો છે એ સુપરવાઇઝરો સાહેબ, આ સરકારની અંદર એટલા બધા માલેતુજાર થઇ ગયા છે, ખાલી અ.મ.ઇ., અધિક મદદનીશ એટલે સુપરવાઇઝર એની નીચેનો, એને કામગીરીના અનુસંધાનમાં આજે વર્ષોથી એક જ જગ્યાએ ચીપકી રહેવાને કારણે એટલા બધા માલેતુજાર થઇ ગયા છે કે એવા સુપરવાઇઝરો ઉપર ઇન્કમટેકસની રેડો પડે છે આ સરકારની. હું જયારે મંત્રી હતો ત્યારે ટૂંકો સમય હતો પણ સુપરવાઇઝરો છે એ સ્થાનિક લેવલે જે કોન્ટ્રાકટરો હોય છે એની જોડે મીલી ભગત હોય છે અને એની ગુણવત્તાનું કામ પણ તમે જુઓ તો ગ્રામ્ય વિસ્તારની અંદર ખૂબ જ નબળી કામગીરી હોય છે. આજે ૧૦ ટન કે ૧૫ ટન કે ૨૦ ટન ગાડીઓ જે પસાર થાય તો એ રસ્તો લગભગ બે મહિનાની અંદર તૂટી જાય છે. આજે મારે કહેવું જોઇએ કે આજે લગભગ નેશનલ હાઇવે, અમારા અમદાવાદથી છેક ઇન્દોર સુધી,એની આજુબાજુથી જે કાંઇ રેતી, કપચી, ગ્રીટ આ જે માલ-સામાન લાવે છે એ પોતાની જે ટનની મર્યાદા છે એના કરતા વિશેષ મર્યાદામાં ઓવરલોડ કરીને ગાડીઓ ફરે છે એના કારણે અમારી આજુબાજુના જે ગ્રામ્ય વિસ્તારના રસ્તા આજે મોટાભાગે તૂટી ગયા છે અને તૂટી ગયા છે એનું કારણ એ છે કે એની ગુણવતા ભૂતકાળમાં બરાબર સદ્ધરતા ટકાઉ તરીકે રાખવામાં આવતી નહોતી, એનું કારણ સુપરવાઇઝરો છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે પંચાયત લેવલનૃં માળખું આખું આજે ખાડે ગયેલું છે એમ કહું તો પણ ખોટું નથી. સુપરવાઇઝરો મારા મત વિસ્તારમાં કામ કરવાનું હોય એ સાહેબ, ચોપડે જ, આજે મારા ગોધરા તાલુકાની વાત કરું તો રસ્તાઓ કેટલાય વખતથી પાંખા છે, આજદિન સુધી એનું રિપેરિંગ થતું નથી, ફકત બિલો જ બને છે. સુપરવાઇઝરો એક એવી આઇટમ છે કે એને કોઇ કહી શકતું નથી. કારણ કે સ્થાનિક લેવલના જે કોઇ નેતાઓ છે, જિલ્લા પંચાયતના હોય, ધારાસભ્ય હોય, તાલુકા પંચાયતના કે જિલ્લા પંચાયતના સભ્ય હોય તો એના ભાગરૂપે એ વ્યકિત આજે મોટાભાગે રાજકીય ઘરોબો ધરાવે છે, એટલે એમને સ્થાનિક લેવલથી, તાલુકા લેવલથી, જિલ્લા લેવલથી બીજા જિલ્લામાં બદલી થાય તો સાહેબ, હું એમ માનું છું કે ગુણવતા ટકી રહે અને ભ્રષ્ટાચાર પણ ઓછો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજ્ય સરકાર કહે છે કે, ''સહુનો સાથ, સહુનો વિકાસ'' આ કરવાની જે વાત કરે છે એમાં કહીશ કે, ૨૫૦થી ઓછી વસ્તીવાળા ૫૦૦ પેટાપરાઓને જોડવા માટે ૨૩૨ કરોડની ફાળવણીની સામે ૩૭૫ પેટાપરાઓના હજુ કામો કરવાના બાકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારનો વિકાસ કરવાની વાત કરતી સરકારને હું કહીશ કે, આજે આનંદીબેન આ ખાતું સંભાળી રહ્યાં છે. સાહેબ, ભૂતકાળની અંદર આ ભા.જ.પ.ની સરકારની અંદર પાટનગર યોજનાના જુદા મંત્રી, પંચાયતના જુદા મંત્રી, નેશનલ હાઇવેના જુદા મંત્રી. સાહેબ, ૪-૪ મંત્રીઓ આ વિભાગની અંદર હતા અને આ ૪-૪ મંત્રીઓ હોવા છતાં (અંતરાય)(આ તબક્કે નીતિનભાઇ, કાંઇક કહેતા) સાહેબ, હકીકત છે. કેશુબાપાને પૂછો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, જવાબમાં આપજોને, નીતિનભાઇ.

શ્રી સી. કે. રાઉલજી : તમે જવાબમાં આપજોને. અમને દબાવવાની કોશિશ ના કરો. જે હકીકત છે એ અમે કહીએ છીએ. માનનીય મંત્રીશ્રી, સાહેબ, દબાવવાની કોશિશ ના કરશો. આ રેકર્ડ પર છે. અમે જ્યારે રજૂઆત કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : ભાઇ, રાઉલજી તમે બોલોને. (અંતરાય)

શ્રી સી. કે. રાઉલજી : સાહેબ, બોલીએ જ છીએ.

અધ્યક્ષશ્રી : એ ભલેને કહે કે, એક એક રોડના એક એક મંત્રી હતા. તમને કાંઇ વાંધો છે. કહેવા દોને. તમે જવાબ દેજોને.

શ્રી સી. કે. રાઉલજી : (અંતરાય) સાહેબ, એમને ખબર છે. એ તો જે વ્યક્તિને પગમાં ડંખતું હોય એને જ ખબર પડે. સાહેબ, જ્યારે અમારે ગાંધીનગરના પાટનગરની રજૂઆત હોય તો પાટનગરના મંત્રીને રજૂઆત કરવા જઇએ છીએ. પંચાયતની કાંઇ રજૂઆત હોય, જે તે વિસ્તારના જોબ નંબર મંજૂર કરાવવા હોય તો પંચાયત મંત્રીને મળીએ છીએ, સાહેબ, આ એક ખાતામાં ૪-૪ મંત્રીઓ પાસે જવામાં અમારો સમય કેટલો બગડે છે? આજે માનનીય મંત્રી તરીકે આનંદીબેનને ખાતું આપ્યું છે ત્યારે હું એમ કહીશ કે, અમે જ્યારે જોબ નંબર લેવા માટે જઇએ તો કમસેકમ અમારી જોડે વ્યવહાર ભૂતકાળની અંદર અમે ઘણાં મંત્રીઓ બદલ્યાં છે પણ સાહેબ, • (xxxxxx) સાહેબ, અમે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય) કાંઇ વાંધો નહિ. (અંતરાય)

શ્રી સી. કે. રાઉલજી : હું કહેવાનો ભલે કામ થાય કે ના થાય. સાહેબ, હું એટલા માટે કહું છું, (xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે ગયા ને તમને આવકાર ના આપ્યો હોય એમ છે? (xxxxxx) તમારે કામ સાથે નિસ્બત છે ને?

શ્રી સી. કે. રાઉલજી : સાહેબ, હું એટલા માટે વાત કરું છું કે, મારી વખતે જે જોબ નંબરો હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બસ, એક મિનિટ, રાઉલજી. (અંતરાય)

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્લીઝ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય રાઉલજી એમ કહે છે કે, (અંતરાય) એ સિનિયર સભ્ય છે. મંત્રી રહી ચૂક્યાં છે. સાહેબ, એક પણ વાર મંત્રીશ્રીની ઓફિસમાં જવું નહિ અને અહીંયા (xxxxxx) વર્ણન કરવું અને કોઇ મંત્રીશ્રીને (xxxxxx) નિરુપણ કરવું એ યોગ્ય નથી. (અંતરાય) એ કઇ રીતે ચાલે? એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ. આવું કઇ રીતે ચાલે?

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ, તમે બેસો (અંતરાય) તમે બધા બેસો. (અંતરાય) એક મિનિટ, (અંતરાય) (આ તબકકે શ્રી બલવંતસિંહ ઊભા થતાં ) અલાઉ કરું પછી તમને બોલવા દઉંને. તમે ગયા હોય અને તમને કોઇ રિસ્પેકટ ના આપ્યું હોય તો વાત જુદી છે. બાકી એમ ને એમ મંત્રી માટે વાત કરવી યોગ્ય નથી અને આ શબ્દો હું કાઢી નાખું છું. તમે ચલાવો આગળ.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત પર આવું છું કે, અમારા વિરોધપક્ષના ધારાસભ્યો સિવાય પણ મને જે અનુભવ થયો છે એના અનુસંધાનની વાત કરું છું કે, અમે અમારા મત વિસ્તારના જોબ નંબરના

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

કામો લઇને જઇએ, લખ્યા હશે અમે તો આજે પણ સાહેબ, એમ કહે કે, નાણાકીય ઉપલબ્ધિ થયે તમારા કામની જોગવાઇ કરવામાં આવશે. એનો મતલબ એ કે, અમે જે માગણી કરીએ એ નાણાકીય ઉપલબ્ધિ કયારે થશે ? પંદર વર્ષથી સાહેબ. આજે પંદર વર્ષ થયા, નાણાકીય ઉપલબ્ધિ પંદર વર્ષ થયા તેમ છતાંય સાહેબ, આજે મારે કહેવું પડશે કે, આ રાજય સરકાર આજે સાહેબ, બી.ઓ.ટી.ના ધોરણે ચાલે છે. તમે જુઓ સાહેબ, છેક શામળાજીથી માંડી, ગોધરાથી માંડીને, હાલોલ થી માંડીને છેક બોમ્બે સુધી સાહેબ આ ૬૦૦, ૬૫૦ કિલોમીટરના વિસ્તારની અંદર સાહેબ, એલ.એન્ડ ટી. થી માંડીને, સાહેબ, આઇ.આર.બી.થી માંડી અને હમણાં સાહેબ, પાછું અમદાવાદથી ઇન્દોરનો નેશનલ હાઇ–વે જાહેર કર્યો ૫૯ નંબરનો. સાહેબ એની અંદર પણ અમદાવાદથી ગોધરા, બે વિભાગ પાડવામાં આવ્યા છે. ૧૧૭ કિલોમીટર એમાં એસ્સેલ કંપની, એ એસ્સેલ કંપનીએ કોન્ટ્રાકટ રાખ્યો છે. અને સાહેબ ગોધરાથી એમ.પી.ની હદ સુધી બી.જી.ટી.એલ. કંપનીએ ૭૫૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાકટ રાખ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે તમે વિચાર કરો કે, સામાન્ય માણસને બોમ્બે જવું હોય, સામાન્ય માણસને સોમનાથ જવું હોય તો સાહેબ, એનો કમ સે કમ એનો ટેક્સ , ટોલ ટેક્સ. ટોલ ટેક્સની હું વાત પછી કરીશ કે, સાહેબ ટોલ ટેક્સના રૂપિયા લગભગ ૬૦૦ થી ૭૦૦ રૂપિયા, આ સાહેબ સામાન્ય માણસ કેવી રીતે ભરી શકે ? સાહેબ, આ જે વ્હીકલો હોય છે એનો આજીવન ટેક્સ લેવામાં આવે છે. એમ છતાંય આ કંપનીઓ બહારથી લાવીને આજે બી.ઓ.ટી.ના ધોરણે જે રોડ આપવામાં આવે છે એમાં આ ગુજરાતની પ્રજાના લાખ્ખો નહીં કરોડો રૂપિયા આ રીતના જતા રહે છે

એક દાખલો આપીશ કે, માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદથી રાજકોટ આ નેશનલ હાઇ–વે ફોર લેન એના કિલોમીટર ૨૨૦ થાય એનો ટોલ ટેક્સ ૪૦ રૂપિયા અને અમારો વડોદરાથી અમારો હાલોલ આ ૪૦ કિલોમીટરનો ટોલ ટેક્સ, એ કેટલા ? એ પણ ૪૫ રૂપિયા. કયાં ૪૦ કિલોમીટર અને કયાં ૨૨૦ કિલોમીટર. રાજા ભોજ અને ગાંગુ તૈલી જેવી વાત આ સરકારમાં થાય છે. કહેવાનો મતલબ સાહેબ હું સમજુ છું કે, આજે પ્રજા લૂંટાય છે, કોઇને સાહેબ કશું પડી નથી. હજુ મહેસૂલ વિભાગ ઉપર હું ફરીથી આવું છું સાહેબ. આજે મારો કહેવાનો મતલબ એ કે, રાજય સરકાર આ જે બી.ઓ.ટી.ના ધોરણે કરે છે એની જગ્યાએ રાજય સરકારના કર્મચારીઓ, આજે નેશનલ હાઇ–વેના જે કર્મચારીઓ છે, સ્ટેટ હાઇ–વેના કર્મચારીઓ છે, પંચાયતના કર્મચારીઓ છે. તો સાહેબ આ રાજય સરકાર બી.ઓ.ટી.ને આપ્યા વગર, બીજી કંપનીઓને આપ્યા વગર સરકાર જાતે જ રોડ કરે તો એમ માનું છું કે, અમદાવાદથી રાજકોટ જેવામાં જે ટોલ ટેક્સ્ ઓછો છે એવા ટોલ ટેક્સ ઓછા થાય અને પ્રજાની કમ્મર, આર્થિક બોજો ઓછો પડે. મારો સવાલ આટલો છે. એટલે કહેવાનો મતલબ એ કે, બી.ઓ.ટી.ના ધોરણે સાહેબ, બીજી કંપનીઓ અને એમાંય મારે ખાસ જોવું છે કે, એલ. એન્ડ ટી., આજે સાહેબ એલ. એન્ડ ટી.એ ટોલના બેઈઝ ઉપર જે રોડ કર્યો છે, એ ઉઘરાવે એ વાત બરાબર છે જેના નિયમ મુજબ પણ સાહેબ, જે ટોલ ટેક્સ ઉપર જે કર્મચારીઓ છે, એની દાદાગીરી. આજે સાહેબ, દાદાગીરીની હદ છે, એલ.એન્ડ ટી.ની કંપનીની બાબતની વાત કરું છું. એમાં રાજય સરકાર શું કરી શકે એ એક વિચારવા જેવું છે ? ભૂતકાળમાં સાહેબ, અમારા વિઠ્ઠલભાઇ રાદડીયા, બોમ્બેથી આવતા હતા, કરજણ ટોલ ટેક્સ પણ સાહેબ આઇડિન્ટીટી કાર્ડ, પાછા હમણાં અમને પણ ઘણી વખત અનુભવો થાય છે, કાર્ડ છે ? સાહેબ જાતે છે ? સાહેબ, અમારા તો • (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખીએ છીએ, (xxxxxx)

શ્રી સી. કે. રાઉલજી :સાહેબ ભૂતકાળની અંદર જે સામાન્ય માણસો હોય એ સામાન્ય માણસોને સાહેબ, મારઝૂડના પોલીસ કેસો પણ બન્યા છે. મને પણ ઘણી વખત અનુભવ છે કે, સાહેબ અમે દસ લાખની, બાર લાખની ગાડી લઇને જતા હોઇએ, તો ૪૦ રૂપિયા અને ૪૫ રૂપિયા માટે અમે કાંઇ સાહેબ ખોટું ના બોલીએ. અરે, સાહેબ ઘણી વખત તો અમારા આઇડિન્ટી કાર્ડ આપે છે ધારાસભ્ય તરીકે. હવે વાંચતા ના આવડતું હોય, અંગ્રેજી વાંચતા ના આવડતું હોય ગુજરાતી સાહેબ, સારું થયું કે આ વખત ગુજરાતીમાં અમારા આઇડિન્ટી કાર્ડ પાછલા ભાગે છાપ્યા. એટલે કહેવાનો મતલબ શું છે કે, ઘણી વખત રાજય સરકારની સાહેબ ફરજ થાય છે કે, આજે સાહેબ અમારે પાંચ વર્ષના બેઈઝ ઉપરનો અમારો સમયગાળો હોય છે એ રાજકારણનો તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે, આ ધારાસભ્યોને કાયમી ધોરણે ટોલ ફ્રી આપો, સંસદ સભ્યોને આપો. કારણ કે, સાહેબ, અહીંયા પેન્શન તો મળતું નથી, પેન્શનની કોઇ જોગવાઇ કરી નથી. કારણ કે, ઘણા ધારાસભ્યો એવા છે કે, જે બોલી શકતા નથી પણ કમ સે કમ, આજે ભલે ભા.જ.પ.ના ધારાસભ્યો યેન કેન પ્રકારેણ સુખી હશે પણ અમારા વિરોધપક્ષમાં ઘણા બધા ધારાસભ્યો અને ભૂતકાળના ધારાસભ્યો, સાહેબ પેપરમાં આવ્યું છે કે, આજે હાથલારી ચલાવીને પોતાનું ગુજરાન

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

ચલાવે છે એવા અમારા કોંગ્રેસમાં ધારાસભ્યો છે. સાહેબ, આજે હું આ માર્ગ અને મકાનના ભાગરૂપે હું વાત કરીશ તો, ડિસીપ્લીન મુજબ જો વાત કરીએ તો આ ખાતું ડિસીપ્લીનવાળું છે. કોન્ટ્રાકટર અને અધિકારી.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે આપની પાસે.

શ્રી સી. કે. રાઉલજી : એટલા માટે સાહેબ, કે આ ખાતુ ધીમી ગતિએ પણ મકકમતાથી ચાલે છે અને એમાંય હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે અમે જે જોબ નંબર આપીએ છીએ, અમે જે કામ સુચવીએ છીએ સાહેબ, એમાં રોડ ઉપર તો બધાય જાય. ભા.જ.પા. વાળા પણ જાય અને કોંગ્રેસવાળા પણ જાય. બધા જાય છે. આ એક સામૂહિક કામ છે એટલે દીર્ઘદ્રષ્ટિ રાખીને અમારા જોબ નંબર મંજુર કરે એવી આપના દ્વારા વિનંતી કરું છું.

હવે હું મહેસૂલની વાત કરીશ. તો મહેસૂલમાં એન્ટ્રીઓ, ઇ–ધરાની વાત કરીશ. ઇ–ધરામાં કોમ્પ્યુટરમાં જે એન્ટ્રીઓ, સાતબારમાંથી કે ગામ નમુના–૬માંથી જે ઉતારો કર્યો, ડેટા એન્ટ્રી ફીટ કરી એમાં કેટલી ભૂલો? હું મારા ગોધરા તાલુકાની વાત કરું છું આખા રાજયની વાત નથી કરતો. ૨૦૦૯–૧૦ની અંદર ૩૦૦૦ જેટલી ભૂલો અને ભૂલ સુધારવા માટે જે ખેડૂતને, ખાતેદારને, અરજદારને શું તકલીફ પડે છે એ તો એ અરજદાર જાણે સાહેબ. બે બે મહિના, છ–છ મહિના સુધી એ ભૂલ સુધારણાના હુકમો થતા નથી. મારે કહેવું જોઇએ કે એન્ટ્રીઓની બાબતમાં સરકાર ઘણીબધી વાત કરે છે. ઇ ધરાના ભાગરૂપે બીજી પણ વાત કરું તો ઇ–ધરા સિવાય ગ્રામ્ય વિસ્તારની અંદર પણ કોમ્પ્યુટર મૂકયા છે. એકેય કોમ્પ્યુટર ઓપરેટર વગર કોઇ ચલાવતું નથી. આજે બધા કોમ્પ્યુટર એમને એમ પડી રહયા છે. લાખો રૂપિયાનો ખર્ચો કર્યા પછી પણ ઓપરેટરના અભાવે એમને એમ કોમ્પ્યુટરો પડયા છે.

મારે બીજી વાત કરવી છે માપણીની. આજે માપણીના પૈસા ભર્યા પછી વૈકલ્પિક પૈકી એન્ટ્રી, પૈકી જમીન માપણી પછી પૈકીના બેઝ ઉપર એમને હદ નિશાન બતાવવામાં નથી આવતા. મારે એટલા માટે કહેવું પડે છે કે આજે લાયસન્સવાળા માપણીદારો છે. એમને કોઇ ટ્રેનીંગ આપવામાં આવતી નથી. આજે ખરેખર શું છે કે જે તે વખતે તાલુકા સર્વેયર જે તે ગામે જાય એ માપણી કર્યા પછી પોતાના મૂળ જે ૧૯૫૮ પહેલા કે ૧૯૫૨ પહેલા એ માપણી જોડે મેળવણું કરી અને એની સરખામણી કરે પણ આજે કોઇ સરખામણી થયા વગર આડેધડ માપણી થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ,

શ્રી શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી જે માગણીઓ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે એ માગણીઓને સમર્થન આપીને હું મારા વિચારો વ્યકત કરું છું. રાઉલજીએ માપણીની વાત કરી એમાં એમની ચાંચ એટલા માટે વધારે ડુબે કારણ કે એ પહેલા સર્વેયર હતા. પણ એમણે જે વાત કરી રસ્તાઓની એમાં હું કહીશ કે અમને સુરતથી અમદાવાદ આવતા વીસ વર્ષ પહેલા સાતથી આઠ કલાક થતા હતા, આઠથી નવ કલાક. આજે અમે સવારે સાત વાગે નીકળીએ અને અગિયાર વાગે ગાંધીનગરના સર્કલ પર ટચ થઇ જઇએ છીએ. એનો યશ કોઇને જતો હોયને તો આ ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે. પહેલા તો એવી પરિસ્થિતિ હતી વરરાજાની જાન નીકળે ને એ સુરતથી નીકળે તો એનું મુરત ન સચવાય અને ઘણીવાર તો લીલા તોરણે મુરત ન સચવાય એટલે પાછી જાય એવા ઘણી વખત તમારા વખતે પ્રસંગો બન્યા છે.

ખાસ કરીને જયારે મહેસૂલ વિભાગની માગણી છે ત્યારે આ મહેસૂલી તંત્રને છેલ્લા દાયકામાં જે રીતે ચેતનવંતુ બનાવવામાં આવ્યું છે. એને ધબકતું રાખવાના પ્રયત્ન થયા છે, એને દોડતું કરવાના પ્રયત્ન થયા છે ત્યારે એનાથી જે ફાયદો થયો છે એ ગામડાંના ગરીબ કિસાનોને થયો છે. ગામડાંના ખેડૂતને ખાસ કરીને જે એના મહેસૂલ અંગેના સુધારા થયા છે એનાથી ફાયદો થયો છે અને અમે કહીએ છીએ કે આ સરકારે ગામડાંની ચિંતા કરી છે. ખેડૂતોની ચિંતા કરી છે, ખેતીની ચિંતા કરી છે. જમીનની ચિંતા કરી છે, એના પ્રશ્નોની ચિંતા કરી છે અને પ્રશ્નોની ચિંતા કરવાના મંથનમાંથી જે જનકલ્યાણકારી યોજનાઓ નીકળી છે એનાથી આજે કહી શકાય કે મહેસૂલ વિભાગની એક છાપ હતી ભૂતકાળમાં અને ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બની ગયો હતો આ વિભાગમાં. એમાંથી બહાર કાઢીને જે ડિપાર્ટમેન્ટ મહેસૂલ તો કહે ભગવાન ભરોસે ચાલે, એમાંથી બહાર કાઢીને જમીન વિષયક સુધારો કરીને સરળીકરણ કરવાનું કામ આ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના શાસનમાં થયું છે. એને જેટલા આવકારીએ, જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. કારણ કે જમીનના મોટા ભાગના પ્રશ્નોની શરૂઆત ગામડાની અંદરથી થાય અને પહોંચતી હતી ગાંધીનગર સુધી. ગાંધીનગરમાં વર્ષો પહેલાં જે ભ્રષ્ટાચારના ભોરિંગે મહેસૂલ વિભાગનો કબજો લઇ લીધો હતો, એમાંથી ગામડાના ખેડૂત અને ગામડાના કિસાનોને મુકત કરવાનું કામ આ સરકારે કર્યુ છે.

ખાસ કરીને ઇ–ગવર્નન્સ અને ટેકનોલોજીના ઉપયોગથી ભ્રષ્ટાચારના બધા જ છીંડાઓ હતા, તે પૂરાં કરવાનું કામ આ સરકારે કર્યુ છે. ખાસ કરીને ગામડાના લોકો સાથે દસ્તાવેજોના સમયે જે લોકો જમીનના ધંધા અને કોઠાકબાડામાં પડ્યા હતા, એવા જમીનના ભૂમાફિયાઓએ ગામડાના ખેડૂતોને ભોગ બનાવીને એની જમીનો લઇ

લેવાના જે બનાવ બનતા હતા, એમાંથી આ સરકારના વહીવટી તંત્રએ એવી જડબેસલાક અને ફુલપ્રૂફ વ્યવસ્થા કરી, એના પરિણામે ગામડાના લોકોને ભૂમાફિયાના ત્રાસમાંથી મુક્ત કરાવવાનું કામ જો કોઇએ કર્યું હોય તો આ સરકારે કર્યું છે. એ જ ગામડાના લોકો આ સરકારની સાથે છે, ત્યારે હું એટલું કહીશ કે વર્ષો પહેલાં જે લોકોએ ગાંધીનગરના ભૂમાફિયાઓ, જમીનના દલાલો, વચેટિયાઓએ જે કબજો લીધો હતો, એમાંથી મુક્ત કરાવવાનું કામ આ સરકારે કર્યું છે અને આજે એવા તત્વો હતા એ ગાંધીનગરની દિશા તરફ નજર કરવાનું ચૂકી ગયા છે. એ પ્રકારની ફુલપ્રૂફ વ્યવસ્થા આ સરકારે કરી છે.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ગામડાના અનેક પ્રકારના ખેડૂતોના જે નડતરરૂપ કાયદા હતા, એમાં કયાંક ફેરફાર કર્યા છે, કયાંક સરળીકરણ કર્યુ છે અને એમ કરીને કિસાનોને મધ્ય નજર રાખીને, ખેડૂતને સેન્ટ્રલ બનાવીને અનેક પ્રકારના સુધારા કર્યા છે, ત્યારે આવા સુધારા કયા પ્રકારના વ્યકિતના એમાંથી નીકળી શકે. નહિતર આ બધા કાયદાઓ વર્ષોથી હતાં. આ બધાને વર્ષોથી સમસ્યા નડતી હતી એમાં સુધારા કરવાનું કામ ક્યારેય હાથ ઉપર નહોતું લેવાયું. ગઇકાલે હું એક પુસ્તક વાંચતો હતો, એમાં નાના ચુડાસમા એ મુંબઇના શરીફ હતા. એમના શબ્દ એટલા માટે ટાંકુ છું કે આ બધા સુધારાઓ, સરળીકરણ, ખેડૂતોની સમસ્યાનું નિરાકરણ, કાયદાની છટકબારીને બંધ કરવાના જે પ્રયત્નો મુખ્યમંત્રી કક્ષાએથી થયા છે. નાના ચુડાસમાએ કહેલ શબ્દો એટલા માટે યાદ કરું છું કે – ‘મોદી ઇઝ એ મિરેકલ મેન ઓફ ગુજરાત.’ આ શબ્દો થોડા સમય પહેલાના છે. આજે જે રીતે સમગ્ર દેશનો સિનારિયો બની રહ્યો છે. આજે જોયું તે પ્રમાણે આજે દેશ જેની વાટ જોઇને બેસી રહ્યો છે, ત્યારે એમ કહી શકાય કે– બટ નાઉ અ ડે ‘મોદી ઇઝ મિરેકલ મેન ઓફ ઇન્ડિયા’. આ કહી શકાય તે પ્રકારની પરિસ્થિતિ છે, ત્યારે જમીન અંગેના કાયદાઓમાં જેમણે સુધારા કર્યા છે અને આ બધા સુધારાઓને લીધે ગુજરાતનો વિકાસ થયો છે, એના લીધે મારા મિત્રે અહીયા થોડા દિવસ પહેલા રાઘવજીભાઇએ વાત કરી કે ગામડામાં કોઇ દીકરી આપતું નથી. સત્યની રજૂઆત હોય તો અમે સ્વીકારીએ. આવો અમારે ત્યાં શહેરમાં એવો પવન શરૂ થયો છે કે દીકરા– દીકરી પરણાવવા હોય તો શહેરના બદલે ગામડામાં જાય છે. ખેડૂતોના દીકરા, દીકરી પસંદ કરે છે. ખેડૂતની દીકરીનો ભાવ પૂછતા થયા છે. જમીનની કિંમત વધી છે એના લીધે ગામડાના ખેડૂતના દીકરા–દીકરીના શહેરમાંથી માંગા આવવાની શરૂઆત સમગ્ર ગુજરાતમાં થઇ છે, ત્યારે એટલું કહું ગામડામાંથી દીકરી લાવો એવો પવન શરૂ થયો છે. એટલા માટે કે તે જમીનદારની દીકરી છે, ખેડૂતની દીકરી છે. કઇ નહિ તો છેલ્લે વારસામાં કઇક લઇને આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની પરિસ્થિતિ જયારે ગુજરાતમાં સર્જાઇ છે ત્યારે અનેક પ્રકારના સુધારાઓ આ સરકારે કર્યા છે.

પાવર ઓફ એટર્નીના આધારે થતા દસ્તાવેજ તેમાં કેટલીક છટકબારીઓ હતી તેને પુરવા માટે જમીન માલિક જયારે પાવર આપે અને તે જમીન માલિકને ખબર ન હોય અને તે પાવરના આધારે તેનો દસ્તાવેજ થઇ જાય. જમીન માલિકના નામની જગ્યાએ દસ્તાવેજ કરાવનારનું નામ દાખલ થઇ જાય. આમાંથી બચાવવા માટે આવા પાવર ઓફ એટર્નીનું રજીસ્ટ્રેશન ફરજિયાત બનાવવા માટેનો કાયદો ગુજરાતમાં પહેલીવાર ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઇ મોદીની સરકાર લાવી છે. ખેડૂતોની સાથે •(xxxxxx) થતી હતી તેમાંથી તેને મુક્તિ અપાવવાનું કામ આ કાયદાના સુધારાઓથી થયું છે.

બીજી વાત મારે ઓનલાઇન નકલો આપીએ છીએ તેની કરવી છે. કયાંક કયાંક કોઇ સ્ટાફ ન હોય તો મુશ્કેલી હોઇ શકે છે પણ જનરલી કહી શકાય કે ઓનલાઇન તમામ પ્રકારના ખેતીને લગતા દાખલાઓ, ઉતારાઓની નકલો, પ્રમાણપત્રોની નકલો એક જ વર્ષમાં, અને મારે એટલા માટે આ વાત કરવી છે કે ગયા એક જ વર્ષમાં સવા ત્રણ કરોડ કરતાં વધુ દાખલાઓ ઓનલાઇન આપવામાં આવ્યા છે. કદાચ ઓનલાઇન નકલો આપવામાં સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર રાજય છે એમ કહેવામાં કોઇ વાત કયાંય ઉણી ઉતરતી નથી. મારી બીજી વાત કે જે પરિસ્થિતિ પેદા થઇ હતી કે ગામડાના ખેડૂતો વર્ષોથી હેરાન થતા હતા. તેની હેરાનગતિનો નિકાલનો કોઇ માર્ગ જ નહીં. ગામડાનો ખેડૂત સતત રજુઆત કરે. તે વખતના સમયમાં અમારી આ ગણોતની રકમ નકકી થઇ હતી. અમે નહોતા ભરી શક્યા. અમારી આર્થિક પરિસ્થિતિ એવી ન હતી કે અમે તે પૈસા તાત્કાલિક ભરી શકીએ. તે પૈસા ભરવાનું ચૂકી જાય, તેનો કબજો ગણોતિયાની પાસે હોય, ગણોતિયાના કબજામાં હોય અને તે ખેતી કરતો હોય, ૭–૧૨માં જમીનદારનું નામ ચાલતું હોય, ૩૨–એમનું સર્ટિફીકેટ તે નહોતો મેળવી શકયો. ૧૯૮૩થી આ જે ગૂંચવાડામાં પડેલો પ્રશ્ન હતો, દસ હજાર જેટલા ગણોતિયાઓને આ ગૂંચવાડામાંથી બહાર કાઢવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આજે આવા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

જે ગણોતિયાઓ છે તે રકમ ભરે એટલે તેના નામે ૩૨–એમનું સર્ટિફીકેટ આવે. એટલે આ પરિસ્થિતિમાંથી મુકત કરાવવાનું કામ આ સરકારે કર્યુ છે.

બીજી વાત મારે એ કરવી છે કે જમીનનું સંપાદન સરકાર કરે, રેલવે વિભાગ કરે, ઈરીગેશન યોજના માટે કરે, રોડની યોજના માટે કરે. જમીન લઇ લેવાય. ખેડૂત જમીન વિહોણો થઇ જાય. જમીન સરકાર લઇ લે, કેન્દ્ર સરકાર લઇ લે, રેલવે લઇ લે પણ તે જમીન વિહોણો ખેડૂત થઇ જાય તેવું સર્ટિફીકેટ કોઇ આપે નહીં. ખેડૂત બિચારો બધી કચેરીઓમાં ધક્કા ખાય. ગામડાનો ખેડૂત, જગતનો તાત બાપડો બિચારો થઇને કચેરીઓમાં ધક્કા ખાય, કચેરીની બહાર બેસે. તેની મુશ્કેલી, તેની સંવેદનાને સમજવાનો પ્રયત્ન કોઇ સરકારે કર્યો નહીં. આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઇ મોદીની સરકારે કરીને આવા જે બનાવો હતા તેમાંથી તેને મુક્તિ આપી છે. અત્યારે સાહેબ જમીન સંપાદન થાય એની સાથે જ તેને દાખલો આપી દેવામાં આવે છે. ત્યાં સુધી નહીં પણ ત્રણ વર્ષ સુધી તે જમીન ન ખરીદી શકે, પણ ત્રણ વર્ષ સુધીમાં જમીન ખરીદીને ફરીથી તે ખેડૂત તરીકેનો હક્ક ધારણ કરી શકે છે. આ પ્રકારની યોજના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઇ. વર્ષોથી ખેડૂતને રંજાડતો આ પ્રશ્ન હતો. તેનો કયાંય ઉકેલ જ નહીં. ૧૮ હજાર ગામડાના ખેડૂતો આવી મુશ્કેલીઓ લઇને જીવે અને આ મુશ્કેલીઓ લઇને મરે. આ પ્રકારનું વાતાવરણ આ રાજયમાં હતું તેમાંથી તેને મુક્ત કરવાનું કામ આ સરકારે કર્યુ છે.

બીજી વાત એટલા માટે કરવી છે કે, એટીવીટી, આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો. મને ખબર છે ૨૦ વર્ષ પહેલાં ગામડામાં કોઇ હરખઘેલો સરપંચ થઇ ગયો હોય અને તેને ગામમાં નિશાળનો રૂમ બનાવવો હોય, પંચાયતનું ઘર બનાવવું હોય, બસ સ્ટેન્ડ બનાવવું હોય, તેના માટે લખાણપટ્ટી ચાલુ થાય, તાલુકામાં જાય ત્યાંથી જિલ્લામાં જાય, જિલ્લામાંથી રાજય સરકારમાં જાય અને રાજય સરકારમાંથી મંજૂરી આવે, ન આવે આ બધું મેં કહ્યુ તે પ્રમાણે ભગવાન ભરોસે ચાલે. સરપંચના પાંચ વર્ષ પણ પૂરા થઇ જાય અને બે–ત્રણ જોડી ચપ્પલ ઘસાઇ જાય તે જુદા. આ પ્રકારની પરિસ્થિતિ હતી. એમાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકામાં સ્થાનિક કક્ષાના માણસો નકકી કરે કે મારે એક નિશાળનો રૂમ બનાવવો છે, તરત એને મંજૂરી આપે પ્રાન્ત ઓફિસર, તરત એ કામના, અને હવે તો સાહેબ, પાંચ લાખ સુધીના કામો કરવાની પંચાયતને સત્તા આ સરકારે આપી છે ત્યારે નાના નાના કામો ગામડાંના નહોતા થતા, એ આજે ગામડાના વિકાસના કામો શરૂ થઇ ગયા છે. અમને આ સરકાર પર વિશ્વાસ છે, અમારા મહેસૂલ મંત્રીશ્રી પર અમને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીયાં જયારે વાત થઇ છે ત્યારે મારે ગઇકાલનો– પરમ દિવસનો માનનીય મહેસૂલ મંત્રીશ્રીનો એક શબ્દ છે, એ શબ્દને મારે ટાંકવો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ઉપર લોકો વિશ્વાસ એટલા માટે મૂકીને બેઠા છે કે એમને માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીઓ ઉપર વિશ્વાસ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની મિટિંગ હતી અને એમાં બધા ઉદ્યોગપતિઓ હતા, માલેતુજારો હતા, બિલ્ડરો હતા, ઓર્ગેનાઇઝરો હતા પણ એમાં અમારા મહેસૂલ મંત્રીશ્રીએ એમ કહ્યું કે, ગામડાનો ખેડૂત આ ટાઉન પ્લાનિંગની સ્કીમ કરવામાં કયાંકને કયાંક કોઠાકબાડા થાય છે એ મારા ધ્યાનમાં છે એવી વાત કરીને કહ્યું કે ગામડાનો ખેડૂત, ગરીબ ખેડૂતની રોડ ઉપર જમીન હોય અને જયારે ટી.પી. ફાઇનલ થાય ત્યારે રોડ પરની જમીનવાળો ખેડૂત બિચારો ક્યાંક ખૂણામાં હોય અને જેની લાગવગ હોય એવા લોકો રસ્તા ઉપર આવીને ઉભા હોય એ વસ્તુ હવેના દિવસોમાં બનવાની નથી એ તમે બધા નોંધી લેજો. આ વાત મારે એટલા માટે કરવી પડે છે કે આજે લોકોને વિશ્વાસ બેઠો છે કે ગરીબ લોકોની ચિંતા કરનારો વર્ગ આજે ગાંધીનગરની ગાદી પર બેઠો છે. નાના ખેડૂતોની ચિંતા કરનારો વર્ગ, એના પ્રશ્નોની ચિંતાનું નિરાકરણ કરવાવાળો વર્ગ અને એની ચિંતા કરવાવાળા લોકો જયારે ગાંધીનગરમાં બેઠા છે ત્યારે આ ગરીબ લોકો અને લાગવગ વગરના લોકો અને પહોંચ વગરના લોકોને કોઇ રીતે ગભરાવાની જરૂર નથી એવી વાત જયારે માનનીય આનંદીબહેન પટેલ મહેસૂલ મંત્રીશ્રી તરીકે કરે છે ત્યારે તેઓશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. જયારથી આ સત્ર શરૂ થયું છે ત્યારથી મારા ભારતીય જનતા પાર્ટીના સાથી મિત્રો એવી વાત કરે છે કે ગુજરાતનો જન્મ જાણે ૨૦૦૧થી થયો હોય, ૨૦૦૧ પહેલા જાણે કશું જ ગુજરાતમાં હોય નહીં એવા વારંવાર વાતાવરણ સાથે ગૃહમાં જયારે વાતો કરતા હોય ત્યારે મારે કહેવું છે કે, આ

ગાંધીનગરની અંદર ગુજરાતના યુવાનોને રોજી પૂરી પાડવા માટે ઈન્ફોસીસ અને ઈન્ફોટેકના ડેવલપમેન્ટ માટે ગુજરાત બહારના ઉદ્યોગપતિ એવા •(xxxxxx)

અધ્યક્ષશ્રી : આ કેસ કોર્ટમાં છે, સબજયુડીસ છે. આ સિવાયની વાત કરો. આટલા શબ્દો આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વાંધો નહીં. આમાંથી રોજી રોટી આપણા ગુજરાતના યુવાનોને મળી રહે પણ માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx)

અધ્યક્ષશ્રી : આ પણ એનો જ પાર્ટ છે એટલે એ સિવાય બીજું ચેપ્ટર લો, અને એ શબ્દો પણ આપણે રેકર્ડ ઉપરથી દુર કરીએ છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા કહેવું છે કે, (xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજીભાઇ, જનરલ આક્ષેપ કરશો નહીં, આક્ષેપ હોય તમારી પાસે કોઇ નામ હોય તો એમને એડવાન્સમાં જાણ કરીને આક્ષેપ કરો. એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોરઃ માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) અને એવા વારંવાર ન્યુઝ પેપરમાં પણ સમાચાર આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા કહેવું છે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં તમારે ભ્રષ્ટાચારનું કહેવું હોય તો સ્પષ્ટ આક્ષેપ કરો આમાંથી આટલા રૂપિયા લીધા, આવું મોઘમ જે કહેવાય એ રીતે બોલવાનું નહીં, હું આવા આક્ષેપો રેકર્ડ ઉપરથી દૂર કરીશ.

બળદેવજી ચં. ઠાકોર : હાજી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા કહેવું છે કે, ગાંધીનગરની અંદર એક તન્ના, નાયબ મામલતદાર એ.સી.બી.માં પકડાયા, સમગ્ર ગાંધીનગર જિલ્લાની અંદર ફટાકડા ફોડવામાં આવ્યા. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે સમગ્ર રાજયમાં આ કેવો ભ્રષ્ટાચાર સરકારી ઓફીસોમાં થાય છે એનો પૂરાવો છે. વકીલો પણ એમના જામીન થવા ન આવ્યા અને કોઇ વકીલે વકીલાત પત્ર પણ ન ભર્યું. આવા માણસથી લોકો કેટલા કંટાળ્યા હશે ત્યારે આવું પગલું ભરાયું હશે!

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા કહેવું છે કે જ્યારે અમદાવાદ જિલ્લાના ૪૦-૫૦ કીલો મીટરના એરિયામાં તમામ જમીનની જે લે-વેચ થાય છે ત્યારે કોઇપણ એન્ટ્રી વ્યવહાર વગર પતતી નથી. તમે કોઇપણ ઓફીસમાં જાવ એટલે કહે વ્યવહાર થયો? આપણે ગામડામાં એવું કહેવાય કે એક બીજાના ઘરે મહેમાન આવે ત્યારે એક બીજાને પહેરામણી કરતા હોય ત્યારે આપણે એને વહેવાર કહીએ છીએ, પણ અહી તો કોઇપણ ટેબલે વ્યવહાર ન થાય ત્યાં સુધી એક કાગળ પણ આગળ વધતો નથી. વ્યવહાર-વ્યવહાર અને વ્યવહાર સિવાય કોઇ કામ આ સરકારમાં થતું નથી. પૈસાનો વ્યવહાર, પૈસા મળે તો તમારો કાગળ આગળ જાય નહીં તો ન જાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી જંત્રીની વાત કરવી છે. કડી તાલુકાનું થોર ગામ છે ત્યાં જૂની જંત્રી ૩૦ રૂપિયા હતી ત્યાં જંત્રી વધારીને ૮૦ રૂપિયા કરવામાં આવી. થોરની બાજુમાં મારું પોતાનું ગામ છે ત્યાં જૂની જંત્રી ૩૦ રૂપિયા હતી ત્યાં ૩૦ રૂપિયાને બદલે સીધી ૧૫૦૦ રૂપિયા કરવામાં આવી, એવી જ રીતે કડઘરીમાં પણ ૩૦ રૂપિયા જંત્રી હતી ત્યાં આગળ પણ ૧૨૦૦-૧૩૦૦ રૂપિયા કરવામાં આવી, એ જ રીતે આંબલિયારા ગામે પણ ૩૦-૪૦ રૂપિયા હતી ત્યાં પણ ૧૨૦૦-૧૩૦૦ રૂપિયા કરવામાં આવી. આવી રીતે જંત્રીમાં વિસંગતતા ઉભી કરી છે ત્યારે મારે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને કહેવું છે કે જો આ અમારી વાત સાચી હોય તો ધ્યાને લઇ એની વિસંગતતા દૂર કરે. કોઇપણ ગામમાં જઇએ અને તલાટીનું કામ હોય અને પૂછીએ કે તલાટી હાજર છે? તો જવાબ મળે કે પેલા ગામનો ચાર્જ એમની પાસે છે એટલે તલાટી એ ગામ ગયા છે. એક તલાટી પાસે પાંચ પાંચ ગામડાં હોય છે છતાં તલાટીની ભરતી થતી નથી. આપણા મુખ્યમંત્રી વારંવાર વાતો કરે છે કે અમે ગુજરાતમાં ખૂબ રોજગારી આપીએ છીએ અને ખૂબ ભરતી કરીએ છીએ પણ કેટલા લોકો નિવૃત્ત થયા એનો કોઇ આંકડો જ આવતો નથી. દર વર્ષે કેટલા નિવૃત્ત થાય છે? નિવૃત્તની જગ્યાએ નવા લેવાના થાય એ નવા લીધા એની વાત સરકારમાં થાય છે, પણ કેટલા નિવૃત્ત થયા એની વાત આ સરકારમાં ક્યારેય થતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં ડાભલા પાંજરાપોળ મહાજન આવેલું છે. પાંચથી છ હજાર વીઘા જમીન આ પાંજરાપોળની સંસ્થાને ત્યાં આગળ ઢોરને ચરાવવા માટે જે તે વખતે લોકોએ આપેલી છે. આ જમીન ઉપર હું માનું છું ત્યાં સુધી છેલ્લા ૫૦ વર્ષથી કોઇ વાવેતર થતું નથી, આ જમીનમાં વાવેતર કરી ઢોરને ઘાસચારો પૂરો પાડવા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માટે આ જમીન લોકોએ આપેલી છે. એથી આગળ વધીને હું કહીશ કે આ જમીન માટે કલેકટરની મંજૂરી લીધા વગર, ચેરીટેબલ ટ્રસ્ટની પણ મંજૂરી લીધા વગર અમદાવાદના બિલ્ડરોને વેચવાની પેરવી ચાલુ કરી છે. ત્યાં આગળ ટાઉનશીપો મૂકવાની વાત થાય છે અને આ સરકારી પાંજરાપોળની જગ્યા એના વહીવટકર્તાઓ દ્વારા વેચવાની વાત થતી હોય અને ઘણી બધી કદાચ વેચાઇ પણ ગઇ હશે ત્યારે આવી જમીનો સાચવવાનું કામ સરકારનું છે ત્યારે મારે કહેવું છે કે પાંજરાપોળના વહીવટકર્તાઓ જો ઢોર માટે આ જમીનનો ઉપયોગ ન કરતા હોય તો ખરેખર સરકાર પડતર દાખલ કરી સરકારે એનો કબજો લઇ લેવો જોઇએ.

મુલસાણા ગામે ઘણાં બધા ગણોતિયા ચાલતા હતા એ ગણોતિયાની સહીઓ વગર એમને ગણોતિયામાંથી દૂર કરવામાં આવેલ છે, આ સરકાર ખેત તલાવડીઓ દ્વારા પાણીના તળ ઉંચા લાવવા માટેના પ્રયત્નો કરે છે. મારે કહેવું છે કે મારા વિસ્તારની અંદર શાહ એલોયઝ નામની કંપની આવેલી છે એ કંપનીએ ત્રણ મોટા તળાવોમાં એનો કબજો કર્યો છે એ તળાવોમાં એનો ખરાબ કચરો નાંખીને એ તળાવો પૂરવાની કામગીરી કરે છે. એકબાજુ સરકાર ખેત તલાવડી દ્વારા તળાવો ઉંડા કરી પાણીનો સંગ્રહ કરીને અને પાણીના તળ ઉંચા લાવવાની વાત કરતી હોય ત્યારે આવા ઉદ્યોગપતિઓ આખાને આખા તલાવડાઓ ખાઇ જઇને અને એ તળાવોનો કબજો કરીને અને જમીન પોતાના કબજામાં રાખી, તલાવડીઓને કબજે કરવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા કહેવું છે કે, અમદાવાદની આજુબાજુમાં જે જમીનો આવેલી છે એ જમીનોના જે દસ્તાવેજો થાય છે એ જમીનના ક્યાંક ખોટાં દસ્તાવેજ થયાં હોય તો જમીનમાં પોલીસ દાખલ થઇને પોલીસ એ જમીનનો કબજો લેવા માટે જાય છે, ખેડૂતો ઉપર ખોટાં કેસો દાખલ કરીને એ જમીનનો કબજો લેવાનું કામ પણ પોલીસ દ્વારા કરવામાં આવે છે ત્યારે આ રાજ્યની નંબર–વન કહેવાતી ગુજરાતની સરકાર માટે આ વાત ખોટી કહેવાય. આપણા મુખ્યમંત્રીશ્રીને દિલ્હી ઘેલું લાગ્યું છે, એમની દોડ દિલ્હી તરફ છે, ત્યારે આપણા મહેસૂલ મંત્રીશ્રીના ઘરમાં પણ ચોરી થઇ હતી, કેટલી ચોરી થઇ હતી એની આજદિન સુધી કોઇને ખબર નથી, એ ચોર મળ્યા કે ન મળ્યા એ પણ કોઇને ખબર નથી, આ રાજ્યની અંદર મહેસૂલ મંત્રી પણ સુરક્ષિત નથી. શિલજ ગામના ફાર્મમાં આવી એક મોટી ચોરી થઇ હતી અને કેટલી ચોરી થઇ એની આજદિન સુધી કોઇને ખબર નથી.

**અધ્યક્ષશ્રીઃ** આજે ગૃહ વિભાગ ભેગો થઇ ગયો છે તમારે

**શ્રી બળદેવજી ચં. ઠાકોર :** બધો ભેગો થઇ ગયો છે સાહેબ.

**અધ્યક્ષશ્રીઃ** કેટલું બોલવું છે આખી ટર્મનું બોલી નાંખોને.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર :** જ્યારે સરકાર તરફથી જુદા જુદા વિસ્તારોમાં જી.આઇ.ડી.સી. બનાવવામાં આવતી હોય છે.

**અધ્યક્ષશ્રીઃ** આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય છત્રસિંહભાઇ..

**શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) :** માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના મહેસૂલ મંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન આજે મહેસૂલ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં માગણી નંબર–૭૯ને અનુમોદન આપવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉભો થયો છું. આ ગુજરાત રાજ્યની પરિસ્થિતિ ભારતીય જનતા પાર્ટીની સરકાર નહોતી તે પહેલાં કુદરતી આફતો અંગેની રાહતોની બાબતમાં અગાઉના ઘણા બધા વર્ષોમાં આપણે જોયું છે કે કુદરતી આફત આ રાજ્ય ઉપર કોઇને કોઇ રીતે આવે છે, પહેલાં દર ચાર – પાંચ વરસે દુષ્કાળ પડે, ક્યાંક નદીઓમાં પૂર આવે, એમાં પણ બાકી રહી ગયું એમ ૨૦૦૧માં કચ્છની અંદર મોટો ભૂકંપ આવ્યો, વાવાઝોડું આવ્યું, સુનામી આવ્યું, આવી અનેક કુદરતી આફતો આવી છે. આ કુદરતી આફતો આવે ત્યારે પહેલાં આપણે બીજા રાજ્યો ઉપર આધારિત રહેવું પડતું હતું, કંઇ કરી શકતા નહોતા, એ સહાય મોકલે અને પછી આપણે મેળવતા હતા એના માટેનું કોઇ આગોતરું આયોજન કોઇએ વિચાર્યું નહોતું. એટલા માટે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ પહેલી વખત કચ્છની અંદર જે ભૂકંપ આવ્યો અને એના માટે જે કામ હતું એ કામ માટે વિશ્વ બેન્કે મંતવ્ય રજૂ કર્યું કે આ કચ્છમાં જે પ્રમાણે ભૂકંપ આવ્યો છે એનું કોઇ કામ કરવું હોય એને પૂર્વ પરિસ્થિતિમાં લાવવું હોય તો ઓછામાં ઓછાં ૧૦ વર્ષ લાગે, આવી પરિસ્થિતિની અંદર આપણા રાજ્યના દુરંદેશી મુખ્યમંત્રી અને એમની દીર્ઘદષ્ટિ, એમનું માર્ગદર્શન અને માત્ર એ માથે હાથ દઇને નહિ બેસી રહ્યા, એમણે આપત્તિ માટે લડવા માટે, આપત્તિ આવે ત્યારે એનું આગોતરું આયોજન કરવા માટે અનેકવિધ નવા નવા આયામો, નવી નવી યોજનાઓ, નવા નવા વિભાગો એમના તરફથી શરૂ કરવામાં આવ્યા છે.

મારે આપના દ્વારા આ સન્માનનીય ગૃહમાં કહેવું છે કે પહેલાં ભૂકંપ આવે, તો તેના માટે અહીંયા કોઇ યોજના જ નહોતી. આપણી પાસે કોઇ યોજના હતી નહી. આપણી પાસે વાવાઝોડુ આવે, પૂર આવે તો તેના માટેની યોજના

હતી આ સિવાય આપણી પાસે કંઇ હતુ નહીં. સુનામીની કોઇ આપત્તિ હોય તો તેના માટે કોઇ વ્યવસ્થા આપણે કરી શકયા નહોતા. સાયકલોન આવે તો તેના માટે પણ આપણે કંઇ કરી શકયા નહોતા. આના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યુ કે આ રાજયને હવે મારે બીજા રાજયો ઉપર આધારિત બનાવવું નથી મારે એવુ રાજય બનાવવું છે કે બીજા રાજયોના લોકો ગુજરાતના લોકોને ત્યાં બોલાવે અને તેના માટે તેમણે ૨૦૦૩ની અંદર ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળની એક રચના કરી. આ રચનાના આધારે આ ગુજરાત જે મહા ભયાનક ભૂકંપમાં હતુ તેને પુનઃસ્થાપન કરવા માટે ઝડપભેર દેશ અને દુનિયાના લોકો આજે પણ અનેક દેશ અને વિદેશના લોકો આ યોજનાને જોવા માટે ગાંધીનગરમાં આવે છે અને એટલા માટે અફઘાનિસ્તાન જેવો દેશ હોય, ઇરાન દેશ હોય, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અનેક રાજયોના લોકોએ આ પ્રતિનિધિ મંડળે રાજયની આ આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળની મુલાકાત લીધી છે અને તેમાંથી ઘણુ બધુ તે અહીંયાથી શીખીને ગયા છે.

મારે બીજી વાત કરવી છે કે, આ રાજયને આજે જે ગુજરાત પુનઃસ્થાપન કાર્યક્રમ જે આ ગુજરાતે હાથમાં લીધો છે તે આખા દેશ અને દુનિયામાં એક મોડલ બની ગયુ છે. રાઘવજીભાઇ, આજે એક મોડલ બની ગયુ છે. માત્ર કોઇ કાટમાળ કાઢવાની વ્યવસ્થા આ રાજય સરકાર નથી કરતી. આ રાજય સરકારે પૂર્વ રીતે સ્થાપિત કરવાનું તો કામ કર્યુ છે પણ તેને દસ વર્ષ, વીસ વર્ષ પછી પણ આ કરેલા કામને ફરી જોવું ના પડે એવી વ્યવસ્થાઓ ઉભી કરવા માટેનું આ રાજય સરકારે વિચાર્યુ ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ પંચામૃતની જે પાંચ વાતો લઇને આવ્યા હતા મને કહેતા આનંદ થશે કે આ પાંચ મહાશકિતઓમાંની આખા દેશમાં આ રક્ષાશકિતનું જો કોઇએ કામ કર્યુ હોય તો માત્ર અને માત્ર ગુજરાતમાં થયુ છે. અને એટલા માટે આ સત્તા મંડળની જે સિદ્દિઓ છે તે સિદ્દિઓ એટલી બધી છે કે તેની બે–ચાર બાબતો હું આ ગૃહ સમક્ષ મૂકવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ આપત્તિ પછી પુનઃવસન અને પુનઃનિર્માણનો કાર્યક્રમ આ આપત્તિ વ્યવસ્થાપનનું એક અંગ બની ગયુ છે અને આના માટે ગુજરાત આખા દેશમાં પ્રથમ રાજય બની ગયુ છે. બીજુ કહું તો તેનો કાયદો ઘડવા માટે આખા દેશમાં પ્રથમ આ રાજયને યશ જાય છે અને તેના માટે આ રાજયની વ્યવસ્થાપનની નીતિ એક ઉભી કરવાનુ નક્કી કર્યુ. મને કહેતા આનંદ થશે કે આખા દેશમાં બીજુ એવું રાજય બન્યુ છે કે આપત્તિ વ્યવસ્થાપન માટેની નીતિ આ રાજય સરકારે નક્કી કરી છે. ભવિષ્યમાં ભૂકંપ ના આવે અને ભૂકંપો આવે તો તેના માટે જે મકાનો બાંધવાનું કામ છે, તે મકાનો ટકી રહે તેના માટે બિલ્ડીંગ કોડ આ રાજય સરકારે પહેલી વખત આ સન્માનનીય ગૃહમાં લાવીને રજૂ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં જુદી જુદી છએક આપત્તિઓની સંભાવનાઓ છે. અને આ સંભાવનાઓને માટે માત્ર રાજય સરકારે કોઇ કાયદો એકલો ના બનાવ્યો, પણ નીચેના સ્તર ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ લોકોની જાગૃતિ આવે, તેને તેની ટ્રેનિંગ મળે અને એના માટે આ રાજય સરકારે એક કામ કર્યુ છે તે Gujarat hazaardous risk and rehabilitation atlas આ યોજના તૈયાર કરીને આખા રાજયમાં પહેલું આ ગુજરાત આખા દેશમાં બન્યું છે કે નીચેના સ્તર સુધી તેને જો કામ કર્યુ હોય તો તેને કરવામાં સકસેસ ગયા છે. આ દેશમાં પ્રથમ એવુ રાજય છે કે ગુજરાત પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર એકટ. આવો એકટ આખા દેશમાં કયાંય નથી. આવો એકટ લાવવાનું કામ આ સન્માનનીય સભાગૃહે કર્યું છે. આપત્તિ સામે લડવા માટે એની સામે ઝઝૂમવા માટે એની સામે કામ કરવાનું આ આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું છે. આમાંથી આપણે સૌએ શીખવા જેવું છે અને આ કરવાનો આખા દેશમાં જો કોઇને યશ આપવો હોય તો એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને જાય છે. આ રાજય એનાથી પણ આગળ છે. દેશમાં પ્રથમ એવું રાજય બન્યું છે કે જેને જીવ બચાવવાની કટોકટીની પળે ઇન ગ્લોબલ અવર્સે ઘર આંગણે તબીબી સેવા મળી રહે એના માટે ઇમરજન્સી મેડીકલ રીસ્પોન્સ એકટ એ પણ આ રાજયના સન્માનનીય સભાગૃહે પહેલી વખત આ ગૃહમાં પસાર કર્યો છે. દેશને એક નવું સીમાચિન્હ આપવાનું કામ કર્યું છે.

આ રાજય પાસે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે. ત્યારે સુનામીનો અનુભવ અનેકવાર થયો છે. જાપાન જેવા દેશને પણ એમાંથી પસાર થવું પડ્યું છે. એ ન થવું પડે એના માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ સુનામી મેનેજમેન્ટ પ્લાન પહેલી વખત રાજયની અંદર તૈયાર કરીને એની સામે કેવી રીતે આ રાજયને પ્રોટેકટ રખાય એના માટેનું પ્લાનિંગ કરવાનો જો કોઇને યશ જતો હોય તો એ રાજયના મુખ્યમંત્રીશ્રીને જાય છે. એક બાબતનું મારે ધ્યાન દોરવું છે કે ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૪ આ ભૂકંપના ચોથા વરસે આ ઇન્સ્ટિટયૂટની સ્થાપના કરી એના માટે કોઇ આયોજન નહોતું એના માટે ભવન નહોતું ત્યારે એના માટે રાયસણ પાસે ભવન તૈયાર કરવામાં આવ્યું

છે. સૌ સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે આપ સૌ એને જોઇ આવજો જેમાંથી આપણને સૌને ઘણું બધું જાણવા મળશે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી મહેસૂલ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

હમણાં દિલ્હીમાં માનનીય નરેન્દ્રભાઇએ એવું નિવેદન કર્યું કે ગુજરાતના અધિકારીઓની સ્ટેબિલિટીના કારણે એકાઉન્ટિબિલિટી વધે છે. હું મહેસૂલ વિભાગમાં એમ કહેવા માગું છું કે મૂળ ભ્રષ્ટાચાર એટલો બધો વ્યાપક પ્રમાણમાં છે. મહેસૂલ વિભાગની પર્ટીક્યુલર વાત કરીએ, જમીનની જે માલિકી

અધ્યક્ષશ્રી : તમારી પાસે જનરલ નહિ, કોન્ક્રીટ માહિતી હોય તો તમે પહેલા નોટિસ આપીને વાત કરી શકો છો, તમારો હક્ક અને અધિકાર છે. જનરલ વાત કરવી કે આ બહુ ભ્રષ્ટાચારી છે અને આ ભ્રષ્ટાચારી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગ ઉપર જ બોલું છું. મહેસૂલની અંદર અત્યારે કોઇ જમીન ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે ગુજરાત સરકારની માલિકીની જમીનો નથી, આ ભારત માતાની માલિકીની છે. આ જમીનો ઉપર જે હું મારા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની વાત કરુ છું. એક વર્ષની અંદર હજારો ઝૂંપડા તોડી પાડવામાં આવ્યા, વાસ્તવિકતા એ છે કે એક સરવે નંબર હોય એમાં ૨૦૦ ઝૂંપડા હોય એમાંથી ૧૫૦ પાસે સનદ હોય સ્ટેટના પરવાના હોય, બીજા ૫૦ અશિક્ષિત કે જે તે સમયે લાભ લઇ શકયા ન હોય જેના કારણે બૂલડોઝર ફેરવી દેવામાં આવે મૂળ વાત ડેમોક્રેસી ઉપર અમલદારશાહી હાવી થઇ ગયેલ છે. અત્યારે હાલની સ્થિતિએ હિમતનગર અને સાબરકાંઠામાં વિશેષ મોટા ભાગની જમીન બ્લોકમાં વિભાજન કરેલી છે, સરવે નંબર નથી. બ્લોકની જમીન હોય ત્યારે ભાઇઓ-ભાગે વહેંચણી કરવાની હોય અને બ્લોકનું વિભાજન કરવા કલેકટરશ્રી જોડે દરખાસ્ત મોકલીએ ત્યારે એમાં સરળીકરણ કરવામાં આવતું નથી. એ ભાઇઓ વચ્ચે ભાગની વહેંચણીમાં આખા ગુજરાતમાં સાબરકાંઠાના કલેકટરશ્રીએ પરિપત્ર બહાર પાડ્યો કે આમાં સ્ટેમ્પ ડયૂટી લાગુ પાડવામાં આવે. વાસ્તવિકતા એ છે કે ભાઇભાગની વહેંચણીમાં બ્લોક નંબરના કારણે એ વહેંચણીનું સરળીકરણ થયું નહીં. તેના કારણે હજારો ખેડૂતો, તેમાં હિંમતનગરના મોટા ભાગના ખેડૂતો પીસાઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત એવી છે, ટૂકડાની. (અંતરાય) નથી થયું, બેન, અમલીકરણ નથી થયું. એ જ વાત કરું છું, આ ટૂકડાનો જે ખેતીનો નિયમ લાવ્યા છે તેમાં પણ આજની સ્થિતિએ ૨૦૧૨માં એક પરિપત્ર મોકલેલો પણ તેનું અમલીકરણ સાબરકાંઠામાં શરૂ કરવામાં આવતું નથી.

ત્રીજો મુદ્દો છે કે ઘરથાળના પ્લોટો. હિંમતનગર તાલુકામાં મોટા ભાગે ઘરથાળના પ્લોટોની બધી જ ફાઇલો કાં તો ડી.ડી.ઓ. લેવલે, કાં તો મહેસૂલ ડિપાર્ટમેન્ટમાં પડેલી છે. મોટા ભાગની ફાઇલોનો સમયસર નિકાલ આવતો નથી.

બીજી આપને મહેસૂલની વાત કરું, તો ભ્રષ્ટાચારના પુરાવારૂપે માનનીય બહેનશ્રીને એક સરવે નંબર આપું. સરવે નં. ૩૫૦૭ સિટી સરવે હિંમતનગર. સાત વર્ષથી એ કાગળો કલેકટર, સેક્રેટરી.. આ સાત વર્ષથી કાગળો આમથી આમ ફરતા હોય છે. એક રાજકીય ગ્રીવન્સના કારણે એ પાર્ટીને સંપૂર્ણપણે માનસિક, સામાજીક અને આર્થિક રીતે હેરાન કરવામાં આ ડિપાર્ટમેન્ટે કશું બાકી રાખ્યું નથી. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ઘ્યાન દોરવા માગું છું કે આપણે જો જમીનનું ગોત્ર, જમીનનો સત્તા પ્રકાર કલેકટરશ્રી જાણી ન શકે. સેક્રેટરીશ્રી જાણી ન શકે. સાત-સાત વર્ષથી આ કેસ આમથી આમ ફકત પોલિટીકલ એંગલથી દબાવી રાખવામાં આવે છે એ મારી રજૂઆત છે.

બીજું, વિશેષ કે ગુજરાતમાં શહેરી વિકાસના માઘ્યમથી વાત કરી કે જે જગ્યાએ રહેતો હોય એને જમીન આપવી. તેમાં મારું સૂચન છે કે હિંમતનગર શહેરમાં લગભગ સરવે કરાવીને જે લોકોએ પરવાના અને સનદવાળી મિલકતો છે એમને ન્યાય મળે અને એમના અધિકાર ઉપર તરાપ ન થાય, એ આપના મારફત મંત્રીશ્રીને હું કહેવા માગું છું. બીજો આ સ્ટેમ્પડયૂટીનો પ્રશ્ન, હિંમતનગરમાં ઘણા ક્ષેત્રોમાં જંત્રી અવાસ્તવિક છે. એ જંત્રીની ફરીથી ચકાસણી થાય, કારણ કે અહીં બતાવ્યું છે એ પ્રમાણે ૪.૯૦ કરોડ રૂપિયા ખર્ચ્યા તો પણ પરિસ્થિતિ એની એ જ

રહી. આખા ગુજરાતમાં બે લાખ ઉપર કેસો જંત્રીના કારણે પડતર છે. ૨૩.૩૬ લાખ તો એની વસૂલાત બાકી છે. વિશેષ હું એક કહેવા માગું છું કે છેલ્લા ૧૫ વર્ષથી સાબરકાંઠામાં લેન્ડ કમિટીની બેઠક મળી નથી. એટલે જે ખેતમજૂરોનો કાયદો હતો કે કોઇ ખેતમજૂર હોય તો એક એકર, બે એકર જમીન આપણે તેને આપતા હતા એ કમિટીની બેઠક પણ કયારેય મળી નથી. સાબરકાંઠામાં બીજા પ્રશ્નોમાં મહેસૂલ અન્વયે જે અમલીકરણ થવું જોઇએ, એન.એ.ના કેસોમાં એન.ઓ.સી. લેવા બાબતે, તેમાં પણ સીંગલ વિન્ડો દાખલ કરાય. તેમાં પહેલાં ૩૦ દિવસની સમયમર્યાદા રાખી છે. પણ ૩૦ દિવસમાં એક નાની કવેરી લઇને કાગળો રીટર્ન કરી દેવામાં આવે છે. છેલ્લા છ મહિનામાં એક પણ કેસ એન.એ.નો થયો નથી. આ હુડા ઇલેકશનના આગલા દિવસે દાખલ કરવામાં આવ્યું.

અધ્યક્ષશ્રી : માનનીય અશોકભાઇ..

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આનંદીબહેન પટેલ જયારે આજે પાટનગર બાંધકામ યોજનાની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે તેમાં મારું જબરજસ્ત સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર શહેર માટે એવું કહેવાતું હતું કે આ કર્મચારીઓનું નગર છે અને તેની ઓળખ પહેલાં એક નિર્જીવ શહેર તરીકે જયારે હતી ત્યારે છેલ્લા ૧૨ વર્ષમાં તેમાં જીવ મૂકવાનું કામ કોઇએ કર્યું હોય તો આદરણીય મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરથી મને એક વાત યાદ આવે છે. ગાંધીનગર શહેરની ૧૯૬૫થી સ્થાપના થઇ ત્યારથી ગાંધીનગર શહેરમાં એક સ્વર્ગે સિધાવેલ રાજકીય પુરુષ રહેતા હતા. એમને અહીંયાં રહેવાનો મોકો મળેલો. એમનું ત્રણ માસ પહેલાં અવસાન થયું. એમને સ્વર્ગમાં ચિત્રગુપ્તે પૂછ્યું- (અંતરાય)

અધ્યક્ષશ્રી : વાર્તા નહીં, હકીકત હોય તો કહો. આપણે ઉપર કોઇ ગયા નથી.

શ્રી અશોકકુમાર ર. પટેલ : એમને ચિત્રગુપ્તે સ્વર્ગમાં પૂછેલું, એમનો ચોપડો જોઇને પૂછેલું.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, એ હકીકતની આપણને ખબર ન હોય. આપણો ચોપડો જોઇને બોલોને. ચિત્રગુપ્તનો ચોપડો જોવો નથી.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર એક સ્વર્ગ સમાન છે. ગાંધીનગર ગુજરાતના વિકાસનું પાવર હાઉસ છે અને ગુજરાત એનું હૃદય છે. ગાંધીનગર શહેર આજે સમગ્ર વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગાંધીનગર શહેર વિશે મારે બે-ત્રણ વાતો કહેવી છે. ગાંધીનગર શહેરમાં સાતેક ગામનો વિસ્તાર આવેલ છે. એની અંદર વિકાસનું કામ જો કોઇએ કર્યું હોય તો છેલ્લા ૧૨ વર્ષની અંદર આ સરકારે કર્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં મત માટે નહીં પણ વિકાસ માટે આ સરકાર કટિબદ્ધ છે. ગાંધીનગર સાથે જોડાયેલ સાત ગામોમાં ગટર, પાણી, રોડ-રસ્તાનું કામ આ સરકારે કર્યું છે. સી.કે.રાઉલજી હમણાં કહેતા હતા કે, ૧૨ વર્ષમાં શું કામ થયું છે? મારે વિપક્ષના જૂના સાથી મિત્રોને કહેવું છે કે, તમે ભલે આંખે પટ્ટી બાંધીને ફરતા હોવ! એમના ઘરના ધર્મ પત્ની અને બાળકોને પૂછો, ૧૨ વર્ષ પહેલાં ગાંધીનગર શું હતું અને આજે ગાંધીનગર કેવું છે? આને કહેવાય વિકાસ! રોડની વાત હોય, સર્કલની વાત હોય, ગટરની વાત હોય, પાણીની વાત હોય, વરસાદી પાણીના નિકાલની વાત હોય. પહેલાં તો વરસાદ આવે અને કેડ સમાં પાણી ભરાઇ જાય. કોઇ જૂની સરકારને વિચાર ન આવ્યો. આજે ગાંધીનગરમાં વરસાદી પાણીના નિકાલ માટે, એના ગટરના પાણીના નિકાલ માટે, એટલી મોટી પાઇપલાઇન નાંખવામાં આવી છે કે, જેમાંથી આખેઆખી ગાડી પસાર થઇ જાય. આવી મોટી લાઇનો ગાંધીનગરમાં નાંખવામાં આવી છે.

અગાઉની સરકારોએ ગાંધીનગર શહેરમાં ફક્ત મત મેળવવા માટેનું રાજકારણ ખેલેલ છે. લોકોની સેવા બાબતમાં સરકારે કાંઇ કર્યું નથી. આ સરકારે સેવાઓને ધ્યાને લીધી છે. લાઇટ આપવાનું કામ, પાટનગરના માર્ગોને ઝળહળતા કરવાનું કામ આ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યું છે. ચાર દિવસ પહેલાં જીઇબીની સામે આવેલ ચરેડી વસાહતમાં જવાનો મોકો મળેલ. આગળની રાત્રે પણ ત્યાં જવાનો મોકો મળેલ હતો. ત્યાંના લોકો ૩૦-૩૦ વર્ષ સુધી લાઇટ સિવાય રહ્યા. એ લોકોની સાથે બેસવાનો મને મોકો મળેલ. મેં ત્યાં નરેન્દ્રભાઇ મોદીની વાત કરી. આજે આ લોકો અને ગુજરાતના પરિવારના ભાઇ-બહેનો નરેન્દ્રભાઇ મોદી સામે એક મોટી આશા લઇને બેઠા છે. ભલે વિપક્ષના મિત્રો કહેતા હોય, ગમે તેટલી બૂમો મારતા હોય. પરંતુ ભવિષ્યમાં આ દેશનું સૂકાન આ નરેન્દ્રભાઇ મોદીના હાથમાં જ્યારે જશે ત્યારે હું અને તમે સ્વીકારીશું અને આખું હિન્દુસ્તાન સ્વીકારશે. ખરેખર પીએમ હોય તો એ નરેન્દ્રભાઇ મોદી જેવા હોવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક વાત કરીને મારી વાત પૂરી કરીશ. શ્રી સી.કે.રાઉલજી કર્મચારીઓ માટેની વાત કરતા હતા. પાટનગર યોજના વિભાગના સેક્રેટરી અને કર્મચારી ગણને હું જોઉં છું કે, સાંજે ૫-૬ વાગ્યે ઓફિસનો

સમય પૂરો થાય છતાં પણ તેઓ રાત્રે ૧૦–૧૨ વાગ્યા સુધી સેક્રેટરી અને કર્મચારીગણ નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવે છે. એ મેં ગાંધીનગરમાં જોયું છે. થેન્ક યુ, સર.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગ અને પાટનગર યોજના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં સમર્થન કરવા માટે ઉભો થયો છું.

હું ૧૯૭૦ થી ૧૯૮૦ નાદાયકાની વાત કરુ છું. એ વખતે ગાંધીનગરમાં જયારે શેરથાથી અમારે આવવાનું હોય તો અમે બસમાં આવતા હતા ત્યાંથી આજુબાજુ કોઇપણ રોડ પાકો હતો નહીં. જયારે ઉવારસદથી અમે વાવોલ તરફ આવીએ તો આ નાળીયું હતું એ નાળીયું ત્રણ–ચાર ફૂટ ઉંડુ નાળીયું અને અમારી બસ આવે અને સામેથી કોઇક ગાડુ આવે તો અમારી બસ રીવર્સ એક કિલોમીટર પાછી લઇ જવી પડે એવા રસ્તા ૧૯૭૦થી ૧૯૮૦ના દાયકામાં હતા. આજે ગાંધીનગરની આજુબાજુ આપણે રસ્તા જોઇએ છીએ તો આ રસ્તા પહેલા ૩ મિટરના હતા પછી ૭ મિટરના થયા અને આજે જિલ્લાના બધા જ રસ્તા ૧૦ મિટરના અને ફોર લાઇનના થયા છે. આ ગાંધીનગર એ આપણા ગુજરાતનું પાટનગર છે અને આખા રાજયનો વહીવટ ગાંધીનગરથી થતો હોય તો આ પાટનગર એ એનું હાર્દ છે. અહીં ગાંધીનગરમાં ગુજરાતમાંથી વિવિધ કામગીરી માટે અનેક લોકો આવતા હોય. દેશ વિદેશથી પણ અહીંયા આવતા હોય તો આ ગાંધીનગર એ વિકાસ પામતું આપણું પાટનગર એની આજુબાજુના જે રસ્તાઓ હોય, પુલો હોય એનો પણ વિકાસ થવો જોઇએ અને માર્ગ મકાન મંત્રી બહેન શ્રીમતી આનંદીબહેનના હાથમાં જયારે આ વિભાગ આવ્યો છે ત્યારે ગઇ સાલ અમે ગોકુળપુરા મુકામે ગરીબો માટેના આવાસ માટેનું ખાતમૂહુર્તમાં માનનીય આનંદીબહેન સાથે હું પણ ત્યાં ગયેલો. બહેને કહેલું કે ખાતમૂહુર્ત અમે કરીએ છીએ અને ઉદ્ઘાટન પણ અમે કરીશું ત્યારે ૮૦૦ જેટલા ગરીબોના આવાસો લગભગ તૈયાર થઇ ગયા છે અને આવાસો પણ કેવા? બધી જ સગવડ એમને રોડ, રસ્તા, પાણી, નિશાળ બધી જ સગવડો મળે એવું ગોકુળપુરા પાસે અમારું ગરીબો માટેનું સંકુલ તૈયાર થયું છે.

ગાંધીનગરનો જે રીતે વિકાસ થાય છે ઇન્દ્રોડા સર્કલથી કોબા આપણો એકસપ્રેસ વે થવાનો છે અને ઇન્દીરાબ્રીજ જે પુલ હતો આ પુલને મોટો કરવાનું કામ પણ ગઇ સાલ જ અમે ખાતમૂહુર્ત, કરેલું અને આ કામ અત્યારે ચાલુ છે. ગાંધીનગર શહેરની વસ્તી પહેલા જે ગાંધીનગર બન્યું હતું એ વખત ૧ લાખ ૨૫ હજાર આટલા અંદાજ મુજબની ગટર લાઇન હતી એ પછી ગાંધીનગરની વસ્તી દિવસે દિવસે વધતી ગઇ ત્યારે એની ગટર લાઇન ભરાઇ જવાની મુશ્કેલી હતી અને આ ગટર લાઇનોથી બહાર કાઢવા માટે ગાંધીનગર શહેરમાંથી ૨૦૭૦ લાખના ખર્ચે ૭૬ એમ.એલ.ડી.નો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છેક હાજીપુર સુધી પાઇપલાઇન, ૧૫ કિલોમીટર સુધી પાઇપલાઇન નાખવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઇન્સ્ટીટયૂટ ૬૭૯૦ લાખના ખર્ચે એનું કામ પૂરું થયેલ છે.

ગાંધીનગર શહેરમાંથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થતો હતો. સૌપ્રથમ ઘ રોડ ઉપર, ચ રોડ ઉપર અને પછી ખ રોડ ઉપર થઇને વાળવામાં આવતો હતો. વારંવાર અકસ્માતો થતા હતા અને જયારે મેં રજૂઆત કરી કે આ સરગાસણથી પાલજ બાસણ થઇ અને આ રોડ ગાંધીનગરની બારોબાર પસાર કરવામાં આવે ત્યારે એનું કામ પણ લગભગ પૂર્ણતાના આરે છે. ગાંધીનગરમાં જે ફૂટપાથ બની છે એ ફુટપાથના લીધે સાંજે સવારે જે મોર્નીંગ વોક માટે નીકળે છે એમના માટે આ ગાંધીનગરમાં ચારેબાજુ ફુટપાથ તૈયાર થઇ છે. ગાંધીનગરની સુંદર ઓળખ થાય એ માટે દરેક રસ્તા ઉપર જુદા જુદા છોડવા રોપી રસ્તાની પણ ઓળખ થાય એવું સરસ આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં નરોડાથી દહેગામ સુધીનો હાઇવે રોડ ફોર લેઇન કરવામાં આવ્યો છે. એ જ રીતે ગાંધીનગરની આજુબાજુ મહુડી અને પેથાપુરનો રસ્તો પણ ફોર લેઇન કરવામાં આવ્યો છે. કલોલ, સાણંદ રસ્તાનું કામ પણ ફોર લેઇન કરવામાં આવ્યું છે. આમ, સમગ્ર પાટનગર યોજના વિભાગ દ્વારા ગાંધીનગરની આજુબાજુ, ચારેબાજુ સરસ રસ્તાઓ અને સુંદર સર્કલો બનાવવામાં આવેલા છે ત્યારે આપણું આ પાટનગર એ વિકાસશીલ પાટનગર તરીકે ખૂબ વિકાસ પામી રહ્યું છે ત્યારે શિકાગો અને જાપાનની હરોળમાં ઊભું રહેવા માટે આપણુ આ પાટનગર તૈયાર થયું છે અને માનનીય આનંદીબેન જે માગણી લઇને આવ્યાં છે એને સમર્થન કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, કાર્યક્ષમ મંત્રી જે માર્ગ-મકાનની માગણીઓ લઇને આવ્યાં છે એમાં હું મારું સમર્થન આપવા ઊભો થયો છું. રાજેન્દ્રભાઇએ અને રાઉલજીએ વાત કરી એમાં એમને માટે હું એક શાયરી સાથે શરૂઆત કરું છું.

દાગશીલ ઓરો કો દેખને સે કયા હાંસીલ?

ખુદ કા આયના હે ખુદ કી હી નજર રખ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કરવી છે. જ્યારે એક રસ્તાની ચર્ચા માટે ઉપસ્થિત થયો છું ત્યારે મને ઇતિહાસમાં જવાનું મન થાય છે. પુરાતત્વ વિભાગે જે ખોદકામ કર્યું એમાં એવું ફલિત કરવામાં આવ્યું દુનિયામાં કોઇ જૂનામાં જૂની જો કોઇ સંસ્કૃતિ હોય તો એ ભારતની છે, શહેરી સંસ્કૃતિ. મોહેંજો દડો હોય, લોથલ હોય કે હડપ્પા હોય અને એના ખોદકામથી એ વખતે જાહેર કર્યું કે જે પુરાતત્વો છે, એના જે ચોરસ રસ્તાઓ છે, એની જે વરસાદી પાણીની ગટર છે, જે પ્રાચીન ગૌરવ છે, એ આપણી મૂળ સંસ્કૃતિ છે. એ પ્રાચીન ગૌરવને ફરીથી એનું બહુમાન કરવાનું જો કોઇને શ્રેય જાય તો હું એમ માનું છું કે, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય આનંદીબેનને જાય છે. હું એમ માનું કે, આઝાદી પછીની જે જે સરકારોએ આ પ્રાચીન ગૌરવને જો મહત્વ આપ્યું હોત તો આજે માનનીય આનંદીબેનને વધુ માગણીઓ માટે આવવું ના પડત. પરંતુ ગુજરાતનો સર્વાંગી વિકાસ એના ઉત્તમ રસ્તાઓનું નેટવર્ક ઊભું થઇ ગયું છે. એક જમાનામાં જ્યારે અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ કેનેડીએ એક વાત કરી હતી કે, It is not our wealth that has created the roads, it is our roads that created our wealth.

માનનીય અધ્યક્ષશ્રી, અમેરિકાના રસ્તાઓ એની સંપત્તિના કારણે નિર્માણ નથી થયેલા, પણ અમેરિકાની સંપત્તિ એના રસ્તાઓના કારણે છે. જ્યારે રસ્તાઓની વાત નીકળે ત્યારે આપણે ભૂતપૂર્વ વડાપ્રધાન માનનીય અટલ બિહારી બાજપાયીને યાદ કરવા પડે. એ જમાનો એવો હતો કે જે સરકાર તે વખતે એવી હતી કે રોજના ૨૦ કિલોમીટર પર ડે આપણે હાઇવે બનાવતા હતા અને આજે જે સરકાર છે એમાં નોંધવામાં આવ્યું છે કે લગભગ ૩ થી ૪ કિલોમીટર રોજના આપણે રસ્તાઓ બનાવીએ છીએ. બાજપાયજીએ તે વખતે કહ્યું હતું કે, આપણા દેશના માર્ગો એ આપણી હથેળીની હસ્ત રેખાઓ જેવા છે અને એ ભારતના ભવિષ્યની રેખાઓ છે. આજે મારે એક વાત કરવી છે કે, માનનીય અધ્યક્ષશ્રી, આપ રાજકોટથી આવો છો. રાજકોટથી એક જમાનો એવો હતો કે આપને ૧૦-૧૦ કલાક થતા હતા. આજે જે ફોરટ્રેક રસ્તાઓ છે ત્યારે આપ વિધાનસભામાં આવો છો ત્યારે ૩-૦૦ કલાકથી ૩-૩૦ કલાક સુધીમાં આવી જાવ છો. મારે અહીંયા જે સભ્યશ્રીઓ છે, જે સુરતથી આવે છે એ લગભગ ૩-૩૦ કલાકમાં સીધા વિધાનસભામાં આવીને ઊભા રહે છે. મોહનભાઇ, ધારો કે મોરબીથી આવતા હોય, આ કાનાભાઇ મોરબીથી આવતા હોય તો ૩-૦૦ કલાકથી ૩-૩૦ કલાકમાં ગાંધીનગર આવી જાય છે, આ જેવી તેવી વાત નથી.

મારે એક વાત કરવી છે ગુજરાતના રસ્તાઓની. એની આજે જો લંબાઇ હોય તો ૧,૧૨,૩૩૧ કિલોમીટરની છે, એના હાઇવે સમગ્ર દેશમાં હાઇવેના પર્સન્ટેઝ હોય તો એ ૨૬% છે. મહારાષ્ટ્રમાં ૧૮% છે, આંધ્રપ્રદેશમાં ૧૩% અને કર્ણાટકમાં ફક્ત ૮% છે. ૧ લાખની વસ્તીએ ગુજરાતમાં ૧૪૬ કિલોમીટરના રસ્તાઓ છે, જ્યારે સમગ્ર દેશમાં ૧ લાખની વસ્તીએ ૧૨૬ કિલોમીટરના રસ્તાઓ છે. આ નાની સુની વાત નથી. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં એટલા માટે આનંદ થાય છે કે, મારા નવસારી જિલ્લાની અંદર ત્રણ વર્ષની અંદર ૫૨૭ કરોડના કામો માનનીય કાર્યક્ષમ મંત્રીશ્રી, શ્રીમતી આનંદીબેને મંજૂર કર્યા છે. અને ૨૦૦૧-૦૨ની જો હું વાત કરતો હોવ તો સમગ્ર ગુજરાતનું બજેટ ૫૦૦ કરોડનું હતું. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ફક્ત સ્ટેટ ગવર્નમેન્ટ અને જિલ્લા પંચાયત મારફતે રસ્તાઓ થતા. માનનીય ગુજરાતના કાર્યક્ષમ મુખ્યમંત્રી અને શ્રીમતી આનંદીબેને એ પ્રગતિ પથ હોય, વિકાસ પથ હોય, એ કિસાન પથ હોય, પ્રવાસી પથ હોય, એ નાબાર્ડની યોજના હોય માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાઓ અત્યાર સુધીમાં આપણે સાંભળી નથી. હું નગરપાલિકાનો પ્રમુખ પણ રહી ચૂક્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત મારા નવસારી શહેરની કરવી છે. એ વીસ-વીસ વર્ષોથી થાંભલાઓ લાઇટના ખસતા નહતા. નગરપાલિકાને રસ્તાઓ પહોળા કરવા હોય, લાઇટના થાંભલા હોય એટલે ખસી ના શકે. પૈસા ભરવાનું ક્વોટેશન આવે, એ ક્વોટેશનના પૈસા એટલા બધા હોય એ નગરપાલિકા ભરી ના શકે. પરંતુ (સમયસૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ બાકી છે હજુ

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં, હજી ચાર વર્ષ બાકી છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આનંદીબેને જયારે શહેરી વિકાસ વર્ષ ઉજવીને

વીસ વર્ષ જૂના થાંભલાઓ એમણે ખસેડયા છે અને આજે મને જણાવતાં આનંદ થાય છે કે, છેલ્લા વીસ વર્ષથી કોંગ્રેસ રૂપી થાંભલાને પણ આ ગુજરાતની જનતાએ ખસેડયા છે એમાં શંકાને સ્થાન નથી. ગુજરાતના રસ્તાઓની જયારે વાત છે ત્યારે, વર્લ્ડ બેન્કે એમને સર્ટિફિકેટસ્ આપ્યું છે કે, "ગુડ ગવર્નન્સ ઇન હાઇ–વે સેકટર, લર્નીંગ ફ્રોમ ગુજરાત". માનનીય અધ્યક્ષશ્રી, આ જેવી તેવી નાની વાત નથી. અને એમણે એમની જે "ઇન્ડીપેન્ડન્ટ ઇવેલ્યુએશન" જે સંસ્થા છે, એમણે પણ એમ કહ્યું છે કે, ગુજરાતના રસ્તાઓ એ સમગ્ર દેશના રસ્તાઓ કરતાં શ્રેષ્ઠ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લી એક વાત કરવી છે, જયારે મરૂન વિલેજની વાત કરવી છે, હું જે વિસ્તારમાંથી આવું છું તેમાં લગભગ છેલ્લા બે વર્ષથી વરસાદ થોડો ઓછો છે પરંતુ ૯૦ થી ૧૦૦ ઇંચ વરસાદ તે વખતે પડે છે. મારું અમલસર અને છાપર ગામ એ વખતે જયારે વરસાદ પડતાં ત્યારે સમગ્ર રેલમય હતું ત્યાંથી આગળ ચાલીને હોસ્પિટલમાં જવું હોય, વિદ્યાર્થીઓએ સ્કૂલમાં જવું હોય, જઇ નહીં શકતા. માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેને બારમાસી રસ્તાઓની વાત કરીને, સમગ્ર તાલુકાઓમાં એક બારમાસી રસ્તાઓ આપ્યા છે અને આ કામ આજે અમારા દરેક તાલુકાના અંદરના ગામોની અંદર રસ્તાઓ બાકી હોય પણ એક એક મરૂન વિલેજમાં એક એક બારમાસી રસ્તાનું કામ જો કોઇએ આપ્યું હોય તો આ માર્ગ અને મકાનના કાર્યક્ષમ મંત્રી શ્રીમતી આનંદીબેને આપ્યું છે.

છેલ્લે મારે માનનીય મંત્રી શ્રીમતીઆનંદીબેન જે રીતે કામ કરે છે, ખૂબ ઓછું બોલે છે અને વધુમાં વધુ કમ કરે છે, એમના માટે છેલ્લી એક શાયરી સાથે મારી વાતને પૂરી કરું છું,

**" નજર બદલો, નજારે બદલ જાતે હૈં,**
**સોચ કો બદલો, સિતારેં બદલ જાતે હૈં,**
**કસ્તિયાં બદલને કે, જરૂરત નહીં,**
**દિશા કો બદલો, કિનારે બદલ જાતે હૈં. "**

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને માર્ગ અને મકાનના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બહું સારું સાંભળ્યું અને નંબર–વન સરકારને મારે કહેવું છે કે, માનનીય મહેસૂલ મંત્રીશ્રી એન્ડર્સનના મેન્યુઅલથી આ જમીનનો વહીવટ, અત્યારે મહેસૂલનો વહીવટ ચાલે છે. હવે એ ઘણા સમય પહેલાં કહેવામાં આવ્યું હતું કે, આવનારા કાયદામાં સુધારો કરી અને એનો અમલ ક્યારે કરવામાં આવશે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે જે વાત કરવી છે કે, આ ગુજરાતના જે ખેડૂત છે એ જમીન સાથે જોડાયેલા છે. આજે ગુજરાતનો ૪૨ ટકા જે રોજગાર છે એ ખેતીવાડી પૂરી કરે છે અને ૪૨ ટકાની રોજગારી પ્રાપ્ત કરે છે. હમણાં આગળ તો ઘણી વાતો થઇ કે, ૨૦૦૩ થી નવ હજાર કરોડ રૂપિયાની ખેડૂતની આવક હતી અને હમણાં ૨૦૧૨–૧૩માં એક લાખ કરોડે પહોંચી છે, આ ગ્રોથ ૧૦.૫ ટકાએ ગયો છે અને માનનીય અધ્યક્ષશ્રી, આપણા ઘણા બધા મંત્રીશ્રીઓ, મુખ્યમંત્રીશ્રી પોતે પણ એમ કહે છે કે, અમારો ગુજરાતનો ખેડૂત મારૂતિમાં ફરે છે. મારે આપના દ્વારા કહેવું છે કે મારૂતિમાં ફરનારા ખેડૂતની જે દશા છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ વાત કહેવા નહીં દો?

અધ્યક્ષશ્રી : સાંભળો. કહો. કોઇ બિન સંસદીય નથી બોલતા જશાભાઇ.

શ્રી જસાભાઇ ભા. બારડ : મારે કહેવું છે ખેડૂતની દશા કેવી છે. અત્યારે ખેડૂતને ઘરે બે ટંક ખાવા અનાજ પૂરતું નથી. એના માલ ઢોર, બકરા જે કાંઇ છે એને પીવાનું પાણી નથી. જે વિસ્તારમાંથી હું આવું છું, પીવાનું પાણી પૂરતું નથી મળતું. એવા વિસ્તારમાં આજે ગુજરાતનો ખેડૂત મારૂતિમાં? મારૂતિ તો ઠીક છે અમારા વિસ્તારમાં જુનાગઢ જિલ્લાના તાલાલા તાલુકામાં હરીપુર ગામ છે જયાં ભુકંપની આખી સિસ્ટમનું યુનિટ બનાવ્યું છે ત્યાં દર પંદર દિવસે ૨.૩ થી માંડીને પાંચ સુધીનો ભુકંપનો આંચકો આવે છે એનું તો કોઇ કંઇ કરતું જ નથી. કયાં ગયું આ બધું જે સિસ્ટમેટીકલ સ્થાપના કરી છે એની કોઇ કાર્યવાહી થતી નથી. આજે ગુજરાતમાં એકત્રીસ લાખ બેકારો છે અને ગઇકાલે જ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ દિલ્હીમાં કહ્યું, વડાપ્રધાન બને, અમને વાંધો નથી. લોકશાહીમાં પણ •(xxxxxx) અને ગુજરાતના ખેડૂતોને અન્યાય કર્યો છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાખીએ છીએ.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી જસાભાઇ ભા. બારડ : આજે એકત્રીસ લાખ માણસોની રોજીરોટીના ફાંફા છે અને એક પણ માણસ નથી. લાઇટ માટે ગુજરાતનો ખેડૂત કેવી પરિસ્થિતિમાંથી પસાર થાય છે. લાઇટ સરપ્લસ છે, ઉર્જા સરપ્લસ છે. અરે ઉર્જા સરપ્લસ હોય તો દસ લાખ ખેડૂતને પાવર આપી દોને? જે ગુજરાતની સૌથી મોટી જીવાદોરી ૪૨ ટકા રોજગારી આપે છે એમાં તમને શું મુશ્કેલી છે? આ (xxxxxx) હવે બિલકુલ ચાલવાની નથી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે કઇ માગણી ઉપર બોલો છો? જશાભાઇ, મહેસૂલ ઉપર આવો.

શ્રી જસાભાઇ ભા. બારડ : નહીં, નહીં, મને બોલવા દો.

અધ્યક્ષશ્રી : તમે બોલો ખરા પણ મહેસૂલ ઉપર બોલો. તમે શ્રમ રોજગાર ઉપર બોલો છો, લાઇટ ઉપર બોલો છો.

શ્રી જસાભાઇ ભા. બારડ : લાઇટ એટલા માટે કે ખેડૂતને પીવાનું પાણી...

અધ્યક્ષશ્રી : ખેડૂતનું ન આવે મહેસૂલમાં.

શ્રી જસાભાઇ ભા. બારડ : આજે ગુજરાતનો ખેડૂત પારાવાર નુકસાની ભોગવે છે અને રોડ રસ્તાની જે તમે વાત કરો છો. મારે રોડ રસ્તામાં જે ભાઇઓ, યાત્રિકો જાય છે દેવદર્શન કરવા અને એના અકસ્માતો થાય છે.

અધ્યક્ષશ્રી : હવે ભાઇ રસ્તા ઉપર આવ્યા છે. શાંતિ રાખો.

શ્રી જસાભાઇ ભા. બારડ : જૈન મુનિઓ જાય છે. આ તો નેશનલ હાઇવેના રોડ છે. ગ્રામ્ય માર્ગમાં ધુળના જ રસ્તા અત્યારે પણ છે. આ નેશનલ હાઇવે જે બને છે એ ભારત સરકારના સહયોગથી થાય છે. હું આપના દ્વારા મંત્રીશ્રીને વાત કરવા માગું છું કે માત્ર ને માત્ર •(xxxxxx) ભરમાવવાની જે વાત છે એ કોઇ સંજોગોમાં ચલાવી લેવા માગતા નથી. આજે હજારો ખેડૂતો આપઘાત કરે છે. શા માટે કરે છે? હજારો ખેડૂતો આ ગુજરાતમાં આપઘાત કરે છે એના દેવાના હિસાબે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, પણ એ બોલે જ છે. એ બંધ થાય તો મને કહેજો ને. અવાજ તો અહીંથી પણ આવે છે, ત્યાંથી પણ આવે છે. એમને કાંઇ અવાજની અસર થાય તેમ નથી. તમે શાંતિ રાખો.

શ્રી જસાભાઇ ભા. બારડ : મારે કહેવું છે કે ૮૬૪કરોડ રૂપિયા આપ્યા તો અમારા સૌરાષ્ટ્રમાં પીવાનું પાણી નથી. ત્યાં માલ ઢોરને પીવાના પાણીની વ્યવસ્થા નથી. આ ખેતી સાથે જોડાયેલા છે. માલ ઢોરને પાણી પાવા માટે, ખેતી કરવા માટે પાણીની જે પરિસ્થિતિ પેદા થઇ છે તો આજે એને નકકર રીતે આપના દ્વારા કહેવા માગું છું કે એ બોલે, વખાણ કરે અમને વાંધો નથી પણ જે વાત રેકર્ડ ઉપર, કોઇ કામ સારું કર્યું હોત તો અમને વાંધો નથી. ટુકડા ધારાનું કામ સારું કર્યું તો સારી વાત છે. રાષ્ટ્રપતિએ પણ સંમતિ આપી છે. એમાં હું ના નથી પાડતો પણ હજી એક કાયદો એવો છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરી ૩-૧૫ કલાકે મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

(વિરામ – ૨-૩૦ થી ૩-૧૫)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર..

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આજે બપોરના ડિસ્ટર્બ એવો થયો કે આડે પાટે જતો રહ્યો, એટલે ગાંધીજીને ત્યાં જઇને જે કઇ કહેવાનું હતું તે જઇને પ્રાર્થના કરી.

અધ્યક્ષશ્રી : ત્યાં કહેવાઇ ગયું હોય તો અહીંયા કઇ બાકી છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : ચૂંટણી પહેલા આ ગુજરાતના મુખ્યમંત્રી સોમનાથ આવેલા અને એવી વાત કરી કે સોમનાથ દાદાના દર્શન કરી ગીર સોમનાથ જિલ્લો જાહેર કર્યો. મારે કહેવાનું છે કે ૨૬મી જાન્યુઆરીએ કાર્યરત થશે. ૨૬ મી જાન્યુઆરી ગઇ, ફેબ્રુઆરી ગયો, માર્ચ મહિનો આવ્યો છે. મારે આપના દ્વારા કહેવું છે કે જે નં.૧ મુખ્યમંત્રીશ્રી છે. તો સમય મર્યાદામાં ક્યારે આ જિલ્લો કાર્યરત થશે? મારે આપના દ્વારા બીજી વાત એ કરવી છે કે ૮ કિ.મી.નો કાયદો જે જમીનનો રદ કર્યો. એના હિસાબે વેપારી, ઉદ્યોગપતિ અને ધનવાન લોકોએ આખી જમીનો ખરીદી લીધી છે. એના હિસાબે ખેડૂત ખેતીથી વંચિત થયા છે. કયાંક પરિસ્થિતિ એવી થઇ છે કે પડતર જમીન રહે છે. જમીન એક તસુ પણ વધતી નથી. જમીન ખેત ઉપયોગમાં નથી રહેતી. અત્યારે પડતર જમીન છે, તો હું આપના દ્વારા જે વાત કરવા માગું છું કે આજે ગુજરાતમાં આનંદીબેને વાત કરી કે ટુકડા ધારાનો કાયદો રાષ્ટ્રપતિએ મંજૂર કર્યો. એને અમે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આવકારીએ છીએ. આખા ગુજરાતના ખેડૂત આવકારે છે. અને હું પોતે પણ આવકારું છું. મારે બીજી વાત કરવી છે કે ખેડૂતના દીકરા અહીંયા બેઠા છે. સીમ વિસ્તારમાં ઢોરવાડા તરીકે ભૂતકાળમાં જમીનો બે ગૂંઠાથી માંડીને ૧૦ ગૂંઠા સુધીની આપેલ છે. હવે એનું ૭/૧૨ માં નામ નથી. ૮(અ) કે પાણી પત્રકમાં નામ નથી કે બે નંબરના રજિસ્ટરમાં નથી કે અન્ય ક્યાંય સમાવેશ નથી થયો. હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે ઢોરવાડાં વર્ષોથી ખેડૂતનાં જ છે. આ ખેડૂતના ઢોરવાડા જો નિયમિત કરવામાં આવે તો ઐતિહાસિક પગલું ભરે તો તે ગુજરાતના ખેડૂતના હિત માટે છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર સૃષ્ટિના સર્વશ્રેષ્ઠ, કર્મયોગી મહાપુરુષ એવા ભગવાન દ્વારકાધીશની કર્મભૂમિ એવી ગુજરાત રાજ્યની આજે પવિત્ર વિધાનસભાના પરમ આદરણીય અધ્યક્ષશ્રી ગુજરાત રાજ્યની ૬ કરોડની જનતાની આશાનું કિરણ અને વિશ્વાસનું પ્રતીક એવા ગુજરાત વિધાનસભાના વિઠ્ઠલભાઇ પટેલ વિધાનસભા ભવનના આ સભાગૃહમાં જનતાના એક સેવક તરીકે જ્યારે મને પ્રતિનિધિત્વ કરવાની તક મળી છે, ત્યારે અને આજે પ્રથમ વખત મને જ્યારે મારી વાત મુકવાની તક મળી છે, ત્યારે સૌ પ્રથમ હું મારા પરમ આદરણીય તથા હિન્દુસ્તાનના સવા સો કરોડ લોકોના શ્રદ્ધાબિંદુ અને મને આ વિધાનસભાનો રાહ ચીંધનાર, મારી જેવા લાખો યુવાનોના રાહબર એવા ઋષિતુલ્ય અને વિશ્વના સર્વશ્રેષ્ઠ મુખ્યમંત્રી વિકાસ પુરુષ શ્રી નરેન્દ્રભાઇ મોદી અને અમારી ભારતીય જનતા પાર્ટીના સિદ્ધાંતનિષ્ઠ અને નખશીખ પવિત્ર એવા આદરણીય શ્રી આર.સી. ફળદુ સાહેબનો ખૂબ ખૂબ આભારી છું અને હું ધન્યતા તથા ગૌરવની લાગણી અનુભવું છું.

'સૌનો સાથ અને સૌનો વિકાસ' એ સૂત્રને સાર્થક કરવાના ભારતીય જનતા પાર્ટીના સુશાસનના પ્રયત્નોને પ્રજાએ જ્યારે પ્રેમથી પુરસ્કૃત કર્યો છે અને આગામી દિવસોમાં ગુજરાત, ગુજરાતી અને આ રાષ્ટ્રના જતન અને સંવર્ધનની અમારી પ્રતિબદ્ધતાને ચરિતાર્થ કરવા માટે અમારા ધર્મનું પાલન હંમેશા અમારી પ્રાથમિકતા રહી છે, ત્યારે અમારા સૌના પ્રેરક, માર્ગદર્શક અને સિનિયર મંત્રી મહોદય શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા માર્ગ અને મકાન વિભાગ માટે અંદાજપત્રમાં સમાવિષ્ટ માગણીઓ રજૂ કરાઇ છે, તેમાં હું મારો સૂર પુરાવી તેને અંતરના ઉમળકાથી સમર્થન કરું છું.

પ્રજાની લાગણી અને માગણી અમારા માટે અત્યંત મહત્વની રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ઇમ્પેકટ ફી સંબંધે પ્રજાહિતલક્ષી માગણીઓનો ખ્યાલ રખાયો છે. નાના અને ગરીબ લોકોના નાના નાના બાંધકામોમાં ઉદાર છૂટછાટ બક્ષી અને અધિકૃત કરવા માટેની જોગવાઇઓ અમલીકૃત બનાવાઇ છે. એટલું જ નહીં પરંતુ મહત્તમ લોકો આ યોજનાથી લાભાન્વિત બની સરકારશ્રીએ દાખવેલી ઉદાર અનુભૂતિનો આનંદ મેળવે તેવા માનનીય મંત્રી આનંદીબેનના શુભઆશય બદલ તેઓશ્રીને હું સાદર લાખ લાખ અભિનંદન આપું છું. તેઓને આજ પર્યન્ત જે જે ખાતાઓની જવાબદારી સોંપવામાં આવી છે તે તમામ જવાબદારીઓ અપેક્ષિત સફળતા સાથે સુપેરે નિભાવી છે તે માટે તેઓશ્રીને અંતરના અભિનંદન પાઠવું છું. આજરોજ હું અમારી ભારતીય જનતા પાર્ટીના વિચારપુરુષ એવા પંડિત દિન દયાલ ઉપાધ્યાયની સાંસ્કૃત્તિક...

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવના નહીં મહેસૂલ ઉપર આવી જાઓ. એ પાના જવા દો પ્રસ્તાવનાના, મૂળ માગણી ઉપર આવી જાઓ.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસીપથ યોજના જે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મૂકવામાં આવી છે તેની માહિતી હું ગૃહ સમક્ષ રજુ કરું છું. આ વિભાગ દ્વારા ગુજરાત રાજયના ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના દૂરના સ્થળોને જોડતા ૯ હાઇસ્પીડ કોરીડોરની સુધારણા કરી તેને પહોળા કરી વિકસાવવાવાળી પ્રગતિપથ યોજના મૂકી છે. તેમાં કુલ ૩૭૧૦ કિલોમીટરની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે. તેવી જ રીતે નગરપાલિકામાંથી અને તાલુકા મથકમાંથી પસાર થતા રાજયના રસ્તાઓને અધતન કરનારી વિકાસપથ યોજના. ગ્રામીણ અર્થતંત્રને વેગ આપતી અને ગામડાની ખેત પેદાશોને એ.પી.એમ.સી. અને લોકલ બજાર સુધી ઝડપથી પહોંચાડવાના હેતુસર તથા ગ્રામ્ય પ્રજાને શિક્ષણ અને આરોગ્યની સગવડ આપતી કિસાનપથ યોજના. તેવી જ રીતે ગુજરાત રાજયમાં અન્ય રાજયોના અને અન્ય દેશોના પર્યટકોને આકર્ષવા માટે, પર્યટકોની સગવડતા માટે તથા પર્યટન અને ધાર્મિક સ્થળના જોડતા રસ્તાઓની સુધારણા માટેની પ્રવાસીપથ યોજના કાર્યાન્વિત કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રવાસીપથ માટે કુલ ૧૧૨૨ કિલોમીટરના ૯૬ રસ્તાઓ માટે રૂ.૭૯૯ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા. તેમાં ૭૨૭ કિલોમીટરના કુલ ૮૨ રસ્તાના કામો રૂ.૫૭૨ કરોડનો ખર્ચ કરીને પૂર્ણ કરવામાં આવ્યા છે. આ કામોથી કુલ ૪૯ સ્થળો લાભાન્વિત બન્યા છે.

વર્ષ ૨૦૦૧-૦૨ના વિભાગના ૫૩૭ કરોડના બજેટની સામે આઠગણો વધારો કરી આ વર્ષે ૪૨૬૦ કરોડનું વિશાળ બજેટ બેનશ્રીએ રજૂ કર્યુ છે. આપણા ગુજરાતના એવા અગણિત સ્થળો છે જે દેશ અને દુનિયાના પ્રવાસીઓ

માટે વર્ષોથી આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. શાસક ધારે તો આકર્ષણના કેન્દ્રોની મુલાકાત સરળ બની રહે. તે હકીકતનો અનુભવ આપણને આપણા સૌના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૬ના વર્ષને પ્રવાસી વર્ષ તરીકે જાહેર કર્યું ત્યારથી થયો છે. આદરણીય અધ્યક્ષશ્રી, જેમની પાસે દીર્ઘદ્રષ્ટિ હોય, સેવેલા સપનાંઓને સાકાર કરવાની પ્રબળ ઇચ્છાશક્તિ હોય, અગ્રીમતા અને પ્રતિબદ્ધતા હોય તે જ આવા કાર્યો કરી શકતા હોય છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ મા ગુર્જરીનું નામ દેશ અને દુનિયામાં ગુંજતું અને ગાજતું થાય તે માટે અનેક ક્ષેત્રોમાં પરિણામલક્ષી પગલાંઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી ગુજરાતની સર્વ ક્ષેત્રે પ્રગતિની પ્રતીતિ સૌને કરાવી છે. ગુજરાતના દર્શને આવતા દેશ અને દુનિયાના મુલાકાતીઓ સુખદ અનુભૂતિ સાથે ગુજરાતની મુલાકાતનું સુખદ સંભારણું લઇને જાય તે માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવાની દિશામાં કારગત પગલાં ભર્યા છે. ગુજરાત રાજયમાં કુદરતી અને ભૌગોલિક વિવિધતાઓ સાથેની સુંદરતા હોવાથી પ્રવાસી સ્થળોનું આકર્ષણ વિશેષ રહે છે. દેશનો સૌથી લાંબો સમુદ્ર કિનારો, પર્વતીય વિસ્તાર અને મા નર્મદા,તાપી અને મહી જેવી મોટી લોકમાતાઓ રાજયના પર્યટનના સ્થળોનું આકર્ષણ વધારે છે. આપણું રાજય પુરાતત્વના અવશેષો માટે પણ પ્રચલિત છે. હડપ્પન સંસ્કૃત્તિના અવશેષો માટે ધોળાવીરા, લોથલ અને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં જેનો સમાવેશ કરવામાં આવ્યો છે તે ચાંપાનેર જેવા પ્રચલિત સ્થળોનો પણ સમાવેશ થાય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ઋષિકેશભાઇ પટેલ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મહેસૂલ મંત્રીશ્રી આનંદીબેન પટેલ ૬૯ નંબરની માગણી લઇને આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ દેશના બીજા રાજયો કરતાં કંઇક વિશિષ્ટ છે. ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો અને આપણા ત્યાં વરસાદ આપતા પવનો, નૈઋત્યના મોસમી પવનો દ્વારા આપણા ત્યાં વરસાદ આવતો હોય છે. આપણા ત્યાં વરસાદ લગભગ ૨૦૦૧-૦૨ પહેલાં ૧૯૮૫થી વાત કરીએ તો લગભગ ૨૦૦૧-૦૨ સુધીમાં ચાર થી પાંચ વખત દુષ્કાળની પરિસ્થિતિ ખૂબ મોટાપાયે ગુજરાતમાં ઉભી થઇ હતી. માનનીય અધ્યક્ષશ્રી, સદ્ભાગ્ય છે કે, ૨૦૦૧-૦૨ થી ૨૦૧૨-૧૩ સુધીમાં આવી પરિસ્થિતિનું નિર્માણ લગભગ થયું નથી પરંતુ ભૂતકાળની અંદર સરકારોએ કઇ રીતે અછતની પરિસ્થિતિ સાથે એનો સામનો કર્યો એની મારે થોડીક વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અછત એક એવી પરિસ્થિતિ છે કે,જે બહુ જ લાંબાગાળાની સમાજ ઉપર અસરો છોડતી હોય છે. પીવાના પાણીની સમસ્યા ઉભી થાય, પશુઓ માટે ઘાસચારાની વાત આવે, ખેડૂતોને મુશ્કેલી પડે, પશુપાલકોને મુશ્કેલી પડે અને રોજગારીની પણ સમસ્યાઓ આ અછતને કારણે પેદા થતી હોય છે. ભૂતકાળમાં ૧૯૮૫ થી ૧૯૮૭ દરમિયાન અછતની તીવ્ર પરિસ્થિતિ ઉભી થઇ હતી અને સમગ્ર ગુજરાત અછતની ઝપેટમાં આવ્યું હતું. સળંગ ત્રણ વર્ષ દુષ્કાળ પડયો હતો. એ વખતે ૮૫-૮૬માં ૧૩૪૮, ૮૬-૮૭માં ૨૧૮૮ અને ૮૭-૮૮માં ૨૫૨૯ ગામોને ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવ્યું હતું. ઘાસચારાની વાત, રોજગારીની વાત, ખાડા ખોદવાના, તળાવો ખોદવાના અને કેટલા ભ્રષ્ટાચારો ચાલતા હતા. તે વખતે હું એક એસ.ઓ. તરીકે કામગરી બજાવતો હતો અને વલ્લભીપુર, જામનગર એ બાજુ (અંતરાય) હું એ જ વાત કરું છું. એ વખતે માનનીય અમરસિંહભાઇનું શાસન હતું અને એ વખતે ત્યાં આગળ વલ્લભીપુરની અંદર હું કામગીરી બજાવતો હતો. સાહેબ, ત્યાં આગળ આ કોંગ્રેસી આગેવાનોએ ખોટું કરવા માટે એટલો બધો દબાવ અને પ્રેશર ઉભું કર્યું હતું કે મારે ત્રણ મહિનાની રજા મૂકીને ઘરે જતું રહેવું પડ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, સાચુ કામ કરવું હતું પણ સાચું કામ થાય નહીં, ખોટા ખાડા લખાવવા, એ જ આજ સામે બેઠેલા મારા સામેના મિત્રોએ એ વખતે જે તે શાસનકર્તાઓના આ કોંગ્રેસી કાર્યકર્તાઓ દ્વારા આવા દબાણો ઉભા થતા હતા. તમારા વખતની વાત છે મિત્રો, અને અત્યારે તો નસીબ આપણું છે કે અત્યારે આ નરેન્દ્રભાઇ મોદી સાહેબ માનનીય મુખ્ય મંત્રીશ્રી છે. એક કહેવત છે એક વાર્તામાં આવે છે કે-દયાહીન થયો છે નૃપ, રસહીન થઇ છે ધરા. અમારા ૨૦૦૧થી ૨૦૧૨-૧૩ સુધીમાં આ વરસાદે મહેરબાની કરી છે. ક્યાંક વરસાદ લંબાયો ખરો, થોડોક મોડો વરસાદ થયો, એટલે લાલચ પેદા થઇ અને એ લાલચ કેવી પેદા થઇ કે હવે વરસાદ ના આવે એ માટે બાધાઓ રાખવામાં આવી. વરસાદ ના આવે એના માટે બાધાઓ રાખી અને આવતા સમયની અંદર સત્તા અમારા હાથમાં આવે એવી લાલચ જાગી ગઇ. વરસાદ મોડો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે લોકો તો કહેતા હતા અને લોકોને વિશ્વાસ હતો કે, વરસાદ પણ આવશે અને મોદી પણ આવશે. આ વાત લોકો ડંકાની ચોટ ઉપર કહેતા હતા અને માનનીય અધ્યક્ષશ્રી, આ ચૂંટણી આવ્યા

પછી આ ગુજરાતની પ્રજાએ બતાવ્યું છે કે, આદરણીય માનનીય નરેન્દ્રભાઇ મોદી ઉપર એમને કેટલો વિશ્વાસ હતો. મારે તમારા ભૂતકાળની વાત કરવી છે, આ સરકાર શું કરે છે એ તો બધાયને દેખાય જ છે પણ ભૂતકાળની અંદર પશુઓ માટે, પાંજરાપોળ માટે અને કેટલ કેમ્પ ઉપર દૈનિક રૂપિયા ત્રણની નજીવી સહાય મળતી હતી. રાહતકામ ઉપર કેવળ ૧૧ રૂપિયા જ, અને એમાં પણ મેં કહ્યું એમ ૧૧ રૂપિયા પૂરા લખાવાના અને એમની સાથે જે મજૂરો કામ કરતા હોય એમની સાથે ભાગબટાઇ કરવાની, આ કામ તે વખતે થતું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, મોટા પાયા ઉપર ઘાસની ખરીદી થાય અને વિતરણ વ્યવસ્થામાં સંચાલનનો અભાવ, નિષ્કાળજી અને ભ્રષ્ટાચાર દેખાતો હતો. મારે કંઇ લાંબું કહેવું નથી એ વખતે રફાળેશ્વર વિશે આખું ગુજરાત જાણે છે. બિહાર પછી આ ગુજરાતની અંદર, પહેલું ગુજરાત અને પછી બિહાર આવ્યું. આ ગુજરાતની અંદર રફાળેશ્વરનો આખો કેસ ગુજરાતની બધી જ પૂરેપૂરી જનતા જાણે છે. એ વખતે, ૯૧–૯૨માં પણ કુલ ૧૧૩૮૧ ગામોમાં અછતની પરિસ્થિતિ પેદા થઇ હતી અને આ ગામો સામે ફકત ૧૯૪૩ ગામોમાં જ ટેન્કરો દ્વારા પાણી પહોંચ્યું હતું. આવી જ પરિસ્થિતિ ૧૯૯૩–૯૪માં થઇ. તમારા શાસન દરમ્યાન તો કાયમ દુષ્કાળ અને અછત રહી અને કોઇ દિવસ ગુજરાતની પ્રગતિ થાય એવું કાંઇ કર્યું નહીં. કારણ કે, મેં કહ્યું અને જે કહેવતની વાત કરી સદાય ધરતી રસહીન જ રહી કારણ કે શાસકો એવા હતા. મારે કહેવું છે કે, લોકોની સંવેદનશીલતા પારખવાવાળા, લોકો માટે જીવવાવાળા આદરણીય નરેન્દ્રભાઇએ જ્યારથી શાસનની ધૂરા સંભાળી છે ત્યારથી સતત દસ વર્ષથી કુદરતની મહેરબાની રહી છે અને એના કારણે ફરીથી નરેન્દ્રભાઇ ઉપર લોકોએ વિશ્વાસ વ્યકત કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૯–૨૦૦૦માં ૧૭ જિલ્લામાં ૯૪૭૯ ગામોમાં અછત હતી અને તેમાંથી ફકત ૨૯૮૭ ગામોને ટેન્કરથી પાણી પહોંચાડવામાં આવ્યું હતું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૭૮, ૭૯,૮૫, ૮૬, ૮૭ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો તેમજ સૂચનો આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છમાં ભાઇશ્રી ઋષિકેશભાઇને કદાચ ખબર નહીં હોય કે અત્યારે કેવું બેડાયુધ્ધ ચાલે છે! સમગ્ર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આપણા જ આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીને રોડ ઉપર જ્યારે ઉતરવું પડ્યું હોય પાણીની તંગી અને તકલીફ માટે ત્યારે હું ઋષિકેશભાઇને યાદ કરાવું કે સમગ્ર સૌરાષ્ટ્રમાં આ જે પરિસ્થિતિ ઉભી થઇ છે તેને આપણે પહોંચીવળવું પડશે. આ સન્માનનીય ગૃહમાં આજે હું મારા વિચારો રજૂ કરું છું તેમાં એ વાત ચોક્કસ કહીશ કે સરકારે જો આગામી ઉનાળાને પહોંચી વળવા માટે અગ્રીમતાના ધોરણે પીવાના પાણી તેમજ પશુઓના ઘાસચારાની વ્યવસ્થા કરી હોત અને ગુજરાતને અછત તરીકે જાહેર કર્યું હોત તો કેન્દ્ર સરકાર દ્વારા હમણા જ બે દિવસ પહેલા આ ગુજરાતને ૮૬૪ કરોડનું પેકેજ આપવામાં આવ્યું છે એ જો સરકારે અછત જાહેર કરી હોત તો એમાં વધુ રકમ કેન્દ્ર સરકારે આપી હોત એવું મારું સ્પષ્ટ માનવું છે, પરંતુ સરકારે એક માત્ર અછતને છૂપાવી રાખવા માટે રાજયને અછતગ્રસ્ત જાહેર ન કર્યું તેમ છતાં કેન્દ્રના અમારા સત્તા પક્ષના સભ્યોએ ત્યાંના મંત્રીશ્રીઓને રજૂઆત કરી એના આધારે ભારત સરકારે ૮૬૪ કરોડ રૂપિયા આપણને આપ્યા છે ત્યારે એ બાબતને બિરદાવવી જોઇએ. હું આ ગૃહમાં જ્યારથી આવ્યો છું ત્યારથી સાંભળું છું કેન્દ્રની બદનામી કરવામાં આવી રહી છે અને કેન્દ્ર આમ કરે છે, કેન્દ્ર તેમ કરે છે. કેન્દ્રએ કોઇપણ જાતની માગણી વગર જ્યારે રૂપિયા ૮૬૪ કરોડનું પેકેજ જાહેર કર્યું હોય ત્યારે ગુજરાતે અને શાસક પક્ષે પણ તેને અનુમોદન આપવું જોઇએ એમ હું માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આજના જ પેપરમાં મેં વાંચ્યું તો સરકારી કર્મચારીઓ ગરીબ કલ્યાણ મેળામાં વ્યસ્ત હોય છે ત્યારે પ્રજા રામ ભરોસે છે. પ્રજા પીવાના પાણી માટે વલખા મારે છે અને આઠ આઠ દિવસે પાણી મળે છે તેમ છતાં સરકારી અધિકારીઓ ગરીબ કલ્યાણ મેળામાં વ્યસ્ત થઇ ગયા છે. બીજી વાત કરું તો નર્મદા યોજના દ્વારા ગ્રામ પંચાયતોને પીવાનું પાણી આપવાની વાત આ સરકાર દ્વારા કરવામાં આવે છે ત્યારે મારે કહેવું છે કે અમારી ગ્રામ પંચાયતોને બાર મહિનાનું બે બે લાખ રૂપિયાનું બિલ આપવામાં આવે છે આ બે બે લાખ રૂપિયાનું બિલ પંચાયતો ક્યાંથી ભરશે? એટલે આજે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ જે અછતના નાણા આવે કેન્દ્રમાંથી એમાંથી આ પંચાયતોને તમે મદદ કરજો નહીં તો સરપંચો બાવળ કાપીને બિલ ભરવાની કોશીશ કરશે તો એ બિચારા સસ્પેન્ડ થશે. એટલે સરકાર દ્વારા આવી મદદ કરવા માટે આ અછતનું વર્ષ છે ત્યારે હું સન્માનનીય ગૃહ સમક્ષ આ માગણી મૂકું છું. જેવી રીતે માનનીય શંકરસિંહ વાઘેલાની સરકાર હતી ત્યારે એમણે જે પંચાયતોના વોટર વર્કસના વીજ કનેકશનો હતા એ માફ કરેલા એવી જ રીતે આ નર્મદાનું પીવાનું પાણી દરેક ગ્રામ પંચાયતને મફત મળે એવું મારું આપને એક સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની વાત કરું તો માર્ગ અને મકાન વિભાગમાં છેલ્લા સાત થી દસ વર્ષના રસ્તાઓ પર હજુ પણ પેવર થયો નથી. માનનીય મંત્રીશ્રીએ જાહેરાત કરી છે પણ હજુ પણ અમારા વિસ્તારના ઘણાં બધાં એવા રસ્તાઓ છે કે જેના ઉપર હજુ પેવર થયો નથી. માનનીય અધ્યક્ષશ્રી, પ્લાન અને નોન પ્લાનના રસ્તાઓ, પ્લાનના રસ્તાઓ લગભગ પેવર થાય પણ નોન પ્લાન રસ્તાને કોઇ અડતું નથી. આજે પણ એના મેટલ વેરણ છેરણ પડ્યા છે. ૧૦ થી ૧૨ વર્ષના નોન પ્લાનના રસ્તાઓ પર પેવર થાય એવું માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે. જ્યારે કોઇપણ ગામની નજીકથી જિલ્લા માર્ગ જતો હોય અથવા તો રાજ્ય માર્ગ જતો હોય તો એ ગામથી નજીક ૭૦૦ થી ૮૦૦ મીટરનું અંતર હોય તો એ ગામના રસ્તાને પાકો રસ્તો ગણી લેવામાં આવે છે તેથી આ ૭૦૦ થી ૮૦૦ મીટરને કોઇ પેવર કરતું નથી એના કારણે ગામમાં જવાની બહુ તકલીફ પડે છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે આવા રસ્તા પણ બનાવવા જોઇએ.

છેલ્લાં સાત આઠ વર્ષમાં ગૌચરની જમીનો ઉદ્યોગપતિઓને આપી દેવામાં આવેલ છે પરંતુ સરહદ ઉપરનો લશ્કરનો જવાન નિવૃત્ત થઇને ઘેર આવે અને તે આ જમીનની માગણી કરે ત્યારે તેને આપવામાં આવતી નથી. એવું જ એક ઉદાહરણ માનનીય મંત્રીશ્રીને આપવા માગું છું કે મારા પ્રાંતિજ મત વિસ્તારની અંદર પ્રાંતિજ શાળા નંબર–૪ માં મધ્યાહ્યન ભોજન યોજનાનો શેડ બનાવવા માટે માગણી કરતી ફાઇલ સરકારમાં ક્યારનીય પડી છે અને રમતનું મેદાન બનાવવા માટે એક નાની જમીનની માગણી કરેલ છે બાળકોના હિત માટે આ જમીનની માગણી કરેલ છે એ જમીન પણ આપવામાં આવી નથી એની ફાઇલ પણ હજી મહેસૂલ વિભાગમાં પડી છે ત્યારે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ ફાઇલ જલ્દીથી ક્લીયર થાય, વિદ્યાર્થીઓ માટે શેડ બને અને વિદ્યાર્થીઓને આ એક રમવાનું મેદાન મળે. હમણાં જ અમારા સભ્યશ્રી સી.કે. રાઉલજી વાત કરતા હતા કે બી.ઓ.ટી. ધોરણે શામળાજીથી ગોધરાનો હાઇવે બન્યો પરમ દિવસે અમારે ત્યાં સંકલનની મિટિંગમાં ચર્ચા થઇ હતી કે અમારા ધારાસભ્યને પણ ત્યાંથી ટેક્સ ભર્યા વગર નથી નીકળવા દેતા ત્યાં આગળ ગઇકાલે જ આપણા ધારાસભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલને પણ પાવતી આપવામાં આવી હતી અશ્વિનભાઇએ આ અંગે કલેક્ટરને પરમદિવસે ફરિયાદ પણ કરી હતી બી.ઓ.ટી.ના સંચાલક એલ.એન્ડ.ટી.વાળાએ ધારાસભ્યશ્રી અશ્વિનભાઇને ખુદને પાવતી આપી હતી એ બાબતે એમણે આજે ફરિયાદ કરી છે આવી રીતે બી.ઓ.ટી.ના જે રસ્તાઓ બને છે એ ટોલનાકા છે એના પર ધારાસભ્યશ્રીઓને જવા દેવા જોઇએ.

મારા મત વિસ્તારના પ્રાંતિજ અને તલોદ શહેરની વાત કરું તો જંત્રીની અસમાનતાના કારણે અમારા તલોદ તાલુકામાં તલોદ શહેર આવેલ છે ત્યાં ૯૦ ટકા જમીનો નવી શરતની હોવાથી આ જમીનોના જંત્રીના ભાવ એટલા બધા ઉંચા છે કે એક હેક્ટર જમીન અમારે જુની શરતની કરવી હોય તો એક કરોડ રૂપિયાનું પ્રિમીયમ સરકારમાં ભરવાનું આવે છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં કોઇપણ જાતનું નવું બાંધકામ થતું નથી. અત્યારે શહેરોનો વિકાસ થાય છે ત્યારે આ એક શહેર એવું છે કે એમાં વસતિનું પ્રમાણ ઘટ્યું છે અત્યારસુધીમાં આંકડા જોશો તો છેલ્લાં પાંચ વર્ષમાં આ શહેરની વસતિ ઘટી છે. વધી નથી. આવી જંત્રીની અસમાનતા અમારા પ્રાંતિજ અને તલોદ બન્ને શહેરોમાં છે. એટલે જંત્રીની અસમાનતા પણ દૂર થાય એવું મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય પણ ખેડૂતોને જે ૭–૧૨, ૮/અ, હમણાં જ માનનીય મંત્રીશ્રીએ એક પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે અમે ૭ અલગ કર્યો, ૧૨ અલગ કર્યો, ૮/અ અલગ કર્યો, નકશો પણ રિ–સરવેમાં અલગ કર્યો પરંતુ આ જે ૭, ૧૨, ૮/અ અને નકશો આ ચાર દસ્તાવેજો જ્યારે અમે ગ્રામ પંચાયતમાં લેવા જઇએ ત્યારે એક નકલના ૧૦ રૂપિયા લેવામાં આવે છે, જ્યારે તાલુકામાં મામલતદાર ઓફિસમાં લેવા જઇએ તો ત્યાં પાંચ રૂપિયામાં મળી જાય છે. આવી વિસંગતતા કેમ છે? દરેક ગામમાં નકલ પાંચ રૂપિયામાં કેમ ના મળે? મામલતદાર કચેરીમાં જઇએ તો પાંચ રૂપિયામાં મળે અને ગ્રામ પંચાયતમાં લેવા જઇએ તો ૧૦ રૂપિયામાં મળે છે. આવી વિસંગતતા ના હોવી જોઇએ. એવી જ રીતે હમણાં અહીંયા જે સ્ટેમ્પની વાત ચાલતી હતી. દરેક ભાઇની બહેન જ્યારે લગ્ન કરીને જાય ત્યારબાદ એનો કરિયાવર કરે, એનું લગ્ન પછીનું મામેરું ભરે તેમ છતાં એ બહેનનું જ્યારે અમારે હક્ક કમી કરાવીને નામ કમી કરાવવું હોય ત્યારે નવા નિયમ મુજબ એના ઉપર સ્ટેમ્પ વાપરવો પડે છે એટલે આ સ્ટેમ્પ વાપરવાના કારણે પણ ખેડૂત ખેતી કરે છે એને ઘણું આર્થિક નુકસાન સહન કરવું પડે છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો આ સન્માનનીય સભાગૃહમાં આજે મને પ્રથમ વખત મારા વિચારો રજૂ કરવાની જે તક મળી છે એ બદલ ગુજરાતના લોકલાડીલા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને આ સભાગૃહનો ખૂબ ખૂબ આભાર માનું છું. આજે માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી

આનંદીબહેન પટેલ વિભાગની ૭૮ નંબરની માગણી જે લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે અને તે અંગેના મારા વિચારો રજૂ કરવા માટે અહીંયા ઉભો થયો છું.

મહેસૂલ વિભાગ એ ગુજરાતની આમજનતાને સીધેસીધો સ્પર્શતો એક વિભાગ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાતની જે ધૂરા સંભાળી છે તે તેમના વહીવટના આધારે ગુજરાતની અંદર મહેસૂલ વિભાગની અંદર જે ઉણપો હતી અને જે ખાતાકીય વિભાગમાં ઘણી બધી તકલીફો હતી. તે તકલીફોમાં આ વિભાગમાં ટેકનોલોજીથી સભર સેવાકીય કામો થાય, નાગરિકોની જરૂરિયાતો સંતોષાય અને વહીવટમાં પારદર્શકતા આવે અને પ્રજાને લાભ થાય તેવા સરસ મજાના પગલાં લઈ માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબહેને પગલાં ભર્યા છે તે બદલ હું માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને માનનીય આનંદીબેન પટેલનો ખૂબ ખૂબ આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય નાણામંત્રી અને મહેસૂલ મંત્રીશ્રીને મારે અભિનંદન આપવા છે કારણ કે સને ૨૦૧૩–૧૪માં જે બજેટ ફાળવ્યુ છે તે છેલ્લા દસ વર્ષમાં આ બજેટમાં પાંચ ગણો વધારો કરીને આ મહેસૂલ વિભાગને એક પ્રશંસનીય કામગીરી થાય તેના માટે છેલ્લા દસ વર્ષની અંદર આ વર્ષે સૌથી વધારે બજેટનું આયોજન કરવામાં આવ્યું છે. તેના આંકડા જોઇએ તો ૨૦૦૪–૦૫માં ૫૭૧.૧૨, ૨૦૦૫–૦૬માં ૫૮૯.૩૯, ૨૦૦૬–૦૭માં ૧૨૧૪.૭૮, ૨૦૦૭–૦૮માં ૧૨૯૫.૯૫, અને છેલ્લે ૨૦૧૨–૧૩માં ૨૧૨૨.૧૭ અને ૨૦૧૩–૧૪માં ૨૪૬૩.૯૧નું આ માતબર બજેટ આની અંદર ફાળવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહને એ વાત કરવી છે કે, સામે બેઠેલાં કોંગ્રેસના ઘણા બધા મિત્રો ઘણા દિવસથી આ સભાગૃહમાં સરકારની મહેસૂલી વિભાગની કામગીરી હોય, વહીવટી વિભાગની કામગીરી હોય, માર્ગ મકાન વિભાગની કામગીરી હોય તો તેની અવગણના કરે છે. અને મહેસૂલ વિભાગમાં તલાટીઓ, મામલતદારશ્રી તથા અધિકારીઓની જગ્યાઓ ભરવાની અથવા તો જગ્યાઓ ભરાતી નથી તેવી *(xxxxxx) જાહેરાત અહીંયાથી કરે છે. પણ મારે આ મિત્રોને કહેવું છે કે, માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબહેને પટેલે આ વિભાગમાં જે કર્મચારીઓની ભરતી કરી છે તેની વિગત આપ સમક્ષ હું રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાંખીએ છીએ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : આ મહેસૂલી તંત્રને ચેતનવંતુ બનાવવા માટે લગભગ ૧૮૦૦ મહેસૂલી તલાટીઓની છેલ્લા ત્રણ વર્ષમાં જગ્યાઓ ભરવામાં આવી છે. આ ઉપરાંત ઇ–ધારા ધરાવતી લગભગ ૪૬૪ જગ્યાઓ તેમજ મહેસૂલી તંત્રની લગભગ બે હજાર જગ્યાઓ ભરવામાં આવી છે. જેમાં ખાલી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત ૧૭૫૫ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૯૩૪ કારકુનો, ૧૧૫ મામલતદાર, ૬૭૬ નાયબ મામલતદાર અને છેલ્લા એક વર્ષમાં ૧૦૯૨ કારકુનની જગ્યાઓ સીધી ભરતીથી કરવામાં આવી છે. આ ભરતીમાં કોઇપણ જાતનો સગાવાદ કે કોઇપણ જાતના ભ્રષ્ટાચાર વગર આ ભરતીની પ્રક્રિયા પૂરી કરવામાં આવી છે. આ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તે મહેસૂલી તંત્રના વિકેન્દ્રીકરણને સત્તાઓની પુનઃસોંપણી દ્બારા આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકોના એક નવા અભિગમથી તંત્રની કામગીરીમાં અનેક ફેરફારો કરી તેમાં નવચેતના ભરીને ભગીરથ કાર્ય કર્યુ છે. તેમને હું અભિનંદન આપું છું. આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકાની રચનાથી ગુજરાતની પ્રજા માટે લેવાતા મહેસૂલી નિર્ણયોના વહીવટી પરિણામ સારા આવ્યાં છે. મહેસૂલ વિભાગના કર્મચારીઓ પૂર હોનારત હોય, દુષ્કાળની કામગીરી હોય, ધરતીકંપ જેવી કામગીરી હોય એમાં તેઓની કામગીરી ખૂબ જ પ્રશંસનીય રહી છે.

કોંગ્રેસની સરકારના વહીવટમાં પંચાયત ઓફિસમાં, તાલુકા પંચાયતમાં કે જિલ્લા સેવા સદનમાં અધિકારીઓ માટે તેમજ પ્રજાને બેસવા માટેની કોઇપણ સગવડતા ઉપલબ્ધ નહોતી. હું ૧૯૮૭ થી ૧૯૯૪ સુધી તાલુકા પંચાયતનો ડેલીગેટ તરીકે ચૂંટાઇને આવ્યો હતો ત્યારે મને ખબર છે કે સિટી તાલુકા પંચાયતની અંદર મામલતદારને બેસવા માટેનું ટેબલ પણ નહોતું એના પગારના ઠેકાણા નહોતા. આજે માનનીય નરેન્દ્રભાઇના વહીવટની અંદર પગાર પણ નિયમિત થાય છે તેમજ તમામે તમામ તાલુકા મથકોએ તથા તમામે તમામ જિલ્લા મથકોએ પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ છે એને સંપૂર્ણસજ્ઞ કરીને અઘતન બનાવવાની ભગીરથ કામગીરી આ માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ કરી છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખાસ કરીને સંકલ્પપત્રના મુદ્દાઓનું અમલીકરણ કરીને આ રાજય સરકારે લોકાભિમુખ વહીવટની પોતાની જવાબદારી નિભાવી છે. જેમાં મહેસૂલ વિભાગનું સંપૂર્ણ

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આધુનિકરણ કરીને તેમજ કોમ્પ્યુટરાઇઝેશન કરીને એને આવરી લેવાયેલ છે. જેથી આમ આદમીને પોતાની મહામૂલી જમીનને લગતા રેકર્ડ ગમે તે સ્થળેથી ઓનલાઇન મેળવી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. દસ વર્ષ પહેલા તો કોઇપણ ખેડૂતને પોતાની જમીનને લગતા રેકર્ડ મેળવવા માટે ઘણા બધા નેતાઓની સાથે તથા વચેટીયાઓની પાછળ ભટકવું પડતું હતું એનો આજે અંત લાવવામાં આવ્યો છે.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર**(**સંતરામપુર): માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એના સંદર્ભમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

પહેલા તો મહેસૂલ વિભાગ હસ્તકનું વહીવટી માળખું છે એ તાલુકા, પ્રાંત અને જિલ્લા કક્ષા વિશે મારા એક બે વિચારો રજૂ કરું છું. આ વહીવટી માળખું કદાચ સો કે દોઢસો વર્ષ જૂનું છે. હજી આ માળખાની અંદર તાલુકા કક્ષાએ જોવા જઇએ તો વર્ગ-૨ કક્ષાના મામલતદાર તરીકે ફરજ બજાવે છે. પ્રાંત કક્ષાએ વર્ગ-૧ના અધિકારી હોય છે. જિલ્લા કક્ષાએ આઇ.એ. એસ. કક્ષાના અધિકારી હોય છે. આ વર્ષો પહેલાનું માળખું છે. તેથી હાલની કામગીરીનો વ્યાપ, જનતા સાથેનો સંપર્ક, રોજબરોજની કામગીરી અને અન્ય વિભાગો સાથેની તાલુકા કક્ષાએ કામગીરી આ બધું ધ્યાને રાખીએ તો તાલુકા કક્ષાએ વર્ગ-૨ના અધિકારી મામલતદાર ફરજ બજાવે છે એના બદલે વર્ગ-૧ના જુનિયર અધિકારીને રાખવા હિતાવહ બાબત છે. પછી એની સાથે વર્ગ-૨ના અધિકારી જે તે જગ્યાએ રાખવા જોઇએ પણ એને અધિક મામલતદાર તરીકે કામગીરી સોંપવામાં આવે તો જનતાને વધારે સરળતા રહેશે અને ન્યાય મેળવામાં પણ ઝડપ આવશે. તાલુકાની સાથેસાથે સબ ડિવિઝન કક્ષાએ મારું સૂચન છે કે સબ ડિવિઝન કક્ષાએ કલાસ-૧ ના અધિકારી હોય છે પરંતુ એ જુનિયર પણ હોય છે અને સિનિયર પણ હોય છે. પરંતુ આ જગ્યા ઉપર ઓછામાં ઓછી ત્રણ ચાર વર્ષની નોકરી પૂરી કરી હોય તેવા અનુભવીને નીમવામાં આવે એવી મારી વિનંતી છે, આ એક વિચારવા જેવો મુદો છે, તેથી આ બાબતમાં સરકાર ગંભીરતાથી વિચારે તેવી વિનંતી કરું છું.

મારે એક બીજી વાત સરકારના ધ્યાને મૂકવી છે કે મામલતદાર કચેરી કે પ્રાંત કચેરીનું મહેકમ સો દોઢસો વારસ જૂનું છે. તે વખતનું કામગીરીનું ભારણ જોઇએ અને અત્યારે કાર્યનું ભારણ જોઇએ તો મહેકમમાં અનેકગણો વધારો કરવો પડે એમ છે. કારણ અત્યારનું જે મહેકમ છે એ વર્ષો જૂનું છે, અત્યારે જે સંખ્યા છે એની સામે કામનું ભારણ છે એ અનેકગણું વધી ગયું છે. મારી આ બાબતમાં વિનંતી છે કે સરકારશ્રી આ બાબત પણ ગંભીરપણે વિચારે અને જે કચેરીઓ જૂની છે, જે કચેરીઓનું કે તાલુકાનું વિભાજન થયું નથી, પ્રાંતનું વિભાજન થયું નથી એવી કચેરીઓમાં સંખ્યાબળ વધારે જેથી કરીને જનતાના પ્રશ્નો સરળતાથી ઉકેલાય. જનતાના કેસો હોય તેનો ઝડપથી નિકાલ આવે. જનતાને ત્વરિત ન્યાય મળે અને સરકારનું કામ પણ સરળ બને.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાના વહીવટમાં મારે એક બાબત બીજી પણ ધ્યાને મૂકવી છે કે જિલ્લા વહીવટ એટલે તાલુકા, સબડિવિઝન અને જિલ્લો આ ત્રણ યુનિટ સાથે સંકળાયેલો વહીવટ છે. જમીન મહેસૂલનો કાયદો હોય કે એવા બીજા અનેક કાયદાના કેસો વહીવટી તંત્રમાં આવે છે. ખેડૂતોના નાનામાં નાના પ્રશ્નો હોય, તેનું લીટીગેશન હોય, તો મામલતદાર કે પ્રાંત કક્ષાએ આવે. આ ઉપરાંત આ અધિકારીઓની પાસે વહીવટી કામગીરી ઉપરાંત સંકલનની કામગીરી પણ હોય છે. આ બધી કામગીરીનું ભારણ જોઇએ, આ અધિકારીઓની ક્ષમતા જોઇએ તો એ એમના કામ કરતાં અત્યારે અનેકગણું કામ કરી રહ્યા છે. ખાસ કરીને હાલની સ્થિતિમાં જે કૃષિમેળા છે, ગરીબ કલ્યાણ મેળા છે કે ઉત્સવો છે આ બધામાં આ અધિકારીઓને જોતરવામાં આવે છે. તેના કારણે મામલતદાર ઓફિસમાં જઇએ, આવકનો દાખલો લેવા માટે, નાનામાં નાનું કામ હોય તેમ છતાં માણસોને સમયસર મળે નહીં. જાતિનો દાખલો લેવો હોય તો પણ સમયસર મળે નહીં. રેશનકાર્ડ કઢાવવું હોય તો પણ એવો જવાબ મળે કે અત્યારે સાહેબ નથી, મહિના પછી સાહેબ મળશે ત્યારે કામ થશે. આ જે નાની નાની બાબતો જનતાને, સામાન્ય માણસને લાગે વળગે છે ત્યાં સુધી આ પ્રશ્નોનું નિરાકરણ સરળતાથી થાય એ જરૂરી છે. માટે હું વિનંતી કરું અને ભારપૂર્વક અનુરોધ પણ કરું કે આ અધિકારીઓને ગરીબ કલ્યાણ મેળાઓના ભારણમાંથી મુકત કરવામાં આવે અને વહેલામાં વહેલી તકે આ ભારણમાંથી મુકત કરવામાં આવે તો જનતાનું કામ સરળતાથી થાય. આની સાથે સાથે હું ગરીબ કલ્યાણ મેળાનો વિરોધ કરું છું એમ નથી કહેતો, તેનું સંકલન કરવા માટે બીજું વહીવટી માળખું પણ ઉભું કરી શકાય અથવા તો બીજા અધિકારીઓ મારફતે પણ કામગીરી લઇ શકાય, પણ જેઓ નિયમિત કામગીરીમાં પણ પહોંચી નથી વળતા એવા અધિકારીઓને આ ગરીબ કલ્યાણ મેળાઓ કે ઉત્સવોમાં જોતરવા ન જોઇએ એવો મારો અનુરોધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણીની બાબત છે ત્યારે હું મારા વિસ્તારની એક બાબત ધ્યાને મૂકું છું. હમણાં હમણાં સરકારશ્રીમાં જિલ્લા કે તાલુકાઓના વિભાજનની બાબતો પણ વિચારણા હેઠળ છે. અમારો

વિસ્તાર આદિવાસી વિસ્તાર છે અને રાજસ્થાનની સરહદે આવેલો વિસ્તાર છે. આ વિસ્તારમાં પણ નવીન જિલ્લાઓ માટે વિચારણા કરવામાં આવે તો આદિવાસીઓના ઉત્કર્ષ માટે ઘણી મહત્વની બાબત બની રહેશે. અત્યારે વનબંધુ કલ્યાણ યોજનાઓ અને અનેક બાબતોની વાત કરવામાં આવે ત્યારે હું સરકારને આ અનુરોધ કરું કે અમારા વિસ્તારના બે–ત્રણ તાલુકા ઉમેરીને એક–બે નવા તાલુકા સંજેલી છે કે ડીટવાસ છે એવા નવા તાલુકા ઉમેરીને જિલ્લો બનાવવામાં આવે તો અમારા વિસ્તારને નવિન જિલ્લાનો પણ લાભ મળે. એ માટે સરકાર વિચારે એવી પણ હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ઘણું કહી શકાય તેમ છે, પણ સમયની મારે માટે મુશ્કેલી છે. જિલ્લા વહીવટ મુખ્યત્વે જમીન દફતર ઉપર નિભાવ છે અને જમીનનું દફતર ૧૮૭૦થી નિયત થયેલા નમૂના પ્રમાણે ચાલે છે. ૧૮૭૦થી અત્યાર સુધીમાં આ જમીનના વહીવટમાં પત્રકો અને નમૂનાઓ જે નક્કી કરવામાં આવેલા છે તેમાં લગભગ કોઇ ફેરફારો કરવામાં આવ્યા નથી. પણ ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલયના આદેશથી અને સૂચનથી જમીનનું જે રેકર્ડ છે તેનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યું. સારી બાબત છે પણ સાથે સાથે જે મેન્યુઅલ રેકર્ડ બંધ કરવામાં આવ્યું તેનાથી અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. જયારે આ રેકર્ડનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યું ત્યારે મોટા ભાગના માણસો આઉટસોર્સીંગથી રાખવામાં આવ્યા હતા અને આઉટસોર્સીંગથી જે માણસો રાખવામાં આવ્યા હતા એ માણસોએ ખંતથી અથવા તો જવાબદારીપૂર્વક કોઇ કામગીરી કરેલી નથી. તેના કારણે અત્યારે કેટલાય ખેડૂતો એવા છે કે એમની જમીન એકસના બદલે વાય અને વાયના બદલે ઝેડના ખાતામાં જતી રહી હોય અને એ સુધારવા માટે એમને કાયદેસરના કેસો જમીન મહેસૂલ કાયદા નીચે કરવા પડે તો જ એનો નિકાલ આવે આ પરિસ્થિતિનું નિર્માણ માત્રને માત્ર પેલું રેકર્ડ બંધ કર્યું અને જમીન રેકર્ડનું કોમ્પ્યુટરાઇઝેશન એટલે કે ઇ–ધરામાં જે કામગીરી સીંગલ કરવામાં આવી તેના કારણે ઉપસ્થિત થઇ છે. મારી આ બાબતમાં વિનંતી છે..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી બચુભાઇ ખાબડ.

શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ હું માર્ગ અને મકાન વિભાગની માગણી નં.૮૫ લઇને માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આવ્યા છે તેમના સમર્થનમાં હું મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા રહેણાંકના મકાનો માટેની સન ૨૦૧૩–૧૪ના વર્ષ માટેની જે માગણી લાવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું. ગુજરાતની પંચાયત હોય, મહેસૂલ હોય, કોઇપણ વિભાગના સરકારી કર્મચારી હોય તેમને રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્મયોગીના નામથી બિરદાવવાનું કામ કર્યું છે. ગુજરાતના વિકાસની યાત્રાની અંદર લગભગ ૨૪ કલાક તેમને જોતરીને આપણે વિશ્વના ફલક ઉપર આગળ વધ્યા છીએ. રાત્રે મોડે સુધી ઓફિસમાં કામ કર્યા પછી ઘરે જાય ત્યારે એને અદ્યતન સુવિધાવાળા મકાન મળે એના માટે રાજયની સરકારે ચિંતા કરી છે. તાલુકા મથક હોય, જિલ્લા મથક હોય, પાટનગર હોય, દરેક સ્થળોએ એના નિવાસી મકાનો માટેનું વ્યવસ્થા તંત્ર ઉભું કર્યું છે. ગુજરાતમાં માર્ચ ૨૦૦૬માં ૫૩૯૨૬ સરકારી રહેણાંકના મકાનો હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૨–૧૩માં નવા ૨૦૬ સરકારી મકાનો બનાવવામાં આવ્યા. આ રહેણાંકના મકાનો માટે રૂ.૧૧.૪૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને ચાલુ વર્ષ રૂ.૩૪.૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ જોગવાઇમાં અમદાવાદ તેમજ અન્ય જિલ્લા માટે તેમજ નવરચિત જિલ્લા મથકોના કર્મચારીઓ માટે અદ્યતન સુવિધાવાળા લગભગ ૩૦૦ જેવા મકાનો બનાવવાની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. આ મકાનોની સાથોસાથ એ મકાનોની બાજુમાં ઉર્જા બચતનો અભિગમ પણ અપનાવવામાં આવ્યો છે. સૌર ઉર્જાથી ચાલતા ઉપકરણો પણ આ સરકારી મકાનોના ધાબા ઉપર લગાવવાના છે. જળ સંગ્રહ માટે ધાબા ઉપર પડેલ વરસાદી પાણીને ભૂમિમાં ઉતારવાની જોગવાઇ કરવામાં આવી છે. મકાનોના પરિસર વિસ્તારમાં એને કુદરતી હવા ઉજાસ મળી રહે એના માટે વૃક્ષારોપણની કામગીરી ચાલુ છે. છેલ્લા ૧૦ વર્ષની અંદર સરકારી ઇમારતોને નવા રંગરૂપ આપવાનું કામ રાજ્ય સરકારે કર્યું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ સંકલ્પ કર્યો છે કે, સેવાના મંદિરો માત્ર ગવર્નન્સ નહીં પણ ઇ–ગર્વનન્સ શકિતના સંકલ્પ સાથે પર્યાવરણનું જતન થાય, કર્મચારીઓને આધુનિક ટેકનોલોજી સાથે જોડીને કાર્ય પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવવાના ભાગરૂપે જિલ્લા તેમજ તાલુકા મથકોના સ્થળોએ આધુનિક મકાનોના નિર્માણ માટેનું કામ પ્રગતિમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રીન બિલ્ટના અભિગમ, આ રાજયના મુખ્યમંત્રીશ્રીનો અભિગમ રહ્યો છે. પહેલાં ખાતમુહૂર્ત કોઇ કરતા અને ઇમારતનું ખાતમુહૂર્ત કોઇ બીજા કરતા. એમાં એક મુખ્યમંત્રીના બદલે બીજા મુખ્યમંત્રી હોય, એક મંત્રીના બદલે બીજા મંત્રી હોય. એનું ઉદઘાટન કરવા માટે બીજા કોઇ આવતા. આ રાજયના

મુખ્યમંત્રીશ્રીનો અભિગમ રહ્યો છે કે, જે મંત્રી ખાત મુહૂર્ત કરે છે એ જ મંત્રી એનું ઉદ્ઘાટન પણ કરે છે. વિકાસની દિશાની અંદર આગળ છીએ. ગુજરાતની અંદર આ દેશ આઝાદ થયો એના પહેલાં, વર્ષ૧૯૫૦ પહેલાં ૧૭૮૪૦ ક્વાર્ટર હતા. એ પણ જૂના જમાનાના હતા, માટીવાળા હતા, હાથ વણાટના નળિયામાંથી બનાવવામાં આવેલ હતા. ત્યાર પછીના ૨૫ વર્ષમાં ૨૯૬૩૧ રહેણાંકના મકાનો બનાવવામાં આવેલ છે. આ મકાનો આધુનિક પદ્ધતિથી બનાવવામાં આવેલ છે. આ મકાનોને આધુનિકીકરણની સાથે અદ્યતન સુવિધાથી સજ્જ કરવા માટે રૂ.૨.૫૧ કરોડની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. આ મકાનોના નવીનીકરણની સાથે એમાં અદ્યતન મોઝેક ટાઇલ્સને બદલે વિટ્રીફાઇડ ટાઇલ્સ લગાવવામાં આવે, દરવાજા, બારીઓ પણ એના સ્ટીલના લગાવવામાં આવે અને એના રસોડા પણ ગ્રેનાઇટ કે માર્બલથી લગાડવામાં આવે, એનું વોટર પ્રુફીંગનું કામ કરીને કર્મચારીને પણ અદ્યતન એકવીસમી સદીમાં રહેવા માટેની સગવડ મળે એ રીતે r e n o v a t i o n ના માધ્યમથી પણ એના માટે રાજય સરકારે ખર્ચ કરીને ભૂતકાળમાં મને લાગે છે કે કેરોસીન પણ કર્મચારીને નહોતું મળતું એના માટેના રહેણાકના મકાન સુધી સરકારના ખર્ચે ગેસની પણ એના કવાર્ટરની અંદર સુવિધા થાય એના માટે પણ રાજય સરકારે ખર્ચ ભોગવીને આજના આપણા કર્મયોગી માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે.

નવરચિત તાલુકાઓ અને જિલ્લાઓ થયા ત્યાંના કર્મચારી મિત્રોને પણ એની કામ કરવાની કચેરીની બાજુમાં જ પણ કર્મચારી રહેણાકના લગભગ ૩૦૦ જેવા મકાનો બનાવવા માટે ૧૦૦ લાખની જોગવાઇ અને જુદાજુદા આવાસો માટે પણ ૧૯૧૦ લાખ રૂપિયાની જોગવાઇ કરી છે. આ જિલ્લાના લગભગ ૧૨ જેટલા ટ્રાયબલ તાલુકા રહેલા છે. એ જિલ્લાઓની અંદર પણ તાલુકા મથકે સદનના મકાનો બને, અને કર્મચારીઓ માટેના પણ રહેણાકના મકાનો બને એના માટે આ બજેટની અંદર ૧૪૭૭૨ લાખની જોગવાઇ અને કુલ મળીને ૧૮હજાર લાખની જોગવાઇ કરી છે. માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી કરું કે મારા વિસ્તારનો ધ્યાનપુર નવરચિત નવો તાલુકો થયેલો છે એના માટે મને લાગે છે કે વિશ્રામગૃહ માટેની વ્યવસ્થા નથી તો આ બજેટમાં જે જોગવાઇ કરેલી છે તો એના માટે વિશ્રામગૃહની પણ મંજૂરી આપે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું.

રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વિચાર કર્યો છે, જિલ્લા સેવા સદનોના મકાનોના નિર્માણ થયેલા છે એની સાથે જિલ્લા સ્થળે પોતાના સરકારી કર્મચારીઓ આવનાર નાગરિકોને સ્થાનિક એક જ કચેરીમાંથી બધી જ વ્યવસ્થાઓ ઉપલબ્ધ થાય એ રીતનું વ્યવસ્થાતંત્ર પણ ઉભું કરેલું છે અને સેવાસદન અને બહુમાળીના કર્મચારીઓ માટે w o r k e n v i r o n m e n t માટે પણ સારું વ્યવસ્થા તંત્ર મળે છે. રાજયની અંદર પ્રથમવાર g r e e n b u i l d i n g તૈયાર કરવાનો જે વિચાર કર્યો છે એની સાથે ઇન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ દ્વારા L e a d e r s h i p a n d E n e r g y a n d E m p l o y e m t n D e s i g n રેટીંગ અપાય છે, રાજય સરકારે આ બિલ્ડીંગ માટે મહત્તમ ગોલ્ડ રેટીંગ મેળવવાનો પણ પ્રયત્ન કર્યો છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ બિલ્ડીંગોના નિર્માણની સાથે વોક ટુ વર્કનો વિચાર અમલમાં મૂકયો છે એટલે સેવા સદનની નજીકમાં પણ કર્મચારીઓને આવાસના રહેણાકના મકાનોનું કામ હાથ ધરવામાં આવે. જેના માધ્યમથી કર્મચારી ગમે તેટલો વહેલો મોડો થાય પણ એની કચેરીની નજીકમાં રહેણાકનું મકાન હોય તો એ ત્યાં જઇને રહી શકે અને રાજય સરકારનો અભિગમ જે વિકાસનો છે એ વિકાસની યાત્રાની અંદર એનો સમય વધુને વધુ આપી અને ગુજરાતના વિકાસની યાત્રાની અંદર કર્મયોગી તરીકે આ રહેણાકના મકાનની અંદર રહીને કર્મચારી જોડાય એના માટે રાજયના મહેસૂલમંત્રીશ્રી જે માગણી નંબર–૮૫ લઇને આવ્યા છે એમને મારું અનુમોદન આપુ છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી પોતાનું બજેટ લઇને પોતાના ખાતાની માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. ટ્રેઝરી બેન્ચના ઘણાબધા સભ્યોએ વાતો કરી હું સાંભળતો હતો, અહો રૂપમ અહો ધ્વની, અમારું ડિઝાસ્ટર મેનેજમેન્ટ આમ છે, અમે તો આમ કર્યુ પણ આ સભ્યશ્રીઓને હું કહેવા માગુ છું કે અછતનો વિભાગ પણ આ ડિઝાસ્ટર મેનેજમેન્ટના હસ્તક આવે છે. આ વખતે વરસાદ ના થયો, ચોમાસુ વાવેતર થયું નહીં, સરકારે અછત જાહેર કરી, રાહત દરે ઘાસનું વિતરણ અને બીજા કાર્યો થોડા થોડા ચાલુ કર્યા, કયાંક વરસાદ થયો તો અછત પાછી ખેંચી લીધી છે. ગુજરાતના ઇતિહાસમાં પહેલી વખત એવું થયું છે કે સરકારે જાહેર કરેલ અછત પાછી ખેંચી લીધી છે. વાસ્તવિક ધોરણે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત આજે પણ અછતથી પીડાય છે. આજે પીવાનું પાણી નથી, ઘાસચારાની મોટી તકલીફ છે. રોજીરોટી વગર લોકો હેરાન થાય છે અને મારા સામેના મિત્રો ડિઝાસ્ટર મેનેજમેન્ટના વખાણ કરે છે. મને તો નવાઇ લાગે છે કે આ મેનેજમેન્ટની જવાબદારી કોની? આજ સુધી હજી આનાવારી જાહેર કરી નથી. આજે કયાંય ઘાસની વ્યવસ્થા નથી અને પીવાના પાણી માટે તો મિત્રો તમારા ધારાસભ્યો આંદોલન કરી રહ્યા છે, જૂનાગઢ જાવ અને પૂછો, ગોંડલ જાવ અને પૂછો, કોણ આંદોલન કરે છે? કોંગ્રેસવાળા આંદોલન નથી કરતા. આંદોલન કરે છે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો. સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની ભયંકર તકલીફ છે અને મિત્રો એમ કહેતા હતા કે ટેન્કર તો ગયા અમારાં રાજમાં. ૧૫ વર્ષથી આ નર્મદાનું પાણી આવ્યું છે તમે વિતરણ વ્યવસ્થા નથી કરી શક્યા. પરિણામે હજારો ગામડામાં ટેન્કરો ચાલુ કરવા પડ્યાં છે, કોની નિષ્ફળતા છે? કોનું શાસન છે? સાહેબ, સૌરાષ્ટ્રમાંથી ઘાસ વગર પશુપાલકો હિઝરત કરી રહ્યાં છે તો માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી કરું કે, વહેલી તકે અછત જાહેર કરે, આનાવારી જાહેર કરે, પીવાના પાણી માટે, ઘાસ માટે અને રોજી-રોટી માટે તાત્કાલિક પગલા લે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

સાહેબ, અહીંયા બહુ કહેવામાં આવ્યું અમારી સરકારમાં ભ્રષ્ટાચારો નથી. આ મહેસૂલ ખાતાએ ૩ લાખ ૩૦ હજાર હેકટર જમીન ઉદ્યોગોને આપી દીધી. •(xxxxxx) (અંતરાય)

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આ રીતે વાત ના કરી શકાય.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : વાત તો હું કરી શકું. કોઇ કાર્યવાહીની વાત નથી કરો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ, (xxxxxx) એમાં તમે ૧૦૦% સાચા છો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, હું સાચો છું. એ આવેદનપત્ર હતું એમાં ૧૫ મુદ્દા પૈકી ૮ મુદ્દા તો જમીનના (xxxxxx) છે.

અધ્યક્ષશ્રી : એમ નહિ. એ ગમેતે જમીન માટે હોય. એ જ તમારું આવેદનપત્ર શાહ કમિશન પાસે છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, મને મળેલી માહિતી મુજબ (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમને માહિતી નહિ, તો એવું ના બોલો. (અંતરાય) આ તમારા શબ્દો હું પાછા ખેંચી લઉં છું. તમે બધા બેસો. શેના ઊભા થાવ છો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, જે કાંઇ ફેકટ હોય એ જ વિધાનસભાના રેકર્ડ ઉપર આવે. તમને આવી માહિતી છે અને મને આવું લાગે છે એવું વિધાનસભાના રેકર્ડ ઉપર ના આવે. ફેકટ હોય તો તમને કહેવાનો હક અને અધિકાર છે. આ શબ્દો પાછા ખેંચું છું, તમારું આગળ ચલાવો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ થઇ. (અંતરાય )

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : સાહેબ, એમના હાથમાં સમાચાર પત્ર છે.

અધ્યક્ષશ્રી : એ ભાઇ એમાંથી કાંઇ બોલતા નથી. હાથમાં ભલેને ગમે તે રાખે. એમાં કવોટેશન કરે તો છે. આપનું ચલાવો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : શાહ કમિશને તપાસ પણ કરી, કાર્યવાહી પણ કરી. (અંતરાય) પણ હું કાર્યવાહીની ટીકા નથી કરતો. (અંતરાય) હું કહી તો શકું ને.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય)શું છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. જે કોઇ બાબત તપાસને આધિન હોય એની ચર્ચા અહીંયા ના થાય. આ તમામ બાબતો તપાસપંચને આધિન છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

અધ્યક્ષશ્રી : એક મિનિટ.એની વાત સાંભળો એવું હશે તો હું રેકર્ડ ઉપરથી કાઢી નાખું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, •(xxxxxx) અહીંયા ગૃહ સમક્ષ શા માટે રજૂ નથી કરતા?

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એ અધ્યક્ષના પરવ્યુમાં આવે. એનો રિપોર્ટ સરકાર રજૂ કરે તો આપણે હાઉસમાં રજૂ કરીશું. એનો કોઇ સવાલ નથી. તમે શાહ કમિશન વિષેનું જે કહ્યું છે એ કમિશન પાસે હોય કે કોર્ટ પાસે હોય એ બધું સબજ્યુડીસ અને સેમીસબજ્યુડીસ કહેવાય. એટલે એ શબ્દો કાઢી નાખું છું. તમારું બાકીનું ચલાવો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કોઇ ગૌચરની જમીન કોઇપણ હેતુ માટે આપી ના શકાય. સુપ્રીમ કોર્ટનો ચુકાદો હોવા છતાં પણ (અંતરાય)

અધ્યક્ષશ્રી : શું છે? ઇશ્વરભાઇ, એને બોલવા દોને.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, આ ચુકાદો હોવા છતાં, દસક્રોઇ તાલુકાના જગતપુર ગામે, હાથીજણ ગામે, વિંઝોલ ગામે, નાની રેવટી, તાલુકો સાણંદ ગામે, ત્રાગડ તાલુકો સિટી આમ મળી ઘણી બધી જમીનો ગૌચરની બીજા હેતુઓ માટે આપી છે. સાહેબ, એક તો ગુજરાતમાં ગૌચરોની જમીનો ઓછી છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો છે કે, ગૌચરની જમીન કોઇ હેતુ માટે આપી ના શકાય. તો સાહેબ આ કોર્ટ ઓફ કન્ટેમ્ ન કહી શકાય? કારણ કે, આ સુપ્રીમનો ચુકાદો એતો ફાયનલ ગણાય. અને જો સુપ્રીમનો ચુકાદો હોય તો પણ આ રાજય સરકાર ગૌચરની જમીન (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ કહો છો એ ચુકાદો આપ્યા પછી જમીન આપી છે કે પહેલાં આપેલી છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : ચુકાદા પછી આપેલ છે.

અધ્યક્ષશ્રી : ચુકાદા પછી આપેલ છે, એ તો જવાબ દેશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ઇ–ધરાનો જે કાર્યક્રમ છે એમાં બહુ મોટી મોટી ભૂલો આવે છે. ઘણી વખત આખે આખા ખાતાઓ રદ થઇ જાય છે, નામોમાં પણ ફેરફારો થઇ જાય છે, વિસ્તારોમાં પણ ફેરફારો થઇ જાય છે અને એના પરિણામે ખેડૂતોને ઘણી બધી મુશ્કેલીઓ ઉભી થાય છે અને એમાં ઇ–ધરાના કાર્યક્રમોમાં જો થોડીક વ્યવસ્થિત કામગીરી થાય, થયેલી ભૂલો સમયસર સુધારવા માટે સરકાર કામગીરી કરે એવી મારી માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગુજરાતમાં જમીન માપણીનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. એમાં પણ એટલી મોટી ભૂલો છે કે, જેના પરિણામે એક ખેડૂતનું ખેતર બીજા ખેડૂતના નામે ચઢી જાય છે. ઘણી વખત ખેડૂતની પાસે જેટલી માલિકીની જમીન હોય એની અડધી માલિકીની, અડધી જ જમીન એના ખાતે માલિકીમાં દર્શાવવામાં આવે છે. આવા ઘણા બધા ફોલ્ટ છે અને આ ફોલ્ટ અંગે ગામડાના લોકો કલેકટરશ્રી પાસે રજૂઆતો કરે, ( સમયસૂચક ઘંટડી) અમારી પાસે રજૂઆતો કરે, આ બધી અમે રજૂઆતો કર્યા પછી એના ઉકેલ માટે કોઇ કાર્યવાહી થતી નથી. સાહેબ ગંભીરતા આ વાતની એ છે કે, એકવાર જો આ બધી વસ્તુઓ કમ્પ્યુટરમાં ચઢી જશે તો એને સુધારવામાં મોટી તકલીફ પડશે અને ખેડૂતો હેરાન થશે એટલા માટે સાહેબ, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, જમીન માપણી અંગે ઘણી બધી અનિયમિતતાઓ ચાલે છે, ઘણી બધી ક્ષતિઓ પણ છે એ એની તપાસ કરી અને એના માટે જો કાર્યવાહી કરે અને આ ક્ષતિઓ દૂર કરવા માટે પણ માનનીય મંત્રીશ્રી જરૂરી કાર્યવાહી કરે એવી મારી વિનંતી છે.

સાહેબ, એક પાટનગર યોજના વિભાગમાં મારે કહેવું છે કે, સદસ્ય નિવાસ છે એમાં અમારા મોબાઇલો ચાલતા નથી. સાહેબ, પ્રશ્ન જે ખાતાનો હોય એ પણ સદસ્ય નિવાસ છે એ શહેરી વિકાસ ખાતા હસ્તક પાટનગર યોજના ભવન વિભાગ હેઠળ આવે છે અને એટલા માટે આના માટે મેં આપને પણ લેખિત દીધું છે, મોબાઇલ અમારા જીવન જરૂરિયાતની વસ્તુ થઇ ગઇ છે. તમને અને અમને બધાને આની એટલી બધી જરૂરિયાત છે પણ મોબાઇલો ચાલતા નથી અને એના માટે આપના તરફથી જો કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવે તો અમારા ઘણા બધા પ્રશ્નો હલ થાય. સાહેબ, આ મારી માગણી છે એના માટે મેં આપને લેખિત પણ આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય પણ સાહેબ, મારે ઘણી બધી વાતો કરવાની છે પણ સમયના અભાવે હું કહેતો નથી પણ મેં રજૂ કરેલી બાબતો અંગે માનનીય મહેસૂલ મંત્રીશ્રી જરૂરી કાર્યવાહી કરે એવી વિનંતી છે.

શ્રી અજયકુમાર જ. ચોક્સી(સુરત (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર ૮૬ જે અહીંયા રજૂ કરવામાં આવી છે એને હું મારું અનુમોદન આપું છું. આ માગણી સંદર્ભે મૂડી વિભાગમાં ૧,૮૩૭/– કરોડ જેવી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

માતબર રકમની જે માગણી થઇ છે, એ પૈકી ૧,૬૫૩/– કરોડ જેવી માતબર રકમ સ્ટેટ હાઇ–વે માટે ફાળવવામાં આવી છે, ૧૨૦/– કરોડ જેવી માતબર રકમ પુલો માટે ફાળવવામાં આવી છે અને ૩૭/– કરોડ જેવી માતબર રકમ જિલ્લાઓના રસ્તાઓ માટે જે માગણી કરવામાં આવી છે એને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતના રસ્તાઓ કેવા છે એના માટે હવે આખો દેશ અને દુનિયા જાણે છે પરંતુ સમગ્ર ગુજરાતના તમામ ક્ષેત્રોમાં અને તમામ વિસ્તારોને આવરી લેવા માટેનો જે આખો બહુપાંખિયો વ્યૂહ આમાં અપનાવવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે રૂર્બન પ્લાન કે જે, હેઠળ ૨૫૦ થી ઓછી વસ્તી હોય, આદિજાતિ વિસ્તારમાં એના માટે ૫૦૦ કરતાં વધારે પરાઓને જોડવાની જે મંજૂરી આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની જે કાંઇ નીતિ છે એમની નીતિ અંતર્ગત ૨૦૨૦ અને ૨૦૨૧ સુધી આવા આદિજાતિ વિસ્તારને જોડવા માટે આટલો લાંબો સમય રાહ ન જોતાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આવા વિસ્તારોને પણ તાકીદે પ્રાયોરીટીના ધોરણે મંજૂરી આપી છે તેવી જ રીતે દલિત સમાજના ૨૫૦ થી વધુ વસ્તી ધરાવતા વિસ્તારમાં ખાસ અંગભૂત યોજના હેઠળ મોટી સંખ્યામાં રકમ ફાળવી છે. જે ગામડાં ચોમાસા દરમિયાન વરસાદને કારણે ઘેરાઇ જતા હતા એવા મરૂન વિલેજમાં પણ ખૂબ સારી એવી સંખ્યામાં આ ગામોને જોડી દેવામાં આવ્યા છે. કિસાન પથ દ્વારા ગ્રામ્ય પ્રજા અને કિસાનોને પણ જોડવા માટે આની અંદર યોજના મૂકવામાં આવી છે. તાલુકા મથકોએ પણ કિસાન પથ દ્વારા તાલુકામાંથી પસાર થતા સ્ટેટ હાઇવેને પણ મજબૂતીકરણ અને પહોળા રસ્તા બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેવી જ રીતે રાજયના ધોરી માર્ગોને પણ જોડવા માટેનો આમાં વ્યૂહ અપનાવવામાં આવેલો છે. બંદરોના વિકાસ માટે ખૂબ મોટી સંખ્યામાં આની અંદર ફાળવણી કરવામાં આવી છે. ઔદ્યોગિક વિકાસ માટે પણ સર, સેઝ કે ઔદ્યોગિક વિસ્તારના વિકાસ માટે એમને પણ માર્ગોથી જોડવામાં આવ્યા છે. એવી જ રીતે નાણાકીય મર્યાદાઓ આપણને નડે નહીં એના માટે લોકભાગીદારીથી પણ રસ્તાઓનું આયોજન કરવામાં આવ્યું છે. સાગર ખેડૂઓ માટે પણ આની અંદર ખૂબ મોટી રકમનો સમાવેશ કરવામાં આવ્યો છે તે રીતે રાજયનો પ્રથમ એકસપ્રેસ હાઇવે અમદાવાદ–ધોલેરા ૧૧૬ કિલોમીટરનું પણ આમાં આયોજન કરવામાં આવ્યું છે.

સુરત શહેર અને જિલ્લામાં જે ઘણા વખતથી લોકોની લાગણી અને માગણી હતી એવા ઉડનાડ, ઇંડોલી, ખરવાસા અને ભાટીયારોડનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સુરત–હજીરા રોડ પણ સાડા તેર કરોડના ખર્ચે બનાવવાનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઇચ્છાપુર– ઝાંગીરાબાદનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે ૨૪ કરોડના ખર્ચે. સુરત–કડોદરા અને સુરત–કામરેજ છ માર્ગીય બનાવવા માટે વર્ષોથી શહેરના લોકોની લાગણી અને માગણી હતી એનું પણ ૯૬કરોડ રૂપિયાના ખર્ચે છ માર્ગીય રસ્તો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. એવી જ રીતે ઓલપાડ–સાયણ અને કડોર રોડને પણ ૧૮કરોડના ખર્ચે પહોળા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઝાંગીરા–નવી પારડી અને રસ્તા પર રેલ્વે ઓવરબ્રીજ એપ્રોચ સાથે ૪૫કરોડ રૂપિયાનું આની અંદર આયોજન કરવામાં આવેલું છે. સુરત–સચીન અને નવસારીને જે ટવીન સિટી બનાવવા માગીએ છીએ એને માટે ૨૨કરોડની માતબર રકમનું આમાં આયોજન કરવામાં આવ્યું છે. તેવી જ રીતે ઝાંગીરપરા અને ઇચ્છાનાદ આ બે વિસ્તારને જોડવા માટે જે બ્રીજનું ૧૦કરોડના ખર્ચે આયોજન કરવામાં આવ્યું છે એ ખૂબ આવકારદાયક છે.

રાજય સરકાર આટલું બધું કરે છે છતાં કેન્દ્ર સરકાર તરફથી સહકાર મળતો નથી. એના ભાગરૂપે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની વાત કરીએ તો આખા દેશની વાત કરીએ તો બીજા અન્ય રાજય પછી તે આંધ્રપ્રદેશ હોય, છત્તીસગઢ હોય, જમ્મુ કાશ્મીર હોય, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, યુ.પી., મહારાષ્ટ્ર, ઓરિસ્સા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ આવા રાજયોને ત્રણ હજાર કરોડ રૂપિયાથી માંડીને ચૌદ હજાર કરોડ રૂપિયાની માતબર રકમની સહાય કરવામાં આવે છે. જયારે ગુજરાતને ફકત ને ફકત ૧૫૦૧ કરોડની રકમની સહાય કરીને ગુજરાતને અન્યાય કરવામાં આવે છે.

એવી જ રીતે રેલ્વે ઓવરબ્રીજની વાત કરીએ તો રાજયની અંદર બાવન જેટલા આર.ઓ.બી.નું આયોજન કરવામાં આવ્યું છે તે પૈકી ૩૧ આર.ઓ.બી.નું કામ હાથ પર લેવામાં આવ્યું છે પરંતુ કેન્દ્રના રેલ્વે ડિપાર્ટમેન્ટ તરફથી સમયસર મંજૂરી ન મળવાને કારણે બંને બાજુના એપ્રોચ બની ગયા પછી પણ રાહ જોવી પડે છે. અમારા સુરત શહેરની વાત કરીએ તો સચીન પાસે આર.ઓ.બી.ના બંને એપ્રોચ એક વર્ષ કરતા વધુ સમયથી બનીને તૈયાર છે પરંતુ રેલ્વે તરફથી એનો વચ્ચેનો ભાગ જોડવાની મંજૂરી મળતી નથી તેવી જ રીતે આંઝણા–ડીંડોલી મેઇન રોડ અને ડીંડોલી–ઘોડાદા રોડ પર જે આર.ઓ.બી. બની રહ્યાં છે એમાં પણ આ વચ્ચેના ભાગને સમયસર મંજૂરી ન મળવાને કારણે બંને બાજુના એપ્રોચ તૈયાર થયા પછી પણ લોકો એનો ઉપયોગ કરી શકે નહીં અને ટ્રાફિકમાં લોકો ખૂબ હેરાન પરેશાન થાય છે.એવી પરિસ્થિતિ છે. આખા રાજયની અંદર જોવા જઇએ તો જે ૩૧ પૈકી જે જગ્યા ઉપર

આર.ઓ.બી.નાં કામ શરૂ કરવામાં આવ્યાં છે. કલોલ, હિંમતનગર, સાવલી, ઉમરેઠ, દાહોદ, ચાકલિયા અને જામનગરના આર.ઓ.બી. નાં કામ પૂર્ણ થયાં છે. હું માનું છું કે આમાં રેલ્વે ડિપાર્ટમેન્ટ તરફથી ઝડપથી મંજૂર મળે અને વચ્ચેનો એપ્રોચ જોડાય તો લોકોને આનો ખૂબ લાભ મળે તેમ છે.

તેવી રીતે લોકભાગીદારીથી પણ અમદાવાદ, વીરમગામ, માળિયાના ૧૮૦ કિ.મી.ના હાલોલ, ગોધરા, શામળાજીના ૧૭૩ કિ.મી.ના ચાર માર્ગીય કામો પૂર્ણ કરવામાં આવેલાં છે. બગોદરા, વટામણ, તારાપુર અને વાંસદના ૧૦૧ કિ.મી.ના ૬ માર્ગીય કામ પ્રગતિ હેઠળ છે. ભૂજ, ભચાઉના ૭૭ કિ.મી.ના ચાર માર્ગીય ૧૦ મિટર પહોળા જે કામ પ્રગતિ હેઠળ છે. તેવી રીતે અમદાવાદ ધોલેરાના ૧૧૬ કિ.મી.ના જે પ્રથમ એક્ષપ્રેસ હાઇવે રાજ્ય સરકાર બનાવવા જઇ રહી છે, તેના ભાગરૂપે ૧૦૭૦ કરોડનાં ૩૫ કિ.મી.નાં કામ ૨૦૧૩–૧૪ ના વર્ષમાં આયોજન કરવામાં આવેલ છે. આમ સમગ્ર ગુજરાતની અંદર દરેક ક્ષેત્રની અંદર દરેક સમાજને જોડતા જે માર્ગ અને પુલોનાં કામ થયાં છે, મને લાગે છે કે આ વર્ષના બજેટમાં ખૂબ આવકારદાયક રકમની જોગવાઇ કરવામાં આવેલ છે. આ તબક્કે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણી ઉપર માનનીય ૧૭ જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. એમાં સી.કે. રાઉલજી, આત્મારામભાઇ, બળદેવભાઇ, છત્રસિંહજી, રાજેન્દ્રસિંહ, અશોકભાઇ, શંભુજીભાઇ, પીયૂષભાઇ,જશાભાઇ, જનકભાઇ, ઋષિભાઇ, મહેન્દ્રસિંહ, અરવિંદભાઇ, શ્રી ડામોર, બચુભાઇ, અજયભાઇ અને રાઘવજીભાઇ.

ચર્ચાની શરૂઆતમાં જ કોમેન્ટ કરવામાં આવી કે એક જ મંત્રીને આટલા બધા ડિપાર્ટમેન્ટ. ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં કોઇ મહિલાને મંત્રી બનાવી હોય તો કયું ખાતું આપવાનું તો સમાજ કલ્યાણ. માત્રને માત્ર સમાજ કલ્યાણ ખાતું અપાતું હતું. આ ભારતીય જનતા પાર્ટીએ મહિલાનું ગૌરવ કરીને શહેરી વિકાસ મંત્રી બનાવ્યા છે. મહેસૂલ મંત્રી બનાવ્યા છે માર્ગ મકાન મંત્રી બનાવ્યા છે. અને અમારા શિક્ષણ મંત્રી વસુબહેન પણ છે. તમે ભૂતકાળમાં ન બનાવ્યા, એટલા માટે કહો છો કે મહિલાને આટલા બધા ડિપાર્ટમેન્ટ આપી દીધા છે. તમને શેનું •(xxxxxx) મહિલાઓ આટલું સુંદર કામ કરી રહી છે, ત્યારે ૧૨ જેટલી બહેનો ધારાસભ્ય તરીકે આ પાર્ટીમાં બેઠી છે. તમારી માત્ર ૩ જ છે. જુઓ. લોકસભાની અંદર અમારી ૩ બહેનો બેઠી છે. ૩ મહિલાઓ લોકસભામાં ચૂંટાઇને ગઇ છે. અમને ગૌરવ છે. તમને ન હોય તો મને ખબર નથી. એ જ રીતે સમગ્ર રાજ્યની અંદર તમામ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયત, નગરપાલિકાઓ અને મહાનગરોની અંદર મેયર તરીકે ભારતીય જનતા પાર્ટીની બહેનો બિરાજમાન છે. જિલ્લા પંચાયતનું શાસન ચલાવી રહી છે. તાલુકા પંચાયતનું શાસન ચલાવી રહી છે. નગરપાલિકામાં બહેનો પ્રમુખ તરીકેની જવાબદારી નીભાવી રહી છે. એના કરતા પણ મારે આગળ કહેવું છે. આ એ પાર્ટી છે જે પાર્ટી રિઝર્વ સીટ ઉપર તો મહિલાઓને મૂકે જ, પરંતુ રિઝર્વ ન હોય તેવી સીટો ઉપર પણ કારોબારી અધ્યક્ષ તરીકે કે ઉપાધ્યક્ષ તરીકે મહિલાઓને નિયુક્તિ કરીને મહિલાઓની શક્તિને ગુજરાતના વિકાસ માટે ઉપયોગમાં લીધી છે.

હૈયે હોય એટલે હોઠે આવે. રાઉલજી, તમારા સમયમાં જોબ નંબર અપાતા હતા, ત્યારે એની અંદર ૧૬ શરતો લખાતી હતી. એમાં એક શરત એવી લખતા હતા કે નાણાકીય ઉપલબ્ધતાની શરત હશે તો આ જોબનંબર હશે અને જોબ નંબર માત્ર ને માત્ર કાગળ ઉપર રહેતો હતો. આ રાજય સરકાર જોબનંબર આપે છે. એ જ વર્ષમાં કામ શરૂ થાય છે અને એ જ વર્ષમાં કામ પૂર્ણ પણ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ સુપરવાઇઝરની વાત કરતા હતા, મને તો આજે ખબર પડી કે આપ સુપરવાઇઝર હતા. આ તમારા સમયમાં વીસથી પચ્ચીસ વર્ષ પહેલાં સુપરવાઇઝરની નિમણૂક કરી હતી. તે પંચાયતના કર્મચારીઓ છે અને આજે પણ એ જ કામ કરી રહ્યા છે. તો તમે કેવા લીધા? આવા લીધા કે જેમના ઉપર તમે આક્ષેપો કરો છો. બરાબર કામ નથી કરતા, ભ્રષ્ટાચાર કરે છે. આ રાજય સરકારે તાજેતરમાં જે ભરતી કરી છે તે તદ્દન પારદર્શક રીતે કરી છે. એકપણ રૂપિયો લેવાયો નથી એટલું જ નહીં ૧૯૯૮થી જયારથી આ સરકાર બની છે ત્યારથી જેટલી પણ સરકારી જાહેરાતોમાં નોકરી આપવામાં આવી છે તેની અંદર કયાંય ભ્રષ્ટાચારની બૂ નથી આવી તેવું આ રાજય સરકારે કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા રસ્તા અને પુલોના બાંધકામ થાય છે. એમનું કહેવું એમ છે કે ઈજારદારનો કન્સેસન પિરીયડ પૂરો થાય તો પણ ટોલ ટેક્સ લેવાય છે. મારે આપને પૂછવું છે કે તમારી કેન્દ્ર શું કરે છે ખબર છે? કેન્દ્ર સરકાર ટોલ ટેક્સ લે છે. એકલી રાજય સરકાર નથી લેતી. રાજય સરકાર ટોલ ટેક્સ લે છે, તેનો પિરીયડ પૂરો થાય એટલે ટોલ લેવાનું બંધ કરી દે છે. કેન્દ્ર સરકાર તો ટોલ ટેક્સનો સમય પૂરો થઇ જાય તો પણ ટોલ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ટેક્સ ચાલુ જ હોય છે. નેશનલ હાઇવે કયા અને સ્ટેટ હાઇવે કયા તે પણ જો આપણને ખબર ના હોય તો મારે શું કરવાનું ભાઇ? જવાબ કઇ રીતે તમને આપું. અમદાવાદ–ઇન્દોર ભારત સરકારનો છે. વડોદરા–મુંબઇ ભારત સરકારનો છે. અમદાવાદ–રાજકોટ એ ભારત સરકારનો નેશનલ હાઇવે કહેવાય પરંતુ બાંધ્યો ગુજરાત સરકારે. પછી બોલજો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શું છે? એક મિનિટ. એક મિનિટ બેન.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે, આ એમને ખબર ન હોય, એનો મતલબ કે અમદાવાદ ઇન્દોર એનો કહેવા પાછળનો આશય એ હતો..

અધ્યક્ષશ્રી : બરાબર છે. આપે કહ્યું હતું.

શ્રી સી. કે. રાઉલજી : ટોલ ટેક્સ મતલબ કે ભવિષ્યમાં ઉઘરાવશે. તે નેશનલ હાઇવે છે તે હું જાણું છું. તે નેશનલ હાઇવે નં.૫૯ છે તે હું જાણું છું. સ્ટેટ હાઇવે કહેવાય છે અને નેશનલ હાઇવે કહેવાય છે તેની અમને ખબર છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આપ બેસો. હું સ્પષ્ટતા કરું. હવે આમાં ચર્ચા ન હોય કોઇ. તમારા જ સભ્ય બોલ્યા હતા. રાજકોટ માટે. અહીં ૪૫ રૂપિયા અને આટલા અંતરના પણ ૪૫ રૂપિયા. બધા એમ કહે છે કે તે નેશનલ હાઇવે છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : અમદાવાદ રાજકોટ એ નેશનલ હાઇવે છે, ભારત સરકારે મંજૂર કરેલો છે પણ ગુજરાત સરકારના બજેટમાંથી એ રોડ બનેલો છે માટે ગુજરાત સરકાર ટોલ ટેક્સ લે છે.

શ્રી સી. કે. રાઉલજી : બધે કરી દો ને?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : નથી કરવું.

અધ્યક્ષશ્રી : કરશે, કરશે. આખા હિન્દુસ્તાનમાં કરી દો તેમાં તમને કંઇ વાંધો છે. કરશો ને તમે? તો પછી ચાલુ રાખો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યોને ટોલ ટેક્સ ભરવો પડે છે તેવી તેમની રજૂઆત હતી. બે રસ્તા સિવાય કોઇ જગ્યાએ...

અધ્યક્ષશ્રી : પૂર્વ ધારાસભ્ય એમ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન ધારાસભ્યોને કોઇપણ પ્રકારનો ટોલ ટેક્સ ભરવો નથી પડતો. વિઠ્ઠલભાઇ રાદડીયાની એમણે વાત કરી. કરજણ ટોલ પ્લાઝા પાસે જે બનાવ બન્યો તો તેમાં જે રોડ છે તે ભારત સરકાર નિર્મિત રાષ્ટ્રીય ધોરી માર્ગ છે. તેની અંદર આ પ્રકારની પરિસ્થિતિ પેદા થઇ તેમાં રાજય સરકાર કયાં આવે છે? બીજી વાત થઇ કે અમારા રસ્તાઓ મંજૂર નથી થતા. આ ચૂંટાયેલા ધારાસભ્યોમાં ગઇ વખતની ટર્મમાં જેટલા પણ ધારાસભ્યો કોંગ્રેસના હતા તેમાંથી એકપણ ધારાસભ્ય મારી ઓફીસમાં આવીને કાગળ આપી ગયા હોય તો કહે કે અમે કાગળીયું આપી ગયા હતા. આપણે તો આવવાનું નહીં, માગણી કરવાની નહીં અને પછી અહીં આવીને આક્ષેપો કરવાના. તેમ છતાં રાજય સરકારે કોઇપણ ધારાસભ્યને અન્યાય નથી કર્યો. સી.કે.રાઉલજી તમારા વિસ્તારની અંદર છેલ્લા પાંચ વર્ષની અંદર ૧૦૫ કરોડ રૂપિયાના રોડના કામ કર્યા છે.

હમણાં રાઘવજીભાઇએ છેલ્લી વાત કરી. શાહ કમિશનનો અહેવાલ. રાજયપાલશ્રી પાસે પેન્ડીંગ છે એટલે આપણે હવે કયાં હિસાબ માંગવો પડે. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી લોકહિત માટે જમીન ન આપી શકાય પરંતુ પબ્લીક યુઝ માટે જમીન આપી શકાય છે, તે આપણને ખબર હોવી જોઇએ. એટલા માટે પાણી માટે, શાળા માટે, કયાંક રસ્તો બનાવવાનો હોય તો તેના માટે આવા બધા કામો માટે જયાં પબ્લીક યુઝ હોય ત્યાં આપણે કરી શકીએ છીએ. અને આ રાજય સરકાર ગૌચરની જમીન આપે છે. માનનીય બળદેવજીભાઇએ કહ્યું કે, તા.૧–૧૧–૨૦૦૬ના આઇટી નીતિ અંતર્ગત સત્યમ કોમ્પ્યુટર્સને ૧૧૦૦ રૂપિયાના ભાવે તા.૩૧–૧૨–૨૦૦૭ના ઠરાવથી આપેલી જે જમીન સત્યમ કોમ્પ્યુટર્સ, તા.૩૧–૮–૨૦૦૯ના પત્ર અન્વયે તા. ૨૭–૪–૨૦૧૦ના ઠરાવથી જમીન સરકારે પરત મેળવી છે અને નાણાં પરત આપી દીધાં છે, એટલે આપ ભવિષ્યમાં આવા પ્રશ્ન ઉભા ન કરતા, અને જમીનનો કબજો પણ લેવાઇ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, '' **સર્વ જન સુખાય અને સર્વ જન હિતાય**''ની કલ્યાણની ભાવનાથી આ રાજય સરકારનું માર્ગ અને મકાન વિભાગ કામ કરે છે. આ વર્ષનું ૨૦૧૩–૧૪નું માર્ગ અને મકાનનું બજેટ ૪૪૩૯.૨૦ કરોડ રૂપિયાનું છે. ૧૯૮૧ થી ૨૦૦૧, એ વીસ વર્ષ દરમિયાન રાજયનું માર્ગ અને મકાન વિભાગનું કુલ બજેટ ૨૨૯૨.૩૬ કરોડ રૂપિયાનું હતું. ૨૦૦૧ થી ૨૦૧૩ દરમિયાનનું કુલ બજેટ ૨૧૦૦૦ કરોડ રૂપિયાનું છે મતલબ કે પાંચ ગણુ માર્ગ અને મકાનનું બજેટ થયું. છેલ્લા દસ વર્ષમાં ૪૭૮૨ કિલોમીટરના નવા રસ્તાઓ ઉમેરવામાં આવ્યા છે. ૧૦૬૬૫

લેન કિલોમીટર વધ્યા છે. છેલ્લા દસ વર્ષમાં એક માર્ગીય રસ્તામાંથી દ્વીમાર્ગીય, ત્રીમાર્ગીય, ચારમાર્ગીય અને ચારમાર્ગીયમાંથી છ માર્ગીય રસ્તાઓ બનાવવાની ઝૂંબેશ આ રાજય સરકારે શરૂ કરી છે. ૨૦૧૩-૧૪માં વિભાગે કરેલી જે કામગીરી છે એમાં ખાસ કરીને ૧૧૬ કિલોમીટર લંબાઇનો અમદાવાદ - ધોલેરા રાજયનો સૌ પ્રથમ એકસપ્રેસ વે બનાવવા આ રાજય સરકાર જઇ રહી છે અને એના માટે ૨૭૦૦ કરોડ રૂપિયાની અંદાજિત રકમ મૂકવામાં આવી છે અને એ ૩૬ કિલોમીટરની લંબાઇ માટે ૧૦૭૦ કરોડ રૂપિયાનું ટેન્ડર પણ માગી લેવામાં આવ્યું છે અને એ પ્રમાણેના કામનો આરંભ થયો છે અને સૌથી પહેલો આ એક્સપ્રેસ વે રાજય સરકારનો બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાર માર્ગીય રસ્તાઓ અમે જે બનાવ્યા, એમાં રાજકોટ- જામનગર- વાડીનાર રોડ ૧૩૧ કિલોમીટરની લંબાઇ અને ૧૨૧૭ કરોડ રૂપિયા વાપર્યા. હાલોલ-ગોધરા-શામળાજી રોડ ૧૭૩ કિલોમીટર લંબાઇ ૧૪૨૨ કરોડ રૂપિયા, અમદાવાદ -વીરમગામ-માળિયા રોડ ૧૮૦ કિલોમીટર લંબાઇ અને ૧૬૬૮ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો. બગોદરા-વટામણ-તારાપુર -વાસદ છ માર્ગીય રોડનું કામ ચાલુ છે, ભરૂચ-દહેજ છ માર્ગીય રોડ બનાવવાનું કામ આપણું ચાલુ છે.

અગાઉ ૨૦૦૧ પહેલાં આપણા રાજયની અંદર છ માર્ગીય રસ્તાઓ માત્ર ૧૪ કિલોમીટરના હતા જયારે ૨૦૧૨ સુધીમાં ત્રણ ગણાનો એમાં વધારો કર્યો અને ૧૪ કિલોમીટરમાંથી ૪૨ કિલોમીટરના છ માર્ગીય રસ્તાઓ આપણે બનાવ્યા. ચાર માર્ગીય રસ્તાઓ અગાઉ એટલે કે કોંગ્રેસના શાસનમાં ૨૦૦૧ પહેલાં ૩૮૦ કિલોમીટર હતા એની અંદર વધારો કરી ૧૩૪૨ કિલોમીટરનો સાડાત્રણ ગણો વધારો કર્યો. દસ મિટર પહોળા રસ્તાઓ અગાઉ ૧૩૨ કિલોમીટર હતા જેની અંદર ૧૮ ગણો વધારો કરી ૨૪૧૩ કિલોમીટરના બનાવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સાડા સાત મીટર અને સાડા પાંચ મીટર જે અગાઉ ૧૦૮૫૬ કિલોમીટર જેટલા હતા એની અંદર ૪૫ ટકાનો વધારો કરી ૧૫૮૨૫ કિલોમીટરનો જંગી વધારો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમય પૂરો થાય એ પહેલાં કેટલાક જે નવા કામો છે, કારણ કે ધારાસભ્યશ્રીને પણ એમ લાગે કે, આ વખતના બજેટમાં મોટી મોટી રકમો કયા કયા કામો પાછળ વપરાઇ રહી છે એ મારે કહેવું છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા નદી ઉપર અમે પુલ બનાવીશું એમ કરીને પહેલી મેના દિવસે આવીને ખાતમુહૂર્ત તો કરી ગયા પરંતુ હજુ સુધી એક વર્ષ પૂરું થવા આવ્યું ત્યાં સુધી તો કોઇ કામ શરૂ કર્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા નદી ઉપર ભરૂચ ગોલ્ડન બ્રીઝ પાસે, તમે તો નથી કરતા પણ અમારે કરવો પડે છે. ગોલ્ડન બ્રીજ પાસે વધારાનો પુલ આશરે ૩૫૦ કરોડના ખર્ચે એ માટે ચાલુ નાણાકીય વર્ષમાં સરવે, ઇન્વેસ્ટીગેશન અને માટીની ચકાસણી માટે નદીમાં બોર વગેરે કામગીરી શરૂ કરી દીધી છે. રાજકોટ-ભાવનગર ચાર માર્ગીય રસ્તાનું નિર્માણ અંદાજીત રકમ ૨૮૦ કરોડ, સાણંદ બાયપાસનું નિર્માણ અંદાજીત રકમ ૧૧૦ કરોડ, રાજકોટ બાયપાસ ૧૩૦ કરોડ રૂપિયા, પોરબંદર જિલ્લાના કુતિયાણા અને રાણાવાવ તાલુકાના ૧૫ જેટલા ગામોની સુવિધા માટે ભાદર નદી ઉપર ૧૧ કરોડના ખર્ચે પુલ બાંધવાનું આયોજન, હિંમતનગર જિલ્લાના રખિયાલ સરઢોઇ માર્ગ ઉપર સાત જેટલા ગામોના લાભ માટે ૧૩ કરોડની અંદાજીત રકમથી પુલનું આયોજન, ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના લોકો માટે અંદાજીત ૫૦ કી.મી.નું અંતર ઓછું કરવા ખાડી પર રૂપિયા ૭૦ કરોડના ખર્ચે પુલનું આયોજન અને ૧૯૮ ગામોને એનો લાભ મળશે.

અંદાજીત ૩૬૦૦ કરોડ રૂપિયાની વિશ્વબેન્ક સહાયીક યોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં અન્ય ઉપરાંત નીચેના રસ્તાઓ લેવામાં આવ્યા છે. મહેસાણા-હિંમતનગર ચાર માર્ગીય ૩૧૮ કરોડ, ઉમરેઠ-વાસદ ૧૦૨ કરોડ, ડભોઇ-બોડેલી ૧૧૫ કરોડ, ગોંડલ-આટકોટ ૯૮ કરોડ, કરજણ-બોરસદ ૬૧ કરોડ, બાયડ-લુણાવાડા-સંતરામપુર ૨૧૬ કરોડ, રાજય અને પંચાયત હેઠળના રસ્તાઓ માટે સંપાદિત કરવામાં આવતી વન વિભાગની જમીનના વળતરની વનીકરણની સમયે માગી લેતી પ્રક્રીયા સરળ બનાવી વન વિભાગને નાણાં ચૂકવવા માટે લેન્ડ બેન્કની ૨૮ કરોડની પણ જોગવાઇ કરી દેવામાં આવી છે. પાટનગર યોજનામાં ૨૦૧૩-૧૪ માટેની જોગવાઇ રૂપિયા ૨૧૮.૭૦ કરોડ એમાં કોબા-ગાંધીનગર એક્સપ્રેસ વે થશે ૭૫ કરોડના ખર્ચે, ગીફ્ટ સીટીને જોડતો નવો પુલ રૂપિયા ૯૦.૮૨ કરોડના ખર્ચે થશે અને પંચામૃત ભવનનું કામ રૂપિયા ૧૦૩ કરોડથી આયોજીત કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ મીટર પહોળા રસ્તાઓ એમાં જે જોગવાઇ કરવામાં આવી છે એમાં મહેસાણા-વિહાર ચોકડી ૨૬ કરોડ, વ્યારા-માંડવી-ભરૂચ જિલ્લા હદ પૂર્વ રાજય ધોરી માર્ગ-૫ પર ૭૦ કરોડ, અંકલેશ્વર-રાજપીપળા ૪૪ કરોડ, ઘોઘા-ટણશા ૩૪ કરોડ, રાજકોટ-ભાવનગર રસ્તાની વાત તમને કરી દીધી છે. એ જ રીતે વલ્લભીપુર-ઉમરાળા-રંઘોળા રોડ ૪૧ કરોડ, શિહોરી-પાટણ રોડ ૪૩.૧૦ કરોડ અને સુરત જિલ્લાની હદથી નેત્રંગ ૨૮ કરોડ રૂપિયાના કામો અત્યારે હાલ ચાલુ છે. સાણંદ નળ સરોવર રોડ ૪૯ કરોડ પ્રગતિમાં છે, વિરમગામ-બેચરાજી રોડ ૨૨.૫૦ કરોડ પ્રગતિમાં છે, પ્રાંતિજ-હરસોલ-ધનસુરા રોડ ૩૩ કરોડ પ્રગતિમાં છે, દાંતા-પાલનપુર

રોડ ૩૭ કરોડ પ્રગતિમાં છે, આમોદ–રોજા–ટંકારીયા રોડ ૭૬ કરોડ પ્રગતિમાં છે, આદીપુર–ભદ્રેશ્વર–વડાલા રોડ ૪૦ કરોડ પ્રગતિમાં છે, રાજકોટ–ભાવનગર–અમરેલી જિલ્લાની હદ સુધી ૮૨ કરોડ પ્રગતિમાં છે અને પાલિતાણા–તળાજા રોડ ૩૬ કરોડ અને એ પણ પ્રગતિમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, હવે ૨૦૧૩–૧૪ના બજેટમાં ૧૩૦૧ કી.મી.ની લંબાઇના રસ્તાઓ કે જેમાં ૯૮૩ કરોડની રકમ અમે વાપરવાના છીએ એની અંદર જે નવા રોડ જે અમે લીધા છે ખાસ કરીને ૨૦૧૩–૧૪ના બજેટમાં એમાં ખેડબ્રહ્મા–લક્ષ્મીપુરા–આંતરસુબા રોડ ૨૮ કરોડ, ભચાઉ–રામવાવ–રાપર રોડ ૩૮ કરોડ, આહવા–સાપુતારા રોડ ૧૪ કરોડ, માંગલેજ–નારેશ્વર રોડ ૧૬ કરોડ, સરધાર–કુવાડવા રોડ ૨૯ કરોડ, નવસારી–કસ્બા–છીણમ–મીરજાપુર–દેલવાડા રોડ ૨૫ કરોડ

માનનીય અધ્યક્ષશ્રી, આર.ઓ.બી.આમ તો ૫૦ ટકા કેન્દ્ર સરકાર આપે અને ૫૦ ટકા રાજય સરકાર આપે. ૫૬ આર.ઓ.બી.નું કામ આપણે હાથ પર લીધું ૧૪૨૧ કરોડની રકમથી આ કામ અત્યારે હાલ અત્યારે આપણે કરી રહ્યા છીએ. હાલોલ–ગોધરા–શામળાજી રસ્તા પર બે આર.ઓ.બી. પચાસ કરોડ, ઉંઝા ખાતે આર.ઓ.બી. ની કામગીરી ૧૨ કરોડ, રાજકોટ–જામનગર–વાડીનાર પર ૪ આર.ઓ.બી. ૧૦૦ કરોડ અને અમદાવાદ–વિરમગામ–માળીયા રસ્તા પર ૩ આર.ઓ.બી. અને એના ૭૫ કરોડ રૂપિયા, ૨૦૧૩–૧૪ દરમિયાન ૧૬ આર.ઓ.બી.નું કામ ૪૪૩ કરોડ રૂપિયાના ખર્ચે આપણે લીધું છે એમાં પોરબંદર રાજ્ય ધોરી માર્ગ ખાતે ફ્લાયઓવર માટે ૫૦ કરોડ, ઓલપાડ–સાયન–કઠોર રોડ ૩૪ કરોડ, નડિયાદ–પેટલાદ રોડ ૪૧ કરોડ, મહેસાણા–પાલનપુર રોડ બે આર.ઓ.બી. સાથે ૬૩ કરોડ બીજા નવ આર.ઓ.બી. શરૂ કરવા આપણે જઇ રહ્યા છીએ. એમાં ૨૭૦ કરોડ રૂપિયાની રકમ આપણે વાપરીશું. એમાં બગોદરા–તારાપુર–વાસદ રસ્તા પર ચાર આર.ઓ.બી. છે જે ૧૬૦ કરોડના ખર્ચથી થશે, ભુજ–ભચાઉ રસ્તા પર બે આર.ઓ.બી. છે, ૩૬ કરોડના ખર્ચથી થશે અને મહેસાણા બાયપાસ મેં અગાઉ કહ્યું તેમ ૪૮ કરોડ રૂપિયા એમાં બે આર.ઓ.બી.નું કામ આપણે હાથ ધર્યું છે, ૨૦૧૩–૧૪માં ૩૭૮ કરોડ રૂપિયાની રકમથી ૫૫ પુલો પ્રગતિ હેઠળ રહેશે. એમાંના કેટલાક પૂર્ણ થવાના આરે છે તો કેટલાક આવતા બે મહિનાની અંદર પૂર્ણ થશે. એમાં ગલતેશ્વર ટીમ્બા રસ્તા પર ટીમ્બા ગામ પાસે તાપી નદી પર પુલ ૩૨ કરોડ, કોસ્ટલ હાઇવે પર નારગોલ ખાડી પર પુલ ૨૨ કરોડ, મહુવા–અનાવલ રસ્તા પર પૂર્ણા નદી પરનો પુલ ૨૧ કરોડ અને ડભોઇ–કરજણ રસ્તા પર ઓરસંગ નદી પર પુલ ૧૯ કરોડ રૂપિયા.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા મથકે વિકાસ પથની યોજના અમલમાં મૂકી અને એના મોટાભાગના કામો આપણે પૂર્ણ કર્યા છે. કિસાનપથની યોજના ૧૦૩૦૮ કિલોમીટરની લંબાઇ એ પણ આપણે પૂર્ણ કરી છે અને થોડા ઘણા જે બાકી રહ્યા છે એના માટે ૩૪૬ કરોડની રકમની જોગવાઇ આપણે કરી છે. વધારે સમય ન લેતાં એની વાત હું નથી કરતી.

વન વિસ્તારમાં પણ માર્ગ પરિવહન માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દાહોદ–સાગબારા–વિજયનગર અને ડાંગ જેવા તાલુકામાં ૫૨૦ કિલોમીટરના ૧૩૮ રસ્તાની કામગીરી ૧૬૦ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરી છે અને એ પૈકી ૧૪૧ કિલોમીટરની કામગીરી પૂર્ણ કરી દીધી છે, બાકીની કામગીરી ૨૦૧૩–૧૪માં પૂર્ણ કરવામાં આવશે. વન વિભાગ અને વનવાસી ક્ષેત્રની અંદર વસતા જે કોઇ ભાઇ બહેનો છે એમને પણ સારા અને મજબૂત રસ્તાઓ આપવા માટે આ રાજ્ય સરકારે આ પ્રયાસ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મરૂન વિલેજ, ચોમાસામાં ગામડાઓ બેટ બની જતા હતા અને વર્ષોથી બનતા હતા, પરંતુ આ રાજ્ય સરકારે એવા ૧૬૪ ગામો શોધી કાઢ્યા અને એમના ૧૨૬ રસ્તાઓની કામગીરી માટે ૨૭૬ કરોડ રૂપિયાની રકમના કામો મંજૂર કર્યા. આ બધા જ કામો પૂર્ણ થઇ ગયા છે, માત્ર છ રસ્તાઓની કામગીરી અત્યારે હાલ ચાલુ છે, ૩૦ કરોડ રૂપિયાના ખર્ચે એ થશે. થોડાંક સમયની અંદર આ કામો પૂર્ણ કરી દેવામાં આવશે. પહેલાં પંદર વર્ષ થાય કે વીસ વર્ષ થાય ત્યાં સુધી રોડ રિસરફેસ નહોતા થતાં ધીરે ધીરે કરીને આપણે સાત વર્ષ ઉપર આ રોડ લઇ આવ્યા છીએ એ સાત વર્ષ સુધીના રોડનું રિસરફેસ કરવાનું કામ પૂરૂં કર્યું છે. હવે સાત વર્ષથી જેટલા સમયના બાકી છે બધા જ રોડ ધીરે ધીરે કરીને આ કામગીરીની અંદર લેવાના છીએ. એના માટે ૨૦૧૩–૧૪માં ૪૩૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. એટલે સાત વર્ષ, છ વર્ષ, પાંચ વર્ષ એવા રિ–સરફેસના કામો આપણે આની અંદરથી લઇશું. ૨૫૦થી ઓછી વસતિવાળા અને ૫૦૦થી ઓછી વસતિ ધરાવતા ગામપરાંને જોડવા. પ્રધાનમંત્રી સડક યોજનામાં આ કામો થતાં હતાં પરંતુ કેન્દ્ર સરકાર અને ભારત સરકારે કહી દીધું કે અમે તો ૨૦૨૦ પછી પણ આ કામ કરી શકીશું કે કેમ એ પ્રશ્ન છે અને એટલા માટે હાલ પ્રધાનમંત્રી સડક યોજનામાં અમે કોઇપણ નાણાં આપવા માગતા નથી. એટલા માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું કે ૨૫૦થી ઓછી વસતિ ધરાવતા ટ્રાયબલ વિસ્તારના હોય, પેટા પરાં હોય તો એમને પણ પાકા રસ્તાથી જોડવા જોઇએ અને એટલા માટે રાજ્ય સરકારે ૨૫૦થી ઓછી વસતિ

ધરાવતાં અને ૫૦૦ ગામો અને પરાં સાથે જોડતા ૭૯૫ કિલોમીટરની લંબાઇના ૫૦૪ રસ્તાઓ ૨૩૨ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર કર્યા છે અને એમાંથી ૨૮૮ ગામો, પરાને જોડવામાં આવ્યા છે અને કામ પૂર્ણ થઇ ગયુ છે અને ૨૧૬ ગામોની કામગીરી પ્રગતિમાં છે. જયારે ૫૦૦થી ઓછી વસતિ ધરાવતા તમામ ગામો માટેનું આયોજન આ રાજય સરકારે કર્યુ છે. જેમાં ૬૨૪ ગામો, પરાને જોડતાં ૧૧૧૩ કિલોમીટર લંબાઇના ૩૨૭ ગામો મંજૂર કરી દેવામાં આવ્યા છે. તે પૈકી ૨૨૦ ગામોની કામગીરી અમે પૂર્ણ કરી દીધી છે અને ૪૨૪ ગામપરાની જોડાણની કામગીરી ચાલુ છે. જે આ ચાલુ ૨૦૧૩–૧૪ની અંદર એ કામ પૂર્ણ કરી દેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સાગર ખેડૂ યોજના પણ અમલમાં મૂકી છે અને તે યોજનામાં ૨૫૩૯ કરોડના કામો પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. અત્યારે જે અધૂરા કામો હશે અથવા નવા કરવાના હશે તેનું અમે ૨૦૧૩–૧૪ની અંદર જોડાણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે પી.પી.ધોરણે પણ આવા રસ્તાઓ બનાવીએ છીએ. અને તેના માટે આપણે ચાર રસ્તાઓ હાલ હાથમાં લીધા છે. તેમાં બગોદરા, વટામણ, તારાપુર, વાસદનું છ માર્ગીયકરણ, ભૂજ–ભચાઉ ચાર માર્ગીય આયોજન હેઠળના કામો, ચીરાઇ–અંજાર ચાર માર્ગ અને સુરત ઓલપાડ ચાર માર્ગીયકરણ. એ જ રીતે એન.ઇ.ટી.પ્રોજેકટ હેઠળ ૩૩૯ કિલોમીટર લંબાઇના રાજ ધોરી માર્ગોને paver solder સાથે ૧૦ મીટર પહોળાઇના દ્વિમાર્ગીય રસ્તાને બનાવવાની ૭૪૬ કરોડની કામગીરી હાથ ધરાય છે અને ૨૦૧૩–૧૪માં કામ પૂર્ણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ બેંકે આપણને રોડ બનાવવા માટે સહાય કરી હતી. અને એટલા સરસ રોડ બન્યા કે જેથી કરીને વિશ્વ બેંકના તજજ્ઞોએ Institutional strengthening and good Governance in Highway Sector – Learning from Gujarat . ના એક પુસ્તકની અંદર આ બધાની જોગવાઇ કરી છે અને તેનો અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો. અને અન્ય રાજયોને પણ કહેવામાં આવ્યું કે રોડ કેવી રીતે બનાવવા તે ગુજરાતમાંથી શીખો. •(xxxxxx) આપણે બગોદરા, બામણબોર, રાજકોટ રસ્તો બી.ઓ.ટી.ધોરણે છ માર્ગીય માટેની દરખાસ્ત ૧૩–૪–૨૦૧૦ના રોજ કેન્દ્રમાં મોકલી છે હજુ સુધી તેનો કોઇ ઉત્તર મળ્યો નથી. ભાવનગર, ત્રાપજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ–૮–ઇ ને બી.ઓ.ટી.ધોરણે ચાર માર્ગીયકરણની દરખાસ્ત ૪–૩–૨૦૧૦એ મોકલી છે તેનો પણ કોઇ જવાબ નથી. અમદાવાદ દાંડી રસ્તાને હેરિટેજ રૂટ તરીકે વિકસાવવા માટે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ દાંડી આવીને કહી ગયા હતા ૬–૪–૨૦૦૫ના રોજ કે અમે દાંડી હેરિટેજ રૂટ બનાવીશું. પરંતુ ૯–૪–૨૦૦૮ કામગીરી સોંપવામાં આવી જ નથી અને આજસુધીમાં પણ તેમની દરખાસ્તો મંજૂર નથી થઇ. મુંબઇ, વડોદરા એકસપ્રેસ હાઇવેના કામો વર્ષ ૨૦૦૬માં જાહેર કરવામાં આવેલ. હજુ સુધી કોઇ કામગીરી શરૂ થઇ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રીએ એવું કહ્યું કે, (xxxxxx) આવા શબ્દો આ ગૃહમાં ન બોલી શકાય માટે તેને રદ કરવા મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ જો તેઓ બોલ્યા હોય તો રેકર્ડ તપાસીને તે કાઢી નાંખીશુ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : કેન્દ્ર સરકાર ગુજરાત સરકારને મદદ નથી કરતી લો, હવે કાંઇ. આ તો હું એટલા માટે કહું છું કે તમે કયારેય જાહેરાતો કરી હતી તેની તારીખો સાથે કહું છું. મુંબઇ વડોદરા એકસપ્રેસ હાઇવેના કામો ૨૦૦૬માં જાહેર કરવામાં આવ્યા હતા હજુ સુધી કોઇ કામગીરી શરૂ નથી થઇ. ૨૦૧૨–૧૩માં વાર્ષિક પ્લાન હેઠળ ૮૫ કરોડના છ કામો મંજૂરી અર્થે ભારત સરકારને મોકલ્યા. તે પૈકીના માત્ર ૬.૨૨ કરોડના બે કામ મંજૂર કર્યા. ઝાડેશ્વર, ભરૂચ પર નર્મદા નદી પરના પુલની કામગીરી, ચિલોડા–હિંમતનગર, શામળાજીની કામગીરી હજુ સુધી શરૂ કરવામાં આવી નથી. અમદાવાદ–ગોધરા, સોમનાથ–જેતપુર, સુરત–હજીરાની કામગીરી ઘણી ધીમી ગતિએ ચાલી રહી છે એટલે કયારે પૂરી થશે એ પણ અંદાજ નથી.

સરકારી મકાનો પણ માર્ગ અને મકાન વિભાગે બાંધવાના હોય છે અને એટલે જે મકાનો હવે અમે બાંધવાના છીએ એની વાત હું કરી લઉં. તાલુકા સેવા સદનોનું બાંધકામ કરવા માટે માર્ગ મકાન વિભાગમાં ૧૫૧ કરોડનું બજેટ ફાળવેલ છે. ૧૨ તાલુકા મથકોએ તાલુકા સેવા સદનો બનશે જેમાં ૯૫ કરોડ રૂપિયા વપરાશે. નવરચિત જિલ્લા મથકોએ જિલ્લા સેવા સદનો બનશે જેમાં ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવરચિત તાલુકા મથકોને તાલુકા સેવા સદન ૩૦ કરોડ, નવરચિત જિલ્લા તથા તાલુકા કક્ષાએ વિવિધ કક્ષાના કર્મચારી,

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધિકારીઓના આવાસો માટે ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદિજાતિ વિસ્તારના વિવિધ તાલુકા મથકોએ વિશ્રામગૃહો જયાં નથી એ વિશ્રામગૃહો માટે ૩૦ કરોડ રૂપિયા. અમદાવાદ ખાતે રહેણાંકના બહુમાળી મકાનોનું બાંધકામ જેમાં ૮૦ કરોડ રૂપિયા વાપરવામાં આવશે. એ ઉપરાંત એજયુકેશનના મકાનો પણ આ વિભાગે બાંધવાના હોય છે પરંતુ એની વાત હું કરતી નથી.

પાટનગર યોજના, એમાં ગત વર્ષે પૂર્ણ કર્યા એની વાત કરીએ તો સ્વર્ણિમપાર્ક પ્રથમ તબક્કાનું બાંધકામ ૩૬ કરોડ રૂપિયા. સચિવાલય કેમ્પસના વિકાસના પ્રથમ તબક્કાનું કામ ૨૫ કરોડ અને સ્ટ્રોમ વોટર ડ્રેનેજના પ્રથમ તબકકાનું કામ ૯ કરોડ અને ગાંધીનગરની હાલની પાણી પુરવઠા પદ્ધતિ સંગીન બનાવવાનું કામ ૨૨ કરોડના ખર્ચે કામ ચાલુ છે. પ્રગતિ હેઠળ કામો ચાલુ છે એમાં બે નવા બ્લોકનું બાંધકામ જેમાં ૨૧૦ કરોડ. ઝૂંપડાવાસીઓના પુનઃસ્થાપન માટે આધુનિક સુવિધા માટે ૮૦૦ યુનિટ ૨૦ કરોડના ખર્ચે બાંધી રહ્યા છીએ. મહાત્મા મંદિર બીજો તબક્કો સોલ્ટ માઉન્ટ, ગાંધી ગાર્ડન, અને પાર્કિંગ ૨૫૦ કરોડ રૂપિયા, ગાંધીનગર–હાંસોલ રસ્તા પર હાંસોલ બ્રીજને છ માર્ગીય કરવો. સ્વર્ણિમ પાર્કનો બીજો તબક્કો ૨૮ કરોડ ગાંધીનગરમાં રાજય કક્ષાની અને બંધારણીય કચેરીઓ માટે બહુમાળી મકાનોનું બાંધકામ ૮૦ કરોડ રૂપિયા. પર્યાવરણને સમતુલિત કરવાના પ્રયાસરૂપે ગટરના પાણીને શુદ્ધ કરીને ફરીથી રીયુઝ કરવા માટેની કામગીરી ૧૬ કરોડના ખર્ચે શરૂ થઇ છે. ગિફ્ટ સિટીને જોડતા પાલ્લજથી શાહપુરના રસ્તાને ચાર માર્ગીય કરવાનું કામ ૨૩.૭૨ કરોડના ખર્ચથી શરૂ થશે. ગિફ્ટ સિટીને જોડતા સાબરમતી નદી ઉપર એક અદ્યતન પુલ બાંધવાનું આયોજન ૯૦ કરોડના ખર્ચે કરેલ છે. સ્વર્ણિમ પાર્કના નદી કિનારાના છેડે પંચામૃત ભવનનું કામ ૧૦૩ કરોડ રૂપિયાના ખર્ચે શરૂ થશે. ટેકનિકલ કર્મચારીઓના મહેકમમાં આપણે વધારો કર્યો છે. ૧૦૯ જેટલા મદદનીશ ઇજનેરોની ભરતી કરી છે. સિવિલ એન્જિનિયરોની જગ્યાઓ ભરી છે. ૨૯ જગ્યાઓનું માગણી પત્રક જાહેર થયું છે. અધિક મદદનીશ ઇજનેર ૧૭૨ જગ્યાઓ, અધિક મદદનીશ ઇજનેર વિદ્યુત એના ૩૩ મળીને ૨૦૫ જગ્યાની ભરતી હવે પછી કરીશું. આમ આખાય માર્ગ અને મકાન વિભાગની મોટી મોટી બાબતો મેં વિધાનસભામાં સન્માનનીય ધારાસભ્યો સમક્ષ મૂકી છે.

હવે મહેસૂલ વિભાગની વાત કરુ તો આ વિભાગનું બજેટ ૨૨૩૯ કરોડ રૂપિયા છે. એટલે ગત વર્ષ કરતાં ૧૧૭ કરોડનો વધારો એની અંદર કરવામાં આવ્યો છે. આયોજન સદરે ૧૬૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં જિલ્લા વહીવટ માટે ૪૬૧ કરોડ, જમીન મહેસૂલ માટે ૨૩૦ કરોડની જોગવાઇ, આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ માટે ૧૨૫ કરોડની જોગવાઇ સાથે રાહત સદરે ૧૧૬૯ કરોડની એકંદર જોગવાઇનો સમાવેશ આની અંદર થાય છે.

સ્ટેમ્પ સદરે ૧૧૩ કરોડ, સ્પેશ્યલ ડાંગ જિલ્લાના વિકાસ માટે ૪૫ કરોડની જોગવાઇ આ તબક્કે કરવામાં આવી છે. બે વર્ષ પહેલા આપણો તાલુકા વાઇબ્રન્ટ તાલુકાની એ.ટી.વી.ટી. ની જાહેરાત થઇ હતી. નાગરિકોને પોતાના કામો માટે જિલ્લા કક્ષાએ ન જવું પડે.અને ઘણા બધા કામો તાલુકા કક્ષાએ જ થઇ જાય તેના માટેનો આ એક મહત્વપૂર્ણ કાર્યક્રમ અને એ પ્રકારનો એક પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો અને એટલે દરેક તાલુકા મથકોએ જનસેવા કેન્દ્રોની શરૂઆત કરવામાં આવી અને તેમાં અત્યારે નાગરિકોને ૧૫૬ જેટલી વિશાળ સેવાશ્રેણી એક જ સ્થળે ઉપલબ્ધ થાય એ માટેનું આયોજન રાજય સરકારે કરી દીધું છે અને એ જ રીતે કામગીરી દરેક તાલુકા મથકે જનસેવા કેન્દ્રોમાં થઇ રહી છે. તેમાં ૧૫૬ સેવાઓ આપણે લઇએ છીએ. તેમાં ૨૯ સેવાઓ માત્ર વન–ડે માટે હોય છે. એક જ દિવસમાં જવાબ આપી દેવામાં આવે છે એ આમાં છે. ૨૧ માસની અંદર ૪૭,૧૯,૬૬૪ અરજીઓ મળી અને તેમાંથી ૪૫,૮૮,૮૫૯ અરજીઓનો નિકાલ કરી દેવામાં આવ્યો. ૨૦૧૨–૧૩ દરમ્યાન જાન્યુઆરીના અંત સુધીમાં આ જનસેવા કેન્દ્રોમાં ૨૬,૬૭,૬૬૮ અરજીઓ મળી અને તેમાંથી ૨૫,૬૦,૫૯૪ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. આ પ્રમાણે જનસેવા કેન્દ્રોમાં વહીવટ ચાલી રહ્યો છે અને ઘનિષ્ઠ રીતે આ કામ હાથ ધરાયું છે.

માત્રને માત્ર જનસેવા કેન્દ્રો દ્વારા અરજીઓ લેવી અને એનો જવાબ આપવો એ પૂરતું નથી પરંતુ તાલુકા કક્ષાએ અને ખાસ કરીને ગામની અંદર નાના–નાના કામો કરવા માટે સરપંચોને અને અધિકારીઓને પણ મુશ્કેલીઓ પડતી હતી. કારણ કે એક નાનું કામ કરવું હોય તો તેનો એસ્ટીમેટ બનાવ્યા પછી છેક જિલ્લા સુધી પહોંચે, જિલ્લામાં જાય, મંજૂર થાય અને પરત આવે, ટેન્ડર બહાર પાડે ત્યાં સુધીમાં પાંચ હજારનું કામ હોય અને વધારે તૂટી ગયું હોય અને દસ હજાર રૂપિયાનું થઇ જાય. એટલે આ કામો ઝડપથી નહોતા થતા. એટલા માટે ''આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો'' હેઠળ આપણે બે કામ કરવાની શરૂઆત કરી, એક જનસેવા કેન્દ્રો મારફતે કામો અને બીજું આવા નાના–નાના કામો એ પ્રાંત, મામલતદારો કરી શકે એટલા માટે એમને સ્પેશિયલ ફંડ ફાળવવામાં આવ્યું અને એ ફંડ એ પ્રાંત ઓફિસરોના હાથમાં મૂકવામાં આવ્યું. પહેલાં પ્રાંત ઓફિસરો ૫૫ હતા. એક પ્રાંત ઓફિસર ત્રણ, ચાર, પાંચ

તાલુકાઓનો વહીવટ જોતા હતા પણ ''આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો''નો જયારે વિચાર થયો ત્યારે બીજા ૫૭ પ્રાંત ઉમેરવામાં આવ્યા અને ૧૧૨ પ્રાંત કરવામાં આવ્યા. તો ૨૨૫ તાલુકાઓની વચ્ચે ૧૧૨ પ્રાંત થયા, એનો અર્થ એ થયો કે એક પ્રાંતની પાસે માત્ર બે અથવા કેટલાક પાસે તો માત્ર એક જ તાલુકો રહ્યો છે એટલે પ્રાંતને વિશેષ જવાબદારી આપણે સોંપી અને એમને કામ કરવા માટે ૫૦ તાલુકા એવા છે કે જેમની વસતિ ઓછી છે. એમને એક કરોડ રૂપિયા આપવામાં આવ્યા. ૫૧થી ૧૦૦ ગામ ધરાવતો કોઇ તાલુકો હોય એવા ૧૨૪ તાલુકા છે તો તેમને સવા કરોડ રૂપિયા આપ્યા. ૧૦૦થી વધુ ગામ ધરાવતો તાલુકો હોય તો એવા ૪૯ તાલુકાઓ છે તો એમને દોઢ કરોડ રૂપિયા આપવામાં આવ્યા. આમ કરીને ૨૭૮.૫૦ કરોડની ગ્રાન્ટ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ પ્રાંત અધિકારીઓને ફાળવવામાં આવી. એના આગલા વર્ષે પણ આપી અને આ વર્ષે પણ આપી છે. જેમાં પ્રાંત અધિકારીઓ દ્વારા સ્થાનિક સ્તરે વિકાસ કાર્યો હાથ ધરી શકશે.

એ ઉપરાંત રાજયની અંદર તાલુકાઓનો સરવે કરવામાં આવ્યો ત્યારે ૪૧ તાલુકાઓ આપણને નબળા પૂરવાર થયા. બીજાં તાલુકાઓની સરખામણીમાં તેનો વિકાસ ઓછો થયો હતો અને એટલા માટે એવા ૪૧ તાલુકાઓને વિકાસશીલ તાલુકાઓ જાહેર કરવામાં આવ્યા અને એ વિકાસશીલ તાલુકાઓના વિકાસ માટે વધારાના એક કરોડ રૂપિયા દર વર્ષે ફાળવવામાં આવી રહ્યા છે. એ ઉપરાંત દરેક પ્રાંત અધિકારીને પોતાને લાગે કે મારે આ કામ તાત્કાલિક કરવા જેવું છે, પ્રાથમિક શાળાનો દરવાજો તૂટી ગયો છે. તો એ દરવાજો તાત્કાલિક એ રિપેર કરાવી શકે એના માટે દરેક પ્રાંત અધિકારીના હવાલે ૨૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ મૂકવામાં આવી છે, જેથી કરીને એ લોકો ઝડપથી કામ કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે નવા જિલ્લાઓ અને નવા તાલુકાઓની જાહેરાતો થઇ. હમણાં કહેતા હતા, ૨૬મી જાન્યુઆરીએ કાર્યરત થશે, પરંતુ એ કાર્યરત અવશ્ય થશે. ચિંતા ન કરતા અને એ શરૂ થાય એના માટે અમે અગાઉથી આયોજન કરી દીધું છે. એમાં ૪૦૩ કરોડ રૂપિયાની માતબર જોગવાઇ પણ કરી છે અને એના તાંત્રિક એકમો માટે નાયબ કાર્યપાલક ઇજનેરો, તેના માટેના વાહનો માટે ૧૨૬ લાખ રૂપિયા જન સેવા કેન્દ્રોમાં કમ્પ્યુટર, પ્રિન્ટર વગેરે મૂકવું પડશે એટલે એના માટે રૂ.૭૫/- લાખ અને નવી કચેરીઓ અને એની અંદર પ્રાંત કચેરીઓની અંદર કમ્પ્યુટર અને પ્રીન્ટર મૂકવા માટે રૂ.૫૫/- લાખની જોગવાઇ કરવામાં આવી છે. આમ નવા તાલુકા અને નવા જિલ્લા બનશે એની અંદર પણ બધી જ સુવિધા આવે એના માટે અગાઉથી આ કામ કરી દીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓનો સામાજિક દરજ્જો ઉંચો આવે અને મહિલાઓનું આર્થિક રીતે સશક્તિકરણ થાય એના માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી કે, જો કોઇ પરિવાર મહિલાના નામે સંપત્તિ લેશે તો રજિસ્ટ્રેશન ફીમાંથી મુક્તિ આપવામાં આવશે અને આ આખા દેશની અંદર પહેલીવાર આ પ્રમાણેના દસ્તાવેજ માટે સંપૂર્ણ માફી આપવામાં આવી છે. તા.૩૧-૧૨-૨૦૦૦ સુધીમાં ૧૨૩૮૭૬૬ દસ્તાવેજો મહિલાઓના નામે થયા અને એમાં રૂ.૪૬૦/- કરોડની નોંધણી ફી સરકારે માફ કરી દીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ટીગ્રેટેડ ઇ-ગવર્નન્સ ઇ-જમીનનો પ્રોજેકટ. આપણને ખબર છે અને આ વર્ષોથી ચાલતું આવે છે. કોઇના ૭/૧૨ની અંદર નામ દાખલ કરી દેવું, કોઇની જમીન વેચી મારવી, કોઇની જમીનમાં ઘૂસી જવું આ પ્રકારની રીતરસમો વર્ષોના વર્ષોથી ચાલતી આવી છે અને એટલા માટે આની અંદર ભ્રષ્ટ્રાચાર વિહિન અને એનો જે ખેડૂત છે એ ખેડૂતને પોતાને લાગે કે આ સિસ્ટમની અંદર હું જઇશ તો મારી જમીન સુરક્ષિત રહેશે. એટલા માટે રાજ્ય સરકારે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની શરૂઆત કરી. ૨૬૭ સબ રજિસ્ટ્રાર કચેરીઓનું તબક્કાવાર કમ્પ્યુટરાઇઝેશન આપણે કર્યું અને જે ખેડૂત છે એ ખેડૂતના વેબ કેમેરાથી ફોટોગ્રાફ લઇએ છીએ, બાયો મેટ્રીક ડિવાઇસે અંગૂઠાથી છાપ લઇને તેની ઓળખ સુનિશ્ચિત કરવામાં આવે છે કે, આ તમારું જ છે ને, કે બીજા કોઇનું તો નથી ને. (અંતરાય) કમ્પ્યુટરાઇઝ સિસ્ટમ મારફત ઇ-સર્ટીફિકેટની સુવિધા કરવામાં આવી. બોગસ અને છેતરપીંડીવાળા દસ્તાવેજોની નોંધણી અટકાવવા માટે માર્ચ ૨૦૦૦થી વેચાણ લેનાર, વેચાણ આપનાર અને ઓળખ આપનારના ફોટો આઇડેન્ટી પ્રૂફ મેળવવાની પદ્ધતિ દાખલ કરવામાં આવી અને વેચાણ આપનાર અને વેચાણ લેનાર બન્ને ત્યાં આવે અને પોતે પોતાની ઓળખ આપે પછી તેના દસ્તાવેજની નોંધણી થાય.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓની તરફેણમાં થતા મિલકતના દસ્તાવેજોમાં નોંધણી ફી માફ કરવામાં આવી છે. આ પ્રકારની વ્યવસ્થાઓ ઇ-ધરા કેન્દ્રની અંદર રાજ્ય સરકારે શરૂ કરી છે અને હવે અમે આગળ જતાં સંબંધિત પક્ષકારને એની જાણ થાય કે તમારો દસ્તાવેજ થઇ ગયો છે એના માટે, એના મોબાઇલ નંબર ઉપર એસ.એમ.એસ.થી ઓટોમેટિક થઇ જાય એવી સુવિધા ઉભી કરવાનું પણ આ રાજ્ય સરકાર વિચાર કરી રહી છે. એમાં પણ જે અધિકારીઓની ખાલી જગ્યાઓ હતી, એમાં સીધી ભરતીથી સબ રજિસ્ટ્રાર- ગ્રેડ-૨ની ૭૧ જગ્યાઓ અને

કારકૂનોની ૧૬૬ જગ્યાઓ ભરવાની કાર્યવાહી પણ અમે હાથમાં લીધી છે. સબ રજિસ્ટ્રાર કચેરીઓ તાલુકા મથકોએ ઇસ્ટેમ્પીંગની સુવિધાઓ આપણે ઉપલબ્ધ કરી છે. એટલે કોઇએ દૂર જવાનું નહીં એક જ રૂમની અંદર આ બધું જ કામ થઇ જાય, એ પ્રકારની વ્યવસ્થાઓ ત્યાં કરવામાં આવી છે. ઇ–સ્ટેમ્પીંગ પણ ત્યાં થાય છે, પૈસા પણ ત્યાં જ ભરવાના. બધું જ કામ એક જ જગ્યાએ કરવામાં આવે છે. નેશનલાઇઝ બેંકો, શિડ્યુલ બેંકો, રીઝર્વ બેંક દ્વારા અધિકૃત ખાનગી બેંકોને પણ ફ્રેંકીંગ મશીનથી સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની જોગવાઇ આ સરકારે કરી દીધી છે. જેથી કરીને કોઇપણ જગ્યાએ સ્ટેમ્પ ડ્યૂટી ભરવા માટે બીજી જગ્યાએ જવું પડતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રી–સરવેની બાબતમાં શ્રી રાઘવજીભાઇ વાત કરતા હતા. આ રી–સરવેની કામગીરી ૧૮૮૦થી શરૂ થઇ અને ૧૯૩૦ દરમિયાન કરવામાં આવી. ત્યાર પછી રી–સરવે થયો નથી અને કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને રી–સરવે કરવાનું કહ્યું છે. પરંતુ રી–સરવેની શરૂઆત માત્ર ગુજરાત સરકારે કરી છે. બાકીના ૧૨ રાજ્યો અહીં જોવા માટે, અભ્યાસ કરવા માટે આવે છે અને એપ્રિલ મહિનામાં કેન્દ્ર સરકાર ગુજરાતની અંદર આના માટેની કોન્ફરન્સ કરવાની છે.અને આખા દેશના સૌને અહીં બોલાવવાની છે. આ આપણી સિદ્ધિ. આ રી–સરવેની કામગીરીમાં એક ઐતિહાસિક નિર્ણય લીધો છે કે ૭ અને ૧૨ બન્ને અલગ કરવાના. ખેડૂતનો જે નકશો છે એની જમીનનો એ નકશો પણ એની અંદર આવવાનો. ચારે બાજુએ શું આવેલું છે એનું માપ અને એનું ક્ષેત્રફળ એ બધું આની અંદર એડ કરી દેવામાં આવ્યું છે. ૮૧૦૦ ગામોમાંથી ૩૭૪૦માં જમીનની માપણી થઇ છે. ૧૩૦૦ ગામોની અંદર આખરી રેકર્ડ તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે, આ કામગીરી પૂર્ણ થશે ત્યારે ભવિષ્યની અંદર કોઇપણ ખેડૂતને કોઇપણ પ્રકારની તકલીફ ન પડે એના માટે આ રાજય સરકાર બહુ ચિંતીત છે.

શહેરી વિસ્તારોમાં પણ મકાનોના રેકર્ડ તૈયાર કરવા માટેની કામગીરીનો આપણે આરંભ કર્યો છે. ટૂકડા અધિનિયમ હમણા બોલતા હતા. આ ટૂકડાઓનું કામ ૧૯૪૭થી અમલમાં આવ્યું હતું મુંબઇ રાજયમાં પછી ૧૯૬૦માં ગુજરાત રાજય અલગ પડયું ત્યારે પણ ટૂકડા ધારો કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારમાં લાગુ પાડવામાં આવ્યો અને અત્યાર સુધી ગયા ૨૦૧૦માં આપણે બિલ લાવ્યા ત્યાં સુધી આ ટૂકડા ધારો આપના સમયે પણ અસ્તિત્વ ધરાવતો હતો. હવે ટૂકડા ધારો દૂર થઇ ગયો છે અને એટલે હવે કોઇપણ ખેડૂત ખાતેદાર એ ખરીદી શકશે. કોઇને વેચી શકશે, ભાગલા પાડી શકશે. બેન્કમાં જઇને તારણ ઉપર મૂકી પણ શકશે એમને જે તકલીફો પડતી હતી એ બધી જ તકલીફો દૂર કરવાનું કામ આટલા વર્ષો પછી આ રાજય સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલેકટર કચેરી વલસાડ ૭ કરોડ રૂપિયા, કલેકટર કચેરી જામનગર, ૫ કરોડ રૂપિયા, જૂનાગઢ જિલ્લામાં મામલતદાર કચેરી માળીયા હાટીના બાંધકામ માટે ૧ કરોડની જોગવાઇ, આણંદ જિલ્લામાં ઉમરેઠ, મામલતદાર કચેરી, આંકલાવ, મામલતદાર કચેરી, સોજીત્રા મામલતદાર કચેરી, ખંભાત મામલતદાર કચેરી માટે ૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. અમે કોઇ ભેદભાવ નથી રાખતા. સાબરકાંઠામાં તલોદ ખાતે નવું બાંધકામ થશે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢમાં નવી સબરજીસ્ટ્રાર કચેરીઓના બાંધકામ થશે. દીનદયાળ સર્વે ઇન્સ્ટીટયુટ ખાતે હોસ્ટેલનું બિલ્ડીંગ અને લાઇબ્રેરી વગેરે થશે. સાબરકાંઠામાં હિંમતનગર, તલોદ,ધનસુરા, મોડાસા, વડાલી અને મેઘરજ, સુરત જિલ્લાના ઓલપાડ ખાતે સીટી સર્વેની કચેરીના બાંધકામ માટે ૫.૨૨ કરોડ રૂપિયાની પણ આ રાજય સરકારે જોગવાઇ કરી દીધી છે.

હમણા રાજેન્દ્રસિંહજી કહેતા હતા કે હિંમતનગરનો કેસ ૭ વર્ષથી પેન્ડિંગ કેસ પડયો છે, આમ તેમ થયા કરે છે. આ જમીન ઇડરના રાજવીએ જીનીંગ પ્રેસ બનાવવા માટે જે તે વખતના પટેદારોને આપી હતી. આ જમીન જીનપ્રેસ હેતુ માટે જ આપેલ હતી. આ જમીનમાં શરતફેર કરી વાણિજય સંકુલ બનાવેલ છે જેમાં હેતુફેરની કોઇ જ મંજૂરી લેવાયેલ નથી આથી શરતભંગ થયેલ છે અને રાજય સરકારનું પ્રિમિયમ ગયું છે. આ જમીનનો શરતભંગ કર્યો હોય તો જમીન આપી શકાય નહીં, માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર હસ્તક જ થઇ જશે. રાજેન્દ્રસિંહભાઇએ બીજી વાત કરી, સ્ટેમ્પ ડયુટીના ૨ લાખ કેસો, આપને ખબર છે કેટલા સમયથી આ કેસો પડતર હતા? હવે તો જંત્રીથી આપણે દસ્તાવેજો કરીએ છીએ એટલે હવે કોઇ ૩૨– ક ના કેસો આવતા નથી પણ આ તમારા જમાનાના ૨ લાખ કેસો પડયા હતા અને એટલા માટે આ રાજય સરકારે આ કેસો ચલાવવા માટે ચાર વ્યકિતઓની નિમણૂકો કરી અને એક જ વર્ષમાં ૮૫૦૬ કેસોનો નિકાલ કર્યો અને ૩૯ કરોડ રૂપિયાની વસુલાત કરી છે.

બળદેવજીભાઇ ઠાકોરે જંત્રીની મને અહીં વાત કરી છે એમણે ૧૬૫ થી ૫૦૦ રૂપિયા થયા છે. ૨૧૫ થી ૬૦૦ રૂપિયા થયા છે. જંત્રીનો ભાવ વધે કારણ જમીનોના ભાવો ઉંચકાય છે એટલા માટે જંત્રીનો ભાવ વધતો હોય છે. અને આ તમામ જંત્રી જે ગણાય છે એ સાયન્ટીફીક છે. આડેધડ ગણાતી નથી અને એટલા માટે આપણે પણ એના ઉપર ભરોસો રાખવો પડશે. ઇ–ધરા ઓપરેટરો દૂર કરી દીધા છે અને રેગ્યુલર રેવન્યુ તલાટીઓને આ

કામગીરી સોંપી દેવામાં આવી જે ભૂલો ભૂતકાળમાં થઇ છે એ વર્તમાનમાં કોઇ ભૂલો થશે તો એ ભૂલોને સુધારવાની જવાબદારી મારા મહેસૂલ વિભાગની છે. પરંતુ અગાઉમાં જે પ્રમોલગેશનની અંદર જે ભૂલો ચાલતી આવી એ જ ભૂલો અમારે અત્યારે સુધારવી પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બ્લોક ભાઇઓની વહેંચણીના મુદ્દા જ્યારે ભાઇઓ ભાગ પડે છે ત્યારે કોઇ સ્ટેમ્પ ડ્યુટી લેવામાં આવતી નથી, મંજૂર કરવામાં આવે છે. પરંતુ જ્યારે વહેંચણી કરી અને ફરીથી જ્યારે બીજાને સોંપો છો ત્યારે જ રાજ્ય સરકાર એમાં ઉપરથી વસુલાત કરે છે. સરવેયરો, આ ૧૮૫૩૪ કેસો ૨૦૧૨ સુધીમાં મે નિકાલ કર્યો છે અને એક માસની સઘન તાલીમ આપીને આવા માપણીના સરવેયરોને અમે મૂક્યાં છે. એટલે સી. કે. રાઉલજી, તમે જ્યારે કહો છો ને કે, કોઇ તાલીમ નથી આપતું, તો અમે તાલીમ આપી દીધી છે અને ભાઇઓ ભાગમાં કે બ્લોક વિભાજનમાં ટુકડો પડતો ના હોય તેવા વિભાજન માટે કલેકશનની પૂર્વ મંજૂરી લેવાની રહેતી નથી. હવે ભાગ પાડો વાંધો નથી એવું છે. માપણી થયે દુરસ્તીની વાત છે તો ૭/૧૨ અને ૮-અ નું કામ છે અને રાજ્ય સરકાર બધામાં કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની જે દરખાસ્ત લઇને હું અહીંયા આવી હતી જે કોઇ ધારાસભ્યશ્રીઓએ પોતાની વાત અહીંયા રજૂ કરી છે એમાંના મોટાભાગના જવાબો મેં આપ્યાં છે અને સૌને વિનંતી કરું છું કે વિભાગની દરખાસ્તો મંજૂર કરે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, મેઘરજ તાલુકાના ટ્રાયબલ વિસ્તારના ગામોમાં કોઇપણ પૂલ ના હોવાના કારણે ચોમાસામાં અને બહેનોને ડિલીવરી વખતે અને બિમાર થાય ત્યારે આવી શકતાં નથી. હમણાં શનિવારે જ્યારે અધિકારીઓ સાથે મિટિંગ થઇ ત્યારે એમણે પણ કબૂલ્યું કે આ બાબત ઘણાં સમયથી પેન્ડિગ છે તો આ વિસ્તારમાં એક કદાચ કોઇ જગ્યાએ પૂલ થાય તો એવું કાંઇ આપ કરવા માગો છો કે કેમ? કારણ કે, મારો તો આ નવો વિસ્તાર છે સાહેબ. ભૂતકાળમાં ધારાસભ્યએ રજૂઆત કરી છે અને છતાં વ્યવસ્થા થઇ નથી.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષની અંદર જેટલા પૂલ બનાવ્યાં છે ને એટલા ૪૦ વર્ષમાં નહોતા બન્યાં. એટલું કામ આ રાજ્ય સરકારે કર્યુ છે અને તેમ છતાં નામ આપી શકતા હોય તો આપો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે, આપે અમરેલી શહેરમાંથી પસાર થતો અમરેલી-કૂકાવાવ સ્ટેટ હાઇવે ઉપર વડી અને ઠેબી નદીના જે પૂલ છે એ જ્યારે પણ ચોમાસામાં વરસાદ પડે અથવા વડી-ઠેબીનું પાણી છોડી દે એટલે ડીસકનેકટ થઇ જાય છે તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે વડી અને ઠેબી ઉપરના જે પૂલ છે એ બનાવવા માગીએ છીએ કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૪,૬ થી ૧૨, ૧૪, ૧૫, ૧૭ થી ૨૨, ૨૫ થી ૩૦, ૩૨ થી ૪૨, ૪૪ અને ૪૫ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૭૮, ૭૯, ૮૫, ૮૬ અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## અડધા કલાકની ચર્ચા: નિયમ-૯૨

### તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્ર : ૫૩ (અગ્રતાક્રમ-૫) સિદ્ધપુરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા અંગેના માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)એ આપેલા જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્ન ક્રમાંક-૫માં મેં માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ માગ્યો હતો લેખિતમાં પણ સરકારશ્રીનો એનો જવાબ આપ્યો નહતો. અને જ્યારે મેં મુદ્દો રજૂ કર્યો ત્યારે પણ જે મારો મહત્વનો હેતુ હતો એનો પણ જવાબ મળ્યો નહતો માટે મેં નિયમ-૯૨ નીચે દાખલ કર્યું હતું. આજે મારે ખાસ કરીને કે, સિદ્ધપુર એક માત્ર ગયા માટે સમગ્ર ભારતની અંદર એક જ તિર્થધામ છે. આપણે બધા બહુ સારી રીતે જાણીએ છીએ કે, દુનિયામાં પાંચ ઋણ કહેવાય એમાં સૌથી મોટું રૂણ એ મા-બાપનું,

માતાનું ઋણ એ માનનીય અધ્યક્ષશ્રી એની મુક્તિ સિદ્ધપુરમાં થાય છે. આજે વર્ષોથી પરંપરાથી ચાહે એ પરશુરામ ભગવાન હોય એમને પણ એમના માતાના રૂણમાંથી મુક્ત થવા માટે સિદ્ધપુર આવીને એમને ત્યાં આગળ મુક્ત થયા. આ બાબતે અમારા સિદ્ધપુરના બધા જ માણસોએ ભેગા થઇને સ્વ. અમારા કેશુભાઇ શેઠ હોય, શંભુભાઇ શેઠ હોય, ગૌતમભાઇ હોય એવા અનેક લોકોએ બિન્દુ સરોવર ટ્રસ્ટની એક રચના કરવામાં આવી હતી અને એની અદર અનેક દાતાઓએ આમાં પૈસા આપ્યા હતા અને દાતાઓએ જયારે આ પૈસા આપીને આ સમગ્ર મિલકત ૧૯૯૫થી જે સરકારની કામગીરી હતી એ કામગીરી પણ લોક ભાગીદારીથી સરકાર જેવી કામગીરી કરે એનાથી પણ સુંદર કામગીરી એક સરસ ટ્રસ્ટ આપીને બધા જ લોકો કરતા. સમય અરસાએ સરકારશ્રીએ સંપાદન કરવાની વાત કરી અને જયારે સંપાદન કરવાની વાત કરી ત્યારે પણ સંપાદન કરીને ટ્રસ્ટમાંથી જમીન આપી અને સરકારે જે એના ઉપર વિકાસ કર્યો એ પણ આપણે ચાલુ રાખવા દીધો. આજે પ્રશ્ન એ છે કે, જો સરકાર આમાં આટલા બધા પૈસા, આટલું બધું વાપરતા હોય ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે એટલું જ કહેવું છે કે, સમગ્ર ભારતની અંદર માત્ર માતૃ ગયાનું તિર્થ એક જ હોય તો શા માટે મેં જે પ્રશ્ન કર્યો હતો કે, વિકાસ બોર્ડની અંદર સિદ્ધપુરનો સમાવેશ કરવામાં આવે. અને સિદ્ધપુરનો સમાવેશ કરવામાં જો આવે તો સમગ્ર ભારતની અંદર જેમ પિતાનું શ્રાદ્ધ ગયાજી થાય છે એમ સિદ્ધપુરમાં સારી રીતે થઇ શકે અને જયારે સરકાર આટલા બધા પૈસા ખર્ચીને કરતું હોય, એ જ ટ્રસ્ટ જયારે કરતું હોય ત્યારે મારે સરકારશ્રીને બીજી વિનંતી છે કે, બિન્દુ સરોવર ટ્રસ્ટ જેની અંદર અનેક દાતાશ્રીઓએ જયારે પૈસા આપ્યા છે, નિરમાનું મોટું ડોનેશન છે એવા અનેક દાતાશ્રીઓએ જયારે પૈસા આપ્યા છે અને ભૂતકાળમાં સરકારે અનેક રીતે કરોડો રૂપિયાનું દાન, એટલા બધા નાના દાતાઓથી માંડીને આપ્યું છે એ છતાંય એ બધું તોડી નાખ્યું અને તોડીને તમામ દાતાશ્રીઓની જેની ૫૦,૦૦૦ રૂપિયા આપવાવાળા પણ ઘણા બધા દાતાઓ હશે કે જેની તકતીઓ ત્યાં આગળ બિન્દુ સરોવરની અંદર બધું જ પૂરું થઇ ગયું. આજે માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કરીને ત્રણ વાત કરવી છે.એક, મારો મહત્વનો પ્રશ્ન એ છે કે, જે બિન્દુ સરોવર ટ્રસ્ટ છે એ આજે સારું કામ કરી રહ્યું છે ત્યારે એની પણ જમીન સંપાદન કરવાની એક અરજી સરકારશ્રી તરફથી મળી છે અને મેં ભૂતકાળમાં પણ કહ્યું હતું કે, આમાં હાઇકોર્ટનો સ્ટે છે, ત્યારે સરકારશ્રીએ એમ કહ્યું હતું કે, આમાં નથી. તો માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર આમાં હાઇ કોર્ટનો સ્ટે છે. તો આ કામ સારી રીતે કરી શકે, એના માટે આપવા માગો છો કે કેમ?

બીજું, મારી સરકારશ્રીને વિનંતી છે કે, જયારે આટલા પૈસા સરકારશ્રીએ ખર્ચ્યા છે ત્યારે સિદ્ધપુર એક વિકાસ ધામની અંદર રહે, અને એમાં સમાવેશ કરવામાં આવે તો જે રીતે , બીજી રીતે અંબાજી, સોમનાથ , દ્વારકા બધા જે છે એ રીતે સિદ્ધપુરનો પણ સમાવેશ થાય એવી મારી વિનંતી છે, તો સરકારને મારે પૂછવું છે કે, સરકાર કરવા માગે છે કે કેમ?

અને ત્રીજું, ખાસ કરીને મારે એ કહેવું છે કે, ભૂતકાળમાં જે દાતાશ્રીઓએ જે દાન આપ્યું હતું તે બધા જ દાતાશ્રીઓનું ત્યાં કોઇને કોઇ સંજોગોની અંદર નામ અથવા એ રહે એવું કરવા માગે છે કે કેમ ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમનો જે મૂળ પ્રશ્ન છે એના કરતા આજે સ્કોપની બહાર એમણે ઘણા સવાલો કર્યા છે છતાંપણ એમણે જે વાત કરી છે એમાં હું એટલું કહેવા માગું છું કે ગુજરાતમાં જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે સમગ્ર ગુજરાતના જે તીર્થસ્થાનો હતા, જે આધ્યાત્મિક સ્થાનો હતા એની અત્યંત દુર્દશાવાળી હાલત હતી. ભારતીય જનતા પાર્ટીની સરકારે પોતાના ચૂંટણી ઢંઢેરામાં એ ઉલ્લેખ કર્યો કે જયાં જયાં પવિત્ર યાત્રાધામો, વિશેષ, પૌરાણિક અને જયાં લાખો લોકોની શ્રદ્ધા જોડાયેલી છે એવા તમામ શ્રદ્ધા કેન્દ્રોના વિકાસ માટે રાજય સરકારે ચૂંટણી ઢંઢેરામાં જાહેરાત પ્રમાણે અનેક કામો હાથ પર લીધા. એના ભાગસ્વરૂપે પહેલા તબકકામાં ૧૯૯૭માં અંબાજી, ડાકોર, ગિરનાર, પાલીતાણા, સોમનાથ અને દ્વારકા આ યાત્રાધામોનો સમાવેશ કર્યો અને ત્યારબાદ એમાં ગ્રેડેશન કરી, આમાં નહોતા આવતા પરંતુ એવા બધા જ સ્થાનોની અંદર પ્રાથમિક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી, સોલાર ઉર્જા ત્યાં ઉત્પાદન કરાવી. આવા અનેક મુદ્દાઓ હાથ પર લીધા. આમાં આ સ્થાનનું એક આધ્યાત્મિક મહત્વ છે. મેં અગાઉ પણ મારા જવાબમાં કહ્યું હતું એમ એ વાત હું ફરીથી દોહરાવવા માગું છું કે સિદ્ધપુરની અંદર ૮૪ કરોડનો અંદાજ કરવામાં આવ્યો હતો. જે પૈકી અત્યાર સુધીમાં ૬૭ કરોડ રૂપિયાનો ખર્ચ રાજય સરકાર દ્વારા કરી દેવામાં આવ્યો છે અને ૧૯૯૭માં આ નીતિ નકકી થયા પછી જે આપણે યાત્રાધામો હાથ ઉપર લીધા અને સમયાંતરે આ યાત્રાધામોની અંદર એનો રીવ્યુ કરીને એમાં વધારો કરવો કે ઘટાડો કરવો એના માટે સરકાર આગામી દિવસોમાં નિર્ણય કરશે. એમનો જે મૂળ સવાલ હતો એ મૂળ સવાલની અંદર મારો આ જવાબ છે.

ફાલ્ગુન ૨૭, ૧૯૩૪ શાકે
અડધા કલાકની ચર્ચા: નિયમ-૯૨

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે રાજય સરકાર આવા યાત્રાધામોનો વિકાસ કરવાની જવાબદારી સ્વીકારે છે ત્યારે યાત્રાધામ કોને ગણવું અને કોને ન ગણવું એના માટેના કોઇ સ્ટાન્ડર્ડ નકકી કર્યા છે કે કેમ? અથવા એની શું વ્યાખ્યા કરે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ, મેં મારા અગાઉના જવાબમાં જ વાત કરી છે એટલે એને હું દોહરાવવા માગતો નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ જે સવાલ બલવંતસિંહભાઇનો હતો કે સિદ્ધપુરને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા માગો છો કે કેમ? મંત્રીશ્રી જયારે સવાલનો જવાબ આપતા હતા ત્યારે પણ જવાબ ન આવ્યો, અર્ધા કલાકની ૯૨ નીચે જે ચર્ચા આવી એમાં પણ ન આવ્યો, તો આજે એ મૂળ સવાલ તો ઉભો જ રહે છે. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે જે મૂળ સવાલ છે કે સિદ્ધપુરનો પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : એ તો એમણે કહ્યું કે આટલા આટલા ભવિષ્યમાં અમે વિચાર કરીશું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : હા કે ના?

અધ્યક્ષશ્રી: કોઇપણ જવાબ હા કે નામાં જ હોય એવું નથી હોતું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવાનો જ મુદ્દો છે. સિફતતાથી આ વાત ટાળી દે છે.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, એનો જવાબ આવી ગયો છે. એમણે એમ કીધું કે ૮૪કરોડમાંથી ૬૭કરોડ વપરાઇ ગયા છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : પૈસા વપરાયા એ વાત સાથે સંમત પણ યાત્રાધામ બોર્ડમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : અત્યારે આટલાનો સમાવેશ કર્યો છે. બીજા ભવિષ્યમાં વિચાર કરીશું. બધાનો વિચાર કરીશું. આમા હા કે ના નો પ્રશ્ન ન આવે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મૂળ સવાલનો જવાબ મળતો જ નથી.

અધ્યક્ષશ્રી : સવાલનો તમારે જોઇએ એવો જવાબ ન મળે. બેસો તમે. તમારું નામ પુંજાભાઇને? દરેકનો હા કે ના માં જવાબ આવે જ નહીં.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ૧૯૯૭ માં ભારતીય જનતા પાર્ટીની સરકારે ચૂંટણી ઢંઢેરામાં આપેલા પ્રજાના વચનો પ્રમાણે ગુજરાતની સાંસ્કૃતિક, ઐતિહાસિક અને આધ્યાત્મિક રીતે જે અગત્યના સ્થાનો છે, એનો વિકાસ કરવાની યોજના હાથ ઉપર લીધી હતી. એ પૈકીના ૬ પવિત્ર યાત્રાધામોનો સમાવેશ કરવામાં આવ્યો. હું મારો ફરીથી જવાબ આપું છું કે સમયાંતરે અમે રિવ્યૂ કરીને જે આવશ્યકતા હશે એ આ યાત્રાધામોમાં અમે વધારો ઘટાડો કરીશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એ છે કે ૨૦૧૦ માં એક પરિપત્ર બહાર પાડ્યો, એમાં અ, બ અને ક. એ પરિપત્ર બહાર પાડ્યો, એમાં પણ સિદ્ધપુરનો આજે સમાવેશ થતો નથી. સરકારે ૨૦૧૦ માં હમણા પરિપત્ર બહાર પાડ્યો. સરકાર જ્યારે આટલા પૈસા ખર્ચતી હોય તો મને સમજાતું નથી કે યાત્રાધામમાં સરકાર હા પાડવા કે પરિપત્ર મુજબ એ કેટેગરીમાં મૂકવા માગતા નથી. એટલે ચોક્કસ..

અધ્યક્ષશ્રી : સમયાંતરે આની અંદર ફેરફાર થશે એ વાત કરી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારો પ્રશ્ન શોર્ટ..

અધ્યક્ષશ્રી : તમારા પ્રશ્નના જવાબમાં કોઇપણ પ્રશ્નનો જવાબ.. એક મિનિટ..(અંતરાય) તમે દઇ દો જવાબ. કોઇપણ પ્રશ્નનો જવાબ હા કે ના માં આવે તેવું નહિ. એમણે કહ્યું આટલા યાત્રાધામનો સમાવેશ કર્યો છે અને સમયાંતરે અમે હજુ ભવિષ્યમાં બીજા યાત્રાધામ માટે થઇને વિચાર કરીશું. એમાં ના નથી હા નથી. આ યાત્રાધામને કાઢી જ નાખશું એવું નથી કહેતા. આ યાત્રાધામને રાખીશું એવું નથી કહેતા. સમયાંતરે ડિક્લેર કરશે. એ પાળી બતાવ્યું છે. ભવિષ્યમાં વિચાર કરીશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આમાં કોઇ સમય નક્કી ના થાય. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે યાત્રાધામ કરવા બાબતમાં. મને નથી સમજાતું..

અધ્યક્ષશ્રી : તમારો જવાબ આપી દીધો છે. પછી બીજો ન હોય..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : લેખિતમાં પૂછ્યું હતું, ત્યારે સામાન્ય વસ્તુ હતી. હા કે ના માં ના પણ પાડી શકાય.

અધ્યક્ષશ્રી : હા પણ ન પાડે. દરેક પ્રશ્નનો જવાબ હા આવે કે દરેકનો ના જ આવે તેવું નથી હોતું. એમણે કહ્યું આટલા યાત્રાધામ ડિક્લેર કર્યા છે. ભવિષ્યમાં બાકીના પવિત્ર સ્થાનોને યાત્રાધામમાં..(અંતરાય) બેસોને. તમારે શું છે? પૂછવું હોય તો પરવાનગી લઇને પૂછજો. તમે બેસો. તમે બેસો. તમને નથી કહ્યું. બલવંતસિંહભાઇ તમે પ્રશ્ન પૂછો. મૂવ કર્યો છે, એટલે હું તમને છેલ્લો ચાન્સ આપું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારો પ્રશ્ન યાત્રાધામ સાથે સાથે ૩ પ્રશ્નો પૂછ્યા. ત્રણેય પ્રશ્નમાં...

અધ્યક્ષશ્રી : નવા પ્રશ્ન ન આવે. ત્યારે મેં તમને રોક્યા હતા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : બિન્દુ સરોવર ટ્રસ્ટને લગતો જ પ્રશ્ન છે. ક્રાઇટેરિયા બહારનો પ્રશ્ન નથી. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો. એની કોપી પણ મારી પાસે છે. ભૂતકાળમાં જે બોલ્યા હતા.

અધ્યક્ષશ્રી : રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષ દરમ્યાન મહત્વના તીર્થસ્થાનોને નવપલ્લવિત કરવાનું કામ હાથ ઉપર લેવામાં આવેલ છે. તીર્થસ્થાનોના વિકાસના અભિગમના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ એનો જવાબ જ છે. સવાલ હતો એનો જવાબ આપ્યો છે. આ કામગીરીના ભાગરૂપે છેલ્લાં બે વર્ષ દરમ્યાન ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા સિદ્ધપુર ખાતે ખૂબ જ મહત્વનાં કામ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં બિન્દુ સરોવર, અલ્પા સરોવર, સિદ્ધેશ્વર મહાદેવ, યજ્ઞશાળાને નવ પલ્લવિત કરવાનાં કામો, તેમાં જ્યોતિર્લિંગ ઘાટ વિકાસ, સાંઇબાબા મંદિર, ઘોઘા મહારાજ મંદિર, પરિસર વિકાસ ઇત્યાદી કામનો સમાવેશ થયો છે. આ તમારા મૂળ પ્રશ્નનો જવાબ છે. બિન્દુ સરોવર માટે શું પૂછવા માગો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એમની સ્પીચમાં એમણે સ્પષ્ટ જણાવેલ હતું. મેં હાઇકોર્ટ બાબતમાં, સ્ટે બાબતમાં પૂછ્યું હતું એમણે સ્પષ્ટ કહ્યું હતું આવી નથી, પણ રિયાલિટીમાં હાઇકોર્ટમાં સ્ટે છે. મારી લાગણી માત્ર એટલી છે કે આજે પણ એ ટ્રસ્ટ એમાં કામ કરી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, તેના બધાજ ટ્રસ્ટીઓ આજે પણ છે. સરકાર સંપાદન કરવાની નોટીસ આપે. મારે સરકારને આજે પણ આપના માધ્યમથી કહેવું છે કે, સરકાર જો આમાં યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા માગતી હોય તો કાલ સવારે અમે અમારા ટ્રસ્ટની પ્રવૃત્તિ....

અધ્યક્ષશ્રી : તેવી શરત નહીં. તમે શું કરવા માગો છો તે નહીં. તમારા સવાલમાંથી જે પ્રશ્ન ઉભો થયો તેની મેં અરધા કલાકની ચર્ચા આપી છે. મૂળ સવાલની બહાર આપણે ન જઇ શકીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એ જ સવાલ છે. બિંદુ સરોવરને લગતો સવાલ છે.

અધ્યક્ષશ્રી : બિંદુ સરોવર નથી. તમે કહો છો કે યાત્રાધામની અંદર આનો સમાવેશ કરવા માગો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ યાત્રાધામનો જ પ્રશ્ન છે. આ યાત્રાધામનો ભાગ છે.

અધ્યક્ષશ્રી : શું બિંદુ સરોવર છે? એટલે હું કહું છું કે બિંદુ સરોવર વિશે આપ શું કહેવા માગો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સરકારશ્રીએ એક જમીન સંપાદન કરી લીધી. હવે બીજું જે બિંદુ સરોવર ટ્રસ્ટ ચાલે છે તેની કરોડો રૂપિયાની મિલકત છે. સરકારશ્રીએ તેને નોટીસ આપી છે. જમીન સંપાદન કરવા માટેની નોટીસ આપી છે. જેની અંદર હજારો દાતાશ્રીઓએ આમાં દાન આપેલ છે. આ સંપાદન માટે ટ્રસ્ટ આજે હાઇકોર્ટ ગયું છે. ભૂતકાળમાં માનનીય મંત્રીશ્રીને મેં આ સવાલ કર્યો હતો ત્યારે કદાચ તેમને ખ્યાલ નહીં હોય, તેમણે ના પાડી હતી. આજે હાઇકોર્ટનો તેમાં સ્ટે છે. મારો જે કહેવાનો મીનીંગ છે કે સરકારશ્રી આટલું ખર્ચ કરતી હોય, સારુ કામ કરવા માટે તો સરકાર યાત્રાધામ વિકાસ બોર્ડમાં કેમ દાખલ કરવા માગતી નથી તે મારે પૂછવું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બળવંતસિંહજીએ મારો ઉલ્લેખ કરીને કહ્યું તો મારી પાસે પ્રોસીડીંગની નકલ છે. પ્રોસીડીંગ્સની નકલમાં મેં જે જવાબ આપ્યો હતો તેમાં માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તેમાં તેમના લાંબા ભાષણ પછી બે મુદ્દા ઉપસ્થિત થાય છે. એક હાઇકોર્ટની સંપાદનની પ્રક્રિયા તે તેમના પ્રશ્નમાંથી ઉદ્ભવતો મુદ્દો નથી. જે મૂળ પ્રશ્ન પૂછયો છે તેની અંદર હાઇકોર્ટને લેવા દેવા નથી. બીજું છતાં પણ અપેક્ષા હોય તો હું કહું કે અત્યારે આ મેટરમાં હાઇકોર્ટનો સ્ટે છે અને જયારે કોઇ મેટર હાઇકોર્ટની અંદર પડી હોય તેના સંદર્ભમાં અહીંયાં ચર્ચા કરવી તે યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : તે કહે છે તે પ્રમાણે આ આઉટ ઓફ છે. હાઇકોર્ટમાં સંપાદનનું કરીએ તો પાછો ખેંચી લઇએ તે તમારા ધ્યાનમાં રાખજો આ તેની ઓફર છે. બરાબર ને?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી,મારો પ્રશ્ન એટલો જ છે કે માનનીય મંત્રીશ્રી આ યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવાની ઘોષણા અત્યારે કરે છે કે કેમ?

અધ્યક્ષશ્રી :તેનો જવાબ આવી ગયો. તમારો, પુંજાભાઇનો અને તેમનો. એમાંથી તો આ ઉભું થયું. સવાલ જ એમાંથી ઉભો થયો હતો. છે કોઇને કંઇ પૂછવાનું. એક મિનિટ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૩૩ કલાકે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર તા.૧૯મી માર્ચ ૨૦૧૩ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૧૯મી માર્ચ, ૨૦૧૩**
**ફાલ્ગુન ૨૮, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## નવસારી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શાળા અને આંગણવાડી માટે બનાવેલ શૌચાલય

* ૩૫૧૦ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શાળા શૌચાલય અને કેટલા આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા, અને | (૧) નવસારી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૭૫ શાળા શૌચાલય અને ૬૨ આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) શાળા શૌચાલય માટે રૂ.૧૫૮.૫૦ લાખ અને આંગણવાડી શૌચાલયો માટે રૂ.૩.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ નિર્મળ ભારત અભિયાનની યોજના ક્યારે શરૂ થઇ? અને આ અગાઉ રાજ્ય સરકારની આવી કોઇ યોજના હતી કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ નિર્મળ ભારત અભિયાન યોજના ૨૦૧૨માં શરૂ થઇ છે, પણ એ યોજનાની અંદર એ.પી.એલ. લાભાર્થીને લાભ આપવામાં નહોતો આવતો એને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ૨૦૦૭થી આવા એ.પી.એલ. લાભાર્થીઓને શૌચાલય માટે શરૂઆતમાં ૭૫૦ની પ્રોત્સાહક સહાય આપવાની શરૂઆત કરી અને અત્યારે ૨૦૦૦ પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત ઘન કચરાના અને ઊકરડાના નિકાલ માટે ગ્રામ પંચાયત દીઠ ૯૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે અને ગંદા પાણીના નિકાલ માટે એને વ્યવસ્થા ઊભી કરવા માટે પ્રતિ ગામદીઠ ૯ લાખ રૂપિયા આ યોજના હેઠળ આપવામાં આવે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નવસારી જિલ્લાને નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતને કેટલા પુરસ્કાર મળ્યાં છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯ ગામને નિર્મળ ગામ પુરસ્કાર મળ્યાં છે. ૭૨ ગામને સ્વચ્છ ગામ અને સ્વસ્થ ગામ, ૭ ગામને સ્વર્ણિમ ગામ પુરસ્કાર મળ્યાં છે. આમ, કુલ મળીને ૯૨ એમાં તાલુકા પ્રમાણે, વાંસદાને ૧૨ નિર્મળ અને ૨૬ સ્વસ્થ, ૨ સ્વર્ણિમ, ચીખલીને ૫ નિર્મળ, ૨૦ સ્વસ્થ અને ૨ સ્વર્ણિમ, ગણદેવીને ૯ સ્વસ્થ, ૧ સ્વર્ણિમ, નવસારીને ૧ નિર્મળ, ૧૨ સ્વસ્થ, ૧ સ્વર્ણિમ, જલાલપુરને ૨ નિર્મળ, ૫ સ્વસ્થ અને ૧ સ્વર્ણિમ.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એ ગામડામાં ખરેખર સ્કૂલ અને આંગણવાડી પૂરતો પ્રશ્ન છે. મારે માનનીય મંત્રીશ્રીને સીધું પૂછવું છે કે, આ ગામડાનો પ્રશ્ન છે, ગામડામાં તો ભારત નિર્માણ ભારત સરકાર એને ગ્રાન્ટ આપે જ છે. સ્કૂલ અને આંગણવાડીમાં ભારત સરકારનો કેટલો હિસ્સો છે અને રાજ્ય સરકારનો કેટલો હિસ્સો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં ૭૦% કેન્દ્ર સરકારનો હિસ્સો છે અને ૩૦% એ રાજ્ય સરકારનો હિસ્સો છે અને શૌચાલયની આ સ્કીમ છે. આ શાળા શૌચાલય અને આંગણવાડીની આ સ્કીમ છે એમાં ૭૦:૩૦ નો રેશિયો છે.

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, શાળા શૌચાલય માટે સહાયના અમલમાં રહેલા ધોરણો કયા કયા છે? અને તેમાં કેન્દ્ર સરકારનો અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શાળા શૌચાલય માટે સહાયનું ધોરણ ૩૫૦૦૦ રૂપિયા છે અને એમાં ૭૦:૩૦ એટલે ૨૪,૫૦૦ કેન્દ્ર સરકારનો હિસ્સો છે અને ૧૦,૫૦૦ એ રાજ્ય સરકારનો હિસ્સો છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, નવસારી જિલ્લામાં ૨૦૧૨–૧૩માં શાળા અને આંગણવાડી માટે શૌચાલય બનાવવાનો લક્ષ્યાંક શું હતો? અને સિદ્ધિ શું મળી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં શાળા શૌચાલય ૫૭૫ ભૌતિક સિદ્ધિ મળી છે અને ૯૬ %ની કામગીરી થઇ છે અને ખર્ચો શાળા શૌચાલયમાં ૧૫૮.૫૦ લાખ રૂપિયા. અને આંગણવાડીમાં ૩.૧૦ લાખ રૂપિયા અને એમાં જિલ્લામાં ૬૨ આંગણવાડીની સિદ્ધિ પ્રાપ્ત થઇ છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ નિર્મળ ભારત અભિયાન એટલે મને એમ લાગે કે, સ્વચ્છ ગામ, સ્વ ગામની જ ભારતીય જનતા પાર્ટીએ જે યોજના બનાવી એજ આ યોજના લાગે છે અને એજ નિર્મળ ભારત અભિયાન કાર્યક્રમ હેઠળ મારા નવસારી જિલ્લામાં જે પાંચ તાલુકાઓ છે એમાં કેટલા સામૂહિક શૌચાયલો બનાવવામાં આવ્યા છે અને કુલ ખર્ચ કેટલો છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ શાળા શૌચાલય, આંગણવાડી શૌચાલય અને સામૂહિક શૌચાલયની આ યોજના છે. એમાં નવસારી જિલ્લામાં વાંસદામાં ૧૭, અને ખર્ચ થયો છે ૩૪ લાખ રૂપિયા. ચીખલીમાં ૧૦, અને ખર્ચ થયો છે ૨૦ લાખ રૂપિયા. ગણદેવીમાં ૧૨ અને ખર્ચ થયો છે ૨૨.૮૦ લાખ રૂપિયા. નવસારીમાં ૪, અને ખર્ચ થયો છે ૮ લાખ રૂપિયા. જલાલપોરમાં ૯, અને ખર્ચ થયો છે ૧૮ લાખ રૂપિયા. કુલ મળીને ૫૨ સામૂહિક શૌચાલયો થયા છે અને ખર્ચ થયો છે ૧૦૨.૮૦ લાખ રૂપિયાનો.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ૫૭૫ શાળા શૌચાલયો અને ૬૨ આંગણવાડી શૌચાલયો, માનનીય અધ્યક્ષશ્રી, હજુ કુલ કેટલી શાળાઓ અને આંગણવાડીઓ બાકી છે નવસારી જિલ્લામાં કે જેનો હવે પછી તમે સમાવેશ કરશો અને ચાલુ વર્ષનો ટાર્ગેટ શું છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉના જવાબમાં જ આ જવાબ આપી દીધો છે. ફરીવાર, માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં શાળા શૌચાલયો ૫૭૫ થઇ છે અને ૯૬ ટકાની, બાકીની ૪ ટકા બાકી રહી છે અને આંગણવાડી છે એની સો ટકા થઇ છે.

**શિક્ષણનો અધિકાર આપતા કાયદાને રાજ્યમાં પૂર્ણતઃ લાગુ પાડવા બાબત**

* ૪૬૦૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શિક્ષણનો અધિકાર આપતા કાયદાને રાજ્યમાં પૂર્ણતઃ ક્યારથી લાગુ પાડવામાં આવનાર છે, અને | (૧) આ કાયદાનો અમલ રાજ્યમાં તા.૦૧–૦૪–૨૦૧૦ થી લાગુ કરેલ છે. |
| (૨) રાજ્ય સરકારે આ માટે તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરી? | (૨) નીચે મુજબ કાર્યવાહી કરેલ છે.<br>❖ મુખ્ય શિક્ષકની નવી કેડર ઉભી કરેલ છે અને તેના ભરતી નિયમો તા.૧૮–૦૧–૨૦૧૨ થી બહાર પાડેલ છે.<br>❖ તા.૧૮–૦૧–૨૦૧૨ થી આર.ટી.ઈ. રૂલ્સ ૨૦૧૨ પ્રસિદ્ધ કરવામાં આવ્યા.<br>❖ પ્રાથમિક શાળાઓમાં ૮૮૦૦ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે.<br>❖ સને ૨૦૧૧–૧૨ તેમજ ૨૦૧૨–૧૩ ના વર્ષમાં અનુક્રમે ૫૨૪૩ અને ૬૦૩૭ પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે.<br>❖ સને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગણિત–વિજ્ઞાનના ૫૧૬૦ અને ભાષાના ૬૫૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવેલ છે. |

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

❖ નીચે મુજબની બાંધકામની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| શાળાના ઓરડાઃ | ૧૫૦૭૯ |
| હેડમાસ્તર રૂમઃ | ૧૫૯૭ |
| ટોઇલેટ બ્લોકઃ | ૯૭૬૧ |
| કંપાઉન્ડ વોલઃ | ૨૮૪૭ |
| બાલા સ્કુલોનો વિકાસઃ | ૨૦૦ |
| શાળાઓનું મરામતઃ | ૧૬૨૭ |

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન એટલા માટે પૂછ્યો છે કે, ટ્રાયબલ વિસ્તારની અંદર ધોરણ–૮ ચાલુ કર્યા પછી પણ ગણિત–વિજ્ઞાનના શિક્ષકો આજ સુધી ભરાયા નથી એટલે મેં પ્રશ્ન પૂછ્યો છે અને શિક્ષકો નથી ભરાયા એની સામે વાંધો નથી પણ ટ્રાયબલ વિસ્તારમાં હજુ ઓરડાઓ પણ પૂરતા પ્રમાણમાં બન્યા નથી અને અંદર લખ્યું છે કે, કમ્પાઉન્ડ વોલ પણ બનાવી દેવામાં આવી છે એટલે મારા ટ્રાયબલ વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલ પણ પ્રાથમિક શાળામાં બની નથી એટલે મેં આ પ્રશ્ન પૂછ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે, (અંતરાય) હું ટ્રાયબલ વિસ્તારમાંથી આવું છું (અંતરાય) ટ્રાયબલ વિસ્તારમાં નથી ત્યાં એટલે મારો પ્રશ્ન પૂછવાનો ભાવાર્થ હતો એટલે મેં કહ્યું કે, આ સરકારે એલ. એન્ડ ટી.ના પણ ઓરડાઓ બનાવ્યા, સિન્ટેક્સના પણ ઓરડાઓ બનાવ્યા ટ્રાયબલ વિસ્તારમાં અને એને નોન–યુઝ કર્યા નથી...

અધ્યક્ષશ્રી : એવું નથી, તમારો પ્રશ્ન વાંચી જુઓ, શિક્ષણનો અધિકાર આપતા કાયદાને રાજ્યમાં પૂર્ણત: ક્યારથી લાગુ પાડવામાં આવનાર છે, અને રાજ્ય સરકારે આ માટે તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરી ? એમાં ઓરડાઓની કયાં વાત આવે ? છતાં પ્રશ્ન પૂછો તમે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આર.ટી.ઇ. કાયદો કેન્દ્ર સરકારે, રાજ્ય સરકારને અમલ કરવા માટે ક્યારે જણાવ્યું છે અને આ કેન્દ્ર સરકારે કાયદાના અમલીકરણ માટે જણાવ્યું તો રાજ્ય સરકારે જણાવ્યા પ્રમાણે બે વર્ષ મોડુ કર્યું તો મોડુ કરવાના કારણો શું છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આ કાયદાની અમલવારી કરવામાં ક્યાંય મોડુ નથી કર્યું પરંતુ આર.ટી.ઇ.–૨૦૦૯ અંતર્ગત ધોરણ–૮ની મંજૂરી માટે રાજ્યની પ્રાથમિક શાળાઓ પૈકી આર.ટી.ઇ.ની જોગવાઇઓ અનુસાર ધોરણ–૭માં ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ અને શહેરી વિસ્તારમાં ૨૫ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી અને નિયત બાકીની સુવિધા ધરાવતી હોય તેવી શાળાઓમાં ઉચ્ચતર પ્રાથમિક શાળા એટલે કે, ધોરણ–૮ શરૂ કરવાનું નક્કી કર્યું. રાજ્ય સરકાર દ્વારા આ કામગીરી તબક્કાવાર કરવામાં આવી જ રહી છે. જે વિસ્તારમાં ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં બે કે વધારે શાળાઓ હોય ત્યાં વધુ સંખ્યા ધરાવતી શાળાને મંજૂરી આપવાનું વલણ રહ્યું છે. આપણે ૨૦૧૦–૧૧માં ૫,૦૦૦ અને ૨૦૧૧–૧૨માં ૫,૨૪૩ આ રીતે શાળાઓને મંજૂરી પણ આપેલી છે.એમની વાત એ હતી કે કાંઇ કામ કર્યું નથી અને કાંઇ થતું નથી તો મારે એમને જણાવવું છે કે આર.ટી.આઇ. ની કલમ મુજબ ખાનગી શાળાઓમાં ૬ થી ૧૪ વર્ષના નબળા વર્ગના બાળકો માટે ૨૫ ટકા નામાંકન માટેની સીટો અનામત રાખવાની જોગવાઇ છે. કેન્દ્ર સરકાર ૬૫.૩૩ ટકા પ્રમાણે ફંડ આપે છે એવી વાત કરી છે પરંતુ કેન્દ્ર સરકાર આમાં કયાંય ભાગીદાર થતી નથી પરંતુ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજયની સંવેદનશીલ સરકારે બી.પી.એલ., એસ.ટી., એસ.સી. અને વિકલાંગ તેમજ અન્ય અપેક્ષિત જુથના જે બાળકો હોય એ બાળકો માટે ખાનગી શાળામાં અનામત રાખવાનું સો ટકા સરકારની ગ્રાન્ટમાંથી નકકી કર્યું છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફતે હું માનનીય મંત્રીશ્રીને વિગત આપવા વિનંતી કરું છું કે ગરીબ બાળકો માટે ૨૫ ટકા અનામત રાખવાની કાયદામાં જે જોગવાઇ કરી છે એ અંગે શું પગલાં લીધાં છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન હતો કે શું પગલાં લીધાં તો ૨૫ ટકા નામાંકન સીટો અનામત દરેક શાળામાં રાખવી એવી આર.ટી.ઇ.માં જોગવાઇ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે એક તરફી આ નિર્ણય તો લઇ લીધો, ૬૫.૩૫ ટકા પ્રમાણે ફંડ આપવાની વાત હતી એ ફંડ આપવાનું કાંઇ કર્યું નહીં. કેન્દ્ર સરકાર આમાં કયાંય ભાગીદાર થતી નથી અને ઉપરથી આ કાયદો અમારે પાછો લાગુ પાડવાનો. દેશના મોટાભાગના રાજયોમાંથી સૌ પ્રથમ ગુજરાત રાજય એવું છે કે આ વાત સિવાયની મોટાભાગની અમલવારી રાજયમાં થઇ ગઇ છે. એ મારા જવાબમાં પણ છે અને મેં કહ્યું એમ ૨૦૧૩–૧૪માં સારું શિક્ષણ આપતી ખાનગી શાળાઓ,

કોર્પોરેશનની શાળાઓ નબળા વર્ગના ઉપેક્ષિત બાળકો માટે ૨૫ ટકા અનામત પાયલોટ પ્રોજેક્ટ તરીકે લેવાનું આપણે નકકી કર્યું છે અને મહાનગરોની સ્કૂલોને આનું લક્ષ્યાંક આપવાનું પણ નકકી કર્યું છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ગણિત અને વિજ્ઞાનના ૫૧૬૦ અને ભાષાના ૬૫૦૦ વિદ્યા સહાયકની ભરતી કરવામાં આવી. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા એ માગું છું કે ધોરણ–૮ જે માધ્યમિક સ્કૂલમાં હતું એ ઉચ્ચતર પ્રાથમિક શાળામાં આવ્યું. હવે માધ્યમિક સ્કૂલમાંથી જે શિક્ષકો ફાજલ થયા એનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ? અને કેન્દ્ર સરકાર કેટલી ગ્રાન્ટ આમાં આપે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કેન્દ્ર સરકાર કોઇ ગ્રાન્ટ આપતી નથી. આર.ટી.ઇ.ના નિયમ પ્રમાણે ધોરણ–૮ અપર પ્રાયમરીમાં રાખવાનું નકકી કર્યું એટલે બે ભાગ થયા. લોઅર પ્રાયમરી એજયુકેશન અને અપર પ્રાયમરી એજયુકેશન. એને કારણે રાજય કક્ષાની સ્ટાફ સિલેકશન કમિટી કરીને આપણે સ્ટાફ ભરવાનું નકકી કર્યું. ૨૦૧૦–૧૧ની અંદર ગણિત, વિજ્ઞાન, અંગ્રેજીના કુલ દસ હજારની આપણે જાહેરાત કરી. ૨૦૧૧–૧૨માં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન એ છે કે જે આઠમા ધોરણમાં હતા, જે શિક્ષકો ફાજલ થયા એનો કયાં સમાવેશ કર્યો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : સાહેબ, એની કાર્યવાહી ચાલુ છે. આપણે ૧૩૦૦૦ની જાહેરાત હતી એમાંથી ૧૧૬૬૦ને ઓલરેડી સમાવી લીધા છે. જે બાકી છે એમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિના ઉમેદવારો ઉપલબ્ધ ન હોવાને કારણે બાકી છે. બાકીની બધી વ્યવસ્થાઓ કરી છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આર.ટી.ઇ. રૂલ્સ મુજબ જે ગ્રામ્ય લેવલે એસ.એમ.સી. કમિટી બનેલ છે એ એસ.એમ.સી. કમિટી દ્વારા જયારે બાંધકામના કામો કરવામાં આવે છે તો એના સુપરવિઝન માટે કોઇ એન્જીનીયરની ભરતી કરવામાં આવી છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાને લગતો પ્રશ્ન છે. આપણા રાજયની દરેક શાળાની અંદર આ કમિટી છે. એ કમિટીમાં શાળામાં ભણતા બાળકોના વાલી પણ રાખવામાં આવ્યા છે. ગ્રામ પંચાયતના સરપંચ એનું બાળક ભણતો ન હોય તો અને આ રીતે સાથે મળીને સૌની દેખરેખ હેઠળ આ કામ થતું હોય છે.

શ્રી અશ્વિન કોટવાલ : મેં પ્રશ્ન પૂછ્યો હતો.

અધ્યક્ષશ્રી : એક પણ નહિ. ૮ મિનિટ ચાલ્યો છે. તમે બેસો. આપ બેસી જાવ. નહિ, નહિ. એક મિનિટ.. પ્રશ્નોત્તરીમાં કોઇ ચર્ચા નહિ. બેસી જાવ. પ્રશ્નોત્તરીમાં ચર્ચા નહિ અશ્વિનભાઇ. પ્રશ્ન ક્રમાંકઃ૩ અરવિંદભાઇ.

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શાળા અને આંગણવાડી માટે બનાવેલ શૌચાલયો

* ૩૫૦૩ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શાળા શૌચાલય અને કેટલા આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા, અને | (૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં<br>(અ) જૂનાગઢ જિલ્લામાં ૨૨૧ શાળા શૌચાલય અને ૫૧ આંગણવાડી શૌચાલય બનાવવામાં આવ્યા.<br>(બ) પોરબંદર જિલ્લામાં ૧૬૧ શાળા શૌચાલય અને ૨૦ આંગણવાડી શૌચાલય બનાવવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તેની પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.<br>(અ) જૂનાગઢ જિલ્લામાં શાળા શૌચાલય માટે રૂ.૭૭.૩૫ લાખ અને આંગણવાડી શૌચાલય માટે રૂ.૪.૦૮ લાખ ખર્ચ કરવામાં આવ્યો.<br>(બ) પોરબંદર જિલ્લામાં શાળા શૌચાલય માટે રૂ.૫૬.૩૫ લાખ અને આંગણવાડી શૌચાલય માટે |

રૂ.૧.૯૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જૂનાગઢ જિલ્લાના નિર્મળ ભારત અભિયાન હેઠળ ડિસેમ્બર-૨૦૧૨ અંતિત છેલ્લાં બે વર્ષમાં કેટલા શાળા શૌચાલયો અને કેટલા આંગણવાડી શૌચાલયો તાલુકાવાઇઝ બનાવવામાં આવ્યા છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભેંસાણમાં શાળા શૌચાલયો ૫, જૂનાગઢમાં ૧૨, કેશોદમાં ૧૩, કોડીનારમાં ૧૮, માળિયા હાટીનામાં ૨૫, માણાવદરમાં ૧૯, માંગરોળમાં ૧૯, મેંદરડામાં ૭, સૂત્રાપાડામાં ૧૦, તલાલામાં ૧૫, ઉનામાં ૩૨, વંથલીમાં ૧૧, વેરાવળમાં ૧૩, વિસાવદરમાં ૨૨ આ શાળા શૌચાલયો અને આંગણવાડી શૌચાલયોમાં ભેંસાણમાં ૨, જૂનાગઢમાં ૨, કેશોદમાં ૧, કોડીનારમાં ૧૪, માળિયા હાટીનામાં ૨, માણાવદરમાં ૨, માંગરોળમાં ૨, મેંદરડામાં ૨, તલાલામાં ૨, ઉનામાં ૯, વંથલીમાં ૬, વેરાવળમાં ૩, વિસાવદરમાં ૪.

શ્રી જશુભાઇ ધા. બારડ : જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જે આંગણવાડી શૌચાલયો અને શાળા શૌચાલયો બનાવ્યા છે તો કુલ કેટલી શાળા છે જેમાં હજુ આ શૌચાલયો બનાવવાના બાકી છે અને કુલ કેટલી આંગણવાડીમાં આ શૌચાલયો બનાવવાના બાકી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૨૦ શાળા શૌચાલયો બાકી છે અને ૧૧ આંગણવાડી શૌચાલયો બાકી છે.

શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નિર્મળ ગ્રામ પુરસ્કાર હેઠળ ઇનામની રકમની જોગવાઇ શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૧૦૦૦ થી ઓછી વસ્તીવાળા ગામ હોય તો ૧ લાખ રૂપિયા, ૧૦૦૦ થી ૨૦૦૦ ની વચ્ચે હોય તો ૨ લાખ, ૨૦૦૦ થી ૪૦૦૦ ની વચ્ચે હોય તો ૪ લાખ અને ૫૦૦૦ થી ૧૦૦૦૦ ની વચ્ચે હોય તો ૮ લાખ અને ૧૦૦૦૦ કે તેથી વધુ હોય તો ૧૦ લાખ રૂપિયા. તાલુકા પંચાયત ૫૦,૦૦૦ સુધીની વસ્તી હોય તો ૧૫ લાખ અને ૫૦,૦૦૦ થી વધુ વસ્તી હોય તો ૨૦ લાખ અને ૧૦ લાખ સુધીની વસ્તી હોય તો ૩૦ લાખ રૂપિયા.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ જ પ્રકારનો પ્રશ્ન પહેલા હતો.

અધ્યક્ષશ્રી : તમારો સવાલ પૂછો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : અને જવાબ આપ્યો હતો. એ.પી.એલ. વાળાનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને ૨૦૦૦ રૂપિયા રાજ્ય સરકાર સહાય આપે છે, તો જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર એ.પી.એલ. જે ધરાવે છે તેવા કેટલા કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જૂનાગઢ જિલ્લામાં ૧,૫૫,૬૦૬ લક્ષ્યાંક હતો, એમાં ૧,૨૭,૭૯૭ સિદ્ધિ થઇ છે અને બાકીની ૨૭,૮૦૯ બાકી છે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઘન અને પ્રવાહી કચરાના નિકાલ માટેના પ્રોજેક્ટ માટેના ધોરણો શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૧૫૦ કુટુંબ સુધીની જો ગ્રામ પંચાયત હોય તો આ કામ માટે ૭ લાખ રૂપિયા આપવામાં આવે છે. ૧૫૧ થી ૩૦૦ કુટુંબ સુધીની ગ્રામ પંચાયત હોય તો ૧૨ લાખ અને ૩૦૦ થી ૫૦૦ કુટુંબ સુધીની ગ્રામ પંચાયત હોય તો ૧૫ લાખ રૂપિયા આપવામાં આવે છે અને ૫૦૦ કુટુંબથી ઉપરની ગ્રામ પંચાયત હોય તો ૨૦ લાખ રૂપિયા આપવામાં આવે છે.

## જોડિયા તાલુકામાં મનરેગા યોજના હેઠળ કુવાઓ બનાવવાની મંજૂરી

* ૩૬૭૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં મનરેગા યોજના હેઠળ કુવાઓ બનાવવા માટેની મંજૂરી તા. ૩૧મી ડીસે. ૨૦૧૨ની સ્થિતિએ સરકાર પાસે પડતર છે તે હકીકત સાચી છે, | (૧) ના. |
| (૨) જો હા, તો આ કામોને મંજૂરી ન આપવાના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મનરેગા યોજના હેઠળ દરિયાકિનારા વિસ્તારના વ્યક્તિગત લાભાર્થી માટે કૂવા ગાળવા માટે જીયોલોજીસ્ટના પ્રમાણપત્રની જરૂરિયાત રદ કરવા માગો છો કે કેમ? એક અને બીજો મનરેગા યોજના હેઠળ વ્યક્તિગત કૂવા મંજૂર કરવામાં આવે તો તેમાં કોઇ સ્થળ તપાસ કરવામાં આવે છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તેઓનો જે પ્રશ્ન છે તે મનરેગા યોજના જયારે ચાલુ થઇ ત્યારે જીઓલોજીસ્ટનું પ્રમાણપત્ર જોઇએ તેવું ત્યારે ન હતું, પણ ભારત સરકારે ૨૦૧૦ની સાલમાં એક પરિપત્ર કર્યો કે આવા વિસ્તારની અંદર કૂવા માટે પ્રમાણપત્ર લેવું. ત્યારપછી રાજય સરકારે દરેક ગ્રામ વિકાસ એજન્સીને આ પરિપત્રની જાણ કરી છે. જો ભારત સરકાર પુનઃવિચારણા કરે તો રાજય સરકાર આ બાબતમાં વિચાર કરશે. બીજો પ્રશ્ન છે કે વ્યક્તિગત કૂવાના લાભાર્થીની અરજી જયારે આવે ત્યારે લાભાર્થીને લાભ આપવા માટે તમામ ચકાસણી કરવામાં આવે છે. જેવી કે લાભાર્થીના ગામ નમુના નં.૧૬માં તપાસ કરવામાં આવે છે. તપાસ કર્યા પછી સ્થળ તપાસ કરવા જાય છે. સ્થળ તપાસ કરવા જાય ત્યારે તેનો ફોટો લેવામાં આવે છે. તે કૂવાનું ૫૦ ટકા કામ થાય ત્યારે પણ ફોટો લેવામાં આવે છે. પૂર્ણ કામ થાય ત્યારે ફોટો લઇ પૂરતી ચકાસણી કરી અને લાભ આપવામાં આવે છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી,આપના મારફતે મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે જૂથ સિંચાઇ યોજનાના કૂવાના કામો કોને આપી શકાય? તેમાં ગ્રામસભાની મંજૂરી જરૂરી છે કે કેમ? અને આ કૂવા બનાવવા માટે મશીનરીનો ઉપયોગ કરી શકાય કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જુથ કૂવા માટેની જે લાભાર્થીની યાદી છે તેમાં બી.પી.એલ. લાભાર્થી, એસ.સી., એસ.ટી., અને ઇન્દિરા આવાસના જે જૂના લાભાર્થી હોય તે લોકોને આ કૂવાનો લાભ આપી શકાય છે. પણ જયારે ગ્રામ પંચાયત એવું સર્ટિફીકેટ આપે કે હવે આવા લાભાર્થીની સંખ્યા નથી ત્યારે આપણે એ.પી.એલ.નો લાભાર્થી હોય, નાનો ખેડૂત હોય, સીમાંત ખેડૂત હોય તેને પણ લાભ આપી શકીએ છીએ. બીજો સવાલ છે ગ્રામસભાની મંજૂરી લેવી પડે છે કે કેમ? આમાં એક-એક કામમાં ગ્રામસભાની મંજૂરી લેવી પડે છે.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા ત્રણ વર્ષમાં જોડિયા તાલુકામાં મનરેગા યોજના હેઠળ કૂવા બનાવવા માટે કુલ કેટલી અરજી આવી, તે પૈકી કેટલી નામંજૂર કરવામાં આવી હતી? આ નામંજૂર કરવાના કારણો કયા કયા છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જોડિયા તાલુકામાં ચાર જ અરજીઓ આવી હતી. ચારેય અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી,આપના દ્વારા મંત્રીશ્રી પાસે મારે જાણવું છે કે, કૂવાનું કામ કરવા માટે બીજા ગામના જોબકાર્ડ ધારકોને મજૂરી કામ આપી શકાય કે કેમ? બીજો પ્રશ્ન છે કે જુથ કૂવાની મંજૂરીની પ્રક્રિયા શું છે? બીજું વધારાનું જાણવું છે કે...

અધ્યક્ષશ્રી : આ બે પ્રશ્નો બહુ છે. વધારાનું કંઇ નહીં.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે લાભાર્થીનો આપણે જે ગામની અંદર કૂવો મંજૂર કરીએ છીએ તે ગામમાં લાભાર્થીઓ જોબકાર્ડમાં કામ કરવા આવનારની સંખ્યા ન હોય તો પાંચ કિલોમીટરના અંતરે કોઇપણ ગામ આવતું હોય તો એ લાભાર્થીને આપણે કામે બોલાવી શકીએ છીએ. બીજો પ્રશ્ન છે કે જૂથ કૂવાની અરજીની વિગતોની ગ્રામ પંચાયતે ચકાસણી કરવાની હોય છે. તાલુકા કક્ષાએ પ્રોગ્રામ ઓફીસરે મંજૂરી આપવાની હોય છે. જિલ્લા કક્ષાએથી તેની મંજૂરી મળે છે. ભારત સરકારની ગાઇડ લાઇન મુજબ કૂવા માટે જીઓલોજીસ્ટનું પ્રમાણપત્ર લેવાનું ફરજિયાત છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ગામેગામ કૂવા ખોદવાના સ્પેશ્યાલીસ્ટ છે ખરા? મંત્રીશ્રીને વિનંતી છે કે કૂવા ખોદવા માટે સ્પેશ્યાલીસ્ટ લોકો કૂવા ઉંડા ઉતારી શકે, કૂવા ગાળી શકે. તે દરેક ગામમાં હોય તે સંભવ નથી. આપના મારફત મંત્રીશ્રીને સવાલ છે કે, કૂવા ઉંડા ઉતારનારા સ્પેશ્યાલીસ્ટ લોકો છે તેને આખા તાલુકામાં કયાંય મંજૂરી આપી શકાય કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો જે સવાલ છે કે કૂવા ખોદવાના સ્પેશ્યાલીસ્ટ માણસો ગામેગામ નથી હોતા. મારે પરેશભાઇને કહેવું છે કે ભૂતકાળમાં કૂવા ખોદવાનું કામ તમે કરીને કૂવા ખોદી નાંખ્યા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમારો જવાબ આપો.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર જે લાભાર્થી કે જેનો કૂવો ગાળવાનો હોય છે તે આજુબાજૂના ગામના લોકો હોય તો આવી કામગીરી માટે તેને લઇ આવતા હોય છે.

**પાટણ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

* ૩૪૭૫ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને | (૧) પાટણ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કુલ ૫૩૯૪ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તેની પાછળ રૂ.૧૨૯.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા અને એ શૌચાલયો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને જે બી.પી.એલ. લાભાર્થીઓ બાકી રહી જતા હોય તો એમના માટે શૌચાલયો કયારે બનાવવામાં આવશે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં પાટણમાં ૧૩૮૨ અને ખર્ચ થયો છે એ ૨૯.૪૯ લાખ રૂપિયા, સિધ્ધપુરમાં ૪૧૭ અને ખર્ચ થયો છે એ ૧૩.૨૧ લાખ રૂપિયા, ચાણસ્મામાં ૩૫૫ અને ખર્ચ થયો છે એ ૧૦.૬૩ લાખ રૂપિયા, હારીજમાં ૩૪૭ અને ખર્ચ થયો છે એ ૧૪.૪ લાખ રૂપિયા, સમીમાં ૧૦૮૧ અને ખર્ચ થયો છે એ ૨૩.૯ લાખ રૂપિયા, રાધનપુરમાં ૭૯૯ અને ખર્ચ થયો છે એ ૧૭.૬૨ લાખ રૂપિયા, સાંતલપુરમાં ૧૦૧૩ અને ખર્ચ થયો છે એ ૨૦.૯૪ લાખ રૂપિયા ખર્ચ થયો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સિધ્ધપુર તાલુકામાં બી.પી.એલ. કાર્ડની સંખ્યા કેટલી? હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, માત્ર ૪૧૭ જણા માટે શૌચાલયો બનાવ્યાં છે, તો જે બાકી રહી ગયા છે એમના માટે બનાવવા માટે કેટલા સમયમાં પૂર્ણ કરશો, અને ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, જે આપણે બે હજાર કે બાવીસો રૂપિયામાં બનાવીએ છીએ એ વાસ્તવિકતામાં રૂબરૂમાં જોવામાં આવે તો એની જે કવોલિટી છે અથવા ઉપર ચાર પતરાં લગાવીને કરીએ છીએ તો એમાં કોઇ સુધારો કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. લાભાર્થીમાં પાટણ જિલ્લામાં ૫૮૭૪૧માંથી ૫૮૭૪૧ની સિદ્ધિ થઇ છે, એટલે બી.પી.એલ.માં ૧૦૦ ટકા સિધ્ધિ થઇ છે. પાટણ જિલ્લો આવ્યો એટલે એમાં સિધ્ધપુર આવી જ ગયું. એ.પી.એલ.માં ૧૨૨૯૭૦માંથી ૧૦૭૭૫૨ એટલે કે ૧૫૨૧૮ બાકી છે અને બીજું, એમણે જે ડિઝાઇનની વાત કરી છે એ ગાઇડલાઇન પ્રમાણે છે, એટલે ગાઇડલાઇનમાં ફેરફાર થશે તો રાજય સરકાર પણ ફેરફાર કરશે.

શ્રી નાગરજી હ. ઠાકોર : : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નિર્મળ ગુજરાત યોજના હેઠળ રાજયમાં કેવી કામગીરી થઇ છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ એક જિલ્લા પૂરતો સવાલ છે, એટલે જિલ્લાનું પૂછવું હોય તો તમે પૂછો, આખા રાજયનું કહે છે એટલા માટે કહું છું અને જિલ્લાની તો માહિતી આપી દીધી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે રાજયની પણ માહિતી છે.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ પાટણ જિલ્લામાં ફેબ્રુઆરી, ૨૦૧૩ અંતિત કેટલા શાળા શૌચાલયો અને આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં ૭૬૦ શાળા શૌચાલયના લક્ષ્યાંકની સામે ૧૦૦ ટકા સિધ્ધિ મળી છે અને ૭૭૩ આંગણવાડી શૌચાલયની સામે પણ ૭૬૫ની સિધ્ધિ મળી છે.

શ્રી નિરંજન પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ યોજના બહુ સારી છે કે જે કરવા આપણે સૌ સર્વસંમત છીએ પણ એમાં એવું છે કે એક વખત લાભાર્થીને લાભ આપ્યો તે વખતે લગભગ ૧૬૦૦ જેટલા રૂપિયા આપ્યા હતા, અને એમાં ચાર પતરાં અને કંઇક એન્ગલ આપ્યા તો એ લોકોએ કંઇક ઢોરો ઉપર નાખી દીધાં અને ચાર પતરાંથી ખાડો થાય નહીં અને એટલે એ લોકોને પૂરતો લાભ મળ્યો નથી અને હવે કંઇક એ યોજનાના પૈસામાં વધારો થયો છે તો જે લાભાર્થીઓને એ લાભ નથી મળ્યો એ લાભાર્થીઓને ફરી લાભ આપીને ફરીથી સારી સુવ્યવસ્થા મળે એવી યોજના કરવા માગો છો કે કેમ અને એને લાભ ફરી આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્રની યોજના છે એટલે મેં કહ્યું એમ એમાં જો ગાઇડલાઇનમાં ફેરફાર કરવામાં આવશે તો થશે અને અત્યારે ૩૫૦૦૦ રૂપિયા તો છે જ.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાટણ જિલ્લામાં નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત ફેબ્રુઆરી, ૨૦૧૩ના અંત સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલા એ.પી.એલ. શૌચાલયો તાલુકાવાર બનાવવામાં આવ્યા?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ.પી.એલ. શૌચાલયોમાં પાટણમાં ૨૪૯૯, સિધ્ધપુરમાં ૧૧૧૦, ચાણસ્મામાં ૧૫૧૯, હારીજમાં ૧૩૧૧, સમીમાં ૧૮૦૩, રાધનપુરમાં ૧૦૧૯, સાંતલપુરમાં ૧૧૬૫ એમ કુલ મળીને એ.પી.એલ.શૌચાલયો પાટણ જિલ્લામાં ૧૦૪૨૬.

**સુરત અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શાળા અને આંગણવાડી માટે બનાવેલ શૌચાલય**

* ૩૫૦૯ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શાળા શૌચાલય અને કેટલા આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા, અને | (૧) સુરત અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં<br>- સુરત જિલ્લામાં ૩૧૨ શાળા શૌચાલય અને ૨૩૮ આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા.<br>- તાપી જિલ્લામાં ૪૧૯ શાળા શૌચાલય અને ૧૬૧ આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તેની પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.<br>- સુરત જિલ્લામાં શાળા શૌચાલય માટે રૂ.૧૦૯.૨૦ લાખનો અને આંગણવાડી શૌચાલયો માટે રૂ.૧૯.૦૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.<br>- તાપી જિલ્લામાં શાળા શૌચાલય માટે રૂ.૧૪૬.૬૫ લાખનો અને આંગણવાડી શૌચાલયો માટે રૂ.૧૨.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શાળા શૌચાલય અને આંગણવાડી શૌચાલયમાં ગુજરાત સરકારે જે પ્રયત્નો કર્યા છે એના લીધે ઘણાં કામો થયા છે અને મારે આજે સુરત અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન હેઠળ ડિસેમ્બર ૨૦૧૨ અંતિત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા શાળા શૌચાલયો અને આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા, અને તાલુકાવાર શું ખર્ચ થયો? બીજો પ્રશ્ન છે કે, બંને જિલ્લામાં કેટલા શાળા શૌચાલય અને કેટલા આંગણવાડી શૌચાલયો હવે આ બંને જિલ્લામાં બાકી રહ્યાં છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં શાળા શૌચાલય તાલુકા પ્રમાણે ચોર્યાસીમાં શાળા શૌચાલય ૫ માટે ૧.૭૫ લાખ રૂપિયા ખર્ચ, ઓલપાડમાં ૪૯ માટે ૧૭.૧૫ લાખ રૂપિયા, બારડોલીમાં ૩૪ માટે ૧૧.૯૦ લાખ રૂપિયા, પલસાણામાં ૬ માટે ૨.૧૦ લાખ રૂપિયા, કામરેજમાં ૬ માટે ૨.૧૦ લાખ રૂપિયા, મહુવામાં ૬૨ માટે ૨૧.૭૦ લાખ રૂપિયા, માંડવીમાં ૬૬ માટે ૨૩.૧૦ લાખ રૂપિયા, માંગરોળમાં ૨૮ માટે ૯.૮૦ લાખ રૂપિયા, ઉમરપાડામાં ૫૬ માટે ૧૯.૬૦ લાખ રૂપિયા અને તાપી જિલ્લામાં શાળા શૌચાલયમાં નિઝરમાં

૫૩, સોનગઢમાં ૧૦૯, ઉચ્છલમાં ૩૮, વ્યારામાં ૩૬, વાવોલમાં ૧૮૬ આમ કુલ ૪૧૯ અને એમાં ખર્ચ થયો છે ૨૫૫.૮૫ લાખ.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નિર્મળ ભારત અભિયાન કાર્યક્રમમાં કયા કયા પ્રકારના શૌચાલય અને કયા કયા પ્રકારની કામગીરી માટે કેટલી સહાય આપવામાં આવે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વ્યક્તિગત શૌચાલય માટે બી.પી.એલ. અને એ.પી.એલ. આ યોજના શરૂ થઇ ત્યારે માત્ર બી.પી.એલ.ની હતી રાજય સરકારે પછી એ.પી.એલ. માટે શરૂ કરી અને પછી કેન્દ્ર સરકારે શરૂ કરી. હવે અત્યારે બંને માટે ૪૬૦૦ રૂપિયાની સહાય મળે છે. શાળા શૌચાલય માટે ૩૫૦૦૦ રૂપિયા, આંગણવાડી શૌચાલય માટે ૮૦૦૦ રૂપિયા, સામૂહિક શૌચાલય માટે ૨ લાખ સુધીની સહાય મળે છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, એક શૌચાલય પાછળ એનો યુનિટ દીઠ કેટલો ખર્ચ થાય છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વ્યક્તિગત હોય તો ૪૬૦૦ રૂપિયા અને શાળા શૌચાલય હોય તો ૩૫૦૦૦ રૂપિયા અને આંગણવાડી શૌચાલય હોય તો ૮૦૦૦ રૂપિયા.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરત જિલ્લા વ્યક્તિગત શૌચાલય માટે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અને નિર્મળ ભારત અભિયાન કાર્યક્રમમાં અત્યાર સુધી લક્ષ્યાંકની સામે કેટલી સિદ્ધિ થઇ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અને નિર્મળ ભારત અભિયાન હેઠળ સુરત જિલ્લામાં ફેબ્રુઆરી અંતિત ૧,૫૮,૭૯૭ બી.પી.એલ.એટલે સો ટકા લક્ષ્યાંક થયો છે અને એ.પી.એલ.માં ૧,૫૫,૫૪૨ ની સામે ૧,૪૪,૮૨૬ થયા છે.

શ્રી કિશોર શિ. કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, શાળા શૌચાલયો અને આંગણવાડી શૌચાલયો માટે સહાયના જે ધોરણો છે એ વર્ષ ૨૦૦૩–૦૪માં કયા હતા? અને હાલમાં આના ધોરણો શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૩–૦૪માં ૨૨૦૦ હતા પછી ૩૨૦૦ થયા અને પછી ૪૬૦૦ થયા છે.

**કચ્છ જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક**

* ૩૪૫૦ **ડાં. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કેટલા વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી, અને

(૨) બાકી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર નીચે મુજબ વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવેલ છે.

| ભાષા | ગણિત–વિજ્ઞાન | કૂલ |
|---|---|---|
| ૪૭૩ | ૩૯૯ | ૮૭૨ |

(૨) જેમ બને તેમ જલદીથી.

**ડૉ. નીમાબેન આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં કુલ ૮૭૨ ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો અને ભાષાના શિક્ષકોની નિમણૂંકો વિદ્યા સહાયકોમાંથી કરવામાં આવી છે, જે રીતે શિક્ષણ ક્ષેત્રમાં ક્રાંતિ આવી છે,

**અધ્યક્ષશ્રી :** તમે બેન પ્રશ્ન પૂછો, પ્રસ્તાવના નહિ કરો.

**ડૉ. નીમાબેન આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ગણિત અને વિજ્ઞાનમાં લોકોની રૂચિ વધી છે અને પ્રાથમિક શાળામાં ક્રમિક વધારો કરીને જે રીતે ઉચ્ચ શિક્ષણની ગ્રામ્ય વિસ્તારમાં સુવિધાઓ કરવામાં આવી છે, તો હું એ જાણવા માગું છું કે તાલુકામાં કેટલા ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો અત્યારે છે, કેટલી જગ્યાઓ ખાલી છે અને ક્યાં સુધીમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

**શ્રી વસુબેન ન. ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી,કચ્છ જિલ્લામાં ભુજ તાલુકામાં ભાષા અને ગણિતના ૧૭૫ શિક્ષકોની જગ્યા ખાલી છે, માંડવીમાં ૧૧૩, નખત્રાણામાં ૮૩, લખપતમાં ૨૨, રાપરમાં ૧૧૨, અંજારમાં ૯૭,

ગાંધીધામમાં ૪૩, અબડાસામાં ૬૪ અને મુંદ્રામાં ૬૭ અને ભચાઉમાં ૯૬ એમ મળીને કુલ ૮૭૨ જગ્યાઓ ભાષા અને ગણિત અને વિજ્ઞાનની ખાલી છે.

**શ્રી છબીલભાઇ ના. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, કચ્છમાં એવી કેટલી સ્કૂલો છે કે જેમાં ધોરણ ૧ થી ૭ ચાલતા હોય, છતાંય એકજ શિક્ષક હોય અને એ એક જ શિક્ષક કેટલા સમયથી છે?

**શ્રી વસુબેન ન. ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી, એક થી પાંચ એટલે પ્રાયમરી અને પ્રાથમિકમાં ૧૬૬૨ ત્યાં સ્કૂલ છે અને એક પણ સ્કૂલ શિક્ષક વગરની હોય તેવું છે નહિ, ત્યાં સંખ્યા ઓછી છે અને સંખ્યા ઓછી હોવાના કારણે ૬૦ વિદ્યાર્થી સુધી બે શિક્ષકો, ૬૧ થી ૯૦ સુધી ૩ શિક્ષકો, ૯૧ થી ૧૨૦ સુધી ૪ શિક્ષકો, ૧૨૧ થી ૨૦૫ સુધી ૫ શિક્ષકો ભરવાની જોગવાઇ આર.ટી.ઇ. એકટ નીચે કરેલી છે અને એ મુજબ શિક્ષકો છે જ.

**શ્રી વાઘજીભાઇ ધ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આર.ટી.ઇ. ની જોગવાઇ અનુલક્ષીને ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર કેટલા શિક્ષકોની જગ્યાઓ મંજૂર કરવાનું ધોરણ છે અને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ઓછામાં ઓછાં કેટલા શિક્ષકોની જગ્યા મંજૂર કરવાની રહે છે?

**શ્રી વસુબેન ન. ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર જિલ્લામાં ગણિત, ભાષા, વિજ્ઞાન વિગેરે ધ્યાનમાં રાખીએ તો ૨૯૧ જગ્યાઓ ભરવાની બાકી છે, એનું ભરવાનું ધોરણ મેં હમણાં જ કહ્યું તેમ, માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૬ થી ૮ માટે ગણિત અને વિજ્ઞાન માટે ૧, ભાષા, વિજ્ઞાન માટે ૧ અને સામાજિક વિજ્ઞાન માટે ૧ એમ ૩ શિક્ષકો ભરવાના હોય છે અને દરેક ૩૫ વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછો ગમે તે એક શિક્ષક હોવો જોઇએ.

**ડો. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ૮૭૨ જેટલી વિજ્ઞાન અને ગણિતની જગ્યાઓ ખાલી છે, છેલ્લાં એક વરસમાં આ ભરતી નથી થઇ એના કારણે જે આઠમા ધોરણના છોકરાઓ હતા એ ગણિત ભણ્યા વગર આજે નવમા ધોરણમાં જવાના, એ વાત ખરી કે નહિ? અને બીજી બાબત એ છે કે ભાષા શબ્દ વાપર્યો છે એના લીધે મુશ્કેલી એ થાય છે કે, ભાષામાં સંસ્કૃત આવે છે, હિન્દી આવે છે અને અંગ્રેજી પણ આવે છે તો સૌથી વધુ માર્કસ સંસ્કૃતમાં આવવાના કારણે મોટાભાગના શિક્ષકો સંસ્કૃતના ભરાય છે એના લીધે અંગ્રેજીનું જે નોલેજ મળવું જોઇએ છોકરાંઓને એ મળી શકતું નથી તો આમાં ફેરફાર કરીને આઠમા ધોરણના છોકરાંઓને જે વિષય ભણાવવા માંગતા હોઇએ અંગ્રેજી તો અંગ્રેજી, એનું તમે ભાષાના બદલે વિષયવાર શિક્ષકોની નિમણૂંક કરવા માગો છો કે કેમ?

**શ્રી વસુબેન ન. ત્રિવેદી :** માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સૂચન છે, બાકી એમણે કહ્યું કે ૮૭૨ જગ્યાઓ ખાલી છે એ એટલા માટે કે આપણે ૮૮૦૦ વિદ્યા સહાયકોની ભરતીની જાહેરાત આપેલી છે, એની સામે સ્ટે છે અને સ્ટે હોવાના કારણે જગ્યાઓ ભરતી કરી શક્યા નથી. આપણી પૂરી તૈયારી છે. સ્ટે ઉઠશે કે તરત જ ભરતી કરી લઇશું.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, કચ્છ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ છે? તે પૈકી કેટલી ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ છે ? અને છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં ધોરણ–૮ કેટલા શરૂ કરવામાં આવ્યા છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં કુલ ૧૬૬૨ પ્રાથમિક શાળાઓ છે. તે પૈકી ૬૫૮ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ છે અને છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષ ૨૦૧૦માં ૨૩૫, વર્ષ ૨૦૧૧માં ૧૮૭ અને વર્ષ ૨૦૧૨માં કુલ–૨૩૬ એટલે કુલ–૬૫૮ સ્કૂલોમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવ્યું છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે ૬૦ની સંખ્યા હોય ત્યાં સુધી બે શિક્ષકો આપવામાં આવે છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, કચ્છ જિલ્લામાં ૬૦ની સંખ્યા હોય એવી કેટલી શાળાઓ છે ? અને ધોરણ દીઠ એક શિક્ષકની પ્રથા દાખલ કરવા માગો છો કે નહીં ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું છે કે, ૬૦ વિદ્યાર્થી હોય એવી કેટલી શાળાઓ છે? તે હું તેમને પછીથી આપી દઇશ. અને એવી એક પણ શાળા નથી કે જયાં એક પણ શિક્ષક ના હોય. (અંતરાય) આમાં સ્ટે ઉઠી જશે એટલે મળી જ જવાની છે.

## અમદાવાદ જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક

* ૩૪૫૧ **શ્રીમતી નિર્મલાબેન સુ. વાઘવાણી (નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં

**જવાબ**

(૧)

| વર્ષ | ગણિત– | ભાષા | કુલ |
|---|---|---|---|

કેટલા વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી, અને

| | **વિજ્ઞાન** | | |
|---|---|---|---|
| ૨૦૧૦ | ૨૭૯ | ૨૭૯ | ૫૫૮ |
| ૨૦૧૧ | ૨૩૮ | ૨૮૭ | ૫૨૫ |
| **કુલઃ** | **૫૧૭** | **૫૬૬** | **૧૦૮૩** |

(૨) બાકી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૨) જેમ બને તેમ જલદીથી.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, અમદાવાદ જિલ્લામાં ધોરણ–૬ થી ૮નું તાલુકાવાર મંજૂર કરાયેલ શિક્ષકોનું મહેકમ કેટલું છે ? હાલમાં કેટલાં શિક્ષકો ફરજ બજાવી રહ્યાં છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ? અને આ જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ૬ થી ૮ ધોરણનું તાલુકાવાર મંજૂર કરાયેલું શિક્ષકોનું મહેકમ માગ્યુ છે.

| **ગામનું નામ** | **મંજૂર મહેકમ** | **કામ કરતા શિક્ષકો** | **ખાલી જગ્યા** |
|---|---|---|---|
| દસક્રોઇ | ૬૩૬ | ૫૭૧ | ૬૫ |
| સાણંદમાં | ૩૯૨ | ૩૦૦ | ૯૨ |
| બાવળામાં | ૨૩૨ | ૨૧૦ | ૨૫ |
| ધોળકામાં | ૩૪૬ | ૩૨૫ | ૨૧ |
| વિરમગામમાં | ૩૨૫ | ૨૩૧ | ૯૪ |
| દેત્રોજમાં | ૧૬૫ | ૧૧૦ | ૫૫ |
| માંડલમાં | ૧૩૯ | ૭૮ | ૬૧ |
| ધંધુકામાં | ૨૨૭ | ૧૮૪ | ૪૩ |
| બરવાળામાં | ૧૩૮ | ૮૨ | ૫૬ |
| રાણપુરમાં | ૧૭૨ | ૧૪૦ | ૩૨ |

આમ, કુલ મંજૂર થયેલું મહેકમ ૨૯૯૦નું છે, ૨૪૩૦ શિક્ષકો કામ કરે છે અને ૫૬૦ જગ્યાઓ ખાલી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, એમના અગાઉના જવાબમાં પણ તેમણે કહ્યું કે સ્ટે હોવાના કારણે આ જગ્યાઓ ભરી શકાતી નથી. અને લગભગ ૫૬૦ જેટલી જગ્યાઓ અમદાવાદ જિલ્લામાં જયારે ખાલી છે ત્યારે આ સ્ટે કઇ તારીખે મળ્યો ? અને સ્ટે ઉઠાવવા માટે ગુજરાત સરકારે કોઇ પગલાં ભર્યા છે કે કેમ ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એ કાયદા વિભાગનો પ્રશ્ન છે, મને ના પૂછે. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હાઇકોર્ટમાં સ્ટે ઉઠાવવા માટેના પ્રયત્નો ચાલે છે અને નામદાર કોર્ટને વિનંતી કરી છે, કે દર સોમવારે આ કેસ ચાલે અને ઝડપથી નિકાલ થાય તેના માટેના રાજય સરકારે પ્રયત્નો કર્યા છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં વર્ષ વાઇઝ અને વિષય વાઇઝ કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : આખા રાજયની ખાલી જગ્યાઓ છે તેના માટે ખૂબ સારા પ્રયત્નો કરવામાં આવ્યા છે અને અમદાવાદ જિલ્લામાં ૨૦૧૦માં ગણિત વિજ્ઞાનમાં ૨૭૯ અને ભાષામાં ૨૭૯ એમ કુલ ૫૫૮, ૨૦૧૧માં ગણિત વિજ્ઞાનમાં ૨૩૮ અને ભાષામાં ૨૮૭ એમ કુલ ૫૨૫, એટલે ટોટલ જોઇએ તો ૫૧૭ ગણિત વિજ્ઞાનમાં અને ૫૬૬ ભાષામાં કુલ ૧૦૮૩ શિક્ષકોની ભરતી અમદાવાદ જિલ્લામાં કરવામાં આવી છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૮મું

ધોરણ ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં લીધું હોવાથી ૮માં ધોરણમાં પી.ટી.ના શિક્ષકોની ભરતી કરવા માગે છે કે કેમ?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : પી.ટી.ના શિક્ષકોની ભરતી કરવાની કાર્યવાહી ચાલુ છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં કુલ પ્રાથમિક શાળાઓ કેટલી છે અને તે પૈકી કુલ કેટલી ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ છે અને છેલ્લા ૩ વર્ષમાં કેટલી ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૮ના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં કુલ ૯૦૫ પ્રાથમિક શાળાઓ છે અને ૬૬૬ ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ છે. છેલ્લા ૩ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૦માં ૨૭૯, ૨૦૧૧માં ૨૧૨ અને ૨૦૧૨માં ૧૭૫ એમ કુલ ૬૬૬ ધોરણ ૮ ના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

**મેઘરજ તાલુકામાં નરેગા યોજના હેઠળ કામ કરતા શ્રમિકોને વેતન ચૂકવવા બાબત**

* ૪૯૫૪ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકામાં નરેગા યોજના હેઠળ કામ કરતા શ્રમિકોને છેલ્લા કેટલા સમયથી વેતન ચૂકવવામાં આવ્યુ નથી, | (૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકામાં નરેગા યોજના હેઠળ કામ કરતા શ્રમિકોને ડિસેમ્બર–૨૦૧૨ થી વેતન ચૂકવવામાં આવેલ નથી. |
| (૨) તેના કારણો શા છે, અને | (૨) ભારત સરકાર તરફથી અપૂરતી ગ્રાન્ટ ઉપલબ્ધ થવાના કારણોસર. |
| (૩) આ વેતન ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી સત્વરે ચૂકવવામાં આવશે. |

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછયો છે એમાં જવાબમાં લખેલ છે કે શ્રમિકોને ડિસેમ્બર–૨૦૧૨ થી વેતન ચૂકવવામાં આવેલ નથી. આ જવાબ સત્યથી વેગળો છે, મને ખ્યાલ છે ત્યાં સુધી ઓકટોબરથી આ શ્રમિકોને વેતન મળેલ નથી જયારે માનનીય મંત્રીશ્રી ડિસેમબર ૨૦૧૨ થી મળેલ નથી એમ કહે છે. આ શ્રમિકો પરસેવો પડે છે એમને ૧૫ દિવસમાં પેમેન્ટ મળી જવું જોઇએ, પણ એક વર્ષથી મળ્યું નથી તો આ વેતન કયાં સુધીમાં મળશે તે મારે જાણવું છે અને બીજું કે એમણે કહ્યું કે ભારત સરકાર તરફથી ગ્રાન્ટની ઉપલબ્ધિ થયેથી, તો મારે એ પૂછવું છે કે આ ૨૦૧૨ના વર્ષમાં ભારત સરકારનું ઓપનિંગ બેલેન્સ કેટલું હતું અને કયા કયા સમયે કેટલા હપતા મળ્યા છે ? અને કયા કારણસર આ પેમેન્ટ મેઘરજ તાલુકામાં હજુ સુધી ચૂકવાયું નથી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબમાં જ આપ્યું છે કે ડિસેમ્બરથી ચૂકવવાનું બાકી છે, રાજયના ગ્રામ વિકાસ વિભાગે ડિસેમ્બરથી ભારત સરકાર પાસે અનેક પત્રોથી ગ્રાન્ટની માગણી કરી છે. ભારત સરકાર દ્વારા વારંવાર કવેરી કાઢીને એમ પૂછવામાં આવે છે કે વી. આઇ. પી.ઓની ફરિયાદ પહેલા સોલ્વ કરો, હવે આ વી. આઇ. પી. લોકો એમાં બી. કે. હરિપ્રસાદ, પ્રભાબેન તાવીચાડ, સવસીભાઇ મકવાણા, મધુસુદન મિસ્ત્રી, સિધ્ધાર્થભાઇ પટેલ છે, ભારત સરકારે લખ્યું છે કે આ વી.આઇ.પી.ની ફરિયાદ સોલ્વ કરો પછી ગ્રાન્ટ આપીએ. ત્યાર પછી અહીંથી રાજય સરકારના બે અધિકારીઓએ ત્યાં રૂબરૂ જઇને એમ કહ્યું કે આ ગરીબ લોકોને ચૂકવવા માટે નાણાની જરૂર છે. એટલે ૨૮–૨–૨૦૧૩ના દિવસે ૬૪ કરોડ રૂપિયાનો એક હપ્તો આપ્યો. અને દરેક જિલ્લામાંથી માગણીઓ મંગાવવામાં આવી છે અને માગણીઓ મંગાવ્યા પછી એ હપ્તામાંથી સાબરકાંઠા જિલ્લાને પણ આ ગ્રાન્ટ આપવામાં આવેલી છે.

અધ્યક્ષશ્રી : હમણાં જ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ડિસેમ્બર, ૨૦૧૨થી વેતન ચૂકવવાનું બાકી છે તેથી જો એ પહેલાનું વેતન ચૂકવવાનું બાકી હોય તો તમે મંત્રીશ્રીને કહેજો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : છેલ્લું ચૂકવણું ૩૦–૧૧–૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : ગુજરાત સરકાર દ્વારા નરેગા યોજના હેઠળ ગ્રામ સચિવાલય બી.એન.આર.જી.ના બાંધકામ માટે રાજય સરકાર તરફથી ખાસ કોઇ નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે ગ્રામ સચિવાલય બનાવવા માટે આપણા દેશના તમામ રાજયોમાંથી આ એક રાજય એવું છે કે જે ૪ લાખ ૬૫ હજારનો ફાળો આપે

છે. એક યુનિટની કોસ્ટમાં ૪ લાખ ૬૫ હજાર ફાળો આખા ભારતમાં ફકત ગુજરાત સરકારે જ આપવાનો નિર્ણય કર્યો છે. જેથી સારું કામ થાય, સારું સચિવાલય બને એના માટે બજેટ જોગવાઇ કરીને આ નિર્ણય લીધો છે.

ડો. ભારતીબેન ધી. શ્યાળ : આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નરેગા યોજના ચાલે છે એના લાભાર્થીઓને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ આપવા માટે રાજય સરકાર કોઇ નાણાકીય જોગવાઇ કરે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આ યોજનાની અંદર જે લોકો કામ ઉપર આવે છે એનું મેડીકલ વીમા કવચ ભારત સરકાર દ્વારા માત્રને માત્ર ૦ થી ૧૬ના લાભાર્થીઓને જ આપવામાં આવે છે. પરંતુ આ યોજનાની અંદર ૧૭ થી ૨૦ ના લોકો પણ આવે છે, એ.પી.એલ. ના લોકો પણ આવે છે તેથી એના વીમા કવચ માટેની તમામ વ્યવસ્થા રાજય સરકાર કરે છે અને એના માટે આ બજેટમાં દસ કરોડ રૂપિયાની ફાળવણી પણ કરી છે. અને એની જોગવાઇ મુજબ વીમો ચૂકવવામાં આવે છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : નરેગા યોજના સો ટકા કેન્દ્ર સરકારની યોજના છે. અને આ સો ટકા યોજના હોવાને કારણે રાજય સરકાર આ યોજનાની અંદર રસ નથી લેતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રામસિંહભાઇ, તમે સીધો સવાલ પૂછો. રાજય સરકાર રસ નથી લેતી તો રસ લીધા વગર આટલી બધી રકમનું ચૂકવણું કર્યું છે? માટે તમે સીધો સવાલ જ પૂછો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : ડિસેમ્બર, ૨૦૧૨ સુધીની કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને એના લાભાર્થીઓની સંખ્યા કેટલી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : મારા પહેલા પ્રશ્નનો જવાબ જોઇ જાવ. રાજય સરકાર આમાં રસ નથી લેતી એવી સભ્યશ્રી વાત કરે છે પરંતુ બી.કે. હરિપ્રસાદ અન્ય સ્ટેટના એમ.પી. છે. ફકત આ યોજનાને ખોરંભે પાડવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ કોંગ્રેસના પ્રભારી છે. (અંતરાય)

(આ તબક્કે શાસકપક્ષ અને વિરોધ પક્ષના સભ્યશ્રીઓ જગ્યા ઉપર ઉભા થઇ જતાં)

અધ્યક્ષશ્રી : સૌ પોત પોતાની જગ્યા ઉપર બેસી જાવ. માનનીય મંત્રીશ્રીએ પહેલા પ્રશ્નના જવાબમાં કહ્યું જ છે અને એ રેકર્ડ ઉપર જવાબ છે જ. સૌ પ્રથમ મંત્રીશ્રીએ કહ્યું કે આટલા આટલા લોકોની વાંધા અરજીઓ પહેલા પૂરી કરો એ પછી જ અમે તમને પૈસા આપીશું એમ કેન્દ્ર સરકારે રાજય સરકારને કહ્યું છે. તેથી આમાંથી તમારે જે કંઇ સવાલ પૂછવો હોય તે પૂછજો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં તેમણે કહ્યું કે રસ લેતા નથી, તેમાં બીજો પડઘો મારે પાડવો છે..

અધ્યક્ષશ્રી : પડઘો રહેવા દો, એકવાર પાડ્યો, હવે રહેવા દો. આજનો પડઘો પડી ગયો હવે કાલે વાત. એમનો જવાબ આપો નહીંતર બીજાંને ઉભા કરું.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં વહીવટી ખર્ચ ૬ ટકા આવે છે. આ યોજનાનું સારૂં મેનેજમેન્ટ થાય, સારી દેખરેખ રખાય એમાં રાજય સરકારે ૨૦ કરોડની મેનેજમેન્ટ માટેના ખર્ચની જોગવાઇ કરી છે. તેમના બીજા પ્રશ્નમાં તેમણે એમ કહ્યું કે.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : રામસિંહભાઇ, બેસો તમે. (અંતરાય) આ રીત નથી. હું તમામ લોકોને સૂચના આપું છું. જે પ્રશ્ન પૂછનાર અને જવાબ આપનાર છે તેમાં કોઇએ ઉભા થવાની જરૂર નથી. શાંતિ રાખો, પ્રશ્નોત્તરીનો એક કલાકનો સમય છે. બીજાંના પણ પ્રશ્નો હોય. જે જવાબ આપવો હોય તે ટૂંકમાં તરત જ આપી દો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે એમ કહ્યું કે આ ચૂકવણું બાકી છે એ કયારે કરવામાં આવશે? આ પ્રશ્ન માત્ર મેઘરજ તાલુકા પૂરતો છે.

અધ્યક્ષશ્રી : મેઘરજ તાલુકાની કેટલી રકમ બાકી છે એ કહો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : શ્રમિકોને વેતન ચૂકવવાનું બાકી નથી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન બધાને પૂછવાના હોય, બધાનો વારો ન આવી શકે. મર્યાદિત ચારેક લોકોનો જ વારો આવે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત પૂછવા માગું છું કે માનનીય મંત્રીશ્રી કહે છે, મારી પાસે તારીખ છે. કેન્દ્ર સરકારે ચાર હપ્તા આપ્યા એ કઇ કઇ તારીખે આપ્યા અને રાજય સરકારે જે આપવા જોઇએ એ કઇ કઇ તારીખે આપ્યા અને છેલ્લો હપ્તો કઇ તારીખે આપ્યો?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : શાંતિથી સાંભળજો, જવાબ આપું છું. અધ્યક્ષશ્રી, પહેલો હપ્તો તા. ૧૭-૫-૨૦૧૨ના રોજ.

અધ્યક્ષશ્રી : તમને બધા શાંતિથી જ સાંભળે છે પણ એ સાંભળ્યા પછી શાંતિ રહે એવો જવાબ આપો..

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : બીજો હપ્તો ચૂકવવામાં આવ્યો છે તા. ૨-૮-૨૦૧૨ના રોજ. ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો છે તા. ૧૪-૧૧-૨૦૧૨ના રોજ. ચોથો હપ્તો ૨૮-૨-૨૦૧૩. તેમણે રાજય સરકારની વાત કરી. રાજય સરકારના હપ્તા હજી આજે કાયદેસર આ બજેટ જોગવાઇનું બેલેન્સ પડ્યું છે. રાજય સરકારનો હપ્તો કાયદેસર એ પૈસા આવે એટલે ત્યાર પહેલાં ચૂકવાઇ જાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકારના કોઇ પૈસા તમારી પાસે જમા પડ્યા છે આપ્યા વગરના?, એમ તેમનું કહેવાનું છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : અત્યારે હાલમાં ૮ કરોડ ૨૪ લાખનું બેલેન્સ છે, તેની સામે જિલ્લામાંથી માગણી બહુ મોટી છે. આ વિભાગ એવું વિચારે છે કે ભારત સરકારનો બીજો હપ્તો આવે એટલે ચૂકવવાના છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : છેલ્લો હપ્તો કઇ તારીખે આપ્યો તમે? (અંતરાય) કેન્દ્રનો ને, એ જ તો કહે છે. આઠ લાખ બાકી છે..

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : છેલ્લો હપ્તો ફેબ્રુઆરીમાં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ જ કહે છે. એમાંથી આઠ લાખ બાકી છે. (અંતરાય) આમાં ચર્ચા નહીં, ૧૨ મિનિટ થઇ. પ્રશ્ન ક્રમાંક-૧૦. માનનીય કનુભાઇ.

**વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

* ૩૪૯૪ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને | (૧) વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે ૨૯૩૨ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તેની પાછળ રૂ.૫૧.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નિર્મળ ભારત અભિયાન હેઠળ ડિસેમ્બર-૨૦૧૨ અંતિત બી.પી.એલ. શૌચાલય વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા બનાવવામાં આવ્યા છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ડિસેમ્બર-૨૦૧૨ અંતિત બી.પી.એલ. શૌચાલય તાલુકાવાર વલસાડમાં ૮૪, પારડીમાં ૫૩૭, ધરમપુરમાં ૮૫૯, કપરાડામાં ૧૪૫૨ કુલ મળીને ૨૯૩૨.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**દાહોદ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શાળા અને આંગણવાડી માટે બનાવેલ શૌચાલય**

* ૩૫૧૩ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શાળા શૌચાલય અને કેટલા આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા, અને | (૧) દાહોદ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૭૨૦ શાળા શૌચાલય અને ૨૬૨ આંગણવાડી શૌચાલયો બનાવવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) શાળા શૌચાલય માટે રૂ.૨૪૨.૫૫ લાખનો |

અને આંગણવાડી શૌચાલયો માટે રૂ.૨૨.૯૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં સ્વાયત શાળા સંચાલનમાંથી સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં ફેરવવા માટેની માગણી**

* ૩૫૭૩ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓને સ્વાયત શાળા સંચાલનમાંથી સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં ફેરવવા માટે કઈ કઈ સંસ્થાઓએ માગણી કરી, અને

(૨) આવી કુલ કેટલી માગણીઓ સરકાર પાસે આવી, અને તે પૈકી કઈ કઈ સંસ્થાઓની માગણીઓ સરકારે ગ્રાહ્ય રાખી ?

**જવાબ**

(૧) **પ્રાથમિક**
– એક પણ નહીં.
**માધ્યમિક**
– એક પણ નહીં.
**ઉચ્ચતર માધ્યમિક વિભાગ–૦૧**
શ્રી છાણી વિભાગ વિકાસ કેળવણી મંડળ, છાણી, તા.ખાનપુર સંચાલિત.
વન વિહાર ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, છાણી, નવાગામ, તા.ખાનપુર.

(૨) **પ્રાથમિક**
– એક પણ માંગણી આવેલ નહીં.
**માધ્યમિક**
– એક પણ માંગણી આવેલ નહીં.
**ઉચ્ચતર માધ્યમિક વિભાગ–૦૧**
– ૦૧ (એક)
– એક પણ માંગણી ગ્રાહ્ય રાખેલ નથી.

---------

**કચ્છ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

* ૩૪૭૩ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કુલ ૫૫૬૪ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(૨) તેની પાછળ રૂ.૩૧.૯૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**રાજકોટ અને કચ્છ જિલ્લા સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ સ્વનિર્ભરમાંથી ગ્રાન્ટેડમાં ફેરવવાની દરખાસ્તો**

* ૩૬૬૫ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને કચ્છ જિલ્લાની કેટલી સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ સ્વનિર્ભરમાંથી ગ્રાન્ટેડમાં ફેરવવા દરખાસ્તો કરવામાં આવી,

**જવાબ**

(૧)

| વિભાગ | રાજકોટ | કચ્છ | કુલ |
|---|---|---|---|
| માધ્યમિક | ૦૪ | ૦૬ | ૧૦ |
| ઉચ્ચતર માધ્યમિક | ૦૪ | ૦૪ | ૦૮ |
| **કુલઃ** | **૦૮** | **૧૦** | **૧૮** |

(૨) તે પૈકી કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓની શાળાઓને ગ્રાન્ટેડમાં ફેરવવામાં આવી,

(૨) શૂન્ય.

(૩) કેટલી દરખાસ્તો પડતર છે, અને

(૩) ૧૮.

(૪) તે કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ?

(૪) આ બાબત નીતિ વિષયક હોઇ, હાલ વિચારણા હેઠળ છે.

---------

**અમરેલી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

* ૩૪૮૪ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કુલ ૬૩૦૦ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(૨) તેની પાછળ રૂ.૧૪૬.૩૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**નર્મદા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

* ૩૪૯૦ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે ૬૮૧૭ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(૨) તેની પાછળ રૂ.૧૮૩.૫૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**જામનગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

* ૩૪૮૨ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. કુટુંબો માટે ૫૮૮૪ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(૨) તેની પાછળ રૂ.૧૫૦.૦૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**જેતપુર પાવી તાલુકામાં ગોકુળગામ યોજના હેઠળ ઓઈલ એન્જીનની ખરીદી**

* ૪૯૧૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ના રોજ છેલ્લા બે વર્ષમાં જેતપુર પાવી તાલુકામાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ કેટલા ઓઈલ

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર પાવી તાલુકામાં તા.૩૧–૧–૨૦૧૩ ના રોજની સ્થિતિએ તા.૧–૨–૨૦૧૧ થી તા.૩૧–૧–૨૦૧૨ સુધીના સમયગાળામાં

એન્જીન કયા ભાવે ખરીદાયા,

૨૫ ઓઇલ એન્જીનની ભાવ રૂ.૩૬,૫૦૦/- ના દરે ખરીદી કરવામાં આવી છે. તા.૧-૨-૨૦૧૨ થી તા.૩૧-૧-૨૦૧૩ સુધીમાં કોઇ ઓઇલ એન્જીનની ખરીદી કરવામાં આવેલ નથી.

(૨) કઈ પદ્ધતિથી ખરીદાયા, અને

(૨) વર્તમાનપત્રમાં જાહેરાત આપીને ઇ-ટેન્ડરીંગ પદ્ધતિથી ખરીદી કરવામાં આવી છે.

(૩) ટેન્ડર પ્રક્રિયા નહીં કરવાના કારણો શા છે ?

(૩) દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિદ્ધ કરીને ઇ-ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવો મેળવીને ખરીદી કરવામાં આવેલ છે. આથી ટેન્ડર પ્રક્રિયા નહીં કરવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

**ગાંધીનગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

* ૩૪૭૭ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ માં બી.પી.એલ. કુટુંબો માટે ૧૦૪૪ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા.

(૨) તેની પાછળ રૂ.૨૩.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**રાજ્યની અદાલતોમાં પડતર કેસો અંગે પગલાં**

* ૩૫૩૯ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની જુદી જુદી અદાલતોમાં કેસો પડતર રહેવાના કારણો દૂર કરવા રાજ્ય સરકાર તરફથી શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

બંધારણની કલમ ૨૩૫ હેઠળ ન્યાયતંત્ર ઉપર વહીવટી અંકુશ વડી અદાલતનો રહ્યો છે. અને તાબાની કોર્ટો પર વડી અદાલતોનો સંપૂર્ણ વહીવટી અંકુશ રહેલો છે. કેસોના ઝડપી નિકાલ માટે વડી અદાલત ચાંપતી નજર રાખે છે અને જરૂર જણાય ત્યાં જૂના કેસોનો નિકાલ માટે સૂચના આપે છે. વહીવટી અને ન્યાયિક બાજુની કામગીરી શક્ય તેટલી કોમ્પ્યુટરાઇઝડ કરવામાં આવે છે. કેસોના નિકાલ માટે અવારનવાર લોક અદાલત યોજીને તથા સાંધ્ય કોર્ટોમાં કેસો ચલાવીને કેસોને ઝડપી નિકાલ કરવામાં આવે છે.

સ્વર્ણિમ ગુજરાત સ્થાપના ઉજવણી નિમિત્તે એડીશનલ જિલ્લા જજની ૧૦૦ કોર્ટો, સીનીયર સિવીલ જજની ૨૨૫ કોર્ટો અને સિવીલ જજની ૩૭૫ કોર્ટો એમ મળીને કુલ ૭૦૦ કોર્ટોનું સંખ્યાબળ ઉભું કરેલ છે. આ ઉપરાંત એસીબીની ૭ કોર્ટો, એસસી, એસ.ટી. ની ખાસ કોર્ટો-૭, ઇલેક્ટ્રીસીટી એક્ટ હેઠળની ખાસ કોર્ટો-૨૫, નેગોશીયબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ૧૨ ખાસ કોર્ટોની સ્થાપના કરેલ છે.

---------

## અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરની ફાળવણી

* ૩૫૬૦ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરની ફાળવણી કરવામાં આવી,

(૨) બાકી રહેલી શાળાઓમાં ક્યાં સુધીમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવશે, અને

(૩) કોમ્પ્યુટર ફાળવેલ કેટલી શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ કોમ્પ્યુટરના તજજ્ઞ શિક્ષકો ધ્વારા અપાય છે અને કેટલી શાળાઓમાં તજજ્ઞ શિક્ષકો નથી ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કોમ્પ્યુટરની ફાળવણી કરેલ શાળાઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કોમ્પ્યુટર લેબ ફાળવેલ શાળાઓ |
|---|---|
| માંડલ | ૦ |
| દેત્રોજ | ૧ |
| સાણંદ | ૦ |
| વિરમગામ | ૩ |
| સીટી | ૩૪ |
| દસક્રોઈ | ૧૫૫ |
| ધંધુકા | ૭૧ |
| ધોળકા | ૪૬ |
| રાણપુર | ૨૩ |
| બાવળા | ૧ |
| બરવાળા | ૨૪ |
| **કુલ** | **૩૫૮** |

(૨) હાલના તબક્કે કોમ્પ્યુટર એડેડ લર્નિગ પ્રોજેકટ અંતર્ગત ઉચ્ચ પ્રાથમિક શાળાઓને જ કોમ્પ્યુટર લેબો ફાળવવામાં આવેલ છે. પ્રાથમિક કક્ષા ધોરણ ૧ થી ૫ સુધીની શાળાઓને કોમ્પ્યુટર લેબ ફાળવવાની જોગવાઈ નથી.

(૩) કોમ્પ્યુટર લેબ ફાળવેલ શાળાઓમાં ૫ (પાંચ) શાળા દીઠ એક સ્કુલ કો. ઓર્ડિનેટર છે જે કોમ્પ્યુટર તજજ્ઞ છે. જેની મદદથી શાળાના શિક્ષકો કોમ્પ્યુટર દ્વારા બાળકોને શિક્ષણ આપે છે. કોમ્પ્યુટર લેબ ફાળવેલ તમામ શાળાઓમાં પાંચ શાળાદીઠ એક સ્કુલ કો. ઓર્ડિનેટર છે.

---------

## ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી

* ૩૪૫૬ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળામાં કેટલા આચાર્યની ભરતી કરવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેતી પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૯૮ આચાર્યની ભરતી કરવામાં આવેલ છે.

(૨) જેમ બને તેમ જલદીથી.

---------

## રાજ્યકક્ષાના વિજ્ઞાન મેળાનું નિયમિત આયોજન

* ૩૪૨૩ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યકક્ષાના વિજ્ઞાન મેળાનું નિયમિત આયોજન દર વર્ષે કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૨-૧૩માં આ મેળાનું આયોજન ક્યાં કરવામાં આવેલ, | (૨) રાજકોટ ખાતે. |
| (૩) તેમાં કેટલી શાળાઓએ ભાગ લીધો હતો, અને | (૩) ૩૫૦ શાળાઓએ ભાગ લીધેલ હતો. |
| (૪) આ વિજ્ઞાનમેળામાં કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી ? | (૪) અંદાજીત ૪ લાખ કરતા વધુ. |

---------

**રાજકોટ જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર કોલેજો**

* ૩૪૧૮ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧૪ સંસ્થાઓ. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૭૦૫૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૨-૧૩ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૫૮૨૦ બેઠકો. |
| (૪) હજુ કેટલી ડીગ્રી ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૧૨૩૦ બેઠકો. |

---------

**સુરત અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ કુટુંબો માટે બનાવેલ શૌચાલય**

* ૩૪૯૨ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૮. | ૨૨૧૦–તબીબી... આરોગ્ય ૦૧–શહેરી ... એલોપેથી ૧૧૦–હોસ્પિટલ અને દાવાખાના રૂ. ૮,૦૯,૫૮,૨૭,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પા.નં. ૧૯ થી ૫૧ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં સરકારી એમ્બ્યુલન્સોની પૂશ્રતી સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૯. | __ " __ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોના કમ્પાઉન્ડમાં અસામાજિક પ્રવૃત્તિ કરતા તત્વોને જરૂરી નશ્યત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૧૦. | __ " __ | ૧૦૦ | હોસ્પિટલોમાં દર્દીઓની સુરક્ષા માટે રખાતા ખાનગી શિસયુરીટી ગાર્ડની ગેરહાજરીને કારણે દર્દીઓની સુરક્ષા જોખમાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૧૧. | ૨૦૫૩–જિલ્લા વહિવટ ૦૯૩–જિલ્લા.... વર્ગ રૂ. ૨,૬૨,૦૪,૨૧,૦૦૦ અં.પ્ર.નં. ૨૧ પા.નં. ૬૪ થી ૬૯ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોને નિયમિત રીતે સંપૂર્ણ સ્વચ્છ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૧૨. * | __ " __ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલ રાજકોટ ખાતે ટેકનિશિયનોના અભાવે અદ્યતન સાધનોની સુવિધાથી દર્દીઓને વંચિત રહેતા ન્વિારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રનિલભાઇ રાજયગુરૂ |
| ૧૩. * | __ " __ | ૧૦૦ | રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બાળ દર્દીઓ માટેના વેન્ટીલેટર ચાલુ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રનિલભાઇ રાજયગુરૂ |
| ૧૪. | ૨૨૧૦–તબીબી... આરોગ્ય ૦૨–શહેરી ... પધ્ધતિઓ ૧૦૧–આયુર્વેદ રૂ. ૫૪,૬૯,૦૫,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પા.નં. ૫૫ થી ૬૪ | ૧૦૦ | આયુર્વેદ ડાૅકટરોની હાલની ખાલી જગ્યાઓ ભરવા અને નવી જગ્યાઓ ઉભી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીમતી કામીનીબા રાઠોડ (રાઘવજી પટેલ) |
| ૧૫. | __ " __ | ૧૦૦ | શહેરી વિસ્તારોમાં આયુર્વેદ દવાખાનાઓનો વ્યાપ વધારી આમજનતાને સારી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૧૬. | __ " __ | ૧૦૦ | આયુર્વેદ દવાખાનાઓ કાયમી ધોરણે | શ્રી જવાહરભાઇ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કાર્યરત રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | ચાવડા |
| ૧૭. | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૨–તબીબી... સંશોધન<br>૧૦૫–એલોપેથી<br>રૂ. ૩,૫૪,૬૩,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૧૦૦ થી ૧૩૦ | ૧૦૦ | દંત મહાવિદ્યાલય અમદાવાદ ખાતેથી બદલી થયેલા કર્મચારીઓની સેવાપોથીઓની સમયસર પૂર્તતા કરવામાં અને તેમને મળવાપાત્ર લાભો સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૮. | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૬–જાહેર ... આરોગ્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૭,૩૩,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૧૩૧ થી ૧૩૭ | ૧૦૦ | આરોગ્ય નિયામકની કચેરીના કથળેલા વહીવટી તંત્રને કારણે તાબા હેઠળની કચેરીઓની કામગીરી ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીલાલ વાઘેલા |
| ૧૯. | __ " __ | ૧૦૦ | રાજયમાં વધતા જતા સ્વાઇન ફ્લુના રોગચાળાને કારણે વધતા મૃત્યુ આંકને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૦. | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૬–જાહેર ... આરોગ્ય<br>૧૦૪–ઔષધ અને નિયમન<br>રૂ. ૪૫,૮૦,૯૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૧૫૯ થી ૧૬૫ | ૧૦૦ | લોહીનું યોગ્ય પરીક્ષણ કર્યા પછી જ દર્દીઓને શુધ્ધ લોહી મળે તે માટે જરૂરી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ (રમેશભાઇ ચાવડા) |
| ૨૧. | __ " __ | ૧૦૦ | યોગ્ય જાણકારીના અભાવે લોહીની જરૂરીયાત સામે પ્રજા પાસેથી બ્લડ બેંકો દ્વારા નિયમ વિરુધ્ધ લેવાતી રકમ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલ જોષીયારા (ચંદ્રિકાબેન બારીયા) |
| ૨૨. | __ " __ | ૧૦૦ | પ્રજાના આરોગ્યને નુકસાન કરતા શેરડીના સંચાઓને તાકીદે બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઇ ઉંઘાડ (ધર્મેન્દ્રસિંહ જાડેજા) |
| ૨૩. | __ " __ | ૧૦૦ | તહેવારોમાં થતાં હલકી ગુણવત્તાવાળા માવા અને નકલી ઘીના વેચાણને અટકાવી કસૂરવારો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ બારડ (ભોળાભાઇ ગોહેલ) |
| ૨૪. | __ " __ | ૧૦૦ | લોહીની તપાસ માટે ગેરકાયદેસર ચાલતી લેબોરેટરીઓ સામે સખતાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત (ગ્યાસુદ્દીન શેખ) |
| | | | **માગણી નં. ૪૦** | |
| ૨૫. | ૨૨૧૧–પરિવાર કલ્યાણ<br>૧૦૧–ગ્રામીણ ... સેવાઓ<br>રૂ. ૨,૫૯,૪૨,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૧૮૩ થી ૧૮૪ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ડૉકટરો / સ્ટાફ અને દવાની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છબીલભાઇ પટેલ |
| ૨૬. | __ " __ | ૧૦૦ | ડૉકટરો ગ્રામીણ વિસ્તારોમાં સેવા કરવા | શ્રી પુનમભાઇ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | માટે આકર્ષાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૭. * | —— " —— | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |

**શ્રમ અને રોજગાર વિભાગ**

**માગણી નં. ૫૭**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૯,૦૫,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૯ થી ૧૧ | ૧૦૦ | રોજગાર ગેરન્ટી સ્કીમનું સંપૂર્ણ અમલીકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૨૯. * | —— " —— | ૧૦૦ | નોંધાયેલા બેરોજગાર યુવાનોને નોકરી ન મળે ત્યાં સુધી બેરોજગારી ભથ્થું આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહમદજાવેદ પીરઝાદા |
| ૩૦. | —— " —— | ૧૦૦ | મજૂરોના હિતને બદલે ઉદ્યોગોના હિતને અપાતું મહત્વ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| ૩૧. | —— " —— | ૧૦૦ | શ્રમ આયુકત કચેરીના કથળેલા વહીવટી તંત્રને કારણે તેના હસ્તકની જુદી જુદી કચેરીઓની કામગીરીઓ ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૩૨. * | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૯,૦૫,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૯ થી ૧૧ | ૧૦૦ | નવા સ્થપાતા ઉદ્યોગોમાં સ્થાનિક બેરોજગાર યુવાનોને રોજગારી મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજીભાઇ ઠાકોર |
| ૩૩. | —— " —— | ૧૦૦ | મજૂર અદાલતોના ચુકાદાનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૩૪. | —— " —— | ૧૦૦ | શ્રમિકોને જુદા જુદા સ્તરે રોજગારીની તકો મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૩૫. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૧૦૩–સામાન્ય મજૂર કલ્યાણ<br>રૂ. ૧૧,૧૦,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૧૯ થી ૨૩ | ૧૦૦ | બાળના પુનઃવસન માટે જરૂરી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૩૬. | —— " —— | ૧૦૦ | બાળમજૂર ધારાના ભંગ સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી |
| ૩૭. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં લાંબા | શ્રી પરભુભાઇ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨–રોજગાર<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૪,૩૯,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૩૧ થી ૩૨ | | સમયથી નોંધાયેલા બેરોજગારોને પ્રાધાન્ય આપી સત્વરે રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૮. | __ " __ | ૧૦૦ | રોજગારીની તકો પૂરી પાડવામાં અને વધતા વહીવટી ખર્ચાને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી તેજશ્રીબેન પટેલ |
| ૩૯. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૩–તાલીમ<br>૧૦૧–ઔદ્યોગિક તાલીમ સંસ્થા<br>રૂ. ૨,૭૭,૦૪,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૩૮ થી ૪૩ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પૂરતી સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૪૦. | __ " __ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો ધ્વારા થતી ખરીદીમાં ચાલતી ગેરરીતિઓ અટકાવી કસૂરદારો સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા |
| ૪૧. | __ " __ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અભ્યાસક્રમ મુજબ તાલીમી શિક્ષકોની ઘટ સત્વરે પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રહલાદભાઇ પટેલ |

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી નં. ૭૪**

| | | | | |
|---|---|---|---|---|
| ૪૨. | ૨૦૪૧–વાહનો પર કર<br>૧૦૨–મોટર .... નિરીક્ષણ<br>રૂ. ૧,૫૨,૪૨,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં. ૬ થી ૭ | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીઓ ધ્વારા સ્માર્ટ કાર્ડ આપવામાં થતો વિલંબ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૪૩. | __ " __ | ૧૦૦ | આર.ટી.ઓ ચેક પોસ્ટ ઉપર ચાલતા વ્યાપક કૌભાંડોની તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૪૪. | ૨૦૪૧–વાહનો પર કર<br>૧૦૨–મોટર .... નિરીક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહિવટ<br>રૂ. ૧,૫૨,૪૨,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં. ૬ થી ૭ | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીના કથળેલા વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૪૫. | __ " __ | ૧૦૦ | ખાનગી બસોના ભાડાનું નિયંત્રણ કરવામાં તેમજ વાહનની કરચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૪૬. | __ " __ | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીઓમાં કોઇપણ દરમિયાનગીરી વગર આમજનતાના કામ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની | શ્રી અમીત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા. | |
| ૪૭. | ૩૦૫૫–માર્ગ પરિવહન<br>૧૦૨–જાહેર ક્ષેત્રે .... સહાય<br>રૂ. ૫,૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં. ૧૧ | ૧૦૦ | આર્થિક ખોટ કરતાં ગ્રામીણ એસ.ટી. રૂટો બંધ થતા ગ્રામીણ પ્રજાને પડતી હાડમારી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા (પુનમભાઇ પરમાર) |
| ૪૮. | __ " __ | ૧૦૦ | સરકારી કર્મચારીઓને બસ ભાડામાં માસિક પાસ આપ્યા પછી પોઇન્ટ બસના રૂટો વારંવાર કાપી નાંખવામાં આવે છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઇતાભાઇ પટેલ (ધારશીભાઇ ખાનપુરા) |
| ૪૯. | __ " __ | ૧૦૦ | એસ.ટી.ના કર્મચારીઓના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇશ્વરભાઇ પટેલ (અમિત ચૌધરી) |
| ૫૦. | __ " __ | ૧૦૦ | એસ.ટી. બસોમાં સાફઇ તેમજ મરામત કામગીરી નિયમિતપણે કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી (ધીરૂભાઇ ભીલ) |
| ૫૧. | __ " __ | ૧૦૦ | અઢળક સહાય તેમજ વારંવાર ભાડા વધારો કરવા છતાં એસ.ટી. નિગમને ખોટ જાય છે તેની તપાસ કરી સત્ય હકિકતો રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર (મહેશકુમાર પટેલ) |
| ૫૨. | __ " __ | ૧૦૦ | ગાંધીનગરથી શીરડી વાયા ગોતા–સોલા – ભાગવત – થલતેજ – ઇસ્કોનથી નાસિક માટેની એસ.ટી.ની વોલ્વો બસ તાત્કાલિક ચાલુ કરવામા તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચૌધરી |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને કાપ દરખાસ્ત બન્ને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વસ્થ અને તંદુરસ્ત ગુજરાતના ઉદ્દેશ માટે આપણે જે પાયાની સુવિધાઓ આરોગ્યની છે એ નજીકની જગ્યાએ જનતાને મળી રહેવી જોઇએ એવો આપણો ઉદ્દેશ હોવો જોઇએ પરંતુ છેલ્લા ઘણા સમયથી આપણે જોઇ રહ્યા છીએ કે જે ગ્રાન્ટની ફાળવણી આરોગ્ય વિભાગને છે એ ક્રમશઃ ઘટતી જાય છે. બીજા રાજયોની સરખામણીમાં પણ આપણે બજેટ ફાળવવામાં ઘણા પાછળ છીએ. સાતમા ક્રમે છીએ. આપણા કરતા કેરાલા, પંજાબ, રાજસ્થાન, ગોવા, પશ્ચિમ બંગાળ જેવા રાજયો પણ ગ્રાન્ટ ફાળવવામાં આગળ છે. આપણા રાજયમાં આરોગ્ય કેવું છે એના માપદંડો હોય છે. એમાં માતા મૃત્યુ દર કેટલો છે, બાળ મૃત્યુદર કેટલો છે એના ઉપરથી આપણને ખબર પડે કે આપણું સ્વાસ્થ્ય કેવું છે. આપણે ઘણા પ્રયત્નો કરીએ છીએ છતાં પણ આજે ૧૪૮ જે માતા મૃત્યુદર છે એને આપણે હજી નીચે લાવી શકયા નથી. જે બાળ મૃત્યુ દર છે એ પણ ૪૧થી આપણે હજી નીચે લાવી શકયા નથી. આપણા કરતા પણ માતા મૃત્યુદરમાં કેરાલા, તામિલનાડુ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળ જેવા રાજયો છે એ આપણા કરતા પણ આગળ છે.

કુપોષણની વાત કરીએ તો આપણું તો ગુજરાત નંબર –વન કહેવાય, આપણે તો કુપોષણ હોવું જ ના જોઇએ. મુખ્યમંત્રીએ એક વખત કહેલું છે કે પોતાનું ફીગર સાચવવા માટે ઓછો ખોરાક લે છે પણ એવું નથી. લોકો ખરેખર ચિંતિત છે પણ પોષણ પૂરતું નથી મળતું એના લીધે આજે ઘણાબધા બાળકોના મરણ થાય છે. આપણી પાસે ખૂબ સરસ સેટઅપ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, સબસેન્ટરો છે, પેટાકેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે,

નવું કંઇ કરવાનું નથી આ બધી જ સગવડો છે. નવું કાંઇ કરવાનું નથી, પણ આ જે સગવડો છે એનો પૂરેપૂરો ઉપયોગ થવો જોઇએ. અત્યારે પરિસ્થિતિ એ છે કે પેટાકેન્દ્રમાં કોઇ જતું નથી, કોઇ ડોકટર એનો સરવે કરીને એની કોઇ મિટિંગ લેવા તાલુકા મથકે જતાં નથી અને મોટાભાગના દવાખાનામાં ડોકટરોની જગ્યા ખાલી છે એના લીધે પરિસ્થિતિ એ થાય છે કે દર્દીઓને સમયસર સારવાર નથી મળતી એના લીધે મૃત્યુ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે તમે જુઓ છો કે સ્વાઇનફ્લૂની અસર કેટલી બધી છે, સ્વાઇનફ્લુએ ભરડો લીધો છે જેના લીધે રોજ ને રોજ ૪–૫ માણસો મરે છે. છેલ્લા બે મહિનામાં ૧૫૦ જેટલા માણસો મરી ગયા છે, આ રેકર્ડ પર છે. રેકર્ડ વગરના પણ ઘણાં બધા દર્દીઓ છે કે જેના મૃત્યુ થયાં છે. આપણે શાની રાહ જોઇએ છીએ? આપણે એમ વિચારીએ છીએ કે ગરમી આવશે, વાતાવરણ બદલાશે અને ઓટોમેટિક થઇ જાશે. આપણે એના માટે ઘનિષ્ઠ પગલાં લઇએ છીએ ખરા? સાહેબ, ચિંતા આરોગ્ય વિભાગે કરવાની જરૂર છે. એના સિવાય પણ ઘણાં બધા દર્દીઓ ટી.બી.થી પણ મરે છે, લેપ્ટોપાયરોસીસથી મરે છે, મેલેરીયાથી પણ મરે છે. સાહેબ, આજે પરિસ્થિતિ એ છે કે એકસીડન્ટથી પણ દર વર્ષે ૮૩૦૦૦ જેટલાના મૃત્યુ થાય છે આના માટે આપણે કોઇ ચિંતા કરીએ છીએ? ટી.બી.ના દર્દીઓ અત્યારે જોઇએ તો ૯,૧૪,૧૮૭ દર્દીઓને આપણે સારવાર આપી રહ્યાં છીએ. પરંતુ નવા દર્દીઓ પણ મળતા જ જાય છે એ એના કરતા પણ વધારે, તો આપણે જે ગામડામાં પાયાની સુવિધાઓ છે, જે વ્યવસ્થા છે એ વ્યવસ્થામાં કયાંક ને ક્યાંક ઊણપ છે એના લીધે આટલા નવા દર્દીઓ લગભગ ૩,૮૭,૦૦૦ જેટલા નવા દર્દીઓ મળે છે. સાહેબ, જાહેરાતો કરવાથી લેપ્ટોપાયરોસીસ કાબૂમાં નથી આવવાનો. ત્યાં ઘનિષ્ઠ સારવાર આપવાની જરૂર છે. એ પણ વ્યવસ્થા નથી થતી અને છેલ્લા ૩ વર્ષમાં ૩૨૮ માણસના એનાથી મૃત્યુ થયાં છે. આપણે એની ચિંતા કરતા નથી.

સાહેબ, સીકેલસેલ એનિમિયાની પણ વાત કરવી છે. એ મોટાભાગે આદિવાસી વિસ્તારમાં જોવા મળે છે. સરકારે સરવે કર્યુ, પણ એ સરવે સેમ્પલ સરવે થયું અને એમાંય એ આઉટ સોર્સિંગથી સરવે થયું છે. એ ખરેખર આપણે ઘરે ઘરે જઇને સરવે કરવું જોઇતું હતું. દરેકના લોહીના નમૂના લેવાતા હતા એ નમૂનાઓ લેવાયા નથી. એટલે ચોક્કસ કેટલા સીકલસેલના દર્દીઓ છે. એ દર્દીઓ આપણે શોધી શક્યાં નથી અને જે પૈસા આપણે સીકલસેલ માટે વાપરીએ છીએ એ મોટાભાગે કાં તો મેડિકલ ઓફિસરોના વાહન માટે વાપરીએ છીએ કે અન્ય કોઇ બીજી સગવડો માટે આપીએ છીએ. બાકી આ જે તે દર્દીઓ માટે આ પૈસા વપરાવા જોઇએ એ વપરાતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે જનની સુરક્ષા યોજના. આ યોજના કેન્દ્ર સરકારની અને રાષ્ટ્રીય હેલ્થ મિશન છે એના અંતર્ગત યોજના છે. માતા મરણ દર ઘટાડવાનું, નવજાત શિશુંનું અને બાળ મરણ દર ઘટાડવા માટેનો પ્રયત્ન છે. એનિમિયામાં પૌષ્ટિક આહાર ૫૦૦ રૂપિયાનો મળવો જોઇએ એ પણ પુરતો મળતો નથી. નોંધણી નથી થતી અને આપણે ખિલખિલાટની વાત કરીએ છીએ. ખિલખિલાટ તો બાળક જન્મે પછીની વાત છે. તે વખતે તો માનનીય મંત્રી સાહેબ ઘણાં બધા માણસો જોવા માટે આવતા હોય છે, ગાડીઓ તૈયાર જ હોય છે. એમને ગાડીની જરૂર નથી. આપણે તો જે દર્દીઓ, જે માતા છે, જેને મુશ્કેલી છે, જેને બ્લડ પ્રેશર છે અને બી.પી. રેઇઝ થઇ ગયું છે એવા દર્દીઓને દવાખાને લાવવા છે અને અત્યારે પણ આ જનની સુરક્ષા યોજના છે એમાં પણ આટલી સગવડ છે, એના માટે ૨૦૦ થી ૨૫૦ રૂપિયા પરિવહન માટે આપીએ જ છીએ. આ નવી કોઇ યોજના હોય એવું મને લાગતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીએ બીજી પણ હમણાં મુખ્યમંત્રીશ્રી અમૃતમ્ યોજનાની જાહેરાત કરી છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજના ઓલરેડી આપણી પાસે ચાલુ છે. પરંતુ એમાં તકલીફ એ છે કે આ જે સ્માર્ટકાર્ડ છે એ ફરી રીન્યુ થવું જોઇએ, એ સમયસર રીન્યુ નથી થતું એના લીધે લોકોને લાભ મળી શકતો નથી. સાહેબ, એમાં ૧૦૦૦ જેટલા રોગો માટે આપણે એની સારવાર આપીએ છીએ. એમાં જો વ્યવસ્થિત એનું સમયસર સ્માર્ટકાર્ડ રીન્યુ થાય તો આનો લાભ મળી શકે એમ છે. આપણે મુખ્યમંત્રીશ્રી અમૃતમ્ યોજના દ્વારા એમ સાબિત કરી શકીએ છીએ કે, અત્યારે જે હોસ્પિટલ છે એમાં આપણી બી.પી.એલ. દર્દીઓને મફત સારવાર આપતાં નથી એનો મતલબ એમ થાય એવું મને લાગે છે. કારણ કે બી.પી.એલ. હોય તો આ બધી જ સારવાર જે હૃદય છે, મગજ છે, કિડની છે, બર્ન, કેન્સર, ગંભીર રોગો, નવજાત શિશું, આ તમામમાં આપણે મફત સારવાર આપવાની હોય છે. પરંતુ આપણે આપતાં નથી અને અત્યારે નવી યોજના દાખલ કરી છે. પરંતુ મને એમ લાગે છે કે પહેલાના સમયમાં હોસ્પિટલમાં દર્દી જાય એટલે એને મફત સારવાર મળતી ત્યારે કયારેય પણ બી.પી.એલ. કે એ.પી.એલ. એવું માગવામાં આવતું નહતું અને એને સમયસર સારવાર મળતી હતી. સાહેબ, આજે પરિસ્થિતિ એ છે કે બી.પી.એલ.નું કાર્ડ માગવામાં આવે છે. બી.પી.એલ. કાર્ડ ના હોવાના કારણે જે દર્દીઓ છે એ દર્દીઓને ખૂબ હેરાન થવું પડે છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે બી.પી.એલ.નું કાર્ડ માગવા કરતા, પહેલા તમે કમ સે કમ સારવાર કરી નાંખો. પછી એને જે કરવું હોય તે કરો. આના

લીધે સમય વ્યતિત થાય છે અને એના લીધે આપણે સારવાર આપી શકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે જે પેટા કેન્દ્રો છે ૭,૨૭૪, એ તો આઠમી પંચવર્ષીય યોજનામાં જે મંજૂર થયેલા એટલા ને એટલા જ છે. આપણે કોઇ વધારો કરી શકયા નથી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પણ બહું ઝાઝો આપણે વધારો કરી શકયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, આપણે જે દવાખાનાઓ છે, એ પ્રાઇવેટ ખાનગી સંસ્થાઓને આપીએ છીએ અને મંત્રીશ્રીનું એમ કહેવું છે કે, સેવાભાવી સંસ્થાઓ જે તબીબી ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા એવા માણસોને આપણે આ હોસ્પિટલો આપી છે. મારે તો મંત્રીશ્રીને કહેવું છે કે, આપણે જે આપીએ છીએ તે ફક્ત ને ફક્ત કોન્ટ્રાકટરોને આપીએ છીએ. તમે એને કમ સે કમ એક ટકો પણ એની સેવાની ભાવના છે કે કેમ? એની તપાસ કરો પહેલી બાબત એ છે અને તબીબી ક્ષેત્રે એને કેટલો અનુભવ છે એનું પણ સર્ટિફિકેટ્સ મંગાવો. આ મંગાવ્યા પછી જ જો તમને એમ લાગતું હોય કે આને આપવા જેવી છે તો જ આપો અધરવાઇસ આ જે આપણે જે હોસ્પિટલો આપીએ છીએ એનાથી દર્દીઓને ખૂબ મોટું નુકસાન જઇ રહ્યું છે. અમારે ત્યાં શામળાજીમાં દવાખાનું છે, આજે પરિસ્થિતિ એ છે કે, રોગી કલ્યાણ સમિતિના નામે જુદા જુદા ચાર્જીસ લેવાય છે અને દર્દી હેરાન થાય છે. એટલે મારી વિનંતી છે અને આમાં તમે એમ પણ કહો છો કે, પ્રાઇવેટ દવાખાનાઓ આપવાથી, પ્રાઇવેટ સંસ્થાને આપવાથી લોકોનો વિશ્વાસ વધે, ગુણવત્તાસભર સેવા મળે. સાહેબ, આપણે જયારે સેવા આપીએ છીએ ત્યારે ગુણવત્તાસભર સેવા નથી આપી શકતા ? આપણે વિશ્વાસ પેદા નથી કરી શકતા? તો આ પ્રમાણે આપણે વિચાર કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ દ્વારા અત્યારે જે એન.એ.બી.એચ. અને એન.એ.બી.એલ. દ્વારા એટલે ગુણવત્તાયુક્ત આપણે જે દવા આપવાની અને સારવાર આપવાની વાત કરી રહ્યાં છીએ. આપણે ત્યાં તો ડોકટરોની જગ્યાઓ જ ખાલી છે તો પછી આ સ્ટાન્ડર્ડ કેવી રીતે નક્કી કરીએ છીએ? અને બીજું આપણે ત્યાં વર્ગ-૩ અને વર્ગ-૪ના માણસોની પણ જગ્યાઓ ભરી શકતા નથી. આપણે એના માટે કોઇ ઘનિષ્ઠ વ્યવસ્થા પણ ગોઠવી શકતા નથી અને આપણે વાત કરીએ છીએ, મેડિકલ ટુરિઝમની? સાહેબ, આપણે મેડિકલ ટુરિઝમને આવકારીએ છીએ. બહારના માણસો, બહારના દેશોના માણસો આવે તો આપણને ગર્વ થાય પણ પરિસ્થિતિ એ છે કે, અત્યારે કોઇ બહારના દેશનો માણસ સરકારી હોસ્પિટલમાં જાય છે ખરો? બધા જ પ્રાઇવેટ હોસ્પિટલોમાં પોતાની સારવાર લઇને જતા રહે છે એટલે જે સરકારી હોસ્પિટલો છે એ સરકારી હોસ્પિટલોને સુધારવાની જરૂર છે. અત્યારે પરિસ્થિતિ એ છે કે, જિલ્લા કક્ષાની હોસ્પિટલો વર્ગ-૧ની મોટાભાગની લગભગ મને જે આંકડો મળ્યો છે, જિલ્લા કક્ષાની અને સબ જિલ્લા કક્ષાની સાહેબ, ૪૮૬ વર્ગ-૧ના ડોકટરોની જગ્યાઓ ખાલી છે તે સિવાયની પણ ફિઝિશીયન, સર્જન, ગાયનેકોલોજીસ્ટ એવી પણ ઘણી બધી જગ્યાઓ ખાલી છે. મને તો દુઃખ એ બાબતનું થાય છે કે, સાહેબ, અમારે ભિલોડા તાલુકામાં કોટેજ હોસ્પિટલ, લગભગ ૧૯૮૪માં ૯૫ બેડની હોસ્પિટલ હતી અને આજે પણ એટલા ને એટલા જ બેડની હોસ્પિટલ, કોઇ જ સુધારો-વધારો થયો નથી. એની જગ્યા તો નથી પૂરાઇ પણ હોસ્પિટલમાં કોઇ સુવિધા વધી નથી. મને એમ લાગે છે કે, સરકાર જો ખરેખર ચિંતિત હોય તો આમાં સમયાંતરે, જિલ્લામાં સેકન્ડ નંબરે સિવિલ હોસ્પિટલ અને બીજા નંબરની અમારી હોસ્પિટલ હતી. સાહેબ, આજે તકલીફ એટલી બધી છે કે, નથી ડોકટરો, દર્દી તો ઘણાં છે પણ દર્દીઓ સારવાર લઇ શકતા નથી એના લીધે મુશ્કેલી અનુભવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ થોડી વાત કરવી છે, શ્રમ અને રોજગાર વિભાગની. એમાં સાહેબ, આપણી પાસે રોજગારીની તકો એમાં માનનીય મંત્રીશ્રી તો એમ કહે છે કે, આપણે ખૂબ સારી રોજગારી ગુજરાતમાં આપીએ છીએ પરંતુ સાહેબ, આંકડા એમ કહે છે કે, આપણી પાસે અત્યારે જે બેરોજગારો છે એની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે અને મારે તો તમને એ પૂછવું છે કે, આપણે જે વર્કરો છે જે કામ કરતા નાના માણસો, ખેત મજૂરો છે એમને જે કાયદો બન્યો કેન્દ્ર સરકારનો," ધ બ્લિડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ સેસ એકટ" છે એના પ્રમાણે આપણો અમલ ઘણો મોડો થયો. મોડો તો મોડો પણ જે સેસ કલેકશન થાય છે એ સેસ કલેકશન સાહેબ, જાહેર ક્ષેત્રમાંથી આપણે જે ટોટલ કોસ્ટના લઇએ છીએ પણ જે ખાનગી સંસ્થાઓ છે એમની પાસેથી આપણે એ પ્રમાણે એક ટકો લેતા નથી. એટલે મારે મંત્રીશ્રીને વિનંતી છે કે, આપણે શાના માટે, શું કામ એને છાવરીએ છીએ ? આપણે કેમ એમની પાસે એક ટકો લેતા નથી ? આપણે કેમ એને ચોરસ વારના એક જ, ત્રણ હજાર રૂપિયા પ્રમાણે નક્કી કરીએ છીએ દર અને એમાંથી એક ટકો આપણે લઇએ છીએ, એવું શું કામ કરીએ છીએ? એકચ્યુઅલ જે કોસ્ટ થતી હોય એ કોસ્ટ પ્રમાણે આપણે એનું ટોટલ બાંધકામની જે કોસ્ટ થતી હોય એ પ્રમાણે સેસ ઉઘરાવવામાં શું વાંધો આવે છે ? અને જો એ પ્રમાણે સેસ ઉઘરાવ્યો હોત તો તો આપણી પાસે અત્યારે લગભગ ૧,૧૦૦ કરોડ રૂપિયા ભેગા થયા હોત અને આ પ્રમાણે પણ જે આપણે જે કલેકશન કર્યું છે એ પ્રમાણે સાહેબ, લગભગ ૫૦૦ કરોડની આસપાસ આપણી પાસે અત્યારે કલેકશન લગભગ થવા ગયું છે. મારે મંત્રીશ્રીને વિનંતી છે કે, આ પૈસા આપણી પાસે શું કામ

રાખીએ છીએ? આ મજૂરોના પૈસા છે, એમના વેલ્ફેર માટેના પૈસા છે. સાહેબ, આપણે આ પૈસા એક મહિનામાં વેલ્ફેર બોર્ડને જમા કરાવવાના હોય છે. આપણે કરીએ છીએ ખરા ? આ પૈસા જમા નથી કરાવતા. આ આપણી પાસે પડી રહે છે અને આ પૈસા ક્યાં વપરાય છે ? સરકાર ક્યાં વાપરે છે? એની કોઇ જ વ્યવસ્થા નથી.

બીજું આ જે વ્યવસ્થા છે. આ જે કલ્યાણ બોર્ડ છે એમાં ઘણા સમયથી કર્મચારીઓ ભરાવા જોઇએ એ ભરાયા નથી અને એના લીધે ખરેખર જે ગરીબ માણસો છે એમને જે લાભ મળવો જોઇએ એમને જે સ્કોલરશીપ મળવી જોઇએ, એમને મકાન મળવા જોઇએ, એમની જે કોઇ યોજનાઓ હોય એનો લાભ એમને મળવો જોઇએ એ મળતો નથી. આ જે પૈસા છે એ વાપરવામાં આપણે ઘણા પાછળ છીએ. લગભગ ચૌદમા ક્રમે છીએ. બીજા ઘણા રાજયો જેમણે પાછળથી આ યોજનાનો અમલ શરૂ કર્યો પણ કલેકશન પણ ઘણું વધુ થયું. કર્ણાટકમાં લગભગ ૧૧૦૦ કરોડ જેવું કલેકશન થયું. પૈસા વાપરવામાં આપણા કરતા પણ આગળ છે અને આપણે ગરીબો માટે જે પૈસા વાપરવાના છે એ પૈસા વાપરી શકતા નથી એટલે આપણે આના માટે પણ ખૂબ ચિંતા કરવી જોઇએ. છેલ્લે મેં જે આંકડો આપને કહ્યો કે લગભગ ચારસો કરોડ રૂપિયા તો ચારસો કરોડ રૂપિયા મોટાભાગે ગરીબ કલ્યાણ મેળામાં અને આમતેમ વપરાતા હોય એવું લાગે છે તો આ જે લોકો એમના આરોગ્ય માટે, એમના શિક્ષણ માટે અને મોટાભાગના જે માણસો છે એ માણસો દાહોદ જિલ્લા તરફથી આવે છે અને એ વિસ્તારના માણસોને ખરેખર રોજીરોટીનો સવાલ છે અત્યારે તો રોડ ઉપર બધા પડી રહેતા હોય છે. એમને આપણે ગમે ત્યાં ગમે ત્યાં ફેરવતા હોઇએ છીએ. આવા માણસોને સમયસર એમની જે જરૂરિયાત છે એ જરૂરિયાત પ્રમાણે પૈસા આપીએ એવી વિનંતી છે અને બીજું, આપણે જે એમના માટે સ્પેશ્યલ પૈસા છે કે સ્કોલરશીપના પૈસા છે એમાં બીજી યોજના દ્વારા આપણે કલબીંગ કરીએ છીએ અને એમના લીધે જે પૂરતા પૈસા એમને મળવા જોઇએ કારણ કે આનું ધોરણ અલગ છે અને આ ધોરણ પ્રમાણે આપણે પૈસા નથી આપતા કારણ કે આપણે આના ધોરણ પ્રમાણે જે એકટ છે એ ધોરણ પ્રમાણે આપવા જોઇએ તો એ લગભગ ચારસો– પાંચસો રૂપિયા આપવાના થતા હોય છે. એ પ્રમાણે આપણે પૈસા આપતા નથી એના લીધે આ માણસોને સ્વાસ્થ્યની અને શિક્ષણની યોજનાઓનો લાભ મળવો જોઇએ એ મળી શકતો નથી.

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે માગણીઓ છે એમાં તબીબી અને જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ આના વિશે મારું સમર્થન આપવા માટે મારા વિચારો રજૂ કરું છું. હમણા મારા સાથી ધારાસભ્ય ખૂબ નેગેટીવ વાતો ઉપર પ્રકાશ પાડતા હતા ત્યારે મારે એવું કહેવું છે કે આપણા રાજયની અંદર છેલ્લા દસ વર્ષમાં જે આરોગ્ય ક્ષેત્રમાં અને ઇવન તબીબી શિક્ષણમાં પણ જે રીતે ઝડપથી સુધારા થયા છે એ જોતાં હું માત્ર એટલું જ કહીશ એમણે જોયું હોત તો એમને ખ્યાલ આવત કે આપણી પાસે રાજયમાં ૭૨૭૪ પેટા કેન્દ્રો છે. ૧૧૫૮ પી.એચ.સી. સેન્ટરો છે, ૩૧૮ સી.એચ.સી. સેન્ટર છે. ૧૧૮ મોબાઇલ કોમ્પ્રીહેન્સીવ હેલ્થ કેર યુનિટો છે કે જે સરહદી વિસ્તારમાં જઇને મેડિકલ સારવાર આપે છે. જયારે આટલી બધી મેડિકલ સેવાઓ દુરદુરના વિસ્તારોમાં ગામડાંઓ સુધી પણ પૂરી પાડવામાં આવી હોય ત્યારે આપણે આવા નિવેદનો અહીંયા કરીએ એ ખરેખર ગેરમાર્ગે દોરવા બરાબર છે

હું આજે કહીશ કે અહીંયા વાત થાય છે કે ડોકટરોની અછત છે. આ એક જગજાહેર વાત છે. રાજય સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે. મેડિકલ સ્ટાફ, પેરા મેડિકલ સ્ટાફ તમામ રીતે પૂરેપૂરી જગ્યાઓ ભરાય એને માટેના તમામ પ્રયત્નો કર્યા છે. ડોકટરો માટે તો વોક ઇન ઇન્ટરવ્યુ પણ રાખેલા છે પણ ડોકટરો ગામડાંઓમાં સેવા આપવા માટે અને સરકારી નોકરી કરવા માટે તૈયાર નથી થતા. દરેક ડોકટરો પોતાના પ્રાઇવેટ કલીનીકો કરે છે અને એમાં જે રીતે પગાર ઓછા કે વધારાની વાત નથી. સરકારની યોજના અને નિયમો હોય એ પ્રમાણે આધિન હોય છે. કેન્દ્ર સરકારને કહો વધારે પૈસા આપે તો વધારે પગાર આપે. આ જવાબદારી માત્ર રાજય સરકારની નથી. જે કાંઇ સાધનો છે એ સાધનો ઉપર જે રીતે રાજય સરકારે પ્રયત્નો કર્યા છે.વોક ઇન ઇન્ટર્વ્યૂથી માંડીને ડોક્ટરો, તબીબી શિક્ષણ વધે, પોસ્ટ ગ્રેજ્યુએશન શિક્ષણ વધે એના માટે મેડિકલ કોલેજો એના માટેની સીટો વધારી જે રીતે વ્યવસ્થા કરવામાં આવેલ છે. બોન્ડની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આટલાં વર્ષ, બે વર્ષ નોકરી કરવી જોઇએ એના માટેના વોક ઇન ઇન્ટર્વ્યૂ જે જગ્યા માગે તે ડોક્ટરોને આપવામાં આવે આ રીતે ખૂબ પ્રયત્નો થયા છે. એના નિવારણ રૂપે જે કાઇ ઉપાયો કર્યા છે તે મારે અહીયા બતાવવા છે.

સૌથી વિશેષ જે કંઇ તકલીફો પડતી હતી તે ગામડાની અંદર મહિલાઓને પડતી હતી, એના માટે ચિરંજીવી યોજના લાવવામાં આવી. પ્રાઇવેટ હોસ્પિટલોને આ ચિરંજીવી યોજના સાથે જોડવામાં આવી. ગરીબ દર્દીઓને એ હોસ્પિટલ ડિલિવરી થાય અને માતા મૃત્યુદર, બાળ મૃત્યુદરની જે અહીંયા સાથી સભ્યશ્રી વાત કરતા હતા, જે ઘટે તેના માટેના તમામ પ્રયત્નો ચિરંજીવી યોજના અને બાળસખા યોજના દ્વારા કરવામાં આવ્યા છે. આજે ૯૬ ટકા

ઇન્સ્ટિટ્યૂશન ડિલિવરી થઇ રહી છે. આપ સમજી શકો છો કે જ્યારે ઇન્સ્ટિટ્યૂશન ડિલિવરી થતી હોય ત્યારે સ્વાભાવિક રીતે માતા મૃત્યુદર અને બાળમૃત્યુ દરમાં ઘટાડો થાય. ચિરંજીવી યોજનાની અંદર ૬૨૪ જેવી પ્રાઇવેટ હોસ્પિટલોને આ યોજનાઓ સાથે જોડી સારામાં સારી સારવાર મહિલાઓને પ્રસૂતિ સમયે આપવામાં આવે છે. તે ઉપરાંત બાળસખા યોજનામાં નવજાત શીશું જેની અંદર માતાનો જીવ હોય છે, એ બાળકને જન્મ સમયે તકલીફ પડે ત્યારે એને પીડિયાટ્રિશ્યનો અને નિયોનેટાલિસ્ટ દ્વારા સારવાર મળે એના માટેની આ બાળસખા યોજના કરી, જેથી કરીને પ્રાઈવેટ હોસ્પિટલમાં સારામાં સારી સારવાર આ બાળકોને મળે.

તે ઉપરાંત ૧૦૮ સેવા શરૂ કરવામાં આવી. આ ૧૦૮ સર્વિસીસની અંદર ૫૨૫ થી વધારે ૧૦૮ સેવા ગામડે ગામડે ઉપલબ્ધ કરવામાં આવી છે. એમાં કેટલા લોકોએ લાભ લીધો છે એ મારે અહીયા કહેવું છે. ૩૧,૬૬,૧૮૦ જેટલા લોકોએ લાભ લીધો. ૧૦,૬૧,૦૮૮ જેટલી પ્રસૂતિની સ્ત્રીઓએ લાભ લીધો અને ૧,૯૪,૭૮૭ જેટલી જિંદગીઓ બચી અને ૩૦,૩૨૦ એવાં બાળકો છે, જેમનું જન્મસ્થળ ૧૦૮ એમ્બ્યુલન્સ બની છે. આવા અનેક લાભો ૧૦૮ દ્વારા થયા છે, ત્યારે પીરામલ ફાઉન્ડેશન અને ભારતીય પ્રબંધ સંસ્થાન આઇ.આઇ.એમ. ખાતે ડિસેમ્બર માસની અંદર આ યોજનાને ભારતમાં આરોગ્ય સારવારની લોકશાહી બનાવવા બદલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. એવી ૧૦૮ યોજના, એમાં ઘણા બધા મિત્રો કહેતા હોય છે કે કેન્દ્ર સરકારની કેટલી ગ્રાન્ટ તો બીજાં રાજ્યોમાં કેવી છે તે તમે જોઇ લેજો. જે રીતે આપણે અહીંયા પ્રતિબદ્ધતાથી અને કટિબદ્ધતાથી આ સેવાને પૂરી વિકસાવી અને ગામે ગામ સુધી લાભ આપ્યો છે, એ આની અંદર અગત્યની વાત છે.

તે સિવાય શાળા આરોગ્ય પરિક્ષણની વ્યવસ્થા કરી અને જે નાનાં નાનાં ભૂલકાઓ છે. આંગણવાડીથી માંડીને ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં બાળકોને સારવાર એનું નિદાન કરવામાં આવે, એને શું તકલીફ છે, એના માટે ડોક્ટરોની ટીમ દ્વારા જે રીતે ૧.૫ કરોડ થી વધારે બાળકોને શાળા આરોગ્ય પરિક્ષણનું આયોજન કરવામાં આવ્યું છે. અને એમાં આ બાળકોને સામાન્ય દવાથી માંડીને, કૂપોષણથી માંડીને, આયર્ન ડેફિસિયન્સીથી માંડીને, કેલ્શિયમ ડેફિસિયન્સીથી માંડીને જે કઇ સારવાર, નાના મોટા રોગોની સારવાર, આંખનાં ચશ્માની સુવિધા વગેરે સુવિધા પૂરી પાડવામાં આવે છે. જે બાળકો વધારે બીમાર છે, એ લોકોને સઘન સેવા પૂરી પાડીને આવાં બાળકોને કિડની, હૃદયરોગ, મગજના રોગો હોય કે જે સારવારો ખૂબ મોંઘી છે. આ સારવારો સારામાં સારી હોસ્પિટલોમાં અને નિષ્ણાત ડોક્ટરો પાસે કરવામાં આવે એવા ૪૨૪ જેટલાં ઓપરેશનો કે જેનો ખર્ચ ૫ થી ૧૫ લાખ સુધીના હોય એ રાજ્ય સરકાર ખર્ચ ભોગવે એવાં બાળકોની સેવા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહીશ કે, આ બાળકોની શાળા આરોગ્ય દ્વારા જે રીતે સેવા કરવામાં આવી છે તે ગરીબ માતાઓના ખોળાની અંદર આ બાળકને હસતું રમતું કરી અને આરોગ્યપ્રદ કરી આપવાનું કામ જે આ રાજય સરકારે કર્યુ છે તેના આશિર્વાદ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જોડે છે. એટલા જ માટે આપણે જોઇએ છીએ અનેક *(xxxxxx) હોવા છતાં પણ આજે આ રાજ્ય સરકાર જે રીતે ચાલી રહી છે અને મુખ્યમંત્રી નરેન્દ્રભાઇની આગેવાનીની અંદર જે રીતે આરોગ્ય વિભાગમાં કામ થઇ રહ્યું છે, તે આપ જોઇ શકો છો કે આ આશિર્વાદની કૃપાથી...

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ આપણે કાઢી નાંખીએ છીએ. આ બધા માટે લાગુ પડશે. ચાલુ રાખો.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહીશ કે અહીંયાં ચર્ચાઓ સ્વાઇન ફ્લુની થતી હતી. મારે એ બાબતમાં કહેવું છે કે આવા જયારે જયારે કોઇ બાબતમાં એપીડેમીક થાય છે ત્યારે આ એપીડેમીકમાં તાત્કાલિક લોકોને સારવાર પૂરી પાડી શકાય તેના માટે જિલ્લા કક્ષાએ રેપીડ એકશન ફોર્સ, ટ્રાન્સ ફોર્સની રચના કરવામાં આવી છે. તાત્કાલિક જયાં આવા એપીડેમીક થાય ત્યાં આ ટીમ પહોંચી જાય છે અને સારવાર આપવામાં આવે છે, તેનું નિદાન કરવામાં આવે છે. તેને પૂરેપૂરી સગવડતા ડૉકટરો ત્યાં પહોંચાડીને આપવામાં આવે છે. તેની સાથે સાથે જિલ્લાની અંદરથી માંડીને રાજયની અંદર પણ ટ્રાન્સ ફોર્સની રચના કરવામાં આવી છે. જયારે આવા કોઇ એપીડેમીક થાય ત્યારે આ ટીમ ત્યાં પહોંચી ઇમરજન્સીની અંદર પૂરેપૂરી સારવાર સારામાં સારા ડૉકટરો, દવા અને બધી જ વ્યવસ્થા સાથે પૂરી પાડી શકાય તે જાતની વ્યવસ્થા આ રાજય સરકારે કરી છે.

છેલ્લે હમણાં જે યોજના લાવવામાં આવી છે તે અમૃતમ યોજના કે જેને આપણે **"મા"** યોજના કહીએ છીએ. આ યોજના એટલા માટે જ કરવામાં આવી છે કે બે લાખ જેટલી આવક ધરાવતા ગરીબ લોકોને પણ આ સારવારનો લાભ મળે. તેમાં જે સુપર સ્પેશ્યાલીસ્ટ સારવારો છે કે જે હોસ્પિટલો રાજય સરકારે આવા રોગો માટે માન્ય કરેલ છે

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

તેવી હોસ્પિટલોમાં હૃદય, કીડની, ટ્રોમા એકસીડન્ટની અંદર જે ટ્રોમા થાય છે, હેડ ઇન્જરી થાય છે આવી તમામ સારવારો આવી બે લાખ સુધીની આવક ધરાવતા લોકોને મફત આપવામાં આવે છે. આજે હું કહીશ કે હમણાં **"સીએમ સેતુ"** યોજના લાવવામાં આવી છે. જે રીતે ડૉકટરોની અછતની સમસ્યા હલ કરવા માટે તમામ જરૂર પ્રમાણે જે નવી યોજનાઓ લાવવામાં આવી છે તેમાંની એક આ સીએમ સેતુ યોજના લાવવામાં આવી છે તે ખૂબ આશિર્વાદરૂપ યોજના છે. હોસ્પિટલોની અંદર જે ડૉકટરો નથી મળતા તેના માટેનો મારી દષ્ટિએ આ એક ઉત્તમ ઉપાય છે. આની અંદર ડૉકટરોને એક કલાકના ૬૦૦ રૂપિયા આપવામાં આવે અને જે તે જિલ્લાની અંદર જે તે સ્થળે જે સ્પેશ્યાલીસ્ટ ડૉકટર હોય તે આવી હોસ્પિટલની અંદર આવીને સેવાઓ આપે ત્યારે તેમને પૂરતા પ્રમાણમાં આમદની પણ મળી જાય છે અને ગરીબ દર્દીઓને સેવા પણ મળી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક આઇ.એમ.એ.ની અંદર, મારા જિલ્લાની અંદર ભૂજની અંદર, ગાંધીધામની અંદર આ બધા ઇન્ડિયન મેડિકલ એસોસીએશન સાથે મેં મિટીંગ કરી છે અને વારંવાર આવા સૂચનો તે લોકો પાસેથી આવતા હતા કે અમને પાર્ટ ટાઇમ રાખવામાં આવે તો અમે કામ કરવા તૈયાર છીએ. ત્યારે આ **"સીએમ સેતુ"** યોજના આપી છે તેના માટે હું તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરીશ કે પોતાના જિલ્લાની અંદર, પોતાના મત વિસ્તારમાં આઇ.એમ.એ.સાથે મિટીંગ કરી આવી સેવા આપવા તૈયાર થતા ડૉકટરોને, સ્પેશ્યાલીસ્ટ ડૉકટરોને આવી હોસ્પિટલોમાં, સરકારી હોસ્પિટલોમાં જોડીએ કે જેથી કરીને ખૂબ સારી સારવાર આપણે ગરીબ દર્દીઓને આપી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું આ માગણીઓને સમર્થન આપું છું.

શ્રી રામસિંહ પ્ર. પરમાર**(**ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજુ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારની બાબતમાં જે નિગમની રચના થઇ તે રચનાની દષ્ટિએ હું જોઉં તો જયારથી નિગમની રચના થઇ ત્યારથી એટલે કે ૨૦૦૨ પછીથી એસ.ટી.ની અંદર ઘટ થતી ગઇ. એસ.ટી.ની અંદર ઘટ થવાને કારણે આજે રાજયની અંદર છએક હજાર એસ.ટી. ચાલે છે. આપણી પાંચ કરોડની વસ્તીના બદલે છ કરોડની વસ્તી થઇ હોય ત્યારે ગામડાની સંખ્યા વધી હોય, નગરની સંખ્યા વધી હોય, સીમ વિસ્તારની વસ્તી વધી હોય ત્યારે એસ.ટી.ઓછી હોવાના કારણે શિડયુલ ઓછા બને અને આ શિડયુલ ઓછા બને તેના કારણે રૂટ પણ ઓછા થતા જાય છે. જયારે રૂટ ઓછા થાય છે એના કારણે શહેર અને ગામડાના વ્યવહારમાં ઘણી મુશ્કેલીઓ પડે છે એના કારણે નિગમ નહીં નફો નહીં નુકસાનના ધોરણે ચલાવવવાનું છે.

ગ્રામ્ય લેવલે ખેડૂત હોય એને પોતાનો ધંધો કરવા માટે, એ જે માલનું ઉત્પાદન કરે છે એ શહેરમાં વેચવા માટે, શહેરમાંથી માલ લાવવા માટે, ગામડાના વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહના હોય એમને ભણવા માટે શહેરમાં જવું પડે છે. દીકરા અને દીકરીને ભણવા માટે શહેરમાં જવું પડે છે. તો દરેક ગામડાની અંદર સવાર અને સાંજ એમ બે રૂટ હમેશાં આપવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું ત્યાં બપોરનો પણ એક વધારાનો રૂટ આપે તો ખેડૂતોને પણ એનો લાભ પૂરેપૂરો મળી શકે. માનનીય મંત્રીશ્રીને મારી નમ્ર વિનંતી છે કે, વસતિ વધી છે ત્યારે શહેર અને ગામડાનો પૂરેપૂરો વ્યવહાર ચાલે એના માટે એસ.ટી. વધારવી જોઇએ, રૂટ પણ વધારવા જોઇએ અને વિદ્યાર્થીઓને પૂરેપૂરી સગવડ મળવી જોઇએ. એમને પૂરેપૂરી સગવડ નથી મળતી એના કારણે પ્રાઈવેટ વાહનો વધ્યાં છે, રાજયની અંદર વિદ્યાર્થીઓને એસ.ટી.ની સગવડ ન મળવાને કારણે પ્રાઇવેટ વાહનોમાં જાય છે. પ્રાઇવેટની અંદર વારંવાર અકસ્માતો થતા હોય છે, દીકરો હોય કે દીકરી એ ભણવા જતી હોય ત્યારે એના માબાપને એક ટેન્શન રહ્યાં કરે છે. દીકરી જયારે પ્રાઈવેટ વાહનની અંદર જાય ત્યારે એનાં માબાપને ચિંતા થાય છે કે એ દીકરીની સલામતી છે કે કેમ? તો જયારે સરકાર એક નંબર, એક નંબર બોલતી હોય તો એસ.ટી.ની વધારેને વધારે શા માટે સગવડ નથી આપતા?

જેટલી એસ.ટી. છે, જે કોઇ શિડ્યુલ છે, જે રૂટ છે એની અંદર કર્મચારીઓની પૂરેપૂરી ભરતી થતી નથી અને દિવસે દિવસે કર્મચારીઓની સંખ્યા ઘટતી જાય છે અને એને કારણે પૂરેપૂરા રૂટ થતા નથી અને રૂટ નથી થતા એને કારણે આ મુશ્કેલીઓ પડે છે. તો માનનીય મંત્રીશ્રીને હું તો વિનંતી કરીશ કે, કર્મચારીઓની સંખ્યા વધારે, ભરતી કરે. એસ.ટી.નું ભાડુ દિવસેને દિવસે વધતું જાય છે, રેલવેનું ભાડુ ઓછું હોય છે જયારે એસ.ટી.નું ભાડુ દિવસે દિવસે વધતું જાય છે. ગુજરાતની અંદર નિગમ જે ચાલે છે એ નહીં નફો નહીં નુકસાન કરવા માટેનું છે, એકબીજાને સગવડ આપવા માટે થતું હોય ત્યારે એમાં કર્મચારીઓની સંખ્યા વધારવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી.નો ઉપયોગ જો વધારેમાં વધારે કોઇ કરતું હોય તો સરકાર કરે છે. પંદર પંદર દિવસે ગરીબ મેળાઓ થાય એ ગરીબ મેળામાં આખા રાજયની બસો ભેગી કરી દેવામાં આવે છે, ગરીબ મેળામાં મોકલવાની, ચા–નાસ્તો આપવાનો, બસમાં ચાર જણા જાય કે દસ જણા જાય પણ એસ.ટી.લઇ જવામાં આવે છે.

એ દિવસે કોઇને પરીક્ષા હોય, કોઇ બીમાર હોય અને એને એસ.ટી.માં જવા માટેનું પ્લાનિંગ કર્યું હોય પણ જયારે એ બસ સ્ટેશને જાય ત્યારે એને ખબર પડે કે, આજે એસ.ટી. આવવાની નથી. આ કઇ જાતનો વહીવટ છે? તમારે ગરીબ મેળા કરવા હોય તો પ્રાઇવેટ વાહનો ખરીદોને, કોણ તમને ના પાડે છે? તમે પ્રાઇવેટ ગાડીઓ લઇ જાઓને કોણ ના પાડે છે? આડે દહાડે એક્વીઝીશન કરવાનો ટાઇમ મળે છે તો તે દિવસે ગરીબ મેળાના દિવસે એકવીઝીશન શા માટે કરતા નથી? શા માટે વિદ્યાર્થીઓને કે બીજા લોકોને મુશ્કેલીઓ પડે તેવું કરો છો?

માનનીય મુખ્યમંત્રીશ્રીની મિટીંગ હોય તો પણ આખા રાજયની એસ.ટી.નો ઉપયોગ કરવાનો? તો શું આ રાજય માટે, પ્રચાર માટે એસ.ટી. રાખી છે? તેના માટે આ નિગમ બનાવ્યું છે? આ કરે છે એટલે લોકોને મુશ્કેલી પડે છે તો લોકોને મુશ્કેલી ના પડે તેવી વ્યવસ્થા સરકારે કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની વાત કરીએ તો જયારે ચુંટણી આવે છે ત્યારે આપણે વચનો તો બહુ આપતા હોઇએ છીએ. ચૂંટણી ઢંઢેરાની અંદર બહુ વચનો આપેલાં હોય છે. શિક્ષિત બેરોજગારને અમે રોજગારી આપીશું. અમે ઉદ્યોગો લાવ્યા છીએ, અમે એમ.ઓ.યુ. કર્યાં છે, ૮૦ ટકાની ભરતી કરવાના છીએ. આ બધુ કરવા છતાં ગુજરાતમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા સરકારના આંકડા પ્રમાણે ૮ થી ૧૦ લાખ છે. આ બેરોજગારના આંકડા બોલે છે, આ સરકારના આંકડા છે અને બોલે છે. મારા આંકડા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અસંગઠિત જે મજૂરો છે, દા. ત. કડિયા કામ કરવાવાળા હોય, શેરડી કાપનારા હોય બે એવા બીજા માણસો હોય, તો શહેરની અંદર જે કામ કરવા આવે છે એ આંકડો તો જુદો છે. એ લોકોની સંખ્યા આપણે ગણી શકીએ એમ નથી. દિવસે દિવસે શિક્ષિત બેરોજગારોની સંખ્યા વધતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામે બેઠેલાને, કોઇને ઇચ્છા વડાપ્રધાન બનવાની થાય, મને કોઇ વાંધો નથી. ઇચ્છા થાય વડાપ્રધાન બનવાની, કોઇને પણ ઇચ્છા થઇ શકે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇનું નામ દીધું નથી. કોઇને વડાપ્રધાન થવાની ઇચ્છા થાય મને કોઇ વાંધો નથી પણ ગુજરાતની છ કરોડ પ્રજાના જે પ્રતિનિધિ નંબર વન ગણાય એ કોઇક જગ્યાએ ખોટુ સ્ટેટમેન્ટ કરે એ સ્ટેટમેન્ટના કારણે મને દુઃખ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવામાં આવ્યું કે ગુજરાતમાં કોઇ શિક્ષિત બેરોજગાર નથી. ઝીરો છે, તો માનનીય અધ્યક્ષશ્રી, આ તમારા આંકડા સાચા છે કે ખોટા છે? ૮ થી ૧૦ લાખનો તમે આંકડો આપો છો. માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવામાં આવે કે ગુજરાતની અંદર કોઇ બેરોજગાર નથી. તો મારે કહેવું છે કે તમારા આંકડા સાચા છે કે આંકડા ખોટા છે? આઠ થી દસ લાખના તમે આંકડા બોલાવો છો. કોઇ બેરોજગાર છે નહીં, ઝીરો બતાવે છે અને જે બહારના સરવે આવે છે એમનો બેરોજગારનો આંકડો જુદો બોલે છે. સરવે કરાવડાવે બહારની તટસ્થ એજન્સી પાસે તો ખ્યાલ આવે કે ગુજરાત સરકારનો આંકડો શું છે અને શિક્ષિત બેરોજગારનો આંકડો શું આવે છે? માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષિત બેરોજગારની સંખ્યાની બાબતમાં મારે કહેવું પડે છે કે દિવસે દિવસે બેરોજગારની સંખ્યા વધતી જાય છે, દિવસે દિવસે એને રોજીરોટી ન મળે, એના મા–બાપની પરિસ્થિતિ ન હોય એને કારણે આપાઘાત પણ થતા હોય અને કુટુંબ સાથે આપઘાત થતા હોય છતાં પણ કોઇ એમ કહે કે અમારા ગુજરાતની અંદર શિક્ષિત બેરોજગારીની સ્થિતિ ખરાબ નથી. જરા ઉંડા તો ઉતરે! જરા તપાસ તો કરે કે સાચી હકીકત શું છે? સાચી પરિસ્થિતિ શું છે એ જુએ તો ખબર પડે.

હંમેશા મેં કહ્યું એ પ્રમાણે કોઇની ઇચ્છા થાય મને વાધો નથી, કોઇની ઇચ્છા હોય એ થવા માટે યજ્ઞ કરાવે, તાંત્રિક વિદ્યા કરાવે એમાં અમને જો આમંત્રણ મળે તો પાંચ વાગે અમે પણ શ્રીફળ હોમવા જઇએ. ભગવાન દરેકનું સારું કરે એમ કહેવા તો જઇએ પણ અમને કોઇ આમંત્રણ આપતું નથી. યજ્ઞ કરાવે એમાં અમને કોઇ વાંધો નથી, ઇચ્છા થાય તો પણ અમને વાંધો નથી પણ એના માટે ખરેખર જે સ્ટેટમેન્ટ થાય એ સ્ટેટમેન્ટ નહીં થવું જોઇએ, ખોટી રીતે સ્ટેટમેન્ટ કરે છે. પહેલા સ્ટેટમેન્ટ એવું આવ્યું કે લોકસભા પર જેણે આક્રમણ કર્યું છે એને કોઇ શિક્ષા થતી નથી અને એને ફાંસી અપાતી નથી. એને ફાંસી આપવામાં આવી ત્યારે પછી એમ કહેવામાં આવ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રીને વડાપ્રધાન થતા અટકાવવા માટે આ ફાંસી આપી દીધી. આ કઇ જાતના સ્ટેટમેન્ટ કરે છે? શા માટે આવા ખોટા ખોટા સ્ટેટમેન્ટ કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : રામસિંહભાઇ, આપ માગણી ઉપર આવો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ઉપર જ આવું છું. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, ગુજરાતની અંદર જે હાલની પરિસ્થિતિ છે એ પરિસ્થિતિની અંદર અસંગઠિત જે મજૂરો છે એને પૂરેપૂરી રોજી આપવામાં આવતી નથી. જે સરકારે લઘુતમ વેતન નક્કી કર્યું હોય એ લઘુતમ વેતન પણ પૂરેપૂરું નથી આપવામાં આવતું. ખરેખર હું એવું માનુ છું કે ગરીબ માણસ જયારે મહેનત–મજૂરી કરતો હોય તો એને પૂરેપૂરું લઘુતમ વેતન મળવું જોઇએ એ નથી આપતા અને પેપર ઉપર સહી લઇ લેવાની પગાર ઓછો આપવાનો. એને માટે પણ

પૂરેપૂરું ચેકીંગ કરે જેથી કરીને ગરીબ માણસને એનો ફાયદો થાય, નહીં તો ખરેખર શોષણ થાય છે. નાના બાળકોને કામ પર લઇ જાય એનું પણ શોષણ થાય છે. આપણે શિક્ષિત બેરોજગારની વાત કરીએ તો ગામડામાંથી શહેરમાં નોકરી કરવા માટે જાય એ દીકરો હોય કે દીકરી હોય એની મજબૂરીને કારણે દીકરી કોઇ પ્રાઇવેટની અંદર નોકરી કરવા જાય ત્યારે એની મુશ્કેલી છે એ તો જેણે મુશ્કેલી વેઠી હોય એને ખબર પડે કે શું પરિસ્થિતિ છે? નછૂટકે પ્રાઇવેટમાં નોકરી કરવી પડતી હોય છે, સરકારી નોકરી મળતી નથી કે બીજી કોઇ નોકરી મળતી નથી. અહીંયા કહેવામાં આવે છે કે ભરતી મેળા કરવામાં આવે છે, ભરતી મેળાની અંદર અમે આટલી રોજગારી આપી. •(xxxxxx) એમને પૂછવામાં આવે કે તમે ભરતી કરો છો એમાં એપ્રેન્ટીસ કેટલા, એમાં ટ્રેઇની કેટલા, એમાં શિક્ષત બેરોજગાર કેટલા, એમાં કાયમી કેટલા? એના આંકડા આપે તો અમને ખબર પડે કે નોકરી કેટલાને આપી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે (xxxxxx) સરકાર જે આંકડા આપે એ રેકર્ડ ઉપરના હોય એમાં (xxxxxx) હોય તો એમણે સાબિત કરવું પડે. માટે આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

**ડો. ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) :** માનનીય અધ્યક્ષશ્રી,"દર્દી દેવો ભવ" માં માનતી આ રાજ્ય સરકાર અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રી મહોદય નીતિનભાઇ પટેલને હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું જે બજેટ અને માગણીઓ છે એ માટે હાર્દિક અભિનંદન આપું છું, માનનીય નીતિનભાઇ પટેલ જે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની અનુદાનો માટેની માગણી ક્રમાંક ૪૦ લઇને આવ્યા છે અને ખાસ પરિવાર કલ્યાણ માટે વરસ ૨૦૧૩-૧૪ના બજેટમાં અંદાજે રૂપિયા ૪૯૩ કરોડ ૯૫ લાખ ૧૬ હજારની દરખાસ્ત લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થઇ છું.

હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું મને યાદ છે કે દસ-પંદર વરસ પહેલાં મારા ગામમાં એક કૂબામાં રહેતી બહેનને અરધી રાત્રે પ્રસૂતિની પીડા ઉપડે છે, નજીકમાં કોઇ હોસ્પિટલ કે તજજ્ઞ ડોકટરની સેવા તો એ જમાનામાં ઉપલબ્ધ નહોતી જ, ગરીબ પરિવાર છે, બિચારો મુંઝાય છે, આર્થિક સગવડતા નથી, વાહનની સગવડતા તો ક્યાંથી હોય, ત્યારે જેમ તેમ કરીને ભાડૂતી વાહનમાં એ ચાળીસ પિસ્તાળીસ કિલોમીટરની દૂરની હોસ્પિટલમાં પહોંચે છે અને ત્યાં પહોંચ્યા પછી ખબર પડે છે કે એ માંની કૂખમાં એ બાળક મરી ચૂક્યું છે, આ દુનિયામાં આવતા પહેલાં જ એ બાળકે દુનિયાને અલવિદા કહી છે અને એના વહાલસોયા બાળકનું મુખ જોયા વગર એ માતા પણ આ દુનિયાને આવજો કરે છે, આવી તો ઘટનાઓ ગામડામાં છાશવારે બનતી હતી, પણ ત્યારે એ વખતની સરકાર કે એ વખતના નેતાઓના પેટનું પાણી પણ હલતું નહોતું, એમની સંવેદના પણ નહોતી પણ જ્યારથી અમારી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે અને અમારા સંવેદનશીલ માનનીય મુખ્યમંત્રીશ્રી એનું ધ્યાન રાખે છે કે આવું ગુજરાતના એક પણ બાળક સાથે ન બને અને મારી એક પણ બહેન દીકરી આવી રીતે અકાળે અવસાન ન પામે એના માટે થઇને જ્યાં શ્રીમંત લોકો સારવાર લે છે એવા ખાનગી તબીબો પાસે એ બહેન દીકરી પણ સારવાર લઇ શકે અને પ્રસૂતિ માટે ટાઇમે ત્યાં પહોંચી શકે અને વિનામૂલ્યે આ સારવાર કરાવી શકે એ માટે "ચિરંજીવી યોજના" લઇને આ સરકાર આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં જ્યાં અમીર લોકો સારવાર લે છે એ હોસ્પિટલમાં બહેન દીકરી જાય છે પછી ત્યાં એની નોર્મલ ડિલીવરી હોય કે સિઝેરિયન હોય, એના લેબૉરેટરીના બધા ટેસ્ટીંગ માટે કે એને એનેસ્થેસીયા કે કોઇપણ પ્રકારની સારવાર માટે એકપણ રૂપિયો ચાર્જ આ ડોકટરને આપવાનો નથી, અને એનો જે કંઇ ખર્ચ થાય છે એ એના મા બાપ બનીને આ રાજ્ય સરકાર આ ડોકટરને ચૂકવે છે એટલું જ નહિ એ બહેનને ત્યાં લઇ જવા માટે ભાડા પેટે પણ ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે અને એ ખર્ચ પણ આ રાજ્ય સરકાર કરે છે. ખરા અર્થમાં એ બહેન દીકરીની આ રાજ્ય સરકાર મા બાપ બને છે ત્યારે ફરીથી હું એમને અભિનંદન આપું છું.

માત્ર મારી બહેન દીકરી જ નહિ પણ ગુજરાતના ગરીબ પરિવારનું કોઇ નવજાત શિશુ કે આદિજાતિનું કોઇ નવજાત શિશુ એટલે કે ૩૦ દિવસ સુધીના શિશુ માટે પણ મફત સારવારની યોજના આ રાજ્ય સરકારે અને આ આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગે કરી છે અને એ માટે "બાલ સખા" ની યોજના પણ આ રાજ્ય સરકાર લાવી છે એ યોજનામાં પણ ગરીબ ઘરનું નવજાત શિશુ છે એ ખાનગી નિષ્ણાત તબીબો પાસે સારવાર લઇ શકે છે અને એક પણ રૂપિયો ચાર્જ એનો લેવામાં આવતો નથી અને એનો ટોટલી ખર્ચ એ ડોકટરને સરકાર આપે છે. એ નવજાત શિશુને હોસ્પિટલમાં લઇ જનાર આરોગ્ય કાર્યકર અને એમના સગાંઓને પણ ૨૦૦ રૂપિયા અને ૫૦ રૂપિયા જેવું પ્રોત્સાહન

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

આપવામાં આવે છે. આ જે મેં ચિરંજીવી યોજનાની વાત કરી એમાં અત્યારસુધીમાં ૮.૩૫ લાખ માતાઓએ એનો લાભ લીધો છે અને ૨૦૧૩-૧૪ના બજેટમાં ૪૧૫૦ લાખની જોગવાઇ આ દરખાસ્તમાં કરવામાં આવી છે અને જે "બાલ સખા" ની યોજના છે એમાં ૨.૭૭ લાખથી વધુ બાળકોને આની સારવાર આપવામાં આવી છે અને આ ૨૦૧૩-૧૪ના બજેટમાં રૂપિયા ૨૪૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીની અંદર ઇલેકશનો થાય છે. ઇલેકશનની અંદર જે પક્ષ બહુમતીથી આવે છે તે સરકાર બનાવે છે અને ઓછાં ચૂંટાય છે તે વિરોધ પક્ષમાં રહે છે. સરકારે કાર્યક્રમો આપવાના હોય છે, નિયમો બનાવવાના હોય છે અને તેનું સારી રીતે અમલીકરણ કરવાનું હોય છે. જયારે વિરોધ પક્ષોએ એની અંદર કઇ રીતે ખોટું થઇ રહ્યું છે, તંત્ર ઉપર અંકુશ આવે અને યોજનાઓ સારી ચાલે તેના માટેની દેખરેખ રાખવાનું પ્રજાએ તેને સોંપ્યું છે, જે કાયદાકીય રીતે સોંપેલુ છે જે અમારે કરવાનું છે. એ રૂએ અમે જયારે ચર્ચા કરતા હોઇએ છીએ અને કોઇ કાયદાની અંદર કે કોઇ કોઇ નિયમની અંદર કે સરકારે લીધેલા પગલાંની અંદર અમે જયારે ચર્ચા કરતાં હોઇએ છીએ ત્યારે એવું કહેવામાં આવે છે કે અમને સારું દેખાતું જ નથી. પણ અમારે જે ક્ષતિઓ છે, જે વિભાગોની ક્ષતિઓ છે, જે અમલીકરણમાં ક્ષતિઓ થઇ રહી છે તેની તરફ અંગુલી નિર્દેશ નહીં કરીશું તો લોકશાહીના આપણાં પાયા મજબૂત નહીં થઇ શકે. અને એને કારણે જે થઇ રહ્યું છે તેની ચર્ચા નહીં કરું.

હું એ ચર્ચા કરવા ઉભો નથી થયો કે આઝાદીના વખતે આ દેશની અંદર કાચા રસ્તા હતા, રોડ નહોતા, લોકોને પ્રવાસ માટેનો આઇડીયા નહોતો, પ્રવાસન માટેની સૂઝ નહોતી એવા સંજોગોની અંદર આપણાં જૂના રાજકારણીઓએ જે રીતે વાહન-વ્યવહારનું રાષ્ટ્રીયકરણ કર્યુ અને લોકોને પ્રજાભિમુખ વહીવટ મળે અને તેની અંદર ફરવાનું મળે તેના કારણે જે પગલાં લીધા તે પગલાંની અંદરનો ઇતિહાસ, આજે આપણે અત્યારે અહીં ઉભાં છીએ. એ ઇતિહાસની અંદર હવે આપણે શું કરવું જોઇએ તેની ચર્ચા કરવી જોઇએ. હું એ ચર્ચા કરવા નથી માગતો તે વખતે કેટલી બસો હતી, કેટલી વસતિ હતી, અત્યારે કેટલી ઓછી છે એ ચર્ચા કરવા નથી માગતો. લોકોની અંદર, બસોની અંદર જે રૂટો ઘટયા છે તેની પણ ચર્ચા કરવા નથી માગતો. એ ગામડાંની આવક ઓછી છે, ત્યાં બાળકોને ભણવાની અંદર સ્કૂલમાં મુશ્કેલી પડે છે, સ્કૂલે આવવામાં મુશ્કેલી પડે છે તેની પણ ચર્ચા કરવા નથી માગતો. પ્રજાને રીક્ષાની અંદર અને મેટાડોરોની અંદર અને પ્રાઇવેટ વાહનોની અંદર ઘેટાં-બકરાંની જેમ જવા માગે છે એ પણ ચર્ચા હું કરવા નથી માગતો. અને ગામડાંના વિદ્યાર્થીઓને સ્કૂલે આવવાની અંદર જે મુશ્કેલીઓ પડે છે અને એને કારણે ડ્રોપઆઉટ રેશિયો વધે છે તેની પણ ચર્ચા કરવા નથી માગતો. અને ગામડે ગામડે નાનામાં નાની પબ્લિક માટે ચોમાસાની અંદર ઉભાં રહેવા માટેના બસ સ્ટેન્ડો નથી જે આપણી પ્રજાને ચોમાસામાં અને તાપથી બચવા માટે જે મુશ્કેલીઓ અત્યારે પડી રહી છે તેની ચર્ચા કરવા માગુ છું.

નાનામાં નાનો માણસ, ગામડાંનો ગરીબમાં ગરીબ વ્યકિત તેના બસ સ્ટેન્ડ સુધી આવતો વિદ્યાર્થી કે જેની પાસે દફતર હોય, ગામડેથી કોઇ ખરીદી માટે જતો હોય તો તેની પાસે થેલી હોય, અને લગ્નમાં જતી કોઇ વ્યકિતએ સારા કપડાં પહેર્યા હોય અને તેને આપણે માત્ર અને માત્ર શેડવાળુ બસ સ્ટેન્ડ ના આપી શકીએ એ આપણો વિકાસ ના કહેવાય. આપણો વિકાસ કયારે થયો કહેવાશે કે આપણે બસો કેટલી કોન્ટીટીમાં આપી છે તેની ચર્ચા નથી, કવોલિટી કેટલી આપીએ છીએ તે મહત્વનું છે. પણ આપણે તો કોન્ટીટી પણ આપી શકયા નથી અને કવોલિટી પણ આપી શકયા નથી તેનું મને દુઃખ છે. આપણી જે બસો રોડ ઉપર ફરે છે તો એ બસો સાફ-સુથરી બહારથી અને અંદરથી છે તેની આપણે કોઇ દિવસ ચર્ચા કરી ખરી ? બસની અંદરના ડ્રાઇવરોનું વિનય-વિવેક સાથેનું વર્તન છે કે નહીં તેની કોઇ દિવસ ચર્ચા કરી આપણે? નાનામાં નાના લોકોના વિદ્યાર્થીઓને ટાઇમસર બસ નહીં મળવાના કારણે તેના એજયુકેશનને બહુ મોટો ફટકો પડે છે તેની ચર્ચા આપણે કોઇ દિવસ કરી ખરી? એક બસ એક ગામડાંની અંદર ૧૨૦ પાસ ફાટયા હોય અને તેની પાસેથી એડવાન્સ પૈસા લઇ લીધા હોય અને માત્ર અને માત્ર ૬૦ પેસેન્જરની એક બસ મૂકીને બીજા લોકોને બીજી બસ આપી નથી શકતા અને પૈસા લઇ લઇએ છીએ એનું દુઃખ છે આપણને ? આ બધા જો વિચાર આપણે નહીં કરીએ તો માનું છું કે વાહન-વ્યવહાર એ આ દેશની અને ગુજરાતની જીવાદોરી સમાન છે.

કોઇપણ રાજયની પ્રગતિની પારાશીશી હોય તો એનું વાહન-વ્યવહાર છે. વાહન વ્યહારમાં આપણે નાનામાં નાની વસ્તુ ઉપર ધ્યાન નહીં આપીએ અને મોટી મોટી વાતો કરીને દુહાઇ લીધા કરીશું તો કોઇપણ જાતની પ્રગતિ

થવાની નથી. પ્રજાના સુખ દુઃખ અને અવર જવરની જે તકલીફ પડે છે તેના માટે વિચારવાની જરૂર છે. આપણે ગુજરાતના ધાર્મિક સ્થળોને જોડતો સળંગ રૂટ આપી શકયા છીએ? નથી આપી શકયા, આપણે ગુડ ગવર્નન્સની વાતો કરીએ છીએ, પણ બસમાં ડ્રાઇવરો અને કન્ડકટરો દારૂ પીધેલા ન હોય, કે બીડી ન પીતા હોય તેની ચર્ચા કોઇ દિવસ આપણે કરી છે? મારા મત વિસ્તારમાં જયારે સંકલનમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો તે દિવસે ડ્રાઇવરોની સંખ્યા ૬૦ અને કન્ડકટરોની સંખ્યા ૩૦ની હતી. તો ડ્રાઇવરો શું કરે બેસી રહીને? પૈસા ઉઘરાવનાર ન હોય તેવું તંત્ર આપણે ચલાવી રહ્યા છીએ તેવો મને ભાસ થયો. આપણા બસ સ્ટેન્ડો કેટલા ગંદા છે તેની સફાઇની ચર્ચા કરી કોઇ દિવસ આપણે? તેની અંદર ચાલતી કેન્ટીનો કેવું ફૂડ આપે છે અને કેટલું આપે છે તેની ચર્ચા કરી કોઇ દિવસ આપણે? બસ સ્ટેન્ડની અંદર બાથરૂમ અને સંડાસની સફાઇ નથી કરી શકતા તેની ચર્ચા કરી કોઇ દિવસ આપણે?

મારા પેટલાદ મત વિસ્તારમાં બસ સ્ટેન્ડમાં મેં તપાસ કરી તો બાથરૂમને તાળુ મારેલું હતું. મેં પૂછયું કે કેમ? તો કહે કે કોન્ટ્રાકટર સફાઇ કરવા નથી આવતો એટલે બંધ છે. અરે કોન્ટ્રાકટર સાફ કરવા ન આવે તો મા–બહેન કે પુરુષો ગામડાંમાંથી આવેલા લોકો કઇ જગ્યાએ બાથરૂમ કે સંડાસ જાય? કઇ જગ્યાએ આપણે આવીને ઉભા છીએ? આ કેવો વહીવટ છે? હું ધારાસભ્ય છું, સરકારનો એક ભાગ છું, મને પણ ધારાસભ્ય તરીકે દુઃખ થયું, આ બધી નાની વસ્તુઓનું ધ્યાન નહીં રાખીએ તો મોટી મોટી યોજનાઓ બનાવીશું એનો કોઇ અર્થ નહીં રહે. સાત માળનો મહેલ બનાવ્યો હોય પણ સાતમાં માળે પાણી ન ચડતું હોય તો શું કરવાનો? સાતમાં માળે બાથરૂમ ન હોય તો શું કરવાનું? એવા સાત માળના મહેલની કોઇ વેલ્યુ નથી. મારે તો એથી વધારે આગળ જઇને કહેવું છે કે જે બસો બંધાય છે તેના ટેન્ડરોની ચર્ચા હું નથી કરવા માગતો, બસો સ્ક્રેપ કરીને વેંચી દેવામાં ઘાલમેલ થાય છે તેની ચર્ચા હું નથી કરવા માગતો. ચાલ્યા કરે, રાજકારણ છે.

અધ્યક્ષશ્રી : આ બધું રેકર્ડ ઉપરથી કાઢી નાખું કંઇ ચર્ચા કરવા ન માગતા હો તો? નવી સ્ટાઇલ શોધી કાઢી છે.

શ્રી નિરંજન પટેલ : આપણે રોડ મોટા મોટા બનાવ્યા, વાહનો વધ્યાની દુહાઇઓ લઇએ છીએ, પણ તે વાહનની સીટ પર બેસનાર ડ્રાઇવર સીટ બેલ્ટ બાંધે છે કે નહીં, તેની પાસે લાયસન્સ છે કે નહીં અને ૧૬ વર્ષથી નાની વયના બાળકો સ્કૂટર લઇને નીકળે છે અને અકસ્માતો સર્જાય છે તેની ચિંતા કરી આપણે? નો એન્ટ્રીમાં એન્ટ્રી થતી હોય, ઝીબ્રા દોરેલા ન હોય, સાઇન બોર્ડ મુકેલા ન હોય અને હોય તો પોસ્ટર મારેલા હોય કે રામકથા છે આજે, અને વાંચી ન શકાય. આ પરિસ્થિતિ ગુજરાતની છે એમાંથી બહાર આવવાની જરૂર છે. આરોગ્યમાં ચર્ચા કરીએ, કોલેજોની વાતો કરીએ, એડમીશનોની વાતો કરીએ આટલા દવાખાના બનાવ્યા અને આટલા કરોડના ખર્ચે આટલી કોલેજો બનાવી, પણ રોગ ઉત્પન્ન થતી જગ્યાઓ તરફ ધ્યાન આપ્યું કે રોગ ઉત્પન્ન ન થાય, રોગ ઉત્પન્ન થાય તો મેડીકલ કોલેજ બનાવવી પડે અને યોજનાઓ બનાવવી પડે. પણ આરોગ્યને નુકસાન ન થાય તેની કોઇ યોજનાઓ આપણે નથી બનાવી.

હું એક વખત અમેરિકા ગયો હતો ત્યાં ખરીદી કરવા ગયો તો સ્ટોર બંધ હતો, કેમ? તો કહે પાકી કેરીઓના કરંડીયા પેકીંગ વાળા કરંડીયા બહાર મૂકયા હતા, એટલે સ્ટોર આરોગ્ય વિભાગે બંધ કર્યો, તો પૂછયું કે કેમ બંધ કર્યો, તો કહે કે મારી જનતાને બહારના વાયરસ લાગે અને કેરીઓ ખાય તો બિમાર પડે નહીં માટે સ્ટોર બંધ કર્યો, એ સ્ટેજ પર આપણે જવું પડશે. આપણે તો કુરકુરે અને વેફરો તો બહાર તોરણોની જેમ તાપમાં તપે, દિવસે ગરમ થાય અને રાતે ઠંડી થાય એવા તેલ વાળા પેકેટ આરોગ્યને ન બગાડે તો શું કરે? આપણે ફૂડની અંદર કોઇ આઉટ ઓફ ડેઇટના ફૂડનો નાશ કર્યો? આરોગ્ય પાયાની વસ્તુ છે જે આરોગ્ય સુધારવા માગીએ છીએ એમાં આ બધી ચિંતાઓ અને ચર્ચા નહીં કરીએ અને સાથે મળીને આ બધી વસ્તુઓ જો બંધ થાય તેવા એકશન લઇએ તો ગુજરાતની અંદર આપણે આગળ નીકળીએ, અને આપણે કહીએ છીએ એકટ નહીં એકશન, દિલ્હીમાં કહેવાયું હતું કે અમે એકટ નહીં એકશનમાં માનીએ છીએ, આ બધી એકશનો આપણે જયારે કરીશું ને તો નવા એકટ બનાવવાની જરૂર નહીં પડે એવું મારું માનવું છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે તથા મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આજે, ગઇકાલે અને અગાઉ પણ વિરોધપક્ષના મિત્રો ચર્ચામાં તો કહે જ છે કે આ સરકાર નંબર વન છે પરંતુ એમાંથી કંઇકને કંઇક ત્રૂટિઓ શોધે છે. મને કહેવા દો મિત્રો કે તમે પણ આ સરકારને ૯૯ માર્કસ આપો છો. વિપક્ષના મિત્રો કહે છે કે પરિવાર કલ્યાણની યોજનાઓ પહેલેથી જ છે પણ કલ્યાણ કરનારું નેતૃત્વ પહેલા

કયાં હતું? વિરોધપક્ષના મિત્રો કહે છે કે યોજના પહેલેથી જ હતી પરંતુ અમલમાં મૂકનાર કર્મયોગીઓ કયાં હતાં? વિરોધપક્ષના મિત્રો કહે છે કે આ યોજના પહેલેથી જ હતી પરંતુ આયોજન કરનાર દીર્ઘદ્રષ્ટિવાળા નેતાઓ કયાં હતાં? આ બધું જ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીમાં છે.

ભારતમાં સૌ પ્રથમ સન ૨૦૦૬માં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ચિરંજીવી યોજના અમલમાં મૂકી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતની ગરીબ બહેનો માટે એના ભાઇ બનીને આવ્યા છે. સમાજ તંદુરસ્ત તો ગામ તંદુરસ્ત અને ગામ તંદુરસ્ત તો રાજય તંદુરસ્ત. અને આ રાજયની તંદુરસ્તીનું રાજ હોય તો એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સાબિત કરી બતાવ્યું છે. આ મંત્ર રાજયને સમજાવ્યો છે. કલ્યાણકારી યોજનામાં ગરીબ, પછાત, અતિ પછાત કે આદિવાસી તમામ સમાજની બહેનો માટે નવા નવા વિચારોથી નવી નવી યોજનાઓ આ સરકારે દીર્ઘદ્રષ્ટિ વાપરીને મૂકી છે. ચિરંજીવી યોજના હોય કે બાલ સખા યોજના હોય, બહેનોથી માંડીને નવજાત શિશુને પણ મફત તબીબી સારવાર આ સરકાર આપે છે. એના માટે સારા નિષ્ણાત ડોકટરોને કરારબદ્ધ કર્યા છે. સરકારે મોટા પ્રમાણમાં નવજાત શિશુ માટે ખર્ચ ઉઠાવ્યો છે એટલે જ તો લોકોએ આ સરકારને ત્રીજીવાર બહુમતીથી ચૂંટી છે. આ યોજના હેઠળ ૨ લાખ ૭૭ હજાર નવજાત શિશુઓને લાભ મળ્યો છે, એના સારા પરિણામો દૂરોગામી છે. એના લીધે બાળ મૃત્યુદર ઘટ્યો છે. મને એમ કહેવામાં વાંધો નથી કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીમાં હું વિરાટ સમજણને એક અર્જુનની માફક જોઇ રહ્યો છું જે આ વિપક્ષના મિત્રોને નહિ દેખાય.

શ્રી કેશુભાઇ સ. પટેલ(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગ વિશે કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબી નાબૂદ કરવી હશે તો બે–ચાર બાબતો છે તેમાં મહત્વની બાબત માણસના બે હાથને કામ આપવું પડશે. રોજગારી આપવી પડશે. નોકરી આપવી પડશે. માનવી શ્રમિક હોય કે અન્ય વ્યવસાય કરતો હોય એવી જગ્યા ઉપર તેમને રોજગારીની વ્યવસ્થા કરવાની રહે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એ ઉઠે કે આ વખતના ગુજરાતના બજેટમાં શ્રમ અને રોજગાર વિભાગની જયારે હું વાત કરું છું ત્યારે બેરોજગારી છે. શ્રમિકોમાં છે, યુવાનોમાં છે પરંતુ આમાં કોઇ તેને પહોંચી વળવા માટેનો નિર્ધાર દેખાય છે? આમાં નિર્ધાર નથી. આમાં કયાંય બિચારો શ્રમિક દેખાતો નથી. આમાં ગુજરાતનો યુવાન જેટલા પ્રમાણમાં દેખાવો જોઇએ તેના પ્રશ્નના નિરાકરણ માટે નથી. નવા ઉદ્યોગો આવવાથી માત્ર નાની સંખ્યામાં મર્યાદિત લોકોને ફાયદો થયો હશે, ગુજરાતનો ગ્રોથ સર્વ સમાવેક અને ગ્રોથ જે વિકાસનો લાભ યુવાનોને મળતો ન હોય તો અને તેને અન્યાય થતો હોય તો એ માત્ર પ્રચારાત્મક ગ્રોથને શું કરવો છે? ૨૦૦૫થી ૨૦૧૨. આપણે વિચાર કરીએ, શિક્ષિત બેરોજગારોનો હમણાં ઉલ્લેખ થયો. મારી પાસે આંકડા છે. બધા આંકડાઓ નહીં કહું. સરકારી તંત્રએ બહાર પાડેલી પુસ્તિકાઓમાં સ્વીકાર કર્યો છે કે શિક્ષિત બેરોજગારોનો વધારો થાય છે. હમણાં બે–ચાર દિવસ પહેલાં છાપામાં આવ્યું, જે અહીં બોલાયું હતું તે અને તેમાં કહેવામાં આવ્યું કે દર વર્ષે ૧૦માં અને ૧૨માં ધોરણમાં બેસતા વિદ્યાર્થીઓ કેટલા? ૧૩ લાખ. આ ૧૩ લાખ વિદ્યાર્થીઓ બહાર આવે છે. જેને કંઇકને કંઇક ધંધો જોઇએ છે. નોકરી જોઇએ છે. તેને રોજગારી જોઇએ છે. તે વખતે આપણે ત્યાં જે આંકડા સરકારી ચોપડીઓમાંથી પ્રસિદ્ધ થયા છે એ બતાવે છે કે ૨૬ લાખ લોકો સરકારની નોંધમાં આવેલા છે. એવા લોકો આજના તબક્કે બેકાર બેઠેલાં છે. આ બધી બાબતો બેકારોની સંખ્યા, વાસ્તવિક આંકડો કેટલા એ યક્ષ પ્રશ્ન છે. આપણે સામાજીક, આર્થિક સમીક્ષાના ક–૮૩ પર આવેલો કોઠો જોઇ લેવો જરૂરી છે. એ કોઠાના આંકડા બતાવે છે કે બેકાર યુવાનો, ૧૦ લાખ લોકોને વચ્ચે આંકડામાં ગૂમ કરી દીધા છે. તો ૧૬ લાખ લોકો બતાવે છે અને ૧૬ લાખ વત્તા ૧૦ લાખ એટલે કે ૨૬ લાખ લોકો આજે બેકાર બેઠેલાં છે અને સામાજીક આર્થિક સમીક્ષા તેમાં આ બધી વસ્તુઓ બતાવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષિત યુવાનોની કફોડી હાલત છે તેનો મેં ઉલ્લેખ કર્યો. હું કહેવા માગું છું, પહેલાં તો શિક્ષિત બેકારો કયાં જશે? હું કહેવા માગું છું, ૧૯૯૫માં નિર્ણય થયો કે ગુજરાતમાં તે વખતે ઉદ્યોગો આવતા હતા. તેમાં આપણે તકેદારી રાખી અને તકેદારી એ રાખી કે ઉદ્યોગો આપણું પાણી વાપરે, આપણી વીજળી વાપરે, આપણાં રસ્તા વાપરે, આપણી જમીન વાપરે, હવામાન બગાડે, એમાંથી કંઇક આપો તો ખરા? આપણે એટલા માટે લાવીએ છીએ. લોકોની બેરોજગારી હટે આ મુખ્ય પ્રશ્ન છે. આ નેનો ગાડી અને ટાટા કંપનીને બધું થઇને રૂ.૩૩૦૦૦/– કરોડની રાહત આપી. એક લાખના રોકાણ ઉપર એક વ્યક્તિને રોજગારી મળવાની હોય તો એમાંથી ૩.૩૦ લાખ લોકોને રોજગારી દર મહિને, દરરોજ મળવી જોઇએ. આ બન્યું છે ખરું? આપણને આમાંથી બાકાત રાખ્યા, ૮૫ ટકા રોજગારી આપવામાંથી બાકાત રાખી દીધા. તે વખતના સાણંદના માનનીય ધારાસભ્યશ્રીએ વિધાનસભામાં પ્રશ્ન

પૂછ્યો છે એના જવાબમાં જણાવ્યું છે કે, ટાટા કંપનીએ આ વર્ષની અંદર માત્રને માત્ર ૧૯૫૪ લોકોને રોજગારી આપી છે. આ જ કરવાનું હોય તો, હમણાં માનનીય નિરંજનભાઇએ કહ્યું કે, બધી મોટી મોટી વાતો કરવાથી સમસ્યાનો ઉકેલ આવી શકવાનો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે, ૨૦૦૩–૨૦૧૧ દરમિયાનના વાયબ્રન્ટમાં એક લાખ ચાર હજાર લોકોને રોજગારી આપી છે એવો દાવો કરવામાં આવ્યો. એમાંથી નીકળ્યું શું? પરંતુ હું એમ કહીશ કે ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર એમ કહીશ તો તમે ના પાડશો. પણ હકીકતે નીકળ્યું છે શું? પ્રજા હિત માટે શું નીકળ્યું છે?

માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડુ યોજનામાં એમ કહેવાયું કે ટ્રેનીંગ મળશે. સાગરખેડુને એવી ટ્રેનીંગ આપીશું કે એ નેવીમાં જશે. પ્રશ્નના જવાબમાં એમ કહેવામાં આવ્યું કે, સાગરખેડુની અંદર આવી કોઇ યોજના નથી.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલ રૂ.૪૦૦૦/– કરોડ કરતાં વધારે અનુદાન માટેની આરોગ્ય વિભાગની માગણી નં.૩૯ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાના આરોગ્યની સેવા માટે કુલ બજેટના ૪.૮૧ ટકા સાથે પૂરેપૂરું બજેટ ફાળવ્યું છે. ગુજરાતની પ્રજાના આરોગ્યની સાથોસાથ બજેટનું પણ આરોગ્ય જાળવ્યું છે એ બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન. પહેલાં આરોગ્ય વિષયક ચર્ચા દરમિયાન ઇમરજન્સી સેવાઓ અને જનહિતની ગરીબલક્ષી આરોગ્ય સેવાઓ વિશે વાત કરેલી એટલે એ વાત નહીં કરું અને શાળા આરોગ્ય કાર્યક્રમની વાત ડો.નીમાબેને કરેલી. એ ફક્ત આરોગ્યલક્ષી કાર્યક્રમ નથી. પરંતુ હું માનું છું કે એ સમાજલક્ષી પણ કાર્યક્રમ છે. આરોગ્યની સાથેસાથે કુપોષણથી જે બાળકો પિડિત હોય એનું પણ નિદાન આંગણવાડી લેવલે થઇ શકે અને એનાથી કુપોષણ અટકાવી શકાય. વર્ષો પહેલાં કહેવાતું '' જીસ દેશ કા બચપન ભૂખા હોગા, ઉસ દેશકી જવાની ક્યા હોગી?'' વર્ષો પહેલાંનું જે સૂત્ર હતું એ હવે છેલ્લા દસ વર્ષમાં માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારની આગેવાની નીચે આરોગ્ય ક્ષેત્રે ઘણા બધા કામ થયા છે અને થઇ રહ્યા છે. એટલે રોગ અને આગ ઉગતા જ અટકાવાય એ જ સૂત્ર આપણા ગુજરાતીમાં છે. અને Prevention is better than cure. એની સાથે સાથે એ પણ હોય કે, Treat as early as possible. આ બે વસ્તુ આપણે પકડીએ તો આરોગ્ય ક્ષેત્રે ઘણી સારી સેવા કરી શકાય.

શ્રી નિરંજનભાઇએ વાત કરી, પ્રીવેન્ટીવ મેઝર માટે ઇન્ફ્રાસ્ટ્રચર બહુ અગત્યનું છે. પ્રીવેન્ટીવ મેજરની વાત કરું તો. રોગના ત્રણ કારણ હોય, પ્રદૂષિત હવા, પ્રદુષિત પાણી અને પ્રદુષિત ખોરાક અને મચ્છરજન્ય રોગો. આ જ ચાર પરિબળો છે આરોગ્યને નુકસાનકર્તા અને બિમાર પાડતા, અસ્વચ્છતા સહિત. બધા આરોગ્યના નેગેટીવ પરિબળો છે. એના માટે સરકારે છેલ્લા દસ વર્ષમાં એવું ઇન્ફ્રાસ્ટ્રકચર ગોઠવ્યું છે.આજે પ્રશ્નોત્તરીમાં શૌચાલયની વાત થઇ એ શું બતાવે છે? ડીસીઝના પ્રિવેન્શન માટેનો જ એક ભાગ છે. એટલે રોડ રસ્તા, અત્યાર સુધી ધુળ, ધુમાડા પેટ્રોલ અને હવે ગેસ આધારીત વાહન હોય તો ધુમાડો ઓછો થાય. એલર્જીના રોગ ઓછા થાય, ચામડીના રોગ ઓછા થાય, આંખની એલર્જીના રોગ ઓછા થાય. ધુમાડાનું હવા દ્વારા પ્રદુષણ થાય છે એ પણ ઇન્ફ્રાસ્ટ્રકચર ગોઠવીને સરકારે એના માટે પણ કામ કર્યુ છે. પ્રદુષિત પાણી માટે કલોરીનેશનવાળું પાણી અને ફીલ્ટ્રેશન પ્લાન્ટ સાથેની પણ અનેક યોજનાઓ, ત્રીજું પરીબળ ખોરાક, એફ.ડી.સી. ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ દ્વારા બહુ જ સરસ કામગીરી ગુજરાતમાં થઇ રહી છે એમાં પણ ખોરાક અને ઔષધ બન્નેના પરીક્ષણ માટેનું વ્યવસ્થા તંત્ર બહુ જ સરસ રીતે ગોઠવ્યું છે. ફુડ માટેના અપ્રમાણસર નમૂના હોય તો તરત જ એની એસ.એમ.એસ. દ્વારા પણ જાણ થાય. દવાના અપ્રમાણસર નમૂના હોય તો ફુડ એન્ડ ડ્રગ કન્ટોલની જે વડોદરા લેબૉરેટરી છે જે સરકારી હોસ્પિટલોમાં ભારત ખાતે એવી પ્રથમ પ્રયોગશાળા છે કે જે એન.એ.બી.એલ. પ્રમાણપત્ર ધરાવે છે એ પણ આપણા માટે ગૌરવની વાત છે અને કોઇપણ અપ્રમાણસર નમૂના હોય તો તરત જ એસ.એમ.એસ. દ્વારા જાણ કરવામાં આવે છે. આ ટેકનોલોજીની જે અલ્ટ્રામોર્ડન ટેકનિક છે એના દ્વારા તરત જ કેમિસ્ટો સહિત દવામાં અપ્રમાણસર હોય તો તરત જ જાણ કરી અને તરત જ એનું વેચાણ અને વિતરણ અટકાવવામાં આવે એટલે હેલ્થ બગડે નહીં.

ત્રીજું જે ઇનડાયરેકટ પરિબળ મેં હેલ્થનું કીધું કે ટોબેકો પ્રતિબંધ, તમાકુ ઉપર પ્રતિબંધ મૂકી અને એ પણ એક મોટામાં મોટો રોગ અટકાવવા માટેની સેવાનું કામ સરકારે કર્યુ છે આ પણ એક પ્રિવેન્ટીવ મેજર છે. બીજું ઇનડાયરેકટ આપણે એ પણ કહી શકાય કે ખેલમહાકુંભ. ડાયરેકટ આપણને ન દેખાય, પણ ખેલમહાકુંભ દ્વારા રોગ પ્રત્યેની પ્રતિકારક શકિત, શરીરની ક્ષમતા વધે એટલે પ્રતિકારક શકિત ચોકકસ વધે અને મજબૂત શરીર થાય તો રોગ આવતો અટકે. એટલે આ બધા જ પ્રીવેન્ટીવ મેજર સરકારે લીધેલા જ છે. બીજી વાત રહી ડોકટરોની અછત એ

તો પ્રયત્નો ચાલુ જ છે અને સી.એમ. સેતુ યોજના જે નીમાબેને વાત કરી બહુ જ સરસ યોજના છે અને એ અંતર્ગત બીજો આપણી પાસે અત્યારે કોઇ વિકલ્પ છે નહીં પરંતુ જુદીજુદી સરકારી હોસ્પિટલો માટે સીટો અને પથારીઓ વધારી અને નવા ડોકટરો દર વર્ષે વધારે બહાર પડે એના માટેના પ્રયત્નો છેલ્લા દસકામાં ઘણા થયા છે.

છેલ્લી વાત કરું તો આરોગ્યની સાથે જે સંકળાયેલા હોય એના માટે એક શબ્દ છે, આપણા સી.એમ. શબ્દોમાં કમીટેડ મેન કહેતા હોઇએ છીએ, ક્રીએટીવ મેન પણ શબ્દ વાપરતા હોઇએ છીએ પરંતુ સી.એમ. એક દવાનું નામ પણ અમારે જે ડોકટર મિત્રો છે એમને ખબર છે, કે Chlorpheniramine Maleate એનું ટૂંકું નામ એને સી.એમ. તરીકે ઓળખતા હોઇએ ડોકટરમાં. હવે સી.એમ. એ એલર્જી દૂર કરવા માટેની એક દવા છે, કોઇપણ પ્રકારની એલર્જી હોય એ દવા એલર્જી દૂર કરવાની હોય એના અર્થમાં આપણે કહી શકીએ કે આપણા સી.એમ. સાહેબે, નરેન્દ્રભાઇ મોદીએ અત્યારે ગુજરાતની છ કરોડની જનતાની એલર્જી તો દૂર કરી છે પરંતુ હવે હું કહીશ કે રાષ્ટ્ર લેવલે ૧૨૦ કરોડની એલર્જી પણ દૂર કરવાના રસ્તે જઇ ચૂકયા છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગારની માગણી નં. ૫૭ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું. ગુજરાતમાં બાંધકામ ક્ષેત્રે કામ કરતા કામદારોની સંખ્યા લગભગ ૧૫ લાખ જેટલી અંદાજવામાં આવી છે એમાં ૮૦ ટકા ગ્રામના કામદારો છે, અને ૬૦ ટકા આદિવાસી કામદારો જણાવવામાં આવે છે. રાજયના ૧૫લાખ કામદારો આવાસ બાંધકામ, બહુમાળી ઇમારતો બનાવવાનો એ ધંધો કહે છે. વીજળી મથકો, કારખાનાઓ, પુલ, ઇમારતો, ડેમો, રેલ લાઇન વગેરે માળખાકીય સુવિધા ઉભી કરવામાં પોતાની રોજી કમાય છે. અને વધારે પડતી જે મજૂરી કરે છે એ અમારા દાહોદ જિલ્લામાં જે આદિવાસીઓ છે એ આદિવાસીઓ પોતાનું લોહી રેડીને, પસીનો રેડીને આ મજૂરી કરી રહ્યા છે, ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે આ દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહેલા લાખો શ્રમિકો એ ગરીબ છે. ગરીબોને રહેવા માટે છાપરું નથી, પીવા માટે ચોખ્ખું પાણી નથી અને બાળકો માટે શિક્ષણ નથી ત્યારે આ કામ કરતી સરકારને હું એમ કહેવા માગુ છું કે દિલ્હીમાં જઇને આપણા મુખ્યમંત્રીશ્રી નંબર–વન એવા ભાષણો કરીને મારા ગુજરાત રાજયમાં કોઇ ગરીબ નથી એવા ભાષણો કરે છે ત્યારેદુ:ખ સાથે મારે કહેવું પડે છે કે ગુજરાતમાં કોઇ ગરીબ નથી ત્યારે જે આદિવાસી ગરીબ ભાઇ–બહેનો કાળી મજૂરી કરીને એમના જીવનની ગાડી ચલાવી રહ્યાં છે ત્યારે પરસેવો પાડીને આદિવાસી વિસ્તારના લોકો જે બહાર મજૂરી કરવા આવે છે એમાં આદિવાસીઓનો મોટો ભાગ છે.

હોળીનો તહેવાર આવ્યો છે ત્યારે મારા દાહોદમાં જે આદિવાસી વિસ્તારમાં જે આ બીજા જિલ્લાઓમાંથી મજૂરી કરવા આવે છે એમાં એસ.ટી. મૂકવાનું કામ આ સરકાર કરે છે. કારણ કે મારા જિલ્લાના મજૂરો ના આવે તો રોડ–રસ્તા, બિલ્ડરોની જે હોસ્ટેલો છે, દવાખાનાઓ છે એ બાંધી શકે એમ નથી. એટલા માટે અમારા દાહોદ જિલ્લાને આજે આ પાણી માટે, સિંચાઇની સુવિધા માટે અમારા આદિવાસીઓનું શોષણ આ સરકાર કરી રહી છે ત્યારે દુ:ખ સાથે મારે કહેવું પડે છે. આજે આ દાહોદ જિલ્લો એકદમ ગરીબ છે અને ગરીબ હોવાથી આ એક ગાંધીજીના ગુજરાતમાં કોઇ ગરીબ નથી, એ દરરોજ આપણે જોઇએ છીએ, પેપરોમાં આવે છે, મંદિરોમાં લૂંટ થાય છે, બેંકોમાં લૂંટ થાય છે, ઘણાં મોટા માણસોના બંગલા સહીસલામત નથી ત્યારે આ ગરીબ નથી? આજે તમને ખબર પડે તો મારા દાહોદ જિલ્લામાં મારા ગરીબ આદિવાસી ભાઇના ગામડામાં આવીને મુખ્યમંત્રી પૂછે શકે છે તો મારો ભાઇ, આ તો ગરીબ છે. તમે ધનવાન થઇ ગયા તો એવું પૂછો તો ખરા? આ સરકારમાં હિંમત હોય તો મારા ગરીબ ભાઇના ઘરે આવીને મુખ્યમંત્રી પૂછે. મુખ્યમંત્રી મારા દાહોદ જિલ્લામાં ૬–૬ વાર આવ્યાં છે ત્યારે..

અધ્યક્ષશ્રી : બહેન, આ માગણી શેના ઉપર છે એ ખ્યાલ છેને? વાહનવ્યવહાર અને આરોગ્યની છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : શ્રમ અને રોજગારની છેને? ત્યારે આ બાંધકામ મજૂર સંગઠન થયેલા ૨૦ વર્ષમાં કુલ ૧૦,૦૪૬ સામુહિક ફરિયાદો મળેલી છે ત્યારે એમાં કુલ ૨૧,૫૩૭ કામદારોને રૂપિયા ૫૨ કરોડ ૬૧ લાખ ૮૭૬ જેવી રકમનું આ વેતન બાકી છે. મારી પાસે ફરિયાદો આવેલી છે એનું મારી પાસે પ્રૂફ પણ છે. એટલે આ સરકારને હું કહેવા માગુ છું ત્યારે આ દાહોદ જિલ્લાના આ કામદારો બાંધકામ જે માણસો કરવા આવે છે. એ બાંધકામ ઉદ્યોગમાં જતન ના થતું હોવાથી વર્ષમાં ૧૦૦ માણસોના કે કામદારોના અકસ્માતમાં મૃત્યુ પામે છે એમાં ૫૦ થી ૬૦% લોકો અમારા આદિવાસીઓના મૃત્યુ થાય છે ત્યારે બિલ્ડરો એની પોટલી બાંધીને ઘરે મૂકી જાય છે અને ૫૦,૦૦૦ રૂપિયા આપી દે છે ત્યારે આ સરકારને કહેવા માગુ છું કે, એમનો વીમો ઊતારીને બિલ્ડરો લઇ લે છે. મારા આદિવાસી ભાઇઓ માટે કોઇ વીમાની યોજના થતી નથી. એટલે આ દુ:ખ સાથે કહેવું પડે છે. આજે આ શ્રમ અને રોજગારની વાત કરું છું ત્યારે મારા આદિવાસી બહેનો જે આ વિરમગામમાં મજૂરી કરવા આવી હતી ત્યારે દુ:ખ સાથે કહેવું પડે છે, મારી બે બહેનો એક નાની ૧૨ વર્ષની છોકરી છે, એક ૧૪–૧૫ વર્ષની છોકરી છે. એમના પર જે મજૂરી

કરતા હતા અને વિરમગામના ગૂંડા લોકો હતા એ લોકોએ ત્યાં એ છોકરીઓને ગોંધી ગોંધીને બળાત્કાર કર્યો ત્યારે આ સરકાર ક્યાં ગઇ હતી? આ જીવતોજાગતો ત્રણ મહિના પહેલાનો દાખલો છે ત્યારે આ સરકારને ના દેખાણું? મારા આદિવાસીઓનું શોષણ થઇ રહ્યું છે ત્યારે દુ:ખ સાથે કહેવું પડે છે આ લોકો પોલીસ સ્ટેશનમાં જાય તો એની ફરિયાદ પણ ના લે. એટલે આદિવાસીઓનું બધી રીતે શોષણ કરવામાં આવે છે. આ મજાકની વાત નથી. આ આદિવાસીઓનું શોષણ કરવામાં આવે છે. જ્યારે અમારાં ગરીબ આદિવાસી મજૂર લોકો જે મજૂરી કરવા માટે આવે એની વાત કરું છું. મોટા મોટા બિલ્ડરોની વાત નથી કરતી.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી નંબર ૩૯ તથા ૪૦ ના સંદર્ભમાં હું મારા વિચારો રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત રાજયની સમગ્ર પ્રજાને આરોગ્યની સુખાકારીની સેવાઓ સુલભ રીતે મળી રહે તે માટે પી.એચ.સી., સી.એચ.સી. તાલુકા અને જિલ્લા લેવલની હોસ્પિટલો રાજ્યમાં કાર્યરત છે. રાજયમાં સૌના આરોગ્યનો હેતુ સિદ્ધ કરવા માટે ગ્રામ્ય, શહેરો, અંતરિયાળ કે સરહદી તમામ વિસ્તારોમાં પાયાની આરોગ્યની સેવાઓ ઉપ્લબ્ધ થાય તેવો રાજ્ય સરકારનો અભિગમ હોવો જોઇએ. ખાસ કરીને આરોગ્ય બાબતે લોકજાગૃતિ લાવી, ચેપી રોગો અટકાવવા, રોગોનું પ્રાથમિક તબક્કે નિદાન થવું અને યોગ્ય સારવાર વહેલી તકે મળી રહે તે માટે જરૂરી સવલતો ગ્રામ્ય, તાલુકા લેવલે ઉભી કરવી જોઇએ. અને હોસ્પિટલોમાં પૂરતો સ્ટાફ, તમામ રોગોના નિદાન માટેની સુવિધા, પૂરતી દવાઓ અને સારવારની પૂરતી સાધન સામગ્રી હોવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક જિલ્લા લેવલે ટ્રોમા સેન્ટર હોવું જોઇએ જેથી જે તે જિલ્લા લેવલે એક જ જગ્યાએ તમામ સ્પેશ્યાલિસ્ટ ડોકટરોની સુવિધા ઉપલબ્ધ થઇ શકે. ખાસ કરીને અમદાવાદ– ઇન્દોર હાઇ–વેની વાત કરું તો, અમદાવાદ–ઇન્દોર હાઇ–વે ૫૯ જે પંચમહાલ, દાહોદ જિલ્લાના મુખ્ય શહેરોને જોડતો નેશનલ હાઇ–વે ધોરી માર્ગ છે. આ બે જિલ્લાને આવરી લેતી ટ્રોમા સેન્ટર જેવી સુવિધા ઉપલબ્ધ નથી અને દર્દીઓને ઇમરજન્સી સારવાર માટે વડોદરા, અમદાવાદ જવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, સુગમ, વાજબી, અસરકારક, આરોગ્ય સેવાઓ છેવાડાના નાગરિકો જેવા કે, ગરીબલક્ષી, અગરિયા, આદિવાસીઓ અને સરહદી વિસ્તારના ગ્રામજનોને ઘરઆંગણે સરળતાથી સારવાર મળી રહે તે માટે હોસ્પિટલોના પૂરતા બિલ્ડિંગો, પૂરતું મહેકમ, પૂરતી સાધન–સામગ્રી, પૂરતી દવાઓ અને પૂરતો સ્ટાફ હોવો જરૂરી છે જે માટે રાજ્ય સરકારે અસરકારક પગલાંઓ લેવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું પંચમહાલ, દાહોદ જિલ્લાને સ્પર્શતા પ્રશ્નોની વાત કરવા માગુ છું. મારો મત વિસ્તાર ઝાલોદ, આશરે ચાર થી પાંચ ગામડાઓમાં સિલિકોશિષથી પીડાતા દર્દીઓ છે. સિલિકોશિષએ ઓક્યુપેશનલ ડિસિઝ છે અને આ ઓક્યુપેશનલ ડિસિઝ, ઓક્યુપેશનલ હેઝાર્ડથી ઘણા યુવાનોના મૃત્યું થયા છે, એમનો સરકાર પાસે કોઇ પૂરતો રેકર્ડ પણ નથી. આ રોગમાં સપડાયેલાઓનું યોગ્ય સરવે થતું નથી, સ્થાનિક જિલ્લા લેવલે કોઇ સારવાર ઉભી કરાવવામાં આવી નથી. આ રોગમાં સપડાયેલા યુવાનો રાત્રે–મધરાત્રે સારવાર માટે વલખાં મારી રહ્યા છે. એ અંગે માનનીય મંત્રીશ્રી ઘટતું કરે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ શહેરની આસપાસના અને સમગ્ર પંથકમાં બોગસ ડોકટરોનો રાફડો છે. સરકારી તંત્રની બેદરકારીથી આ ધંધો ફૂલ્યો ફાલ્યો છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં થઇ રહ્યા છે. સ્ટિરોઇડ જેવી ઘાતક દવાઓનો ઉપયોગ કરીને નાગરિકોના સ્વાસ્થ્યને નુકસાન કરી રહ્યાં છે. ઝાલોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે જ્યાં સમગ્ર ગુજરાત રાજયમાં ત્યાં પ્રસુતાનો દર વધારે છે. દૈનિક દસ થી બાર પ્રસુતિઓ થાય છે અને આશરે વાર્ષિક સાડા ત્રણ હજારથી ચાર હજાર જેટલી પ્રસુતિઓ ત્યાં થાય છે. આટલો મોટો રેકર્ડ છે એના કારણે રાજ્ય સરકારને રાષ્ટ્રપતિ હસ્તકના એવોર્ડ પણ મળેલા છે. તો આ ઝાલોદ સામૂહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ વિશે હું થોડીક વાત કરવા માગુ છું. ત્યાં અધિક્ષક વર્ગ–૧ની જગ્યા છેલ્લા પાંચ વર્ષથી ભરાઇ નથી. ત્યાં તજજ્ઞ વર્ગ–૧ જેમાં પિડિયાટ્રીશિયન, સર્જન, ફિઝીશિયન અને ગાયનેકોલોજીસ્ટ જેવા ડોકટરોની છેલ્લા આઠ વર્ષથી એ જગ્યાઓ ખાલી છે. એક્સ–રે ટેકનિશિયનની જગ્યા છેલ્લા ચૌદ વર્ષથી ભરાઇ નથી. લેબોરેટરી ટેકનિશિયનની જગ્યા છેલ્લા નવ વર્ષથી ભરાઇ નથી , જુનિયર ફાર્માસિસ્ટની જગ્યા છેલ્લા પાંચ વર્ષથી ભરાઇ નથી અને એના કારણે ત્યાં જે આદિવાસી વિસ્તારમાં પચાસ ટકાથી વધારે એનિમિયાથી આવતી પ્રસુતાઓને જે તકલીફ પડે છે એના માટે હું થોડી વાત કરવા માગુ છું. ઝાલોદ શહેર છે એમાં જયારે પ્રસુતા બહેનો, પ્રસુતિ માટે આવે છે ત્યારે ઘણી બહેનોના હિમોગ્લોબીન એક ટકા....

અધ્યક્ષશ્રી : મિતેષભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

**( વિરામ : બપોરે ૨.૩૦ થી ૩.૧૫ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર...ઓર્ડર..

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર દેશની અંદર બેરોજગારીની ચર્ચા કરવામાં આવે છે. આખા વિશ્વની અંદર જે વિસ્તાર છે ભારતનો એ ૨.૪ ટકા છે. જયારે વિશ્વ વસ્તીના આપણે ૧૭.૫ ટકા છીએ એટલે સમગ્ર દેશની અંદર બેરોજગારીની સમસ્યા અંગે દરેક તબકકે ચર્ચા થતી હોય છે. મારે જણાવવું છે કે સમગ્ર દેશની અંદર બેરોજગારીનો જે રેટ છે જેના ભાટે ભારત સરકાર તરફથી હમણા જે સોસિયો ઇકોનોમીક સરવે જે રીતે આપણે બજેટ પહેલા સોસિયો ઇકોનોમીક સર્વે રજૂ કરીએ છીએ એ રીતે પાર્લામેન્ટમાં ચાલુ વર્ષે જે સોસિયો ઇકોનોમીક સર્વે રજૂ કરવામાં આવ્યો છે એમાં પાન નંબર–૨૭૭ ઉપર આપેલ વિગત પ્રમાણે એક હજારની વસ્તીએ દેશની અંદર ગ્રામીણ વિસ્તારમાં ૧૬ માણસો બેકાર છે જયારે ગુજરાતની અંદર ફકત આઠ જ માણસો બેરોજગાર છે. શહેરી વિસ્તારની અંદર હજારની વસ્તીએ ૩૪ માણસો બેરોજગાર છે જયારે ગુજરાતની અંદર ફકત ૩૨ માણસો બેરોજગાર છે.

થોડા વખત પહેલા ભારત સરકારના એક મંત્રીએ એવી તુલના કરી હતી કે ગુજરાત અને કેરાલા તો મારે આ ગૃહને જણાવવું છે કે ગુજરાતની સાથે આપણે જયારે કેરાલાની સરખામણી કરીએ એમાં ખાસ કરીને બેરોજગારીના દર અંગેની જયારે ચર્ચા કરીએ ત્યારે કેરાલાની અંદર જે ગુજરાતમાં હજારે બેરોજગારીનું પ્રમાણ આઠનું છે એ કેરાલામાં ગ્રામીણ વિસ્તારમાં ૭૫નું છે અને શહેરી વિસ્તારની અંદર ગુજરાતની અંદર જે ૩૨ નું છે એ ત્યાં ૭૩નું છે એટલે કેરાલાની સરખામણી ગુજરાત સાથે કરી ન શકાય. સમગ્ર દેશની અંદર જે બેરોજગારીનો દર છે એ ૩.૮ ટકા છે જયારે ગુજરાતની અંદર ફકત એક ટકો છે એટલે પ્રમાણની અંદર સમગ્ર દેશની અંદર રોજગારીના નિર્માણ માટે રાજય સરકાર તરફથી જે પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે એના કારણે આપણે બેરોજગારીની જે સમસ્યા છે એની નાબૂદી માટે આપણે દેશની અંદર અગ્રસ્થાન ભોગવીએ છીએ. સમગ્ર દેશની અંદર જે કાંઇ આયોજન થાય છે એમાં જે વ્યકિતદીઠ ફાળવણી છે સમગ્ર દેશની એ ૪૬૫૩ રૂપિયા છે એની સામે ગુજરાતની અંદર માથાદીઠ વિકાસ માટેની જે ફાળવણી છે એ ૮૪૪૬ રૂપિયા છે એટલે ગુજરાત જે છે એ સમગ્ર દેશની અંદર જે માથાદીઠ ફાળવણી કરવામાં આવે છે એના કરતા ડબલ ફાળવણી વિકાસ માટે દરેક વ્યકિતદીઠ કરતું હોય છે.

હમણા હું જે વાંચતો હતો કે ૧૯૫૭ની અંદર ગુજરાતમાં તાલીમ માટે ફકત ત્રણ આઇ.ટી.આઇ. હતી. ૧૯૫૭માંથી ઉત્તરોત્તર પ્રગતિ કરીને આજે ૬૭૫૫ સંસ્થાઓમાં ૭૭૫૨૨૦ જેટલા તાલીમાર્થીઓને આપણે તાલીમ આપી રહ્યાં છીએ. ગુજરાતનો એક પણ તાલુકો એવો બાકી નથી કે જયાં તાલીમની વ્યવસ્થા કરવામાં ન આવી હોય. મારે વિરોધ પક્ષના સભ્યશ્રીઓને આહવાન કરવું છે કે સમગ્ર દેશમાં એવું એક રાજય બતાવો જેના તમામ તાલુકાની અંદર તાલીમની વ્યવસ્થા કરવામાં આવી હોય તો ફકત આ ગુજરાત જ છે. ૨૨૫ તાલુકાઓમાં ઔદ્યોગિક તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે, એમાં ૨૬૩ જેટલી સરકારી આઇ.ટી.આઇ. ૧૨૬ ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ., ૩૨૨ સ્વ નિર્ભર આઇ.ટી.આઇ. અને ૩૩૫ કૌશલ્ય વર્ધક કેન્દ્રો પંચાયત વિભાગ રર્બન યોજનાના ગામો જે આઇડેન્ટીફાઇ કર્યા હતા. તે તમામ ગામની અંદર જ્યાં ૧૦,૦૦૦ થી ઉપરની વસ્તી હતી અને આદિવાસી વિસ્તારમાં ૭,૦૦૦ થી વધારે વસ્તી હતી, તેવા તમામ ગામોની અંદર પણ કૌશલ્ય વર્ધક કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. ૨૩૮ વોકેશનલ ટ્રેનિંગ પ્રોવાઇડર સ્થાપવામાં આવેલા છે. ૫,૪૩૩ એપ્રેન્ટીસ એકમોની અંદર તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે. પૂર્વ મુખ્યમંત્રી માનનીય કેશુભાઇ કહેતા હતા કે નિર્ધાર જોઇએ તો આ નિર્ધાર નહિ તો શું છે? નિર્ધાર માટે આનાથી વધારે શું વ્યવસ્થા જોઇએ. ગુજરાતના ૭,૭૫,૨૨૦ લોકોને તાલીમ આપવામાં આવે છે. આનાથી વધારે નિર્ધાર શું જોઇએ?

મને કહેતા આનંદ થાય છે કે મહિલાઓ માટે સરકારે ખાસ ચિંતા કરી છે. ૨૩ આઇ.ટી.આઇ. ફક્ત ને ફક્ત મહિલાઓ માટે છે. ૪૫ આઇ.ટી.આઇ. માં મહિલા પાંખોની વ્યવસ્થા કરવામાં આવેલ છે. એમ ૬૩ જેટલી આઇ.ટી.આઇ. ૪૯૫૬ બેઠકો મહિલાઓ માટે રાખવામાં આવી છે. દરેક વ્યવસાયની અંદર ૨૫ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. મહિલાઓને ટ્યૂશન ફીમાંથી માફી આપવામાં આવી છે. આ રાજય સરકારે જે રીતે અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે ટ્યૂશન ફી માફી આપી છે, તે પ્રમાણે તમામ મહિલાઓને ટ્યૂશન ફીમાંથી પણ મુક્તિ આપેલી છે. આ રાજ્યની અંદર અગાઉ મુખ્યમંત્રી તરીકે આદિવાસી મુખ્યમંત્રી પણ રહી ચૂક્યા છે, પણ એમના વખતમાં તમામ તાલુકાઓમાં આઇ.ટી.આઇ. નહોતી, જ્યારે આજે ૪૨ જેટલા આદિવાસી તાલુકાની અંદર

૧૧૩ જેટલી આઇ.ટી.આઇ. સ્થાપવામાં આવી છે. ૨૦,૦૦૦ જેટલા તાલીમાર્થીઓને તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ગુજરાતની અંદર ૧૬૦૦૦ કિ.મી.ની વાત થતી હતી. પ્રથમ વખત માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ૩૮ તાલુકામાં ૧૦૩ આઇ.ટી.આઇ. ઊભી કરવામાં આવી છે અને ૨૨૦૦૦ જેટલા લોકોને સાગરખેડુ યોજના નીચે તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

વિકાસશીલ તાલુકાઓ છે. ૪૧ તાલુકાઓ જે પોતે વિકાસની હરણફાળમાં પાછળ રહી ગયા છે. તેનાથી ૪૨ આઇ.ટી.આઇ. ૯,૫૦૦ બેઠકો ઊભી કરવામાં આવી છે. આ સરકાર વંચિતોની છે, ગરીબોની સરકાર છે અને હું કહીશ જે લોકો કુદરતી રીતે શારીરિક ખોડખાંપણવાળા છે, તેવા લોકો માટે એક્સક્લુસીવલી ૧૮ આઇ.ટી.આઇ. એમના માટે ખોલવામાં આવી છે. ૬૬૮ જેટલી બેઠકો રાખવામાં આવી છે. દરેક ફીલ્ડમાં ૩ ટકા અનામત શારીરિક ખોડખાંપણવાળા માટે કરવામાં આવી રહી છે. રોજગાર માટેની વાત કરી. કેશુભાઇ હાજર નથી. એમને કહેત કે રાજયની અંદર ૩૧ જેટલાં રોજગાર કેન્દ્રો છે, એમાં ૨૬ કચેરીઓ દરેક જિલ્લામાં આવેલ છે. તે તમામ કચેરીઓ કોમ્પ્યૂટરાઇઝ્ડ કરવામાં આવેલી છે. આજે માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે આધુનિકતામાં માને છે. ૫ નગર રોજગાર કચેરીઓ જોષિયારાજી, આદિવાસી વિસ્તારમાં છે તે તમામે તમામ કોમ્પ્યૂટરાઇઝ્ડ કરવામાં આવેલ છે. ૮ જેટલી યુનિવર્સિટી રોજગાર કેન્દ્ર છે. તમામ કોમ્પ્યૂટરાઇઝ્ડ કરવામાં આવેલ છે. મહિલાઓ માટે જામનગર, અમદાવાદની અંદર ખાસ એમ્પ્લોઇમેન્ટ એક્સ્ચેઇંજ બનાવવામાં આવ્યા છે. એની અંદર કુલ ૪૧ જેટલી રોજગાર કચેરીઓ છે. મને કહેતા આનંદ થાય છે કે ૨૦૧૨-૧૩ માં ૫,૭૪,૬૧૫ જેટલી ભલામણો કરવામાં આવી. આ ભલામણો પૈકી ૧,૦૪,૯૦૧ લોકોને રોજી આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાલી ભલામણો નથી કરવામાં આવી. ચાલુ વર્ષે આ ૧૧ મહિનાની અંદર ૧,૦૪,૯૦૧ લોકોને રોજી આપવામાં આવી છે. જે ઉમેદવારો ઇન્ટરવ્યું માટે જતા હોય છે તેને એસ.ટી.ની અંદર તેનું જે ભાડુ થાય તેને આપણે રીએમ્બર્સ કરી આપીએ છીએ.

મને જણાવતાં આનંદ થાય છે કે શ્રમ અને રોજગાર વિભાગે ૬૨૫ જેટલા રોજગાર મેળાઓ કર્યા છે. તે ફકત તમાશા માટે નથી કર્યા. રોજગારી આપવા માટે કર્યા છે. તે મેળાની અંદર ઉદ્યોગપતિ અને ઇન્ડસ્ટ્રીયાલીસ્ટો હાજર રહેતા હોય છે. તેના પરિણામે ૫૬૩૬૪ લોકોને રોજગાર મેળાની અંદર રોજગારી આપવામાં આવી છે. લશ્કરની અંદર ગુજરાતીઓ પાછળ છે તો તેના માટે આપણે સાત મેળા કર્યા અને મને કહેતાં આનંદ થાય છે કે ૨૭૭૫ જેટલા ગુજરાતના યુવક યુવતીઓ લશ્કરમાં નોકરી પ્રાપ્ત કરી શકયા છે. પહેલાં લશ્કરની અંદર ચાર દિવસની તાલીમ આપવામાં આવતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, તેની સામે સાત દિવસની તાલીમ આપવામાં આવી છે અને પંદર વર્ગો દ્વારા ૩૮૬ જેટલા લોકોને તાલીમ આપી છે. ૧૨૮ જેટલી આઇ.ટી.આઇ.નું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. આમાં ૨૨૭ કરોડનો ખર્ચ પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ એટલે કે ઉદ્યોગપતિ પોતે આઇ.ટી.આઇ.નું સંચાલન કરે અને વ્યાજ વગરની લોન આપવામાં આવે છે એટલે એમાંથી એનું મોર્ડનાઇઝેશન થાય છે. ૨૨૭ કરોડ આના માટે ફાળવવામાં આવ્યા છે. ગુજરાતની અંદર ૫૪૩૭ ઔદ્યોગિક એકમોમાં ૨૩૫ વ્યવસાયોની અંદર ૪૦૨૮૮ લોકો એપ્રેન્ટીસ તરીકે કામ કરી રહ્યા છે. જેને ભવિષ્યમાં આ ઉદ્યોગો મારફત રોજગારી આપવાની છે.

આપને કહું કે શ્રમ અને રોજગાર વિભાગની અંદર ઘણાએ વાત કરી કે લઘુત્તમ વેતનનો અમલ થતો નથી. મારે એમને કહેવું છે કે, પહેલાં ૪૯ શિડયુલ ઓકયુપેશન હતા તેમાં અગરબત્તીનો ઉમેરો કરીને ૫૧ જેટલા સિવિલ એમ્પ્લોઇમેન્ટ નોટીફાઇડ કરવામાં આવ્યા છે. આની અંદર એટલે કે લઘુત્તમ વેતનમાં જે સુધારો કરવામાં આવ્યો તેના કારણે પોણા કરોડ લોકોને સાત હજાર કરોડનો વાર્ષિક લાભ મળ્યો છે. આ રેકર્ડ ઉપર છે. બોનસ એકટ નીચે ૪૨૭૨૧૧ શ્રમિકોને ૩૯૦ કરોડનો લાભ આપવામાં આવ્યો છે. આ ૩૯૦ કરોડ નાની રકમ નથી. એવી જ રીતે અમારા જે ગ્રામીણ મજુરો છે, ૮૭ લાખ જેટલા જે ગ્રામીણ મજુરો છે તેને વીમો લેવામાં આવ્યો છે. તેનું આકસ્મિક મરણ થાય તો એક લાખ રૂપિયા આપવામાં આવે છે. આ માગણીને હું સમર્થન આપું છું. આભાર.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર મંત્રીશ્રી જે માગણી નં.૭૪ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજુ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગ અને તેમાં એસ.ટી. તંત્રની આપણને બધાને ખબર છે કે પહેલાં બસ ચાલુ થાય તો હેલિકોપ્ટર જેવા અવાજથી ચાલુ થાય. તેમાંથી બહાર કાઢીને વોલ્વો બસ, એ.સી.બસ, સ્લીપર કોચ, લો ફલોર બસ આવી બધી બસો આ વિભાગમાં ઉમેરીને આ વિભાગની કાયાપલટ કરવાનું કામ આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને વિભાગે કર્યુ છે ત્યારે તેમને હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. એસ.ટી.ના હુલામણા નામે ઓળખાતો આ વિભાગ ગુજરાતના ગામડાઓના ૨૩ લાખથી વધુ પેસેન્જરોને પરિવહનની સેવા પૂરી પાડતો આ વિભાગ છે. સમગ્ર ગુજરાતના ગામડાનાં લોકો માટે આ પરિવહનની વ્યવસ્થા પૂરી પાડતું એક

અવિભાજય અંગ છે. વાર્ષિક ૧૭૦૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતું આ તંત્ર અને દૈનિક ૨૮ લાખ કિલોમીટરનું સંચાલન કરતી બસ સેવાના આ વિભાગને કારણે આજે ગુજરાતના ગામડાનાં લોકોને ખૂબ જ સરસ વ્યવસ્થા આ વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવે છે. ખાનગી સંચાલન અને અન્ય પરિવહન ક્ષેત્રો છે તેના ખૂબ મોટો પડકારનો આ વિભાગને સામનો કરવો પડતો હોવા છતાં પણ આ વિભાગે ખૂબ સારી પ્રગતિ કરી છે.

એસ.ટી. નિગમ એ પોતાની સેવાઓને નફાના સાધન તરીકે નહીં પરંતુ સામાજિક જવાબદારીના ભાગરૂપે એ નિભાવે છે અને એના કારણે વિદ્યાર્થીઓ હોય, વિકલાંગો હોય, અંધજનો હોય, સ્વાતંત્ર્ય સેનાનીઓ હોય, પત્રકારો હોય આ બધા લોકોને રાહત દરે પાસ આપવાનું અને રાહત દરે સેવા આપવાનું કામ પણ આ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. ૮.૨૬ લાખ જેટલા વિદ્યાર્થીઓને રાહત દરે આ વિભાગ પાસ આપે છે, સાથે સાથે ખૂબ જ અગત્યનું કામ આપણને બધાને ખબર છે કે કન્યા કેળવણી માટે, કન્યાઓના શિક્ષણ માટે આ ગુજરાત સરકાર ખૂબ જ પ્રોત્સાહન આપે છે ત્યારે આ વિભાગે પણ કન્યાઓને પ્રોત્સાહન મળે, કન્યાઓના શિક્ષણને પ્રોત્સાહન મળે એ માટે સમગ્ર ગુજરાતના ગામડામાં રહેતી તમામ વિદ્યાર્થીનીઓને મફત પાસ આપવાનું કામ કર્યું છે અને એના કારણે આપણી ગુજરાતની કે ભારતીય સંસ્કૃતિ છે કે કદાચ આપણે કોઇ સારા કામ માટે જતા હોઇએ અને એકાદ દીકરીના સારા શુકન થઇ જાય તો આપણું કામ સફળ થઇ જાય છે ત્યારે આ ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંમાંથી આજે આ મફત પાસની સુવિધાને કારણે શાળાએ જતી બાળાઓના કારણે આખા ગુજરાતને શુકન થાય છે અને એના લીધે મને એવો દ્રઢ વિશ્વાસ છે કે દુનિયાની કોઇ તાકાત આ ગુજરાતના વિકાસને રોકી નહીં શકે.

માનનીય અધ્યક્ષશ્રી, કપરા સંજોગોમાં પણ એસ.ટી. નિગમે ખૂબ કરકસરયુકત અને કાર્યદક્ષતાથી આ વિભાગનો વહીવટ કર્યો છે. નિગમ દ્વારા આવક વધે અને ખર્ચ ઘટાડવાના સૂત્ર હેઠળ સંચાલનના દરેક ક્ષેત્રે ઝૂંબેશરૂપે પ્રવૃત્તિ હાથ ધરીને દરેક પરિણામોમાં સુધારો મેળવ્યો છે. લોડ ફેકટરમાં પણ ૯ ટકા જેટલો માતબર વધારો આ વિભાગ દ્વારા મેળવવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૦૫-૦૬ની વાત કરીએ તો ૮૯ કરોડ કિલોમીટરથી વધારીને હાલ ૧૦૨ કરોડ કિલોમીટર જેટલું સંચાલન આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. બ્રેકડાઉનનું પ્રમાણ પણ ૧.૩૦ પ્રતિ ૧૦૦૦૦ કિલોમીટરથી ઘટાડીને ૦.૨૪ પ્રતિ ૧૦૦૦૦ કિલોમીટરનું થયું છે. ડિઝલની બચત માટે પણ ગુજરાત સરકારને કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રના રોડ અને હાઇવે મંત્રાલય દ્વારા ૨૦૦૯-૧૦, ૨૦૦૮-૦૯ અને ૨૦૧૦-૧૧ની અંદર ત્રણ ત્રણ વખત એવોર્ડો આ ગુજરાત સરકારને મળ્યા છે.

આ વિભાગ દ્વારા આજે પરિવહનનો વ્યાપ વધારવા માટે દર વખતે બસોનો ઉમેરો કરવામાં આવે છે અને પહેલો જે ૮૦ ટકા બસો ઓવરએઝ હતી એ હવે ફકતને ફકત ૯ ટકા બસો ઓવરએઝ રહી છે એનો જો સઘળો શ્રેય આપવો પડે તો આ વિભાગને આપવો પડે અને એના કારણે આજે જે માગણી લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા**(**જામનગર (ઉત્તર)) : માનનીય અધ્યક્ષશ્રી, તેરમી ગુજરાત વિધાનસભામાં સભ્ય તરીકે જયારે પહેલીવાર આવ્યો છું ત્યારે આપે મને બોલવાની તક આપી તે બદલ આપનો આભાર માનું છું સાથેસાથે કોંગ્રેસ પાર્ટીનો તેમજ જામનગરના મતદારોનો પણ હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના તમામ ચુંટાયેલા ધારાસભ્યશ્રીઓને પણ હું અભિનંદન પાઠવું છું સાથેસાથે પ્રભુને હું પ્રાર્થના પણ કરું છું કે, તેઓશ્રીઓનું જીવન આનંદમય રહે સાથે તંદુરસ્તી પણ રહે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના સાથે, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી નંબર ૩૯ અને ૪૦ નીચેની વિગતે રજૂ કરેલ છે. અંદાજપત્ર પ્રકાશન નંબર ૧૧, માગણી નંબર ૩૯- તબીબી અને જાહેર આરોગ્ય માટે મહેસૂલી ખર્ચ ૨૬૨૭.૮૭ કરોડ રૂપિયા અને મૂડી ખર્ચ ૧૩૭૨.૫૮ કરોડ રૂપિયા છે. માગણી નંબર ૪૦માં મહેસૂલી ખર્ચ ૪૯૩.૯૫ કરોડ રૂપિયા અને મૂડી ખર્ચ માટે ૧૮.૩૪ કરોડ રૂપિયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તરફથી રજૂ થયેલ માગણીઓ ગુજરાતની છ કરોડ જન સંખ્યા માટે ખૂબ જ ઓછી હોય એવું મારું માનવું છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગુજરાતમાં સ્વાઇન ફલુનો રોગ આગળ વધી રહ્યો છે ત્યારે મારા જામનગર જિલ્લામાં, જામનગરના મારા જ વિસ્તારમાં જી.જી. હોસ્પિટલ આવેલી છે તેમાં બાર લોકોના મૃત્યુ અત્યારે થયાં છે. અને ૧૪ થી ૨૦ લોકો અત્યારે હાલમાં દાખલ છે ત્યારે ખરેખર આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું કે આમાં ગંભીરતાથી સરકાર વિચારે એવી મારી આપ સાહેબને વિનંતી છે. મારા જ મત વિસ્તારમાં આવેલી આ જી.જી.હોસ્પિટલમાં કેન્સર વિભાગ આવેલ છે એમાં ભારત સરકાર તરફથી ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર દ્વારા કેન્સર સારવાર માટે અતિ આધુનિક ઢબે તૈયાર થયેલ બિલ્ડીંગમાં મળે તે માટેના નકશાઓની મંજૂરી બોમ્બે

એટોમીક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા મંજૂરી આપી દીધેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે રૂપિયા ૫ કરોડના આ બિલ્ડીંગ માટેની ગ્રાન્ટ ૨૦૦૯-૧૦ની સાલમાં મંજૂર કરેલ હોવા છતાં અત્યાર સુધી કાંઇ પણ કાર્યવાહી થયેલ નથી. કેન્સરની અતિ આધુનિક સારવાર માટે રૂપિયા ૧૨ કરોડની મશીનરીની મંજૂરી પણ ૨૦૦૯-૧૦ની સાલમાં થઇ ગયેલ છે પરંતુ નવું આધુનિક બિલ્ડીંગ બનાવવા માટેના કારણે આ કામ વિલંબમાં પડ્યું છે. આ સંબંધે ફરીથી રૂપિયા ૨૪ કરોડની પુનઃ પ્રપોઝલ મોકલાવેલ હોવા છતાં આગળની કાર્યવાહી થઇ નથી. આ હોસ્પિટલ બિલ્ડીંગ રૂપિયા ૨૪ કરોડના ખર્ચે થનારી છે તેમાં ૨૫ ટકા એટલે કે રૂપિયા ૬ કરોડ ભારત સરકાર આપવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.જી.હોસ્પિટલ તરફથી સન ૨૦૧૧ અને ૨૦૧૨માં એટલે કે છેલ્લા બે વર્ષથી ગુજરાત સરકાર પાસે મંજૂરી માગેલ છે પણ મંજૂરી આપેલ નથી આ રીતે સૌરાષ્ટ્રના ગરીબ દર્દીઓને અન્યાય થઇ રહ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અમૃતમ યોજનામાં કેન્સરની બિમારીને ગંભીર બિમારી ગણી છે અને ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબના સભ્યને આ રોગ લાગુ પડે તો પોતાની જમીન તથા ઘરેણાં વગેરે વેચીને પણ સારવાર કરવાની ફરજ પડતી હોય છે તેથી મુખ્યમંત્રીશ્રીએ આ યોજના અમલમાં મૂકી છે પણ આરોગ્ય ખાતાને આ બિમારી ગંભીર ન જણાતી હોવાથી છેલ્લા બે વર્ષથી મંજૂરી આપતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રના કેન્સરના દર્દીઓને માટે વિના મૂલ્યે અતિ આધુનિક પદ્ધતિથી સૌરાષ્ટ્રમાં એક માત્ર આ જામનગર ખાતેની હોસ્પિટલમાં આ સારવાર મળી શકે છે. તબીબી સરવે મુજબ દર એક લાખની વસતિએ ૧૦૬ થી ૧૩૬ દર્દીઓ આ રોગનો ભોગ બનતા હોય છે. સૌરાષ્ટ્રની આશરે ૧.૫૦ કરોડની વસતિ ગણતા આશરે ૧૭ થી ૧૮ હજાર દર્દીઓ આ રોગના હોવાની સંભાગના છે. જામનગરની જી.જી.હોસ્પિટલ ખાતે કરોડ રૂપિયાની મશીનરી વસાવેલ છે જેમાં સીટી સ્કેન મશીન હોય, એમ.આર.આઇ.ના મશીન હોય એ બધા મશીનો કોઇને કોઇ કારણસર બંધ પડ્યા છે અને સહયોગ ઇમીજેટ સેન્ટર નામની કંપનીને ત્યાં ચલાવવા આપેલ છે અને ચલાવવા આપેલ છે એની સાથે ત્યાં આ સરકારી ડોક્ટરો એમાં કામગીરી કરે છે. આ હોસ્પિટલ સૌરાષ્ટ્રની સૌથી મોટી હોસ્પિટલ છે તેમાં નીચે મુજબની છેલ્લા પાંચ વર્ષથી જગ્યાઓ ખાલી છે. જામનગર જિલ્લામાં ઉદ્યોગો પણ એટલા છે અને બહારથી માણસો પણ એટલા બધા આવે છે ત્યારે ન્યુરો સર્જન ડોકટરની પણ જગ્યા ખાલી છે, કાર્ડીયોલોજી ડોકટરની જગ્યા ખાલી છે, રેડિયો થેરાપીની જગ્યા ખાલી છે, યુરોલોજીસ્ટ અને એકસ-રે ટેકનિશીયન તથા જી.જી.હોસ્પિટલ પેરા મેડીકલ સ્ટાફની ૧-૩-૨૦૦૦ની સ્થિતિએ જોઇએ તો કુલ મંજૂર થયેલ ૯૮ જગ્યાઓ પૈકી ૨૯ જગ્યાઓ ખાલી છે. આમ સૌરાષ્ટ્રની આ સૌથી મોટી હોસ્પિટલ હોવાથી આ પરિસ્થિતિ હોય તો જિલ્લા અને તાલુકા કક્ષાની પરિસ્થિતિ શી હશે? મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં સરકાર ગંભીરતાથી વિચારે.

**શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં પ્રથમવાર બોલવાનો જે મોકો મળ્યો છે તે બદલ સન્માનનીય ગૃહનો ખૂબ ખૂબ આભાર. માનનીય નાણાં, આરોગ્ય અને વાહન વ્યવહાર મંત્રી શ્રી નીતિનભાઇ તેમની જે માગણી નંબર-૭૪ લઇને આવ્યા છે એને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું,

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાષ્ટ્ર, કોઇપણ પ્રદેશના વિકાસ અને સમૃદ્ધિનું જો કોઇ માપદંડ હોય તો એ શાંતિ અને સલામતી છે. આ રાજ્યની અંદર શાંતિ અને સલામતીનું કાર્ય જો કોઇએ કર્યું હોય તો તે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. દેશ આઝાદ થયો ત્યારથી આજસુધી ૨૦૦૨ સુધી અવારનવાર દેશની અંદર, પ્રદેશની અંદર શાંતિ જોખમાતી હતી, એના માટે સાક્ષી છે મારું વેજલપુર. વેજલપુર આખા ગુજરાતની અંદર અસલામતી માટે અને કોમી દાવાનળ માટે એક બદનામ હતું. પણ આજની તારીખે હું ગર્વ સાથે કહી શકું અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે શાંતિ અને સલામતીને કારણે જે વેજલપુરની અંદર પહેલાં બે લાખ રૂપિયે મકાન મળતા હતા તે આજે ૩૫ થી ૪૦ લાખ રૂપિયે થયાં છે. એટલે મારો કહેવાનો મતલબ એ છે કે, શાંતિ અને સલામતી હોય ત્યારે સમૃદ્ધિ અને વિકાસ આ બન્ને સાથે આવતા હોય છે. આ એની એક પારાશીશી છે. શાંતિ અને સમૃદ્ધિના કારણે વાહન વ્યવહાર પર એની સીધી અસર થતી હોય છે. "**કદમ અસ્થિર હોય જેના તેને રસ્તો કદી મળતો નથી અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી**" છે. આવા અડગ નિર્ધાર સાથે જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાતની ધૂરા સંભાળતા હોય ત્યારે વિકાસ અને સમૃદ્ધિ તો આવે જ.

વાહન વ્યવહાર વિભાગમાં ૨૦૦૦ની જે સાલ હતી ત્યારે ૫૨ લાખના વાહનો નોંધાયા હતા આજની તારીખે જોવા જઇએ તો ૨૦૧૨માં ૧૫૨ લાખના વાહનોની નોંધણી થઇ છે. આ વિકાસની પારાશીશી છે. મુખ્યમંત્રીશ્રી હરહંમેશ કહેતા હોય છે કે બધા મુખ્યમંત્રીશ્રી કરતાં હોય એવું જો આપણે પણ કરવાનું હોય તો આપણે આ સ્થાને શેના માટે? એટલે કંઇક નવું અને કંઇક પ્રગતિશીલ કરવું જોઇએ. જ્યારે આપણે વિશ્વની સાથે કમ્પેરીઝન કરતાં

હોઇએ, આપણી તુલના વિશ્વ સાથે કરવાની હોય, ત્યારે વિશ્વની સાથે રહેવા માટે કંઇક નવીન કાર્ય કરવું જોઇએ અને એટલા માટે જ વાહન વ્યવહાર વિભાગની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઇ-ગવર્નન્સનું જે કાર્ય છે એને સાથે રાખીને કમ્પ્યુટરાઇઝ્ડ સ્માર્ટ કાર્ડ લાયસન્સ આપવાની શરૂઆત કરી. સુંદર અને અતિ આધુનિક આર.ટી.ઓ. કચેરીનું નિર્માણ કરવામાં આવ્યું અને સ્વર્ણિમ આર.ટી.ઓ. નો મંત્ર આપવામાં આવ્યો. સ્વર્ણિમનો મતલબ Single Window Application and Re-engineered E-process with New Delivery Initiative and Modernised RTO એટલે એક જે આ પદ્ધતિ છે એને કારણે આર.ટી.ઓ.નો જે વિકાસ થયો છે, ચેકપોસ્ટની અંદર પણ આ પદ્ધતિનો અમલ કરવાના કારણે આવક વધી છે અને આવક વધવાના કારણે વિકાસના કામો પણ થઇ રહ્યા છે. અત્યારે અહીંયા મને જે બોલવાનો મોકો આપ્યો એ બદલ ગૃહનો આભાર, જય હિન્દ.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૩-૧૪ના વર્ષ માટે પરિવાર કલ્યાણ માટે માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા માગણી ક્રમાંકઃ૪૦ મૂકવામાં આવેલ છે જેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં ચારેબાજુ વિકાસ દેખાય છે. ગામડાંઓમાં પણ ચાર ચૂડીવાળી ગાડીઓ ફરવા લાગી છે. પણ અહીંયા કેટલાક એવા મિત્રો છે કે જેને આ વિકાસ દેખાતો નથી. ગુજરાત સરકાર જયારે ૮ લાખથી પણ વધારે બૂઝુર્ગોને દર વર્ષે મોતિયાનું ઓપરેશન કરાવે છે. હવે તો સરકાર પશુઓનું પણ મોતિયાનું ઓપરેશન કરાવે છે ત્યારે હું મુખ્યમંત્રીશ્રીને અનુરોધ કરું છું કે જે લોકોને એ વિકાસ દેખાતો નથી •(xxxxxx) અને વિકાસને માણી શકે. ગુજરાત સરકાર સૌનો સાથ સૌનો વિકાસ ના સિધ્ધાંત ઉપર ચાલે છે ત્યારે કોંગ્રેસની સરકાર સૌનો સાથ એક પરિવારનો વિકાસ ઉપર ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ રાજયની સમગ્ર પ્રજાને આરોગ્ય અને સુખાકારીની સેવાઓ સુલભ રીતે પૂરી પાડે છે. આ વિભાગનો એક અગત્યનો કાર્યક્રમ પરિવાર કલ્યાણનો છે. આ કાર્યક્રમમાં માતા આરોગ્ય, બાલ આરોગ્ય અને કુટુંબ કલ્યાણ એમ ત્રણ બાબતોનો સમાવેશ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના આરોગ્ય વિભાગની યોજનાઓના લીધે ઘરેલુ ડિલીવરી જે ૨૦૦૭-૦૮માં ૨૨.૨ ટકા હતી એ ઘટીને ફકત ૫ ટકા રહી ગઇ છે. જે ૭૭.૫ ટકાનો નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુરૂ ગ્રંથ સાહેબમા લખેલ છે ! સૂરા સોઇ જાનિયે જો લરે દીન કે હેત ! અને ગુજરાતની ગરીબ જનતા ભાગ્યશાળી છે કે એમને શૂરવીર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મળ્યા છે કે જે ગરીબોના હિતો માટે સતત લડે છે. એમણે ગરીબોના કલ્યાણ માટે મુખ્યમંત્રી અમૃતમ, !માં! યોજના શરૂ કરી છે. એક બાજુ જયારે આ સરકાર ગરીબી હટાવવા મથામણ કરે છે તો બીજી બાજુ કોંગ્રેસ સરકાર દ્વારા વડાપ્રધાન ઇન્દિરાજીના ટાઇમમાં ૧૯૮૨માં એશિયન ગેઇમ થઇ હતી ત્યારે બધા રસ્તાઓ ઉપરથી ગરીબોને ખસેડી દેવામાં આવ્યા હતા. હાલની કેન્દ્ર સરકારે ૧૦૦ દિવસમાં મહેંગાઇ ઘટાડવાનો વાયદો કર્યો હતો. મહેંગાઇ ઘટી તો નથી પરંતુ દિવસે અને દિવસે કૂદકે અને ભૂસકે વધતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ મુખ્યમંત્રીશ્રી એક સાથે ૫૩ જગ્યાએ ૫૫ મિનિટનો 3D પોગ્રામ કરીને Guiness book of world Records માં સ્થાન મેળવે છે તો બીજી બાજુ કેન્દ્ર સરકાર •(xxxxxx) દ્વારા Guiness book માં નામ નોંધાવવા પ્રયાસ કરે છે.

અધ્યક્ષશ્રી : આક્ષેપાત્મક રહેવા દો તમે ફકત માગણી ઉપર બોલો. (xxxxxx) શબ્દો આપણે કાઢી નાંખીએ છીએ.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાના જમાનામાં રોડ-રસ્તા અને એમ્બ્યુલન્સની હાલત એવી હતી કે માતાને જયારે એમ્બ્યુલન્સ લેવા જતી હતી ત્યારે ડિલીવરી ઘરે જ થઇ જતી હતી. પણ અત્યારે માતાને લેવા માટે ૧૦૮ જાય છે અને ઘરે છોડવા માટે ખિલખિલાહટ ગાડી જાય છે. માતા આરોગ્યની સેવાઓ રાજયના ખૂણે ખૂણાના, છેવાડાના માનવી સુધી પહોંચેલી છે. જયાં વોડાફોનનો કૂતરો ના પહોંચી શકે, ત્યાં આ વિકાસની કિરણો પહોંચી છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, બાળકોના પોષણનું સ્તર સુધારવા માટે મિશન બલમ સુખમ જેવી યોજનાઓ છે. રાજયની માતાઓ અને બાળકોએ કદાચ આ પંકિતઓ દ્વારા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રીને ભરપૂર દુવાઓ આપી છે.

**હર તમન્ના આપકી પૂરી હો જાયે,**
**જિંદગી સપનો કી મંજૂરી હો જાયે,**
**હો જાયે આપકી કિસ્મત કુછ ઈસ કદર રોશન,**
**કિ હાથ ખુલ ભી ન પાયેં, ઔર દુઆ પૂરી હો જાયે.**

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા કેટલાક સૂચનો કરવા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ગ્યાસુદીનભાઇ, તમે બોલવાનું ચાલુ કરો. કોઇ સભ્યો વચ્ચે નહીં બોલો, એમને બોલવા દો, કારણ કે એમને ૮ મિનિટ મળી છે એમાં ૩ મિનિટ તો આ ચર્ચામાં જતી રહે છે, તમે ચાલુ રાખો. કોઇ સભ્યો વચ્ચે નહીં બોલે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગની ચર્ચામાં હું મારા કેટલાક પોઝીટીવ સૂચનો કરવા માટે ઉભો થયો છું. અત્યારે સ્વાઇન ફલૂનો રાફડો ગુજરાતમાં ફાટયો છે. ૧૨૪ કરતા વધુ મૃત્યુ સ્વાઇન ફલૂથી થયા છે. હું રાજય સરકારને વિનંતી કરવા માગું છું કે રાજય સરકાર આ વસ્તુને ગંભીરતાપૂર્વક લઇ અને સ્વાઇન ફલૂને વધારે ફેલાતો અટકાવે. અને એને અટકાવવા માટેના પૂરતા પ્રયત્નો કરે.

બીજું હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આપણે ગુટકા ઉપર પ્રતિબંધ તો મૂકયો છે, પણ સમગ્ર ગુજરાતમાં આજે પણ ગુટકા છૂટથી વેચાય છે અને તેને વેંચાતા અટકાવવા માટેના કોઇ પગલાં લેવા માટેનું તંત્ર કે વ્યવસ્થા નથી. આજે ગુટકાને લીધે પરિસ્થિતિ એવી ઉભી થઇ છે કે કેન્સરના રોગે ભરડો લઇ લીધો છે. અમે જયારે ધારાસભ્ય તરીકે સવારે લોકોના પ્રશ્નો સાંભળવા બેસીએ છીએ તો તે વખતે સૌથી વધારે પ્રશ્નો આ કેન્સરના રોગને લગતા આવતા હોય છે. આ બિમારી ઉપર કાબૂ કરવા માટે ફકત જાહેરાતો કરવાથી નહીં ચાલી શકે, આવા ગુટકા વેચવા વાળા કેટલા લોકોને પકડયા છે? પરિસ્થિતિ તો એવી થઇ છે કે પહેલા ૬ રૂપિયામાં ગુટકા મળતી હતી તે હવે ૧૦ રૂપિયામાં મળતી થઇ છે. એટલે હું એ કહેવા માગું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમૃતમ્ મા યોજના ચાલુ કરી એ યોજના નવી નથી. બી.પી.એલ. કાર્ડ ધારકોને આ યોજના હેઠળ મફત સારવાર અપાતી જ હતી. પણ આજે પરિસ્થિતિ એવી થઇ છે કે આ યોજનામાં બે લાખ રૂપિયાની મર્યાદા રાખી છે. માની લો કે કોઇ વ્યકિતને કીડની ટ્રાન્સ્પ્લાન્ટ કરવાની હોય તો એમાં પ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. હવે બે લાખની મર્યાદાને કારણે આપણે એક કુટુંબના પાંચ વ્યકિત ગણીને તેને સારવાર આપીએ છીએ. તો ગરીબ દર્દીઓને એમના આવા મોટા રોગની સામે મોટો ખર્ચ થવાનો હોય તેમાં મુશ્કેલી પડે છે. એટલે મારું નમ્ર સૂચન છે કે પહેલા બી.પી.એલ. કાર્ડ ધારકો માટે કોઇ મર્યાદા નહોતી, અને જે ખર્ચ થાય તે આપવામાં આવતો હતો એ રીતે બી.પી.એલ. કાર્ડ ધારકો માટે મર્યાદા કાઢી નાખવી જોઇએ.

આ બી. પી. એલ. કાર્ડ ધારકોની વાત છે, પણ મધ્યમવર્ગની પરિસ્થિતિ તો ગુજરાતમાં સૌથી વધારે કફોડી બની ગઇ છે. બી.પી.એલ.ને તો થોડી ઘણી સારવાર મળી જાય છે, પણ મધ્યમવર્ગના માનવી પાસે મરવા સિવાય કોઇ આરો નથી બચતો. જે રીતે આજે આરોગ્ય વિભાગમાં વેપારીકરણ થઇ ગયું છે અને લોકોને લાખો રૂપિયાનો ખર્ચ કરવા માટે પોતાનું ઘર–મકાન વેંચવું પડે છે. એટલે મધ્યમવર્ગ માટે સરકારી હોસ્પિટલમાં જે પણ ગંભીર બિમારીઓ છે, હ્યદય, કીડની કે કેન્સર જેવી બિમારીઓ છે તેની સંપૂર્ણ મફત સારવાર આપવી જોઇએ. બી.પી.એલ. ને જ નહીં પણ એ.પી.એલ. વાળાને પણ મફત સારવાર આપવી જોઇએ.આપણને કદાચ એમ થાય કે સરકારી હોસ્પિટલોમાં પૈસાદાર લોકો એનો લાભ લઇ લેશે. જેમની પાસે મેડી કલેઇમ છે એ કોઇ દિવસ આવવાના નથી. જે લોકો પાસે દેવું કરવાની પરિસ્થિતિ છે એ સરકારી હોસ્પિટલમાં આવવાનો નથી. સરકારી હોસ્પિટલોમાં ફકત એ લોકો આવે છે કે જે મરવાના વાંકે જીવે છે. લોકો જયારે બિમારીથી મરતા હોય ત્યારે..

**પોઇન્ટ ઓફ ઓર્ડર**
**રેકર્ડમાંથી શબ્દો દૂર કરવા બાબત**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, રાજયમાં સેંકડો હોસ્પિટલો દ્વારા દરરોજ હજારો દર્દીઓ અને વર્ષે લાખો દર્દીઓની સારવાર કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે •(xxxxxx) બહું જ વાંધાજનક બાબત છે. ગરીબો આવે છે, ગરીબોને સારવાર આપીએ છીએ એટલે (xxxxxx) આ ગરીબોનું અપમાન કહેવાય.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાખું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : રેકર્ડ જોઇ લો.

અધ્યક્ષશ્રી : એમાં એમ કહે છે કે મરવાના વાંકે જીવતા હોય તેવા લોકો આવે છે. રેકર્ડ તપાસીશ અને જો (xxxxxx) એવા શબ્દો વાપર્યા હશે તો કાઢી નાખીશ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : મધ્યમવર્ગના લોકોને પણ ગંભીર બિમારીઓ છે એની અંદર નિઃશૂલ્ક સારવાર મળે એવી વ્યવસ્થા રાજય સરકારે કરવી જોઇએ. બીજું કે અમદાવાદની વાડીલાલ હોસ્પિટલની અંદર આપણે વાર્ષિક બે કરોડની ગ્રાન્ટ આપીએ છીએ. વી.એસ. હોસ્પિટલની અંદર ફકત અમદાવાદના લોકો જ નથી આવતા હોસ્પિટલ કોર્પોરેશન સંચાલિત છે પણ સમગ્ર ગુજરાતની પ્રજા એનો લાભ લેતી હોય છે. મૂળ મારું કહેવું છે કે એમાં ઓછામાં ઓછી વર્ષે દસ કરોડની ગ્રાન્ટ વી.એસ. હોસ્પિટલને આપવી જોઇએ. પહેલા એવું હતું કે ગરીબ માણસ જયારે યુ.સી.ડી. વિભાગમાં જાય અને ગંભીર બિમારીથી પીડાતો હોય ત્યારે અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશન ઠરાવ નંબર ૫૫ ના આધારે એક સર્ટિફિકેટ આપવમાં આવતું હતું એના આધારે એમને મફત સારવાર મળી જતી હતી. રાજય સરકારને મારી વિનંતી છે કે અમદાવાદમાં જે રીતે થતું હતું એ રીતે સમગ્ર રાજયમાં કરવું જોઇએ. સમગ્ર ગુજરાતના લોકોને ત્યાં સારવાર મળે. અમૃતમ મા યોજનાની અંદર જે હોસ્પિટલો બતાવી છે એમાં વધારે પડતી હોસ્પિટલો અમદાવાદની છે. તેથી ગરીબ માણસ સૌરાષ્ટ્ર કચ્છથી સારવાર માટે અમદાવાદ આવશે? એટલે મારી માગણી છે કે જે તે સ્થાનિક હોસ્પિટલોમાં જ સરવાર મળવી જોઇએ. આ કોઇ રાજકારણનો વિષય નથી. •(xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ કહ્યું કે જયનારાયણભાઇ અમારા સૂચનો ધ્યાને લેતા હતાં અને આ મંત્રી લેતા નથી એટલે આવી કોઇ સરખામણી થાય નહિ. આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, આજે શ્રમ અને રોજગાર વિભાગ પર માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું અને એના પર મારા વિચારો રજૂ કરું છું.

કોઇપણ સરકારની કરોડરજ્જૂ સમાન કોઇ વિચારધારા હોય, કોઇ એનું શ્રેષ્ઠ આયોજન હોય તો એ શ્રમ અને રોજગારનું જેટલું ડિપાર્ટમેન્ટ મજબૂત એટલી સરકારની તંદુરસ્તી મજબૂત હોય છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીએ વિશ્વની એક શ્રેષ્ઠ ફિલોસોફી આપી, ઉર્જા શકિત, જળ શકિત, જ્ઞાન શકિત, રક્ષા શકિત અને જન શકિત. વિરોધપક્ષના મિત્રો બોલતા હતાં કે યજ્ઞ કરે છે, આ કરે છે તે કરે છે. પણ હું આજે આ પવિત્ર સદનની અંદર કહી રહ્યો છું કે આ યજ્ઞ છે અને છ કરોડની જનતા આની અંદર સ્વાહા કરી આ પવિત્ર યજ્ઞને પ્રજ્જવલિત રાખવાનું દૈવી કાર્ય કરી રહ્યા છે.

શ્રમ અને રોજગાર અને શ્રમ અને તેનું મૂલ્ય. ઘણા ફિલોસોફરે વાત કરેલી છે.પરંતુ માનનીય નરેન્દ્રભાઇ મોદીએ શ્રમ અને તેનું મૂલ્ય ન હોઇ શકે પણ શ્રમ એક કર્મ છે અને આ કર્મ શ્રેષ્ઠ હોવું જોઇએ આ પણ દુનિયાને એક નવી ફિલોસોફી આપી. ગુરુવારના દિવસે અમે લાયબ્રેરીમાં હતા, જનકભાઇ અને વલ્લભભાઇ. માર્કસની દાસ કેપિટલમાં હેવ અને હેવ નોટના સિદ્ધાંત જયારે વાંચતા હતા ત્યારે જોયું તો શ્રમનું મૂલ્ય કઇ રીતે આંકન કરવું એ હજી વિશ્વના ફિલોસોફરો ગડથોલા ખાય છે ત્યારે દુનિયાને એક નવી રાહ ચીંધી છે કે શ્રમ અને તેનું મૂલ્ય કર્મ હોય છે અને એ કર્મ શ્રેષ્ઠ છે. આ રાજયની અંદર જયારે શ્રમ અને રોજગારને વિકસિત કરવા માટે, તેના બેઝીક પ્રાયમરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમન્ટ માટે શ્રેષ્ઠ જરૂરિયાત હોય એ ઉર્જા હોય છે. જયોતિગ્રામ યોજના કરીને ગામડે ગામડે તમામ નાના ઉદ્યોગોને ઉર્જા પહોંચાડી અને પ્રાથમિક બેઝ પર રોજગારનું મહત્વ કેમ વધે એ પ્રથમ આયોજન કરવામાં આવ્યું છે. અમારા સુરતમાં સ્પાર્કલના ઓપનીંગ વખતે કેન્દ્રના વરિષ્ઠ અધિકારી આવેલા અને એમણે નરેન્દ્રભાઇ મોદીની હાજરીમાં સરસ વાત કરેલી હતી. ગુજરાત લઘુ ઉદ્યોગમાં ૮૫ ટકાના ગ્રોથ રેટથી પ્રગતિ કરી રહ્યું છે. જયારે બીજાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સ્ટેટમાં ૨૦ ટકાથી પણ ઓછો છે, આ કેન્દ્રના વરિષ્ઠ અધિકારીએ અમારા મહાનગર સુરતમાં આ વાત કરેલી. આ એ આંક સૂચવે છે. આ સમૃદ્ધતા સૂચવે છે. વિરોધ પક્ષના નેતા આ જ સદનમાં વાત કરી રહ્યા હતા ત્યારે કે યુવાનોને તક નથી. યુવાનો માટે વિચારધારા નથી. પરંતુ યુવાનોની શ્રેષ્ઠ સ્કીલ ડેવલપમેન્ટ માટે જે આ સરકારે વિચાર્યું છે એ કયારેય વિચારવામાં આવ્યું હતું? આવી કલ્પના પણ કોઇ સરકારે નહોતી કરી. યુવાનોને તક આપવા માટે, તેની સ્કીલ ડેવલપમેન્ટ માટે તેને મજબૂત કરવામાં આવ્યો છે, જેથી એ સર્ટિફિકેટ લઇને બહાર નીકળે, અભ્યાસ કરીને, ગ્રેજયુએશન કરીને બહાર નીકળે, લાચાર, દીન, દૂબળો ન બને. એની પાસે આવડત છે અને આ આવડત લઇને દરેક ઉદ્યોગમાં જશે ત્યારે એ પોતાનું શ્રેષ્ઠ યોગક્ષેમ ચલાવી શકશે અને આ શ્રેષ્ઠ યોગક્ષેમ શ્રેષ્ઠ કર્મ દ્વારા કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ શ્રમ અને રોજગારની નીતિ જે બની છે ત્યારે તેમાં હવે પછીનું એક પીંછું ઉમેરાઇ રહ્યું છે જે જળ સ્ત્રોત, સૌની યોજના સૌરાષ્ટ્રના ખૂણે ખૂણે પહોંચી છે ત્યારે આ પણ એક ઉદાહરણ બની જશે.

મોહનભાઇ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૩૯, ૪૦, ૫૭ અને ૭૪ લઇને આવ્યા છે તેમાં મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય ક્ષેત્રે ગુજરાતે એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેના માટે આરોગ્ય મંત્રી અને રાજય સરકારના આરોગ્ય વિભાગના તમામ અધિકારીને પણ હું લાખ લાખ અભિનંદન આપું છું. આ ગુજરાતમાં તમામ બાબતમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. દેશમાં માથાદીઠ રકતદાન હોય કે દેહદાન હોય કે ચક્ષુદાન હોય તમામ ક્ષેત્રે ગુજરાત હંમેશા નં.૧ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગુજરાતમાં સ્વાઇનફલૂની વાત ચાલે છે. તેમાં જે લોકોના મૃત્યુ થાય તેના માટે ૧૦૦ ટકા આપણને દુઃખ થાય તેમાં કોઇ શંકા નથી પણ તેના માટે ગુજરાતનો આરોગ્ય વિભાગ જે પ્રયત્ન કરી રહ્યો છે તેની મારે વાત કરવી છે. ગુજરાતમાં સ્વાઇનફલૂના કારણે કેન્દ્રમાંથી ચાર ડોકટરની ટીમ આવી હતી. ડો. જગવીરસિંહ, ડો. ગૌરવ, ડો. પી.સી. યુગ અને ડો. મૌર્ય. આ ડોકટરોની ટીમ સ્વાઇનફલૂની વિઝિટ માટે આવી હતી. અમદાવાદની સિવિલ હોસ્પિટલ હોય, રાજકોટની મેડીકલ કોલેજ હોય કે જામનગરની જી.જે. હોસ્પિટલ હોય. આ ત્રણે જગ્યાની એક-એક દિવસની વિઝિટ લીધી. તેમના જે શબ્દો છે એ મારે કહેવા છે. એ સ્વાઇન ફલૂના દર્દીને આપવામાં આવતી સારવાર હોય, લેબોરેટરીમાં પરિક્ષણ હોય. આ તમામ બાબતોની અંદર ગુજરાતનો આરોગ્ય વિભાગ જે કામ કરી રહ્યો છે એનાથી અમને સો ટકા સંતોષ છે.

આથી આગળ વાત કરવી છે. આ ગુજરાતની અંદર ગ્રામ્ય વિસ્તારની અંદર આરોગ્ય ક્ષેત્રે કામ થઇ રહ્યું છે, આ ગુજરાતની અંદર આદિવાસી ક્ષેત્રની અંદર સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય કે કોઇપણ સુવિધા હોય એની ચિંતા રાજય સરકારે કરી છે. આ ગુજરાતની અંદર ૭૨૩૬ સામૂહિક પેટા કેન્દ્ર ની જરૂરિયાત સામે ૭૨૭૪ પેટા કેન્દ્રો આવેલા છે. આદિવાસી વિસ્તારની અંદર એના ૩૦ ટકા ગણીએ તો ૨૨૦૯ પેટા કેન્દ્રો આવેલા છે. ગુજરાતની અંદર ૧૧૬૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે એની સામે આદિવાસી વિસ્તારની અંદર ૩૦ ટકા ગણીએ તો ૩૫૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે. ત્યાંથી આગળ વાત કરું તો, ગુજરાતની અંદર સામૂહિક આરોગ્ય કેન્દ્રો ૩૧૮ આવેલા છે, એમાં આદિવાસી વિસ્તારની અંદર ૭૧ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલા છે.

ખાસ કરીને આ ગુજરાતની અંદર જે બાળકો છે એનું જે ભાવિ છે, આપણા જે બાળકો છે એના આરોગ્યની ચિંતા થઇ રહી છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. હજારો, લાખો બાળકોની દર વર્ષે સામૂહિક રીતે શાળા આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે. આ ચકાસણી કર્યા પછી કોઇપણ બાળકને કોઇપણ જાતની ગંભીર બિમારી હોય તો એનો સો ટકા ખર્ચ રાજય સરકાર ભોગવે છે. ગુજરાતની અંદર આ વર્ષે ૧.૪૮ કરોડ બાળકોના શાળા આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. એમાંથી ૫૪૬૧૪ બાળકોની આંખના નિષ્ણાત ડોકટરો દ્વારા આંખની ચકાસણી કરવામાં આવી છે. જરૂરિયાતવાળાઓને ચશ્મા ફ્રી આપવામાં આવ્યા છે. કોઇપણ બાળકને દાંતની તકલીફ હોય તો દાંતના નિષ્ણાત ડોકટર દ્વારા ૧૦૨૯૩ બાળકોના દાંતની ચકાસણી કરવામાં આવી છે. ચામડીના નિષ્ણાત ડોકટર દ્વારા ૬૬૮૦ બાળકોની ચકાસણી કરવામાં આવી છે. એથીયે આગળ વાત કહેવા માગું છું. કોઇપણ બાળકને ગંભીર બિમારી હોય, હૃદય રોગના ૪૨૪૪ બાળકો, કિડનીના ૧૩૬૭ બાળકો અને કેન્સરની બિમારી હોય એવા ૧૩૨૬ બાળકોની આ રાજય સરકાર દ્વારા પૂરેપૂરી સારવાર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ગામડાનો ગરીબ બાળક હોય, આ દસ વર્ષનો બાળક બધા માણસોની વચ્ચે વાત કરવા ઉભો થયો. અમારી શાળાની અંદર જ્યારે બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવી ત્યારે મારી પણ ચકાસણી થઇ. બીજા દિવસે એ પછી મારા મા-બાપને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં બોલાવવામાં આવ્યા. ત્યારે મારા બાપુજીને પેલા ડોકટરે વાત કરી કે, તમારા બાળકને હૃદયની ગંભીર બિમારી છે, આ બાળકને અમદાવાદ સિવિલ

હોસ્પિટલમાં લઇ જવો પડશે. એમની વાત સાંભળીને મારા ગરીબ મા-બાપ એકદમ ભાંગી પડ્યા અને ચોધાર આંસુએ રડવા માંડ્યા. ત્યારે ડોકટરે સાંત્વના પાઠવી અને મને તથા મારા મા-બાપને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાત તબીબની ટીમે મારા આરોગ્યની ચકાસણી કરી. ત્યાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે તમારા બાળકને મદ્રાસની એપોલો હોસ્પિટલમાં લઇ જઇને હૃદયની બિમારીનું ઓપરેશન કરાવવું પડશે. ત્યાંથી આગળ બાળક વાત કરે છે કે, મારા બાપુની ગરીબ પરિસ્થિતિના કારણે અમે કદી તાલુકા સેન્ટર પણ જોયું નહોતું ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઇ જવામાં આવ્યો અને ત્યાંથી મદ્રાસ એપોલો હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા અને તેનો જવા-આવવા માટેનો તમામ ખર્ચ રાજ્ય સરકારે ભોગવ્યો છે. આ ત્રણેયને મદ્રાસમાં ઓપરેશન પત્યા પછી મારા ગામડા સુધી રાજ્ય સરકારની ગાડી ઘરે મૂકવા માટે આવી અને ઘેર ગયા પછી મારા મા-બાપને અહેસાસ થયો કે સરકારની આ યોજના ન હોત તો એનો એકનો એક વહાલસોયો પુત્ર જીવીત ન હોત.

આ રાજ્ય સરકાર દ્વારા ગરીબો માટેનો યજ્ઞ આરંભાયો છે, એમાં ખરેખર વિરોધપક્ષના લોકોએ ખરેખર સહકાર આપવો જોઇએ. •(xxxxxx) આ ગુજરાતની અંદરની છેલ્લા દસ વર્ષની વિકાસયાત્રા જયારે આરંભાઇ રહી છે એ ગૌરવ અમે કહી શકીએ કે એક વાર ગામડાના પાદરમાં સવારે સાત વાગે તો તમે જાવ, હોન્ડા મોટર સાઇકલની લાઇનો લાગે, ગામના યુવાનો પોતાની રોજગારી માટે શહેરની અંદર આવવા માટે હોન્ડા મોટર સાઇકલ લઇને આવે અને ત્યાંથી આગળ આવીને વાત કરું તો આ સરકારની અંદર જેટલી યોજનાઓ છે ને એના કદાચ આ લોકોને નામ પણ ના આવડે, ચીરંજીવી યોજના હોય, એનાથી આગળ એક મા નામની યોજના હોય, અમૃતમ માં યોજના હોય, ગામડાની અંદર બાળકોની સારવાર માટે રાજય સરકાર સામૂહિક જયારે પ્રયત્ન કરી રહી છે ત્યારે ગામડામાં આર્થિક પછાત વિસ્તારના જે લોકો હોય એના ઘરની અંદર મોભીને જયારે કંઇ પણ ગંભીર બિમારી થાય એના ઘરની અંદર કમાવાવાળું એક પણ વ્યકિત ન હોય ત્યારે આ રાજય સરકાર દ્વારા આ મા નામની યોજનાના આધારે ગામડાના ગરીબ પરિવારના કુટુંબના મોભીને જયારે ગંભીર બિમારી હોય ત્યારે આ રાજય સરકાર દ્વારા ર લાખ રૂપિયાનો ખર્ચ એની પાછળ કરવામાં આવે છે. આ યોજના પહેલા નહોતી, આ યોજના હમણા આવી છતાં હમણા ગ્યાસુદ્દીનભાઇ કહેતા હતા કે ર લાખ રૂપિયાથી વધારવા જોઇએ, આ ર લાખ રૂપિયા પણ આ રાજય સરકારે આપવા માટેનો નિર્ણય કર્યો છે. ખાસ કરીને આપણે વાત કરી કે ગામડાની અંદર વસતા ગરીબ પરિવારોમાં કોઇપણ માણસ હોય એને જયારે આ સ્થિતિ હોય ત્યારે એ ઘરની અંદર કમાવાવાળું એકપણ વ્યકિત ન હોય ત્યારે એમની પાસે આંસુ સારવા સિવાય કોઇ રસ્તો નથી હોતો.

ત્યાંથી આપણે આગળ આવીને વાત કરીએ તો આ ગુજરાતની અંદર ગામડાની અંદર એસ.ટી. વિભાગ છે આ ગુજરાતમાં દરરોજના ૨૮લાખ કિલોમીટર આ એસ.ટી. નિગમ રોજનો એસ.ટી. પ્રવાસ કરે છે. ૨૩ લાખ લોકોને ગામડામાંથી લઇને શહેર સુધી, વિદ્યાર્થીઓને ભણવા આવવું હોય કે શ્રમિકને રોજગારી માટે આવવાનું હોય આવા ૨૩લાખ લોકોને ગામડામાંથી શહેરમાં આ વાહન વ્યવહાર વિભાગ રોજ લઇને આવે છે. એમાં ખાસ કરીને આપણે વાત કરીએ, જયારે આ કોંગ્રેસને (xxxxxx) સિવાય કોઇ વાત કરવાની કદી આવડતી નથી.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : ખાસ કરીને માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણે (xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ કાઢી નાખીએ છીએ. હવે સાચા ઉપર આવી જાવ.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : સત્યથી વેગળી વાત કરે છે. હમણા એક પરિપત્ર લઇને ગામડે નીકળ્યા,

અધ્યક્ષશ્રી : મોહનભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૩-૧૪ના વર્ષના અનુદાનો માટેની આરોગ્ય અને પરિવાર કલ્યાણની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમને હું મારું અનુમોદન આપુ છું અને તેમાં મારા વિચારો વ્યકત કરૂં છું.

આ વિભાગની સેવાઓ માટે વર્ષ ૨૦૧૧-૧૨ના ખર્ચની સરખામણીએ વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજીત રકમમાં રુ. ૧૬૩૩,૫૭,૯૧,૦૦૦નો વધારો સૂચવવામાં આવ્યો છે જે ટકાવારી પ્રમાણે ૫૬.૫૦ ટકા જેટલો થાય છે. આરોગ્યની બાબતમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને રહેલ છે અને એમાં પણ સતત ૧૧ વર્ષથી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ મોદીએ સ્થિર સરકાર આપીને આરોગ્ય ક્ષેત્રે ખૂબ જ ચિંતા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કરી છે, સારાએ રાજયમાં માણસ ગરીબ હોય કે અમીર હોય, એકસરખી સારવાર લઇ શકે તે માટેના પ્રયાસો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના રહ્યા છે. ગુજરાતની પ્રજા ખૂબ જ ભોળી અને માયાળુ છે. ગુજરાતના લોકો પરોપકારી અને માનવતાવાદી હોવાના નાતે માણસ માણસને કઇ રીતે ઉપયોગી થાય, માણસની જિન્દગી કેમ બચી શકે તેવા કાર્યો કરવામાં માણસ પોતાના જીવનની ધન્યતા અનુભવતા હોય છે. સારાએ દેશમાં ગુજરાત એક એવું રાજ્ય છે જે રકતદાનમાં પ્રથમ સ્થાને રહેલ છે. આપણે સૌ જાણીએ છીએ તે રીતે માનવ દેહમાં બનતું રકત અન્ય કૃત્રિમ રીતે બની શકતું નથી.માત્ર માનવ શરીરમાં કુદરતી રીતે પેદા થાય છે, જે માનવ શરીર માટે ખૂબજ મહત્વનું હોય છે. રક્તદાન થકી અનેક લોકોના જીવ બચાવવાનું કામ ગુજરાતના લોકો દ્વારા થઇ રહ્યું છે. રક્તદાન સિવાય માનવ શરીર માટે અનેક એવા અવયવો આવેલા છે જેનાથી માણસને એક નવી જિંદગી જીવવાની તક મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મૃત્યુ પહેલા માણસ પોતાના દેહનું દાન કરવાનું સ્વપ્ન ધરાવતા હોય છે. જે માણસ જીવતા હોય ત્યારે પોતાના પરિવારને પોતાના દેહનું દાન કરવાનું કહેતા હોય છે. મૃત્યુ બાદ એના પરિવારજનો દેહદાન કરતા હોય છે, આવું માત્ર અને માત્ર ભારત દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં ખૂબજ જોવા મળે છે. કિડની ટ્રાન્સપ્લાન્ટના સૌથી વધુ ઓપરેશન ગુજરાતમાં થાય છે. ચક્ષુદાનમાં પણ ગુજરાત અગ્રીમસ્થાને રહેલ છે. મસાના ઓપરેશન હોય કે ઢાંકણી બદલવાના ઓપરેશન હોય તે પણ ગુજરાતમાં સૌથી વધુ થાય છે. મારા મતવિસ્તાર નવામહુવા વિધાનસભા વિસ્તારમાં હાલમાં મહુવા નગરપાલિકા સંચાલિત ૨૦૦ પથારીવાળી ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલ તરીકે કાર્યરત છે. આ હોસ્પિટલમાં માન્ય ખર્ચના ૭૫% લેખે અનુદાન ફાળવવામાં આવે છે. મહુવા શહેર ખૂબજ મોટું હોવાથી અને આજુબાજુમની ૧૦૦ કિલોમીટરની ત્રિજ્યામાં કયાંય સીવીલ હોસ્પિટલ નહિ હોવાના નાતે આ પછાત વિસ્તારના લોકોને ખૂબજ મુશ્કેલી પડતી હતી, પણ સરકારશ્રીમાં રજૂઆત કર્યા બાદ આપણાં લોકલાડીલા મુખ્યમંત્રીશ્રીને આ વાત સાચી લાગતા લોકોને આધુનિક આરોગ્ય આવશ્યક સેવાઓ પૂરી પાડવાના હેતુથી હોસ્પિટલનું સંચાલન સરકાર હસ્તક લેવાનો નિર્ણય થયો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયો છે. તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને આરોગ્ય મંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આ ૨૦૦ પથારીની જિલ્લા કક્ષાની હોસ્પિટલ મંજૂર કરવાના નિર્ણયથી સરકાર હવે તમામ ખર્ચ ઉપાડવાની છે ત્યારે તાલુકા કક્ષાએ મુખ્ય જિલ્લા તબીબી અધિકારીની સવલતો પણ મહુવા અને મહુવાની આસપાસના ૧૦૦ કિલોમીટરની ત્રિજ્યામાં ગરીબોને આનો લાભ મળવાનો છે. આરોગ્ય વિભાગના પ્રોજેકટ ઇમ્પ્લીમેંટેન્શન યુનિટ, પી.આઇ.યુ. દ્વારા આ હોસ્પિટલ તેમજ નવા બિલ્ડિંગો ઊભા કરવા માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે, જેનો અંદાજીત ૨૫૦ લાખનો ખર્ચ સરકાર ઊપાડવાની છે. આ ઉપરાંત આ હોસ્પિટલ ખાતે એ.એ.એમ. નર્સિંગ સ્કૂલ શરૂ કરવાની પણ સરકારે તૈયારી બતાવી છે તેના માટે હોસ્ટેલ માટેનું બિલ્ડિંગ તેમજ નર્સિંગ સ્કૂલ માટેનું બિલ્ડિંગ સરકાર દ્વારા બનાવવામાં આવવાનું છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યાં છે તેને હું સમર્થન કરું છું.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણી પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખેડા જિલ્લો એટલે જાગૃત જિલ્લો કહેવાય. હવે ખેડા જિલ્લામાં જે સીવીલ હોસ્પિટલ છે એમાં જે ફિઝિશિયન ૭ વર્ષથી નથી. ઓર્થોપેડિક ડોકટર નથી, ગાયનેકોલોજીસ્ટ ડોકટર નથી. આ કેવી રીતે ચાલે? ૭ – ૭ વર્ષથી ના હોય અને એમ કહે કે ભાઇ, અમે આખા ગુજરાતમાં વાહ! વાહ! અને પાટલીઓ થપથપાવવામાં માહિર. આ ચાલે સાહેબ? કરવું જોઇએને! ૭ વર્ષથી ફિઝિશિયન નથી. તપાસ કરાવો. સાહેબ, હું જૂઠો હોય તો. પહેલા કરતા અત્યારે ૮ કર્મચારીઓ નડિયાદ સીવીલ હોસ્પિટલમાં નથી. ખેડા જિલ્લાના૧૦ તાલુકાનું સીવીલ કહેવાય. આ કેવી રીતે ચાલે? ગરીબ લોકોનું શું થાય? કઇ રીતે તમે ગરીબોની દવા કરવાના હતા? જેના ડોકટર ના હોય એની શું સારવાર કરી શકવાના હતા? તો પછી આ ગુજરાતમાં કેવું હશે? જો ખેડા જિલ્લામાં અમારા દંડક છે પંકજભાઇ, તો આ કઇ રીતે ચાલે? પૂછો એમને? ફિઝિશિયન ડોકટર ૭ વર્ષથી નથી તો આ રીતે ના ચાલેને? અને પાછા બધાની વાહ! વાહ! કરવાની છે. સાહેબ, અમારા છીપલી ગામે સ્વાઇનફ્લૂમાં ગઇકાલે જ મરી ગયો. ફોન કરું તો ડોકટર, જે જિલ્લાનો આરોગ્ય અધિકારી કહેવાય એ ફોન ના ઉપાડે.ચાલતુ હશે એવું ? આ રીતે, કઇ રીતે ચલાવવાનું હતું ? પછી કઇ રીતે ગુજરાતને કહે છે કે, અમે આમ કર્યું, તેમ કર્યું કહે છે? કોઇ પણ એમાં જુઓ તમે કે, ભાઇ આમાં રોજગારી મળી, રોજગારી મળી. અલ્યા, ૧૫ થી ૨૦ લાખ લોકો રોજગારી વગરના જે જે ટેકનિશિયનો છે

એ બધા રખડે છે. બી.એ.બી.એડ, એન્જીનિયરો, ડોકટરો આ લોકોને મજૂરી કરવા, કડિયા કામ કરવા જવું પડે છે અને આ બધા અહીંયા વાહ વાહ કરે છે, આટલાને અમે આપી દીધું, આટલું આમ આપી દીધું ? અલ્યા, તમે જુઓ, ફરો આ એ.સી.માં નહીં બેસી રહેવાનું. ફરો તો ખબર પડે કે લોકોની હાલત શું છે ? જુઓ તો ખબર પડે કે, લોકોની, યુવકોની હાલત કેવી છે, જુવાનીયાની હાલત કેવી છે ? ફરો તો ખબર પડે. અહીંયા બેઠા બેઠા ખબર ના પડે ભાઇ. આવો મારી સાથે બતાવું તમને.

એસ.ટી.ની વાત કરું સાહેબ. એસ.ટી.માં પેલા જલસા કરવા માટે, ઉત્સવો માટે એસ.ટી.ઓ જોઇએ. બિચારા વિદ્યાર્થીઓને અત્યારે પરીક્ષા હોય ત્યારે એસ.ટી. જ ના મળે, બચારા રખડી જાય પરીક્ષામાં. શું આ રાજયનું કયું તંત્ર કહેવાય? આ રીતે ચાલે? પાછું કંઇક હોય તો બસ પાટલીઓ થપથપાવવાની. અલ્યા પાટલીઓ થપથપાવવાની? તો આ જ કરોને ભાઇ. એના કરતાં આ લોકોની સેવાનું કામ કરો. આ તમે બેઠા છો પણ એક વખત તમારો સમય એવો આવશે (અંતરાય) તમારો સમય એટલો ખરાબ આવશે, (અંતરાય) અમારો ખરાબ નથી, અને અમને તો અહીં વિરોધ પક્ષમાં મૂક્યા છે જે તમે ખોટું કરો છો એ કહેવા માટે મૂક્યા છે અને અમારે કહેવાની ફરજ છે.

અધ્યક્ષશ્રી : બરાબર છે, આ બધાને લોકસભામાં મોકલી દો એટલે અહીંથી છૂટા આપણે. ચાલો બાપુ, આપનું પૂરું થઇ ગયું. માનનીય સૌરભભાઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, સાંભળો હવે. એક મિનિટ, શેનો પોઇન્ટ ઓફ ઓર્ડર ?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી મોહનભાઇ કુંડારીયાએ એમના મંતવ્યમાં એવું કહ્યું હતું કે, (xxxxxx) એટલે માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. એના રેફરન્સમાં હશે તો કઢાવી નાખીશું, જોઇ લઇશું એ.

શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જે માગણી લઇને આવ્યો એમાં ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સભ્યશ્રીઓએ ટીકા કરી હતી, નોકરી આપતા નથી, બેરોજગારી વધતી જાય છે, સરકારમાં આની ચિંતા નથી થતી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે એક જાહેરાત કરવી છે. આમ તો, નિયમ-૪૪ના નિવેદનમાં કરવાની ઇચ્છા હતી પણ માગણી આવી છે એટલે આમાં કાંઇ જોવાનું નથી, માત્ર સાંભળવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ડાયરેકટર જનરલ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનીંગ, મિનિસ્ટ્રી ઓફ લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાએ, એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જના સ્ટેટેસ્ટિક્સ- ૨૦૧૨માં જે જાહેરાત કરી એના મુખ્ય અંશો હું વાંચી સંભળાવું છું.

નંબર-૧, રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે. સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે રહેલ છે. ૨૦૧૧ના વર્ષ માટે પ્રસિદ્ધ થયેલા આંકડા અનુસાર સમગ્ર ભારતના રાજ્યો દ્વારા ૪,૭૧,૫૦૦ યુવાનોને રોજગારી સામે ગુજરાતે ૨,૨૫,૬૦૦ યુવાનોને એટલે ૪૮ ટકા રોજગારી પૂરી પાડેલ છે.

નંબર-૨, અનુસૂચિત જાતિના ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે. સમગ્ર ભારતમાં ૩૨,૩૪૦ અનુસૂચિત જાતિના ઉમેદવારોને પૂરી પાડવામાં આવેલી રોજગારી સામે ગુજરાત દ્વારા ૧૬,૫૧૦ એટલે ૫૧ ટકા અનુસૂચિત જાતિના ઉમેદવારોને રોજગારી પૂરી પાડેલ છે.

નંબર-૩, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે. ભારત સરકારના અહેવાલ અનુસાર સમગ્ર ભારતમાં ૧૮,૮૭૦ અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પૂરી પાડવામાં આવેલ રોજગારી સામે ગુજરાત દ્વારા ૧૩,૯૦૦ એટલે ૭૪ ટકા અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને રોજગારી પૂરી પાડેલ છે.નંબર-૪, મહિલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે. સમગ્ર ભારતના ૮૫૭૦૦ મહિલા ઉમદવારોને પૂરી પાડવામાં આવેલ રોજગારી સામે ગુજરાત દ્વારા ૩૯૧૦૦ એટલે ૬૨ ટકા મહિલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડીને ગુજરાત પ્રથમ ક્રમાંકે છે.

માનનીય સભ્યશ્રીઓ, આ અહેવાલ કેન્દ્ર સરકાર દ્વારા થાય છે. ૧૯૯૫માં પણ થતો હતો, ૧૯૯૮માં પણ થતો હતો. ૨૦૦૦માં પણ થયો છે. ૨૦૦૫માં થયો. ૨૦૧૨માં થયો. છેલ્લા સાત-આઠ વર્ષથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા ત્યારથી સળંગ ગુજરાત નંબર-૧ રહ્યું છે. અહીંયા બધા વડીલો બેઠા છે. ઘણા લોકોએ રાજય સરકારની અંદર આગેવાની પણ લીધી છે. મારે એ લોકોને પૂછવું છે ટીકા કરવી સહેલી છે પણ તમારા સમયમાં

તમે નંબર–૧ બનીને બતાવ્યું હતું? મારે આપને કહેવું છે કે આ સરકારે આ વિભાગને કેટલી અગત્યતા આપી છે એ બજેટના આંકડા બતાવે છે. ગઈ સાલ ૪૮૦ કરોડ ફાળવ્યા હતા. આ સાલ ૮૪૧કરોડ ફાળવ્યા છે. ૩૬૧કરોડનો વધારો એટલે આશરે ૭૫ થી ૭૭ ટકાનો વધારો થયો. ૨૦૦૭–૦૮માં ખાલી ૮૦કરોડ હતું બજેટ તો ૧૯૯૮માં કેટલું હશે? આઠ? અને ૧૯૯૫માં કેટલું હશે? જેના સમયમાં આઠ–આઠ, દસ–દસ કરોડ બજેટના હોય એ દસ મિનિટ માટે અમને લોકોને અહીંયા કેવી રીતે રોજગારી આપવી એની શિખામણ આપે છે.

આ તમારી કેન્દ્ર સરકારનો રિપોર્ટ, લેબર બ્યૂરો સેકન્ડ એન્યુઅલ એમ્પ્લોયમેન્ટ સરવે ૨૦૧૧–૧૨ નો એમાં શું લખ્યું છે The unemployment rate is estimated to be 3.8% at All India Level. અને ગુજરાતનું શું લખ્યું છે? The unemployment rate is estimated to be 1% in Gujarat State. સૌથી ઓછી બેરોજગારી હોય તો એ ગુજરાતમાં છે અને આની પાછળ કાંઈ રાતોરાત નથી થતું. આની પાછળ મહેનત કરવી પડે છે. આની અંદર એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેન્જ દ્વારા અમે લોકો ઉદ્યોગવાળાને બોલાવીએ છીએ. બોલાવીને રોજગારીની તકો ઉભી કરીએ છીએ. જોબ ફેરો કેટલાય કરીએ છીએ. તમે વિચાર કરો સ્વામી વિવેકાનંદ રોજગાર ભરતી મેળા જે કર્યા એમાં ૧૦૨૮ જોબ ફેર કર્યા છે અને ૧૦૬૧૯૩ લોકોની ભરતી કરવામાં આવી છે એટલે એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેન્જ હોય, જોબ ફેર હોય, ડીફેન્સવાળાને કહીએ છીએ, ડીફેન્સ ઉપરથી કાગળ મળે છે કે પહેલા ડીફેન્સની અંદર ગુજરાતીઓની ભરતી નહોતી થતી. આર્મી, નેવી, એરફોર્સના મેળા કરીએ છીએ. ત્રીસ–ત્રીસ દિવસ સુધી ટ્રેનીંગ આપીએ છીએ અને ટ્રેનીંગ આપ્યા પછી ડિફેન્સના બ્રિગેડીયરોના કાગળ આવે છે કે તમે લોકોએ જે મહેનત કરી છે એ મહેનતના પરિણામે દર વર્ષે ગુજરાતમાં ભરતી વધતી જાય છે.

સેલ્ફ એમ્પ્લોયમેન્ટ માટે કરીએ છીએ. વોકેશનલ ટ્રેનીંગ આપીએ છીએ. ૨૦૦૦ તો સ્કૂલો અને પ્રોફેશનોની અંદર કેરીયર કોર્સીસ રાખ્યા છે જે છોકરાઓને સમજાવે છે કે આ પ્રમાણે તમે કરશો તો તમને અહીંયા નોકરી મળશે અને એના કારણે દિવસે દિવસે ગામડાંઓમાં જાગૃતિ થવા માંડી છે. આપ, વિચાર કરો કે સ્કોપ જેવી સંસ્થા, આપણે જે પ્રોગ્રામ કર્યો એની અંદર આપણે અંગ્રેજી ભણાવવાનું ચાલુ કર્યું અને કેટલા સારા પરિણામ આવવા માંડયા. આ સ્કોપની અંદર મહિલાઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે અને આના કારણે બહેનોમાં પણ જાગૃતિ આવવા માંડી છે. મહિલાઓમાં જાગૃતિ આવવા માંડી છે. સરકારે શું કર્યું કે આની અંદર વાઉચર આપવા માંડયા ૧૮૦૦૦ સ્કીલ વાઉચર્સ આપ્યા. ૧૫૦૦ રૂપિયા એટલે ટ્રેનીંગ ગમે ત્યાં જઈને લઈ શકે એટલે આ માધ્યમ દ્વારા એ લોકો ઉદ્યોગ હોય કે ગમે ત્યાં હોય એ લોકોને તકો ઉભી થાય છે.

હમણા અહીંયા વાતો કરી ટાટા નેનોની. મારે ટાટા નેનો માટે માહિતી આપવી છે કે ટાટા નેનોના બે કેટેગરીના છે એક મેનેજરની કેટેગરી અને એક વર્કીંગ કેટેગરી.બહારથી યુનિટ આવવાના કારણે ટેકનિકલ માણસો એ લોકોનો વર્કફોર્સ મેનેજર કેટેગરીનો થોડો વધારે હતો. ૯૮૯ લોકોમાં ૩૦૮ એ લોકોએ લોકલ મેનેજર રાખ્યા, પરંતુ વર્કફોર્સમાં ૨૧૦૮ વર્કફોર્સમાંથી ૨૦૯૩ રાખ્યા. ૯૯ ટકા વર્કફોર્સ ગુજરાતી છે. આજની તારીખમાં ટાટા નેનોમાં ૩,૦૯૭ માંથી ૨૪૦૧ એટલે ૭૭ ટકાનો રેશિયો ટાટા નેનોનો ગુજરાતમાં છે. આપ અહીયા બેઠા બેઠા કહો કે ટાટા નેનો સંપૂર્ણપણે બહારથી લે તેવું નથી. ટાટા નેનોએ જેટલા સ્કીલ લોકોને ટ્રેનિંગ આપી છે. શરુઆતના પીરિયડમાં એ લોકોને બહારથી લાવવા પડ્યા. પણ ઓવર ઓલ પીરિયડ ઓફ ટાઇમ જેમ થતું ગયું તેમ લોકલ માણસોને ભરતી આપીને કામ ચાલુ કર્યુ છે. આની અંદર રાતોરાત ટ્રેનિંગ આપવી પડે છે.

તમે વિચાર કરો. ગુજરાતની અંદર આઇ.ટી.આઇ. કેટલી છે? આજે ૭૧૧ આઇ.ટી.આઇ. છે. ૧,૩૮,૦૦૦ ની કેપેસિટી છે. આની અંદર આ વર્ષે બીજા ૧૦,૦૦૦ની કેપેસિટી વધારીએ છીએ. ૩૦ નવી આઇ.ટી.આઇ. કરીએ છીએ. દરેક નવા જિલ્લામાં અને દરેક નવા તાલુકામાં આઇ.ટી.આઇ. કરવા માગીએ છીએ. જે ડેવલપિંગ તાલુકાઓ છે, એની અંદર આઇ.ટી.આઇ. છે. કોસ્ટલ તાલુકા, વનબંધુ આ કરીએ તો ત્રણ ભેગી કરીએ તો એની અંદર ૩૧૫ આઇ.ટી.આઇ. છે, એટલે ૪૩ વનબંધુ તાલુકા, ૩૮ કૌશલ્ય તાલુકા અને ૪૧ ડેવલપિંગ તાલુકામાં આઇ.ટી.આઇ.ની સંખ્યા કરીએ તો ૩૧૫. એટલે રોજગારીની તકો આપવા માટે બને એટલી વધારે મહેનત કરી છે. ૧૮ ફિઝિકલી હેન્ડીકેપ્ડ અને ૨૩ વુમન આઇ.ટી.આઇ. એટલે આ પ્રમાણે આપણે કામગીરી કરી રહ્યા છીએ અને વધારે ટ્રેનિંગ આપવા માટે કૌશલ્ય વર્ધક કેન્દ્ર ૩૩૫ ઊભાં કર્યાં. કૌશલ્ય વર્ધક કેન્દ્રમાં સૌથી વધારે આનો લાભ થયો છે, તે મહિલાઓએ લીધો છે. છેલ્લાં બે વર્ષમાં ૭,૪૦,૦૦૦ લોકોએ આની અંદર ટ્રેનિંગ લીધી છે. આનંદની વાત એ છે કે ૪,૩૩,૦૦૦ બહેનો છે. એટલે ૫૮ ટકા બહેનોએ લાભ લીધો છે. કેવા કોર્સિસ છે તો કોમ્પ્યૂટર ઓપરેટરના કોર્સિસ છે. ટેલી સોફ્ટવેરના, બેઝિક ટેલરીના, બ્યુટી હેલ્થ કેર, હાઉસ હોલ્ડનાં સાધનો કેવી રીતે રિપેર થાય તેના

કોર્સિસ છે. બેઝિક વાયરમેન માટે પણ બહેનો આગળ આવવા માંડી છે. આ કૌશલ્ય વર્ધક કેન્દ્ર એ કેન્દ્ર સરકારે આને બિરદાવેલ છે. એના પણ વખાણ કર્યા છે.

આ જ પ્રમાણે ઇ.એમ.પાવરનું ચાલુ કર્યું છે, એટલે બેઝિક ઇલેક્ટ્રોનિકની ટ્રેનિંગ આપવાનું ચાલુ કર્યું. ૪ જુલાઇથી ૧૮ મી માર્ચ એટલે ૭ મહિના થયા. ૬૪૫ સેન્ટરોમાંથી ૩.૨૫ લાખ લોકોએ ટ્રેનિંગ લીધી. વધારે આનંદની વાત એ છે કે આ ૩,૨૫,૦૦૦ માં અર્બનમાં ૩૩,૦૦૦ છે અને રૂરલ એટલે ગામડામાં ૨,૮૩,૦૦૦ લોકોએ લાભ લીધો છે. એટલે ગામડામાં કેટલી જાગૃતિ ઊભી કરી છે. ૨,૮૩,૦૦૦ માંથી સવા લાખ બહેનોએ કોમ્પ્યૂટર શીખવા માટે ઇ.એમ.પાવરના કોર્સિસ કરે છે. આ જાગૃતિ આવી ત્યારે થયું છે. આનો કયાંકને ક્યાંક લાભ થવાનો જ છે. આ પ્રમાણે કરીએ છીએ, ત્યારે આ ટ્રેનિંગ કોર્સિસ આટલા મોટા થાય છે. અમે શાંત બેસવાના નથી. સરકારે આ વખતે નક્કી કર્યુ છે એક સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. બનશે તો આ જ વિધાનસભામાં કાયદો લાવવાની કોશિશ કરીશું. આ જ્યારે સ્કીલ યુનિવર્સિટી આવશે ત્યારે એના લોંગ ટર્મ કોર્સિસ હશે. સ્કીલ યુનિવર્સિટીના લોંગ ટર્મ કોર્સિસ કરીને ૪-૪ વર્ષ ભણાવવા માગીએ છે. એ પ્રમાણે અમે ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન કરવા માગીએ છીએ. એ જે કોર્પોરેશન કરવા માગીએ છીએ એનું મૂળ કારણ છે કે કયો ટ્રેડ છે, કઇ મશીનરી જોઇએ, કયો સિલેબસ જોઇએ એ ઇન્ડસ્ટ્રિઝ જોડે સંપૂર્ણપણે સંકલન કરી અને બધી આઇ.ટી.આઇ. ને ફીટ કરી શકીએ તે પ્રમાણેની વ્યવસ્થા આ વર્ષે બજેટમાં પણ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે ૨૬ જિલ્લાઓમાં ૯૩ ઓફીસીસ છે. આના કારણે જે લેબર ફોર્સ છે તેને પ્રોટેકશન મળતું જાય છે.

ચાઇલ્ડ લેબર માટે ખૂબ મહેનત કરીએ છીએ અને બને ત્યાં સુધી આપણે કડકમાં કડક પગલાં લઇએ છીએ. ચાઇલ્ડ લેબર માટે હમણાં સભ્યશ્રીએ વાત કરી કે આમાં આ વર્ષે ચાઇલ્ડ લેબરમાં જે પકડાયા છે તેમને કડકમાં કડક પગલાં લઇ દંડની જોગવાઇ કરી છે. અમારા અનિલભાઇ જોષીયારાજીએ જે વાત કરી કે કન્સ્ટ્રકશનના મજુરોનું વેલ્ફેર બોર્ડ છે. ચોકકસપણે સદસ્યોને જાણ કરવા માગું છું કે આવતા દિવસોમાં જે એક ટકો સેસ લેવાના છીએ તે આપણે કોર્પોરેશન કે નગરપાલિકાને વિશ્વાસમાં લઇ તે લોકોની પાસેથી વધારેમાં વધારે માહિતી મળે અને જેટલા કોન્ટ્રાકટરો આની અંદર કામ કરે છે તે લોકો પાસેથી આ સેસની પૂરેપૂરી ભરપાઇ થાય અને તેના લાભો બને એટલા એજયુકેશન આસિસ્ટન્ટ આપતા હોય કે મેડિકલ આસિસ્ટન્ટ આપતા હોય તેના જે નિયમો ઘડયા છે તેમાં આનો લાભ મળે તે પ્રમાણેની ચોકકસ પ્રમાણેની કોશિશ રહેશે.

અંતમાં એટલું જ કહેવું છે કે ગુજરાત એકમાત્ર રાજય છે કે જે આખા દેશની અંદર એમ્પ્લોયમેન્ટની દૃષ્ટિએ જોવા જઇએ તો ખૂબ મોટા પ્રમાણની અંદર રોજગારીની તકો ઉભી કરી છે. જે લાઇવ રજીસ્ટર છે, હમણાં કહ્યું કે દસ લાખ, પંદર લાખની વાતો કરી. મારે ખાલી એટલો જ આંકડો કહેવો છે કે આખા દેશની અંદર જેટલા રજીસ્ટરની અંદર નોંધાયેલા છે તેમાં કુલ ૩ કરોડ ૧૬ લાખ ૨૭ હજાર ૩૦૦ નોંધાયા છે. તેમાં ગુજરાતમાં ૮ લાખ ૨૧ હજાર એટલે કે ૨.૬૦ ટકા છે. એજયુકેટેડ પ્લેસમેન્ટ જોબ સીકર્સને જે આપી છે તેમાં ૩૨.૨૮ ટકા આપી છે. એટલે આપણો ક્રમાંક ખૂબ સારો છે અને આવતા દિવસોની અંદર વધારેને વધારે રોજગારીની તકો ઉભી થાય, ઇન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટને જોડે રાખીને કરવામાં આવે તેવા ચોકકસ પ્રયત્નો કરવામાં આવશે.

શ્રી શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને વાહન વ્યવહાર વિભાગની માગણીઓ પર કુલ લગભગ ૧૮ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે, સૂચનો કર્યા છે, કયાંક ભૂલ થતી હોય તો ટીકા પણ કરી છે.

માનનીય સભ્યશ્રી ડૉ.નીમાબેન, ડૉ.ભારતીબેન શ્યાળ, ભાઇશ્રી સતીષભાઇ, માનનીય ડૉ.ઠાકરશીભાઇ માણીયા, શ્રી આર.એમ.પટેલ, શ્રી સંજયભાઇ પટેલ, શ્રી કિશોરભાઇ ચૌહાણ, ડૉ.નિર્મલાબેન, શ્રી મોહનભાઇ કુંડારિયા, શ્રીમતી ભાવનાબેન આ મિત્રોએ બજેટને સમર્થન આપ્યું છે અને આ બજેટનો લાભ રાજયના ગરીબ દર્દીઓ સુધી, મહિલાઓ સુધી, પોષણની જેમને જરૂરિયાત છે તેવા શિશુઓ સુધી પહોંચાડવા પોતાના પોઝીટીવ અને રચનાત્મક સૂચનો રજુ કર્યા છે. જયારે વિપક્ષના માનનીય સભ્યશ્રીઓએ બજેટની કેટલીક જોગવાઇઓ વિશે સૂચનો કર્યા છે. મને આનંદ થાત કે ડો.જોષીયારા તો આરોગ્ય મંત્રી રહી ચૂકયા છે. પોતે ડૉકટર પણ છે. ડૉકટરોની અછત કેમ છે તે તેમને મારા કરતાં વધુ ખબર છે. ડૉકટરોની અછત આ રાજય માટે કોઇ નવો વિષય નથી. હું પણ ૧૯૯૦માં જયારે પહેલીવાર ધારાસભ્ય બન્યો ત્યારે પણ આ જ ચર્ચાઓ થતી હતી. ડૉકટરો આવતા નથી, ડૉકટરો છોડી જતા રહે છે વગેરે વગેરે. પણ મને આનંદ એ છે કે ટીકાઓ કરવી અને ટીકાઓને જે વસ્તુનો ઉપાય કરીને તેના મૂળ સુધી જવું અને તે વાતને યોગ્ય રીતે પોજીટીવલી રીતે અમલ કરીને જે કટોકટી હોય, તકલીફો હોય, ક્ષતિઓ હોય તેને દૂર કરવાના પ્રયત્ન કરવો તે માનનીય વિપક્ષના સભ્યશ્રીઓએ આ બજેટની સુંદર પુસ્તિકા આપણે આપી છે તેને

જરાક કોઇએ વાંચીને કહ્યું હોત કે આમાં ૧૦૦ કરોડ રાખ્યા છે પણ ૧૨૦ કરોડ રાખવાની જરૂર હતી તો મને આનંદ થાત કે આ પોજીટીવ રીતે, સારી રીતે, રચનાત્મક રીતે તે પોતે અભ્યાસ કરીને આવ્યા છે અને સૂચન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઇતિહાસમાં પ્રથમ વખત આરોગ્ય વિભાગનું પ્લાન અને નોનપ્લાન બજેટ ૫૫૧૨ કરોડ રૂપિયાનું છે, અને એમાં ૩૮૦૦ કરોડ રૂપિયા પ્લાન બજેટ છે. ગયા વર્ષની સરખામણી કરીએ તો ગયા વર્ષે પણ અમારી સરકાર હતી. અમે બજેટને સતત વધારતા જ જઇએ છીએ, નાણાકીય જોગવાઇઓ અને નાણાની ફાળવણીઓ વધારતા જ જઇએ છીએ. અમારા જ ગયા વર્ષના બજેટ કરતાં આ વખતે ૨૪ ટકા રકમ એક વર્ષની અંદર માનનીય મુખ્ય મંત્રીશ્રીએ રાજયની પ્રજાને વધુ સ્વાસ્થયપ્રદ અને આરોગ્યપ્રદ જીવન જીવવા માટે વ્યવસ્થાઓ કરવા માટે અમને ફાળવી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી શતાબ્દીનું વર્ષ છે. મારા નાણા મંત્રી તરીકેના પ્રવચનમાં પણ મેં ઉલ્લેખ કર્યો હતો, આજે ફરીથી ઉલ્લેખ કરવો વાજબી અને જરૂરી મને લાગે છે. સ્વામી વિવેકાનંદજીએ કહેલું કે,**" બળશાળી યુવાશક્તિના નિર્માણ માટે શારીરિક આરોગ્ય પ્રથમ પાયો છે. વ્યક્તિના તન અને મનની તંદુરસ્તી એક સ્વસ્થ સમાજની રચના માટે અનિવાર્ય છે."** તો સ્વસ્થ સમાજની રચના કરવી એ આપણા સૌની ફરજ છે અને અમે સરકારમાં છીએ, હું મંત્રી છું તો સ્વાભાવિક છે કે અમારી એ ફરજ અમે સારી રીતે નિભાવવા માટે અમારી પૂરી નિષ્ઠાથી, અમારી પૂરી આવડતથી, શક્તિથી અમે અમારું કામ કરતા હોઇએ છીએ. રાજયની અંદર વર્ષોથી છે, અમે કંઇ નવું નથી કરતા, પહેલાં પણ હતું, માનનીય વિપક્ષના સભ્યશ્રીઓ એમ કહે છે કે, તમે કર્યું, તમે કર્યું એમ કહે છે, મેં અગાઉ પણ કહ્યું હતું, કે હતું પહેલાં, પણ પહેલાં ઓછું હતું, અવ્યવસ્થિત હતું, કવોલિટીની રીતે નબળું હતું, વ્યવસ્થાની રીતે નબળું હતું. એને સ્ટ્રેન્ધન કરવાનું, એનું મજબૂતીકરણ કરવાનું, એને સુવિધાજનક રીતે કરવાનું, એને સરળ કરવાનું કામ અમારી સરકાર વિવિધ વિભાગો દ્વારા કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર અમે આ વર્ષે ૫૦ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવવાના છીએ, નવા ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવાના છીએ અને ૪૦૦ પેટા આરોગ્ય કેન્દ્રો ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં, અંતરિયાળ વિસ્તારની અંદર સેવાઓ આપવા માટે અમે ઉભા કરવાના છીએ. અમે પણ ભૂતકાળમાં સ્વ. ચીમનભાઇ વખતે વિપક્ષમાં હતા. તો મને એક જ માનનીય સભ્યશ્રી ધર્મેન્દ્રભાઇનું પ્રવચન ગમ્યું કે, મારી જામનગરની હોસ્પિટલમાં આ તકલીફ છે તો તમે દૂર કરો. માનનીય સભ્યશ્રી નિરંજનભાઇનું પ્રવચન ગમ્યું કે, આટલી આટલી તકલીફ છે તો દૂર કરો. અમે તો કંઇ ભગવાન નથી કે બધું જ અમારા જ્ઞાનમાં હોય પણ તમારી ફરજ છે, કોઇ વિરોધપક્ષના ધારાસભ્યશ્રીએ એમના વિસ્તારની પ્રજા માટે એમ નથી કહ્યું કે મારા ત્યાં આરોગ્ય કેન્દ્રની મંજૂર આપો, સામૂહિક આરોગ્ય કેન્દ્ર વધારી આપો કે એમ્બ્યુલન્સ વધારી આપો. કોઇએ કશું કહ્યું નથી. બધાએ •(xxxxxx)અને એમની રાજકીય રીતે જ વાતો કરી છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ દૂર કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું નથી અને સાહેબ, આ બજેટમાં જે જોગવાઇ કરી છે એમાં અમે શું ખોટું કર્યું છે? તમે સાંભળજો અને અમે કંઇ ખોટું કર્યું હોય તો મને કહેજો.

માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય કાર્યક્રમ આપણે ચલાવીએ છીએ. એની વિગતો હું પછી આપું છું પણ બાળકોને કોકલીયર ઇમ્પ્લાન્ટ, જે સાંભળવાની તકલીફ હોય, નાનું બાળક હોય એને મોંઘા ભાવની સારવાર કરવાની વ્યવસ્થા અમે શાળા આરોગ્ય કાર્યક્રમમાં અમે ઉમેરી. લીવર ટ્રાન્સપ્લાન્ટ– કોઇ બાળકને લીવરની તકલીફ હોય તો લાખો રૂપિયા ખર્ચો કરી સરકારી ખર્ચે, માનનીય મોહનભાઇએ જે વિગતવાર વર્ણન કર્યું છે, હું વધારે નહીં કહું. સો ટકા સરકારી ખર્ચે કોઇ બાળકનું જીવન બચાવવા સરકાર ખર્ચ કરે એમાં અમે શું ખોટું કર્યું છે? કોઇ અપંગ બાળકો હોય તો એના માટે બુટ વગેરેની વ્યવસ્થા કરવાની જોગવાઇ કરી છે તો એમાં અમે શું ખોટું કર્યું છે? ૨૩ કરોડ રૂપિયાની અમે આમાં જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ચિરંજીવી યોજના–રાજયની અતિ લોકપ્રિય થયેલી સરકારની આ યોજના છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇએ એને ચાલુ કર્યા પછી એનો સતત અવિરત લાભ બાળકોને મળી રહ્યો છે, માતાઓને મળી રહ્યો છે, એ વિગત પણ હું આપીશ. એના માટે અમે આ વર્ષે ચિરંજીવી યોજનાને વધુ સુદ્રઢ બનાવવા, વધુ એરિયામાં એનો વ્યાપ વધારવા ૬૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એમાં અમે શું ખોટું કર્યું છે કે તમે વિરોધ કરીને કાપ દરખાસ્ત લાવો છો? બાળકોનો સંસ્થાકીય પ્રસૃતિ દર, પહેલા બાળકોનો જન્મ એટલે કે

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

પ્રસુતિ ઘરે થતી હતી, દાયણો મારફત પ્રસૃતિ થતી હતી અને બાળક કે માતાનું જીવન જોખમાઇ જતું હતું કેમ કે દેશી પદ્ધતિથી પ્રસુતિ થતી હતી. હવે આધુનિક સાધનો, સગવડો, રસ્તાઓ સારામાં સારા રાજયની અંદર બની ગયા હોય, તમામ વ્યવસ્થા હોય, ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ચૂકી હોય, સરકારી એમ્બ્યુલન્સ હોય તો માતાની પ્રસુતિ શા માટે સરકારી હોસ્પિટલમાં ન થાય? એ તમારી પાસે કોઇ ખુલાસો એને વધારે મજબૂત કરવા માટે અમે વધારાના ૨૨ હોસ્પિટલો માટે ૪ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી છે.

એવી જ રીતે "ખીલખલાટ યોજના" ૧૦૮ની તો બધાને ખબર છે કે, બાળકનો જન્મ થાય, કોઇ માંદુ થાય, ઓપરેશન માટે લઇ જવાના હોય પછી ઓપરેશન થઇ જાય અને હસતો હસતો દર્દી ઘરે જાય એ માટે ખીલખીલાટ નામની યોજના એમ્બ્યુલન્સની અમે જે રીટર્ન જર્નીની કરી છે એમાં શું ખોટું કર્યું છે કે તમે એમાં વાંધો લો છો? માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખૂબ લાંબા સમયથી સારામાં સારી કામગીરી કરી રહી છે. રાજયની મોટામાં મોટી જનરલ હોસ્પિટલ તો છે જ, અહીંયા જેમ સભ્યશ્રીએ કહ્યું સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતથી પણ દર્દીઓ આવે છે અને મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રથી પણ નજીકના વિસ્તારના દર્દીઓ આપણી સિવિલ હોસ્પિટલમાં આવે છે. એને વધુ આધુનિક બનાવવા, વધુ સગવડયુક્ત બનાવવા, સારી સારવાર માટે લેટેસ્ટમાં લેટેસ્ટ સાધનો વસાવવા માટે ૧૨૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે આમાં તમારે કાપ દરખાસ્ત લાવવાની શું જરૂર હતી? આ ૧૨૨ કરોડથી કોઇની જિંદગી બચતી હોય તો શા માટે લાવ્યા તમે?

માનનીય અધ્યક્ષશ્રી, આપણી કીડની ઇન્સ્ટીટ્યુટ, ગુજરાતની કીડની ઇન્સ્ટીટ્યુટ અને આપણી સિવિલ હોસ્પિટલની નજીકમાં આંખની હોસ્પિટલ છે એ બંનેને રાજય સરકારે ૬૦ હજાર ચોરસ મીટર નવી જમીન આપી, વિનામૂલ્યે જમીન આપી અને ત્યાં નવા મકાનો બનાવવા માટે, નવી સુવિધા ઉભી કરવા જૂની મંજુશ્રી મીલમાં આધુનિક સગવડો ઉભી કરવા પ્રથમ તબક્કામાં આ વર્ષે ૩૦ કરોડ રૂપિયા રાજય સરકારે ફાળવ્યા એમાં તમને શું વાંધો છે તો કાપ દરખાસ્ત લાવો છો એ મને ખબર નથી પડતી. સુરત, વડોદરા, રાજકોટ અને ઉત્તર ગુજરાત અહીંયા કોઇ સભ્યશ્રીએ કહ્યું કે રાજયના વિવિધ વિસ્તારોમાં શા માટે વ્યવસ્થાઓ ના વિકસાવીએ કે જેથી બધાને અમદાવાદ સિવિલમાં ન આવવું પડે. કારણ કે સિવિલનો લોડ વધતો જાય છે, વસતિ આમેય વધતી જ જાય છે. ૫ કરોડ અને હવે ૬ કરોડની વસતિ થઇ ગઇ છે અને વસતિ વધારાના અનેક કારણો છે. પણ સુરત, વડોદરા, રાજકોટ અને ઉત્તર ગુજરાતમાં કેન્સર, કીડની, હૃદયરોગ જેવા ગંભીર રોગોની સારવાર માટે સ્પેશિયાલીટી હોસ્પિટલો ઉભી કરવા ૧૭ કરોડ રૂપિયાની અમે આ વર્ષે જોગવાઇ કરી છે • (xxxxxx) કે તમે આનો વિરોધ કરો છો?

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, અમદાવાદ કેન્સર હોસ્પિટલમાં વધુ આધુનિક સાધનો વસાવવા માટે ૧૫ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી છે તો કેન્સરના દર્દીઓને આનાથી લાભ થશે. આ શું માનવતાનું કામ નથી? સુરત ખાતે આધુનિક નવી સ્ટેમસેલ હોસ્પિટલ જે આપણે રાજયમાં પહેલીવાર બનાવીએ છીએ એ ઉભી કરવા માટે પ્રથમ તબક્કે ૨૫ કરોડ રૂપિયા જેવી માતબર વ્યવસ્થા કરી છે એ શું પ્રજાને ઉપયોગી નથી? હવે આપણે નક્કી કર્યું છે કે કીડની હોસ્પિટલમાં અમદાવાદ ખાતે ડાયાલીસીસ માટે અનેક દર્દીઓ આવે છે તો એમને ઘર આંગણે વ્યવસ્થા મળે, જિલ્લા કક્ષાએ આધુનિક સુવિધા ડાયાલસીસની મળે એ માટે જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલોમાં ડાયાલીસીસ યુનિટ ઉભા કરવા માટે આ વખતે ૧૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. શું આ ડાયાલીસીસથી પીડાતા કીડનીના દર્દીઓ માટે માનવતાનું કામ આ સરકારે નથી કર્યું?

માનનીય અધ્યક્ષશ્રી, હવે આ વખતે નવી એક આધુનિક, અમારા કોઇ સભ્યશ્રીએ ખૂબ સુંદર કહ્યું હતું કે આ મુખ્યમંત્રીશ્રી નવી આધુનિક ટેકનોલોજીને અમલમાં મૂકનાર છે. સમજો કે પાલનપુરની હોસ્પિટલ છે અથવા તો કોઇ દૂરના વિસ્તારની હોસ્પિટલ છે, ત્યાંના કોઇ દર્દીને એક્સ–રે કર્યો, સીટી સ્કેન કર્યું, અને એને વધારાનું ડાયગ્નોસીસ કરવા માટે ત્યાં કોઇ સિનિયર ડોક્ટર ઉપલબ્ધ નથી તો ત્યાં ટેલી કોન્ફરન્સની વ્યવસ્થા કરી અને ટેલી મેડીસીન અને ટેલી રેડિયોલોજીના માધ્યમથી અમદાવાદ મેડિકલ કોલેજમાં દા.ત. રેડિયોલોજીસ્ટ છે અને પાલનપુરથી એમની સેવાનો લાભ લેવો છે તો પાલનપુરથી ઓનલાઇન રેડિયોલોજીસ્ટને અમદાવાદમાં ટેલી મેડીસીન માટે એની વ્યવસ્થા કરીને એના ફોટોગ્રાફ્સ મોકલવામાં આવશે, એની પ્રિન્ટ એ જોઇ શકશે, દર્દી પાલનપુર હશે, એની સારવાર કરનાર ડોક્ટર પાલનપુર હશે, હું પાલનપુરનો દાખલો આપું છું, આખા રાજ્યમાં ધીમે ધીમે આ કરીશું અને અમદાવાદ, જામનગર, રાજકોટ કે સુરત, વડોદરાની મેડિકલ કોલેજોના આપણા નિષ્ણાત ડોકટરો એમને માર્ગદર્શન આપશે કે

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

આ પ્રમાણે તમે ટ્રીટમેન્ટ કરો તો દર્દીને ઘેર બેઠાં એની સારવાર થશે, એને અમદાવાદ નહિ આવવું પડે, મોંઘી કહી શકાય એવી ખાનગી ડોકટરોની ફી પણ નહિ ખર્ચવી પડે, આધુનિક સારવાર પદ્ધતિનો ઉપયોગ કરવામાં એ કામ રાજ્ય સરકાર આગળ વધારશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ વિશે ઘણું બધું સારું બધા જાણે જ છે, વિરોધ કરનારાએ પણ એમના સગાંવહાલા, એમના કુટુંબીઓ કે એમના કાર્યકરોએ પણ આ ૧૦૮નો લાભ લીધો હશે, અને એમને ખબર છે કે આ કેટલી સેવા ભાવનાવાળી વ્યવસ્થા છે, આ વર્ષે પણ નવી સો ૧૦૮ ખરીદવા માટે ૭૮ કરોડ રૂપિયાની જોગવાઇ આપણે કરી છે અને ૫૫૦ એમ્બ્યુલન્સ આપણે અવિરત ચલાવીશું. એની અલગથી હું આપને વિગતો આપીશ. અહીંયા વિપક્ષના કેટલાક સભ્યશ્રીઓના મનમાં બહુ કન્ફ્યુઝન છે અને એના વિચારો એમણે વ્યક્ત કર્યા છે. રાજ્યમાં ગરીબોને, બી.પી.એલ. કાર્ડના લાભાર્થીઓને જુદી જુદી રીતે આરોગ્યની સારવાર આપવાની વ્યવસ્થા છે એની ૩ યોજનાઓ અમલમાં છે. એમાંની એક આપણી યોજના છે એ ભારત સરકારની ૩૦,૦૦૦-૦૦ ની જોગવાઇવાળી યોજના છે જેમાં ગુજરાત સરકારનો પણ ફાળો છે જ, મેં મારા બજેટ પ્રવચનમાં પણ કહ્યું હતું, હજી પણ કહુ છું કે ભારત સરકારની યોજનાઓનો લાભ લેવાનો ગુજરાત સરકારનો અધિકાર છે. તમે કોઇ દયા કરતાં નથી અને આ વાત હવે કદી કરતાં નહિ કે દયા કરો છો. એ અમારો અધિકાર છે અને મારે ના કહેવું જોઇએ કે તમારી ભારત સરકાર યોજના મૂકે છે તે અમે ચલાવીએ છીએ. દયા નથી કરતાં, દયા નથી કરતાં,

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમે બેસો, ગ્યાસુદ્દીનભાઇ બેસો તમે, એ કોઇ ટીકા નથી કરતાં એ બધી યોજના છે એનું અમે અમલીકરણ કરીશું એમ કહે છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** સાહેબ ત્રણ યોજનાઓ છે, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, ૩૦,૦૦૦ રૂપિયા સુધીની સારવાર એમાં મળે છે, અત્યાર સુધીમાં એક લાખ પચાસ હજાર દર્દીઓએ એનો લાભ લીધો છે અને તમારી જાણકારી માટે કહુ ગુજરાત સરકાર પણ એમાં પોતાની રકમ આપે છે. ૩૬ કરોડ રૂપિયા ગુજરાત સરકારે ગયા વર્ષે ગરીબોને લાભ આપવા માટે પોતાના બજેટમાં આપેલ છે. હવે ગરીબો માટેની બીજી યોજના, તમે જાણશો તો તમારા નાગરિકોને લાભ અપાવી શકશો.

અધ્યક્ષશ્રી : ચાલુ રાખોને નીતિનભાઇ આપનું પ્રવચન, સમય ઓછો છે આપને.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** સાહેબ, અમૃતમ્ યોજના, આ યોજના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ ચાલુ કરેલી, ગુજરાત સરકારની ૧૦૦ ટકા ગ્રાન્ટવાળી આ યોજના છે, આ યોજના હેઠળ હૃદયરોગ, મગજના રોગ, દાઝી જવા જેવી ગંભીર ઇજાઓ, પોલી ટ્રોમા, કેન્સર, કિડની અને નવજાત શિશુઓને કોઇ રોગ થયો હોય તો એને રાજ્ય સરકાર તરફથી સ્માર્ટકાર્ડ આપવામાં આવે છે. અત્યાર સુધી ૧૫ લાખ ૨૧ હજાર કુટુંબોને કાર્ડ આપી દેવામાં આવ્યા છે. તાલુકા કક્ષાએ નવા કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે અને તાલુકા પંચાયત અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસોમાં કિયોસ્ક મૂકયા છે, તેમાં આપ આપના વિસ્તારના ગરીબો માટે નોંધણી કરાવી શકો છો. આ યોજના હેઠળ ૫૧ હોસ્પિટલો નોંધાયેલી છે. ૩૨ ખાનગી છે, જેમાં અત્યાર સુધીમાં આપણે દર્દીઓને જે લાભ આપ્યો તેમાં વધારાની વ્યવસ્થા માટે આ વર્ષે ૭૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા આ માં યોજના હેઠળ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમારા આરોગ્ય વિભાગની કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી યોજના. જે કન્ફયુઝન બધાને હતુ, થોડીક ગુંચવણ હતી અને ગ્યાસુદીનભાઇ તમે પ્રશ્ન ઉભો કર્યો હતો એટલા માટે કહું છું. ત્રીજી જે યોજના છે બી.પી.એલ.યોજના, માં યોજના અને ત્રીજી યોજના કે રાજયના વર્ષે બે લાખ સુધીની આવક ધરાવતા મધ્યમ વર્ગ અને નવોદિત મધ્યમ વર્ગના જે પરિવારો છે એમના પરિવારમાં કોઇને કિડની, હૃદય કે કેન્સર જેવા ગંભીર પ્રકારના ખર્ચાળ રોગ થાય તો એવા દર્દીઓને રાજય સરકારની યુ.એન.મહેતા કાર્ડિયોલોજી હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને આપણી અમદાવાદની કેન્સર હોસ્પિટલ ત્યાં બે લાખ રૂપિયા સુધીની સારવાર વિના મૂલ્યે, બિલકુલ મફતમાં કરી આપવામાં આવે છે આ ત્રીજા પ્રકારની યોજના. એમ રાજય સરકારે ત્રણ યોજનાઓ અમલમાં મૂકી છે જેનો લાભ નાગરિકોને આપણે આપી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ડોકટરોની તકલીફ આપણે બધા જાણીએ છીએ. પણ એનો ઉપાય શું ? તો ઉપાય એક જ છે કે રાજયની અંદર મેડિકલ સીટો વધારવી, નવી મેડિકલ કોલેજો બનાવવી, નવા ડોકટરો જેમ જેમ ભણતા જાય, ડિગ્રી મેળવે પછી તે ખાનગી પ્રેકટીસમાં જાય કે સરકારી કામગીરીમાં જાય. ડોકટરો વધુ હશે તો આપણને તેનો જથ્થો મળવાનો છે. તેનો સ્ટાફ આપણને મળવાનો જ છે. એટલા માટે પાંચ વર્ષમાં આ સરકારે ૧૨૭૫ ડોકટરોની સીટો વધે તેવી વ્યવસ્થા કરી દીધી છે. અને હવે રાજયની અંદર આ સત્ર દરમિયાન ૨૯૩૦ ડોકટરોની સીટો આપણે ત્યાં ઉપલબ્ધ થઇ છે. એવી જ રીતે ડેન્ટલની પણ આપણે ૫૬૦ સીટો વધારી એટલે હવે કુલ ૧૨૪૦ સીટો આપણે

ત્યાં ઉપલબ્ધ થઇ છે. ફિઝિયોથેરાપીમાં ૬૨૦ સીટો વધારી તેના કારણે ૧૩૬૫ બેઠકો થઇ છે. અનુસ્નાતક પી.જી. જેને આપણે કહીએ છીએ. એમ.બી.બી.એસ. થયા પછી સ્પેશ્યાલીસ્ટની ડિગ્રી મેળવવા માટે આપણે ત્યાં સીટો ઓછી હતી. આપણા વિદ્યાર્થીઓને અનુસ્નાતક ડિગ્રી લેવી હોય પણ એ વ્યવસ્થા જ નહોતી એટલે તેનો લાભ નહોતો મળી શકતો એટલે રાજય સરકારે નક્કી કર્યુ કે પી.જી.ની પણ સીટો વધારવી. છેલ્લા પાંચ વર્ષમાં ૫૧૦ સીટો વધારી છે. એટલે હવે રાજયમાં ૧૧૫૪ પી.જી.સીટો આપણે ઉપલબ્ધ કરાવી છે. ડિપ્લોમાં અનુસ્નાતકમાં પણ ૧૨૫ સીટો વધી એટલે હવે ૨૮૭ થઇ છે. ડેન્ટલમાં પણ બીજી સીટો જે વધારી એટલે ૧૪૧ બેઠકો થઇ છે. ફિઝિયોથેરાપીમાં આપણે પાંચ વર્ષમાં ૧૮૯ સીટો અને પી.જી.ની ૧૭૧ સીટો વધારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એમ કહેવામાં આવે છે કે, સિવિલ હોસ્પિટલોમાં કોઇ જતું જ નથી, સિવિલ હોસ્પિટલોનો કોઇ લાભ લેતું જ નથી. તો આપણા સૌના માટે એક આનંદની વાત છે કે, રાજયના આપણે સૌ સરકારના પ્રતિનિધિ છીએ. મારે થોડી માહિતી પણ આપવી છે જેથી આપના સૌના ધ્યાન ઉપર આવે કે આપણું સરકારી આરોગ્ય વિભાગનું તંત્ર વર્ષે કેટલી સેવાઓ આપે છે. વર્ષ ૨૦૧૧-૧૨ના હું આંકડા આપું છું આ વર્ષ હજુ ડિસેમ્બર છે, માર્ચ એન્ડ પછી આખરી આંકડા આવશે. રાજયમાં ૩૬૮ હોસ્પિટલો છે. આ હોસ્પિટલોની પથારીની સંખ્યા ૨૫,૨૪૬ છે. ઓ.પી.ડી.કેટલાં આવ્યા? ૧ લાખ ૯૭ હજાર દર્દીઓએ ગઇ સાલ રાજય સરકાર સંચાલિત હોસ્પિટલોની સેવાઓનો લાભ લીધો. આમાં ઇન્ડોર પેશન્ટ ૪૫ લાખ ૮૩ હજાર ઇન્ડોર દર્દીઓએ સરકારની સેવાનો લાભ લીધો છે. એ જ રીતે ગંભીર પ્રકારના કહી શકાય તેવા મેજર ઓપરેશનની વાત કરું, (અંતરાય) ઘણા લોકોને જુદા જુદા પ્રકારના ઓપરેશન કરાવવાની જરૂર પડે અને કોઇને એવી તકલીફ હોય, ન સમજ પડતી હોય એમના પણ ઓપરેશન થઇ શકે છે, મને કહેજો તો આપણે કરાવી આપીશું. પણ આવા મેજર ઓપરેશન ૧ લાખ ૯૧ હજાર કરવામાં આવ્યા છે. એ જ રીતે માઇનોર ઓપરેશન ૩ લાખ ૨૧ હજાર કરવામાં આવ્યા છે. અને એકસરે ૧૩ લાખ ૪૯ હજાર જેટલા આ સરકારી હોસ્પિટલોમાં લેવામાં આવ્યા છે. એ જ રીતે હૃદય રોગના દર્દીઓને ઇ.સી.જી. પણ ૩ લાખ ૬ હજાર દર્દીઓના લેવામાં આવ્યા છે. લેબોરેટરી ટેસ્ટ ૧ કરોડ ૩૬ લાખ દર્દીઓના કરાવવામાં આવ્યા છે. આ સરકારમાં તંત્ર ન હોય તો આ કયાંથી થાય? સોનોગ્રાફી ૨ લાખ ૭૩ હજાર દર્દીઓની કરાવવામાં આવી, અને સૌથી વિસેસ તો કહું તો ૧ લાખ ૬૮ હજાર બહેનોને ડીલીવરી સરકારી હોસ્પિટલોમાં કરવામાં આવી છે.

હું સિવિલ હોસ્પિટલ માટે પણ વાત કરીશ, મંજુશ્રી મિલની જૂની જમીન ૬૦ હજાર ચો.મી. જમીન આપી છે ત્યાં નવી અદ્યતન આંખની હોસ્પિટલ બનાવવાની છે. કીડની ઇન્સ્ટિટયૂટનું વિસ્તૃતીકરણ પણ ત્યાં આપણે કરીએ છીએ, એ જ રીતે યુ.એન. મહેતા કાર્ડીયોલોજીમાં દર વર્ષે આપણે જે ગ્રાન્ટ આપીએ છીએ એમાં ૪૨ કરોડ રૂપિયા જેટલી એમને સહાય આપી છે. કીડની ઇન્સ્ટિટયૂટમાં ગયા વર્ષે ૩૧૭ ટ્રાન્સ્પ્લાન્ટના ઓપરેશનો થયા છે. કીડનીમાં સારવાર લેવા માટે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી પણ દર્દીઓ આવે છે. અને ટ્રાન્સ્પ્લાન્ટના ઓપરેશનો ભારતમાં ખૂબ ઓછી સરકારી હોસ્પિટલોમાં થાય છે તે પૈકીની આ હોસ્પિટલ છે. આ ત્રણે સંસ્થાઓ એકે એક ગુજરાતીને માટે ગૌરવ અપાવે તેવી સંસ્થાઓ છે જો આપને એનો આનંદ થતો હોય તો. એવી જ રીતે કેન્સર હોસ્પિટલને પણ આપણે ૪૪ કરોડની સહાય આપીએ છીએ, અને ત્યાં પણ ગયા વર્ષે ૨૦૮૫૫ ઇન્ડોર પેશન્ટને સારવાર આપવામાં આવેલ છે. અને કેન્સરમાંથી રાહત થાય તે પ્રકારની સેવા આપી છે. સ્પાઇન ઇન્સ્ટિટયૂટ એ અદ્યતન પ્રકારની હોસ્પિટલ છે. ગયા વર્ષે ૪૪૫૫ દર્દીઓ, કારણ કે ગયા વર્ષે ઘણા લોકોની કરોડરજ્જુ તૂટી ગઇ છે તો તેની પણ સારવાર આપણે કરીએ છીએ, જો કોઇને કરાવવી હોય તો મને કહેજો હું મદદ કરીશ.

અધ્યક્ષશ્રી : કરોડરજ્જુ તોડવામાં કે રિપેર કરવામાં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રિપેર કરવા માટે સાહેબ, તોડવાનું કામ અમારું નથી. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર જે કાર્યક્રમ ચલાવે છે એ શાળા આરોગ્ય કાર્યક્રમમાં જેટલા બાળકોએ લાભ લીધો છે એનો આંકડો કહું તો ૧ કરોડ ૪૮ લાખ બાળકોની ચકાસણી કરવામાં આવી છે. અને જુદા જુદા પ્રકારના બાળકો માટે જે સહાય આપી છે એમાં ખરેખર આનંદ થાય તેવું છે કે ગુજરાતની સરકારમાં અમારો આ વિભાગ કેટલું માનવતાનું કામ કરી રહ્યો છે. આ ચકાસણીમાં ૯૨૨૧૩ બાળકોને વિના મૂલ્યે ચશ્માં આપવામાં આવ્યા છે. જેમને હજુ પણ ન દેખાતું હોય તો સારા ચશ્મા આપણે આપીશું. ૪૨૪૪ બાળકોને હ્રદયની બિમારીની સારવાર આપી છે. આ બધા ગરીબ બાળકો છે. કદાચ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ શાળા આરોગ્ય કાર્યક્રમ ચાલુ ન કર્યો હોત તો આ બાળકો ચશ્મા વગરના હોત, આ બાળકોને હ્રદયની સારવાર ન મળી શકી હોત, ૧૩૬૭ બાળકોની કીડનીની સારવાર આપી છે તે ન આપી શકયા હોત, ૧૩૨૬ બાળકોને કેન્સરની પણ સારવાર આપી છે. એટલે સમજી શકશો કે આનો કેટલો મોટો લાભ છે.

તમે સમજી શકો છો કે આનો કેટલો મોટો લાભ છે. મેં ગયા વખત નિયમ–૪૪ ના નિવેદનથી મુખ્યમંત્રીશ્રી સેતુ યોજનાની જાહેરાત કરી છે. ખાનગી નિષ્ણાત ડોકટરો, તજજ્ઞ ડોકટરોની સેવા તાલુકા મથકે મળી રહે તે માટેની વ્યવસ્થા ચાલુ કરી છે.

અહીંયા અમારા કેટલાક સભ્યશ્રીઓએ માહિતી પણ આપી છે. અંધત્વ નિવારણ, રકતદાન, દેહદાન આ બધામાં ગુજરાત આખા દેશમાં પહેલા નંબરે છે.

આ રાજય સરકાર એક એવી સરકાર છે કે જે મોતિયાના ઓપરેશનોમાં બધાને મફત સારવાર આપે છે. એમાં પણ ખાસ કરીને નેત્રમણી કે બજારમાં જેની ૧૨૦૦ રૂપિયા કિંમત છે એ દર્દીઓની સરકારની હોસ્પિટલોમાં અને ખાનગી હોસ્પિટલોમાં આપણે ફ્રી આપીએ છીએ અને ૯૯ ટકા લોકોને સારવાર આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા સ્વાઇન ફલુ વિશે પણ માનનીય સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી છે, અમને પણ દુ:ખ છે, •(xxxxxx) તમે .. (અંતરાય) હું માહિતી આપું છું. દિલ્હી રાજયમાં, રાજસ્થાનમાં, હરિયાણામાં બધે જ સ્વાઇન ફલુ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રી એમ કહેતા હોય કે (xxxxxx) કેવી રીતે અમારા ઉપર આક્ષેપ કરી શકે, તમારી પાસે કોઇ પુરાવો છે?

અધ્યક્ષશ્રી : એ શબ્દો જોઇ લઇશ, રેકર્ડ ઉપર હશે તો ચોક્કસ દૂર કરીશ. તમે સૌ જગ્યા ઉપર બેસો. મહેરબાની કરીને આ બાજુ અને પેલી બાજુથી કોઇ પણ કોમેન્ટ નહિ કરે. પહેલા કોમેન્ટ કરો છો અને પછી જવાબ આપે છે ત્યારે બધા ઉભા થઇ જાવ છો. જો બિન સંસદીય બોલશે તો હું એને અટકાવીશ. માનનીય બલવંતસિંહે વાત કરી એ શબ્દો હશે તો રેકર્ડ ઉપરથી દૂર કરીશ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સર્વે સભ્યશ્રીઓને દુ:ખ છે કે ગુજરાતમાં સ્વાઇન ફલુથી નિર્દોષ નાગરિકોના મૃત્યુ થાય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રી દોઢસો જણા મરી ગયા એની વ્યવસ્થા નથી કરતાં અને ઉપરથી અમને કહે છે કે અમે રાજી થઇએ છીએ. અમારી લાગણી છે કે માનનીય મંત્રીશ્રીએ આ શબ્દો પાછા ખેંચવા જોઇએ. જબરજસ્ત આક્ષેપ અમારી સામે કર્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, પાછા ખેંચવાની પ્રથા નથી અસંસદીય હશે તો કાઢી નાખીશું. કોઇ સવાલ નથી. કોઇ બિન સંસદીય શબ્દ હશે તો રકર્ડ જોઇને કાઢી નાખીશું. તમારું પ્રવચન ચાલુ રાખો.

**(આ તબકકે વિરોધપક્ષના હાજર રહેલા તમામ માનનીય ધારાસભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાઇનફલુથી કે કોઇપણ રોગથી કોઇપણ વ્યક્તિનું મૃત્યુ થાય, ગમે તે ઉંમરના હોય, આપણને સ્વાભાવિક રીતે માણસ તરીકે એનું દુ:ખ થાય, અમને પણ દુ:ખ છે. અમારી વ્યવસ્થાઓને અમે પૂરેપૂરી સઘન બનાવી છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે તમારી પાસે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : થોડો સમય વધારીશું...

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. સમય વધારે ન અપાય. તમે જ મને આપો છો કે આ આટલી મિનિટ બોલશે. દંડક તરીકે વધુ સમય તમારે આપવો હતો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાઇનફલૂ રાજયમાં જે રીતે છે અને દેશના બીજા રાજયોમાં પણ છે. ગયા અઠવાડિયે ભારત સરકારની સિનિયર ઓફિસરોની ટીમ આવી. રાજકોટ, જામનગર અને અમદાવાદની સિવિલ હોસ્પિટલની એમણે મુલાકાત લીધી. સારવાર જોઇ, વ્યવસ્થા જોઇ અને એમણે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો છે, છતાં પણ કયાંય સૂચન આવશે, ભારત સરકારના આરોગ્ય મંત્રીશ્રીને પત્ર લખીને મેં એમની સાથે વાત કરી અને એમનું માર્ગદર્શન પણ માગ્યું છે. તો એ પ્રમાણે જે સૂચન આવશે તેનો આપણે અમલ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહાર વિભાગમાં જે બજેટ અમે રજૂ કર્યું છે તેમાં ગુજરાત રાજયના ઇતિહાસમાં પહેલી વખત, અત્યાર સુધી એસ.ટી.ને રાજય સરકાર લોન આપતી હતી. આ વખતે પહેલીવાર ૩૦૦ કરોડ રૂપિયા ૧૬૦૦ નવી બસો ખરીદવા માટે રાજય સરકારે ઇક્વિટી શેર ભંડોળ આપ્યું છે અને એસ.ટી.ની બસ સર્વીસને વધુ સઘન બનાવવા આપણે પ્રયત્ન કરીએ છીએ. ભારત સરકારે ડિઝલના ભાવ સતત વધાર્યા છે પણ આપણે વહીવટી રીતે વેપારી બુદ્ધિથી, ભારત સરકારે એક લિટરે ૧૨ રૂપિયા વધાર્યા હતા પણ આપણે ખાનગી કંપનીઓના પંપો પરથી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ડિઝલ ખરીદવાનું શરૂ કર્યું એટલે દરરોજના એક કરોડના નુકસાનમાંથી એસ.ટી.ને આપણે બચાવી છે. એસ.ટી.ની ડિઝલ ખપત, રાષ્ટ્રીય એવોર્ડ ભારત સરકારે આપ્યો છે. વડાપ્રધાનશ્રીએ આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સીકલસેલ માટે જે વાત થઇ તેમાં પણ આદિવાસી વિસ્તારમાં કુલ જે ૯૦ લાખની વસતિ છે તેમાંથી ૩૬ લાખ લોકોનું સ્ક્રીનીંગ પૂરું કરી દીધું છે. આદિવાસી વિસ્તારના દરેક દર્દીઓ જે સ્ક્રીનીંગમાં પોઝીટીવ આવ્યા છે તેમને સહાય આપવાનું કામ આપણે કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી.ની સર્વિસ સઘન બને અને ૯૯ ટકા વિસ્તારોને એનો લાભ મળે એ આપણે કરીએ છીએ. વિદ્યાર્થીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ, પત્રકારો, અપંગો અને અન્ય જે લાભાર્થી જૂથો છે એને આપણે ૧૦૦ ટકાથી માંડીને ૭૫ ટકા સુધી સબસિડી આપીએ છીએ અને એસ.ટી.ને વધારે સઘન બનાવવા માટે આવતા વર્ષમાં ૩,૦૦૦ નવી બસો ખરીદવાની વ્યવસ્થા પણ આપણે કરી છે. તો માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે મારા બન્ને વિભાગની માગણીઓ આપ સૌ સર્વાનુમતે મંજૂર કરો.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧ અને ૫૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૩૯, ૪૦, ૫૭ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૫ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૦મી માર્ચ–૨૦૧૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક. ૬) | વિષય | પાના નંબર |
|---|---|---|
| અજયકુમાર જ. ચોક્સી | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૨૯ |
| | સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકો માટે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ | ૧૪૭ |
| | સુરત જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૩૪ |
| | સુરત મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ | ૧૭૪ |
| અનિલ જોષિયારા | અમદાવાદ જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક | ૩૫૫ |
| | ભિલોડા, મેઘરજ, વિજયનગર અને ખેડબ્રહમા તાલુકાઓમાં અપર પ્રાથમિક વિભાગમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકોની | ૪૨૧ |
| | રાજ્યનું કુલ દેવું અને વ્યાજ | ૩૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પુરવઠા વિભાગ દ્વારા પેટ્રોલ પંપો પર પાડવામાં આવેલ દરોડા | ૪૦૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં નોર્મલ વન અને સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપા રોપવા બાબત | ૧૨૧ |
| | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૪૫ |
| અમિતભાઇ હ. ચૌધરી | પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૦૦ |
| અમીત ચાવડા | આણંદ અને ખેડા જિલ્લામાં રેતીની લીઝ/પરમીટ/બ્લોકની ફાળવણી | ૨૬૮ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનામાં સ્વસહાય જૂથોને સ્વરોજગારીઓને લાભ આપવા બાબત | ૪૩૧ |
| | આણંદ જિલ્લામાં જનની સુરક્ષા યોજના અંતર્ગત ચૂકવાયેલ સહાય | ૭૨ |
| | આણંદ જિલ્લામાં જમીન સુધારણાની અને અપીલ કચેરીમાં પડતર અરજીઓ | ૧૮૩ |
| | આણંદ જિલ્લામાં નગરપાલિકાઓના ગેરવહીવટની ફરિયાદો/અપીલો | ૧૬૮ |
| | આણંદ જિલ્લામાં બીનખેતી મંજૂરી માટેની અરજીઓ | ૧૩૪ |
| | આણંદ જિલ્લામાં રૂર્બન યોજનામાં ગટર યોજનાના કામ | ૪૧૯ |
| | આણંદ જિલ્લામાં વીજ જોડાણની અરજીઓ | ૨૩૯ |
| | આણંદ જિલ્લામાં સરકારી દવાખાનાઓ અને ખાનગી દવાખાનાઓમાં થયેલ પ્રસુતિઓની સંખ્યા | ૬૦ |
| | આણંદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં એક ઓરડામાં એક કરતા વધારે વિદ્યાર્થીઓને બેસાડવા બાબત | ૩૯૮ |
| | પેટ્રોલ, ડીઝલ, ગેસ પર વેટની આવક | ૩૪ |
| અરૂણસિંહ અ. રણા | ભરૂચ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શાળા અને આંગણવાડી માટે બનાવેલ શૌચાલય | ૩૭૪ |
| | ભરૂચ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ મેળવવાની અરજીઓ | ૨૬૪ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ જિલ્લા તકેદારી સમિતિ સમક્ષ ભૂમાફિયા સામે પગલાંની અરજીઓ | ૧૫૬ |
| | અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસેલ બાળકોની સંખ્યા | ૩૧ |
| | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૨૩ |
| | સરકારી ઈજનેરી કોલેજોમાં કાર્યરત અધ્યાપકોને સરકારી ખર્ચે ઉચ્ચ અભ્યાસ | ૩૮૩ |

| પુસ્તક. ૬) | વિષય | પાના નંબર |
| --- | --- | --- |
| અજયકુમાર જ. ચોક્સી | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૨૯ |
| અરવિંદભાઇ કે. લાડાણી | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શાળા અને આંગણવાડી માટે બનાવેલ શૌચાલયો | ૩૪૭ |
| | જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓની અરજીઓ | ૧૬૩ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | પંચમહાલ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ | ૨૮૫ |
| | પંચમહાલ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શાળા અને આંગણવાડી માટે બનાવેલ શૌચાલય | ૩૮૫ |
| | પંચમહાલ જિલ્લામાં સંકટમોચન યોજનાની અરજીઓ | ૨૬૦ |
| | લુણાવાડા અને હાલોલ તાલુકામાં સીવીલ જજની કોર્ટની સ્થાપના | ૪૧૨ |
| | વડોદરા જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૨૭ |
| | સંતરામપુર શહેરમાં પીવાના પાણી પ્રોજેક્ટ માટે સરકારે આપેલ ગ્રાન્ટ | ૧૮૦ |
| અશ્વિન કોટવાલ | આદિજાતિઓના વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમમાં વનબંધુ કલ્યાણ યોજના | ૧૫૯ |
| | રાજ્યનું કુલ દેવું | ૭૪ |
| | વિદ્યાસહાય યોજનામાં ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા | ૧૭૯ |
| | શિક્ષણનો અધિકાર આપતા કાયદાને રાજ્યમાં પૂર્ણતઃ લાગુ પાડવા બાબત | ૩૪૫ |
| | સાબરકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં બહેનો માટે શૌચાલયની વ્યવસ્થા | ૪૨૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં બાજપાઈ સ્વરોજગાર યોજનાની અરજીઓ | ૨૯૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં બાળસખા યોજનાના લાભાર્થીઓ | ૬૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૪૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વીજ જોડાણ | ૨૬૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ પ્રાથમિક શાળાઓનું બાંધકામ | ૪૦૦ |
| | સાબરકાંઠામાં ખેડૂતોને આપવાના વીજ જોડાણ | ૨૪૧ |
| અશોકકુમાર ર. પટેલ | ગાંધીનગર જિલ્લામાં અધ્યતન ટેકનોલોજીથી આખું વૃક્ષ ઉપાડી બીજે રોપવા બાબત | ૧૩૯ |
| | ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ | ૨૭૭ |
| | ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૨૪૬ |
| | ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી | ૩૬૧ |
| | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૧૫ |
| આત્મારામ મ. પરમાર | ગેસના ભાવ અને ફાળવણી બાબતે કેન્દ્ર સરકારને રજૂઆત કરવા અંગે | ૧૦૮ |
| | ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ | ૨૭૯ |
| | ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવા બાબત | ૪૧૨ |

| | | |
|---|---|---|
| અજયકુમાર જ. ચોક્સી | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૨૯ |
| | ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિની અરજીઓ | ૨૫૧ |
| | ભાવનગર જિલ્લામાં સીડમની યોજના | ૩૮૨ |
| | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૦૮ |
| | રાજ્યની અદાલતોમાં પડતર કેસો અંગે પગલાં | ૪૨૭ |
| આનંદીબેન મ. પટેલ | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૩૧ |
| | મહેસૂલ વિભાગ | ૨૯૮ |
| | મહેસૂલ વિભાગ | ૨૯૯ |
| | માર્ગ અને મકાન વિભાગ | ૨૯૯ |
| | માર્ગ અને મકાન વિભાગ | ૨૯૯ |
| | માર્ગ અને મકાન વિભાગ | ૩૦૦ |
| આર. સી. પટેલ | નવસારી જિલ્લામાં ઘરદીવડા યોજનામાં મહિલાઓને આર્થિક સહાય | ૧૫૧ |
| | નવસારી જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૪૨ |
| | નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળામાં આચાર્યની ભરતી | ૩૭૨ |
| ઇ કા. ખરાડી | અમીરગઢ અને દાંતા તાલુકામાં ખેડૂતોની જમીનોની વારસાઇ નોંધો | ૧૭૭ |
| ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ | રાજકોટ અને જામનગર ખાતે બંધ હાલતમાં હોય તેવી એમ્બ્યુલન્સ વાનો ચાલુ કરવા બાબત | ૧ |
| | રાજકોટ જનરલ હોસ્પિટલમાં મંજૂર મહેકમ | ૭૦ |
| | રાજકોટ શહેર ખાતે કામદાર વીમા યોજના જનરલ હોસ્પિટલમાં મંજૂર થયેલ મહેકમ | ૫૨ |
| ઇશ્વરભાઇ ર. પરમાર | પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૦૯ |
| | બારડોલી, તરસાડી અને માંડવી નગરપાલિકાઓના કચેરીનાં મકાનમાં સુધારા કરવા બાબત | ૧૬૯ |
| | સુરત જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શાળા અને આંગણવાડી માટે બનાવેલ શૌચાલયો | ૩૭૦ |
| | સુરત-દાંડી રોડને પહોળો કરવાની કામગીરી | ૧૩૫ |
| ઇશ્વરસિંહ ઠા. પટેલ | ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મોડેલ નગરપાલિકા ઘટકની ગ્રાન્ટ | ૧૪૨ |
| | ભરૂચ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ શાળા અને આંગણવાડી માટે બનાવેલ શૌચાલય | ૩૯૩ |
| ઋષિકેશ ગ. પટેલ | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૨૧ |
| | મહેસાણા જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ | ૨૬૧ |
| | મહેસાણા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળના કેસોનો નિકાલ | ૧૪૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસેલ વિદ્યાર્થીઓની સંખ્યા | ૪૫ |

| પુસ્તક. ૬) | વિષય | પાના નંબર |
|---|---|---|
| અજયકુમાર જ. ચોક્સી | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૨૯ |
| કેતન મ. ઇનામદાર | પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૧૦ |
| | ઔદ્યોગિક ઉદ્યોગોનાં અનુપાતમાં સરકારી અધિકારીઓની ભરતી | ૨૫૫ |
| | સાવલી તાલુકામાં ઔદ્યોગિક એકમોમાં નિરીક્ષણો | ૨૮૨ |
| કનુભાઇ મો. દેસાઇ | ડાંગ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાયની અરજીઓ | ૨૫૭ |
| | વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબો માટે બનાવેલ શૌચાલય | ૩૫૭ |
| | વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજના | ૧૩૪ |
| કરમશીભાઇ વિ. પટેલ | અમદાવાદ જિલ્લામાં રૂર્બન ગટર યોજના | ૩૬૭ |
| કેશુભાઇ સ. પટેલ | જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં ખેતી માટે દિવસે વીજળી આપવા બાબત | ૨૫૭ |
| | જુનાગઢ જિલ્લાના બિલખા ગ્રામ પંચાયતોનો ઓકટ્રોય અવેજીમાં ગ્રાન્ટ આપવા બાબત | ૩૭૭ |
| | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૫૫ |
| કેશાજી શિ. ચૌહાણ | બનાસકાંઠા જિલ્લામાં ઈકોટુરીઝમના વિકાસની યોજના | ૧૫૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસની અરજીઓ | ૨૪૬ |
| કાંતિલાલ શી. અમૃતિયા | રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાયની અરજીઓ | ૨૫૫ |
| | રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ | ૨૮૨ |
| | રાજકોટ જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર કોલેજો | ૩૬૨ |
| કાંતીલાલભાઇ રે. ગામીત | તાપી જિલ્લામાં વિદ્યાસાધના યોજનામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત | ૧૫૦ |
| | સુરત અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ કુટુંબો માટે બનાવેલ શૌચાલય | ૩૬૨ |
| કાન્તીભાઇ કા. ખરાડી | દાંતા અને અમીરગઢ તાલુકાઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના મરામત પાછળ થયેલ ખર્ચ | ૪૧ |
| | દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં આરોગ્ય વિષયક સેન્ટરોમાં કેડરવાર મંજૂર થયેલ મહેકમ | ૬૬ |
| | દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં ગ્રામ્ય પંચાયતના ઘરો જર્જરિત હાલત | ૩૯૯ |
| | દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો ની યાદીમાં સમાવેશ ન થવા બાબત | ૪૩૭ |
| | દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં મંજૂર કરેલ વોટરશેડ | ૪૧૯ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં આઈ.ટી.આઈ. બાબત | ૨૬૩ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ | ૧૮૬ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં રસ્તાઓ મંજૂર કરવા બાબત | ૧૫૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં અરજીઓ | ૨૮૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન માટે ગ્રાન્ટ | ૨૯૭ |

| | | |
|---|---|---|
| અજયકુમાર જ. ચોક્સી | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૨૯ |
| | શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનની સહાય બંધ કરવા બાબત | ૭૪ |
| કામીનીબા ભુ. રાઠોડ | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં નર્સીંગ અને લેબોરેટરી ટેકનીશીયનની ખાલી જગ્યાઓ ભરવા બાબત | ૨૬ |
| | ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો પૂરો પાડવા કરવામાં આવેલો અભ્યાસ | ૧૬૯ |
| | દહેગામ તાલુકામાં આંગણવાડીઓ ભાડાના મકાનોમાં ચલાવવા બાબત | ૧૩૬ |
| | દહેગામ તાલુકામાં પ્રાથમિક શાળામાં જર્જરિત વર્ગખંડો | ૩૯૪ |
| | સુરત શહેરમાં તલાટી કમ મંત્રી સામે ગેરરીતિમાં પોલીસ ફરિયાદો | ૪૧૭ |
| કિશોરભાઇ ર. વાંકાવાલા | સુરત જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિષયવાર વિદ્યાસહાયકોની નિમણૂક | ૩૭૬ |
| | સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ગ્રાન્ટ ફાળવવા બાબત | ૧૩૯ |
| કિશોરભાઇ શિ. કાનાણી | તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના દર્દીઓને ટી.બી. કેન્સર, રક્તપિત અને એઈડસ જેવા રોગોમાં સહાય | ૧૩૪ |
| | સુરત અને તાપી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ કુટુંબો માટે બનાવેલ શૌચાલય | ૩૮૦ |
| | સુરત જિલ્લામાં પેન્શનરોની સંખ્યા | ૪ |
| કિશોરસિંહ બા. ચૌહાણ | અમદાવાદ અને વડોદરા જિલ્લામાં હિમોફેલીયાના દર્દીઓની સંખ્યા | ૩૦ |
| | અમદાવાદ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ કુટુંબો માટે બનાવેલ શૌચાલય | ૩૬૩ |
| | અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિના પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિની અરજીઓ | ૨૫૮ |
| | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૬૨ |
| ગેંદાલભાઇ મો. ડામોર | મંત્રીશ્રી વિષે ખોટા વર્ણનાત્મક શબ્દો દૂર કરવા અંગે | ૩૨૪ |
| | મોરવા હડફ તાલુકાના સાંગવાડા ગામે તોરણ ફળિયાથી ટાંડી ફળિયા સુધીનો નાબાર્ડ યોજનામાં મંજૂર થયેલ રસ્તો | ૧૩૬ |
